યોગદીપક
યાને
યોગસમાધિ



યોગનિષ્ઠ આચાર્ય
શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી મહારાજ

YOG DEEPAK

Yognishth Acharya
SHRIMAD BUDDHISAGAR
SURISWARJI MAHARAJ

Place of Publication :

Shree Mahudi (Madhupuri) Jain S.M.P. Trust
Shree Adhyatma Gnan Prakashan Mandal Bombay

Fourth Edition 1989

Vir Savant 2515

V. S. 2045

PRICE : Rs. 20—00

Linotype Setting by :
Navnitbhai J. Mehta
Sagar Printers
Relief Road,
Ahmedabad-1.

Printed by :
Pooja Printers & Traders
Mahendikuwa Char Rasta,
Shahpur, Ahmedabad-1.

યોગ દીપક

યોગનિષ્ઠ આચાર્ય
શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી મહારાજા

પ્રકાશક :

શ્રી મહુડી (મધુપુરી) જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ટ્રસ્ટ

તથા

શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ, મુંબઈ

ચોથી આવૃત્તિ

વીર સંવત ૨૫૧૫

વિક્રમ સંવત ૨૦૪૫

સન. ૧૯૮૯

નકલ ૧૦૦૦

પ્રકાશન દિન

જેઠ વદ ૩

ગુરુદેવ નિર્વાણ દિન

કિંમત રૂા. ૨૦-૦૦

મુદ્રક સહકાર

નવનીત જે. મહેતા

સાગર પ્રિન્ટર્સ,

પાદશાહની પોળ,

મોદીનું ડહેલું, રીલીફ રોડ

અમદાવાદ-૧

મુદ્રક :- પૂજા પ્રીન્ટર્સ એન્ડ ટ્રેડર્સ

મેંહદીકુવા ચાર રસ્તા

નારાયણ નિવાસ

અમદાવાદ-૧

પરમ પૂજ્ય
યોગનિષ્ઠ આચાર્ય ભગવન્ત
શ્રીમદ્ બુધ્ધિસાગર સૂરીશ્વરજી મ.સા.



જન્મ: વિ.સં. ૧૯૩૦ મહા વદ ૧૪ વિજાપુર
દીક્ષા: વિ.સં. ૧૯૫૭ માગસર સુદ ૬ પાલનપુર
આ.પદ: વિ.સં. ૧૯૭૦ મહાસુદ ૧૫ પેથાપુર
નિર્વાણ: વિ.સં. ૧૯૮૧ જેઠ વદ ૩ વિજાપુર

પ્રકાશકીય

પરમ શ્રદ્ધેય, યોગનિષ્ઠ આચાર્ય ભગવન્ત શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી મ.સા. વિરચિત ૧૦૮ ગ્રન્થો પૈકી **'યોગ-દીપક'** ગ્રન્થની ચોથી આવૃત્તિના પ્રકાશન સમયે અમો અન્તરમાં નિરવધિ આનંદ અનુભવીએ છીએ.

આ આર્ય ભૂમિ એ મહાન યોગીશ્વરોની જન્મભૂમિ છે. આ મહાન આર્ય ભૂમિમાં જન્મેલા અગણિત યોગીશ્વરોમાં પરમ પૂજ્ય, પરમ કૃપાલુ, યોગનિષ્ઠ આચાર્ય ભગવન્ત શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી મ.નું સ્થાન અવર્ણનીય, અનોખુ અને અજોડ છે.

પરમ મહોદયકારક આ ગ્રન્થ રત્નમાં યોગ, અધ્યાત્મ અને આત્માની પરમોચ્ચ, પરમ શ્રેષ્ઠ અને આત્યન્તિક ઉન્નતિ માટે પૂજ્ય પાદશ્રીએ જિનાગમાનુસાર જે પોતાનો સ્વાનુભવ દર્શાવ્યો છે, તે પરમ આદરણીય અને પરમ ગ્રાહ્ય છે.

આ મહાન ગ્રન્થના પ્રકાશન કાર્યમાં પરમ પૂજ્ય પ્રશમનિધિ, વાત્સલ્યવારિધિ, આચાર્ય ભગવન્ત શ્રીમદ્ કીર્તિસાગર સૂરીશ્વરજી મ.સા.ના પટ્ટધર પરમ પૂજ્ય, ગચ્છાધિપતિ, આચાર્ય દેવેશ શ્રીમત્ સુબોધસાગરસૂરીશ્વરજી મ.સા. અન્તરના આશીર્વાદ સહ પ્રેરણાથી તેઓ પૂજ્યપાદશ્રીના પટ્ટધર પરમ પૂજ્ય, પ્રશાન્તમૂર્તિ આચાર્ય મનોહરકીર્તિસાગરસૂરીશ્વરજી મ.સાહેબે પ્રસ્તુત પ્રકાશન અંગે જે અમૂલ્ય માર્ગદર્શન સહ અવર્ણનીય સહાય કરી છે, તે માટે અમો પૂજ્યપાદશ્રીના અત્યન્ત ઋણી છીએ.

પ્રસ્તુત પુસ્તકના પ્રકાશન કાર્યમાં સહાયક પૂજા પ્રીન્ટર્સના માલીકો શ્રીયુત જયંતીલાલ એમ. શાહ એ તેમજ સાગર પ્રીન્ટર્સવાળા શ્રીયુત નવનીત જે. મહેતાએ જે સહકાર આપ્યો છે, તે બદલ અમો તેમનું અભિવાદન કરીએ છીએ.

અન્તે પ્રસ્તુત ગ્રન્થમાં પૂજ્યપાદ યોગનિષ્ઠ આચાર્ય ભગવન્ત-શ્રીએ યોગ વિષે સરલ ભાષામાં જે વિશદ સમજ આપી છે, તેને સહુ કોઈ સજ્જનો અન્તરથી લક્ષમાં લઈને આદરપૂર્વક જીવનમાં ઉતારવા પ્રયત્નશીલ બને અને પૂજ્યપાદશ્રીનાં અન્તિમ ઉદ્ગારો અનુસાર પરમપદ પ્રાપ્ત કરવા ભાગ્યશાલી બને એજ અન્તિમ હાર્દિક શુભેચ્છા....

શ્રી મહુડી (મધુપુરી) જૈનશ્વેતાંબર ટ્રસ્ટ તથા
અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ
કાર્યવાહક ટ્રસ્ટી ગણ

[૫]

યોગનિષ્ઠ

આચાર્ય ભગવન્ત શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી મ.સા.

વિરચિત ૧૦૮ ગ્રન્થોની યાદી

૧ અધ્યાત્મ વ્યાખ્યાનમાળા
૨ ભજનસંગ્રહ ભાગ ૨ જો
૩ ભજનસંગ્રહ ભાગ ૩ જો
૪ સમાધિશતકમ્
૫ અનુભવ પચ્ચીશી
૬ આત્મપ્રદીપ
૭ ભજનસંગ્રહ ભાગ ૪ થો
૮ પરમાત્મદર્શન
૯ પરમાત્મજ્યોતિ
૧૦ તત્ત્વબિંદુ
૧૧ ગુણાનુરાગ
૧૨-૧૩ ભજનસંગ્રહ ભાગ ૫ મો તથા જ્ઞાનદીપિકા
૧૪ તીર્થયાત્રાનું વિમાન
૧૫ અધ્યાત્મ ભજનસંગ્રહ
૧૬ ગુરુબોધ
૧૭ તત્ત્વજ્ઞાનદીપિકા
૧૮ ગહુંલીસંગ્રહ ભાગ ૧
૧૯-૨૦ શ્રાવકધર્મસ્વરૂપ ભાગ ૧-૨
૨૧ ભજનપદ સંગ્રહ ભાગ ૬ ઠો
૨૨ વચનામૃત
૨૩ યોગદીપક
૨૪ જૈન ઐતિહાસિક રાસમાળા
૨૫ આનન્દઘનપદ (૧૦૮) ભાવાર્થ
૨૬ અધ્યાત્મશાન્તિ
૨૭ કાવ્યસંગ્રહ ભાગ ૭ મો
૨૮ જૈનધર્મની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિ
૨૯ કુમારપાલ (હિંદી)
૩૦ થી ૩૪ સુખસાગર ગુરુગીત
૩૫ ષડ્દ્રવ્ય વિચાર
૩૬ વિજાપુર વૃત્તાંત
૩૭ સાબરમતિ ગુણશિક્ષણ કાવ્ય
૩૮ પ્રતિજ્ઞાપાલન
૩૯-૪૦-૪૧ જૈનગચ્છમત-પ્રબંધ, સંધપ્રગતિ, જૈનગીતા
૪૨ જૈનધાતુપ્રતિમા લેખસંગ્રહ ભાગ ૧
૪૩ મિત્રમૈત્રી
૪૪ શિષ્યોપનિષદ્
૪૫ જૈનોપનિષદ્
૪૬-૪૭ ધાર્મિક ગદ્ય સંગ્રહ તથા પત્ર સદુપદેશ ભાગ ૧
૪૮ ભજનસંગ્રહ ભાગ ૮
૪૯ શ્રીમદ્ દેવચંદ્ર ભાગ ૧
૫૦ કર્મયોગ
૫૧ આત્મતત્ત્વદર્શન
૫૨ ભારત સહકાર શિક્ષણ કાવ્ય
૫૩ શ્રીમદ્ દેવચંદ્ર ભાગ ૨
૫૪ ગહુંલી સંગ્રહ ભાગ ૨

૫૫ કર્મપ્રકૃતિ ટીકા ભાષાંતર
૫૬ ગુરુગીત ગહુંલી સંગ્રહ
૫૭–૫૮ આગમસાર અને અધ્યાત્મ ગીતા
૫૯ દેવવંદન સ્તુતિ સ્તવન સંગ્રહ
૬૦ પૂજાસંગ્રહ ભાગ ૧
૬૧ ભજનપદ સંગ્રહ ભાગ ૯
૬૨ ભજનપદ સંગ્રહ ભાગ ૧૦
૬૩ પત્રસદુપદેશ ભાગ–૨
૬૪ ધાતુપ્રતિમા લેખસંગ્રહ ભાગ ૨
૬૫ જૈન દૃષ્ટિએ ઈશાવાસ્યોપનિષદ્ ભાવાર્થ વિવેચન
૬૬ પૂજાસંગ્રહ ભાગ ૧–૨
૬૭ સ્નાત્ર પૂજા
૬૮ શ્રીમદ્ દેવચંદ્રજી અને તેમનું જીવનચરિત્ર
૬૯–૭૨ શુદ્ધોપયોગ વિ સંસ્કૃત ગ્રંથ ૪
૭૩–૭૭ સંઘકર્તવ્ય વિ. સંસ્કૃત ગ્રંથ ૫
૭૮ લાલ લજપતરાય અને જૈનધર્મ
૭૯ ચિંતામણિ
૮૦–૮૧ જૈનધર્મ અને ખ્રિસ્તી ધર્મનો મુકાબલો તથા જૈન ખ્રિસ્તિ સંવાદ
૮૨ સત્ય સ્વરૂપ
૮૩ ધ્યાનવિચાર
૮૪ આત્મશક્તિ પ્રકાશ
૮૫ સાંવત્સરિક ક્ષમાપના
૮૬ આત્મદર્શન (મણિચંદ્રજીકૃત સજ્ઝાયોનું વિવેચન)
૮૭ જૈનધાર્મિક શંકાસમાધાન
૮૮ કન્યાવિષયનિષેધ
૮૯ આત્મશિક્ષા.ભાવના પ્રકાશ
૯૦ આત્મપ્રકાશ
૯૧ શોકવિનાશક ગ્રંથ
૯૨ તત્ત્વવિચાર
૯૩–૯૭ અધ્યાત્મગીતા વિ. સંસ્કૃત ગ્રંથ પાંચ.
૯૮ જૈન સૂત્રમાં મૂર્તિપૂજા
૯૯ શ્રી યશોવિજયજી નિબંધ
૧૦૦ ભજનપદસંગ્રહ ભાગ ૧૧
૧૦૧ ,, ભાગ ૧ આ. ૪ થી
૧૦૨ બૃહદ્વિજાપુર વૃત્તાંત
૧૦૩–૪ શ્રીમદ્ દેવચંદ્રજી વિસ્તૃત જીવનચરિત્ર તથા દેવવિલાસ
૧૦૫ મુદ્રિત જૈન શ્વે ગ્રંથગાઠડ
૧૦૬ કક્કાવલી–સુબોધ
૧૦૭ સ્તવનસંગ્રહ (દેવવંદન સહિત)
૧૦૮ પત્ર સદુપદેશ ભાગ ૩
૧૦૯ શ્રી સ્મારક ગ્રંથ
૧૧૦ શ્રી પ્રેમગીતા ગ્રંથ (સંસ્કૃત)
૧૧૧ યોગનિષ્ઠ આચાર્ય

[૭]

યોગાભ્યાસ.

(રાગ–પ્રભાતિયાનો)

પલ પલ સુમરો સોહમ્, સોહમ્, બજે અનાહત ડંકારે,
અવધુત ધૂન ઉંકાર જગાદ્યો, સિદ્ધાસન નળ–બંકારે. પલ.

સાધ સુરત નર નૂરાની, અજપા જાપ જપાનારે,
પૃથ્વીતત્વકા પીતરંગ ઓર, મૂલાધાર પહિચાનારે. પલ.

પરમ તત્વકા મર્મ છાન મન, સહજ સ્વરૂપ રમાનારે,
સબ સંકલ્પ હઠાકર બાબા, પરમાતમ પદ પાનારે ! પલ.

સોચો અક્ષર ચાર ખોજકર, વં શં ષં સં વરનારે,
ષડ્સે જાપ જપાકર જોગી, શૂન્ય શિખર ચડ જાનારે. પલ.

ઉત્પત ધારા ષટ્દલ પંકજ, શ્વેત રંગ ઉજ્યારારે !
ૐ ૐ ધૂનિ સોહમ્ સોહમ્કી, ષટ્ સહસ્ર જપ પ્યારારે ! પલ.

ષટ્દલમેં અક્ષર ષડ્ દેખો, બં મં મં સુર શ્વાસારે !
યં રં લં લો અલખે લક્ષ્યમેં, ભિતર ઘર વિશ્વાસારે ! પલ.

નાભિકમલદલ દશકો ઢૂંઢો, તેજ તત્વ ભર પૂરારે !
રક્ત રંગમેં આત્મ–લક્ષ્મી, વહાં ષડ્ સહસ્ર જપ ધારારે ! પલ.

ડં ઢં ણં અક્ષર ઓર તં થં દં ધં પરિમલ પ્યારારે !
નં પં ફં જપ જાપ અજપા, તૂટત કર્મદલ સારારે ! પલ.

દ્વાદશ આરા, અંતર ધારા, શક્તિ સિદ્ધ અપારારે !
નીલ રંગ મારુત કે ભીતર, જ્યોત જ્વલંત ઝગારારે ! પલ.

કં ખં ગં ઘં, ઙં ચં છં જં વર્ણાવાસ વિચારારે !
ઝં ઞં ટં ઠં આંતર નયને, સોચ સમજ ઠેરાનારે ! પલ.

કંઠે કંજ્યા, ષોડશ રંજ્યા, પત્ર ઇશ્યા પરમાનારે !
શ્યામ રંગ નભ તત્ત્વ નરોત્તમ, જીવ–શિવ જ્યોત જગાતારે ! પલ.

અજપાજાપ સહસ્ર જપત કર, ષોડશ વર્ણ વિચારારે !
અઁ આઁ ઇઁ ઈઁ ઉઁ ઊઁ ઋ ૠઁ, ઌઁ ૡઁ એઁ ઐઁ ધારારે ! પલ.

ઓઁ ઔઁ અઁ અ : ભીતર સ્વર યહ, ષોડશ જબ ઠહરાયારે !
ધ્યાન ધરત નર નૂર નુરાની, મુક્તિધ્વજ લહેરાયારે ! પલ.

ભ્રકુટિ ચક્રે લખદલ પત્રે, નિર્મલ રંગ સોહાયારે !
હઁ સઁ અક્ષર વાસ નિરંતર; ચિત્તશક્તિ યુત પાયારે ! પલ.

જાપ સહસ્ર જપત દિલ ખોલત, ધામ પરમપદ આયારે !
નાદ અનાહત બજે અનંતર, અમી ધીરખા બરસાયારે ! પલ.

ભેદ અપરા બ્રહ્મરંધ્રકા, દલ હજાર ટેદારારે !
અજપા જાપ જપત જુગતીસે, પરમ જ્યોત ઝલકારારે ! પલ.

અક્ષર માત્ર અવ્યક્ત અનૂપમ, રંગ અગોચર ધારારે !
દિવ્ય તેજ શશિ કોડ કિરણ, પદ પરમપુરુષ શિર ડારારે ! પલ.

ઇડા પિંગલા તત્ત્વ સુષુમ્ણા, સોહમ્ પટકે સારારે !
રાજયોગમેં શૂન્ય શિખરમેં, સહજાનંદ પસારારે ! પલ.

નિશ્ચય દ્રઢ ચિત્ત શ્રદ્ધા અનુપમ, સિદ્ધાસન જપ વારારે !
લક્ષ્ય અલૌકિક સ્વયં વેધતે, પાવત મુક્તિ કિનારારે ! પલ.

ઐસા યોગી યોગ જગાવે, તન–મન–મારણ હારારે !
ગુરુકૃપા ઓર ગુરુગમ પાવત, **મનિ** ભીતર ઉજ્યારારે ! પલ.

—પાદરાકર

યોગદીપક

પત્રાંક	વિષય
૩	પ્રકાશકીય
૫	યોગનિષ્ઠ આચાર્ય શ્રીવિરચિત ૧૦૮ ગ્રન્થોની નામાવલી
૯	યોગદીપક અભ્યન્તર જ્યોત
૨૮	ભૂમિકા
૩	**નમઃ શ્રી વર્ધમાનાય૦** શ્લોક ૧ મંગલ–વર્ધમાનસ્વામી. મહાવીર સ્વામી પરમાત્માને નમસ્કાર.
૪	**જ્ઞાનાતિશય**–આદિ ચાર અતિશયોનું વર્ણન.
૫	દેવનું લક્ષણ, અન્ય દર્શનકારોની માન્યતા.
૬	જગત્કર્તૃત્વનું નિરસન
૭	પરમાત્માને નમસ્કાર કરવાથી ફળ શું ?
૮	નામ–આદિ ચાર નિક્ષેપા.
૮	ભગવાનના જીવનની ઉત્તમતા...
૯	અશુભના ઉદયમાં સમભાવ.
૯	અધમ–આત્માને તારવા...
૧૦	**સદ્‌ગુરુ પૂજ્યમાનમ્ય** શ્લોક ૨ સદ્‌ગુરુને નમસ્કાર, ગુણગરિષ્ઠ ગુરુના ગુણોની મહત્તમતા.
૧૧	જગતમાં પ્રાણીમાત્રના હિતકારક એક માત્ર સદ્‌ગુરુ.
૧૧	ગુરુનો મહિમા
૧૨	ગુરુને નમસ્કાર કરવાથી લઘુતા ગુણની પ્રાપ્તિ–સદ્‌ગુણ પ્રાપ્તિ–દુર્ગુણનાશ.

અભ્યન્તરજ્યોત

પત્રાંક	વિષય
૧૩	ગ્રન્થકારની પ્રતિજ્ઞા **યોગદીપક** ગ્રન્થ રચનાનો હેતુ.
૧૪	**ક્રોડહં૦** શ્લોક ૩
૧૪	આત્માની અનન્ત શક્તિ જ્ઞાન–શક્તિ, દર્શન–શક્તિ, ચારિત્ર–શક્તિ વગેરે.
૧૫	સત્તાથી અને વ્યક્તિથી આત્મા
૧૫	આત્માનો સ્વાભાવિક ધર્મ રત્નત્રયી. આત્માનો વૈભાવિકધર્મ દેહાદિ ક્રિયા
૧૫	અજ્ઞાનયોગે જડ વસ્તુના ધર્મને આચરતો આત્મા જડ જેવો...
૧૫	અજ્ઞાનદશાના યોગે અનંતકાળ સંસારમાં પરિભ્રમણ.
૧૬	**અસ્મ્યહં૦** શ્લોક ૪ આત્માનું અસ્તિત્વ.
૧૬	'હું' એવા પ્રત્યયનો જ્ઞાતા આત્મા
૧૬	દેહ, ઈન્દ્રિયો અને મનથી ભિન્ન આત્મા.
૧૬	પુદ્‌ગલનું લક્ષણ.
૧૭	પુનર્જન્મનો સિદ્ધાન્ત.
૧૭	દેહને આત્મા માનનારા નાસ્તિક કહેવાય.
૧૮	જૈન દર્શન, બૌદ્ધદર્શન, સાંખ્ય દર્શન, યોગ દર્શન, નૈયાયિક દર્શન, વૈશેષિક દર્શન વગેરે આત્માના અસ્તિત્વનો સ્વીકાર

પત્રાંક	વિષય
	કરે છે.
૧૯	જગતનું ભલું કરનાર આસ્તિકો છે, નાસ્તિકો નહિ...
૨૦	ઈન્દ્રિયો તે આત્મા નથી...
૨૦	મન તે આત્મા નથી...
૨૧	મનના પ્રકાર
	(૧) દ્રવ્ય મન...મનોવર્ગણાના પરમાણુનું બનેલું.
	(૨) ભાવ મન...જ્ઞાનરૂપ...
૨૧	શુભાશુભ વિચારોની શુભાશુભ અસર.
૨૨	**નાસ્તિ વાણી તથૈવાત્મા૦**
	શ્લોક ૫
૨૨	વાણીથી ભિન્ન આત્મા.
૨૨	વાણી શબ્દાત્મક છે.
	શબ્દએ પુદ્ગલ સ્વરૂપ છે.
૨૨	પુદ્ગલનું લક્ષણ.
૨૩	આત્માની સિદ્ધિ
૨૩	પ્રત્યક્ષ આદિ ચાર પ્રમાણો.
૨૩	સર્વજ્ઞની વાણીમાં અવિરોધતા છે. માટે પ્રમાણભૂત.
૨૩	આત્મા અનાદિનો માટે તેને બનાવનાર કોઇ જ નહિ.
૨૩	આત્મા કદીપણ ઉત્પન્ન થયો નથી.
૨૪	ઈશ્વરકર્તાવાદી.
૨૪	આત્મા વિષે જૈન, બૌદ્ધ, વેદાંતીઓ નૈયાયિકો વગેરેની માન્યતા.
૨૫	આત્માઽસંખ્યેય પ્રદેશૈશ્ચ૦
	શ્લોક ૬

પત્રાંક	વિષય
૨૫	અસંખ્ય પ્રદેશ વડે આત્માદેહ વ્યાપી અને કેવલજ્ઞાન ભાવ વડે સર્વ વ્યાપી આત્મા.
૨૭	વ્યાપ્યવ્યાપક ભાવત્વં૦
	શ્લોક ૭
૨૭	અનેકાન્તપણાથી માધ્યસ્થ્યભાવ
૨૭	સાપેક્ષવાદથી દરેક ધર્મો ઉપર સમભાવ.
૨૮	અપેક્ષાએ આત્મામાં અનેક ધર્મ
૨૮	આત્મામાં નિત્યાનિત્યપણું
૨૯	આત્મા કથંચિત્ નિત્ય કથંચિત્ અનિત્ય.
૨૯	દ્રવ્યથી નિત્ય, પર્યાયથી અનિત્ય.
૩૦	**એકોઽનેકો નયેનાત્મા૦**
	શ્લોક ૮
૩૦	દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ આત્મા એક અને પર્યાયાર્થિક નયની અપેક્ષાએ અનિત્ય.
૩૧	કર્તૃવાદી અને અકર્તૃવાદી સંવાદ
૩૩	વ્યવહાર નય-નિશ્ચય નયની અપેક્ષાએ કર્તૃત્વ-અકર્તૃત્વની સિદ્ધિ.
૩૪	વ્યવહાર નય અને નિશ્ચયનયની અપેક્ષાએ બે ધર્મ સ્વીકારતા વાદવિવાદનો અન્ત.
૩૫	અપેક્ષાએ આત્મા બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર આત્માનું સ્વરૂપ અપેક્ષાએ.
૩૫	વાચ્ય-અવાચ્ય...
૩૬	સર્વસ્મિન્ સર્વતોભિન્નો૦
	શ્લોક ૩૨

પત્રાંક	વિષય
૩૬	સાત નયો.
૩૭	ઋદ્ધિબાહ્યમાં નહિ આત્માનો...
૩૮	બાહ્ય આનંદથી દુઃખ આત્માના આનંદથી સુખ
૩૯	કુતઃપ્રિયપદાર્થેષુ૦ શ્લોક ૧૦
	કુતોઽપ્રિયપદાર્થેષુ૦ શ્લોક ૧૧
૩૯	મમત્વથી રાગ-દ્વેષના કારણે સુખ દુઃખની કલ્પના.
૪૦	મમત્વ એજ વિષ
૪૦	મમત્વનું પ્રબલત્વ.
૪૧	પદાર્થોમાં પ્રિયત્વ ભ્રાન્તિરૂપ
૪૧	બાહ્ય પદાર્થોમાં મારા-મારાપણું, તે મિથ્યા કલ્પના
૪૨	મનોકલ્પનાની રાગદ્વેષ વૃત્તિ જ ખરાબ છે.
૪૩	મીયન્તે સર્વતો ભાવા શ્લોક ૧૨
૪૩	આત્મજ્ઞાન વડે જ પદાર્થો જણાય
૪૪	વિજ્ઞાનમાત્મનો ધર્મ શ્લોક ૧૩
૪૫	જ્ઞાનની વિશેષતા
૪૬	આત્મનઃ સર્વદ્રવ્યેષુ૦ શ્લોક ૧૪
	સમિતિગુપ્તિયોગેન૦ શ્લોક ૧૫
૪૭	સર્વ દ્રવ્યોમાં આત્મ દ્રવ્યની મહતા
૪૭	કર્મ આવરણ નાશ શુદ્ધ ધર્મ પ્રકાશ
૪૮	મનોગુપ્તિનું સ્વરૂપ
૪૮	યોગના આઠ અંગથી ચિત્તની ચંચળતા નાશ
૪૮	યમના પ્રકારો
૪૯	નિયમ
૪૯	આસન
૫૧	સમોહર્ષવિષાદેષુ૦ શ્લોક ૧૬
૫૧	સમભાવ તેજ ચારિત્ર
૫૨	કર્મનો પડદો ચીરવા...
૫૨	જ્ઞાનગર્ભિત વૈરાગ્ય૦ શ્લોક ૧૭
૫૩	જ્ઞાનગર્ભિત વૈરાગ્યથી મોક્ષ
૫૩	વૈરાગ્યના ત્રણ પ્રકાર
૫૩	જલપંકજવત્ ન્યારો..
૫૪	મમત્વં જ્ઞાનિનં કિં સ્યાત્૦ શ્લોક ૧૮
૫૪	મૂર્ચ્છા પરિગ્રહઃખ્યાત૦ શ્લોક ૧૯
૫૪	મમત્વ એજ ઉપાધિ...
૫૫	મુક્તિમાં પ્રતિબંધક વસ્ત્ર નહિ, પણ મૂર્ચ્છા
૫૫	...તો આત્મા ખરેખર ત્યાગી છે.
૫૬	મમત્વના પ્રકાર...
૫૭	...પણ હૃદયને ત્યાગના રંગે રંગવું મુશ્કેલ
૫૭	બાહ્ય કાર્યાણિ કુર્વન્સન્૦ શ્લોક ૨૦
૫૭	ભાવચારિત્રના પ્રતાપે સર્વ કર્મથી મૂકાય છે.
૫૮	આત્માની શુદ્ધતા આત્માના શુદ્ધ ભાવથી જ થાય.
૫૮	ભાવચારિત્રથી આત્માની શુદ્ધિ
૫૮	દૃઢ પ્રહારી
૫૯	સંત્યક્તસર્વસંકલ્પ૦ શ્લોક ૨૧
૫૯	તાત્ત્વિક આનંદ પ્રાપ્તિ
૬૦	મન સૂક્ષ્મ છે મારે...

પત્રાંક	વિષય	પત્રાંક	વિષય
૬૦	....માટે બાહ્ય પદાર્થોમાં શા માટે લોભ ?	૬૮	ચિત્તને વશ કરવા શાસ્ત્રમાં સર્વ ઉપાયો કહ્યા છે.
૬૧	મનઃસ્થૈર્યં સમાસાદ્ય૦ શ્લોક ૨૨	૬૮	મનને વશ કરવા માટે જ તપ, જપ વગેરે સર્વે કહ્યા છે.
૬૧	સમામૃતનો આસ્વાદ...	૬૯	મનને વશ કરવા માટે મનમાં ઉત્પન્ન થતા શુભ અને અશુભ વિચારોને તટસ્થતાથી તપાસો.
૬૨	...ત્યાં સુધી મનની સ્થિરતા નથી	૭૦	પેટીનું દૃષ્ટાન્ત
૬૩	સામ્યામૃતપ્રસાદેન૦શ્લોક ૨૩	૭૧	પ્રિયત્વ અપ્રિયત્વની કલ્પના ત્યાગો
૬૩	શુક્લેન પરિણામેન૦શ્લોક ૨૪	૭૧	મનને આત્મા સન્મુખ કરવાથી મનની ચંચળતા ટળે.
૬૩	...તેમ સમકિતી જીવ સંસારથી ન્યારો રહે..	૭૨	આત્માર્થસાધક બંધુઓએ પ્રથમ આત્મજ્ઞાન મેળવવું જોઈએ,
૬૪	ધાવમાતા	૭૨	મન જો વશમાં તો સર્વ કાર્ય સિદ્ધિ...
૬૪	આત્મજ્ઞાન વિના આત્મ ધ્યાન નહિ.	૭૩	જ્ઞાનદર્શન ચારિત્ર૦શ્લોક ૨૭
૬૪	આત્માર્થી જીવોએ આત્મધ્યાનીની જ સંગતિ કરવી.	૭૩	આત્મા અનન્ત ગુણોનું સ્થાન
૬૫	મનશ્ચઞ્ચલતાં પ્રાપ્ય૦શ્લોક ૨૫	૭૪	...તે આત્માનો આનંદ ગુણ જાણવો.
૬૫	આત્માના ધ્યાન વિના મન સ્થિરતા ન પામે...	૭૫	સંકલ્પ વિકલ્પરૂપ આવરણો ટળે તો સદા કાળ આત્માનો આનંદ મળે...
૬૫	...પણ મનને જીતવું દુષ્કર.	૭૬	...તો સંસાર બંધન છૂટે
૬૫	...પણ મનની શુદ્ધિ મહાદુર્લભ.	૭૬	આત્મા જ અનન્ત શક્તિનું સ્થાન
૬૬	આત્મજ્ઞાનથી મનને જીતવાના ઉપાયો મળે.	૭૭	સ્વપ્નવત્ બાહ્યભાવેષુ૦ શ્લોક ૨૮
૬૬	આર્તધ્યાન રૌદ્રધ્યાન ત્યાગી ધર્મ ધ્યાનના અવલંબનથી મન વશ થાય...		નૈવ સ્ત્રીશત્રુભોજ્યાદિ૦ શ્લોક ૨૯
૬૭	આત્મધ્યાન તે જ સર્વોત્તમ ઉપાય		
૬૭	ઉત્સાહ અને ખંતની ખાસ જરૂર.		
૬૮	માથા સાટે માલની જેમ...		
૬૮	ચિત્તે વશીકૃતે સર્વં૦ શ્લોક ૨૬		

પત્રાંક	વિષય
૭૭	સ્વપ્નવત્ ક્ષણિક પદાર્થોમાં મમત્વ બુદ્ધિ શા માટે?
૭૮	મમતા મારે, સમતા તારે
૭૯	દુઃખે પેટ ને ફૂટે માથું
૮૦	લાકડાનો ઘોડો ને બાળક
૮૧	મોહ બુદ્ધિથી કામ વિકારો
૮૨	रागस्य हेतवो ये ये० શ્લોક ૩૦
	रागरुपामनोवृत्ति,० શ્લોક ૩૧
૮૨	મનોવૃત્તિના બે પ્રકાર
૮૨	પ્રસંગને પામી રાગ દ્વેષરૂપે પરિણમે.
૮૩	રાગવૃત્તિથી જ સંસાર
૮૪	તેવા પુરુષોને ધન્યવાદ
૮૫	કોટી ઉપાય કરો પણ બાહ્ય જડ પદાર્થોથી કદી પણ આનંદ ન મળે, તે ન જ મળે!
૮૫	રાગદ્વેષાત્મક મનોવૃત્તિમાં કદી પણ સુખ ન મળે.
૮૫	મનને આત્મામાં જોડવાથી સુખ મળે.
૮૬	अज्ञानेन स्वयं जीवो० શ્લોક ૩૨
૮૬	જેમ કૂતરું હાડકાં ચૂસી...
૮૬	અહો! અજ્ઞાનની કેટલો બધી પરિસીમાં!!! જે વસ્તુ પોતાની છે, તેને પોતાની માનતો નથી અને જે વસ્તુ પોતાની નથી, તેને પોતાની માને છે.
૮૬	અજ્ઞાની આત્મા પશુ જેવો...
૮૭	અજ્ઞાનના જેવો કોઈ અન્તરંગ શત્રુ નથી, **શ્રીવીર પ્રભુ**
૮૭	સંયમ રૂડો સંસાર ભૂંડો.
૮૮	નાકના મેલ સમાન ભોગો
૮૮	अहिंसायाः प्रतिष्ठायां० શ્લોક ૩૩
	અહિંસાની સિદ્ધિ થતાં વૈરભાવનો અભાવ થાય છે.
૮૯	સમરાદિત્ય અને અગ્નિશર્મા.
૯૦	સમતાની અત્યંત દુર્લભતા.
૯૧	साम्यात्मा नैव बध्नाति० શ્લોક ૩૪
૯૨	शुद्धानन्दस्य भोक्तृता स्यात्० શ્લોક ૩૫
	समत्वमात्मनो धर्मो० શ્લોક ૩૬
	घोरकर्माणि कुर्वाणा० શ્લોક ૩૭
	साम्यादात्मस्थिरीभावो० શ્લોક ૩૮
૯૩	**ભરત મહારાજા**
૯૩	**મરુદેવી માતા**
૯૩	પૌદ્ગલિક આનન્દના પ્રકાર.
૯૪	લાડુ મળે તો કોદરા કોણ ખાય?
૯૪	બાહ્ય આનંદ કૃત્રિમ અને સામ્યનો આનંદ અકૃત્રિમ સત્ય
૯૫	જીવ ઉપર કે જડ પદાર્થ ઉપર રાગ કે દ્વેષ શા માટે?

પત્રાંક	વિષય
૯૫	સમતાથી શુદ્ધાનંદ
૯૫	અઘોર કર્મ કરનારા મહા પાપી જીવો પણ સમતાથી મોક્ષ પદ પામે છે.
૯૬	સમતાના અભાવે અનંત કાળ નિષ્ફળ ગયો, હવે જાગ્રત થા ! સમતા પ્રાપ્ત કર ! !
૯૬	સમતાથી અનંત કાળના કર્મનો કાચી બે ઘડીમાં નાશ,
૯૬	સામ્યમેવ હિ ચારિત્રં૦ શ્લોક ૩૯
૯૭	સમતા એજ ભાવચારિત્ર
૯૭	જ્ઞાનનું ફળ સામ્યભાવ
૯૭	...તો જગતમાં અદ્‌ભુત શાંતિ પ્રસરે.
૯૮	સમતાના પ્રભાવથી દુર્ગુણોનો નાશ.
૯૮	સમતા વિના સાધુપણું શોભતું નથી.
૯૯	આત્મજ્ઞાનં વિના નાસ્તિ૦ શ્લોક ૪૦
૯૯	આત્મજ્ઞાન માટે વારંવાર પ્રયત્ન કરવો.
૯૯	આત્મજ્ઞાનીઓ જ સમતા પ્રાપ્ત કરે.
૧૦૦	આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું સહેલ છે, પરંતુ સમતા મુશ્કેલ.
૧૦૦	ભાવચારિત્ર માટે આત્મજ્ઞાનની આવશ્યકતા.
૧૦૦	મોટા મોટા રાજાઓ...અન્તે હાથ ઘસતા ઘસતા અને રોતા રોતા ગયા.
૧૦૧	આત્મજ્ઞાનેન મવ્યાત્મા૦ શ્લોક ૪૧
	ધ્યાનં ક્રિયા સ્વરુપં૦ શ્લોક ૪૨
૧૦૨	આત્મજ્ઞાનથી આત્મ ધ્યાન.
૧૦૨	આત્મજ્ઞાનનું ફળ આત્મધ્યાન
૧૦૨	ક્ષયોપશમભાવ અને ક્ષાયિક ભાવના જ્ઞાનનો વિચાર કરવો
૧૦૨	ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક ભાવના દર્શન ગુણનો વિચાર કરવો.
૧૦૨	આત્માના પારિણામિક ભાવનો વિચાર કરી ઔદયિક ભાવની રમણતાનો ત્યાગ કરવો
૧૦૩	પિંડસ્થ આદિ ચાર પ્રકારના ધ્યાનથી આત્માનો સામ્યભાવ પ્રગટે
૧૦૩	ધ્યાન અને સામ્યભાવરૂપ ક્રિયા કરનારા જગતમાં વિરલા
૧૦૩	ચિલાતીપુત્ર, ભરત મહારાજા
૧૦૩	સ્થૂલક્રિયાથી સૂક્ષ્મક્રિયારૂપ ધ્યાનમાં આવવાથી જ મુક્તિ
૧૦૪	જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ પ્રાપ્તિ
૧૦૫	પ્રાધાન્યં શુદ્ધવીર્યસ્ય શ્લોક ૪૩
	ક્ષયોપશમ વીર્યાત્મા શ્લોક ૪૪
	બારમા ગુણઠાણા સુધી ક્ષયોપશમભાવીય ધ્યાન

પત્રાંક	વિષય
૧૦૬	સાતમા ગુણઠાણે ક્ષયોપશમ ભાવનું જ્ઞાન
૧૦૬	ધ્યાનમાં જ્ઞાન, ચારિત્ર, સમ્યકૃત્વ અને વીર્ય, એ ચાર ગુણની પ્રવૃત્તિ
૧૦૭	જ્ઞાનસંગકૃત્ ધ્યાનં૦
૧૦૭	જેટલા પ્રમાણમાં જ્ઞાન હોય, તેટલા પ્રમાણમાં ધ્યાન હોય.
૧૦૮	ધ્યાન માટે આત્મ જ્ઞાનની પ્રથમ જરૂર
૧૦૮	જેમ ધોબીનો કૂતરો.....તેમ આત્મજ્ઞાન વિનાના આત્મધ્યાનીની સ્થિતિ
૧૦૮	જ્ઞાની પુરુષો જ ધ્યાનના અધિકારી
૧૦૯	આત્મજ્ઞાન વિના વૈરાગ્ય વિના મુક્તિનો અભાવ
૧૦૯	આત્મામાં સૂક્ષ્મજ્ઞાન અને સૂક્ષ્મ ક્રિયાનું બળવાન ચક્ર ચાલે છે.
૧૦૯	શુકલધ્યાનમાં આત્માનું..... અચિંત્ય સામર્થ્ય...
૧૧૦	આત્મજ્ઞાન એ રૂપું છે અને આત્મધ્યાન એ સોનું છે.
૧૧૦	અતો જ્ઞાનક્રિયાભ્યાં૦ શ્લોક ૪૫
૧૧૦	સપ્તભંગીનયોપેતં૦ શ્લોક ૪૬ જ્ઞાન અને ક્રિયાથી જ મુક્તિ, એકાન્તથી મિથ્યાત્વ
૧૧૧	જ્ઞાનથી કર્મને જાણે અને ક્રિયાથી કર્મને તોડે અને આત્માને આત્મ ગુણોમાં જોડે
૧૧૨	જ્ઞાન વિનાની ક્રિયાથી મુક્તિ નહિ અને ક્રિયા વિનાના કોરા જ્ઞાનથી પણ મુક્તિ નહિ...
૧૧૨	શુષ્કજ્ઞાન અને શુષ્ક ક્રિયાથી મુક્તિ થતી નથી.
૧૧૩	.....અંધ ક્રિયા થાય છે, એમ જાણી ક્રિયાઓનો ત્યાગ ન કરો, પરંતુ શુદ્ધ ક્રિયા તરફ લક્ષ રાખી પ્રવૃત્તિ કરવી.....
૧૧૩	જે જે ક્રિયાઓમાં ઉત્સાહ પ્રગટે, તે તે ક્રિયાઓમાં વિશેષતઃ આદર કરવો.
૧૧૪	...તેવાઓની દશા ચિંતનીય છે.
૧૧૪	નગરને પચ્ચીસ દરવાજા.....
૧૧૪	અક્રિયાવાદી કૃષ્ણ પાક્ષિક ગણાય, ક્રિયાવાદી શુકલ પાક્ષિક ગણાય.
૧૧૫	કર્મયુક્ત આત્મા સક્રિય છે, કર્મ મુક્ત આત્મા અક્રિય છે.
૧૧૫	...ધર્મક્રિયા કરી, સહજાનંદ સાધવો.
૧૧૫	આત્મજ્ઞાન માટે સ્યાદ્વાદ દર્શન જાણવા યોગ્ય છે.
૧૧૬	આત્મધર્મ સમાલમ્ભ્ય૦ શ્લોક ૪૭ આત્મજ્ઞાન પ્રાપ્ત કરી સંવરની ક્રિયા કરવી.
૧૧૬	ભવ્ય જીવોને મોક્ષ સુખ માટે આત્મા જ જણાવવો જોઈએ.

પત્રાંક	વિષય
૧૧૬	આશ્રવની ક્રિયા કરનારા આ દુનિયામાં ઘણા પરંતુ આત્માની ક્રિયા કરનાર કોક વિરલા જ...
૧૧૭	મુમુક્ષુઓ દુઃખપ્રદ સાંસારિક કાર્યોનો ઉપદેશ કરતા નથી.
૧૧૭	આત્માના આલંબનથી, આત્માને જાણવાથી અને આત્મમાં રમણતા કરવાથી જ મુક્તિ સિદ્ધ થાય.
૧૧૭	ક્ષણિક સુખ જણાવનારનો પામર અજ્ઞમનુષ્ય મોટો ઉપકાર માને, પરંતુ તે શાશ્વત સુખથી વંચિત થયો, તેની તેને સમજ નથી.
૧૧૮	આત્મજ્ઞાનોપદેશેન૦ શ્લોક ૪૮
	સર્વપરોપકારેષુ શ્લોક ૪૮
	દ્રવ્યપરોપકારેક૦ શ્લોક ૫૦
૧૧૮	સર્વ પ્રકારના પરોપકારમાં સર્વ શ્રેષ્ઠ પરોપકાર આત્મ ધર્મની દેશના છે.
૧૧૯	દ્રવ્ય પરોપકારથી ભાવ ઉપકારતા સાધ્ય છે.
૧૧૯	પાપકારી ઉપદેશના કરતાં પુણ્યનો ઉપદેશ અત્યુત્તમ.
૧૧૯	મિથ્યાત્વના ગ્રન્થો કરતા સમ્યક્ત્વનો ઉપદેશ આપતા ગ્રન્થો બનાવવા, તે અનન્ત ગુણ ઉત્તમ છે.
૧૧૯	વ્યાવહારિક વિદ્યાની કેળવણીનો ઉપદેશ તથા તે સંબંધી ગ્રન્થો રચવા કરતાં ધાર્મિક વિદ્યાના ગ્રન્થો રચવા, તે અતિ ઉત્તમ પરમાર્થ સાધક કાર્ય છે.
૧૨૦	દ્રવ્ય જ્ઞાનના ઉપદેશ કરતાં ભાવ જ્ઞાનનો ઉપદેશ આપવો, તે અનંત ગુણ ઉત્તમ છે.
૧૨૦	ઉત્તમ કાર્ય કયું ?
૧૨૧	આત્માના સ્વરુપનો ઉપદેશ એજ સર્વોત્તમ શ્રેષ્ઠ કાર્ય
૧૨૧	ભાવ-દેશના એજ સર્વશ્રેષ્ઠ કર્તવ્ય
૧૨૨	સુદર્શના ચરિત્રે જિર્ણિદધમ્મોવએસદાણં મહા તિથ્થં
૧૨૩	...પ્રત્યુપકાર થઈ શકતો જ નથી
૧૨૪	....દત્તલક્ષ્યોપયોગ૦ શ્લોક ૫૧
૧૨૪	જગતમાં ઉત્તમ પદાર્થ આત્મા
૧૨૫	...ત્યારે આત્મિક સહજ સુખનો અનુભવ થાય છે.
૧૨૬	સાધુમાર્ગ સર્વોત્તમ
૧૨૭	યાદક્ સિદ્ધસ્વરુપ મે૦ શ્લોક ૫૨
	અહો જીવઃપરાત્માઽહં૦ શ્લોક ૫૩
	આત્મસામર્થ્યતઃ શીઘ્રં૦ શ્લોક ૫૪

પત્રાંક	વિષય
૧૨૮	અપ્પા સો પરમપ્પા સોઽહં શબ્દનો વિશેષ અર્થ
૧૨૯	શુદ્ધ સ્વરુપમય હું એટલે આત્મા
૧૩૦	.....તે હું નથી
૧૩૦	મતિ આદિ પાંચ પ્રકારના જ્ઞાનમય હું આત્મા
૧૩૦	ચક્ષુદર્શન-આદિ ચાર પ્રકારના દર્શનમય હું આત્મા
૧૩૦	ઉપશમ આદિ ચારિત્રમય હું આત્મા
૧૩૦	આત્માનો શુદ્ધ સ્વભાવ
૧૩૦	અનંત ગુણ પર્યાયમય આત્મા
૧૩૦	સમયે સમયે આત્મામાં અનંત ગુણનો ઉત્પાદન અને વ્યય થયા કરે છે.
૧૩૧	...માટે આત્મા અજ કહેવાય છે
૧૩૧	...માટે અવિનાશી કહેવાઉં છું.
૧૩૧	...નિર્લેપ, અભિન્ન છું.
૧૩૨	વીતરાગદશા પ્રાપ્ત કરવા વીતરાગમય થઈ વીતરાગપદ પ્રાપ્ત કરવા ઉદ્યમ કર.
૧૩૩	આત્મસામર્થ્યથી શું સાધ્ય ન થઈ શકે ?
૧૩૩	લક્ષ્યસાધકબુધ્યા० શ્લોક ૫૫
૧૩૩	પરમાત્માનું ધ્યાન લક્ષ્યસાધક બુદ્ધિથી.
૧૩૪	નિષ્કામ બુદ્ધિથી પરમાત્માનું ધ્યાન
૧૩૫	દુર્જનોની સંગતિ ત્યાજ્ય
૧૩૬	અવિચ્છિન્ના વિધાતવ્યા० શ્લોક ૫૬
૧૩૬	નવધા ભક્તિ
૧૩૭	મોક્ષનો ઉપાય, જ્ઞાનદર્શનચારિત્ર
૧૩૭	શ્રવણ ક્રિયા ભક્તિ–૧
૧૩૮	કીર્તન ક્રિયા ભક્તિ –૨
૧૩૯	સેવન ક્રિયા ભક્તિ –૩
૧૪૧	વચન ક્રિયા ભક્તિ –૪
૧૪૧	વંદન ક્રિયા ભક્તિ –૫
૧૪૨	ધ્યાન ક્રિયા ભક્તિ –૬
૧૪૩	લઘુતા ક્રિયા ભક્તિ –૭
૧૪૪	એકતા ક્રિયા ભક્તિ –૮
૧૪૫	સમતા ક્રિયા ભક્તિ –૯
૧૪૬	આત્મવત્ સર્વજીવેષુ० શ્લોક ૫૭
૧૪૭	અગ્નિમાં શીતળતા રાખવી મુશ્કેલ, તેમ સંસારમાં આત્મદૃષ્ટિ મુશ્કેલ.
૧૪૮	લક્ષ્યીકૃત્ય નિજાત્માનં० શ્લોક ૫૮
	સ્વાત્મા પરાત્મારુપશ્ચ० શ્લોક ૫૯
૧૪૮	ભક્તિથી શિવપદ
૧૪૯	ધર્મકાર્યની પ્રવૃત્તિમાં આત્મા જ લક્ષ્ય...
૧૫૦	આત્માની જ્ઞાનાનંદ ખુમારી
૧૫૧	અન્ય વસ્તુઓને દેખનારા આત્મા પોતે પોતાને પણ દેખે

પત્રાંક	વિષય
૧૫૨	સ્વામિસેવકભાવેન૦
	શ્લોક ૬૦
	તત્વમસ્યાદિરુપેણ૦
	શ્લોક ૬૧
૧૫૨	પરમાત્માની ભક્તિ દ્વારા પોતાને જોનારા આત્માને શું શું જાણવા મળે ?
૧૫૨	૬૪ વિષયોનું જાણપણું
૧૬૦	શ્રી તીર્થંકરોના જીવન ચરિત્રો વાંચી સાર ગ્રહણ કરવા લક્ષ રાખવું.
૧૬૦	આત્મસામર્થ્યથી વિઘ્નોનો સામનો કરો.
૧૬૧	પરમાત્મતત્વને સમજનારા કેટલા ?
૧૬૧	પક્વજ્ઞાનની ઉચ્ચદશા !
૧૬૨	પક્વજ્ઞાન દ્વારા પરાભક્તિની પરમપદની પ્રાપ્તિ
૧૬૩	...નો પછી શા માટે પરભાવની દીનતા...
૧૬૪	નિરાલંબન ધ્યાનથી પરાભક્તિ
૧૬૪	ભક્તિયોગી ક્રિયાયોગી૦
	શ્લોક ૬૨
૧૬૪	અનેક પ્રકારના યોગીઓ
૧૬૫	વ્યવહાર જ્ઞાન નિશ્ચયજ્ઞાન
૧૬૫	જ્ઞાન વિના સમતા નહિ
૧૬૫	સમતા વિના જ્ઞાન નહિ
૧૬૫	જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી જ્ઞાન
૧૬૫	ચારિત્રાવરણીય કર્મના ક્ષયોપશમથી સમતા
૧૬૬	અસંખ્યયોગયુકત્યા વૈ૦
	શ્લોક ૬૩
૧૬૬	અસંખ્ય યોગ વડે મુક્તિ
૧૬૭	અસંખ્યયોગમાં ત્રણ યોગ મુખ્ય
૧૬૮	પાંચ યમો હિંસા ત્યાગ–દયા પાલન અસત્યત્યાગ–સત્ય પાલન ચૌર્યત્યાગ – અસ્તેય પાલન
૧૬૯	અબ્રહ્મત્યાગ–બ્રહ્મચર્ય પાલન પરિગ્રહત્યાગ–અકિંચનતાગુણ પ્રાપ્તિ
૧૭૦	નિયમ
૧૭૧	આસન યોગ
૧૭૧	પ્રાણાયામ
૧૭૨	ત્રણનાડી–ઇડા, પિંગલા, સુષુમ્ણા
૧૭૨	સૂર્યસ્વર ચંદ્રસ્વર
૧૭૩	સૂર્યસ્વર ચંદ્રસ્વરના સ્વામી
૧૭૩	વૃશ્ચિક આદિ ચાર રાશિમાં જો ચંદ્ર સ્વર વહે તો સૌમ્ય કાર્ય સફળ બને
૧૭૩	કર્ક આદિ ચાર રાશિમાં જો સૂર્ય સ્વર વહે તો ચરકાર્ય કરવાથી સુખાકારી થાય
૧૭૪	મીન આદિ ચાર રાશીમાં સુષુમ્ણા સ્વર વહે તો જે કાર્ય કરે, તેમાં હાનિ

પત્રાંક	વિષય
૧૭૪	સ્વરોદયમાં પ્રશ્નના ઉત્તરો
૧૭૭	જોનાર માટે તત્વ વિચાર
૧૭૮	પાંચ તત્ત્વમાં પ્રશ્ન
૧૭૮	રોગીના પ્રશ્ન
૧૭૯	ચંદ્રયોગમાં કાર્યો
૧૮૦	સૂર્ય યોગમાં કાર્યો
૧૮૧	સુષુમ્ણા નાડીમાં શું કાર્ય કરવું ?
૧૮૨	ત્રિપુટીમાં પાંચતત્વ જોવાની રીત
૧૮૨	તત્ત્વોનાં સ્થાન–ગુણો
૧૮૨	દિશાઓમાં તત્ત્વો
૧૮૩	તત્ત્વોનું દ્વાર
૧૮૩	યુદ્ધમાં સ્વર
૧૮૪	યુદ્ધ પ્રશ્ન
૧૮૫	ગર્ભસંબંધી પ્રશ્નો અને તત્ત્વોથી ઉત્તર
૧૮૭	પરદેશગમનમાં સ્વર તથા તત્ત્વો
૧૮૮	પરદેશમાં વસનાર સંબંધી પ્રશ્ન, સ્વર અને તત્ત્વ
૧૮૮	સ્વરમાં ગમન વગેરેની રીત
૧૮૯	નાશીકા સ્વરથી મૃત્યુજ્ઞાન
૧૯૨	પ્રાણાયામની જરૂર અને તેનું ફળ
૧૯૩	પ્રાણયામથી શુદ્ધિ
૧૯૪	પ્રણની વિકૃતિથી રોગની ઉત્પત્તિ
૧૯૪	પ્રાણ તત્ત્વનું મુખ્યસ્થાન બ્રહ્મરન્ધ્ર
૧૯૫	વિશુદ્ધિચક્ર
૧૯૫	અનાહતચક્ર
૧૯૫	મણિપુરકચક્ર
૧૯૫	સહસ્રારચક્ર
૧૯૫	સ્વાધિષ્ઠાન ચક્ર
૧૯૫	મૂલાધાર ચક્ર
૧૯૫	ષટ્ચક્રમાં પ્રાણવાયુ
૧૯૫	પ્રાણાયામથી રોગોનો નાશ
૧૯૬	પ્રાણાયામથી પ્રાણવાયુ વશ થાય
૧૯૬	શ્રી હેમચન્દ્રાચાર્ય
૧૯૭	પ્રાણાયામનું લક્ષણ
૧૯૯	પાંચ પ્રકારના વાયુ તેના સ્થાન અને કૃત્યો
૨૦૧	પ્રાણાયામના અભ્યાસથી લાભ
૨૦૨	પૂરક, રેચક, કુંભકના પ્રકાર
૨૦૨	સૂર્યભેદન કુંભક–૧
૨૦૩	ઉજ્જયી કુંભક–૨
૨૦૩	સીત્કારી કુંભક–૩
૨૦૩	શીતલી કુંભક–૪
૨૦૪	ભસ્ત્રિકા કુંભક–૫
૨૦૪	ભ્રામરી કુંભક–૬
૨૦૫	મૂર્ચ્છા કુંભક–૭
૨૦૫	પ્લાવિની કુંભક–૮
૨૦૫	મલશોધક કુંભક–૯
૨૦૬	કેવલ કુંભક પ્રાણાયામ
૨૦૬	સહિત કુંભક પ્રાણાયામ
૨૦૬	નિત્ય પ્રાણાયામ
૨૦૬	ૐ નું ચિંતન
૨૦૭	રેચક પ્રાણાયામ–૧
૨૦૭	કુંભક–૨
૨૦૭	પ્રત્યાહાર–શાન્ત–૩–૪–૫–૬
૨૦૭	ઉત્તર પ્રાણાયામ, અધરપ્રાણાયામ
૨૦૭	પૂરક પ્રાણાયામ

પત્રાંક	વિષય
૨૦૮	પૂરક, કુંભક અને રેચક પ્રાણાયામ વખતે ગુણો પ્રગટ કરું છું. ગુણો સ્થિર કરું છું, દુર્ગુણ કાઢી નાખું છું, એવો વિચાર કરવો.
૨૦૯	પ્રાણાયામનો ઉત્તમ સમય
૨૦૯	પ્રાણાયામની સિદ્ધિ બાદ પ્રત્યાહાર
૨૦૯	પ્રત્યાહારની સિદ્ધિ બાદ ધારણા
૨૦૯	ધારણાની સિદ્ધિ થયા બાદ ધ્યાન
૨૦૯	ધ્યાનની સિદ્ધિ થયા બાદ સમાધિ
૨૦૯	કવિત્વ શક્તિ, વચનસિદ્ધિ, દૂર દૃષ્ટિત્વ અને આકાશ ગમન શક્તિ
૨૧૦	નાદ શ્રવણ
૨૧૧	પ્રાણાયામ કરનારે શું શું ન ખાવું...
૨૧૨	નાલિકમલમાં કુંડલી
૨૧૨	ત્રાટક
૨૧૩	ત્રાટક સિદ્ધિ
૨૧૪	ધારણાનું સ્વરૂપ
૨૧૫	વાયુની ધારણાનું ફળ
૨૧૬	હૃદયમાં મનને રોકવાથી થતું ફળ
૨૧૭	ચાર પ્રકારનાં મંડલો
૨૧૮	વહેતા વાયુમાં પ્રશ્ન ફળ
૨૧૯	પ્રાણાયામનું સ્વરૂપ બે પ્રકારે
૨૨૦	અજપાજાપ
૨૨૧	સરસ્વતી, ગંગા, યમુના, કાશી
૨૨૧	૧ દિવસમાં ૨૧૬૦૦ શ્વાસોચ્છવાસ
૨૨૧	પ્રાણવાયુની સાધનાથી પરકાય પ્રવેશ સિદ્ધિ
૨૨૨	પરકાય પ્રવેશ વિધિ
૨૨૩	પ્રત્યાહારનું સ્વરૂપ-પ્રભાવ
૨૨૭	રાજા મહારાજાધિરાજાઓ પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં સુખ શોધે તો તેઓ પણ પરતંત્ર, ગુલામ અને દાસ
૨૨૮	મનની ઉદાસીનતા જાળવી અબંધ ભાવ કેળવી ભોગ ભોગવી કર્મ નિર્જરે પણ નવા કર્મ ન બાંધે–આ ક્રિયા બાલ જીવો માટે નથી.
૨૨૯	આત્મજ્ઞાનના બળથી વિષયોની વૃત્તિઓના વેગને અટકાવો
૨૩૦	નંદિષેણ, આર્દ્રકુમાર, આષાઢાચાર્ય
૨૩૧	ઈન્દ્રિયોના વિષયોમાં સુખ નથી
૨૩૨	ઝાંઝવાના જલની જેમ પુદ્ગલ પદાર્થોમાં સુખ દુઃખની કલ્પના ભ્રાન્તિ
૨૩૩	જ્ઞાનદશા થયા વિના રાગદ્વેષ જીતાતા નથી.
૨૩૪	શેઠ અને ભિખારી
૨૩૫	આત્મજ્ઞાનીઓને અલ્પ કર્મ બંધ
૨૩૬	જેમ જેમ વિશેષ વિશેષતર આત્મજ્ઞાન તેમ તેમ વિષયભોગની

પત્રાંક	વિષય
	પરિણતિ વિશેષમન્દ આત્મજ્ઞાનીને
૨૩૭	આત્મ-શુદ્ધોપયોગે અનંતગણી નિર્જરા
૨૩૭	જ્ઞાની અન્તરથી ત્યાગી અને અજ્ઞાની બાહ્યથી અને અંતરથી રાગી
૨૩૮	મનનો પ્રત્યાહાર
૨૩૯	ક્રોધને જીતવાનો ઉપાય
૨૪૦	ક્રોધના પ્રકાર
૨૪૧	માનનું સ્વરૂપ
૨૪૧	માનના આઠ ભેદ
૨૪૫	માન નાશ કરવાના ઉપાયો
૨૪૬	માયાનું સ્વરૂપ
૨૪૬	માયાના પ્રકાર
૨૫૦	કપટ નાશ કરવાના ઉપાયો
૨૫૧	લોભનું સ્વરૂપ
૨૫૧	લોભની દુષ્ટતા ભયંકરતા
૨૫૩	લોભનું નાટક અનાદિકાળથી અનંતકાળ પર્યન્ત
૨૫૪	લોભથી જે છૂટ્યા, તે ત્રણ ભુવનના રાજા
૨૫૪	લોભના પ્રકાર
૨૫૪	લોભ ત્યાગ કરવાના ઉપાયો
૨૫૭	મમતાનું સ્વરૂપ
૨૫૮	મમતાથી સર્વ પ્રપંચો
૨૫૯	મમતા ત્યાગ કરવાના ઉપાયો
૨૬૧	ઈર્ષ્યાનું સ્વરૂપ
૨૬૨	ધવલ અને શ્રીપાળ
૨૬૩	અબ્રહ્મ
૨૬૪	બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર
૨૬૫	સિદ્ધરાજ, પૃથ્વીરાજ, પિંગલા
૨૬૬	નિંદા ત્યાગ
૨૭૨	વૈર ત્યાગ
૨૭૨	સમરાદિત્ય
૨૭૫	શુભ રાગ, શુભ દ્વેષ
૨૭૬	શુદ્ધ પરિણતિ, એજ મોક્ષનો ખરો માર્ગ
૨૮૨	પ્રત્યાહાર વિના ધારણાની અસફળતા
૨૮૨	મનની ચાર દશા વિક્ષિપ્ત, યાતાયાત, શ્લિષ્ટ, સુલીન
૨૮૩	મનનો યાતાયાત દશા
૨૮૪	પ્રસન્નચંદ્ર રાજર્ષિ
૨૮૫	મનની શ્લિષ્ટ અવસ્થા
૨૮૬	સુલીન અવસ્થા
૨૮૭	ધારણાના સ્થાનો
૨૮૯	ધારણાના અભ્યાસીને સૂચના.
૨૯૦	ધ્યાન
૨૯૦	આસન અને સ્થાન
૨૯૧	પિંડસ્થ ધ્યેયને ધારણાના ભેદો.
૨૯૧	પાર્થિવી ધારણા અને તેનું ધ્યાન
૨૯૨	આગ્નેયી ધારણાનું ધ્યાન
૨૯૩	વાયવી ધારણાનું ધ્યાન
૨૯૩	વારુણી ધારણાનું ધ્યાન
૨૯૪	તત્ત્વભૂ ધારણા
૨૯૪	અન્ય દર્શનીય યોગીઓ કથિત પંચ તત્ત્વ પૃથ્વી તત્ત્વ
૨૯૫	જલ તત્ત્વ
૨૯૬	અગ્નિ તત્ત્વ, વાયુ તત્ત્વ
૨૯૭	આકાશ તત્ત્વ

પત્રાંક	વિષય
૨૯૮	પિંડસ્થ ધ્યાન
૩૦૨	નાભિમાં ધ્યાન
૩૦૩	કંઠ કૂપમાં ધ્યાન
૩૦૩	કૂર્મ નાડીમાં ધ્યાન
૩૦૪	બ્રહ્મરન્ધ્રમાં ધ્યાન
૩૦૫	હૃદયકમલમાં
૩૦૫	મનો વર્ગણામાં ધ્યાન
૩૦૭	શ્રોત્રેન્દ્રિય સંયમ ધ્યાન
૩૦૭	ચક્ષુમાં સંયમ ધ્યાન
૩૦૮	ઘ્રાણેન્દ્રિયમાં સંયમ ધ્યાન
૩૦૮	રસનેન્દ્રિયમાં સંયમ ધ્યાન
૩૦૮	સ્પર્શેન્દ્રિયમાં સંયમ ધ્યાન
૩૦૯	કાયમલમાં સંયમ ધ્યાન
૩૧૦	વાણી બલમાં સંયમ ધ્યાન
૩૧૦	મનોબલ સંયમ ધ્યાન
૩૧૧	મસ્તકમાં સંયમ
૩૧૨	પદસ્થ ધ્યાન વિચાર
૩૧૩	અર્હંમન્ત્રનું ધ્યાન
૩૧૪	મહામન્ત્રનું ધ્યાન
૩૧૫	રુપસ્થ ધ્યાન અને ફલ
૩૧૬	રુપાતીત ધ્યાન
૩૧૭	રુપાતીત ધ્યાન-વિધિ
૩૧૮	રુપાતીત ધ્યાન કરનારે શું કરવું જોઈએ ?
૩૧૮	રુપાતીત ધ્યાનની ઉત્તમતા
૩૧૯	રુપાતીત ધ્યાનથી મોક્ષ
૩૧૯	ધ્યાનના અન્ય પ્રકારો
૩૧૯	ધ્યાન કરનારને સૂચના
૩૨૦	સમાધિ સ્વરુપ-ભેદ
૩૨૧	રુપાતીત ધ્યાન કરનારની દશા
૩૨૩	સાલંબન નિરાલંબન ધ્યાન
૩૨૪	નિરાલંબનની ઉત્તમતા
૩૨૫	હઠયોગ સમાધિ
૩૨૭	શ્રી આનન્દઘનજી, શ્રી ચિદ્દા-નન્દજી, કલિકાલ સર્વજ્ઞ
૩૨૭	હઠ સમાધિ કરનારને સૂચના
૩૨૯	સર્વ યોગોમાં મૂખ્યતા જ્ઞાન દર્શન ચારિત્રની
૩૨૯	અષ્ટાંગ યોગના અધિકારી કોણ ?
૩૨૯	અષ્ટાંગ યોગનુ ફલ
૩૩૦	શબ્દ બ્રહ્મમાં લીન થવું તે ઉપયોગ
૩૩૦	स्याद्वाद्मुद्रया सर्वे० શ્લોક ૬૪
	क्षय उपशमोमिश्रः શ્લોક ૬૫
૩૩૧	શ્રદ્ધા એ વ્યવહાર સમ્યગ્દર્શન
૩૩૧	નિશ્ચય સમ્યક્ત્વના ત્રણ ભેદ
૩૩૨	निश्चयं दर्शनं तत्तु० શ્લોક ૬૬
	देशतः सर्वतोविरति० શ્લોક ૬૭
૩૩૩	ઉપશમાદિ સમ્યક્ત્વ એ નિશ્ચય સમ્યક્ત્વ
૩૩૩	દેશ વિરતિ, સર્વ વિરતિ, એ દ્રવ્ય ચારિત્ર, આત્મ સ્વરૂપમાં સ્થિરતા, એ ભાવ ચારિત્ર

પત્રાંક	વિષય
૩૩૪	સમ્યગ્‌દર્શન પામવાની ઇચ્છાવાળાઓએ ચઢવાના પગથીયા શુભ ચિંતન (૧)
૩૩૪	શાસ્ત્રવચન શ્રવણ (૨)
૩૩૪	નિંદા ત્યાગ (૩)
૩૩૫	દયા પાલન (૪)
૩૩૫	ગુણ પ્રશંસા (૫)
૩૩૫	ગુરુમુખે શાસ્ત્ર-શ્રવણ (૬)
૩૩૬	માધ્યસ્થ દૃષ્ટિ (૭)
૩૩૭	સત્ય જિજ્ઞાસા (૮)
૩૩૭	કૃતજ્ઞ (૯)
૩૩૯	શુદ્ધ પ્રેમ (૧૦)
૩૩૯	શુભ વિચારોનો અભ્યાસ (૧૧)
૩૪૦	સમ્યગ્‌ ચારિત્ર
૩૪૧	ચારિત્રની આવશ્યકતા
૩૪૨	ભાવ ચારિત્ર
૩૪૩	ભાવચારિત્ર कार्ये हि० શ્લોક ૬૮
૩૪૪	ભાવ ચારિત્ર માટે દ્રવ્ય ચારિત્રની આવશ્યકતા
૩૪૪	પાંચ કારણ વિના કાર્યની ઉત્પત્તિ થતી નથી
૩૪૫	आत्मसद्धर्मलाभार्थं० શ્લોક ૬૯
૩૪૫	સદ્‌ગુરુ પાસે દ્રવ્ય ચારિત્ર અંગીકાર કરવું.
૩૪૬	દ્રવ્ય-આદિ ચારિત્રનું સ્વરૂપ ચારિત્ર ધારક મુનિઓ જ સમજી શકે
૩૪૭	વ્યવહાર સૂત્ર વૃત્તિ આદિ ગ્રન્થો
૩૪૭	ચારિત્રના બોધથી શુદ્ધ ચારિત્ર પ્રાપ્ત કરવાનું લક્ષ
૩૪૮	નયોના અધિકાર પ્રમાણે ચારિત્ર પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો
૩૪૯	રાગદ્વેષ કરનાર મુનિઓ ઉપર અશ્રદ્ધા ન કરવી.
૩૪૯	स्थूलसूक्ष्मविभेदेन० શ્લોક ૭૦
૩૪૯	પ્રતિક્રમણ પડિલેહણ વગેરે સ્થૂલ ક્રિયા
૩૫૦	ધર્મધ્યાન, શુકલ ધ્યાન, પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ, રૂપાતીત ધ્યાન એ સૂક્ષ્મક્રિયા.
૩૫૦	ધર્મધ્યાન-આદિ વડે અનુભવ જ્ઞાન
૩૫૧	'પરિણામે બંધ'
૩૫૧	धर्मसूक्ष्मक्रियायोगात्० શ્લોક ૭૧
	सूक्ष्मकर्मविनाशाय० શ્લોક ૭૨
૩૫૨	પ્રસન્નચન્દ્ર રાજર્ષિ
૩૫૨	દૃઢપ્રહારી
૩૫૩	મન વડે આત્મા બંધાય અને મન વડે આત્મા છૂટે
૩૫૪	સૂક્ષ્મમાંથી સ્થૂલમાં અને સ્થૂલમાંથી સૂક્ષ્મમાં
૩૫૪	મરુદેવા માતા
૩૫૫	સૂક્ષ્મક્રિયાનું સ્થૂલક્રિયાઓ કરતાં વધારે મહત્વ

પત્રાંક	વિષય
૩૫૫	સૂક્ષ્મક્રિયા રાજા સમાન અને સ્થૂલક્રિયા પ્રજાસમાન
૩૫૬	સૂક્ષ્મ ક્રિયાનો પ્રભાવ
૩૫૬	सापि ज्ञानं विना नास्ति० શ્લોક ૭૩
૩૫૭	સતત સૂક્ષ્મ વિચારોથી અભિ. નવ જ્ઞાન
૩૫૮	મનની સ્થિરતા વિના સૂક્ષ્મ ધ્યાન નહિ.
૩૫૮	सर्वतत्त्वानि बोध्यानि० શ્લોક ૭૪
૩૫૮	તત્ત્વના અવબોધથી વિવેક અને વિવેકથી ગ્રાહ્ય અને અગ્રાહ્યની સમજ
૩૫૯	સંવર, નિર્જરા અને મોક્ષ તત્ત્વ વિશેષ ગ્રાહ્ય,
૩૫૯	વ્યવહારથી પુણ્ય તત્ત્વ આદેય
૩૬૦	सुखमात्मनि विज्ञेयं० શ્લોક ૭૫
૩૬૦	સુખ ફક્ત આત્મામાં જ છે, જડ બાહ્ય પદાર્થોમાં લવલેશ નથી જ.
૩૬૧	શરીર, મન, ઈન્દ્રિયો જડ પદાર્થ છે, માટે તેમાં સુખ નથી જ.
૩૬૨	बाह्यवृत्तिपरित्यज्य० શ્લોક ૭૬
	षट्चक्र द्रव्यभावाभ्यां० શ્લોક ૭૭
૩૬૩	વિવેક દૃષ્ટિથી આત્મા ધ્યેયરૂપે ભાસે છે.
૩૬૪	આત્મ પ્રદેશમાં સ્થિરતાથી જ સુખ
૩૬૫	व्यवहारनयेनोक्त० શ્લોક ૭૮
	अनेकभवसंस्कारात् શ્લોક ૭૯
૩૬૬	લોકો સ્વાર્થથી પ્રશ્ન કરે, સેવા કરે તો પણ તે તરફ લક્ષ દેવું નહિ
૩૬૭	સમાધિ નામ ઉપર જ વધ આવે તેનું કારણ તેઓની ભવિતવ્યતા પાકી નથી. તેમ સમજવું.
૩૬૭	उत्तम राजयोगश्च શ્લોક ૮૦
૩૬૮	રાજયોગનું લક્ષણ
૩૬૯	पापमुक्तक्रियायुक्त શ્લોક ૮૧
	પાપની મુક્ત અને ક્રિયા મુક્ત હઠયોગી
૩૭૦	અલ્પ દોષ મહાન લાભ
૩૭૧	યમ, નિયમ આદિ સર્વ સ્થૂલ ક્રિયા પાપ મુક્ત હઠ યોગ
૩૭૨	जैनागमपरिपाठात्; શ્લોક ૮૨
	જૈનાગમના બોધથી સાપેક્ષતા અને મિથ્યાજ્ઞાન નાશ

પત્રાંક	વિષય
૩૭૩	સત્યજ્ઞાનના ભંડારો જૈનાગમ
૩૭૩	સત્યજ્ઞાનની કુંચીઓ જૈનાગમ
૩૭૩	કેવલ જ્ઞાનની પૂર્ણ શોધનો ચૂકાદો જૈનાગમો
૩૭૩	સાપેક્ષવાદ સમજાવવા સમર્થ જૈનાગમો
૩૭૪	ત્રિધાત્માનં વિજાનાતિ૦ શ્લોક ૮૩
૩૭૫	આત્માના ત્રણ પ્રકાર
૩૭૫	સંયતશ્રાદ્ધ ધર્મે૦ શ્લોક ૮૪
	અનન્તદુઃખદાવાગ્નૌ૦ શ્લોક ૮૫
૩૭૬	અનન્તાન્ત દુઃખથી બળતા અગ્નિ સમાન એવા સંસારમાં સુખ તો કયાંય પણ નથી.
૩૭૭	સમ્યગૂદૃષ્ટિના લક્ષણો
૩૭૮	રાગદ્વેષાદિસંયુક્તં શ્લોક ૮૬
	યાવન્તો મોંહસંબંધા૦ શ્લોક ૮૭
	ક્ષણિકેષુ પદાર્થેષુ શ્લોક ૮૮
	સર્વે બન્ધુસમા જીવા શ્લોક ૮૯
૩૭૯	રાગદ્વેષ સંયુક્ત મન એજ સંસાર
૩૮૦	મોહનાં કારણે મનમાં કલ્પના ઉત્પન્ન થાય છે.
૩૮૧	ઉપાધિનો બોજો આત્મા ઉપર
૩૮૨	મનના તાબામાં જ્યાં સુધી આત્મા છે, ત્યાં સુધી
૩૮૩	આત્મા સમ્યગ્ જ્ઞાનથી વિચારે છે કે...
૩૮૩	જેટલા મોહના સંબંધો તેટલા દુઃખના હેતુ...
૩૮૪	દુઃખ પડતાં વૈરાગ્ય વધે
૩૮૪	આત્મજ્ઞાનની દશા
૩૮૫	જગતના આક્ષેપો સહન કરવા શૂરવીર બને...
૩૮૬	શુદ્ધાત્મપદમિચ્છામિ શ્લોક ૯૦
	સ્વાભાવિક સ્વરુપે મે શ્લોક ૯૧
૩૮૭	વર્તમાન સુધર્યાથી ભવિષ્ય સુધરે
૩૮૮	સાક્ષીભૂતો વિપશ્યામિ શ્લોક ૯૨
	સર્વ પદાર્થો સાક્ષી રૂપે દેખું છું.
૩૮૯	ઉત્તમ જ્ઞાન વિના નિર્લેપતા દુર્લભ
૩૯૦	પાંચે ઇન્દ્રિયોના વિષયોમાં પણ રાગ નહિ
૩૯૨	શ્રીતીર્થંકર ભગવાનોનું દૃષ્ટાન્ત
૩૯૩	બહુરૂપી જેમ અનેક વેષ લે...
૩૯૧	અન્તર્દૃષ્ટિસમાધાય શ્લોક ૯૩

પત્રાંક	વિષય
૩૯૪	કાષ્ટે વહ્નિસ્તિલે તૈલં શ્લોક ૯૪ જેમ કાષ્ટમાં અગ્નિ, તેમ દેહમાં આત્મા
૩૯૫	આત્મતત્ત્વની પ્રતીતિ થવી દુર્લભ
૩૯૬	કર્માવરણ ટળે, આત્માના ગુણો પ્રગટે
૩૯૭	ઉત્કૃષ્ટાનન્દસમ્પન્નં૦ શ્લોક ૯૫
૩૯૭	આત્મા ઉત્કૃષ્ટ આનન્દ સ્વરૂપ
૩૯૭	જે જડ દૃશ્ય પદાર્થો દેખાય છે, તે આત્માનો જ મહિમા છે.
૩૯૮	અજ્ઞાનીને આત્માની શ્રદ્ધા થતી નથી.
૩૯૮	જ્ઞાનિનામાત્મચિન્તાસ્યા૦ શ્લોક ૯૬
૩૯૮	આત્મચિન્તા ફક્ત જ્ઞાનીઓને જ થાય.
૩૯૮	મધ્યમ પુરુષને શરીર આદિ ચિન્તા, મૂઢ પુરુષોને ભોગચિંતા
૩૯૯	જ્ઞાનીઓ આત્મગુણ પ્રાપ્તિ માટે પ્રવૃત્તિ કરે,
૪૦૦	મોહમૂઢ આત્મા ભૃંડની જેમ ભોગરૂપ કાદવમાં લીન
૪૦૦	ઉર્ધ્વંગચ્છેદ્યોગચ્છે૦ શ્લોક ૯૭ મોહમૂઢ આત્મા કયાંય પણ જાય પરંતુ સુખ ન પામે...
૪૦૧	રાજા મહારાજા બાદશાહ સાચું સુખ ન મળે, ત્યારે માથા પછાડે.....
૪૦૨	બહાર દુનિયામાં બધે ફરો, પરંતુ સાચું નિત્ય સુખ તો કયાંય ન મળે.
૪૦૨	અન્તર્દૃષ્ટિથી નિત્ય સુખનો અનુભવ
૪૦૩	શર્મધર્મો ન યસ્યાડસ્તિ૦ શ્લોક ૯૮
૪૦૪	સુખ માટે અબજોપતિ દોડંદોડ કરે, પરંતુ દુઃખના મહાસાગરમાં જ તે પટકાય છે
૪૦૫	મોહ બુદ્ધિયોગે બુદ્ધિશાળી પણ મૂઢ ગણાય
૪૦૬	શ્રેષ્ઠાઃ સર્વે સ્વધર્મેણ૦ શ્લોક ૯૯ આત્મા સ્વ–આત્મધર્મમાં જ શ્રેષ્ઠ અને પરધર્મમાં અધમ
૪૦૬	સ્વધર્મ અને પરધર્મની વ્યાખ્યા
૪૦૭	યોગ્યતા પ્રમાણે ધર્મ–બોધ
૪૦૮	અધિકારી પ્રમાણે વસ્તુ બતાવવી....
૪૦૯	મિથ્યેન્દ્રજાલવચ્છર્મ૦ શ્લોક ૧૦૦
૪૦૯	ઈન્દ્રજાલની પેઠે બાહ્ય જડ પદાર્થોમાં સુખ નથી...
૪૧૦	મોહનું અજબ ગજબનું માહાત્મ્ય.....

પત્રાંક	વિષય
૪૧૧	સુખે ન સુએ, નખાય, ન પીયે, ન બેસે... ..
૪૧૨	કામદૃષ્ટિયુતા મૂઢાઃ૦ શ્લોક ૧૦૧
	અહંમમત્વસમ્પન્ના શ્લોક ૧૦૨
	સ્તેયકર્મ પ્રકુર્વન્તિ૦ શ્લોક ૧૦૩
	સર્વદોષાલયં લોભં૦ શ્લોક ૧૦૪
૪૧૩	મૂઢપુરુષો કામદૃષ્ટિથી દુઃખી
૪૧૪	વૃદ્ધને પ્રશ્નઃ કામ સુખથી સુખી છો ?...ઉત્તર...
૪૧૫	અહં અને મમત્વથી સંસારમાં મૂઢ આત્મા દુઃખી
૪૧૬	લોભથી અંધ મૂઢ મનુષ્યો ઘોર પાપ કર્મ કરી...
૪૧૭	મૂઢ મનુષ્યો લક્ષ્મી ભેગી કરીને પણ ઈર્ષ્યા વગેરે દુર્ગુણોથી મહા દુઃખી
૪૧૭	આત્મજ્ઞાનેન દોષાણાં૦ શ્લોક ૧૦૫
૪૧૮	આત્મજ્ઞાન વડે દોષોનો શીઘ્ર નાશ...
૪૧૯	દેવ ગુરુ અને ધર્મની સેવા ભક્તિ
૪૨૦	ઉન્નતિદ્રવ્યભાવાભ્યાં૦ શ્લોક ૧૦૬
૪૨૦	આત્મોન્નતિનો માર્ગ
૪૨૧	જનાઃસર્વે સુખંયાન્તિ૦ શ્લોક ૧૦૭
	સદ્‌ગુરોઃ સંગતિં ભવ્યાં શ્લોક ૧૦૮
૪૨૨	અન્ત્ય મંગલ

ભૂમિકા

યોગનું માહાત્મ્ય સર્વે સાક્ષાર મનુષ્યો એકી અવાજે કબૂલ કરે છે. આર્યાવર્તમાં યોગના સાધકો યોગીઓ ઘણા હતા. દરેક દર્શનમાં યોગની પ્રક્રિયાઓ ભિન્ન ભિન્ન રૂપે પરિણમી છે. કોઈ પણ દર્શનમાં યોગનાં તત્ત્વો અનેક રીતે ભિન્ન નામે દાખલ થયાં છે.

યોગના અસંખ્ય ભેદો છે. જૈન શાસ્ત્રોમાં અસંખ્ય યોગો વડે મુક્તિ પ્રાપ્ત થાય છે એમ દર્શાવીને સિદ્ધ કરી આપ્યું છે કે, જે જે યોગવડે આત્માની પરિણામાદિની અપેક્ષાએ ઉચ્ચ દશા થાય તેનો આદર કરવો.

જગતમાં ભિન્ન ભિન્ન આત્માઓને ભિન્ન ભિન્ન ક્રિયાના યોગો પ્રતિ રુચિ હોય છે, તેથી ભિન્ન ભિન્ન યોગક્રિયામાં પ્રવૃત્ત થએલા મનુષ્યોની ઘણા ભાગે યોગની ક્રિયાઓ ભિન્ન ભિન્ન દેખાય છે, પણ તે સર્વ યોગોનો મુખ્ય ઉદ્દેશ આત્માની શુદ્ધતા કરવાનો હોવાથી આસનાદિ ભેદ પડે છતે પણ અન્તે સર્વે પરમાત્મપદને પ્રાપ્ત કરે છે.

અધિકારભેદે અને રુચિભેદે ભિન્ન ભિન્ન ધર્મયોગને દેખી બાળજીવો એકબીજાનું ખંડન કરે છે અને જે યોગ પોતાને પ્રાપ્ત થયો છે, તેની પણ પૂર્ણ આરાધના કરી શકતા નથી.

શ્રી વીરપ્રભુએ અસંખ્ય યોગોમાં પણ જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણ યોગને મુખ્ય માન્યા છે.

યમ, નિયમ, આસન પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ પ્રમાણે યોગના આઠ ભેદ પડે છે. ભક્તિયોગ વગેરેનો પણ યોગમાં સમાવેશ થાય છે.

યોગ વિના દુનિયાનો કોઈપણ ધર્મ પ્રખ્યાતિ પામ્યો નથી.

મુસલમાનો પણ યોગને માને છે. વેદને માનનાર સર્વ હિન્દુઓ પણ યોગને માને છે. બૌદ્ધો પણ યોગને માને છે. ખ્રિસ્તિઓ પણ યોગને માને છે.

નાસ્તિક લોકો પણ નીતિરૂપ યમને માનીને તેના અંશરૂપ યોગનેમાને છે; ત્યારે જ તેઓ મનુષ્ય તરીકે ગણી શકાય છે.

કોઈ પણ જીવની હિંસા કરવી નહિ, જૂઠું બોલવું નહિ, ચોરી કરવી નહિ, બ્રહ્મચર્ય પાળવું, કોઈનો વિશ્વાસઘાત કરવો નહિ, સર્વ પ્રાણીઓનું ભલું ઇચ્છવું–આ યોગનું પ્રથમ પગથિયું છે.

તેનો અમુક અંશ પણ સર્વ ધર્મવાળાઓ સ્વીકારે છે; જો તેનો સ્વીકાર કરે નહિ તો દુનિયામાં તે ધર્મની હયાતી પણ રહે નહિ.

મુસલમાનો અને **ખ્રિસ્તિઓ** પણ અમુક અંશે સત્ય બોલવું, બ્રહ્મચર્ય પાળવું, સર્વ જીવોની દયા કરવી ઇત્યાદિ બાબતોને માને છે. **નાસ્તિકો** પણ નીતિધર્મરૂપ યોગને માને છે.

બૌદ્ધો પણ અમુક અંશે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, દારૂમાંસ ત્યાગરૂપ, યોગના પ્રથમ પગથિયાને સ્વીકારે છે, તેથી તેઓ પણ યોગના ઉપાસકો બને છે. હિન્દુઓ પણ અમુક અપેક્ષાએ યોગના આઠે અંગોનો સ્વીકાર કરે છે.

नास्ति योगसमं बलं યોગ સમાન બલ નથી—આમ હિન્દુ શાસ્ત્રોમાં કહ્યું છે.

योगश्चित्तवृत्तिनिरोध : ચિત્તવૃત્તિનો નિરોધ કરવો તેનું નામ યોગ છે. એમ શ્રી **પતંજલિ** કહે છે. શ્રીમદ્ પતંજલિએ યોગના અષ્ટ અંગોનું તેમની માન્યતા પ્રમાણે ગંભીરાશયથી અને વિસ્તારથી વિવેચન કર્યું છે.

શ્રીમદ્ **હરિભદ્રસૂરિ**એ પતંજલિને માર્ગાનુસારી કહ્યા છે. શ્રીમદ્ **ઉપાધ્યાય યશોવિજયજી**એ પાતંજલયોગના ચોથા પાદ ઉપર ટીકા કરી છે–એમ સાંભળવામાં આવે છે. શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયે બત્તીસ બત્તીસ (**द्वात्रिंशद्द्वात्रिंशिका**) માં યોગનું માહાત્મ્ય સારી રીતે વર્ણવ્યું છે.

વેદધર્મને માનનાર **વ્યાસર્ષિ** ભગવદ્ગીતામાં યોગની અત્યંત આવશ્યકતા સ્વીકારે છે. ભગવદ્ગીતાના છઠ્ઠા અધ્યાયમાં યોગની વ્યાખ્યા છે–તેમાંથી કેટલાક શ્લોકો નીચે દર્શાવવામાં આવે છે.

तपस्विभ्योऽधिको योगी, ज्ञानिभ्योऽपि मतोऽधिकः ।
कर्मिभ्यश्चाधिको योगी, तस्माद्योगी भवार्जुन ! ॥१॥
प्रयत्नाद्यतमानस्तु, योगी संशुद्धकिल्बिषः ।
अनेकजन्मसंसिद्ध–स्ततो याति परां गतिम् ॥२॥

असंयतात्मना योगो, दुष्प्राप इति मे मतिः ।
वश्यात्मना तु यतता, शक्योऽवाप्तुमुपायतः ॥३॥

यतो यतो निश्चरति, मनश्चंचलमस्थिरम् ।
ततस्ततो नियम्यैत–दात्मन्येव वशं नयेत् ॥४॥

युक्ताहारविहारस्य, युक्तचेष्टस्य कर्मसु ॥
युक्तस्वप्नावबोधस्य, योगो भवति दुःखहा ॥५॥

તપસ્વી થકી પણ યોગી અધિક છે. જ્ઞાની થકી પણ યોગી અધિક છે. કર્મી થકી પણ યોગી અધિક છે–માટે હે **અર્જુન** ! તું યોગી થા !

પ્રયત્ન થકી યત્ન કરતો એવો યોગી અનેક જન્મસિદ્ધ થઈને પરમાત્મ-પદને પામે છે.

અસંયત જેનો આત્મા છે, તેના વડે યોગ સાધી શકાય નહિ. જે સંયત આત્મા છે, અર્થાત્ યમાદિવડે પાંચ ઇન્દ્રિયોને વશમાં રાખે છે, તે યોગને સાધી શકે છે.

જે જે માર્ગથી અસ્થિર-ચંચલ–એવું મન થાય તેને, તેના પ્રતિપક્ષી એવા માર્ગવડે રૂંધીને યોગી આત્મામાં જ મનને સ્થાપીને તેને વશ કરે છે.

આહારવિહારથી યુક્ત અને જે ચેષ્ટાઓ યોગીના યોગ્ય છે, તેવા તેમજ યુક્ત સ્વપ્નાવબોધ પુરુષને યોગ દુઃખનો નાશ કરનાર બને છે.

ઇત્યાદિ **ભગવદ્ગીતામાં** યોગસંબન્ધી ઘણું વિવેચન કરવામાં આવ્યું છે. **ઉપનિષદો** અને **પુરાણો** વગેરેમાં પણ યોગસંબન્ધી ઘણું લખવામાં આવ્યું છે.

આર્યસમાજીઓ પણ **પાતંજલયોગ** ગ્રન્થ અને અન્ય પણ યોગના ગ્રન્થોને સ્વીકારે છે. **આર્યમુનિએ ભગવદ્ગીતા** પર હિન્દી ભાષામાં ભાષ્ય રચ્યું છે. જેમાં કહ્યું છે કે કૃષ્ણ એ પરમાત્મા નહોતા પણ એક યોગી હતા અને તેમણે યોગના પ્રતાપથી **અર્જુનને** વિશ્વપુરુષનું દર્શન કરાવ્યું. ઇત્યાદિ લખીને યોગના જ મહિમાનો સ્વીકાર કરે છે.

દયાનંદ સરસ્વતી પણ યોગના ઉપર શ્રદ્ધા રાખતા હતા.

કબીર પણ યોગના સંબન્ધી ઘણા પદ ગાય છે અને પોતાના બનાવેલા **સ્વરોદય** ગ્રન્થમાં યોગસંબન્ધી ઘણું માહાત્મ્ય વર્ણવે છે.

મત્સ્યેન્દ્ર અને **ગોરખ** પણ યોગના સંબન્ધી ઘણું વર્ણન કરે છે.

વલ્લભાચાર્ય, **સ્વામીનારાયણ** અને **બ્રહ્મસમાજીઓ** પણ યોગતત્ત્વને માન આપે છે.

થીઓસોફીકલ સોસાયટીમાં દાખલ થનારા થીઓસોફીસ્ટો પણ યોગ માર્ગને અનુસરે છે.

રાધાસ્વામિ પન્થના મનુષ્યો યોગમાર્ગ તરફ વલણ ધરાવે છે.

હવે વિદેશ તરફ દૃષ્ટિ કરીએ. **અમેરિકા** અને **ઈંગ્લાંડના** લોકો યોગ-વિદ્યા તરફ પ્રેમની દૃષ્ટિથી દેખે છે. તેઓ યોગનો અભ્યાસ કરવા લાગ્યા છે.

મેસ્મેરિઝમ, હિપનોટીઝમ વગેરે પ્રયોગો ખરેખર યોગરૂપ **સૂર્ય**ના એક કિરણ જેવા પ્રકાશવા લાગ્યા છે. આ પ્રકારે કરોડો મનુષ્યો પણ યોગને માન આપવા લાગ્યા છે.

જૈન શાસ્ત્રોમાં યોગસંબન્ધી અનેક ગ્રંથો છે. યોગવિદ્યાના કેટલાક ગ્રન્થો પહેલાં ગુપ્ત રાખવામાં આવતા હતા.

યોગનું પરિપૂર્ણ આરાધન કરીને ચોવીસમાં તીર્થંકર શ્રી **મહાવીર** પ્રભુએ કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. વીતરાગ શ્રી **મહાવીર** પ્રભુએ યોગના અનેક ભેદોનું વર્ણન કર્યું છે.

અન્ય દર્શનીઓ એકેક યોગને માને છે, ત્યારે શ્રી **વીરપ્રભુકથિત જૈન-દર્શન**માં હઠયોગ, રાજયોગ. ક્રિયાયોગ, ભક્તિયોગ, મંત્રયોગ, લયયોગ, (સ્થિરતા) દેશવિરતિયોગ અને **સર્વ**વિરતિયોગ, આદિ **સર્વ** યોગનો **સમાવેશ** થાય છે.

જૈન શાસ્ત્ર પ્રમાણે જેટલા તીર્થંકરો **થાય** છે તેટલા **સર્વે** વીશસ્થાનકરૂપ યોગની આરાધના વડે **જ** થાય છે. અન્ય ધર્માવલંબીઓ કરતાં **જૈન** યોગની ઉત્તમતા છે, એમ શ્રી **વીરપ્રભુ**ની વાણીનું જેણે **સંપૂર્ણ** પાન કર્યું છે તે જાણી શકે છે.

જૈન સાધુઓ અને શ્રાવકોના ધાર્મિક આચારો ખરેખર યોગરૂપ **જ** છે. પંચમહાવ્રત અને બાર વ્રતનો યોગના પહેલા પગથિયારૂપ યમમાં **સમાવેશ** થાય છે.

શ્રી મહાવીર પ્રભુ અષ્ટાદશ (૧૮) દોષ રહિત સર્વજ્ઞ હતા; માટે તેમનો કથિત યોગમાર્ગ પરિપૂર્ણ **સત્ય**થી ભરેલો છે, એમ અમોને પરિપૂર્ણ **વિશ્વાસ** છે.

જૈનશાસ્ત્રોમાં અઠ્ઠાવીશ પ્રકારની લબ્ધિયો દર્શાવી છે, તે યોગીઓને ઉત્પન્ન થાય છે. તપશ્ચર્યા કરવી તે પણ એક જાતનો યોગ છે. પ્રતિલેખના, પ્રતિક્રમણ, પૂજા સ્વાધ્યાય અને પાંચ સમિતિયો પણ યોગરૂપ જ છે. મન વચન અને કાયાના પાપનો ત્યાગ કરવો, તે પણ એક જાતનો યોગ છે. પ્રાયશ્ચિત કરવું તે પણ યોગ છે. વિનય વૈયાવચ્ચ ધ્યાન કાયોત્સર્ગ અને સ્વાધ્યાય વગેરેનો પણ યોગમાં સમાવેશ થાય છે.

યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રન્થમાં યોગની આઠ પ્રકારની દૃષ્ટિ જણાવી છે. તેઓનો પણ યોગમાં સમાવેશ થાય છે. પ્રતિષ્ઠા વખતે મંત્રો બોલવામાં આવે છે, તેનો પણ યોગમાં સમાવેશ થાય છે. પ્રતિષ્ઠા વખતે ગ્રહોની પૂજા થાય છે, તે ગ્રહોના પાટલા ઉપર જુદા જુદા રંગનાં વસ્ત્ર અને જુદાં જુદાં નૈવેદ્ય ધરવામાં આવે છે, તેમાં યોગશાસ્ત્ર કથિત પૃથ્વીતત્ત્વ આદિતત્ત્વોનું ગંભીર રહસ્ય સમાયેલું છે, પણ તેના રહસ્યને હાલના પ્રતિષ્ઠા કરનારાઓ બરાબર સમજી શકતા નથી.

યોગોદ્વહનની ક્રિયાઓમાં તેમજ પ્રતિક્રમણ તથા પ્રતિષ્ઠાની ક્રિયાઓમાં જે જે મુદ્રાઓ કરવામાં આવે છે, તેમાં પણ યોગનું જ રહસ્ય સમાયેલું છે.

સૂરિમંત્રના ધારક આચાર્યોને મુદ્રાઓ તથા સંકલ્પો કરવા પડે છે, તેમાં પણ યોગનું ઉત્તમ રહસ્ય સમાયેલું છે.

ચન્દ્રસ્વર ચાલતાં પ્રતિષ્ઠા કરવી, દીક્ષા દેવી, વગેરેમાં પણ યોગવિદ્યાનો પ્રભાવ છે.

અમુક દિશાએ મસ્તક રાખીને સુવું, અમુક પડખે સુઈ રહેવું, તેમાં પણ યોગવિદ્યાનું માહાત્મ્ય અવબોધાય છે.

લોગસ્સ વગેરેના કાયોત્સર્ગમાં પણ પ્રાણાયામથી શ્વાસોચ્છ્વાસનો નિયમ બંધાયો છે. **સમાહિવરમુત્તમં દિંતુ** તથા અન્ય પણ એવા આવશ્યક સૂત્રનાં વચનો યોગનો માર્ગ દર્શાવે છે. **પંચેંદ્રિયસૂત્રમાં** પણ આચાર્યને સાધવા યોગ્ય યોગ આચાર દર્શાવ્યો છે

છ **આવશ્યકની** ક્રિયાઓ પણ યોગના આધારે રચાઈ છે. **ધર્મધ્યાન** અને **શુક્લધ્યાનનો** યોગમાં સમાવેશ થાય છે. **જ્ઞાનયોગ, દર્શનયોગ** અને **ચારિત્રયોગ,** સંબન્ધી અનેક શાસ્ત્રો રચાયાં છે.

શ્રીમદ્ હરિભદ્રસૂરિએ **યોગદૃષ્ટિસમુચ્ચય** અને **યોગબિન્દુ** ગ્રંથ બનાવીને રાજયોગની ઉત્તમતામાં વધારો કર્યો છે. શ્રીમદ્ **જિનદત્તસૂરિએ** પણ એક યોગનો ગ્રન્થ બનાવ્યો છે, તે અમોએ દેખ્યો છે.

કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ **હેમચન્દ્રાચાર્યે** યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ અષ્ટ અંગનો પ્રકાશ કરવા યોગ-શાસ્ત્ર નામનો ગ્રન્થ રચીને દુનિયાના લોકો ઉપર મોટો ઉપકાર કર્યો છે.

શ્રીમદ્ **શુભચન્દ્રાચાર્ય**, **જ્ઞાનાર્ણવ** ગ્રન્થ રચીને તેમાં યોગનું મહાત્મ્ય ખૂબીથી દર્શાવ્યુ છે. શ્રીમદ્ **આનન્દઘનજી**, શ્રીમદ્ **વિનયવિજયજી** ઉપાધ્યાય, શ્રીમદ્ **યશોવિજયજી** ઉપાધ્યાય અને શ્રીમદ્ **જ્ઞાનવિમલસૂરિએ**–અઢારમી સદીને–યોગના જ્ઞાનથી સુવર્ણ પ્રકાશમયી બનાવી હતી અને તેઓએ અધ્યા-ત્મજ્ઞાનયોગને સારી રીતે અવલંબ્યો હતો.

ઓગણીસમી સદીમાં શ્રી **વિજયલક્ષ્મીસૂરિએ** યોગના માર્ગને અવ-લંબ્યો હતો. વીસમી સદીના આરંભમાં શ્રીમદ્ **ચિદાનન્દજી**–(કપૂરચંદજી)એ **ચિદાનન્દ સ્વરોદય** ગ્રન્થ બનાવીને યોગમાર્ગનો પ્રકાશ કર્યો છે.

જૈનોમાં હાલ યોગના ગ્રન્થો હોવા છતાં સાક્ષર જૈનોની અલ્પસંખ્યાને લીધે, યોગમાર્ગનો ધાર્યા પ્રમાણે ફેલાવો થવા પામ્યો નથી, પણ હવે યોગમાર્ગ તરફ જૈનોની અભિરુચિ વધવા માંડી છે તેમ જણાય છે.

કાલને અનુસરીને મનુષ્યોને શીઘ્ર બોધ થાય એવા ગ્રંથોની આવશ્યકતા છે, એમ વારંવાર મનમાં વિચાર થવાથી યોગગ્રંથ રચવાની અભિરુચિ થઈ.

સં. ૧૯૬૬ ના ચૈત્રમાસમાં સુરતના પ્રખ્યાત દાનવીર ઝવેરી શેઠ **ધર્મ-ચંદ** ઉદયચંદના સુપુત્રો શેઠ **લલ્લુભાઇ ધર્મચંદ** તથા શેઠ **જીવણચંદભાઈ** તથા **ગુલાબભાઈ** તથા **મગનભાઈ** તેમજ દાનશૂર ઝવેરી **નગીનદાસ** કપૂર-ચંદના સુપુત્રો શેઠ **ફકીરચંદભાઈ** તથા **ગુલાબચંદભાઇ** તથા રાવબહાદુર શેઠ **હીરાચંદ મોતીચંદ** વગેરે ઝવેરીઓએ ડુમસ પધારવાનો આગ્રહ કર્યો ત્યારે ત્યાં એકાંત ધ્યાન કરવાનું સ્થાન મળ્યું.

ત્યાં ધ્યાન કર્યા બાદ નવરાશના પ્રસંગે રાજયોગ (સહજયોગ) આદિ યોગ સંબન્ધી એકસો ને આઠ શ્લોક બનાવ્યા. ત્યારબાદ સં. ૧૯૬૬ નું ચોમાસું સુરતમાં કર્યું, ચોમાસમાં નવરાશ મળતાં ૬૨ શ્લોક પૂર્ણ અને ૬૩ માં શ્લોકનું થોડું વિવેચન કર્યું હતું.

સં. ૧૯૬૭ ના ચોમાસા માટે સુરતના શેઠ **ધર્મચંદ ઉદયચંદ**ના સુપુત્રો તથા શેઠ **નગીનદાસ** કપૂરચંદના સુપુત્રો તથા શેઠ **ભુરીયાભાઇ જીવણચંદ** તથા શેઠ **કલ્યાણચંદ સૌભાગ્યચંદ** વગેરે ઝવેરીઓની વિનંતિથી મુંબઈ તરફ વિહાર કર્યો, મહા શુદી પૂર્ણિમાના રોજ મુંબઈમાં પ્રવેશ થયો.

ત્યારબાદ ફાગણમાસમમાં **બાબુ અમીચંદ પન્નાલાલ ઝવેરીના** આગ્રહથી વાલકેશ્વર જવાનું થયું; ત્યાં ૬૩મા શ્લોકથી બાકીના શ્લોકનું વિવેચન પૂર્ણ કર્યું. (વાલકેશ્વરમાં સારી સ્થિરતા મળવાથી ત્યાં ભજન સંગ્રહનો થોડો ભાગ તથા શ્રાવક સ્વરૂપના બે ભાગ વગેરેની પણ રચના કરવામાં આવી હતી.)

યોગનો પ્રકાશ કરવામાં આ ગ્રંથ દીપક સમાન હોવાથી તેનું નામ **યોગદીપક** પાડવામાં આવ્યું છે. શ્રી વીરપ્રભુના શાસનમાં આ ગ્રંથ લખવાથી તેમજ વીરશાસનનો પ્રકાશ થાય તેવા હેતુથી તેમના નામનું મંગલાચરણ કરવામાં આવ્યું છે, તથા અમારા **દીક્ષાગુરુ** પરમપૂજ્ય ચારિત્રપાત્ર ચૂડામણિ શ્રી **સુખસાગરજી** મહારાજનું ગુરુરૂપે મંગલાચરણ કરવામાં આવ્યું છે.

આ ગ્રંથમાં અધ્યાત્મયોગ અને ક્રિયાયોગ સમ્યગ્રીત્યા દર્શાવ્યો છે, કોઈ પણ યોગનું ખંડન કરવામાં આવ્યું નથી; પરસ્પર યોગની તરતમતા કેવી રીતે અધિકારભેદે હોય છે પરંતુ તેનું માત્ર દિગ્દર્શન કર્યું છે.

મન વચન અને કાયાના યોગની શુદ્ધિ કરવી અને આત્માના જ્ઞાનાદિ ગુણોનો પ્રકાશ કરવો, આત્મજ્ઞાન પ્રાપ્ત કરીને મનને જીતવું, રાગદ્વેષનો નાશ કરીને પરમાત્મપદ પ્રાપ્ત કરવું, આત્માના પરિણામની શુદ્ધિ થાય તેવા નિમિત્તોનું અવલંબન કરવું. શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મની આરાધના કરવી અને આત્માનું ધ્યાન કરવું-ઇત્યાદિ યોગનો સાર છે

અન્ય દર્શન યોગને કઈ રીતે માને છે અને જૈનો યોગને કેવા રૂપે માને છે, તે ભેદ જૈનયોગના અને અન્ય દર્શનીય યોગના ગ્રંથો વાંચવાથી જણાઈ આવશે. જૈન આગમોને બાધ ન આવે એવું યોગનું વિધાન આદરવા લાયક છે.

જૈનાગમોથી વિપરીત જે અન્ય યોગનાં પુસ્તકોનું મન્તવ્ય હોય તે જાણવા યોગ્ય છે; પણ આદરવા લાયક નથી તથા શ્રદ્ધેય યોગ્ય નથી.

પૂર્વેના જૈનાચાર્યો શ્રી **ભદ્રબાહુસ્વામી** જેવા મહાપુરુષો પ્રાણાયામ અને મહાપ્રાણધ્યાનની ક્રિયાઓ કરતા હતા-એવું ઇતિહાસોથી સ્પષ્ટ જણાઈ આવે છે.

શ્રીમદ્ **હેમચન્દ્ર આચાર્ય** પ્રાણાયામથી એકવીસમી પાટ ઉપર અધર રહ્યા હતા અને યોગથી દેવતાને પ્રત્યક્ષ કરવા સમર્થ થયા હતા.

શ્રીમદ્ **જિનદત્તસૂરિ** યોગધ્યાનસમાધિની સાધનાથી મહાપ્રભાવક બન્યા હતા. યોગના બળથી શ્રી ભદ્રબાહુસ્વામીએ જૈનધર્મની જયપતાકા આર્યાવર્તમાં ફરકાવી હતી; પણ હાલ જૈન સાધુઓમાં યોગની સાધના મન્દ પડી ગઈ છે.

કેટલાક નિરક્ષરતાથી ભ્રમિત થએલા જૈનો, જેઓ યોગના પ્રતિપક્ષી બનીને યોગનું ખંડન કરવા ગાંડા મનુષ્યની પેઠે પ્રયત્ન કરે છે, તેઓ પૂર્વના જૈનાચાર્યો અને જૈન શાસ્ત્રોની આશાતના કરીને બહુલસંસારી થાય છે.

ધ્યાનસમાધિથી આત્માની શક્તિઓ વધે છે—એમ સામ્પ્રતકાલના જૈન તથા જૈનેતર સાક્ષરો એકી અવાજે બોલી રહ્યા છે. મનને વશ કરવામાં યોગના જેવું કે.ઈ ઉત્તમ સાધન નથી.

યોગના અભ્યાસીઓને સૂચના કરવામાં આવે છે કે, તેઓએ જૈન યોગ-શાસ્ત્રોના આધારે યોગનું સ્વરૂપ જાણવું અને જૈન યોગીને ગુરુ કરીને યોગનો અભ્યાસ શરૂ કરવો.

ગુરુ કર્યા વિના ગુરુની આજ્ઞા પ્રમાણે અભ્યાસ કર્યા વિના યોગના અભ્યા-સનું ફળ પ્રાપ્ત થઈ શકતું નથી. યોગના ગુપ્ત રહસ્યોને યોગીઓ અધિકાર પ્રાપ્ત થયા વિના જણાવતા નથી, અર્થાત્ યોગીઓ યોગ્યતા પ્રમાણે યોગની કુંચીઓ દર્શાવે છે.

હઠયોગની કેટલીક ક્રિયાનો જૈન શાસ્ત્રોમાં નિષેધ કરવામાં આવ્યો છે. પણ તે સંબંધી વિશેષ સ્વરૂપ અહિં ચર્ચવાની જરૂર જણાતી નથી.

યોગનાં પુસ્તકો વાંચીને મોટી મોટી વાતો કરવાથી યોગી બની જવાતું નથી, પરંતુ યોગશાસ્ત્રે પ્રતિપાદિત માર્ગમાં પ્રયાણ કરવાથી યોગી બની શકાય છે.

યતિ, સાધુ, શ્રમણ, સંયત અને યોગી વગેરે શબ્દોનો એક અર્થ છે. કેટલાક બાવાઓ વગેરે યોગજ્ઞાનની ગંધ પણ જાણતા નથી અને યોગી બનીને અન્યને છેતરે છે, તેથી સાક્ષરો તો છેતરાય નહીં.

યોગનું ખરું સ્વરૂપ જાણવાથી યોગવિદ્યાનો ફેલાવો કરી શકાય છે અને તેથી જૈન શાસનનો ઉદ્ધાર કરી શકાય છે. યોગનું ઉચ્ચ ચારિત્ર ધારણ કરીને યોગી બનેલા જૈન સાધુઓ જૈન શાસનનો અનેક ઉપાયોથી ઉદ્ધાર કરવા સમર્થ થશે.

આત્માનું અનુપમેય બળ વધારવું હોય તો હે ભવ્ય જીવો ! યોગમાર્ગનું અવલંબન કરો ! જૈન ગુરુકુળો સ્થાપીને તેમાં યોગવિદ્યાના અભ્યાસથી વિદ્યાર્થીઓમાં આત્મબળ પ્રકટાવવા પ્રયત્ન કરો.

યોગનું પ્રથમ પગથિયું યમ છે–તેની બરાબર આરાધના કરો કે જેથી યોગના બીજા, ત્રીજા આદિ પગથિયા પર ચઢી શકાય ધ્યાન, સમાધિ આદિ યોગના અંગોમાં પ્રવેશ કરનારા સાધુઓ ઉદાર ચિત્તવાળા બની સ્વપરકલ્યાણ કરવાને સમર્થ બને છે.

યોગના માહાત્મ્યનું વર્ણન કરવા પરિપૂર્ણ કોઈ સમર્થ થઈ શકતું નથી યોગના પ્રતાપથી અનેક ભવનાં કરેલાં કર્મ કાચી બે ઘડીમાં ક્ષય કરી શકાય છે અને અંતે કેવલજ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે. માટે બાહ્ય યોગની શુદ્ધિ કરીને આન્તરિક યોગની શુદ્ધિ કરવી જોઈએ.

મન, વચન અને કાયાના અશુભ યોગનો ત્યાગ કરીને મન વચન અને કાયાના શુભ યોગો કરવા, એ જ યોગનું પ્રથમ પગથિયું છે; તે જેણે આદર્યું છે, તે મનુષ્યો ઉપર ચઢવાના અધિકારી બને છે.

યોગનું પ્રથમ પગથિયું ત્યાગ કરીને જેઓ એકદમ ઉપરના પગથિયા પર ચઢવાનો પ્રયત્ન કરે છે, તેઓને અન્તે પાછા ફરી, પંચમહાવ્રતરૂપ યમની આરાધના કરવી પડે છે; કેમકે પાયા વિના મહેલ ટકી શકતો નથી.

જેમ પગ વિના મનુષ્ય ઉભો રહી શકતો નથી તેમ પાંચ મહાવ્રતરૂપ યમ અથવા નીતિ વિના કોઈ પણ યોગી ઉપરની ભૂમિકામાં પ્રવેશ કરવા પ્રયત્ન કરે છે, તો તે પુનઃ પસ્તાઈને અથવા અનુભવ લઈને પણ વ્રતોને અંગીકાર કરે છે.

હૃદય દયાથી પૂર્ણ હોય, સત્યથી વાણી શોભતી હોય, અસ્તેય વ્રતની સારી રીતે આરાધના થતી હોય, બ્રહ્મચર્યથી આત્મા ઉચ્ચ બન્યો હોય પરિગ્રહનો ત્યાગ થયો હોય.

ત્યારે મનુષ્ય યોગની પ્રથમ ભૂમિકાને દૃઢ કરીને, માનસિક ક્રોધાદિક દોષો હઠાવીને, પરમાત્મા પ્રભુની આરાધના કરવાનો ઉત્તમ અધિકારી બની શકે છે. તેવો ઉત્તમ મનુષ્ય યોગની ધર્મક્રિયાઓને અધિકાર પ્રમાણે કરે છે અને અલ્પ બુદ્ધિવાળા જીવો પોતાનો અધિકાર તથા રુચિ પ્રમાણે ક્રિયાઓ કરે છે.

જ્ઞાની તેઓની બુદ્ધિમાં ભેદ અથવા સંશય ઉત્પન્ન કરતો નથી, પણ બાળજીવો પોતાના અધિકાર પ્રમાણે જે જે ક્રિયાઓ કરે છે, તેમને તેમના અધિકાર પ્રમાણે ધર્મક્રિયાઓના ઉદ્દેશોને સમજાવીને તેઓને ક્રિયામાર્ગમાં સ્થિર કરે છે અને ઉપરના અધ્યાત્મજ્ઞાનાદિ માર્ગમાં ચઢાવવાનો પ્રયત્ન કરે છે.

યોગીનો અધિકાર બાળજીવોના અધિકાર કરતાં જુદો હોય છે. યોગની સાધના ગૃહસ્થાવાસમાં અને સાધુ અવસ્થામાં થઈ શકે છે, પણ **ગૃહસ્થ કરતાં સાધુ અવસ્થામાં યોગની આરાધના અનન્તગણી સારી રીતે થઈ શકે છે.**

સાધુ અવસ્થામાં યોગીની સાધના મુખ્યતાએ સાધવાની હોય છે. ગૃહસ્થે ગૃહસ્થ દશાના અધિકાર પ્રમાણે યોગની સાધના સાધવી જોઈએ અને સાધુએ સાધુત્વના અધિકાર પ્રમાણે યોગની સાધના સાધવી જોઈએ.

પંચમહાવ્રત અંગીકાર કરનારા મુનિરાજોયોગના ભેદોનું ઉદ્દેશપૂર્વક જ્ઞાન પ્રાપ્ત કરીને ધાર્મિક ક્રિયાઓને આરાધે છે, તો તેઓ પ્રત્યેક ક્રિયાઓની સાથે મનની એકાગ્રતા કરવા શક્તિમાન થાય છે.

ગાડરીયા પ્રવાહની પેઠે ધાર્મિક ક્રિયાઓ કરવાથી જો કે થોડા ઘણા અંશે ફલ પ્રાપ્ત થયા વિના રહેતું નથી; પણ તત્વજ્ઞાન પ્રાપ્ત કર્યા વિના પ્રતિદિન ઉચ્ચ દશામાં ગમન કરી શકાતું નથી અને આત્માના સદ્‌ગુણોને કેવી રીતે પ્રાપ્ત કરવા તેની કુંચીઓને અવલોકી શકાતી નથી. જો જ્ઞાનપ્રદેશમાં વિશેષતઃ ગમન કરીને જૈન ક્રમ યોગતત્ત્વનો વિચાર કરે તો પોતાની ઉન્નતિ પોતાના હાથમાં છે.

યોગના સર્વભેદોનું અને અંગોનું વિશેષ પ્રકારે જ્ઞાન થવાથી યોગની અમુક ક્રિયાઓ જ અમારી છે અને અમુક ધાર્મિક ક્રિયાઓ તો અમારી નથી એવો કદાગ્રહ રહેતો નથી.

જેમ જેમ યોગના જ્ઞાનમાં ઊંડા ઉતરાય છે, તેમ તેમ પ્રત્યેક ધાર્મિક ક્રિયાઓ કયા કયા ઉદ્દેશથી રચાઈ અને કયા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના અધિકારે યોગ્ય છે, તેનું મૂળ રહસ્ય હૃદયમાં પ્રતિભાસે છે અને તેથી યોગજ્ઞાની ભિન્ન ભિન્ન ધાર્મિક ક્રિયાઓના રહસ્યને સાપેક્ષપણે અવબોધીને અનેકાંતવાદના ગૂઢ રહસ્યનો જ્ઞાતા થઈ જૈનધર્મ પ્રવર્તાવવાને માટે અધિકારી બને છે.

તે દેશ કાલ અને અધિકારભેદથી બાલ, મધ્યમ અને ઉત્તમ અધિકારીઓને તેઓના યોગ્ય ધર્મયોગને સમર્પે છે અને તેઓને ગુણસ્થાનકની ઉચ્ચ ભૂમિકામાં લાવવા સમર્થ બને છે.

બાળજીવોને તેના અધિકાર પ્રમાણે યોગનો આદર કરાવે છે અને આગળ ચડવાને ઉત્સાહ વધારે છે તથા ઉત્તમ જીવોને તેના યોગ્ય ધાર્મિક યોગનો આદર કરાવે છે અને તેનાથી નીચી કક્ષા યોગધર્મ સાધકોને તેના યોગ્ય ધર્મ-ક્રિયા અને જ્ઞાનમાં પ્રવર્તાવી તેઓને આગળ ચઢવા ઉત્સાહ વધારે છે.

યોગ અથવા જૈન ધર્મના પગથિયાં-મુક્તિમાં ચઢવાને માટે માનો કે અસંખ્ય છે; તો ઉપરના પગથિયાં પર રહેલાઓને હાથ ઝાલીને ઉપર ચઢાવવાનું કામ કરવું જોઈએ; પણ નીચેના પગથીઆ પર રહેલાઓનો તિરસ્કાર કરવો ન જોઇએ.

કારણ કે ઉંચા પગથિયા પર ચઢનાર પણ કોઈ વખત નીચેના પગથીયા પર હતો. તેને અન્ય યોગી મહાત્માઓએ સહાય આપી, ત્યારે જ તે આગળના પગથીયા ઉપર ચઢી શકયો; તે પ્રમાણે યોગના નીચેના પગથીયા પર રહેલા-ઓને દયાથી સહાય આપવી-તેમજ પોતાના કરતાં ઉંચા પગથીયા પર જેઓ હોય તેના કરતાં પોતે નીચો છે. એમ જાણી ઉપરના પગથીયા પર રહેલાઓ ઉપર પૂજ્ય બુદ્ધિ અને ભક્તિ ધારણ કરી તેઓની સહાય લઈ આગળ ચઢવું.

ચૌદ ગુણસ્થાનક પણ વસ્તુતઃ વિચારીએ તો મુક્તિ જવાના પગથીયા છે. કેટલાક જીવો પહેલા **મિથ્યાત્વ** ગુણસ્થાનક પગથીયા પર ચઢેલા છે, કેટલાક જીવો **અવિરતિસમ્યગ્દૃષ્ટિ** નામના યોગધર્મના ચોથા પગથીયા પર રહેલા છે.

ચોથા પગથીયા પર રહેલાઓએ પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનક પગથીયા પર રહેલાઓની નિન્દા ન કરવી તેમજ તેઓને નીચ માની તરછોડવા નહિ; પણ તેઓને ઉપરના પગથીયા પર લાવવા માટે તેમના પર પ્રેમ દયા અને ઉપકાર-બુદ્ધિ ધારણ કરવી.

દેશવિરતિરૂપ પાંચમા ગુણસ્થાનક પર ચઢેલાઓએ પહેલા તથા ચોથા ગુણસ્થાનકરૂપ પગથીયા પર રહેલાઓને મદદ કરવી અને પોતે ઉપરના ગુણ-સ્થાનકરૂપ પગથયા પર ચઢવા પ્રયત્ન કરવો અને ઉપરના ગુણસ્થાનકનો ધર્મયોગ સાધનારાઓનો વિનય કરવો તથા ભક્તિ કરવી.

આ પ્રમાણે યોગનાં પગથિયાં સમજીને જેઓ યોગના પગથિયા પર ચઢે છે તેઓ **મુક્તિ** પ્રાસાદને પ્રાપ્ત કરે છે.

પોતાના કરતાં નીચેના પગથિયાં પર રહેલાઓની જે નિન્દા કરે છે અને તેઓને ધિક્કારે છે, તે ઉપરના ગુણસ્થાનક રૂપ યોગના પગથીયાં પર ચઢવાને શક્તિમાન થતો નથી.

ક્રમક્રે ઉપરના ગુણસ્થાનકરૂપ યોગના પગથીયાં પર ચઢેલો જ્યારે પહેલા ગુણસ્થાનક પગથીયાં પર હોત અને તેને ઉપરના પગથીયાં પર ચઢેલાઓ ધિક્કારત અને તેને સહાય આપવાનું બંધ કરત; તો તે ચોથા અથવા પાંચમા ગુણસ્થાનક પગથીયાં પર ચઢવાને કદી શક્તિમાન થાત નહિં.

માટે પોતે જેવી રીતે યોગના ઊંચા પગથીયાં પર ચઢવાનો લાભ લીધો છે, તેવી રીતે અન્યોને પણ કરુણા શુદ્ધપ્રેમ અને ઉપકારદૃષ્ટિથી લાભ આપવા પ્રયત્ન કરવો જોઇએ.

સઘળી જૈન કોમ આ પ્રમાણે યોગના પગથીયાંને જાણીને, તે પ્રમાણે હાલ પણ પ્રવૃત્તિ કરે તો જૈનો દુનિયામાં **દેવોના જેવાં પરાક્રમ કરવાને માટે ભાગ્યશાળી બને**–એમાં કંઇ પણ આશ્ચર્ય નથી.

અજ્ઞતા, કદાગ્રહ અને સંકુચિત દૃષ્ટિથી, જે જૈનો યોગના જ્ઞાનને પોતે જાણી શકતા નથી અને પોતાના વિચારમાં સર્વ સ્વધર્મ માની લે છે, તેઓ શ્રી **મહાવીર** પ્રભુના શાસનનો ફેલાવો કરવા સમર્થ થતા નથી, તેમ ઉપરના ગુણસ્થાનક પર ચઢવાના અધિકારી બની શકતા નથી.

જે જૈનો યોગનો વિશાલ અર્થ અવબોધી શકતા નથી અને રૂઢી પ્રમાણે યોગનો અર્થ કરી સંકુચિત દૃષ્ટિ ધારણ કરે છે, તેઓ જૈનાગમોના અનેકાંતવાદને જાણવાના અધિકારી બની શકતા નથી.

યોગના અનેક ભેદ છે, તેમાંથી કોઈ પોતાના અધિકાર પ્રમાણે અમુક ભેદ સાધતો હોય અને તે બીજાને પોતાના યોગભેદથી ભિન્ન દેખાતો હોય, તેથી અમુક મનુષ્ય અમુકને એમ કહે કે, તું ધર્મથી વિપરીત ક્રિયાને કરે છે, પણ વાસ્તવિક રીતિથી અવલોકતાં તેમ કહેવું વાસ્તવિક નથી.

કારણકે મેરુપર્વત પાસે જવાને અને તેના પર ચઢવાને માટે કેટલાક લોકો ઘોડા પર બેસીને જતા હોય, કેટલાક આગગાડીમાં બેસીને જતા હોય, કેટલાક હવાઇ વિમાનમાં બેસીને જતા હોય, કેટલાક પગે ચાલીને જતા હોય, કેટલાક મનુષ્યો ખભા પર બેસીને જતા હોય, કેટલાંક નાનાં બાળકો હળવે હળવે ચાલીને જતાં હોય, કેટલાક રમતા કરતા જતા હોય,

તે પ્રમાણે કેટલાક મેરુપર્વત પર દક્ષિણ દિશામાંથી ચઢવા આવતા હોય, કેટલાક ઉત્તર દિશામાંથી ચઢવા આવતા હોય, કેટલાક પૂર્વ દિશામાંથી આવીને ચઢતા હોય, કેટલાક પશ્ચિમ દિશામાંથી આવીને ચઢતા હોય, કેટલાક વિદિશાઓમાંથી આવીને ચઢતા હોય.

કેટલાક કમંડલુ ધારણ કરીને તે તરફ આવવા ગમન કરતા હોય, કેટલાક નગ્ન થઈને તે તરફ પ્રયાણ કરતા હોય, તથા કેટલીક સ્ત્રીઓ મેરુપર્વત તરફ આવવા નીકળી હોય. કેટલાક પુરુષો તે તરફ આવવા નીકળ્યા હોય, કેટલાંક બાળકો પણ ત્યાં આવવાનીકળ્યાં હોય, તે પ્રમાણે ગમે તે દેશના અને ગમે તે જાતિના મનુષ્યો અને પશુ પંખીઓ પણ મેરુપર્વત તરફ આવવા નીકળ્યાં હોય,

તેઓમાંથી કેટલાક સડકના રસ્તે થઈને મેરુપર્વત તરફ પ્રયાણ કરતા હોય, કેટલાક નદીનાળાના રસ્તે થઈને આવવા નીકળ્યા હોય, કેટલાક રાજમાર્ગે ચાલીને મેરુપર્વત પર ચઢવા ઇચ્છતા હોય, કેટલાક પગશેરીઓના માર્ગે થઇ મેરુપર્વત તરફ ચઢવાને પ્રયત્ન કરતા હોય.

કેટલાક મેરુપર્વત તરફ આવતાં રસ્તામાં ઊંઘી ઊંઘીને આવતા હોય, કેટલાક થાક ખાઈને આવતા હોય,

તેમાં કેટલાક મેરુપર્વતથી હજાર ગાઉ દૂર હોય, કેટલાક સો ગાઉ દૂર હોય, કેટલાક પચ્ચીશ ગાઉ દૂર હોય, કેટલાક પાંચ ગાઉ દૂર હોય, કેટલાક ઠેઠ પાસે આવી પહોંચ્યા હોય,

કેટલાક મેરુપર્વત પર ચઢવાને એક વર્ષની વારવાળા હોય, કેટલાક છ મહિનામાં આવી પહોંચવાના હોય, કેટલાક ચાર માસમાં, કેટલાક મહિનામાં કેટલાક દશ દિવસમાં, કેટલાંક પાંચ દિવસમાં અને કેટલાક એક દિવસમાં મેરુપર્વત પર આવી પહોંચવાના હોય,

તે સર્વ મનુષ્યોનું તથા પશુપંખીઓનું સાધ્યબિન્દુ તો મેરુપર્વત પર પહોંચવાનું છે; તે પ્રમાણે દેશ, કાળ, અધિકાર અને આસન આદિ ભેદવાળા ધર્મી મનુષ્યોનું પણ સાધ્યબિંદુ પરમાત્મપદ પ્રાપ્ત કરવાનું હોય છે.

મેરુપર્વતના દૃષ્ટાંતની પેઠે પરમાત્મપદ પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા મનુષ્યો પણ પરમાત્મપદરૂપ મેરુપર્વત તરફ દેશ, કાલ, ધર્મસામગ્રી, આત્મબળ, અધિકાર અને સ્વદૃષ્ટિથી પ્રયાણ કરે છે.

જેમાં સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને જે રેલગાડી અને હવાઇ વિમાનના જેવા ચોથા. પાંચમા અને છઠ્ઠા ગુણ–સ્થાનકરૂપ યોગધર્મને અવલંબીને આગળ ચાલ્યા જ કરે છે–તે વહેલા પરમાત્મપદને પ્રાપ્ત કરે છે.

મેરુપર્વત સન્મુખ જવામાં દિશાભેદ, કાલભેદ અને માર્ગભેદ જેમ મેરુપર્વતની પ્રાપ્તિનો બાધ કરતો નથી. તેમ શાસ્ત્રોના આધારે વસ્તુતઃ વિચારી

જોતાં કાલભેદ, અધિકારભેદ, દિશાભેદ, જાતિભેદ, દૃષ્ટિભેદ, ગુણસ્થાનકભેદ, રુચિભેદ, ચારિત્રક્રિયાભેદ, વયભેદ અને આસનભેદ પણ મનુષ્યોને પરમાત્મપદ પ્રાપ્તિમાં બાધ કરી શકતો નથી;

જો કે ભેદો કારણ પરત્વે છે, પણ તે મેરુપર્વતની પ્રાપ્તિમાં બાધ કરનારા નથી, તે પ્રમાણે યોગની ધાર્મિક ક્રિયાઓમાં પણ ભેદો દેખાય, તો પણ તે પરમાત્માત્મપદ પ્રાપ્તિમાં બાધ કરનારા નથી.

યોગદૃષ્ટિસમુચ્ચયમાં આ બાબતની દિશા વર્ણવી છે. કાલ અને દેશોનો ભેદ તો અન્તે નષ્ટ થયા વિના રહેતો નથી.

જે મનુષ્યો સકલ કર્મનો ક્ષય થાઓ અને પરમાત્મપદ પ્રાપ્ત થાઓ, આવી ભાવનાથી તપશ્ચર્યા આદિ કરે છે, તેઓને સકામ નિર્જરાની પ્રાપ્તિ થાય છે; આવી ભાવનાથી **મિથ્યાત્વગુણસ્થાનકમાં** રહેલા જીવો પણ સકામ નિર્જરા કરે છે, એમ **જૈન શાસ્ત્રોમાં** દર્શાવ્યું છે,

તે ઉપરથી સિદ્ધ થાય છે કે, જે જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મ (સંચિતાદિકર્મ)-નો આ ક્ષય કરવા માટે તપ જપ કરે છે; તેવા મિથ્યાત્વી જીવો પણ ઉપરના ગુણસ્થાનક પર ચઢવાને માટે અધિકારી બને છે,

અર્થાત્ મોક્ષમાર્ગના અંશ તરીકે પ્રથમ ગુણસ્થાનકના જીવો પણ વ્રત, તપાદિથી યોગમાર્ગની આરાધના કરે છે, તેથી મિથ્યાત્વી જીવોને પણ ઉપરના ગુણસ્થાનક પર ચઢાવવા માટે પ્રયત્ન કરવો જોઇએ.

સર્વ જીવો પર **મૈત્રી** ભાવના ધારણ કરવી, **સર્વ** જીવોના ગુણો **સંબન્ધી** પ્રમોદ ભાવના ધારણ કરવી, **મધ્યસ્થ** ભાવના ધારણ કરવી અને **કરૂણા** ભાવના ભાવવી, એ યોગમાર્ગના અધિકારીઓનું કર્તવ્ય છે.

લોકોના ભિન્ન ભિન્ન મત દેખીને તેઓના પર ગુસ્સે ન થતાં **મતસહિષ્ણુતા** ગુણ પ્રાપ્ત કરવાથી, યોગના માર્ગમાં સ્થિર રહી શકાય છે.

માટે સત્ય યોગમાર્ગની **પ્રરૂપણા** કરવી અને દયાભાવથી અસત્ય માર્ગોનો **પરિહાર** કરવા ઉપદેશ દેવો. મન-વાણી અને કાયાના અશુભ વ્યાપારોનો ત્યાગ કરીને મન-વાણી અને કાયાથકી શુભ વ્યાપારોનો અભ્યાસ કરનાર યોગધર્મમાં પ્રવેશ કરી શકે છે.

યોગનો અભ્યાસ કરવાની ઇચ્છાવાળાઓએ **દારૂ, માંસ, ગાંજો, ધંતુરો, કોકીન** વગેરે વ્યસનોનો ત્યાગ કરવો જોઈએ. સાત્વિક આહાર કરવાથી અને રજોગુણી અને તમોગુણી આહારનો ત્યાગ કરવાથી, યોગની સાધના સારી રીતે થઈ શકે છે.

સાત્વિક આહારથી ઉત્તમ બુદ્ધિ રહે છે. જેવો **"આહાર તેવો ઓડકાર"** એ કહેણીમાં ઘણો ભાવાર્થ સમાયો છે. યોગ્ય આહાર અને યોગ્ય વિહારથી યોગની સિદ્ધિ થાય છે.

માનસિક બળ પ્રાપ્ત કરીને આત્માની જ્ઞાનાદિ શક્તિઓનો પ્રકાશ કરવો અને રાગદ્વેષાદિ દુર્ગુણોનો નાશ કરવા પ્રયત્ન કરવો, એ જ **યોગ જ્ઞાનનું** કાર્ય છે.

સદ્‌ગુણોની જે જે ઉપાયો વડે પ્રાપ્તિ કરવી તે યોગ કહેવાય છે. કર્મનો ક્ષય કરવાને યોગસમાન કોઈ સાધન નથી.

માટે જગતમાં ગંગાનદીની પેઠે આન્તરિક મલનો પરિહાર કરનાર યોગ છે. જગતમાં અનેક પ્રકારના ચમત્કાર ભૂતકાલમાં જેના વડે પ્રગટ્યા છે, વર્તમાનમાં પ્રગટે છે અને ભવિષ્યમાં અનેક ચમત્કારો થશે-તે સર્વનું મૂળ યોગ છે.

કલ્પવૃક્ષ જેમ ઇચ્છિત વસ્તુઓને આપે છે, તેમ યોગના આરાધનથી પણ ઇચ્છિત વસ્તુઓની પ્રાપ્તિ થાય છે. પૃથ્વીમાંથી જેમ અનેક પ્રકારની વનસ્પતિયો ઊગી નીકળે છે, તેમ યોગવિદ્યાના આરાધનથી પણ અનેક ગુણો પ્રગટી શકે છે.

સાગર પોતાની ગંભીરતાથી જેમ શોભી રહ્યો છે, તેમ યોગવિદ્યાની પ્રાપ્તિથી ગંભીરતા નામનો ગુણ સંપ્રાપ્ત થાય છે.સમુદ્રમાં તેમ અનેક પ્રકારનાં રત્ન ભર્યાં છે, તેમ યોગવિદ્યામાં પણ અનેક પ્રકારની લબ્ધિઓ રહી છે.

સાયન્સવિદ્યાના શોધકો મનની એકાગ્રતા વડે અન્તે જે તત્ત્વો શોધી કાઢવાનાં છે, તે તત્ત્વોની યોગ વડે શોધ થઇ ચૂકી છે યોગના અંશભૂત મનની એકાગ્રતાથી **પ્રખ્યાત અમેરિકાના** શોધક મી. **એડીસને** અડતાલીસ કલાકમાં ફોનોગ્રાફની શોધ કરી તે સર્વે વિદ્વાનો જાણે છે.

તે પ્રમાણે આત્મામાં મનની એકાગ્રતા કરીને આત્માની શોધ ચલાવનારા યોગીઓ, કલાકોના કલાકો પર્યંત સ્થિર રહીને, આત્માની અનેક શક્તિઓને પ્રકટાવી શકે, તેમાં કાંઈ પણ આશ્ચર્ય જણાતું નથી.

ગૃહસ્થોને ગૃહસ્થોના અધિકાર પ્રમાણે યોગમાર્ગમાં પ્રવેશ કરાવવો અને સાધુઓને તેમની યોગ્યતા પ્રમાણે યોગાભ્યાસ કરાવવો જોઈએ.

જેઓ પાત્ર અથવા અપાત્ર જોયા વિદ્યા યોગથી વિનાની ઉત્તમ કુંચીઓને આપે છે, તેઓ પશ્ચાત્તાપ પામે છે.

એક ભવમાં હાલના કાલમાં પરિપૂર્ણ યોગની આરાધના થઈ શકતી નથી, માટે **હળવે હળવે યોગની સાધના કરવી જોઈએ.**

જૈનધર્મનાં પિસ્તાલીશ આગમોનો સાર પણ એ છે કે સમ્યક્ત્વ જ્ઞાનપૂર્વક આત્માની સર્વ શક્તિઓને પ્રગટાવવા પ્રયત્ન કરવો. મોહનીય વગેરે કર્મનો નાશ કરવો અને આત્માની શુદ્ધિ કરીને **આત્માને પરમાત્મા બનાવવો.** રત્નત્રયીરૂપ યોગનું આરાધન કરીને પૂર્વે અનંત જીવો મુક્ત થયા, થયા છે અને ભવિષ્યમાં થશે.

યોગની સાધના કરવાથી મનુષ્ય અને દેવલોકની પ્રાપ્તિ થાય છે અને ઉત્તમમાં ઉત્તમ જે મુક્તિ છે, તેની પણ પ્રાપ્તિ થાય છે.

આત્માના શુભ અધ્યવસાય ઉત્પન્ન કરાવનાર યોગ છે. હાલના કાલમાં ઉપશમભાવ અને ક્ષયોપશમભાવની સમાધિને યોગીઓ પ્રાપ્ત કરે છે.

કેટલાક કહે છે કે, સમાધિમાં ઊંઘની પેઠે પડયા રહેવું પડે છે, માટે તેવી સમાધિ કરવાની કંઈ જરૂર નથી. આમ કહેનારાઓએ યોગશાસ્ત્રાદિ ગ્રન્થોને પૂર્ણ વાંચ્યા નથી તેમજ પોતે સમાધિનો અનુભવ કર્યો નથી—એમ કહ્યા વિના ચાલતું નથી; કેમકે સમાધિમાં કંઈ ઊંઘવાનું નથી.

ક્ષયોપશમ અને ઉપશમભાવની સમાધિની પ્રાપ્તિનું કારણ ધ્યાન છે. આત્માના સ્વરૂપનું ધ્યાન ધરતાં ધરતાં ઉપશમાદિભાવની સમાધિ પ્રાપ્ત થાય છે અને તે વખતે આત્માના સહજસુખનો અનુભવ થાય છે. તે વખતે મનની ચંચળ દશા શાન્ત થએલી માલૂમ પડે છે, અર્થાત્ બાહ્યદુનિયાનું ભાન રહેતું નથી અને આત્માના ઉપયોગનું તે વખતે વિશેષ પ્રકારે અસ્તિત્વ રહે છે, એમ જૈન યોગના અનુભવીઓ પોકારીને કહે છે.

શ્રીમદ્ **આનન્દઘનજી** અને શ્રીમદ્ **ચિદાનન્દજીકૃત** યોગપદોમાં સમાધિદશાનું વર્ણન આવે છે. તેમાં આત્માનો શુદ્ધોપયોગ અને મનના વિકલ્પ સંકલ્પનો નાશ થયો હોય એવા ઉલ્લેખો સમાધિસમયના મળી આવે છે.

વર્તમાનકાલમાં અપ્રમત્ત ગુણસ્થાનક સુધીની ઉપશમાદિની અસ્તિતા છે, માટે યોગના જિજ્ઞાસુઓએ સુગુરુનું અવલંબન કરીને **યોગવિદ્યાનો અભ્યાસ** શરૂ કરવો.

યોગવિદ્યાનેા અભ્યાસ શરૂ કર્યો એટલે તરત જ યોગીની દશા પ્રાપ્ત થઈ શકતી નથી, પણ **યોગવિદ્યાની બાર વર્ષપર્યંત આરાધના કરવાથી યોગવિદ્યાનેા ખરેા અનુભવ જાગ્રત થાય છે.**

યોગસાધનામાં ધૈર્ય ધારણ કરવાની ઘણી જરૂર છે. રાયણનું વૃક્ષ જેમ લાંબાકાળે ફળ આપે છે. તેમ યોગની આરાધનાનેા ખરેા અનુભવ તેા બાર વર્ષ પછી મળે છે.

યોગની સાધનાનું ફળ અવશ્ય પ્રાપ્ત થવાનું અને તે ફળ આત્માની ઉચ્ચ દશા છે—એમ મનમાં વિચાર કરીને યોગસાધનમાં પ્રવેશ કરવેા.

જે મનુષ્યો અન્યેાને ચમત્કારેા બતાવવા માટે અને પેાતાની બાહ્યકામનાઓ પૂર્ણ કરવા માટે યોગની આરાધના કરે છે, તેઓ યોગમાર્ગની ઉચ્ચ ભૂમિકામાં પ્રવેશ કરી શકતા નથી.

યોગથી ચમત્કારેા પ્રાપ્ત થાય છે, પણ યોગીએ બાહ્યકામનાનેા ત્યાગ કરીને નિષ્કામ બુદ્ધિથી યોગની સાધના કરવી જોઈએ.

મદારીની પેઠે યોગથી કેાઈ સામાન્ય ચમત્કાર પ્રાપ્ત કરીને લેાકેામાં જે જ્યાં ત્યાં ખેલ કરી બતાવે છે, તે મનુષ્ય યોગની ઉચ્ચ ભૂમિકામાં પ્રવેશ કરી શકતેા નથી.

યોગીઓએ યોગવિદ્યાથી ચમત્કાર પ્રાપ્ત કરીને પણ યોગવિદ્યામાં આગળ પ્રવેશ કરવા માટે અજાણ્યા મનુષ્યની પેઠે ગંભીર મન રાખીને વર્તવું જોઇએ.

યોગીએ, લેાક પેાતાને માને અથવા ન માને તેની ઈચ્છાનેા ત્યાગ કરવેા જોઈએ. ખરા યોગીઓ પેાતાના સહવાસમાં રહેનારને પણ પેાતાનામાં અમુક શક્તિ (ચમત્કાર) પ્રગટી છે, તેની ખબર પડવા દેતા નથી અને કદાપિ લેાકેાને પેાતાના ચમત્કારની ખબર પડે છે અને કેાઈ વખત અમુક શક્તિ ફેારવવી પડે છે, ભવિષ્યમાં પણ જનસમૂહથી ઉપાધિ ન થાય એવી રીતે પ્રવૃત્તિ આચરે અને શાસ્ત્રોમાં કહેલી શક્તિઓનું આરાધન કરે છે.

યોગસમાધિ સેવનારાઓ યેાગાભ્યાસી જનેાને તેના અધિકાર પ્રમાણે કુંચીઓ બતાવે છે. પાત્રતા વિના કંઈ મળતું નથી, પાત્ર વિના મળેલી વસ્તુ રહેતી નથી.

દેખાદેખીથી યોગની સાધના કરનારાઓને ઘણું ખમવું પડે છે અને કેાઈ વખત દુઃખના પાત્ર બનવું પડે છે, માટે યોગવિદ્યાના અનુભવીઓને ગુરુ કરીને તેની આજ્ઞા પ્રમાણે યોગમાર્ગની ક્રિયાઓને સેવવી જોઇએ.

'દેખાદેખી સાધે જોગ, પડે ખિંડ કે વાધે રોગ'' આ કહેવતને લક્ષ્યમાં લઈ ગુરુગમપૂર્વક **યોગવિદ્યામાં પ્રવેશ કરવેા**, એવી યોગાભ્યાસીઓને સૂચના આપવામાં આવે છે.

યોગશાસ્ત્રોનો અભ્યાસ કરીને યોગની આરાધના કરવાથી કદી પાછા પડવાનું થતું થની. જૈનાગમોમાં અનેક પ્રકારના યોગનું વર્ણન વાંચવામાં આવે છે.

યોગનો અભ્યાસ કરીને જેઓ જૈન શાસ્ત્રો વાંચે છે, તેના હૃદયમાં જ્યાં ત્યાં યોગનું સ્વરૂપ જ જોવામાં આવે છે.

હાલ મને પૂર્વના કરતાં છ આવશ્યકનું અત્યંત યોગગર્ભિત સ્વરૂપ અનુભવાય છે અને છ આવશ્યકની અત્યંત ઉત્તમતા ભાસે છે; તેની રચના યોગના આધારે ઉદ્દેશપૂર્વક ગણધર મહારાજાએ કરેલી છે એમ લાગે છે.

યોગવિદ્યામાં કુશલતા મેળવ્યા બાદ યોગની દૃષ્ટિ ખૂલે છે અને તે દૃષ્ટિથી છ આવશ્યક સૂત્રોને દેખે છે, તે તેની ઉત્તમતાનો ઘણો ખ્યાલ કરી શકે છે. સમ્યક્ત્વ દૃષ્ટિને ઉત્પન્ન કરનાર જૈન શાસ્ત્રોમાં પ્રતિપાદન કરેલી વિદ્યા છે. યોગજ્ઞાનીઓ સૂત્રોમાં ગુપ્તપણે રહેલી યૌગવિદ્યાને સારી પેઠે અનુભવી શકે છે.

સૂત્રોમાં ભિન્ન ભિન્ન દૃષ્ટિથી દેખનારને, ભિન્ન ભિન્ન પ્રકારનું જ્ઞાન મળે છે. અર્થાત અધ્યાત્મ જ્ઞાનિઓને સૂત્રમાંથી અધ્યાત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે; વ્યવહારક્રિયાઓને શોધનારાઓ તેજ સૂત્રમાંથી ક્રિયાઓને શોધી શકે છે, તેમજ સાયન્સના વિદ્વાનો સૂત્રમાંથી પ્રદાર્થ વિજ્ઞાનને મેળવી શકે છે.

જેઓ યોગ અધ્યાત્મ, પદાર્થવિજ્ઞાન, આદિ તત્ત્વોને સારી પેઠે જાણી શકે છે, તેઓની દૃષ્ટિ વિશાલ થવાથી તેઓ આત્મતત્વની પ્રાપ્તિના અનેક યોગોને અપેક્ષાએ જાણે છે, બોધે છે અને સ્વાધિકાર પ્રમાણે આદરે છે અને અન્યોને આદર કરાવે છે.

ખરેખર યોગવિધાનું વર્ણન કોઈનાથી કરી શકાતું નથી, શ્રી કેવલી ભગવાન પણ કરોડો વર્ષ પર્યંત યોગના અસંખ્ય ભેદોનું વર્ણન કરે તોપણ પૂર્ણપણે યોગનું સ્વરૂપ કહી શકાય નહિ; તો મારા જેવાથી તો યોગનું અમુક અપેક્ષાએ સામાન્ય રીતિથી જ વર્ણન થઈ શકે.

યોગનાં અનેક પુસ્તકો છે, પણ વાચકો જેવી દૃષ્ટિથી તે પુસ્તકો વાંચે છે તેને તે પ્રમાણે હૃદયમાં પરિણમે છે.

ચંદ્રનો શીતલ સ્વભાવ છતાં ભિન્ન ભિન્ન આશયથી દેખનારાઓ પૈકી કોઈને ઉષ્ણ લાગે છે, કોઈને ઠંડો લાગે છે, કોઈને પીડાકારી લાગે છે, કોઇને આહ્લાદકારી બને છે અને કોઈને તેમાં પ્રિય કે અપ્રિય કંઈ જણાતું નથી; તેમ આ યોગદીપક પુસ્તક વાંચનારને પણ પોતાની દૃષ્ટિ પ્રમાણે જ ફલ પ્રાપ્ત થઈ શકે તેમાં કંઈ આશ્ચર્ય નથી.

કોઇ પણ વસ્તુનું વિવેચન કરતાં **છદ્મસ્થને ભૂલ આવવાનો સંભવ છે, કેમકે સર્વ ગુણી તો વીતરાગ છે.** છદ્મસ્થમાં વીતરાગના જેવા ગુણો કયાંથી હોય?

છદ્મસ્થ જીવો વીતરાગ પ્રભુની વાણીના અનુસારે જૈન શાસનની ઉન્નતિને માટે તેમજ સ્વપરના કલ્યાણ માટે ગ્રંથો બનાવે છે.

તેમાં પોતાના કરતાં વિશેષ જ્ઞાનવાળાને તેમાં શાસ્ત્રથકી કંઈ ઉલટું લખેલું માલૂમ પડે અથવા કોઈ ઠેકાણે સુધારવાનું માલૂમ પડે–એમ બની શકે છે, તો તે પ્રમાણે આ **યોગદીપક** ગ્રંથમાં ભૂલચૂક થઈ હોય તો, વિદ્વાનો સુધારશે અને શુભ અધ્યવસાયથી બનાવેલા આ પુસ્તકમાંથી **હંસચંચુની** પેઠે સારભાગ ગ્રહણ કરશે એવી આશા રાખવામાં આવે છે.

દુધમાંથી પણ પુરા કાઢવા જેવો દુર્જનનો સ્વભાવ હોય છે, તેની પરવા કદી સત્યપુરુષો રાખતા નથી. સૂર્ય ઉગતાં કાગડાઓ કાકા કરે છે અને મનુષ્યો સૂર્યને દેખી ખુશ થાય છે.

તે રીતે કોઈ પણ બાબતમાં સર્વ મનુષ્યોનો એક અભિપ્રાય મળતો નથી, તેથી મહાત્માઓ પોતાનું કાર્ય કરવાથી કદી પાછા હઠતા નથી, તે ન્યાયે ઉચ્ચ આશયથી અને જગતના કલ્યાણ માટે બનાવેલો આ **યોગદીપક ગ્રંથ સર્વ** મનુષ્યોના આત્મા પૂર્ણ શાંતિ આપનારો થાઓ.

આ **ગ્રંથ છપાવવામાં મદદ કરનાર** સુરતનિવાસી પ્રખ્યાત ઝવેરી દાનવીર શેઠ ધર્મચંદ ઉદયચંદના સુપુત્ર શેઠ **લલ્લુભાઇ** ધર્મચંદ છે; જેઓ સ્વભાવે શાંત, જૈનધર્મના અભિમાની તથા ગંભીર અને મળતાવડા સ્વભાવના છે.

ચિદાનન્દ સ્વરોદયનો કેટલોક ભાગ તેમને ગુમસમાં વંચાવ્યો હતો, તેથી તેમને યોગના ઉપર રૂચિ થઈ હતી, જેથી આ ગ્રંથ છપાવીને જગતમાં જૈન-શાસનની ઉન્નતિ કરવાનું અને દુનિયાના જીવોને ધર્મ પ્રાપ્ત કરવાનું કાર્ય હાથમાં લેવા તેમણે આ ગ્રંથને સહાય આપી ઘણો લાભ સંપાદન કર્યો છે.

આ ગ્રંથનાં પ્રૂફો સુધારવામાં છદ્મસ્થ દૃષ્ટિથી શ્લોકોમાં તથા વિવેચનમાં જે જે કંઈ ભૂલો રહી ગઈ છે, તેનું શુદ્ધિપત્રક બનાવ્યું છે, બીજી આવૃત્તિમાં જે કંઈ ભૂલો જણાશે, તેનો સુધારો કરવામાં આવશે.

આ ગ્રન્થનું વાંચન કરીને ભવ્ય જીવો પરમસુખ (શિવસુખ) પ્રાપ્ત કરો, એમ ઇચ્છીને આ પ્રસ્તાવના સમાપ્ત કરવામાં આવે છે.

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

પોષ વદી ૨. શનિ.
સંવત્ ૧૯૬૮,
દમણ

મુનિ બુદ્ધિસાગર

श्रीमद् बुद्धिसागरसूरिकृत

योगदीपक

नमः श्रीवर्द्धमानाय, सर्वदोषप्रणाशिने ।
केवलज्ञानसूर्याय, लोकपूज्याय तायिने ॥ १ ॥

सद्गुरुं पूज्यमानम्य, स्वाभाविकसुखोदधिम् ।
सर्वकर्मनिवृत्त्यर्थं, करोमि योगदीपकम् ॥ २ ॥

कोऽहमात्मा चिदालक्ष्यो, भिन्नः पुद्गलभावतः ।
रत्नत्रयीस्वरुपेण, सत्तातोऽस्मि स्वभावतः ॥ ३ ॥

अस्म्यहं प्रत्ययज्ञाता, जीवो भिन्नोऽस्ति देहतः ।
इन्द्रियाण्यपि नैवात्मा, तथैवं मनसोऽपि वै ॥ ४ ॥

नास्ति वाणी तथैवात्मा, रक्तं नास्ति जडत्वतः ।
प्रत्यक्षादिप्रमाणेन, सिद्ध आत्मा हि शाश्वतः ॥ ५ ॥

आत्माऽसङ्ख्यप्रदेशैश्च, देहव्यापी चतुर्गतौ ।
केवलज्ञानभावेन, सर्वव्यापक इष्यते ॥ ६ ॥

व्याप्यव्यापकभावत्वं, सापेक्षातः स्फुटं मतम् ।
नित्यानित्यप्रवादानां, समासो जैनदर्शने ॥ ७ ॥

एकानेको नयेनात्मा, वाच्यावाच्यस्तथैव च ।
कर्त्ताऽकर्त्ता च हर्त्ता वै, सोऽपेक्षातः प्रभासते ॥ ८ ॥

सर्वस्मिन् सर्वतोभिन्नो, ज्ञानेन व्यक्तितः स्वयम् ।
नयैर्ज्ञातं स्वरुपं मे, तथैव सप्तभङ्गतः ॥ ९ ॥

कुतः प्रियपदार्थेषु, ममत्वं क्रियते मया ।
त्याज्यभावात् प्रभिन्नोऽस्मि, तत्र रागो न युज्यते ॥ १० ॥

कुतोऽप्रियपदार्थेषु, द्वेषत्वं क्रियते मया ।
प्रियाप्रियत्वं मनसः, कल्पितं नास्ति ब्रह्मणः ॥ ११ ॥

मीयन्ते सर्वतोभावा, अनेन ब्रह्मचक्षुषा ।
आत्मेति कथ्यते तेन, सम्यग्व्युत्पत्तियोगतः ॥ १२ ॥

विज्ञानमात्मनो धर्मः, स्वान्यभावप्रकाशकम् ।
आत्मनो ज्ञानपर्याये, लोकाऽलोकं विलीयते ॥ १३ ॥

आत्मनः सर्वद्रव्येषु, श्रेष्ठता भाविता शुभा ।
सहजानन्दभावेन, चारित्रमद्भुतं स्फुटम् ॥ १४ ॥

समितिगुप्तियोगेन, शुद्धधर्म्मसमुद्भवः ।
सुखदुःखप्रसङ्गेषु, समश्चारित्रवान् स्मृतः ॥ १५ ॥

समो हर्षविषादेषु, समो मानापमानयोः ।
स्तुतिनिन्दादिभावेषु, समश्चारित्रयोगिराट् ॥ १६ ॥

ज्ञानगर्भितवैराग्य—मुत्तमं प्राप्य योगिराट् ।
अक्षरं निर्मलं शुद्धं, परमात्मपदं भजेत् ॥ १७ ॥

ममत्वं ज्ञानिनः किं स्याद्, हेयादेयविवेकतः ।
ममत्वोपाधिनिर्मुक्त, आत्मा मुक्तः प्रकीर्तितः ॥ १८ ॥

मूर्च्छा परिग्रहः ख्यात, उक्तं सूत्रेषु सूरिभिः ।
सूत्रसम्मतयोगेन, आत्मा सद्धर्ममाप्नुयात् ॥ १९ ॥

बाह्यकार्याणि कुर्वन् सन्, मोहचेष्टां परित्यजन् ।
भावचारित्रयोगेन, मुच्यते सर्वकर्म्मतः ॥ २० ॥

संत्यक्तसर्वसंकल्पो, निर्विकल्पसमाधिताम् ।
संप्राप्य तात्त्विकानन्द—मश्नुते संयतः स्वयम् ॥ २१ ॥

मनःस्थैर्यं समासाद्य, दत्तलक्ष्योपयोगकः ।
भवे मुक्तौ समत्वाच्च, स्वादते समतामृतम् ॥ २२ ॥

साम्यामृतप्रसादेन, जीवन्मुक्तोऽभिधीयते ।
सम्यग्दृष्टिगुणस्थाने; सापेक्षातो घटेत सः ॥ २३ ॥

शुक्लेन परिणामेन, साम्यानन्दो विवर्द्धते ।
ध्याता सम्यग् विजानाति, ध्यानं हि ज्ञानयोगतः ॥ २४ ॥

मनश्चञ्चलतां प्राप्य, यत्र तत्र परिभ्रमत् ।
स्थिरतां लभते नैव, आत्मनो ध्यानमन्तरा ॥ २५ ॥

चित्ते वशीकृते सर्वं, विजानीयाद्वशीकृतम् ।
वशीकरणाय चित्तस्य, सर्वोपायाः प्रजल्पिताः ॥ २६ ॥

ज्ञानदर्शनचारित्र–वीर्यानन्दनिकेतनः ।
आत्मारामः सदा ध्येयः, सर्वशक्तिमयः सदा ॥ २७ ॥

स्वप्नवद् बाह्यभावेषु, ममत्वं नैव युज्यते ।
तथैव द्वेष्यता तत्र, ज्ञानिनो नैव युज्यते ॥ २८ ॥

नैव स्त्रीशत्रुभोज्यादि, पदार्था मोहहेतुकाः
मोहबुद्ध्या स्वयं तत्र, द्विषन् रज्यन् विमुह्यति ॥ २९ ॥

रागस्य हेतवो ये ये, भजन्ते द्वेषहेतुताम् ।
सानुकूलप्रतिकूल,–मनोवृत्तिप्रसङ्गतः ॥ ३० ॥

रागरुपा मनोवृत्ति, द्वेषरूपा तथैव च ।
रागद्वेषविनिर्मुक्तं, मनो मोक्षस्य कारणम् ॥ ३१ ॥

अज्ञानेन स्वयं जीवो, बाह्यभावेषु रज्यति ।
ज्ञानात्मा तु विवेकेन, जडेषु नैव रज्यति ॥ ३२ ॥

अहिंसायाः प्रतिष्ठायां, वैरत्याग इति श्रुतिः ।
साम्यभावप्रतिष्ठायां, प्रत्ययस्तस्य जायते ॥ ३३ ॥

साम्यात्मा नैव बध्नाति, कर्माणि किन्तु छेदकृत् ।
साम्यात्मा पूर्णयोगी स्याद्, योगशास्त्रेषु सम्मतम् ॥ ३४ ॥

शुद्धानन्दस्य भोक्ता स्या–त्समात्मा भगवद्गिरा ।
समत्वं सर्वभावेषु, जीवाजीवेषु सम्मतम् ॥ ३५ ॥

समत्वमात्मनो धर्मो, रागरोषविवर्जनात् ।
समुल्लसति जीवेषु, तत्त्वसम्मुखदृष्टिषु ॥ ३६ ॥

घोरकर्म्माणि कुर्वाणा, जना यान्ति परां गतिम् ।
साम्यभावप्रतापेन, तस्मात्तं प्राप्तुमुत्सहे ॥ ३७ ॥

साम्यादात्मस्थिरीभावो, वीर्योल्लासः प्रवर्धते ।
क्षपकश्रेणिमारुह्य, भव्यो याति शिवं गृहम् ॥ ३८ ॥

साम्यमेव हि चारित्रं, सर्वदा सम्मतं स्फुटम् ।
फलं ज्ञानस्य साम्यं वै, सूत्रेषु तत्प्रकीर्तितम् ॥ ३९ ॥
आत्मज्ञानं विना नास्ति, समत्वं क्वापि विद्धि तत् ।
आत्मज्ञानाय भव्यैश्च, यतितव्यं पुनः पुनः ॥ ४० ॥

आत्मज्ञानेन भव्यात्मा, निर्मलध्यानमश्नुते ।
आत्मज्ञानफलं ध्यानं, ध्यानञ्च साम्यमेव हि ॥४१॥

ध्यानं क्रियास्वरुपञ्च, साम्यं क्रियास्वरूपकम् ।
तयोः किञ्चिद्विशेषोऽस्ति, भासते स त्वनुभवे ॥ ४२ ॥

प्राधान्यं शुद्धवीर्यस्य, ध्याने भवति निश्चलम् ।
शुद्धवीर्यं क्रियारूपं, क्षयोपशमभावतः ॥ ४३ ॥

क्षयोपशमवीर्यात्मा, क्रियैव ध्यानमात्मनः ।
आत्मधर्मस्थिरीभावे, ध्यानं हि ज्ञानसङ्गकृत् ॥ ४४ ॥

अतो ज्ञानक्रियाभ्याञ्च, मुक्तिः सूत्रे प्रदर्शिता ।
एकान्ततो हि मिथ्यात्व–मेकान्तवाददर्शिनाम् ॥ ४५ ॥

सप्तभंगीनयोपेतं, सम्यक्स्याद्वाददर्शनम् ।
आत्मज्ञानाय विज्ञेयं, भव्यजिज्ञासुभिः शुभम् ॥ ४६ ॥

आत्मधर्मं समालम्ब्य, यतितव्यं मुमुक्षुभिः ।
आत्मा हि ज्ञापनीयश्च, भव्यानां शर्महेतवे ॥ ४७ ॥

आत्मज्ञानोपदेशेन, भव्यानामुपकारकाः ।
तीर्थकृत्त्वं समासाद्य, यान्ति मुक्तिगृहं शुभम् ॥ ४८ ॥

सर्वपरोकारेषु, देशनाया उपक्रिया ।
प्राप्नोति श्रेष्ठतां सत्यां, सतामेतादृशी स्थितिः ॥ ४९ ॥

द्रव्यपरोपकारेण, साध्या भावोपकारता ।
निष्कामवृत्तितो भव्यैः, साध्यं लक्ष्यं सुखास्पदम् ॥ ५० ॥

दत्तलक्ष्योपयोगेन, वर्तितव्यं मुमुक्षुणा ।
आविर्भावः सुखाब्धेस्तु, जीवः परात्मतां व्रजेत् ॥ ५१ ॥

यादृक् सिद्धस्वरुपं मे, तादृग भेदस्तु कर्मणः ।
कर्मभेदविनाशाच्च, सोऽहं भव्यशिरोमणिः ॥ ५२ ॥

अहो जीवः परात्माऽहं, सत्तातः सम्प्रति स्मृतः ।
उत्थितो व्यक्तिसिद्ध्यर्थं, साधयिष्ये परात्मताम् ॥ ५३ ॥

आत्मसामर्थ्यतः शीघ्रं, मया किं किं न साध्यते ।
सर्वकार्याणि सिद्ध्यन्ति, यत्नेनातः समुत्सहे ॥ ५४ ॥

लक्ष्यसाधकबुद्धया वै, परात्मानं स्मराम्यहम् ।
स्वप्नवद् बाह्यभावेषु, दृष्टिर्देया न कुत्रचित् ॥ ५५ ॥

अविच्छिन्ना विधातव्या, नवधा भक्तिरात्मनः ।
आत्मभक्तिप्रतापेन, जीवा यान्ति परं पदम् ॥ ५६ ॥

आत्मवत्सर्वजीवेषु दृष्टिः स्वोन्नतिकारिका ।
भावशान्तिप्रकाशार्थं, देया भक्तिपरायणैः ॥ ५७ ॥

लक्ष्यीकृत्य निजात्मानं, धर्म्मकार्ये प्रवर्त्तनात् ।
आर्तध्यानादिरहितो, भक्तियोगी शिवं व्रजेत् ॥ ५८ ॥

स्वात्मा परात्मरुपश्च, दृश्यते भक्तितः स्वयम् ।
करोति दर्शनं जीवः, स्वस्येति प्रत्ययो ध्रुवम् ॥ ५९ ॥

स्वामिसेवकभावेन, भक्तिराद्या प्रदर्शिता ।
पक्वज्ञानदशायां तु, स्वामिसेवकवर्जिता ॥ ६० ॥

तत्त्वमस्यादिरुपेण, सार्वकालिकप्रत्ययाम् ।
परां भक्तिं समासाद्य, भक्तियोगी शिवं व्रजेत् ॥ ६१ ॥

भक्तियोगी क्रियायोगी, ज्ञानयोगी तथैव च ।
साम्ययोगी ध्रुवां सिद्धिं, प्राप्नुयान्नात्र संशयः ॥ ६२ ॥

असङ्ख्ययोगयुक्त्या वै, मुक्तिः स्यान्नात्र संशयः ।
तत्राऽपि ज्ञानसम्यक्त्व, चारित्राणि विशेषतः ॥ ६३ ॥

स्याद्वादमुद्राया सर्वे, पदार्थाः सन्ति वस्तुतः ।
श्रद्धा हि तादृशी सम्यक्, दर्शनं व्यवहारतः ॥ ६४ ॥

क्षयउपशमो मिश्रो, दर्शनमोहकर्मणः ।
चतुर्णां च कषायाणां, तथानन्तानुबन्धिनाम् ॥ ६५ ॥

निश्चयं दर्शनं तत्तु, ज्ञानं सम्यक् प्रभासकम् ।
द्रव्यतो भावतो विद्धि, चारित्रं जैनदर्शने ॥ ६६ ॥

देशतः सर्वतो विरति—श्चारित्रं तत्तु द्रव्यतः ।
स्थैर्यं शुद्धात्मरुपेयं, चरित्रं तच्च भावतः ॥ ६७ ॥

भावचारित्रकार्ये हि, द्रव्यचारित्रकारणम् ।
कार्यकारणभावस्य, व्यवस्था सम्प्रवर्त्तते ॥ ६८ ॥

आत्मसद्धर्म्मलाभार्थं, सेव्यः सद्गुरुयोगिराट् ।
सप्तनयैर्विजानीहि, चारित्रं क्रमशुद्धिमत् ॥ ६९ ॥

स्थूलसूक्ष्मविभेदेन, क्रिया चारित्रिणो द्विधा ।
शरीरादिकृता स्थूला, सूक्ष्मा त्वध्यवसायतः ॥ ७० ॥

धर्मसूक्ष्मक्रियायोगात्, प्रसन्नचन्द्रवन्मुनिः ।
दृढप्रहारिवच्छीघ्रं, कर्माष्टकं विनाशयेत् ॥ ७१ ॥

सूक्ष्मकर्मविनाशाय, सूक्ष्मधर्मक्रियावरा ।
ऋषभमातृवज्ज्ञेया, कपिलर्षेरिव प्रभोः ॥ ७२ ॥

सापि ज्ञानं विना नास्ति, मनःस्थैर्यं विना तथा ।
अतो ध्यानं क्रियारुपं, सूक्ष्मं ध्येयं विचक्षणैः ॥ ७३ ॥

सर्वतत्त्वानि बोध्यानि, निक्षेपैर्नयकैस्तथा ।
ग्राह्याग्राह्यविवेकेन, धर्म्मशास्त्रविशारदैः ॥ ७४ ॥

सुखमात्मनि विज्ञेयं, जडेषु नास्ति किञ्चन ।
मृगतृष्णेव बाह्येषु, कुतो मिथ्या प्रधावसि ॥ ७५ ॥

बाह्यवृत्तिं परित्यज्य, आत्मा ध्येयो विवेकतः ।
नाभिहृद्भालरन्ध्रेषु, स्थानेषु ध्येयधारणा ॥ ७६ ॥

षट्चक्रं द्रव्यभावाभ्यां, साध्यं चित्तसमाधये ।
ब्रह्मरन्ध्रे स्थितिं कृत्वा, आत्मा ध्येयः सनातनः ॥ ७७ ॥

व्यवहारनयेनोक्तः, समाधिस्तत्र जायते ।
शुद्धं परात्मनो ज्योति-र्भासते नाऽत्र संशयः ॥ ७८ ॥

अनेकभवसंस्कारात्, समाधिर्व्यवहारतः ।
निश्चयात्किञ्चिदंशेन, साध्यते ज्ञानयोगिभिः ॥ ७९ ॥

उत्तमो राजयोगश्च, हठः प्रोक्तः कनिष्ठकः ।
साध्यसाधनयोगेन, अपेक्षातो हठः स्मृतः ॥ ८० ॥

पापमुक्तक्रियायुक्तो, हठः साध्यो विचक्षणः ।
अगीतार्था विमुह्यन्ति, एकान्तपक्षधारकाः ॥ ८१ ॥

जैनागमपरीपाठात्, सम्यक्श्रद्धा प्रजायते ।
सापेक्षवादबोधाच्च, मिथ्याबुद्धिर्विनश्यति ॥ ८२ ॥

त्रिधात्मानं विजानाति, बहिरात्मादिभेदतः ।
परात्मसाध्यसिद्ध्यर्थं, सम्यग्दृष्टिः प्रवर्त्तते ॥ ८३ ॥

संयतश्राद्धधर्म्मे च, यथाशक्ति प्रवर्त्तते ।
ज्ञानादीनां समाचारान्, गुह्णाति विधितः स्वयम् ॥८४॥

अनन्तदुःखदावाग्नौ, संसारे हि सुखं कुतः ।
कुटुम्बादिममत्वञ्च, केवलं दुःखकारणम् ॥८५॥

रागद्वेषादिसंयुक्तं, मनः संसार उच्यते ।
रागद्वेषवियुक्तत्वान्मनोमोक्षस्य कारणम् ॥ ८६ ॥

यावन्तो मोहसम्बन्धा-स्तावन्तो दुःखहेतवः ।
स्वप्नेऽपि दुःखदावाग्नि-रहो मोहस्य चेष्टितम् ॥ ८७ ॥

क्षणिकेषु पदार्थेषु, औदासीन्यं प्रवर्त्तते ।
रागादिहेतवो ये ये, ते ते वैराग्यहेतवः ॥ ८८ ॥

सर्वे बन्धुसमा जीवा, न मे वैरी न मे प्रियः ।
शुद्धानन्दस्वरुपोऽहं, निराकारस्वरुपवान् ॥ ८९ ॥

शुद्धात्मपदमिच्छामि, स्वाभाविकसुखप्रदम् ।
सर्वकर्म्मविनाशार्थं-मुत्सुकोऽहं प्रयत्नतः ॥९०॥

स्वाभाविकस्वरुपे मे, सुखानन्तमहोदधिः ।
ज्ञानादिसद्गुणाः सर्वे, वर्तन्ते स्वस्वरुपतः ॥ ९१ ॥

साक्षीभूतो विपश्यामि, स्फुरन्त्यादर्शवन्मयि ।
निर्लेपः सन्पदार्थेषु, प्रवर्ते स्वाधिकारतः ॥ ९२ ॥

अन्तर्दृष्टिं समाधायः, वर्तिष्येऽहं प्रयत्नतः ।
धर्म्मकार्याणि कुर्वन्सन्, भोग्यकर्म्मप्रवेदकः ॥ ९३ ॥

काष्ठे वह्निस्तिले तैलं, घृतं दुग्धे च तिष्ठति ।
तद्वत्कर्मप्रयोगेण, आत्मा देहे प्रतिष्ठते ॥ ९४ ॥

उत्कुष्टानन्दसम्पन्नं, ज्ञानरुपं सनातनम् ।
ध्यानहीना न पश्यन्ति, ह्यज्ञानावृतचेतसः ॥ ९५ ॥

ज्ञानिनामात्मचिंता स्या-दज्ञानिनां कुतो भवेत् ।
मध्यमानां वपुश्चिन्ता, भोगचिन्ता तु मोहिनाम् ॥ ९६ ॥

ऊर्ध्वं गच्छेदधोगच्छे-च्छुद्धदृष्टिपराङ्मुखः ।
तथ्यपि शर्म्म नाप्नोति, स्वभ्रमिष्टान्नभुक्तिवत् ॥ ९८ ॥

शर्म्मधर्म्मो न यस्याऽस्ति, नैवास्ति शर्मवेत्तृता ।
कुतस्तादृग्जडे शर्म्म, मूढस्तत्र प्रधावति ॥ ९८ ॥

श्रेष्ठाः सर्वे स्वधर्मेण, परधर्मे न तादृशाः ।
अधिकारिवशाद्बोधो, ह्यधिकारिवशात्क्रियाः ॥ ९९ ॥
मिथ्येन्द्रजालवच्छर्म, नास्ति बाह्येषु तर्ह्यपि ।
अहो मोहस्य माहात्म्याद्, भृशं रज्यन्ति मानवाः ॥ १०० ॥
कामदृष्टियुता मूढाः, प्रस्खलन्ति पदे पदे ।
रोगचिन्तादिसम्पन्ना, भ्रमन्ति श्वानवत्सदा ॥१०१॥
अहंममत्वसम्पन्नां, जीवा दुःखालयाः सदा ।
स्वार्थदोषविमूढाश्च, घ्नन्ति जीवान् पदे पदे ॥ १०२ ॥
स्तेयकर्म्म प्रकुर्वन्ति, मिथ्या जल्पन्ति वाचया ।
द्वेषबुद्धिं प्रकुर्वन्ति, वञ्चयन्ति हि सज्जनान् ॥ १०३ ॥
सर्वदोषालयं लोभं, भजन्ति मूढदेहिनः ।
आत्मदृष्टिपरावृत्ता, जीवाः सर्वत्र दुःखिनः ॥ १०४ ॥
आत्मज्ञानेन दोषाणां, नाशः शीघ्रं प्रजायते ।
अतः कर्मविनाशाय, ह्यात्मज्ञानस्य हेतुता ॥ १०५ ॥
उन्नतिर्द्रव्यभावाभ्यां, कर्तव्या तत्त्वकाङ्क्षिभिः ।
उद्यमेन सदा साध्या, शुद्धानन्दपदप्रदा ॥ १०६ ॥
जनाः सर्वे सुखं यान्तु, जैनधर्म्मः प्रवर्द्धताम् ।
दोषाणां सर्वथा नाशो, मङ्गलानि पदे पदे ॥ १०७ ॥
सद्गुरोः सङ्गतिं भव्यां, सम्यक्त्वं निश्चलं शुभम् ।
शान्तिं तुष्टिं च पुष्टिं च, प्राप्नुवन्तु जनाः सदा ॥ १०८ ॥
*षड्लेश्यानिधिचन्द्राब्दे, चैत्रमासे सुखप्रदे ।
एकादश्यां सिते पक्षे, जनानां शान्तिकारकः ॥ १०९ ॥
श्रीयुते डुम्मसग्रामे, बुद्धयब्धिसाधुना शुभः ।
अष्टोत्तरशतश्लोकैः, कृतो योगप्रदीपकः ॥ ११० ॥

ॐ शान्तिः ३

---

* १९६६ चैत्र शुदि ११.

योगमाहात्म्यम्

श्रीमानयमार्यावर्त्तः पुरा योगविद्याचणैर्नरपुङ्गवैर्विशेषतः समलङ्कृतोऽभूदिति प्राक्तनग्रन्थावलोकनेन प्रत्यक्षीक्रियते। योगाभ्यासजातविविधसिद्धिचयेन, तत्त्वातत्त्वविवेकविमुखानामनधिगतदर्शनानां नास्तिकानामपि प्रस्तरप्रायेषु चेतःसु बलादस्तित्वप्रज्ञामास्थापयन्तः, कामक्रोधलोभाद्यन्तरारिव्यालोलूकव्याघ्रप्रमुखनिषेवितायां नीरसायां भवाटव्यां बम्भ्रमणेन दुरन्तां व्यथामनुभवन्तः सुलभबोधिनो नरानश्रमेणोन्नतपदमारोहयन्तः, करामलकवत्प्रत्यक्षतया स्वयमेव पुनर्जन्मजातिस्मरणादिज्ञानमुद्रां धारयन्तः, सुयोगबलेन कालत्रयवर्त्तिविविधपदार्थेषु संशयिताञ्ज्ञानाग्निःशङ्कानापादयन्तः सिद्धयोगा महात्मानः पारमात्मिकज्ञानाद्यनन्तशक्तिबोधं प्राह्यामासुः। पुरैतादृक्षैः पुरुषरत्नैर्विभूषितोऽयमार्यदेशोऽधुनाऽ तात्त्विकजडवादविद्योपासकजनानां संसर्गवशेन महतीं विगर्हणीयामवस्थामावहति।

॥ तदुक्तम् ॥

सन्तप्तायसि संस्थितस्य पयसो नामापि न ज्ञायते।
मुक्ताकारतया तदेव नलिनीपत्रस्थितं राजते ॥
स्वातौ सागरशुक्तिसंपुटगतं तन्मौक्तिकं जायते।
प्रायेणाधममध्यमोत्तमगतिः संवासतो दृश्यते ॥१॥

अधुना च योगविद्यापठनपाठनक्रमोऽपि परमकृशतामभिप्रपन्नोऽस्ति, सम्यग्योगाध्यात्मविद्यायां निपुणाः साम्प्रतं के महात्मनः सन्तीति विचारास्पदं दरीदृश्यते। आर्यावर्त्तलब्धजन्मानः

साम्प्रतकालीना जनाः पाश्चिमात्यतत्त्वशून्यजनानां सङ्गवलेन, जड-वस्तुषु लुब्धास्तज्जिघृक्षया जात्यरत्न समं योगविद्याभ्यासं दूरतः परिहृत्य परमतत्त्वेतरमानिनो जडवस्तुपङ्किले निमग्ना उत्तरत्रभविष्य-न्तीति संभाव्यते । तस्मादिदानीतंने काले, दयाप्रधानास्तत्त्ववेदिन: परमोपकारिणो महात्मानो यदि प्रयासजातमविगणय्य मृषाध्वसेविनो जनान्नोपदेक्ष्यन्ति चेदणीयसा कालेन सत्तत्त्वविमुखानां साम्राज्यं स्थिरी भविष्यतीति स्फुटमनुमीयते । आत्मतत्त्वानभिज्ञा इदानीं बहुशो जना विलोक्यन्ते, तत्कारणन्तु प्रत्यहमैहिकसुखवाञ्छायां समुत्पन्नधियां तेषां मनांसि तत्रैव लब्धस्वास्थ्यानि निजात्म-तत्त्वविचिन्तने विधुराणि भवन्तीति विभावनीयं विशेषज्ञैः ।

प्राप्तप्रमादतिमिरोऽध्यात्मतत्त्वविमर्षणेऽसमर्थो जनव्रतोऽधुना केवलं शारीरिकशर्म्मलोलुपो भववल्लीविवर्द्धनोपायं रचमानो दिक्षु विदिक्षु विमूढ इवेतस्ततो बम्भ्रमीति । इदमेव भारतं वर्ष कृतम-स्मिन्समये योगविद्याप्रभावेण महत्तरभाग्यास्पदं व्यजैषीदिति साम्प्रतमपि प्राचीनमहामुनिरचितानामध्यात्मयोगशास्त्राणां समव-लोकनेन निश्चीयते । इदानीमनात्मविद्याविशोधने बद्धकक्षो जनसमुदायो यथा व्यापृतस्तथैव पुरा परात्मविद्याविशोधनेन जनप्रयासः सफलीक्रियते स्म । प्राक्तनानामध्यात्मविदां मानवो-मानामाचारप्रमुखगुणव्यूहं स्मृतिगोचरं विधाय साम्प्रतकालीन-जनसंस्थाविलोकनेन च केषां सहृदयानां हृदयानि शितेतराश्रु-मौक्तिकमालाभिर्नोविराजन्ते । यद्यप्येवमस्ति, तथाप्येतदध्यात्म-तत्त्वरसिकैस्तच्छुद्धि समीहमानैर्नृभिर्नाङ्गीकर्त्तव्यम्, यतो यद्वस्तु प्राप्त्युपाये यादृशं प्रयासभूयस्त्वं विद्यते, तादृश्येव तद्वस्तुलाभे सुखसम्पत्तिरनुभूयते । बाह्यभावा यद्यपि सुखेन साध्या विद्यन्ते,

परात्मतत्त्वज्ञानन्तु विपुलतरश्रमनिष्पाद्यं संभाव्यते, तथाप्यनुकूल-साधनसम्पत्त्या द्रव्यज्ञानकलापसंभृतां नृजातिं समासाद्य तस्मिन्नेव सर्वथा यतितव्यम् । यतः ऋते ज्ञानान्न मोक्षः इत्यादि बहुवि-द्यागमप्रामाण्याद्धेयोपादेयलक्षणो धर्मः समाराधनीयः । तथा चोक्तं योगबिन्दौ—

व्रतानि सातिचारणि, सुकृताय भवन्ति न ।
अतिचारास्ततो हेयाः, पञ्च पञ्चव्रतेव्रते ॥१॥

परिशुद्धप्रवचनाधिगमातिशायिधर्मकथाविसंवादिनिमित्ता-दिलक्षणस्य तस्य तस्य कल्याणस्य योगेन मोक्षबीजाधानादिरुपं सत्त्वार्थमेव विदधानो यो वरबोधिमान्भवेत् स प्रकृष्टं, भव्य-सत्त्वप्रयोजनकारितीर्थकृत्पदं प्राप्नोति; तथा चैतत्प्रकारेण स्वजन-मित्रदेशादिविशेषगतं परमार्थत्वं यो बोधिप्रधानो जीवो विचिन्त-येत्, स परोपकाररुपाच्चिन्तानुष्ठानाच्च न केवलं परोपकारी तीर्थकृद्भवेत्, किन्तु देवदानवमानवादिमाननीयमहिमा, तीर्थकरा-ग्रिमशिष्यः प्रशस्तबुद्धिर्गणधरोऽपि जायेत । तथैव जरामरणा-दिदारुणदहनदह्यमानभवभवनोदरादूरमात्मनिःकाशनं यः संवेगशाली चिन्तयति, स स्वप्रयोजनमात्रप्रतिबद्धमानसः सततमेव द्रव्य-भावमुण्डनप्रधानो मुण्डकेवली केवलज्ञानदर्शनवान् भवेत् ।

(संवेगस्य लक्षणञ्चेत्थम्)

तथ्ये धर्मे ध्वस्तहिंसाप्रबन्धे
देवे रागद्वेषमोहादिमुक्ते ।
साधौ सर्वग्रन्थसन्दर्भहीने
संवेगोऽसौ निश्चलो योऽनुरागः ॥१॥

इदानीं दुःषमसुषमाख्ये पञ्चमारकेऽपि योगजन्यं फलं प्रत्यक्षतया प्रायो विलोक्यते । तदन्यदामर्षौषध्यादिप्राप्तिरूपं फलमागमभाषितं श्रूयते ।

तथा च

अलौल्यमारोग्यमनिष्ठुरत्वं
गन्धः शुभो मूत्रपुरीषमल्पम् ।
कान्तिः प्रसादः स्वरसौम्यता च
योगप्रवृत्तेः प्रथमं हि लिङ्गम् ॥१॥

मैत्र्यादियुक्तं विषयेषु चेतः ।
प्रभाववद्धैर्यसमन्वितश्च ।
द्वन्द्वैरधृष्यत्वमभीष्टलाभो
जनप्रियत्वं च तथा परं स्यात् ॥२॥

दोषक्षयः परमा च तृप्ति-
रौचित्ययोगः समता च गुर्वी ।
वैरादिनाशोऽथ कृतंभराधी-
र्निष्पन्नयोगस्य तु चिह्नमेतत् ॥३॥

ईदृग्विधाद्योगफलादेव तत्त्वान्तरप्राप्तिरपिसिद्ध्यत्यचिरेण नान्यथा । चित्तस्थैर्यञ्चाध्यात्मज्ञानादियोगेनैव सञ्जायते, यावन्मनोजवनिग्रहो न भवति तावदखिलमाचरितमरण्यरुदितमिव निष्फलं संपद्यते, चित्तस्वास्थ्यमन्तरा सम्यग्बुद्धिप्रकाशोऽपि नोत्पद्यते ।

तदुक्तम्

चित्तायत्तं धातुबद्धं शरीरं
चित्ते नष्टे धातवो यान्ति नाशम् ।

तस्माच्चित्तं यत्नतो रक्षणीयं
स्वस्थे चित्ते बुद्धयः संभवन्ति ॥१॥

तस्माच्चित्तविशुद्धयर्थं योगोपास्तिरेव ज्यायसी । तथा च पातञ्जलसूत्रमपि तमेवार्थं बोधयति "समाधिश्चित्तवृत्तिनिरोधः" चित्तवृत्तिनिरोधनार्थमेव यमाद्यष्टाङ्गयोगः समभ्यसनीयः

तथा चोक्तम्

तस्याऽजननिरेवास्तु, नृपशोर्मोघजन्मनः ।
अविद्धकर्णे यो योग-इत्यक्षर शलाकया ॥१॥
चतुर्वर्गऽग्रणीर्मोक्षो, योगस्तस्य च कारणम् ।
ज्ञानश्रद्धानचारित्र—रूपरत्नत्रयञ्च सः ॥२॥
योगः सर्वविपद्वल्ली–विताने परशुः शितः
अमूलमन्त्रतन्त्रञ्च, कार्मणं निवृतिश्रियः ॥३॥
भूयांसोऽपि हि पाप्मानः, प्रलयं यान्ति योगतः ।
चण्डवाताद्घनघना–घनाघन घटा इव ॥४॥
क्षिणोति योगः पापानि, चिरकालार्जितान्यपि ।
प्रचितानि यथैधांसि, क्षणादेवाशुशु क्षणिः ॥५॥

अथ प्रकारान्तरेण श्रीमद्धरिभद्रसूरिर्योगमाहात्म्यादेव परलोकसिद्धिं प्रतिपादयन्नाह ।

ब्रह्मचर्येण तपसा, सद्वेदाध्ययनेन च ।
विद्यामन्त्रविशेषेण, सत्तीर्थासेवनेन च ॥१॥
पित्रोः सम्यगुपस्थानाद्, ग्लानभैषज्यदानतः ।
देवादिशोधनाच्चैव, भवेज्जातिस्मरः पुनः ॥२॥
तस्मात्तत्त्वान्तरप्राप्तिरपि निष्पन्नयोगेनैव सन्नासाद्यते ।

तदुक्तं तैरेव

एवश्च तत्त्वसंसिद्धेर्योग एव निबन्धनम् ।
अतो यन्निश्चितैवेयं, नान्यतस्त्वीदृशी क्वचित् ॥१॥

अतोऽत्रैव महान्यत्न-स्तत्तत्त्वप्रसिद्धये ।
प्रेक्षावता सदा कार्यो, वादग्रन्थास्त्वकारणम् ॥२॥

तस्मात्तपोनिर्धूतकल्मषर्योगमार्गविद्भिः श्रीमद्धेमचन्द्राचार्य-प्रभृतिभिर्भविष्यद्विवादबहुलकलिकालयोगिहितार्थं मतिमोहान्धकारप्रदीपप्रख्यानि प्रवचनानि समर्थितान्यनेकशः सन्ति । एतदेव श्रीमदुपाध्याय-यशोविजयजी दर्शयति—

वादांश्च प्रतिवादांश्च, वदन्तो निश्चितांस्तथा ।
तत्त्वान्तं नैव गच्छन्ति, तिलपीलकवद्गतौ ॥१॥

एवं सति कस्तत्र तत्त्वप्रतिपत्त्युपाय इत्याशङ्क्याह ।

अध्यात्ममत्र परम, उपायः परिकीर्तितः ।
गतौ सन्मार्गगमने, यथैव ह्यप्रमादिनः ॥२॥

मुक्त्वाऽतो वादसंघट्ट-मध्यात्ममनुचित्यताम् ।
नाविधूते तमस्कन्धे, ज्ञेये ज्ञानं प्रवर्त्तते ॥३॥

सदुपायाद्यथैवाप्ति, रुपेयस्य तथैव हि ।
नेतरस्मादिति प्राज्ञः, सदुपायपरो भवेत् ॥४॥

सदुपायश्च नाध्यात्मा-दन्यः सन्दर्शितो बुधैः ।
दुरापं किं त्वदोऽपीह, भवाब्धौ सुष्ठु देहिनाम् ॥४॥

इतोऽन्यथा प्रज्ञतैव न सिद्ध्यति, तस्मात्सर्वप्रयत्नेन तत्त्वार्थिभिः सद्योगप्रवृत्तिप्रतिपत्त्यर्थं तत्प्रतिपादकानि प्रवचनानि

सततं परिशीलनीयानि, सत्यतत्त्वमेव परिग्रहणीयम् , न तु पक्षपातिना भवितव्यम् , यदुक्तमागमे–

आत्मीयः परकीयो वा, कः सिद्धान्तो विपश्चिताम् ।
दृष्टेष्टाबाधितो यस्तु, युक्तस्तस्य परिग्रहः ॥१॥

इत्थमवधार्य मतिमद्भिः सार्वदर्शनिकैरयं संस्कृतपद्योपनिबद्धो योगदीपकाख्यो गुर्जरभाषया परमहृद्यया समलङ्कृतो ग्रन्थो दृष्टिपथमवश्यतया नेतव्यः ।

अस्य ग्रन्थस्य प्रणेता, साम्प्रतकालीनः साक्षरजैनजैनेतरवर्गसंमान्यः परोपकाररसिको योगनिष्ठमुनिवर्य्यबुद्धिसागरश्रमण आर्यावर्त्ते विजयतेतराम् ।

अस्मिन्योगदीपकाख्ये परमपावनीये ग्रन्थे, ज्ञानदर्शनचारित्रादिविभेदेन, योगमार्गस्यानेके भेदाः प्रदर्शिताः, तत्र मुख्यतया सहजयोगस्य विस्तारो दरीदृश्यते, हठयोगस्यापि च जनसिद्धान्तानुसारेण तत्र तत्र सविस्तरं प्रतिपादनं स्फुटतामावहति, मोक्षमार्गोपासकानां भव्यजनानामयं योगदीपकग्रन्थो दीपकवत्सम्यगुपकारी भविष्यतीति मदीयो निश्चयः ।

अस्य ग्रन्थस्य विशेषतोऽभिशंसनेनालम् : किन्तु मध्यस्थदृष्टिधारका गुणानुरागिणो जनाः स्वयमेवास्य ग्रन्थस्य विलोकनेनावगतार्थाः प्रस्तोतारो भविष्यन्तीति निर्विवादम् ॥ भारतभूमिविभूषणायमानेन सर्वत्र प्रख्यातिभाजा बुद्धिसागरेणेमं योगदीपकं रचयित्वा भारतवासिनां जनानामुपर्य्यनल्पोपकारो विहितोऽस्त्यतो मुनिवर्य्य श्रीमद्बुद्धिसागरः प्रशस्तधन्यवादं वरीभर्त्ति "परोपकाराय सतां विभूतयः" इति न्यायाऽनुसारेण ॥

शिवमस्तु सर्वजगतः, परहितनिरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखी भवन्तु लोकाः ॥१॥

भाईशङ्कर शास्त्री

યોગદીપક

યોગવિદ્યા

યોગદીપક ગ્રંથનું માર્ગદર્શન

(શ્રી પાદરાકર)

શ્રીમદ્દે સ્વાનુભવોને અતિપરિશ્રમે આ **યોગદીપક** ગ્રંથમાં સર્વજનહિતાર્થે પ્રકટ કર્યા છે. તેના માર્ગદર્શન અર્થે તેમના એક પરિચિત અલ્પાનુભવીએ થોડુંક વિવેચન નીચે કર્યું છે, તે પ્રથમ વાંચવા નમ્ર વિનંતિ છે.

વિજ્ઞાનબળે આજે એવી ઘણી બાબતો બની રહી છે કે બાહ્ય દૃષ્ટિથી જોતાં તેના નિર્માતાઓ વિશેષજ્ઞ લાગે છે. વાયરલેસ એરોપ્લેન અણુબોમ્બ ડીસ્ટ્રોયર્સ મશીનરી વિગેરે જોવાથી એવો ઉત્કટ આભાસ થાય છે કે ભારતવર્ષના પુરાણા મોટેરાઓ મહર્ષિઓ આચાર્યો આ પ્રકારના વિજ્ઞાનથી અજાણ હતા અથવા તેમાં તેમનો પ્રવેશ જ ન હતો ! પણ ભારતના વિજ્ઞાનશાસ્ત્રના જ્ઞાતાઓ સારી પેઠે જાણે છે કે તેમ કહેવું હાસ્યાસ્પદ છે.

પુરાતન કાળના ભારતીય વિજ્ઞાનીઓ વિદ્વાનો મહર્ષિઆચાર્યોનું ધ્યાન વિશ્વની વિચિત્રતા બતાવવા કરતાં જ્ઞાનપ્રાપ્તિમાં વિશેષ હતું. તેઓ કુદરત–ભૂત–ભાવિ–વર્તમાન અને વિશ્વોદ્ધારના સત્જ્ઞાનને જાણવા–અનુભવવા–પ્રસારવામાં વધુ દત્તચિત્ત હતા ને રહેતા અને તેના સાફલ્ય માટે તેઓ નિત્ય નવાં સાધન આયોજન અને વિધાનો કર્યાં કરતા જેથી જનતાને પણ તેને અનુસરવાથી નિજાત્માનંદ પ્રાપ્તિ–પ્રભુ-પ્રાપ્તિની સુગમતાની ખાત્રી થતી. કોઈપણ પ્રકારનાં એક જ કળ–કારખાનાં–ઈન્જીનાદિ આવિષ્કાર કે જેનાથી હજારો લાખો શ્રમજીવી માનવોના ધંધારોજગાર ખોરવાઈ જાય, બેકારી ભૂખમરો આવે તેવા

આવિષ્કાર કરવાના પ્રયત્નો તેઓ કદી ન કરતા. વિજ્ઞાને આણેલી ભયંકરતા–સંહાર–ભૂખમરો અને આધિ–વ્યાધિ–ઉપાધિઓથી આજનું વિશ્વ અજાણ નથી જ.

અવશ્ય ભારતવર્ષના પુરાતન કાળના વિદ્વાનો કલાજ્ઞાનીઓ મહર્ષિઓ આજના જેવી અદ્‌ભુત વિલક્ષણ અને આશ્ચર્યજનક શોધ-ખોળોમાં પૂર્ણતયા પ્રવિણ હતા. જો તેમની તૈયાર કરેલી યૌગિક વૈજ્ઞાનિક આધ્યાત્મિક શિલ્પ મંત્ર તંત્ર અને આયુર્વેદીય કરામતો જોઈ જાણી સમજી અનુભવી શકાય તો સૌની પ્રતીતિ થઈ જાય કે ભારત-વર્ષના પુરાણા માનવો વૈજ્ઞાનિકો ત્રિકાલજ્ઞ મહર્ષિઓ વર્તમાનકાલીન વિજ્ઞાનવેત્તાઓ કરતાં ઘણા આગળ વધેલા સમયના જાણુ અને જ્ઞાની હતા. એમણે સર્વ વિદ્યાઓ કલાવ્યવસાય એટલા બધા પ્રગતિવાન બનાવ્યા હતા કે જેને કેટલાયે વિદેશી વિદ્વાનો–ધનિકાએ ભારતના સરળ હૃદયી ઉદાર માનવો પાસેથી પુસ્તકો મેળવી તેનું અભ્યાસપૂર્વક રૂપાન્તર કરી સરળ સાધનો વડે અનેક પ્રકારનાં સંશોધનો અને આવિષ્કાર કર્યાં છે અને આજ પણ કરી રહ્યા છે અને એ વિદ્યાઓ જાણવા જ આંગ્લ અમેરિકન જર્મન ફ્રાન્સ અને રૂસી લોકોને સંસ્કૃત પાલી માગધી ભાષાઓ ભણવી પડી છે અને આજ પણ ભણે છે.

વાલ્મીકિ રામાયણ, ભારદ્વાજાદિની સંહિતાઓ, પતંજલિનું દર્શનશાસ્ત્ર, વાત્સ્યાયનાદિનાં કામસૂત્રો, મયનું શિલ્પશાસ્ત્ર, વ્યાસજીનું મહાભારત, જ્યોતીશનું યંત્રરાજશાસ્ત્ર, કૌટિલ્યનું અર્થશાસ્ત્ર, અવંતીકેશનું ભોજશાસ્ત્ર, શ્રી. હરિભદ્રસૂરિજીનું તથા શ્રી હેમચંદ્રાદિનું યોગશાસ્ત્ર, શ્રી યશોવિજયજીનું દૃષ્ટિવિજ્ઞાનશાસ્ત્ર અને નાથસંપ્રદાયવાળા મત્સ્યે-ન્દ્રાદિનું અલખ ચમત્કારિક મંત્રતંત્રશાસ્ત્ર આદિ અનેક વિજ્ઞાન વિદ્યા-ઓના–ભારતવર્ષના પુરાણા અમોઘ ભંડારો આજપણ ભારતવર્ષમાં ભર્યા પડયા છે. પ્રાચીન ભારતના યોગ ભોગ અને લોકસેવાના સર્વ પ્રકારે આશ્ચર્યજનક છતાં લોકોપયોગી અલૌકિક આવિષ્કારો હજી લુપ્ત નથી થયા. ખોજનાર તે મેળવી શકે છે, જો સંયમ અને ગિરિક.૬

રાઓ સેવાય તો. આજ પણ વિદેશી વિદ્વાનો જેના પઠન પાઠનથી વિમુગ્ધ બની રહ્યા છે છતાં તેને સંપૂર્ણ સમજવા તેઓ અસમર્થ છે; એવા જ અદ્‌ભુત વિજ્ઞાનોમાંનું એક અદ્‌ભુત અંગ તે યોગવિદ્યા છે.

યમ નિયમ આસન પ્રાણાયામ પ્રત્યાહાર ધારણા ધ્યાન અને સમાધિ એ યોગ સાધનનાં મુખ્ય અંગ છે.

૧ યમ–બાહ્ય ઇન્દ્રિઓનો નિગ્રહ કરવો, આસન પર બેસવું–દૃષ્ટિ સ્થિર કરવી.

૨. નિયમ–ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો અર્થાત્ મનને એકાગ્ર કરવું વિગેરે.

૩ આસન–સ્થિરતાથી સુખપૂર્વક વિશિષ્ટ રીતે બેસવું તે.

૪ પ્રાણાયામ–વિશિષ્ટ રીતે શ્વાસોચ્છ્વાસની ક્રિયા કરવી–જપમાં તે ખાસ કરવી પડે છે.

૫ પ્રત્યાહાર–શબ્દાદિ વિષયો પ્રત્યે દોડી જતા મનને પાછું વાળી અંતર્મુખ કરવું તે.

૬ ધારણા–એક જ સ્થાનમાં દૃષ્ટિને સ્થિર કરવી તે–જપમાં તે આવશ્યક ગણાય છે.

૭ ધ્યાન–ધ્યેય પર ચિત્તની એકાગ્રતા–જપમાં તે હોવી જ જોઈએ.

૮ સમાધિ–ધ્યેયની સાથે તદાકારપણું.

—જેમાં સૌથી પહેલાં ધોતી બસ્તી નેતિ નૌલી ત્રાટક અને કપાલભાતિ ક્રિયાઓથી શરીરશુદ્ધિ કરવામાં આવે છે અને વિવિધ પ્રકારની મુદ્રાઓથી સાધકને યોગસાધનને યોગ્ય બનાવવામાં આવે છે અને યમ નિયમાદિના પાલનથી આસન પ્રાણાયામ જેવી દુર્ભેદ્ય, યા ગુરુલક્ષ્ય–ગુરુગમપૂર્વકની ક્રિયાઓ સહિત યોગ–વિદ્યાનો અભ્યાસ કરી શકાય છે. આ ટૂંકા આલેખનમાં આ મહાવિદ્યાનું મહત્ત્વ યા તો તેની વિલક્ષણ ક્રિયાઓ કેમ બતાવી શકાય ? છતાં એટલું કહી શકાય કે,

આજકાલના મહાબુદ્ધિવાન–ઘણી અને મોટી ડીગ્રીવાળા ડોકટરો કોઈપણ માણસને બેહોશ બનાવીને તેને અસ્ત્રશસ્ત્રથી અહીં–તહીંથી ફાડી અંદરનાં આંતરડાં, નસ નાડી યા રોગાદિને જોઇ ફરી સરખાં બનાવી દે છે; તે જ કામ યા તેથી પણ વધુ ભયંકર જોખમી કામ જરાયે ચીર્યા કે તોડફોડ કર્યા યા ઔષધોપચાર વિના યોગીઓ તત્ક્ષણ કૃતોહમંદ્વીથી કરતા હતા કે જેને જોવાથી આશ્ચર્યચકિત એવું અવાક્ બની જવાય છે અને શરીરના અનેક રોગ દોષ જે ઘણા જ શ્રમ સમય અને ધનવ્યયથી પણ સુધરતા નથી તે યોગવિદ્યાથી જોતજોતામાં સુધરી જાય છે. દાખલા તરીકે :—૧ નાકથી દૂધ પાણી યા ઘી ખેંચી મુખથી કાઢી નાંખવાં ૨ મલદ્વાર (ગુદા) થી જળ ખેંચી પેટ ભરી કાઢી નાંખવું. ૩ વજ્રોલીથી વીર્યને અખંડ અને ઊર્ધ્વગામી કરીને સુવર્ણ જેવો દેહ બનાવવો. ૪ પ્રાણાયામ વડે શ્વાસોશ્વાસ આદિથી રહિત બની પ્રભુદર્શનમાં લીન બની જવું. ૫ બહુવિધ આસનોથી અનેક પ્રકારના ગુણનો અનુભવ કરવો. ૬ અનેક પ્રકારના પ્રાણાયામોથી પ્રાણોનું શોષણ યા પોષણ કરીને પ્રાણવાયુની ગતિ ઘટાડી વધારી સ્વાધીન રાખવી. ૭ ભૂતશુદ્ધિ દ્વારા શરીરગત પ્રાણોને માત્ર એકજ જગ્યા–(મસ્તક)માં રાખીને નિર્જીવ અવસ્થામાં પરમાનન્દ પ્રાપ્તિ કરવી. ૮ સમાધિ લગાવીને આયુષ્યની વૃદ્ધિ કરવી. ૯ તેલ કાચ ખીલા યા સંખીયા સોમલ (ઝેર) ખૂબ ખાઈ પી નિર્ભય નિશ્ચિંત અને નિરામય રહેવું–આદિ મહામુશ્કેલ કાર્યો માત્ર યોગવિદ્યાથી જ સાધ્ય થઇ શકે છે.

યોગવિદ્યાના આરાધકો–સાધકો મુખ્યત્વે ૐ ના જાપથી જ પ્રારંભ કરે છે, જે ૐ સદા સર્વ સાધકો ઋષિ મુનિઓને માન્ય રહ્યો છે.

ૐ શું છે ?

મંત્રશાસ્ત્રોમાં તેને પ્રણવ કહેવામાં આવે છે. સર્વ મંત્રપદોમાં તે આદ્ય પદ છે. સર્વ વર્ણોનો તે આદિજનક છે; એનું સ્વરૂપ અનાદ્યનંત ગુણયુક્ત છે. શબ્દસૃષ્ટિનું એ મૂળ બીજ છે. જ્ઞાનરૂપ જ્યોતિનું એ કેન્દ્ર છે. અનાહતનાદનો એ પ્રતિઘોષ છે. પરબ્રહ્મનો એ દ્યોતક છે

અને પરમેષ્ઠિનો એ વાચક છે. સર્વ દર્શનો અને સર્વ તંત્રોમાં એ સમાનભાવે વ્યાપક છે. યોગીજનોનો એ આરાધ્ય વિભુ છે. સકામ ઉપાસકોને એ કામિત ફળ આપે છે. અને નિષ્કામ ઉપાસકોને આધ્યાત્મિક મોક્ષદાયક છે. હૃદયના ધબકારાઓની માફક એ નિરંતર યોગીઓના હૃદયમાં સ્ફુર્યા કરે છે.

યોગના આરાધકો માટેના રત્નચતુષ્ટયમાં કહે છે કે :—

संत्यक्तसर्वसंकल्पो, निर्विकल्पसमाधिताम् ।
संप्राप्य तात्विकानन्दमश्नुते संयतः स्वयम् ॥

જેણે સર્વ સંકલ્પોનો ત્યાગ કર્યો છે એવા (મુનિવર સાધક) પોતે નિર્વિકલ્પ સમાધિ સાધીને સહજાનંદને પામે છે.

मनचञ्चलतां प्राप्य, यत्र तत्र परिभ्रमत् ।
स्थिरतां लभते नैव, आत्मनो ध्यानमन्तरा ॥

મન ચંચળતા પામીને જ્યાં ત્યાં પરિભ્રમણ કરતું છતું આત્માના ધ્યાન વિના સ્થિરતાને પામતું નથી.

चित्ते वशीकृते सर्वं, विजानीयाद् वशीकृतम् ।
वशीकरणाय चित्तस्य, सर्वोपायाः प्रजल्पिताः ॥

ચિત્ત વશ કર્યાથી સર્વ વશ કર્યું એમ જાણવું. શાસ્ત્રમાં તપ જપ આદિ સર્વ ઉપાયો કહ્યા છે, તે ખરેખર મન વશ કરવા માટે જ જાણવા.

ज्ञानदर्शनचारित्र—वीर्यानन्दनिकेतनः ।
आत्मारामः सदा ध्येयः, सर्वशक्तिमयः सदा

જ્ઞાન દર્શન ચારિત્ર વીર્ય અને આનંદનું સ્થાન અને સદા સર્વ શક્તિમય એવો આત્મા સદાકાળ ધ્યાન કરવા યોગ્ય છે.

આત્માનું ધ્યાન કરનાર આત્મા. યોગોન્મુખ થતાં કેવાં ચિદાનંદમય પરમસુખને પામે છે, આસ્વાદે છે તે આ રત્નચતુષ્ટય દર્શાવે છે. અને—

ૐ ધનુષ તીર આત્માનું લક્ષ્ય બ્રહ્મ બનાવવું,

ત્વરાથી વિંધવાને હાં–તીરવત્ તન્મય થવું.

જગતને પોતાની જાજ્વલ્યમાન જ્યોતિથી જ્વલંત બનાવનાર, વિશ્વમાં અખંડ અલૌકિકતાનો અદ્‌ભુત આવિર્ભાવ સાધી આપનાર, માનવજાતને બહિરંતર ઋદ્ધિ સિદ્ધિઓ અને પરમ કલ્યાણ સાધી આપનાર, વિશ્વવંદ્ય વિશ્વપૂજ્ય વિશ્વારાધ્ય મંગલમય યોગવિદ્યા અને પ્રણવમંત્ર ૐકારથી કયા રાષ્ટ્ર ધર્મમાનવ–સંત–યુગ કે કાળ અજ્ઞાન રહ્યાં છે ભલા ?

જેના પ્રસ્ફુટિત અમોઘ તેજોરાશિમંડિત દિવ્ય કિરણો વડે લોકાલોક ઝળહળી રહ્યાં છે, જેના જપ ગુંજનથી યોગી માનવી દેવો ય આકર્ષાઈ ચાલ્યા આવે છે. અને જેના સાચા શુદ્ધ ભાવભર્યા સંપૂર્ણ આરાધનથી ગમે તેવો માનવબાળ નિજસાધ્ય લક્ષ્યબિન્દુ સાધી લે છે, નાસિકાગ્રે અમૃત દૃષ્ટિ સ્થાપી અંતરનાં ઉંડાણમાં ડૂબકી મારી જેના ચિંતવનમાં મહાન યોગીઓ લીનવિલીન કૃત–કૃત્ય બની જાય છે એવા જગત્‌પૂજ્ય અનાહતનાદ પ્રેરક યોગવિદ્યાનો મુકુટમણિ સમાનૐકાર જયવંત વર્તો.

ધ્યાન :–

હૃદયકમળસ્થિત સંપૂર્ણ શબ્દ બ્રહ્મબીજ ભૂતસ્વર વ્યંજન સહિત પંચ પરમેષ્ઠિ વાચક તેમજ ચંદ્રકલામાંથી ઝરતા અમૃતના રસે કરી ભીંજાતા મહામંત્ર ૐકારનું કુંભક પ્રાણાયામપૂર્વક ધ્યાન કરવું ઇષ્ટ છે. તેમાં અપૂર્વ શક્તિ છે; સર્વ મંત્રો તેમાં સમાવિષ્ટ થાય છે. અપૂર્વ ૐકાર મંત્રનું જે યોગી સાધકો ધ્યાન કરે છે, તેઓ મન મર્કટને વશ કરી પરમ શાંતિને પામે છે.

ૐકાર વાચ્ય સ્વરૂપાર્થને ધ્યેય રૂપે સ્વીકારી તેમાં ચિત્તની એકાગ્રતા કરતાં સંકલ્પવિકલ્પો લય પામે છે, રજોગુણ તમોગુણ જાય છે અને સત્વગુણ ખીલે છે. તે વખત મનમાં આનંદની ઝાંખીનો અપૂર્વ સમતારસ અનુભવાય છે. વાણી પર ૐકારનું દીર્ઘકાલ ધ્યાન

ધરતાં વચનની સિદ્ધિ થાય છે. ૐ જેવી જગતમાં અન્ય અલૌકિક અમૂલ્ય અદ્‌ભુત શક્તિ કે વસ્તુ નથી. વિશેષ શું? ૐકારનું પરિપૂર્ણ સ્વરૂપ સમજાય-અનુભવાય, ત્યારે યોગીઓને તેની અપૂર્વ ખૂબીઓ હસ્તગત થાય છે.

એક વસ્તુનું આલંબન કરી તેમાં અંતર્મુહૂર્ત પર્યંત મનની સ્થિરતા કરવી, તે છદ્મસ્થ ધ્યાન કહેવાય છે. ધ્યાનની પરંપરા તો ઘણા વખત સુધી રહી શકે છે. મુહૂર્ત બાદ મનની સ્થિતિ બદલાય કે પુનઃ મનને ત્યાં સ્થાપન કરવું. આ પ્રમાણે મનમાં ઇષ્ટ વસ્તુનું ધ્યાન કલાકો સુધી અભ્યાસ વડે થઈ શકે. ધ્યાનની પરંપરા વધવા સાથે આત્મશક્તિ પ્રકટતી જાય છે. અને તેથી અનેક પ્રકારના અનુભવો ભાસે છે, અનેક પ્રકારની શક્તિઓ લબ્ધિઓ સિદ્ધિઓ પ્રકટે છે-અનેક ભવોનાં કર્મો પણ ધ્યાનબળે ક્ષય પામે છે.

આ ધ્યાન અથવા યોગારાધન આત્મજ્ઞાન અથવા અધ્યાત્મજ્ઞાનપૂર્વક કરવામાં આવે છે, ત્યારે તેની અલૌકિકતા અદ્‌ભુત એવં ન્યારી જ થઈ રહે છે અને જે અધ્યાત્મજ્ઞાનપૂર્વક યોગજ્ઞાનની પ્રાપ્તિ કરે છે, તેને અષ્ટ સિદ્ધિઓ અને નવ નિધિઓનો મોહ રહેતો જ નથી. કારણ કે યોગવિદ્યાની પ્રાપ્તિથી જે સ્વાનુભવરસામૃતનો આસ્વાદ સાધક કરી શકે છે, તેના આગળ ઇન્દ્રની ઋદ્ધિ પણ કૂચા જેવી ફીક્કી-નીરસ-ત્યાજ્ય લાગે છે.

અધ્યાત્મજ્ઞાનને **રાજયોગ—સહજયોગ** કહેવામાં આવે છે. તેના સમાન કોઈ મહાન યોગ નથી. રાજયોગ પાસે હઠયોગ હાથ જોડી ઉભો રહે છે. અધ્યાત્મજ્ઞાન વિનાના હઠયોગીઓ ઋષિઓ તપસ્વીઓ કામાદિ વિષયોમાં લપસી પડ્યા-શ્રાપો આપ્યા-તપફળથી ભ્રષ્ટ થયા—શાસ્ત્રે નોંધાયા છે. હઠયોગીઓ ઇચ્છાઓ વાસનાઓ દબાવી શકે પણ તેનો સર્વથા નાશ કરી નથી શકતા. બાલજીવોને હઠયોગ ઉપયોગી—ઉપકારી થઈ શકે છે; કેટલીક સાધારણ સિદ્ધિઓ પણ મેળવે છે, પણ બધા દાખલાઓમાં નહિ જ.

યમ–નિયમ–આસન–પ્રાણાયામ, એ ચાર અંગોનો હઠયોગમાં સમાવેશ થાય છે. અને પ્રત્યાહાર ધારણા ધ્યાન અને સમાધિનો રાજ-યોગમાં સમાવેશ થાય છે. યમની સિદ્ધિ થયા પછી નિયમની સિદ્ધિ થાય છે. આસનનો જય જવાથી રાજયોગમાં ઘણી મદદ મળે છે. પૂરક કુંભક રેચક પ્રાણાયામને બ્રહ્મા વિષ્ણુ અને શિવ કહેવામાં આવે છે. ઈડાને ગંગા, પિંગલાને યમુના અને સુષુમ્ણાને સરસ્વતી કહેવામાં આવે છે. ત્રિપુટીને કાશી કહેવામાં આવે છે. ડાબી નાસિકામાંથી ચન્દ્ર નાડી વહે છે. જમણીમાંથી સૂર્ય નાડી વહે છે. બ્રહ્મરંધ્રને બ્રહ્મલોક વૈકુંઠ સિદ્ધસ્થાન કહેવાય છે. ચિત્તવૃત્તિને પ્રકૃત્તિ કહેવાય છે. જીવને પુરુષ કહેવાય છે. આધારસ્વાધિષ્ઠાન વિગેરે શરીરમાં ષડ્ચક્રો કહેવાય છે. તેમાં ધ્યાન ધરવાથી સુષુમ્ણા નાડીનું ઉત્થાન થાય છે. એક દંડમાં પ્રાણનું વહન થાય છે. ઇડા પિંગલામાં વારાફરતી પૃથ્વી અપૂ તેજ વાયુ અને આકાશ એમ પાંચ તત્વો વહે છે. આખા દિવસમાં ૨૧૬૦૦ શ્વાસોચ્છ્વાસ વહે છે. શરીરમાં વાયુ પીત્ત અને કફ પ્રતિપાદન કરી તેના સામ્યમાં સાત્વિક પ્રકૃતિનું પ્રકટીકરણ સૂચવ્યું છે.

નાભિકમળમાં જે ધ્યાનવૃત્તિ રાખવામાં આવે છે, તેને સુરતા કહેવાય છે. નાભિ તથા ત્રિપુટીમાં થતા પ્રકાશને ઝબહુળજ્યોત કહેવામાં આવે છે. શ્રી પતંજલિના સમયમાં ૮૪ જાતનાં આસનો હતાં. ગોરખ અને મત્સ્યેન્દ્રના સમયમાં ઘણાં આસનો હતાં. યોગનો મહિમા વધ્યો, મુદ્રાઓ પણ વધવા લાગી. પ્રાણાયામના ભેદો પણ વધવા લાગ્યા. વેદો અને દશ ઉપનિષદોમાં અનેક આસનો અને પ્રાણાયામની વ્યાખ્યા કરવામાં આવી નથી.

શ્રી ભગવાન મહાવીરસ્વામીના સમયમાં હઠયોગની પ્રક્રિયાઓનું વિશેષ વર્ણન જોવામાં આવતું નથી. હઠયોગની પ્રવૃત્તિ તેત્સમમાં હશે, પરંતુ તે ગુપ્ત રાખવામાં આવેલી હશે. આ વિદ્યાઓ ગુપ્ત રાખવા યોગ્ય ગણાતી અને તે સત્ય છે. હમણાં અનેક ગ્રંથો આ મહાવિદ્યાના પ્રકાશનમાં છતાં તેનો લાભ કરતાં ગેરલાભ વધુ સંભવે છે, કારણ કે

યોગ્ય સ્વાનુભવી યોગી ગુરુઓ સિવાય ગુરુગમપૂર્વક આ વિદ્યા યોગ્ય પાત્ર–પરીક્ષણ કર્યા વિના ગમે તે તેને આરાધે તો સફળતા–ઉપકારિતાને સ્થાને નિષ્ફળતા વધુ સંભવે છે. નિરોગી તન–મન–શુદ્ધાચાર પ્રતિપાલન, ચિત્તનિરોધ, સંયમ, બ્રહ્મચર્ય, વિનય અને દૃઢ શ્રદ્ધા સિવાય આ મહાવિદ્યા કુપાત્રમાં ઉલટી ભયપ્રદ બની રહે છે. વર્તમાનકાળ સંયોગોમાં શરીર મન વાણી અને આરાધન વિકૃત દેખાય છે ને તેથી જ આ પ્રભુનો, જીવનમુક્તિનો–વિશ્વઉપકારિતાનો માર્ગ વિષમ બનતો જાય છે. કારણ—

Purity of mind leads to perfection in Yoga. Regulate your conduct when you deal withothers. Have no feeling of Jealousy towards others. Do not hate sinners. Be Compassionnate. Be kind to all. Develop Complacency towards superious. The success in Yoga will be rapid if you put in your maximum energy in your Yogic practice. You must have a keen longing for liberation and intense Vairag also. You must be sincere and earnest. Intense and Constant meditation is necessary for entering into Samadhi.

(K. Y.)

આ પરથી પૂર્ણ–યોગ–સમાધિ પ્રાપ્તિની કઠિનાઈ અને સાધનોની વિપુલતાનો ખ્યાલ આવશે. આ વિષમકાળે તેમાંનું કેટલું શકય અને સાધ્ય થઈ શકે ? તેને માટે કયું સ્થળ યોગ્ય હોઈ શકે એ વિચારણીય છે. આબુ ગિરનાર હરદ્વાર કે હિમાલય જવું પડે કે શહેરોની કબુતરખાના જેવી ઓરડીઓ ચાલે તે સાધક સ્વયં વિચારી લે.

ॐકારનું ધ્યાન.

ધ્યાનમાં અનેક ભેદો છે. પિન્ડસ્થ પદસ્થ રૂપસ્થ રૂપાતીત, આ ચાર પ્રકારનું ધ્યાન આત્માને ઉચ્ચ દશા આપે છે. દરેક સાથે ધારણાઓ હોય છે. પિન્ડસ્થમાં પાર્થિવી આગ્નેયી મારૂતી વારુણી અને તત્ત્વભૂ

આ પાંચ ધારણાઓ છે. આ સૌ તે વિષયનાં પુસ્તકોમાં જોવા જાણવા પ્રયત્નશીલ રહેવું.

ધ્યાન કરનારની પાત્રતા.

પ્રારંભમાં સાધકે પોતાનામાં યોગ્ય ગુણો પ્રકટાવવા પૂર્ણતયા પ્રયત્નશીલ થવું જ જોઇએ. જો એ ગુણોનો અભાવ હોય તો ધ્યાનની ધારા વહેતી નથી અને સત્ય રસાસ્વાદ અનુભવતો નથી.

जितेन्द्रियस्य धीरस्य, प्रशांतस्य स्थिरात्मनः ।
स्थिरासनस्य नासाग्रन्यस्तनेत्रस्य योगिनः ॥१॥

रुद्धबाह्यमनोवृत्तेर्धारण धारणा स्यात् ।
प्रसन्नस्याप्रमत्तस्य, चिदानन्दसुधालिहः ॥२॥

साम्राज्यमप्रतिद्वन्द्वमन्तरेव वितन्वतः ।
ध्यानिनो नोपमालोके, सदेवमनुजेऽपि हि ॥३॥

(उपदेशप्रासादा)

"જેણે ઇન્દ્રિયોનો જય કર્યો છે એવો તથા જે ધીર છે, જે અત્યંત શાંત છે, જેણે પોતાના આત્માને સ્થિર કર્યો છે, જેનું સ્થિરાસન છે, નાસિકાના અગ્રભાગ પર દૃષ્ટિ સ્થાપન કરી છે, (ધ્યેયમાં ચિત્ત સ્થિર કરવું તે) ધારણા અને તેના ધારણાથી જેણે વેગે બાહ્યમાં જતી મનોવૃત્તિને રોકી છે, જે પ્રસન્ન છે, જે અપ્રમત્ત છે, જેણે ચિદાનંદરૂપ અમૃતનો આસ્વાદ લીધો છે, જેણે બાહ્યાભ્યન્તર વિપક્ષ રહિત જ્ઞાનાદિના અપ્રતિહત સામ્રાજ્યને અંતરમાં વિસ્તાર્યું છે—એવા ધ્યાનીની દેવલોકમાં મનુષ્યલોકમાં ઉપમા નથી."

સર્વ દુઃખનો નાશ કરનાર ધ્યાન છે—એમ અનેક ગ્રંથોની સાક્ષીઓથી સિદ્ધ થાય છે, માટે શુદ્ધ ભાવે એકાગ્ર ચિત્તે ૐકારનું ધ્યાન કરો.

बहिरन्तश्च समन्तात्, चिन्ताचेष्टापरिच्युतो योगी ।
तन्मयभावं प्राप्तः कलयति भृशमुन्मनी भावम् ॥
(योगशास्त्र)

ધ્યાન ક્યાં કરવું ?

એકાન્ત રમ્ય પવિત્ર પ્રદેશમાં, સુખાસને બેસી, પગના અંગુઠાથી મસ્તકના અગ્રભાગ પર્યંત સમગ્ર અવયવોને શિથિલ કરી, કાન્તરૂપને જોતો, મનોહર વાણીને સાંભળતો, સુગંધીઓનો પરિમલ લેતો, રસાસ્વાદને ચાખતો, મૃદુભાવોને સ્પર્શતો, મનની વૃત્તિઓને નહિ વારતો છતાં, ઔદાસીન્ય ભાવમાં ઉપયુક્ત, નિત્ય વિષયાસક્તિ વિનાનો, બાહ્યાંતર ચેષ્ટાઓ-ચિન્તાઓથી રહિત, યોગી (સાધક) પોતાના શુદ્ધ સ્વરૂપના તન્મય ભાવને પ્રાપ્ત થઈ અત્યંત ઉન્મની ભાવને ધારણ કરે છે.

ધ્યાનના ચમત્કારોથી સાવધાન

આ ચમત્કારિક ઊંકાર સાધનાધ્યાનદ્વારા થતી લયાવસ્થામાં આત્મા-રૂપ પરમાત્માની શુદ્ધ જ્યોતિ ભાસે છે. તેનું વર્ણન વૈખરી વાણીથી ન કરી શકાય; તેના અનુભવીઓને જ તેનાં શ્રદ્ધા-દર્શન-અનુભવ થાય. અનુભવી ગુરુ વિના કોઈથીયે આવી સમાધિમાં પ્રવેશ કરી શકાતો નથી.

બ્રહ્મરંધ્રમાં સમાધિ થવાથી અનેક ચમત્કારોની ઉત્પત્તિ થાય છે. ગુપ્ત વાતના પડદા ખુલે છે, પૂર્વે ન જોયેલું ન અનુભવેલું જોવાય અનુભવાય, સાક્ષાત્કાર થાય છે. ગુપ્ત તત્ત્વોનાં રહસ્યો તેની આગળ ખડાં થાય છે-તોપણ તેમાં તેને આશ્ચર્ય થતું નથી. એવા વખતે યોગી-સાધકે સાવધાન રહેવાની ખાસ જરૂર છે.

લોકોનું તેના પ્રતિ ખૂબ આકર્ષણ થાય છે. દેવતાઓ દર્શન આપે છે. જે જે તત્ત્વ સંબંધી તેને શંકા થાય તેનો સમાધિમાં અમુક દેવતા મારફતે નિર્ણય થઈ જાય છે. પ્રાયઃ તે વખતે યોગીએ ભવિષ્ય કથનમાં પેસવું નહિ. દુનિયાના લોકો સ્વાર્થી પ્રશ્નો કરે અથવા

સેવા કરે તોપણ તેઓ તરફ લક્ષ દેવું નહિ. અજાણ્યા અને ગાંડા માફક વર્તન ચલાવી પોતાનો અભ્યાસ આગળ ચલાવવો. પોતાનાં કૃત્યને લોકો પાખંડ ઢોંગ દંભ કહે તો પણ દુનિયાને ચમત્કાર અથવા પોતાની પરીક્ષા જણાવવાની ભાંજગડમાં કદી પડવું નહિ.

માનવાધિકાર પ્રમાણે જરૂર પડયે ધર્મોપદેશ આપવો. યોગ્ય અધિકારીને કંઈ જણાવવા યોગ્યજણાવવું. નાસ્તિક લોકો સમાધિને ગપ માને તો મૌન સેવવું. ગમે તે ઉપાધિઓ આવે તે સહી લેવી. અધૂરા અભ્યાસે કોઈપણ વિઘ્નકારક બાબતથી અલગ રહેવું. શિષ્યોને પણ સ્વાનુભવો કહેવા નહિ. સદાકાળ સમાધિમાં–આત્મચિન્તનમાં મગ્ન રહેવું.

જો કે સમાધિ એક સરખી રહેતી નથી. અમુક વખત સુધી જ રહે છે. પછી સંસારી બાબતોમાં લક્ષ્ય લગાડવામાં આવે તો તે વખતે વ્યવહારદશામાં વર્તાય છે. પણ પુનઃ કેવળ કુંભક વગેરે પ્રાણાયામ કરી સમાધિ પ્રાપ્ત કરી શકાય છે. શુકલ ધ્યાનપ્રાપ્ય નિશ્ચય સમાધિના કેટલાક અંશ વર્તમાન કાળમાં અપ્રમત્ત દશાથી જ્ઞાની યોગીઓ પ્રાપ્ત કરી શકે છે. બ્રહ્મરંધ્રમાં ચિત્તની સ્થિરતા થવાથી ત્યાં નિશ્ચયસમાધિનો અનુભવ આવે છે. સૂર્યોદય થતાં અરુણોદય માફક જ અહિં સમાધિદ્યુતિનો પ્રકાશ થાય છે.

સહજજ્ઞાનયોગરામાધિ પ્રાપ્ત કરવા માટે સદ્‌ગુરુ ઉપાસનાની અત્યંત આવશ્યકતા છે. સદ્‌ગુરુ વિના કાંઈ મળી શકે એમ નથી, એ નિશ્ચય માનજો.

કેટલાક પૂર્વભવના એવા પ્રકારના સંસ્કારવિહીન માનવોને સમાધિ નામ ઉપર દ્વેષ આવે છે. તેનું કારણ કે તે જીવોને ભવપરિણતિનો પરિપાક થયો નથી, આત્માના શુદ્ધ ધર્મની પ્રાપ્તિ થવી મહામુશ્કેલ છે. ગમે તેવાં પુસ્તકો વાંચો પણ સદ્‌ગુરુની સેવાપૂર્વક ગુરુગમ લીધા વિના સમાધિમાં પ્રવેશ થઈ શકતો નથી. ગુરુગમપૂર્વક બનેલા જ્ઞાનયોગી જ આ પરમ જ્વલંત કલ્યાણકર ૐકાર મહામંત્ર પામી–આરાધી અનુભવીને સાધી શકે એ નિઃસંશય છે.

વર્તમાનકાળે પણ કેટલાક એકાંત ક્રિયારુચિ જીવડા યોગસમાધિ ૐકાર ૐઅર્હમ્ ના જાપના નામમાત્રથી ભડકી ઉઠે છે. પોતાના અંધશ્રદ્ધાળુ ભક્તો દ્વારા તેઓ યોગીઓની નિંદા-ટીકા કરાવી પોતાને કૃતકૃત્ય માને છે અને કેટલાક ઘૂવડદૃષ્ટિઓ તો ૐ અર્હમ્ ના પરમ જાજ્વલ્યમાન રૂપરાશિમંડિત પરમ તત્ત્વને જોવા પણ અસમર્થ બને છે; કારણ કે સહસ્રકલાયુક્ત સૂર્ય વિશ્વમાં પ્રકાશિત થતાં ઘૂવડ તે જોઈ શકતો જ નથી; પણ તેવાઓની દયા ખાતાં એમ કહી દેવાય છે કે તેઓ પોતાની ભૂલ જોઈ આ પરમ કલ્યાણકર દિવ્ય તેજોમય જન્મજરાનિવારક મહામંત્ર ૐ અર્હમ્ ની પિછાન પ્રાપ્ત કરે; કેવળ ક્રિયારુચિ હોઈ પંડિતાઈ ધારણ કરી પંડિત કહેવરાવનારાઓનો બિચારાનો શો વાંક ? શ્રીમદ્ દેવચંદ્રજી ગાઈ ગયા છે કે,

દ્રવ્યક્રિયારુચિ જીવડા રે, ભાવ ક્રિયારુચિ હીન;
ઉપદેશક પણ તેહવારે, શું કરે જીવ નવીન રે ? ચંદ્રાનનપ્રભુ.
તત્ત્વાગમ જાણગ ત્યજી રે, બહુજન સંમત તેહ;
મૂઢ હઠી જન આદર્યા રે, સુગુરુ કહાવે તેહ રે ચંદ્રા૦

વળી વ્યવહાર નિશ્ચયની બાંગ પૂકારનાર વ્યવહારને નિશ્ચયના સ્વરૂપને જો ન સમજે તો સત્ય રહસ્ય કેમ પામી શકાય ? જ્ઞાન અધ્યાત્મ યોગાભ્યાસ વિના સત્ય નિશ્ચયતત્ત્વ રસ્તામાં પડ્યું નથી. નિશ્ચયના પારગામી વિના યોગાભ્યાસની ઝાંખી અપ્રાપ્ય છે. પૂર્વાચાર્યો તો ત્યાં સુધી કહે છે કે—

જિમજિમ બહુશ્રુત બહુ જનસમ્મત, બહુ શિષ્યે પરિવરિયોજી;
તિમતિમ જિનશાસનનો વેરી, જો નવિ નિશ્ચય દરિયો–શ્રુ.

બાકી ૐકારારાધન યોગારાધન જ્ઞાનારાધન માટે તો પૂર્વપુરુષો–જ્ઞાનીઓ લક્ષાવધિ શ્લોકોમાં લખી ગયા છે. શ્રી ચિદાનંદજી, શ્રી આનંદઘનજી, શ્રી યશોવિજયજી, શ્રી દેવેચંદ્રજી, શ્રી વિનયવિજયજી, શ્રી હેમચંદ્રા-

આચાર્યજી, શ્રી હરિભદ્રસૂરિજી, શ્રી જિનદત્તસૂરિજી, શ્રી બુદ્ધિસાગરસૂરિજી આદિ યોગીઓએ તો યોગાધ્યાત્મજ્ઞાન માટે જીવન વિતાવ્યાં છે; તેનાં યથેચ્છ ગાન ગાયાં છે ને પ્રરૂપ્યાં છે. થોડાક નમૂના જોઈએ:—

સં. ૧૭૩૭માં વિદ્યમાન એવા મહાસમર્થ વિદ્વાન હેમલઘુપ્રક્રિયા કલ્પસૂત્રસૂ૦ ટીકા, લોકપ્રકાશ વગેરે ગ્રંથોના કર્તા શ્રી વિનયવિજયજી ઉપાધ્યાય કહે છે કે :—

સાધુભાઈ સો હે જૈન કા રાગી, જાકી સુરત મૂલ ધૂન લાગી. સાધુ.
સો સાધુ અષ્ટકર્મસુ ઝગડે, શૂન બાંધે ધર્મશાલા,
સોહમ્ શબ્દકા ધાગા સાંધે; જપે અજપા માલા. સાધુ.

× × ×

પાંચ ભૂત કા ભર્મા મીટાયા, છઠ્ઠા માંહિ સમાયા,
વિનય પ્રભુશું જ્યોતિ મીલી જબ, ફીર સંસાર ન આયા. સાધુ.

ઉ૦ ભગવાન શ્રી યશોવિજયજી—

અબ હમ મગન ભયે, પ્રભુ ધ્યાનમેં

× ×

ચિદાનંદકી મોજ મચી હૈ, સમતારસ કે પાન મેં.

× ×

તાલી લાગી જબ અનુભવકી, તબ જાને કોઉ શાનમેં. હમ.

× ×

વાચક જસ કહે મોહ મહા અરિ, જીત લીયો મેદાનમેં. હમ.

શ્રી આનંદઘનજી યોગસ્વરૂપ પામ્યા પછી બોલે છે—

અબ હમ અમર ભયે ન મરેંગે.

શ્રી ચિદાનંદજી ગાય છે. પદ ૧૧—

જોગ જુગતિ જાણ્યા વિના, કહા નામ ધરાંવે,
રમાપતિ કહે રંકકુ, ધન હાથ ન આવે–જોગ.

× ×

ચિદાનંદ સમજ્યા વિના, ગિનતી નહિ આવે.

શ્રી મુનિસુંદરકૃત અધ્યાત્મકલ્પદ્રુમ—

જેનું મન સમાધિવંત હોઈને પોતાના તાબામાં વર્તે છે, તેને યમનિયમથી શું? વળી અધ્યાત્મસારમાં—

અંતર્ગત ભાવોને દેખતો અને પૂર્ણ ભાવને પામેલો અધ્યાત્મ વૈભવને ભોગવતો જ્ઞાની (યોગી) અન્યને (સ્વરૂપ સિવાય) ઓળખતો નથી.

શ્રી બુદ્ધિસાગરસૂરિજી :—

સોહમ્ સોહમ્ સોહમ્ સોહમ્, સોહમ્ સોહમ્ દિલમેં વશ્યોરી,
હું તું ભેદભાવ દૂર નાઠો, ક્ષાયિક ભાવે કરી ન ખશ્યોરી.

× × × ×

બુદ્ધિસાગર સોહમ્ ધ્યાને પરમાત્મ પદ આપ ભયોરી,

શ્રી શાંતિવિજય જીભાંગનો નશો જેમ છાશથી ઉતરે તેમ સંસાર ભાવનાનાં વિષ ૐકારના જાપથી ઉતરી જશે; યોગનો અભ્યાસ કરો! તેથી જ હિંદનો ઉદ્ધાર છે. જૈનોનું જીવન એવું હોય કે જેની દેવતાઓ પણ યાત્રા કરવા આવે—એવું જીવન જીવજો.

શ્રી નારદ ભક્તિસૂત્રઃ શ્લોક ૫૬—

તન્મયી વૃત્તિ તદ્રૂપે સમાધિ અવિચ્છિન્ન છે.

પ્રભુમાં સર્વથા જીવો અંતર્બાહ્ય અભિન્ન છે.

શ્રી ગુરૂ દત્તાત્રેય જીવનમુક્ત ગીતા. શ્લોક ૧૬-૧૭—

ગર્ભધ્યાનવડે પેખે, જ્ઞાનીનું મન એ જ છે;
વિલાયું મન સોહમ્માં, જીવનમુક્ત જ એહ છે.
હૈયામાં ધ્યાનથી દેખો, પ્રકાશે મન જ્યોતને;
સોહમ્ હંસ જ જે પેખે, જીવનમુક્ત જ એજ છે.

વેદાન્ત શાસ્ત્ર—

શબ્દ રૂપ રસ ગંધ અને વિનાશ રહિત નિત્ય અનાદિ અનંત અહંકારથી પર ધ્રુવપદ એવા–આત્માનો અનુભવ કરનાર મનુષ્ય મૃત્યુના મુખથી મુકાય છે.

આ તો થોડાંક દૃષ્ટાંતો યોગના અભ્યાસીઓની પ્રતીતિ અર્થે છે.

ચિત્તવૃત્તિનિરોધ કરવાની આઠ ક્રિયાઓ વડે કોઇપણ પ્રકારનું કષ્ટ અનુભવ્યા સિવાય સ્થિર રહેવા માટે આસન કરવાનાં છે.

૧ અભ્યાસવૈરાગ્યાભ્યાંતન્નિરોધ :–અભ્યાસ અને વૈરાગ્યથી ચિત્ત-નિરોધ કરવું.

૨ ઈશ્વર પ્રણિધાનાદ્વા :–સર્વદા પ્રભુમાં–ધ્યેયમાં મન રોકવું.

૩ પ્રચ્છર્દનવિધારણાભ્યાં પ્રાણસ્ય :–પ્રાણનું ધારણ અને પ્રાણા-યામ કરવાં.

૪ વિષયવતી વા પ્રવૃત્તિસમ્પન્ના :–ઇન્દ્રિયવિશેષમાં ધારણા દ્વારા ગંધાદિનો સાક્ષાત્કાર કરવો.

૫ વિશોકા વા જ્યોતિષ્મતી :–હૃદયકમળમાં જ્યોતિ પ્રકાશ ફેલાવવો.

૬ વીતરાગવિષયં વા ચિત્તમ્–વીતરાગી અથવા નિષ્કામી સદ્ગુરુમાં ચિત્ત દેવું.

૭ સ્વપ્નનિદ્રાજ્ઞાનાવલંબનં વા :–સ્વપ્નમાં મૂર્તિવિશેષ અથવા સાત્વિક વૃત્તિનો આશ્રય લેવો.

૮ યથાભિમતધ્યાનાદ્વા :–ઇચ્છા પ્રમાણે ધ્યાન કરવું.

આ સાધનો ચિત્તવૃત્તિનિરોધ માટે અતિ ઉપયોગી છે. યોગના ગ્રંથોમાં અનેક પ્રકારનાં આસનો બતાવ્યાં છે.

'હઠયોગદીપિકા'માં ૧૪ પ્રકારનાં—યોગપ્રદીપ (૧૮૨૫માં લખાયેલો) માં ૨૧ પ્રકારનાં.

ઘેરંડસંહિતામાં ૩૨ પ્રકારનાં.

વિશ્વકોષમાં ૩૨ પ્રકારનાં—અનુભવપ્રકાશમાં (૧૮૨૫માં લખાયેલ છે.) ૫૦ પ્રકારનાં, આસન નામક ગ્રંથમાં ૪૯ બતાવ્યા છે. આ પ્રકારે તારવણી કરતાં કુલ ૧૩૩ થાય છે; પરંતુ યોગી ગોરખનાથે અને ભોગી કોક મહાશયે યોગ–ભોગનાં પૂરાં ૮૪ આસનો બતાવ્યાં છે; એટલે અહીં અતિ સંક્ષેપમાં તેનાં નામ ગુણ બતાવીશું.

સંપૂર્ણ આસનોમાં સિદ્ધાસન પદ્માસન ભદ્રાસન અને સિંહાસન અતિ મહત્ત્વનાં છે. જેમાં એક એકમાં જ અનેક ગુણ સમાયા છે; અને એ એક એક પણ અનેક પ્રકારે કરી શકાય છે. પ્રાચીન કાળમાં યોગીઓએ આજ આસનો સાધી અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી; પરમતત્ત્વ પ્રભુનું ચિન્તવન કરવારૂપ ઉપરોક્ત ચારે આસનોમાંથી પદ્માસન અધિક માન્ય ગણાય છે. સર્વ પ્રકારની અભીષ્ટ સિદ્ધિમાં એ ઉપયોગમાં લેવાય છે. જ્યારે અન્ય આસનોના અભ્યાસમાં કોઈ ક્રિયા પ્રક્રિયામાં ભૂલ થાય તો પ્રાણાંત કષ્ટ આવી જવા સંભવના રહે છે; પદ્માસન પરમ નિર્દોષ છે. મુક્તિ અને ભુક્તિ બંને પદ્માસન આપે છે. તે યોગવિદ્યાનું સર્વાધાર અંગ છે.

આધુનિક સમયમાં શીર્ષાસનનો મહિમા પણ અપાર ગણાય છે. એનાથી અનેક દોષ પ્રદોષ દૂર થાય છે. સર્વ આસનોમાં તેના સંપૂર્ણ ગુણો સમાવિષ્ટ છે અને સર્વ આસનોથી બળ વિભૂતિ વિદ્યા અને દીર્ઘ જીવન સંપ્રાપ્ય છે; જો તેનો અભ્યાસ યથાક્રમ ધીરેધીરે સુખપૂર્વક વધાર્યે જવાય તો ભૂતલનો માનવ દેવ બની શકે છે. હવે આપણે આસનોના નામ તથા ગુણ જોઈએ :—

૧ સિદ્ધાસનથી શરીરની ૭૨ હજાર નાડીઓ શુદ્ધ બનીને તેમાં નવીન રક્તનો સંસાર થાય છે. પ્રભુસ્મરણમાં દત્તચિત્ત તથા મોહક્ષય (મોક્ષ) વાળા બનાવે છે.

૨ પ્રસિદ્ધ સિદ્ધાસનથી સર્વ રોગ મટે છે, વિનમ્રતા વધે છે.

૩ પદ્માસનથી સર્વ પ્રકારની ઇષ્ટસિદ્ધિ થઈ પરમ-આત્મ- તત્ત્વમાં લયલીન થવાય છે.

૪ બદ્ધપદ્માસનથી પૂર્ણ શાંતિ મળે છે.

૫ ઉત્થિત પદ્માસનથી દૃષ્ટિ દિવ્ય અને હૃદયકમલ પ્રફુલ્લ બની શ્વાસ વ્યાધિ દૂર થાય છે.

૬ ઊર્ધ્વ પદ્માસનથી મેરુદંડ મજબૂત બને છે. શરીરમાં રક્તનો સંચાર થાય છે.

૭ સુપ્ત પદ્માસનથી ઉદર રોગ મટે છે.

૮ ભદ્રાસનથી સાધકનું મન એકતાર બની જાય છે.

૯ સ્વસ્તિકાસનથી યથાનામા તથા ગુણા–જેવું છે.

૧૦ યોગાસનથી ચિત્ત સ્થિર બને છે. નિદ્રારોગ મટી અનેક સિદ્ધિઓ મળે છે.

૧૧ પ્રાણાસનથી અથવા પ્રાણાયામાસનથી મન રક્ત અને નાડીઓ શુદ્ધ બને છે.

૧૨ ભુક્તાસનથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

૧૩ પવનમુક્તાસનથી અધોવાયુ નીકળે છે.

૧૪ સૂર્યાસનથી અગ્નિ વધે છે.

૧૫ સૂર્યભેદનાસનથી નેત્રરોગ મટે છે.

૧૬ ભસ્ત્રિકાસનથી સર્વ પ્રકારના જ્વર નાશ થાય છે. વિષમજ્વર મટે છે, પાચનશક્તિ વધે છે. રુધિર શુદ્ધ થાય છે.

૧૭ સાવિત્રી સમાધિથી ઓજ તેજ અને મેધા વધે છે.

૧૮ અચિન્તનીયાસનથી ચૈતન્યતા વધે છે.

૧૯ બ્રહ્મજ્વરાંકુશથી અનેક રોગો જાય છે.

૨૦ ઉદ્ધારકાસનથી ગુહ્યસ્થાન સબળ થાય છે.

૨૧ મૃત્યુભંજકાસનથી વાયુ શાંત થાય છે.

૨૨ આત્મારામાસનથી ચિન્તા મટે છે. આદ્ધિ, અલોપ અને અધ્યાત્મ આસન છે.

૨૩ ભૈરવાસનથી કુન્ડલિની વ્યાકુલ બને છે. કમલ ખીલે છે. તાવ બરોળ હૃદયરોગ વાયુ ગોળો અને હૃદયની વૃદ્ધિ મટે છે.

૨૪ ગરુડાસનથી ગમનશીલ બને છે.

૨૫ ગોમુખાસનથી મુખરોગ મટે છે.

૨૬ વાતાયનાસનથી સાધનામાં પ્રગતિ થાય છે.

૨૭ સિદ્ધમુક્તાવલીથી હૃદય હર્ષથી છવાય છે.

૨૮ નેતિ આસનથી નિર્મલ બનાય છે.

૨૯ પૂર્વાસનથી પ્રાચીન પૂર્વ સ્મૃતિ તાજી થાય છે.

૩૦ પશ્ચિમોત્તાનાસનથી પેટના કીડા મટે છે. વાયુ બદલાય છે. મંદાગ્નિ મટે છે.

૩૧ મહામુદ્રાથી રસ વિષ પથ્યાપથ્ય સર્વ હજમ થઈ જાય છે. ક્ષય કોઢ ગુલ્મ અને ઉદાવર્ત મટે છે; મૃત્યુકલેશ મટી જાય છે.

૩૨ વજ્રાસનથી શુદ્રવ્યાધિઓ નાશ પામે છે અને આયુષ્ય વધે છે.

૩૩ ચક્રાસનથી કુન્ડલિની કુન્ઠિત થઈ જાય છે.

૩૪ ગર્ભાસનથી કષ્ટ સહન કરવાની શક્તિ વધે છે.

૩૫ શીર્ષાસન દશ પ્રકારે કરી શકાય છે. તેનાથી સ્વાસ્થ્ય સુન્દરતા બલ વીર્ય પ્રગતિ અને મહાશક્તિ વૃદ્ધિ પામે છે.

૩૬ હસ્તાધારશીર્ષાસનથી મસ્તક મજબૂત બને છે.

૩૭ ઊર્ધ્વસર્વાંગાસનથી સ્વાધીનતા પ્રાપ્ત થાય છે.

૩૮ હસ્તપાદાંગુષ્ઠાસનથી ગર્દન કમર નાસિકા અને ઉદરમાં બલ વધે છે.

૩૯ પાદાંગુષ્ઠાસનથી દૃષ્ટિતેજ વધે છે.

૪૦ ઉત્તાનપાદાસનથી પ્રાણવાયુ શુદ્ધ બને છે.

૪૧ જાનુલગ્નહસ્તાસનથી ઉદર શુદ્ધ બને છે.

૪૨ એકપાદ શિરાસનથી શરીર નિર્દોષ બને છે.

૪૩ દ્વિપાદ શિરાસનથી સહજસુખ ઉપજે છે.

૪૪ એક હસ્તાસનથી પાર્શ્વશૂલ ન થાય.

૪૫ પાદહસ્તાસનથી બલ ખૂબ વધે છે.

૪૬ કર્ણપીડમૂલાસનથી જઠરાગ્નિ ખૂબ વધે છે.

૪૭ કોણાસનથી ઉદર શુદ્ધ થાય છે.

૪૮ ત્રિકોણાસનથી કમરની પીડા જાય છે.

૪૯ ચતુષ્કોણાસનથી બુદ્ધિ-મેધા વધે છે.

૫૦ કંદપીડાસનથી મજ્જાગ્રંથિ ખૂલી જાય છે.

૫૨ તુલિતાસનથી સ્થિરતા વધે છે.

૫૨ લોલ-તાડવૃક્ષાસનથી સ્નાયુ સબળ બને છે.

૫૩ ધનુષાસનથી વીરતા વધે છે, આળસ મટે છે-ત્રાટકના અભ્યાસમાં બલદાયક છે.

૫૪ વિયોગાસનથી તાવ બરોળ મટે છે.

૫૫ વિલોમાસનથી વીર્ય રોગ જાય છે.

૫૬ યોન્યાસનથી મલદ્વાર નિર્દોષ બને છે.

૫૭ ગુપ્તાંગાસનથી પ્રચ્છન્ન-સર્વ રોગ જાય છે.

૫૮ ઉત્કટાસનથી ચરણયુગલમાં મજબૂતી થાય છે.

૫૯ શોકાસનથી મૃગી મટે છે.

૬૦ સંકટાસનથી કમ્મર દર્દ મટી મજબૂત બને છે.

૬૧ અંધાસનથી રતાંધળાદિ રોગ મટે છે.

૬૨ રૂન્ડાસનથી નિર્ભયતા વધે છે.

૬૩ શબાસનથી અધોવાયુ ખુલી જાય છે.

૬૪ વૃષાસનથી વીર્ય સ્તંભન થાય છે.

૬૫ ગોપુચ્છાસનથી પાપ નષ્ટ થાય છે.

૬૬ ઉષ્ટ્રાસનથી શીતોષ્ણ સહન કરવા શક્તિ વધે છે.

૬૭ મર્કટાસનથી નાભિની નાડી સરસ ચાલે છે.

૬૮ મત્સ્યાસનથી સ્થિરતા વધે છે.

૬૯ મત્સ્યેન્દ્રાસનથી વીર્ય વૃદ્ધિ થાય છે.

૭૦ મકરાસનથી શક્તિ વધે છે.

૭૧ કચ્છપાસનથી મન અચંચલ થાય છે.

૭૨ મંડુકાસનથી શરીર સૂક્ષ્મ બને છે.

૭૩ ઉત્તાનમંડુકાસનથી તરણ શક્તિ વધે છે.

૭૪ હંસાસનથી શાંતિ વધે છે.

૭૫ બકાસનથી જલાઘાત સહન કરવાની શક્તિ વધે છે.

૭૬ મયૂરાસનથી ગુલ્મ પ્લીહા બરોળ અને ઉદર વ્યાધિ દૂર થઈ શ્રવણશક્તિ વધે છે.

૭૭ કુકકુટાસનથી કામ ઇચ્છા ઓછી થાય છે.

૭૮ કોદ્વાસનથી રક્તપિત્ત દૂર થાય છે.

૭૯ શલભાસનથી બાહુબલ વધે છે.

૮૦ વૃશ્ચિકાસનથી ઉગ્રતા વૃદ્ધિ પામે છે.

૮૧ સર્વાસનથી મંદાગ્નિ મટે છે.

૮૨ હલાસનથી મનુષ્ય બલવાન બને છે.

૮૩ વીરાસનથી ધૈર્ય વધે છે.

૮૪ શાંતિપ્રિયાસનથી સર્વ પ્રકારના દ્વેષ દૂર થાય છે.

આમ દરેક આસનથી કોઈને કોઈ લાભ અવશ્ય મળે છે. સાથે સાથે આરોગ્ય આયુષ્ય અને પ્રભુ પ્રત્યેનો અનુરાગ વધે છે. આસનો સાથે મુદ્રાઓ અને પ્રાણુયામ કરવાનાં છે, જેથી તેનો લાભ પૂર્ણતયા મળી શકે અને પ્રભુ પ્રાપ્તિ થઈ શકે છે.

આ સર્વ કોઇ સારા અનુભવીની સાથે રહી ધીરે ધીરે કરવાથી ઉચિત લાભ જરૂર મળે છે અને સફળતા સહજ સાધ્ય બને છે.

ઉપર્યુકત આસનોમાં પૃથક્ પૃથક્ મતમતાંતરોથી નામ કામ અને પ્રભાવમાં કયાંક કયાંક ભિન્નતા જણાય છે. જે તે પ્રકારના ગ્રંથો અવલોકવાથી સત્ય સમજાશે અને સદ્ગુરુની સહાયથી સફળતા મળશે.

હવે પ્રાણાયામ સંબંધી થોડીક હકીકત જણાવીશું.

પ્રત્યેક પ્રાણીએ જમણા નાસાછિદ્રથી નીકળતા પ્રાણવાયુ શ્વાસોશ્વાસને યથાવિધિ ખેંચવો રોકવો અને બહાર કાઢવો–તેથી પ્રાણાયામ થાય છે. તેને જ પૂરક અને રેચક કહેવાય છે અને જે વાયુ બહાર નીકળે છે, તેને જમણા ડાબા અથવા સૂર્ય ચંદ્ર સ્વર માનવામાં આવે, એજ વાયુ પ્રવાહિત રહે, ત્યાં સુધી સ્વર કહેવાય છે અને પ્રવૃત્તિ પલટાવી દેવાથી પ્રાણાયામ બની જાય છે.

જો કે અંગુઠો અને તર્જનીની સહાયથી પ્રાણાયામ કરવામાં આવે છે પણ કેટલાક પ્રાણાયામ એવા છે જે સહજ થઈ જાય છે.

(૧) થોડો સમય પ્રત્યેક શ્વાસને મોંઢાથી ખેંચવો અને નાકથી કાઢવો. (૨) નાકથી ખેંચવો–મુખથી કાઢવો. (૩) મુખથી ખેંચવો મુખથી કાઢવો. (૪) નાકથી ખેંચવો–નાકથી કાઢવો–આ ચારેય પ્રાણાયામ હાલતાંચાલતાં ઉઠતાં બેસતાં કામ કરતાં ગમે તે વખતે અહોરાત્ર અવિચ્છિન્ન કરી શકાય છે અને ઓષ્ઠ જિહ્વા હલાવ્યા વિના આંતરિક જપ આપોઆપ થઈ જાય છે.

આ પ્રાણાયામથી હૃદયરોગ, નેત્રરોગ, નાસારોગ અને ત્રિદોષજન્ય વ્યાધિઓ દૂર થવા ઉપરાંત નામસ્મરણનું મહાફળ તથા મંગળ–એવં મુક્તિ મળે છે.

પદ્માસન લગાવીને હાથની બંને અંગુલીઓ કાનોમાં, બન્ને તર્જનીઓ આંખો પર, બંને મધ્યમા નાક પર અને શેષ અંગૂલી મુખ પર એકત્ર લગાવી ચંદ્રસ્વરમાં પૂરક કરે, યથાશક્તિ કુંભક રાખે અને સૂર્યસ્વરમાં રેચક કરે તો ચક્રપ્રવૃત્તિ થવાથી પંચમહાભૂતોના રંગના અનુભવ સાથે ચિત્ત સ્થિર થાય છે.

પદ્માસનપૂર્વક બંને હાથ ઊંચા કરી પૂરક કરે, કુંભકના સમયે મસ્તકને લગાવી પ્લાવિની આસન કરે અને પુનઃ પદ્માસનથી જ રેચક કરે તો જલ પર કમલની માફક તરતા રહેવાની મહાશક્તિ પ્રાદુર્ભાવ પામે છે અને અનેક પ્રકારની વ્યાધિઓ શમે છે.

સૂર્યનાડીથી પૂરક કરી કુંભક રાખી ચંદ્રનાડીથી રેચક કરી પુનઃ પુનઃ તેજ ક્રિયા કરવાથી મસ્તક મજબૂત અને નીરોગ બને છે અને કૃમિરોગ તથા ૮૪ પ્રકારના વાયુ સમૂલ નષ્ટ થાય છે; આ પ્રાણાયામ શીતકાલના છે.

બંને નાસિકાથી ૧૦ વાર શ્વાસ ખેંચી અગીઆરમી વખત પૂરક કરી કુંભક કરે અને પુનઃ બંનેથી છોડી દે તો બંને ફેફસાં મજબૂત બની જીવનશક્તિ વધી જાય છે.

નાભિપ્રદેશના ચારચાર અંગુલ નીચે–ઉપરના ભાગને અંદરની બાજુ (મેરુદંડની તરફ) પ્રયત્નપૂર્વક ખેંચવાથી ઉડ્ડીઆન થાય છે. આ ઉડ્ડીઆન રોજ દિવસમાં ચાર વખત કરવાથી પ્રાણ અપાન સમાન વ્યાન અને ઉદાનવાયુ તથા નાભિચક્ર શુદ્ધ બનીને શરીરગત સંપૂર્ણ નાડીઓ સ્વસ્થ રહે છે.

આ ક્રિયા (૧) બેઠે બેઠે અથવા (૨) ઘૂંટણ પર હાથ રાખી ઉભા ઉભા અથવા (૩) દિવાલની મદદથી ત્રણે પ્રકારે થઈ શકે અને

દરેક પ્રકારની ક્રિયા ૧૦૦–૧૦૦ વાર કરવાથી ત્રણસો વખત થાય છે. આ ક્રિયાથી યંત્રની માફક ઉદરશુદ્ધિ સરસ થતી રહેવાથી પ્રાયઃ સર્વ રોગ નાશ થઈ આયુ વૃદ્ધિ પામે છે.

ચંદ્રથી પૂરક કુંભક કરે, સૂર્યથી છોડે, પછી તરતજ સૂર્યથી પૂરક કુંભક કરીને ચંદ્રથી છોડે તો શરીરની સંપૂર્ણ સૂક્ષ્મ નાડીઓ શુદ્ધ રહે છે. બંને નાક બંધ કરીને, હોઠની નળી બનાવી આગલા દાંતથી અથવા ખેંચી પીએ અને કુંભક કરી છોડી દે તો સર્વ પ્રકારના જ્વર પિત્તરોગ બરોળ ગોળો તીલ્લી અને ક્ષુદ્રરોગ નાશ થઇ જાય છે. ગરમીમાં ગુણકારક છે; આ ક્રિયા ઓછામાં ઓછી પંદર અને વધુમાં વધુ સો દિવસ કરવી ઉત્તમ છે.

બંને નાક બંધ કરી, જીભ બહાર કાઢી કાકચંચુની માફક નાળી જેમ બનાવી બહારના વાયુનું આકંઠ પાન કરે અને કુંભક કરી બંને નાકથી જ છોડે તો અમરત્વ મળે છે અને તેને કોઇપણ પ્રકારના વિષની અસર થતી નથી. આ ક્રિયા પણ શીતલી છે.

ચંદ્ર નાડીથી શ્વાસને દશ વાર ખેંચી, અગ્યારમી વખતે ચંદ્રથી પૂરક કરી કુંભક કરે અને સૂર્યસ્વરમાં રેચક કરી તરત જ સૂર્ય નાડીથી દસવાર ઘસી અગીયારમી વખત પૂરક કરી કુંભક કરે અને ચંદ્રનાડીથી રેચક કરે અથવા સૂર્યથી ઘર્ષણ કરી પૂરક કરી, કુંભક કરી ચંદ્રથી રેચક કરીને તરત જ પુનઃ ચંદ્રથી ઘર્ષણ પૂરક અને કુંભક કરી સૂર્યથી છોડી દે; આ સમશીતોષ્ણ ક્રિયા બારે માસ થઈ શકે છે–ઉત્તમ છે.

કેટલીક સૂચનાઓ.

યોગાભ્યાસીઓને માટે સાવધાની અર્થે કેટલાંક સૂચન આવશ્યક છે, તે પ્રતિ દુર્લક્ષ ન કરવા વિનંતી છે.

જેને કાનમાં આંખમાં તથા (હૃદયની નિર્બળતાથી) તથા છાતીમાં પીડા થતી હોય તેણે શીર્ષાસન કરવું નહિ.

જેનાં નાક કફથી હમેશાં બંધ રહેતાં હોય તેણે હમેશાં શીર્ષાસન તથા સર્વાંગાસન કરતાં ખૂબ સાવધાન રહેવું જોઈએ.

જેની પંચેન્દ્રિય અથવા મેદ બહુ જ કમજોર હોય તથા જેની બરોળ ઘણી વધી ગઈ હોય તેણે ભુજંગાસન, શલભાસન તથા ધનુરાસન કરવાં ન જોઈએ.

જેને મલબદ્ધતા–કબજીયાત રહેતી હોય તેણે યોગમુદ્રા તથા પશ્ચિમોત્તાન લાંબો વખત કરવાં નહિ. સાધારણ હૃદયની નિર્બળતાવાળાઓએ ઉડ્ડીયાન નૌલી તથા કપાલભાતિ કરવાં ઇષ્ટ નથી. જેનાં ફેફસાં નિર્બળ હોય તેમણે કપાલભાતિ ભસ્ત્રિકા તથા ઉજ્જાયી–કુંભક કરવાં નહીં, પરંતુ કેવળ પૂરકરેચક ઉજ્જાઈ કરવા હરકત નથી.

જેને બ્લડપ્રેશર (લોહીનું દબાણ) ૧૫૦ થી અધિક અગર ૧૦૦ થી નીચે હોય તેમણે કોઈ સ્વાનુભવી–યોગાનુભવીની સલાહ અથવા દેખરેખ સિવાય કોઈ પણ યોગિક ક્રિયામાં પ્રવૃત્ત થવું હિતાવહ નથી.

યોગક્રિયાઓના અભ્યાસીઓએ આ ક્રિયાઓ કરતા જ રહેવું એમ નથી; વચ્ચે વચ્ચે બંધ પડે અગર અંતર પડે તોપણ હરકત નથી.

યોગવિદ્યા અતિઉત્કૃષ્ટ વિદ્યા–મહાવિદ્યા છે. અતિપ્રાચીન છે. પ્રાચીન મહાન આચાર્યો અને ઋષિ મુનિ સાધકોએ તે સાધી છે. આજ પણ સાધ્ય છે.

આ મહાવિદ્યા–શ્રીમદ્ યોગીશ્વર શ્રી બુદ્ધિસાગરજી મહારાજે વિસ્તારથી આ શ્રી યોગદીપક ગ્રંથમાં ખુલ્લી કરી આપી છે; તેમાં કંઈક માર્ગદર્શન મળે તે માટે આ ટૂંક વિવેચન યથામતિ મેં લખ્યું છે.

સ્વાનુભવી મહાપુરુષો સંતો એમાં રહેલી ક્ષતિઓને સુધારી મને સૂચવશે તો સુધારી લઈશ. ૐ શાંતિ! શાંતિ! શાંતિ!!!

—: ષડ્ચક્ર વિચાર :—

આ શરીરમાં ૭૨ હજાર નાડીઓ રહી છે. તેમાં મુખ્ય ૧૪ છે. તેમાં પણ પ્રધાન ત્રણ છે. તે ઇડા, પિંગલા ને સુષુમ્ણા છે. ઇડાનાડી મેરૂદંડની બહાર જમણી તરફ તથા પિંગલાનાડી ડાબી બાજુએ લપટાયેલી છે. સુષુમ્ણાનાડી મેરુદંડથી અંદર કંદ ભાગથી પ્રારંભ થઈ કપાળમાં રહેલ દશ સહસ્ત્ર કમળ દલ પર્યંત ચાલી જાય છે. જેમ કદલીસ્તંભમાં એક પછી એક એમ ડાળાં પાંખડાં હોય છે, તેમ આ સુષુમ્ણા નાડીમાં અનુક્રમે વજ્ર ચિત્રિણી તથા બ્રહ્મનાડી છે. યોગવિદ્યાઓ દ્વારા જાગૃત કુન્ડલીની શક્તિ આ બ્રહ્મનાડી દ્વારા કપાળમાં રહેલા બ્રહ્મરંધ્ર સુધી પહોંચી પાછી વળે છે.

મેરુદંડમાં બ્રહ્મનાડીમાં પરોવાયેલાં છ કમલોની કલ્પના કરાય છે. આ જ કમલો તે ચક્ર છે. દરેક કમલનાં ભિન્ન સંખ્યામાં દલ છે અને જુદા રંગો છે. આ છ ચક્ર શરીરના અને અવયવો સામે મેરુ દંડની અંદર સ્થિત છે તેજ અવયવોના નામથી તે ઓળખાય છે.

ચક્રો છ છે :—

૧ મૂલાધાર ચક્ર–રિદની હડ્ડીના સર્વથી નીચેના ભાગમાં કંદ પ્રદેશને લાગેલા ગુદા અને લીંગના મધ્ય ભાગમાં તેની સ્થિતિ છે. આ ચક્રનું ચાર દલવાળું લાલ રંગી કમલ છે. આ દલો પર વં શં ષં અને સં એ શબ્દોની સ્થિતિ મનાય છે. એનો યંત્ર પૃથ્વીતત્ત્વનો દ્યોતક છે. ચતુષ્કોણ છે. પીતરંગ છે. બીજ લં છે. બીજનું વાહન ઐરાવત હાથી છે.

૨ સ્વાધિષ્ઠાન ચક્ર—આ ચક્રની સ્થિતિ લિંગ સ્થાનની સન્મુખે છે. એ દલો પરના કમલનો રંગ સિંદુરવર્ણો છે અને દલ ૭ છે. બં ભં મં યં રં લંની સ્થિતિ મનાય છે. આ ચક્રનો યંત્ર જલતત્ત્વનો દ્યોતક છે. અર્ધ ચંદ્રાકાર છે. રંગ ચંદ્ર સમાન શુભ્ર છે. બીજ વં છે. બીજનું વાહન મકર છે.

૩ મણિપૂરક ચક્ર—આ ચક્ર નાભિપ્રદેશની સન્મુખ મેરુ દંડની અંદર સ્થિત છે. તેનું કમલ નીલવર્ણી–દશ દલ સહિત અને દલો પર ડં ઢં ણં તં થં દં ધં નં પં ફં અક્ષરોની સ્થિતિ મનાય છે. યંત્ર ત્રિકોણ છે. અગ્નિ તત્ત્વનો દ્યોતક છે. તેને ત્રણે પડખે દ્વારા સમાન ત્રણ સ્વસ્તિક છે. રંગ બાલરવિ સમાન બીજ રં છે. વાહન મેષ છે.

૪. અનાહત ચક્ર–હૃદય પ્રદેશના સન્મુખ રહેલ આ ચક્ર અરૂણ વર્ણનું બાર દલયુક્ત કમલનું બનેલ છે. દલો પર કં ખં ગં ઘં ઙં ચં છ જં ઝં ઞં ટં ઠં અક્ષરો સ્થિત છે યંત્ર ધૂમ્રવર્ણ–ષટ્કોણ તથા વાયુતત્ત્વનો સૂચક છે–બીજ યં છે. વાહન મૃગ છે. ચક્રના મધ્યમાં શક્તિ ત્રિકોણ છે જે, વિદ્યુત પ્રકાશથી વ્યાપ્ત છે.

૫ વિશુદ્ધચક્ર—આ ચક્રની સ્થિતિ કંઠ પ્રદેશમાં છે, કમલ ધૂમ્રવર્ણવાળા સોળ દલનું છે. દલો પર અ થી લઈ અઃ સુધીના સોળ સ્વરોની સ્થિતિ મનાય છે. ચક્રનો યંત્ર પૂર્ણચંદ્રકાર–પૂર્ણચંદ્રપ્રભાથી દેદીપ્યમાન છે. યંત્ર શુન્ય કિંવા આકાશ તત્ત્વનો દ્યોતક છે, બીજ હૂં છે, વાહન હાથી છે.

૬ આજ્ઞાચક્ર—આ ચક્ર ભ્રૂમધ્યના સન્મુખ મેરુદંડની અંદર બ્રહ્મ નાડી સ્થિત છે. કમલ શ્વેતરંગી બે દલવાળું છે. દલોપર હં ક્ષં અક્ષરો છે. યંત્ર વિદ્યુત પ્રભાયુક્ત છે. તે મહત તત્ત્વનું સ્થાન છે. બીજ પ્રણઃ છે. વાહન નાદ છે. ઉપર બિન્દુ સ્થિત છે.

આ ચક્રો બાદ મેરુદંડની ઉપલા ભાગમાં સહસ્રદલવાળું સહસ્રાર ચક્ર છે, જ્યાં પરમતત્વ વિરાજે છે. તેના હજાર દલપર ૨૦–૨૦ વાર પ્રત્યેક સ્વર તથા વ્યંજન સ્થિત છે. અહીં કુન્ડલિની મહાશક્તિનો સંયોગ લયયોગનું ધ્યેય છે.

આ અતિગહન વિષય તેના સંપૂર્ણ સ્વાનુભવી જ્ઞાતાઓ પાસે સાધવા સાધકોને સૂચન છે. અતિ સંક્ષેપમાં ષડ્ચક્રોનું સ્વરૂપ કહેવામાં આવેલું છે.

□

चतुर्वर्गऽग्रणिर्मोक्षो, योगस्तस्य च कारणम् ।
ज्ञानश्रद्धानचारित्र-रुपं रत्नत्रयं च सः ॥
(योगशास्त्र)

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, ચાર પ્રકારના પુરુષાર્થો આપ્ત પુરુષોએ કહ્યા છે.

ચાર પુરુષાર્થોમાં સર્વોત્તમ, સર્વ શ્રેષ્ઠ, પ્રધાન પુરુષાર્થ મોક્ષ છે. કારણ કે મોક્ષ પુરુષાર્થથી સંસારી આત્મા સંસારમાંથી મુક્ત થાય છે અને આત્મા આત્મ સ્વરુપને પ્રાપ્ત કરે છે. મુક્તાત્મા બને છે.

મોક્ષનું અનન્ય સાધન યોગ છે. આ યોગ રત્નત્રયી સ્વરૂપ છે. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યગ્ચારિત્ર એ રત્નત્રયી સ્વરૂપ છે.

सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः ।


તત્ત્વરૂચિરૂપ સમ્યગ્દર્શન, તત્ત્વાવબોધરૂપ સમ્યગ્જ્ઞાન અને તત્ત્વપરિણતિરૂપ સમ્યગ્ચારિત્ર એ મોક્ષ માર્ગ છે.

मोक्षेण योजनात् योगः ।

વિવિધ પ્રકારના વિષયો અને કષાયોના અનન્ત દુઃખદાયી વૈભાવિક ભાવોમાં રમમાણ સંસારી આત્માને મુક્ત કરનાર અને અનન્ત અનન્ત સુખસ્વરુપી આત્માને આત્મ-સ્વભાવમાં જોડનાર અનુષ્ઠાન, તે યોગ કહેવાય છે.

યોગદીપક
સમાધિ

યોગનિષ્ઠ આચાર્ય
શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી
મહારાજ



नमः श्रीवर्द्धमानाय–सर्वदोषप्रणाशिने ।
केवलज्ञानसूर्याय–लोकपूज्याय तायिने ॥१॥

રક્ષણ કરનાર, લોકમાં પૂજ્ય, કેવલજ્ઞાનરૂપ સૂર્ય, સર્વ દોષના નાશ કરનાર, એવા શ્રીવર્ધમાન નામના ચોવીશમા તીર્થંકરને નમસ્કાર થાઓ.

પરમાર્થ :—ચોવીશમા તીર્થંકર શ્રી મહાવીરસ્વામીએ ધર્મ-દેશના આપી જગતનો ઉદ્ધાર કર્યો છે.

આર્યભરતક્ષેત્રમાં ચૈત્ર શુદ્ધી ૧૩ ના દિવસે ક્ષત્રિયકુંડ નગરીમાં જન્મ્યા હતા. ક્ષત્રિયવંશી સિદ્ધાર્થ રાજાને ત્યાં ત્રિશલા ક્ષત્રિયાણીના પેટે અવતર્યા હતા. જન્મતાં જ ચોસઠ ઈન્દ્રોએ મેરુપર્વત ઉપર તેમનો જન્માભિષેક કર્યો હતો. બાલ્યાવસ્થામાં ત્રણ જ્ઞાન સહિત હતા.

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન–તેમાં પાંચ ઇન્દ્રિયો અને છઠ્ઠા મનથી જે જ્ઞાન ઉત્પન્ન થાય છે, તેને મતિજ્ઞાન કહે છે. દ્વાદશાંગીનું જે જ્ઞાન, તેને શ્રુતજ્ઞાન કહે છે. ઇન્દ્રિયોની મદદ વિના આત્માના પ્રદેશોથી રૂપીપદાર્થનું જે જ્ઞાન થાય છે, તેને અવધિજ્ઞાન કહે છે.

પૂર્વકર્મના ઉદયે બાલ્યાવસ્થામાં અનેક પ્રકારનાં શાતાવેદનીય સુખો ભોગવતા હતા. યુવાવસ્થામાં યશોદાકુમારી સાથે પરણ્યા હતા. તેમને એક પુત્રી થઈ હતી. અઠ્ઠાવીશ વર્ષે શ્રી વીરપ્રભુનાં માતા અને પિતા સ્વર્ગસ્થ થયાં.

ત્રીશ વર્ષે ભગવાને ઇન્દ્રો અને રાજાઓએ કરેલા ઉત્સવપૂર્વક દીક્ષા અંગીકાર કરી. બાર વર્ષ પર્યંત ધ્યાન, તપશ્ચર્યા કરીને કેવલ-જ્ઞાન પ્રાપ્ત કર્યું.

જે ચ્હેરા પરથી 'શાસ્ત્રો' ને ધર્મો રચાય તે ચ્હેરો ધન્ય છે.

બેંતાલીશમા વર્ષે શ્રી મહાવીરપ્રભુ સર્વજ્ઞ થઈ ઇન્દ્રરચિત સમવસરણમાં બેસી ઉપદેશ દેવા લાગ્યા. ચતુર્વિધસંઘની સ્થાપના કરી.

શ્રી મહાવીરપ્રભુ અનંત ગુણગણયુક્ત હતા. તેમણે રાગ દ્વેષ આદિ સર્વ દોષોનો નાશ કર્યો. પ્રભુ કેવલજ્ઞાનરૂપ સૂર્ય હતા. પ્રભુના કેવલજ્ઞાનમાં જડ ચેતન સર્વ પદાર્થો ભાસતા હતા. જ્યારે પ્રભુને કેવલજ્ઞાન થયું, ત્યારે તે ત્રણ જગતથી પૂજ્ય થયા.

જન્મથી માંડી ભગવાન ત્રણ જગતપૂજ્ય હતા, પરંતુ જ્યારે કેવલજ્ઞાન થાય છે, ત્યારે તે વિશેષતઃ પૂજ્યતાને પામે છે. ઉપદેશદાનથી સર્વ જીવોને દુઃખમાંથી બચાવે છે, માટે પ્રભુ સર્વ જીવોનું રક્ષણ કરનાર છે.

આ વિશેષણોથી ભગવાન **જ્ઞાનાતિશય, વચનાતિશય અપાયાગમાતિશય** અને **પૂજાતિશય** એ ચાર અતિશયવંત છે, એમ સૂચન કર્યું.

સર્વદોષપ્રણાશિને એ વાક્યથી ભગવાને સર્વ દોષનો નાશ કર્યો, અર્થાત્ ઘાતિકર્મરૂપ જે અપાય (હરકત) તેનો નાશ કર્યો, તેથી ભગવાન **વચનાતિશય**સંપન્ન છે, એમ સિદ્ધ થયું. ભગવાન કેવલજ્ઞાનરૂપ સૂર્ય છે, તેથી **જ્ઞાનાતિશય**સમ્પન્ન સિદ્ધ ઠર્યા.

લોકપૂજ્યાય, આ વિશેષણથી ભગવાન ચોસઠ ઇન્દ્ર, ચક્રવર્તી આદિ સુરનરવૃન્દપરિપૂજિત છે, માટે પૂજાતિશયસંપન્ન ઠર્યા.

તાયિને એ વિશેષણથી ભગવાન વચનાતિશયસંપન્ન સિદ્ધ છે, એમ સિદ્ધ થયું. ઉપદેશદાનથી સર્વ જીવોનું રક્ષણ થાય છે, માટે એ વિશેષણની સાર્થકતા છે.

ચાર વિશેષણોવડે ચાર અતિશય સૂચન કર્યા, તેમાં વિશેષણ ક્રમહેતુ દર્શાવે છે. **સર્વદોષપ્રણાશિને** એ વિશેષણ પ્રથમ મૂકયું છે, તેની સાર્થકતા હેતુપૂર્વક સિદ્ધ છે.

મનને અંકુશમાં રાખનાર બધી સમૃદ્ધિના ધણી થવાને લાયક છે.

જ્યારે ભગવાન ધ્યાન ધરે છે, ત્યારે શુકલપરિણામના યોગે ક્ષપક-શ્રેણી આઠમા ગુણસ્થાનકથી આરોહે છે.

બારમા ગુણઠાણાના અંતે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર કર્મનો નાશ કરે છે, ત્યારે તેરમા ગુણસ્થાનકમાં **અનંતજ્ઞાન, અનંતદર્શન, ક્ષાયિકચારિત્ર** અને **ક્ષાયિકવીર્ય** એ ચાર અતિશયયુક્ત થાય છે.

પ્રથમ જ્ઞાનાવરણીયાદિ દોષનો નાશ થાય છે, ત્યારે કેવલજ્ઞાનાદિ ઉત્પન્ન થાય છે. સર્વ ગુણમાં કેવલજ્ઞાનની મુખ્યતા છે, માટે સમજવું કે દોષનો નાશ થયા પછી કેવલજ્ઞાનરૂપ સૂર્યનો ઉદય થાય છે.

કેવલજ્ઞાનરૂપ સૂર્યોદય થયા પછી ચોસઠ ઇન્દ્રો આવી સમવસરણ રચે છે અને સર્વે પૂજે છે, માટે જ્ઞાનાતિશય પછી પૂજાતિશય જણાવ્યો.

સમવસરણમાં બેઠા બાદ અને પૂજ્યપણું પ્રાપ્ત થયા બાદ ભગવાન દેશના (ઉપદેશ) આપે છે, માટે **તાયિને** એ વિશેષણથી વચનાતિશય જણાવ્યો.

આ ચાર અતિશય જેનામાં હોય તે દેવ કહેવાય છે. રાગાદિ દોષનો નાશ કરનાર વીતરાગ વિના અન્ય કોઇ દેવ નથી, તેમજ રાગ-દ્વેષનો નાશ કર્યા વિના કોઇ સર્વજ્ઞ પણ થઈ શકતો નથી.

અન્ય જે ઇશ્વરને માને છે, તેનામાં જગતકર્તૃત્વ વગેરેની ઉપાધિયોનો આરોપ કરે છે, તેથી તે રાગદ્વેષ રહિત સિદ્ધ થતા નથી. ત્યારે તે જ્ઞાનાતિશયથી યુક્ત શી રીતે હોઈ શકે? અને જ્યારે જ્ઞાનાતિશયયુક્ત ન હોય ત્યારે પૂજાતિશય અને વચનાતિશય સંયુકત શી રીતે હોઇ શકે? અર્થાત્ ન હોઈ શકે.

કેટલાક અનાદિકાળથી ઇશ્વરને નિરાકાર માને છે. તેનામાં વાણીના અભાવે ઉપદેશ ઘટી શકે નહિ. તેના મતમાં ઉપદેશ દેનાર ઇશ્વર સિદ્ધ

ઠરી શકે નહિ ત્યારે તેમના દર્શનનાં પુસ્તકોનું પ્રામાણ્ય સિદ્ધ ઠરે નહિ એમ કહેવું યથાર્થ છે.

કેટલાક જગતને બનાવનાર ઈશ્વર માને છે અને તેઓ સર્વ જીવોને રક્ષણ કરનાર ઈશ્વરને કહે છે. ઈશ્વર કર્તૃત્વવાદીના મતમાં રક્ષણ કરનાર એ વિશેષણની સિદ્ધિ થતી નથી.

જગતનો બનાવનાર ઈશ્વર છે, તેના મતમાં અનેક દોષો આવે છે. પ્રથમ તો ઈશ્વરને જગત બનાવવાની જરૂર શું ?

કોઈને અંધ બનાવ્યા, કોઈને સુખી બનાવ્યા, ત્યારે દુઃખીનું રક્ષણ કરવું. ઇત્યાદિ સિદ્ધ થતું નથી. એકને મારવો અને એકને વૈભવ આપવો, આવું વર્તન રાગદ્વેષ વિના હોઇ શકે નહિ અને જેને રાગદ્વેષ હોય તે પરમાત્મા શી રીતે કહેવાય ? અલબત્ત કહેવાય નહિ. આ સંબંધી વિશેષ અધિકાર જોવો હોય તો अस्मदीय परमात्मदर्शन ગ્રન્થ વાંચવો.

જે લોકો જગતના સર્વ પદાર્થને ક્ષણે ક્ષણે ક્ષય સ્વભાવવાળા માને છે, તેના મતમાં ઈશ્વર પણ ક્ષણે ક્ષણે નષ્ટ થવાનો. આત્મા પણ ક્ષણે ક્ષણે નષ્ટ થવાનો. ત્યારે કોઈ ઈશ્વર તેમના મતમાં સદાકાળ રહેનાર સિદ્ધ ઠરે નહિ, એ સ્વાભાવિક છે; માટે આ ચાર અતિશય વીતરાગદેવ વિના અન્યત્ર સિદ્ધ ઠરતા નથી, માટે શ્રી મહાવીર પ્રભુ તે જ ખરેખર દેવ છે.

જે દેવો પોતાની પાસે સ્ત્રીઓ રાખે છે, તેમનામાં રાગ છે અને જ્યાં રાગ છે, ત્યાં દ્વેષ છે. તેથી તે પણ દોષ રહિત કહેવાય નહીં.

કેટલાક મતવાળા આત્મા અને કર્મનો સંબંધ માનતા નથી, તેથી તેમણે માનેલા દેવમાં સર્વજ્ઞપણું નથી એમ સિદ્ધ ઠરે છે, તેથી તે પણ ઈશ્વર કહેવાય નહીં.

કેટલાક પશુ પંખીમાં આત્મા માનતા નથી, એવાઓનાં પુસ્તકો જ્ઞાનીનાં બનાવેલાં નથી એમ સિદ્ધ થાય છે. તેથી તેમના મતમાં પણ ચાર અતિશયસંયુક્ત ઈશ્વર સિદ્ધ ઠરતો નથી.

કેટલાક નીતિધર્મને જ માનનારા છે, પણ સમજવાનું કે, જ્યારે આત્મા અને કર્મની સિદ્ધિ ન માનવામાં આવે તો નીતિધર્મની સિદ્ધિ ઠરતી નથી.

આત્મા હોય તો નીતિ હોઈ શકે, પણ પુણ્યપાપાદિ માન્યા વિના તો નીતિનો મહેલ કલ્પનારૂપ ઠરે છે અને તેથી તેમના મતમાં યથાર્થ ઉપદેશ સર્વજ્ઞ નહીં હોવાને લીધે તે મત પણ સિદ્ધ ઠરતો નથી.

જ્યારે યથાર્થ ઉપદેશ વીતરાગદેવ સિદ્ધ ઠરે છે, ત્યારે સર્વ તત્ત્વની સિદ્ધિ થાય છે. આવા ઉક્ત ગુણવિશિષ્ટ શ્રી મહાવીર પ્રભુ સિદ્ધ ઠરે છે, માટે અમો તેમને દેવ માની નમસ્કાર કરીએ છીએ. એમ મૂળ શ્લોકમાં જણાવ્યું છે.

ચાર અતિશયયુક્ત એવા શ્રી મહાવીર પ્રભુને નમસ્કાર કરવાથી શું ફળ? તેના પ્રત્યુત્તરમાં જણાવે છે કે–શ્રીમદ્ ભગવાન મહાવીરે જે જ્ઞાનાદિ ગુણો પ્રાપ્ત કર્યા છે, તે ગુણો પ્રાપ્ત કરવા લેખકની તીવ્ર ઇચ્છા છે.

ઉત્તમ ગુણીને નમસ્કાર કરતાં આત્મામાં વિનયગુણની જાગૃતિ થાય છે અને તેથી વિનયના પ્રતાપે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થાય છે.

નમસ્કાર કરતાં મન ભગવાનના ગુણોની સન્મુખ થાય છે, તેથી સહેજે પાપના વિચારોનો નાશ થાય છે.

મન, વચન અને કાયાથી ભગવાન તરફ આત્મા વળતાં આત્મા તે પરમાત્મા બને છે.

શક્તિ ને 'ગુણો' ફેળવવાનું 'સાયન્સ' તે જ સાચાં શાસ્ત્રો છે.

ઉત્તમના ગુણોને ગાતાં, મનન કરતાં, તેવા ગુણો પોતાનામાં સત્તાએ રહેલા છે તે પ્રગટે છે, માટે ભગવાન આદિ ઉત્તમ પુરુષોને નમસ્કાર કરવામાં મોટું ફળ છે. ભગવાન્‌ના જેવા સદ્‌ગુણો પ્રાપ્ત કરવા માટે ભગવાનને નમસ્કાર કરવો જોઈએ.

શ્રી મહાવીરસ્વામીના ચાર નિક્ષેપ, જગતને અત્યંત ઉપકારી છે. શ્રી મહાવીર **નામ**, શ્રી મહાવીરપ્રભુની **મૂર્તિ**, **દ્રવ્ય**મહાવીર અને સમવસરણમાં બેઠેલા શ્રી મહાવીર આ ચાર નિક્ષેપાયુક્ત મહાવીરને નમસ્કાર કરવાથી તથા તેમનું ધ્યાન ધરવાથી આત્મા સર્વ દોષોનો નાશ કરી પોતે મહાવીર થાય છે.

શ્રી મહાવીરસ્વામીનું જીવનચરિત્ર વિચારતાં તેમના સદ્‌ગુણો તરફ શીઘ્ર આત્મા આકર્ષાય છે.

બાલ્યાવસ્થામાં દેવતાઓની સાથે રમવામાં નીડરપણું, યોગ્યવયે લગ્ન, તેમાં પણ પ્રારબ્ધયોગે ભોગ ભોગવતાં ભગવાન અન્તરથી ન્યારા રહ્યા.

બાલ્યાવસ્થાથી ત્રણ જ્ઞાન છતાં ગંભીરપણું, માનરહિત દશા, ઉપકારાદિ ગુણોએ શોભિતપણું, સર્વ જીવોનું ભલું કરવાની બુદ્ધિ, કામચેષ્ટાની રમતગમતનો ત્યાગ, માતાપિતાની મરજી સાચવવી, માતાનું મન દુખાય નહિ માટે માતાના ઉદરમાં કરેલી પ્રતિજ્ઞા, પોતાની સ્ત્રી સાથે પણ સદ્‌ગુણોથી વર્તન, માતાપિતાનું સ્વર્ગગમન થયા બાદ દીક્ષા લેવાની તીવ્ર પ્રતિજ્ઞા, તેમ છતાં મોટાભાઈના આગ્રહે બે વર્ષ ગૃહસ્થાવાસમાં રહેવું.

હાલના કાળમાં કેટલાક મોટાભાઇની આજ્ઞા માનતા નથી; પણ શ્રી મહાવીર તો સર્વ ગુણોએ મોટાભાઈ કરતાં ઉત્તમ હતા તેમ છતાં તેમનો આગ્રહ સાચવ્યો એ કંઇ ઓછી વાત નથી.

જીવનને 'ક્લેશ' મુક્ત કરવામાં સહાય કરે તે જ શાસ્ત્રો 'ખરાં' છે.

સંસારમાં સર્વ પ્રકારનાં પૌદ્ગલિક સુખ છતાં સત્યસુખાર્થે દીક્ષાનો નિશ્ચય, દીક્ષા વખતે તેમના ઉત્તમ વૈરાગ્યના વિચારો, સાંસારિક સુખ ઉપરથી ચિત્ત ઉઠાડી દેવું,

સર્વ જીવોને પોતાના આત્મા સમાન માની તેમને નહિ હણવાની પ્રતિજ્ઞા, સર્વ પરવસ્તુઓથી વિરામ પામવાની પ્રતિજ્ઞા,

દીક્ષા લીધા બાદ અઘોરવનમાં જઈ ધ્યાન ધરવું તથા મનુષ્યોના ઉપદ્રવો સહન કરવા, ક્રોધાદિ દોષોનો નાશ થવો, બાર વર્ષપર્યંત સમભાવે ધ્યાન ધરવું, દેવતા તથા ઈન્દ્ર અને મનુષ્યવૃન્દપૂજિત છતાં એકાકીપણે વિચરવું.

જે જે કર્મો ઉદયમાં આવે તે ભોગવતાં છતાં પણ સમદશા રાખવી, આ કંઈ સામાન્ય વાત નહિ. ચંડ-કોશિયા સર્પે કરેલ ઉપદ્રવ અને ભગવાને ચંડકોશિયાને આપેલો પ્રતિબોધ; અહો સર્પ જેવા અધમ પ્રાણીને પણ તારવા માટે ભગવાનની કેટલી દયા !!!

આવા ઉત્તમ તીર્થંકર જ્યારે નાતજાતનો ભેદ રાખ્યા વિના સર્વ આત્માઓને એકસરખા માની ઉપદેશ આપે. તે વખતે વેદધર્મ માનનારાઓ પણ ભગવાનનો કહેલો ધર્મ સ્વીકારે એમાં શું આશ્ચર્ય ?

ધ્યાન ધરતાં કેવલજ્ઞાનની પ્રાપ્તિ, તીર્થંકરનામકર્મનો ઉદય, સમવસરણમાં બેસીને આપેલો ઉપદેશ, સાધુ, સાધ્વી, શ્રાવક-શ્રાવિકા-આ ચાર વર્ગ સ્થાપવાનો અત્યુત્તમ સત્ય ઉદ્દેશ,

ત્રીસ વર્ષપર્યંત ગામોગામ ફરીને આપેલો સદુપદેશ, તેમના ગણધરો પ્રતિ આપેલી શિક્ષા, તેમનો સોળ પ્રહર સુધી અંતિમ ઉપદેશ, અંતે શરીરને છોડી સિદ્ધમાં જવું, ચતુર્વિધસંઘની વ્યવસ્થા-વર્તન સ્થિતિ,

---

લજ્જા, શંકા કે ભય જેની કલ્પનામાં ય નથી તે 'પુરૂષોત્તમ' છે

ઇત્યાદિ શ્રી મહાવીરસ્વામીનું ચરિત્ર સ્મરણ કરતાં સ્મૃતિમાં આવે છે. તેમના ગુણોમાં તન્મય થએલો આત્મા અંતે ભગવાન જેવો થાય છે.

શ્રી મહાવીરનું નામ વાંચતાં, સાંભળતાં, તુરત તેમનું ચરિત્ર મનમાં ખડું થાય છે, તેમજ શ્રી વીરપ્રભુની મૂર્તિ જોતાં તુરત તેમનું ચરિત્ર મનમાં ખડું થાય છે, માટે ભગવાનના નામ નિક્ષેપ, તથા તેમની મૂર્તિદ્વારા, ભગવાનના ગુણોનું સ્મરણ કરતાં આત્મા તે પરમાત્માના ગુણોને પ્રાપ્ત કરે છે.

માટે ગ્રંથારંભે આદ્યઆસન્નોપકારી શ્રી વીરપ્રભુનું સ્મરણ કરી નમસ્કાર કરવો એ અત્યંત હિતકર છે.

મંગલાચરણમાં સત્યદેવનું સ્વરૂપ બતાવ્યું. હવે દ્વિતીય શ્લોકમાં ગુરુનું સ્વરૂપ બતાવી તેમને નમસ્કાર કરે છે. દેવને નમન કર્યા બાદ ગુરુને નમન કરવું જોઈએ, માટે હવે ગુરુને નમન કરે છે.

सद्गुरु पूज्यमानम्य-स्वाभाविकसुखोदधिम् ।
सर्वकर्मनिवृत्त्यर्थं, करोमि योगदीपकम् ॥ २ ॥

સદ્ગુરુઓમાં પૂજ્ય, સ્વાભાવિક સુખના સાગર એવા શ્રી સુખસાગર ગુરુને નમસ્કાર કરીને સર્વ કર્મના નાશ માટે યોગદીપક નામનો ગ્રંથ કરું છું.

ભાવાર્થ :—સદ્ગુરુઓમાં પૂજ્ય એવા સ્વાભાવિક સુખના સાગરભૂત એવા શ્રીસુખસાગર ગુરુને નમસ્કાર થાઓ. સદ્ગુરુઓમાં પૂજ્ય એ વિશેષણથી ગુરુના સદ્ગુણોની મહત્તા દર્શાવી છે.

સર્વ સદ્ગુરુઓમાં પૂજ્યતાને જે પામે છે, તેમનામાં વિશેષતઃ જ્ઞાનચારિત્રાદિક સદ્ગુણો હોવા જોઈએ. સ્વાભાવિક સુખના સાગરભૂત ગુરુ હોવા જોઈએ.

'મૃત્યુ' નું ઓસડ 'મૃત્યુ'માં જ શોધે, તે મરેલો છતાં જીવતો છે.

પૌદ્ગલિક સુખોને જે નાકના મેલ સમાન સમજે છે. અશાતા ભોગવતાં જે ગુરુ સમતા રાખે છે, ઉચ્ચ ભાવનાઓ વડે સદાકાલ આત્માને ભાવે છે.

સદ્ગુરુની પાસે પંચમહાવ્રત ગ્રહણ કરી જે યથાર્થ પાળે છે, જ્ઞાનક્રિયાથી જે આત્માના અધ્યવસાયોની શુદ્ધિ કરે છે, શત્રુ અને મિત્ર ઉપર સમભાવ રાખે છે,

બાહ્ય વસ્તુમાં જે કદી મોહથી લપટાતા નથી, કામક્રોધાદિક અન્તરના દુર્ગુણોનો નાશ કરવા જે સદાકાલ પ્રયત્ન કરે છે, ધર્મની ક્રિયાઓમાં જે ચિત્તને રોકે છે,

પ્રાણાંતે પણ કોઈનું અશુભ કરવા જેનો સંકલ્પ નથી, હું અને મારું એવો અહંભાવ જેમના હૃદયમાં સ્ફુરતો નથી, જે સર્વ જીવોની દયા પાળવામાં કટિબદ્ધ થયા છે,

જે પ્રભુની આજ્ઞાને બરાબર પાળવા ઉદ્યુક્ત થયા છે, એવા સુખસાગર ગુરુ, સ્વાભાવિક સુખના સમુદ્ર હોય એમાં શું આશ્ચર્ય ? અથવા સ્વાભાવિક સુખના દરિયા ભવિષ્યમાં થાય એમાં શું આશ્ચર્ય ? અર્થાત્ કંઈ પણ આશ્ચર્ય નથી.

ગ્રન્થારંભે સદ્ગુરુને નમસ્કાર કરવો જોઈએ. કારણ કે ગુરુ મોટા ઉપકારક છે. જગતમાં સદ્ગુરુસમાન કોઈ હિતકારક નથી. સિંદુર-પ્રકરગ્રન્થમાં કહ્યું છે કે—

पिता माता भ्राता प्रियसहचरी स्वनुनिवहः,
सुहृत् स्वामी माद्यत् करिभटरथाश्वः परिकरः ॥
निमज्जन्तं जन्तुं नरककुहरे रक्षितुमलं,
गुरोर्धर्माधर्मप्रकटनपरात् कोऽपि न परः ॥ १ ॥

મનની અચલ શાંતિ અને આદર્શની 'આગ' ધરાવે તે યોગી છે.

જગત્માં પિતા, માતા, ભાઈ, પ્રિયસહચરી, પુત્રવૃન્દ, મિત્ર, સ્વામી અને મદોન્મત્ત ગજ ભટ-રથ-અશ્વ અને પરિવાર હોય, તો પણ નરકકુહરમાં પડતા એવા પ્રાણીનું રક્ષણ કરવા ફક્ત ગુરુ વિના અન્ય કોઈ સમર્થ નથી.

અહિં **પ્રદેશી** રાજા વગેરેનાં દૃષ્ટાંત જાણી સમજી લેવાં. **ગુરુ દીવો ગુરુ દેવતા, ગુરુવિણ ઘોર અંધાર.** ગુરુ દીવો અને ગુરુ દેવતા છે. જે મનુષ્યો સદ્ગુરુની મહત્તા સમજે છે, તેઓ અહર્નિશ સદ્ગુરુની આજ્ઞાનું પરિપાલન કરે છે, સદ્ગુરુની આજ્ઞામાં ધર્મ છે, અનેક પ્રકારે યથાયોગ્ય સદ્ગુરુની ભક્તિ કરવી જોઈએ.

સદ્ગુરુને નમસ્કાર કરવાથી શિષ્યના હૃદયમાં ભક્તિ ઉત્પન્ન થાય છે, તેમજ લઘુતા ઉત્પન્ન થાય છે. **ધર્મસ્ય મૂલં વિનયઃ** ધર્મનું મૂલ વિનય છે. વિનયથી ધર્મની યોગ્યતા પ્રગટે છે.

વિનયના યોગે સદ્ગુરુઓ અનેક પ્રકારની વિદ્યાઓ અર્પે છે. વિદ્યાથી આત્મા સ્વસ્વરૂપ સન્મુખ થાય છે. સદ્ગુરુના વિનયથી જ્ઞાન, દર્શન, ચારિત્રની પ્રાપ્તિ થાય છે. સદ્ગુરુના વિનયથી જ્ઞાનાવરણીય કર્મનો નાશ થાય છે.

સદ્ગુરુના વિનયથી શાસન દેવો પ્રસન્ન થાય છે અને તેથી અનેક વિઘ્નોનો નાશ થાય છે.

સદ્ગુરુના ગુણોની ભાવના કરતાં આત્મામાં તેમના જેવા સદ્ગુણોની પ્રાપ્તિ છે અને દુર્ગુણોનો નાશ થાય છે.

મનુષ્યો પ્રેમથી જે જે વસ્તુઓને ચાહે છે તેવું પામે છે. આ ન્યાયને અનુસરીને વિચારતાં માલૂમ પડે છે કે સદ્ગુરુ તરફ રુચિભક્તિ થતાં તેમના ગુણો હૃદયમાં જાગે છે.

અહો ! જગતમાં સદ્ગુરુ રૂપ સૂર્યની જેટલી સ્તુતિ કરીએ

'હર્ષ' ને 'શોક' જેની હથેલીનાં રમકડાં તુલ્ય છે તે સચ્ચો સાધક છે.

તેટલી ઓછી છે. પંચમકાલમાં સદ્‌ગુરુની પ્રાપ્તિ થવી મહાદુર્લભ છે.

મન, વચન અને કાયાથી સદ્‌ગુરુને નમસ્કાર કરનારને ઉચ્ચ પદવી પ્રાપ્ત થાય છે. સ્વાભાવિક સુખસાગર મૂર્તિની આરાધના કરતાં આત્મા પોતે સુખસાગરરૂપ થઈ જાય છે.

કહ્યું છે કે,

જે જેનું ધ્યાનજ ધરે, તે તેવો થઈ જાય;
ઈલી ભમરી સંગથી, ભમરીરૂપ સુહાય.

ગુરુના વિનયથી શ્રુતધર્મ અને ચારિત્રધર્મની પ્રાપ્તિ થાય છે.

ગુરુને આ પ્રમાણે નમસ્કાર કરી ગ્રન્થકાર **યોગદીપક** ગ્રન્થ રચવાની પ્રતિજ્ઞા કરે છે. યોગદીપક નામનો ગ્રન્થ કરું છું. યોગનો માર્ગ પ્રકાશ કરવાને આ ગ્રન્થ, દીપકની ઉપમાને ધારણ કરે છે.

હાલના કાળમાં યોગમાર્ગસંબંધી લોકોનું લક્ષ્ય વિશેષ નથી, તેથી આત્માની શક્તિઓનો પ્રકાશ અલ્પ દેખવામાં આવે છે. અધુના પંચમકાલમાં યોગમાર્ગનું આરાધન નિષ્કામબુદ્ધિથી કરવું એ મહાદુર્લભ છે.

વ્યાવહારિક બાહ્ય ક્રષ્ટક્રિયાઓમાં એકાંત મગ્ન થયેલા મનુષ્યો આત્માની ઉન્નતિ કરી શકતા નથી.

યોગમાર્ગથી જીવ શુકલપક્ષને અંગીકાર કરી શકે છે. "**अक्रियावादी कृष्णपक्षीयो, शुक्लपक्षीयो क्रियावादी रे**" આત્મા કર્મથી બંધાએલ છે, માટે કર્મનો નાશ કરવા ક્રિયાની આવશ્યકતા છે, એમ જે જિનાગમ શ્રદ્ધાપૂર્વક સ્વીકારે છે, તે શુકલપાક્ષિક છે.

યોગની યમનિયમાદિ ક્રિયાઓ પણ આત્માને કર્મબંધનથી મુક્ત કરવા કહેલી છે, માટે તે **સૂત્રસમ્મત આવશ્યક ક્રિયાઓ** છે. તેમજ

યોગમાર્ગમાં સહજમાર્ગ જ્ઞાનરૂપ છે, તેથી જ્ઞાનક્રિયારૂપ યોગમાર્ગ સદા વિજયવંત વર્તે છે.

યોગદીપક ગ્રંથ વાંચી અનેક જીવો પોતાના આત્માને તારવા માટે પ્રયત્ન કરશે. તેથી આ ગ્રન્થ પોતાના સ્વરૂપમાં રમણુતાના હેતુથી પોતાને અને પરને ઉપયોગી થશે, એવું જાણી અહીં તેનું વિવેચન કરવામાં આવે છે.

યોગની પ્રરૂપણા કરતાં પ્રથમ નાસ્તિક લોકોને ઊપદેશ આપી આત્માની અસ્તિતા પ્રશ્નપૂર્વક જણાવતા છતાં ગ્રન્થકાર કહે છે કે,—

૩. હું કોણ છું ?

कोऽहमात्मा चिदालक्ष्यो, भिन्नः पुद्गलभावतः ।
रत्नत्रयीस्वरूपेण, सत्तातोऽस्मि स्वभावतः ॥ ३ ॥

પ્રશ્ન–હું કોણ છું ? ઉત્તર–આત્મા. શાથી ઓળખાઉં છું ? જ્ઞાનવડે-હું લક્ષ્ય છું. પુદ્ગલદ્રવ્યથી ભિન્ન છું. જ્ઞાનદર્શનચારિત્રરૂપ રત્નત્રયીવડે સત્તાથી છું. તેમજ સ્વભાવથી છું.

ભાવાર્થ :—હું કોણ છું ? એમ સ્વાભાવિક વિચારતાં પ્રશ્ન ઉત્પન્ન થાય છે.

હું કોણ ? ઉત્તર–હું આત્મા છું.

આત્મા છે, એમ શાથી લક્ષ્યાય છે ? પ્રત્યુત્તરમાં કહે છે કે જ્ઞાનથી સમજાય છે, અનુભવ કરતાં માલૂમ પડે છે.

આત્મામાં સર્વ પદાર્થો જાણવાની જ્ઞાનશક્તિ રહેલી છે તેમજ સર્વ પદાર્થો દેખવાની આત્મામાં દર્શનશક્તિ રહી છે. પોતાના શુદ્ધ સ્વભાવે વર્તમાન ચારિત્રશક્તિ આત્મામાં રહેલી છે.

જેનાથી 'લડવું' ને 'ભેટવું' બન્ને દિવ્ય થાય તે જ ધર્મ, તે જ જીવન

એ પ્રમાણે જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ રત્નત્રયીવડે સત્તાથી હાલ તો આત્મા છે. જ્યારે એ ત્રણ રત્નનો પરિપૂર્ણ પ્રકાશ થાય ત્યારે પરિપૂર્ણ વ્યક્તિથી રત્નત્રયીરૂપ આત્મા ગણાય છે.

જે જે જ્ઞાનાદિ આવરણોનો જે જે અંશે નાશ થાય છે, તે તે અંશે વ્યક્તિપણાની અપેક્ષાએ હું રત્નત્રયીવડે યુક્ત આત્મા છું. ત્રણ કાલમાં આત્મા રત્નત્રયીથી ભિન્ન નથી.

શું આ રત્નત્રયી આત્માનો સ્વાભાવિક ધર્મ છે ? આના ઉત્તરમાં સમજવાનું કે, ખરેખર આત્માનો સ્વાભાવિક ધર્મ છે. વિભાવિક ધર્મ છે, તે આત્માનો ધર્મ ખરેખરો નથી.

સ્વાભાવિક ધર્મ આત્માનો છે, તે કદી નષ્ટ થતો નથી. જે ધર્મ સ્વાભાવિક છે તે પોતાનો છે અને વિભાવિક છે તે પોતાનો નથી.

રત્નત્રયી વિના જે જે અન્ય પદાર્થો છે, તેમાં કંઈ આત્મત્વ નથી ત્યારે તેમાં રાચીમાચી રહેવું તે કેવળ મોહભ્રાન્તિ છે.

પોતાનો શુદ્ધ ધર્મ ત્યાગીને જેઓ પરવસ્તુનો ધર્મ આદરે છે, તેઓ ત્રણ કાલમાં સુખી થતા નથી.

પ્રત્યેક વસ્તુઓ પોતપોતાના ધર્મે શોભે છે; પણ પરધર્મથી શોભતી નથી. આત્માનો સ્વાભાવિક ધર્મ જો આત્મા આદરે છે તો આત્મા શોભે છે. જડ વસ્તુનો ધર્મ આદરતો છતાં આત્મા જડ જેવો બને છે તેથી શોભી શકતો નથી.

અનાદિ કાળથી આવી અજ્ઞાનદશાના યોગે ચોરાશી લાખ જીવ-યોનિમાં અનંતવાર ભટકયો, ભટકે છે અને ભટકશે.

જ્યારે આત્મા પોતાનો શુદ્ધ ધર્મ પ્રાપ્ત કરે છે, ત્યારે તે પરધર્મથી મુક્ત થાય છે. વિભાવિકધર્મથી મુક્ત થયેલ આત્માને પરમાત્મા કહે છે.

મ્હોંની વરાળ જેવા 'નાટકીય' ઉપદેશો કરતાં શાંત મૌન 'ભલું' છે.

જ્યારે આત્માનું આ પ્રમાણે સ્વરૂપ છે, ત્યારે તે આત્મા કોને માનવો, તેનો વિશેષ વિચાર કરી નિર્ણય કરે છે.

૪. આત્માનું અસ્તિત્વ

अस्म्यहं प्रत्ययज्ञाता, जीवो भिन्नोऽस्ति देहतः ।
इन्द्रियाण्यपि नैवात्मा, तथैवं मनसोऽपि वै ॥૪॥

હું છું, એવા પ્રત્યયનો જ્ઞાતા આત્મા છે અને તે દેહથી ભિન્ન છે. ત્યારે શું ઇંદ્રિયો આત્મા છે ?

ઉત્તરમાં કહેવાનું કે પાંચઇન્દ્રિયો પણ આત્મા નથી. તે પ્રમાણે મનનું પણ સમજી લેવું અર્થાત્ મન પણ આત્મા નથી.

ભાવાર્થ :—હવે વિશેષ નિર્ણયથી આત્માની અસ્તિતાનું પ્રતિપાદન કરે છે. ભૂતકાલમાં હતો અને તે જ હું હાલ વર્તમાનમાં છું અને ભવિષ્યમાં પણ હોઇશ એવા પ્રત્યયનો જ્ઞાતા આત્મા છું.

કોઇ આત્માને ચેતન કહે છે. કોઇ જીવ કહે છે. કોઇ હંસ કહે છે. કોઇ બ્રહ્મ કહે છે. આત્મા છું એમ અનુભવથી નિશ્ચય થાય છે.

કોઇ કહે છે કે—આત્મા તો છે પણ દેહને જ આત્મા માનવો જોઇએ. તેના ઉત્તરમાં કહે છે કે, દેહથી આત્મા ભિન્ન છે.

દેહ છે તે જડ છે. સાત ધાતુથી બનેલો છે. અન્ય સાંખ્યાદિના મતપ્રમાણે પંચભૂતથી શરીર બનેલું છે. વાસ્તવિક રીતિથી દેહ એ પુદ્ગલ પરમાણુ દ્રવ્યનો બનેલો છે.

પુદ્ગલદ્રવ્ય જડ છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શમય છે. એક પરમાણુ પુદ્ગલદ્રવ્યમાં એક વર્ણ, એક ગંધ, એક રસ, અને બે સ્પર્શ રહેલો છે.

બાળકશા, હૃદયમાં જ અધ્યાત્મનું ' રસાયણ ' રહી શકે છે.

સડણ, પડણ અને વિધ્વંસન સ્વભાવમય પુદ્ગલ છે, માટે દેહ પણ પુદ્ગલદ્રવ્ય હોવાથી તેવા સ્વભાવવાળો છે. જડમાં જ્ઞાનગુણ નથી તેથી દેહ કંઈ પણ જાણી શકતો નથી.

સ્થૂલ દેહમાંથી આત્મા જ્યારે નીકળે છે, ત્યારે દેહને બાળી નાંખવામાં આવે છે પણ તે કંઈ સમજી શકતો નથી.

આત્મા જ્યારે દેહમાં હોય છે અને તે સમયે જો દેહ ઉપર અંગારો મૂકવામાં આવે તો ચૂમો પડાય છે. એ ઉપરથી સિદ્ધ થાય છે કે, દેહ તે આત્મા નથી. વળી દેહ તે આત્મા નથી તે સ્પષ્ટ કરે છે.

પુનર્જન્મના સિદ્ધાંત નિર્ણયથી દેહથી ભિન્ન આત્મા છે એમ નિશ્ચય થાય છે. કેટલાક પાશ્ચાત્ય વિદ્વાનો પણ હવે એમ સ્વીકારવા લાગ્યા છે કે, દેહથી ભિન્ન આત્મા છે અને તે એક શરીરમાંથી નીકળી અન્ય શરીરમાં પ્રવેશે છે.

સ્થૂલ દેહમાંથી નીકળીને અન્ય દેહમાં જતાં તૈજસ અને કાર્મણ એ બે શરીરને સાથે લઈ આત્મા પરભવમાં જાય છે. ઈંગ્લાંડ, જર્મની, અમેરિકા વગેરેમાં હાલ કેટલાક સંસ્કારિત વિદ્વાનો દેહથી ભિન્ન આત્મા છે એમ માને છે.

હું દેહમાં છું, દેહી છું, દેહ મારો છે, એવો વિચાર કરનાર દેહથી ભિન્ન છે એમ નિર્ણય થાય છે. હું દેહ છું, એવો વિચાર કોઈના હૃદયમાં ઉત્પન્ન થતો નથી, તેથી પણ નિર્ણય થાય છે કે–આત્મા દેહથી ભિન્ન છે.

દેહને જ આત્મા માનનારા નાસ્તિકો કહેવાય છે. જે લોકો દેહને આત્મા માને છે, તેમના મત પ્રમાણે તો જગતમાં નીતિધર્મની પણ આવશ્યકતા સિદ્ધ ઠરતી નથી. ધર્મ અને અધર્મની સિદ્ધિ પણ ઠરતી નથી. અન્યના ઉપર પરોપકાર કરવાની નીતિ પણ કોટિ ઉપાયે સિદ્ધ ઠરતી નથી. જડવાદીઓ હવે નિર્મૂલ થતા જાય છે. આસ્તિકોની

આત્મ 'ઠગાઈ'માં કુશળ 'મૂછાળાઓ' કરતાં ન મૂછાળી છોકરી ઉત્તમ છે.

આગળ જડવાદી નાસ્તિકોનું કંઈ પણ ચાલતું નથી. દેહથી ભિન્ન આત્માની સિદ્ધિ **પરમાત્મદર્શન** ગ્રંથમાં દર્શાવી છે, ત્યાંથી જોઈ લેવી.

હું દેહથી ભિન્ન છું. દેહમાં હું રહું છું. દેહ પિંજર છે. મારે દેહની રક્ષા કરવી જોઈએ. મારૂં શરીર જાડું છે. મારૂં શરીર પાતળું છે. બાલ્યાવસ્થામાં મારૂં શરીર નાનું હતું. હાલ મારૂં શરીર સારૂં છે ઇત્યાદી સર્વ વાકયો છે, તે દેહથી ભિન્ન આત્માની અસ્તિતા પ્રતિપાદન કરે છે.

સર્વ **જિનાગમો** દેહથી ભિન્ન આત્માની અસ્તિતા પ્રતિપાદન કરે છે. તેમજ ચાર **વેદ** પણ શરીરથી ભિન્ન ચૈતન્ય પદાર્થની અસ્તિતા પ્રતિપાદન કરે છે. **બૌદ્ધો** પણ શરીરથી ભિન્ન ક્ષણિકપણે આત્માની અસ્તિતા પ્રતિપાદન કરે છે. **સાંખ્યદર્શન** પણ દેહથી ભિન્ન આત્માની અસ્તિતા પ્રતિપાદન કરે છે. **યોગદર્શન** પણ દેહથી ભિન્ન આત્માની અસ્તિતા પ્રતિપાદન કરે છે. **નૈયાયિકદર્શન** અને **વૈશેષિકદર્શન** પણ શરીરથી ભિન્ન આત્માની અસ્તિતા પ્રતિપાદન કરે છે. **બ્રહ્મસમાજીઓ** પણ દેહથી ભિન્ન કેટલેક અંશે આત્માની અસ્તિતા પ્રતિપાદન કરે છે.

આત્મા દેહથી ભિન્ન છે, એમ અનુમાનપ્રમાણની પેઠે આગમ-પ્રમાણથી પણ સિદ્ધ થાય છે.

પત્થરમાં અને **વનસ્પતિમાં** પણ જીવ છે, એમ હવે મોટા મોટા પ્રોફેસરો પણ માનવા લાગ્યા છે અને તે સિદ્ધ કરી આપે છે.

કેટલાક વર્તમાનમાં પુનર્જન્મ દેખનારાઓનાં દૃષ્ટાંતો વર્તમાન-પત્રમાં મોજુદ છે. પશુપંખીમાં આત્મા નથી, એમ માનનારા ખ્રીસ્તી-ઓની સંખ્યામાં ઘટાટો થતો જાય છે.

મુસલમાનો પણ ખુદાની રૂહ તરીકે આત્માનો સ્વીકાર માને છે; પણ મુસલમાન ધર્મ અને ખ્રિસ્તિ ધર્મ પુનર્જન્મ માનતા નથી, તેથી

'બુદ્ધિ કેવળ' નર્તકી છે, 'અનુભવ' માત્ર મહાન ચીજ છે.

તેમણે માનેલો આત્મા અર્ધદગ્ધન્યાયને અનુસરે છે.

જ્યારે પુર્નજન્મની સિદ્ધિ માનવામાં આવે ત્યારે આત્મા છે, પુણ્ય પાપ છે, એમ સિદ્ધ થાય છે. પુનર્જન્મ જે માનતા નથી તેનો જડવાદમાં કથંચિત્ સમાવેશ થાય છે. પુર્નજન્મ માનનારી કોમે જે જગતનું ભલું કર્યું છે, તેવું ભલું અદ્યાપિપર્યંત જડવાદી કોમે કર્યું નથી.

પુર્નજન્મમાનનારી કોમના રાજાઓએ જગતમાં જેવી શાંતિ ફેલાવી છે, તેવી કોઈ જડવાદી નૃપતિઓએ ફેલાવી નથી. પુર્નજન્મ માનનારા યોદ્ધાઓ લડાઈમાંથી પગ પાછો મૂકતા નથી, તેનું કારણ એ છે કે તેઓ બીજા ભવમાં વિશેષ સુખ મળશે એવી શ્રદ્ધાવાળા હોય છે.

નાસ્તિક જડવાદી યોદ્ધાઓમાં એવી શ્રદ્ધાના અભાવે લડાઈમાં પરાજયપણું પામે છે, એ સ્વાભાવિક છે.

પુર્નજન્મમાં માનનારાઓ જેવી રાજ્યભક્તિ અને રાજાની ભક્તિ કરે છે, તેવી જડવાદીઓ કરી શકતા નથી. ઉલટા રાજાઓને પણ મારી નાખવા તૈયાર થઈ જાય છે.

દેહથી ભિન્ન આત્માને માનનારાઓ ઈશ્વર અને ગુરુની ભક્તિ કરે છે. સર્વ જીવોની દયા કરે છે. પોતાના આત્માસમાન અન્ય આત્માઓને માની કોઈને દુઃખ આપતા નથી. લડાઈ ટંટા વગેરે પાપકર્મથી દૂર રહે છે. પ્રભુભક્તિમાં સદાકાલ તલ્લીન રહે છે. સર્વ જીવોનું ભલું ઇચ્છે છે. નીતિધર્મમાં ચુસ્ત રહે છે.

પુર્નજન્મની હૃદયમાં પડેલી ઊંડી છાપ દુર્ગુણોનો નાશ કરે છે. પુર્નજન્મ માનનારાઓ સહજસુખની જે ખુમારી ધ્યાનમાં ભોગવે છે, તેની ગંધ પણ જડવાદી નાસ્તિકો જાણી શકતા નથી.

જે પુર્નજન્મ માને છે, તેના મતમાં બંધ, મોક્ષ, સિદ્ધ ઠરે છે, પણ જે પુર્નજન્મ નથી માનતા તેના મતમાં બંધ, મોક્ષ તેમજ આત્માની

'વ્યવહાર'ના દુર્ગંધી ડહાપણ વચ્ચે જીંદગીને જે નિર્મળ રાખે તે 'ચતુર' છે.

નિત્યતા સિદ્ધ ઠરતી નથી. પુર્નજન્મ માનતાં દેહથી ભિન્ન આત્મા સિદ્ધ ઠર્યો.

કેટલાક ઇન્દ્રિયોને આત્મા માને છે પણ ઇન્દ્રિયો આત્મા નથી, તે દર્શાવે છે.

કેટલાક મનુષ્યો ઇન્દ્રિયોને આત્મા માને છે, પણ જે બાહ્ય ઇન્દ્રિયો છે તે આત્મા નથી એમ સિદ્ધ થાય છે.

હું ચક્ષુથી દેખું છું, પણ હું ચક્ષુ નથી. હું નાસિકાથી સુંઘું છું, પણ હું નાસિકા નથી. હું કાનથી સાંભળું છું પણ હું કાન નથી. હું જિહ્વાથી ચાખું છું, પણ હું જિહ્વા નથી. હું ચામડીથી સ્પર્શ જાણું છું, પણ હું ચામડી નથી.

ચક્ષુ ફુટી જતાં પણ અંધાવસ્થામાં એવો નિશ્ચય થાય છે કે, પહેલાં હું ચક્ષુથી દેખતો હતો, હાલ હું દેખતો નથી. આ વિચાર પણ જણાવે છે કે–ચક્ષુથી ભિન્ન આત્મા છે.

એમ સર્વ બાહ્ય ઇન્દ્રિયોથી ભિન્ન આત્મા છે. એવી પ્રતીતિ થાય છે. બાહ્ય ઇન્દ્રિયો પણ સાંભળવા, દેખવા વગેરેનું કામ આત્માના ક્ષયોપશમના બળથી કરે છે.

જ્યારે આત્મા શરીરમાંથી ચાલ્યો જાય છે, ત્યારે આત્માનો જ્ઞાનાદિ ક્ષયોપશમ પણ આત્માની સાથે જાય છે, ત્યારે બાહ્યઇન્દ્રિયો જે ફક્ત આકારવાળી છે તે કંઈ પણ કરી શકતી નથી.

હું ઇન્દ્રિયોને વશ કરી શકતો નથી અથવા હું ઇન્દ્રિયોને વશ કરું છું. આવો નિશ્ચય એમ જણાવે છે કે–પાંચઇન્દ્રિયોથી ભિન્ન આત્મા જ છું એવો શબ્દપ્રયોગ કરે છે. આત્માનો બાહ્યપ્રકાશ થવામાં ઇન્દ્રિયો દ્વાર છે, સાધન છે, પણ આત્મા નથી એમ સાબિત કર્યું.

હવે મન પણ આત્મા નથી એમ જણાવે છે.

'મૂઢાં' પ્રેરીત ધાંધલની વચ્ચે ચુપ ને શાંત તે ' સશક્ત ' છે.

મન પણ આત્મા નથી. મનથી ભિન્ન આત્મા છે. મન બે પ્રકારનું છે. એક દ્રવ્યમન અને દ્વિતીય ભાવમન. દ્રવ્યમન છે તે પુદ્ગલમય છે અર્થાત્ મનોવર્ગણાને દ્રવ્યમન કહે છે. ભાવમન છે તે વિચારરૂપ છે અને વિચાર છે તે આત્માનો ક્ષાયોપશમિક જ્ઞાનગુણ છે અને તેથી ભાવમન છે. તે આત્માના ગુણરૂપ સિદ્ધ થાય છે.

અહિં દ્રવ્યમનની અપેક્ષાએ લખવાનું છે તે સમજી લેવું. દ્રવ્યમન જડ હોવાથી તે આત્માથી ભિન્ન ઠરે છે. કર્મગ્રન્થ, વિશેષાવશ્યક, પંચસંગ્રહ, વગેરે ગ્રન્થોમાં મનથી ભિન્ન આત્મા છે, એમ સિદ્ધ કર્યું છે.

મનોવર્ગણામાં અનંત પરમાણુઓ ભર્યા છે, કેટલાક પરમાણુઓ ખરે છે અને કેટલાક નવા પરમાણુઓ આવે છે ઇત્યાદિ પ્રતિપાદન કર્યું છે.

દ્રવ્ય મન જડ હોવાથી તે કંઈ સમજી શકાતું નથી, માટે દ્રવ્ય તે આત્મા નથી. દ્રવ્યમનમાં પરમાણુઓનો જથ્થો હોય છે પણ ભાવમન તો જ્ઞાનરૂપ હોવાથી તેમાં પરમાણુનો જથ્થો નથી. પરમાણુઓના જથ્થાથી બનેલું દ્રવ્યમન છે, એમ અનેક વિદ્વાનો શોધ કરીને માનવા લાગ્યા છે.

મનોવર્ગણાની શુભાશુભતાનો આધાર શુભાશુભ વિચાર ઉપર છે. જે લોકો આર્ત્તધ્યાન અને રોદ્રધ્યાનમાં પ્રવૃત્તિ કરે છે, તેઓની મનોવર્ગણા ખરાબ હોય છે. ઇત્યાદિ ઘણો વિચાર અહિં લખવા યોગ્ય છે, પરંતુ ગ્રંથવિસ્તારના ભયથી સંક્ષેપમાં કહેવાય છે.

દ્રવ્યમનોવર્ગણા શુભ-શુભતર બનાવવી હોય તો સારા વિચારો કરવાની ટેવ પાડવી. નઠારા વિચારો ઉત્પન્ન થવા દેવા નહિ. શુભ

વિચારો કરવાની ટેવ પાડવાથી દ્રવ્યમનોવર્ગણા સારી થશે. પ્રસંગોપાત્ત આટલું જણાવી હવે મૂલ પ્રસ્તુત વિષય પર આવીએ.

દ્રવ્યમન એ આત્મા નથી, દ્રવ્યમનથી ભિન્ન આત્મા છે. નૈયાયિક અને વેદાન્તદર્શન પણ કેટલેક અંશે (એકાંતે) મનથી ભિન્ન આત્મા કહે છે.

મનને હું વશ કરું. આમ કહેનાર મનથી ભિન્ન છે, એમ સિદ્ધ થાય છે.

હવે વાણી વગેરે પણ આત્મા નથી, તે ગ્રન્થકાર લક્ષ્ય દઈ કહે છે.

૫. વાણીથી ભિન્ન આત્મા

नास्ति वाणी तथैवात्मा, रक्तं नास्ति जडत्वतः ।
प्रत्यक्षादिप्रमाणेन, सिद्ध आत्मा हि शाश्वतः ॥ ५ ॥

તે પ્રમાણે વાણી પણ આત્મા નથી તેમજ જડપણાથી રક્ત (રુધિર) પણ આત્મા નથી. પ્રત્યક્ષ વગેરે પ્રમાણથી આત્મા શાશ્વત સિદ્ધ થાય છે.

ભાવાર્થ—વાણી જે શબ્દાત્મક છે. તે આત્મા નથી. કેટલાક લોકો ફક્ત શબ્દ છે, તેજ આત્મા છે; તે વિના અન્ય કોઈ નથી અને કેટલાક તો શબ્દની જ પૂજ્યતા સ્વીકારે છે, પણ આગમ પ્રમાણથી વિચારીએ તો માલૂમ પડે છે કે, શબ્દ એ પુદ્ગલ પરમાણુઓનો બનેલો છે. કહ્યું છે કે,—

सद्दंधयारउज्जोअ, पभाछायातवेहिया ।
वन्नगंधरसाफासा, पुग्गलाणं तु लक्खणं ॥

શબ્દ, અંધકાર, ઉદ્યોત, પ્રભા, છાયા, તાપ, વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ, એ સર્વ પુદ્ગલનાં લક્ષણ છે.

આપણી 'અંદર' જ આપણો મહાન 'ઈશ્વર' અહોનિશ નાદ કરે છે.

અનંતાનંત પરમાણુઓની શબ્દવર્ગણા બનેલી છે. શબ્દવર્ગણારૂપ વાણી એક ઠેકાણેથી અન્ય ઠેકાણે જાય છે. શબ્દવર્ગણા પુદ્ગલ હોવાથી તે જડ છે અને જડ હોવાથી તે ચેતન નથી. તેમજ રક્ત પણ જડત્વપણાથી આત્મા નથી.

કેટલાક કહે છે કે, રૂધિર છે તેજ આત્મા છે પણ આમ કહેવું અસત્ય છે. કારણ કે રૂધિર જડ પરમાણુઓનું બનેલું છે. જડમાં જડત્વધર્મ છે, તેથી રૂધિર તે આત્મા ત્રણ કાલમાં નથી.

પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને આગમ પ્રમાણથી આત્માની સિદ્ધિ થાય છે. પ્રત્યક્ષ પ્રમાણથી સર્વજ્ઞોએ સાક્ષાત્ આત્માને દીઠો છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખદુઃખની લાગણી આદિ હેતુઓથી આત્માની સિદ્ધિ થાય છે.

જે સુખદુઃખને જાણે છે, તે આત્મા છે. જેનામાં સુખદુઃખ જાણવાપણું નથી, તે આત્મા નથી. જેવો સિધ્ધાત્મા છે, તેવો જ શરીરમાં રહેલો આ આત્મા છે. સિધ્ધાત્મા અષ્ટકર્મથી મુક્ત થયો છે અને શરીરમાં રહેલો આત્મા અષ્ટકર્મથી મુક્ત થયો નથી.

જિનેન્દ્ર સર્વજ્ઞ હોવાથી તેમની વાણી પ્રમાણભૂત છે. જિનેન્દ્ર સર્વજ્ઞ હોવાથી તેમના જાણવા જોવામાં કોઈ જાતનો વિરોધ આવતો નથી માટે તેમનાં કહેલાં આગમ પ્રમાણભૂત છે.

આગમમાં આત્માનું અત્યંત સૂક્ષ્મ ભેદોથી સ્વરૂપ વર્ણવ્યું છે, માટે આગમપ્રમાણથી પણ આત્માની સિદ્ધિ થાય છે.

આત્મા અનાદિકાળથી છે અર્થાત્ આત્માને બનાવનાર કોઈ નથી. આત્મા શાશ્વત છે. ત્રણકાલમાં એકસરખી રીતે તેની અસ્તિતા છે. આત્મા કદી ઉત્પન્ન થયો નથી, માટે તે અજ કહેવાય છે.

જડ 'શાસ્ત્રો' પર આત્માની રોશની ન ઉતરે, તો તે શાસ્ત્રો 'અંધારીયાકુવા' છે.

કેટલાક ઈશ્વરકર્તાવાદીઓ આત્માઓનો બનાવનાર ઈશ્વર સ્વીકારે છે પણ તે સત્ય નથી. કારણ કે જો ઈશ્વર આત્માઓને બનાવે તો આત્માઓને કઈ વસ્તુમાંથી બનાવ્યા અને તે વસ્તુ પહેલાં ક્યાં હતી ? તેનો કોઈ જ ઉત્તર નથી.

તેમજ આત્માઓ જો બનાવેલા માનવામાં આવે તો ઉત્પન્ન થયેલી વસ્તુઓની પેઠે આત્માની પણ ક્ષણિકતા સિધ્ધ થાય, એ મોટો દોષ આવે છે. ઇત્યાદિ અનેક દોષો આ પક્ષમાં આવે છે. જો તેનો વિસ્તાર કરવામાં આવે તો એક ગ્રન્થ થઈ જાય, માટે અહીં વિસ્તાર કરવામાં આવતો નથી.

જૈનો આત્માને શાશ્વત માને છે. **વેદાંતિઓ** પણ આત્માને નિત્ય માને છે. **વેદાનુયાયીઓ** પણ આત્માને નિત્ય માને છે. **નૈયાયિકો** પણ આત્માને નિત્ય માને છે, પણ તેમનો માનેલો આત્મા ચિંતનીય છે, અર્થાત્ એકાન્તપણે માનવાથી દોષવૃન્દવિલાસને પામે છે.

આત્માને સિદ્ધ કહ્યો છે, તે શુદ્ધ નિશ્ચયનયની અપેક્ષાએ કહ્યો છે. વસ્તુતઃ આત્માનું મૂળ સ્વરૂપ વિચારીએ તો સિદ્ધના જેવું છે. કર્મથી રહિત થતાં આત્મા પરમાત્માને પામે છે.

બૌદ્ધો આત્માને ક્ષણિક માને છે. આત્મા ક્ષણે ક્ષણે બદલાય છે. પૂર્વક્ષણમાં જે આત્મા હતો, તે પશ્ચાત્ ક્ષણમાં નથી, અર્થાત્ ક્ષણ-વિનાશી આત્મા છે.

પરંતુ ઉત્તરોત્તર આત્મામાં જ્ઞાનસંતતિપ્રવાહ ચાલ્યો જાય છે, આમ તેમનું કહેવું યોગ્ય ઠરતું નથી; કારણ કે આત્માને ક્ષણિક માનતાં અપર આત્મામાં જ્ઞાનસંતતિપ્રવાહ જતો નથી ઇત્યાદિ પ્રસંગે કહેવાશે.

કેટલાક જૈનેતર દર્શનો આત્માને નિત્ય સ્વીકારે છે, તે જડવાદીઓ કરતાં અપેક્ષાએ અનંતગણાં સારાં છે, પરંતુ તેમના મનમાં એકાંતપક્ષ

હોવાથી સર્વથા સત્ય સિદ્ધ ઠરતાં નથી. આ પ્રમાણે અસ્તિતાની પરિપૂર્ણ સિદ્ધિ થઈ.

હવે આત્મા કયાં રહે છે ? તે વ્યાપ્ય છે કે વ્યાપક છે, તે જણાવે છે.

आत्माऽसङ्ख्यप्रदेशैश्च, देहव्यापी चतुर्गतौ ।
केवलज्ञानभावेन, सर्वव्यापक इष्यते ॥ ६॥

અસંખ્ય પ્રદેશોવડે આત્મવ્યક્તિ કહેવાય છે અને તે કર્મના યોગે દેહવ્યાપી ચાર ગતિમાં છે. જ્યારે કેવલજ્ઞાન થાય છે, ત્યારે કેવલજ્ઞાન ભાવવડે સર્વવ્યાપક ઇચ્છાય છે.

ભાવાર્થ :—આત્માના અસંખ્યાત પ્રદેશ છે અને તે અરૂપી છે. કર્મના યોગે આત્મા દેહમાં વ્યાપીને રહે છે. કુંથુઆના શરીરમાં તેમજ હાથીના ભવમાં હાથી જેવડા શરીરમાં અસંખ્ય પ્રદેશોવડે વ્યાપીને રહે છે.

જેમ નીલમણિનો પ્રકાશ જલના લઘુપાત્રમાં વ્યાપીને રહે છે તેમજ મોટા જલપાત્રમાં પણ વ્યાપીને રહે છે, તેમજ આત્મા પણ પોતાના અસંખ્ય પ્રદેશો વડે નાના તેમજ મોટા શરીરમાં વ્યાપીને રહે છે.

દેવગતિ, મનુષ્યગતિ, તિર્યંચગતિ અને નરકગતિમાં જ્યાં સુધી આત્મા રહે છે, ત્યાં સુધી અસંખ્યાત પ્રદેશોવડે દેહવ્યાપી છે, એમ જાણવો અને જ્યારે કેવલજ્ઞાન થાય છે, ત્યારે આત્મામાં લોકાલોક સર્વનો ભાસ થાય છે; માટે સર્વવ્યાપક આત્મા જ્ઞાનની અપેક્ષાએ છે.

સ્યાદ્વાદરીતિથી માનેલા આત્મામાં અણુવાદ અને વ્યાપકવાદનો સમાવેશ થાય છે. **શંકરાચાર્ય** એકાંત આત્માને વ્યાપક માને છે

' આંતરજ્યોતિ ' પ્રગટાવે તેજ શાસ્ત્રો માત્ર સ્વીકારવા યોગ્ય છે.

અને તે સર્વ પ્રાણીઓનો એક આત્મા માને છે.

રામાનુજ આચાર્ય આત્માને અણુરૂપ માને છે અને તે પ્રતિશરીર ભિન્ન માને છે. અને આત્મા તે પરમાત્મા થતો નથી એમ સ્વીકારે છે.

જ્યારે આ બે આચાર્ય ભિન્ન ભિન્ન વાદ સ્વીકારી પરસ્પર એક બીજાના વાદને તોડવામાં અનેક દૂષણો ન્યાયયુક્તિથી દેખાડે છે.

શંકરાચાર્યના મતવાળા મહાદેવની ઉપાસના કરે છે. **રામાનુજ** આચાર્યના પંથવાળા વિષ્ણુની ઉપાસના કરે છે. આ પ્રમાણે અપેક્ષારહિત સ્વસિદ્ધાંતને સ્થાપન કરનાર શંકરાચાર્ય અને રામાનુજ આચાર્ય પોતાના પક્ષ કરતાં પ્રતિપક્ષી પક્ષને અસત્ય ઠરાવે છે. ત્યારે જૈનદર્શન તે બે વાદ છે પણ અપેક્ષાથી પોતાના પક્ષમાં સ્થાપન કરી અનેકાન્તપણે વિજય કરે છે.

એકાંતપણે ઉઠેલા આવા અસંખ્ય વાદોને અનાદિકાળથી જૈનદર્શન સાપેક્ષપણે પોતાના અનેકાન્તસ્વરૂપમાં સમાવે છે.

આત્માના પ્રદેશ વ્યક્તિની અપેક્ષાએ આત્મ વ્યાપ્ય છે અને જ્ઞાનની અપેક્ષાએ જ્ઞેયવસ્તુના પ્રતિભાસથી આત્મા સર્વવ્યાપક છે. આમ અપેક્ષાએ વ્યાપ્ય અને વ્યાપકભાવ માનતા કંઈ ખંડનમંડન રહેતું નથી.

જ્યાં સાપેક્ષાએ બન્ને બાજુથી તપાસીને વસ્તુ માનવામાં આવે છે, ત્યાં ખંડન મંડનની મારામારી રહેતી નથી.

એકાંત આત્માને વ્યાપ્ય માનીએ તોપણ ઘટે નહિ, તેમજ એકાંત આત્માને વ્યાપક માનીએ તોપણ ઘટે નહિ, માટે અપેક્ષાએ બન્ને વાદ માનવાની જરૂર છે, તે જણાવતા છતાં ગ્રન્થકાર કહે છે.

' મહત્તાશાળી ' પુરૂષોને પીછાનવા મહત્તાભર્યું અંતઃકરણ જોઈએ.

व्याप्यव्यापकभावत्वं, सापेक्षातः स्फुटं मतम् ।
नित्यानित्यप्रवादानां, समासो जैनदर्शने ॥ ७ ॥

જૈનદર્શનમાં વ્યાપ્ય અને વ્યાપકપણું સાપેક્ષાથી સ્ફુટ માનેલું છે તેમજ નિત્યવાદ અને અનિત્યવાદનો સમાવેશ થાય છે.

ભાવાર્થ :–આત્મા વ્યક્તિથી શરીરને વ્યાપી રહે છે, માટે તે વ્યાપ્ય કહેવાય છે અને જ્ઞાનમાં સર્વ ભાસે છે, તેની અપેક્ષાએ વ્યાપક કહેવાય છે. આમ બે બાબતો પણ સાપેક્ષાથી સ્ફુટ માની શકાય છે.

આમ વ્યાપ્ય અને વ્યાપકપણું માનવાથી કોઈ એકાંતે વ્યાપ્યપણું આત્માનું માને છે. તેના ઉપર પણ માધ્યસ્થ્યભાવ રહે છે. તેમ કોઇ એકાંતે વ્યાપકપણુ આત્માનું માને છે એવા શિવમતાનુયાયી ઉપર પણ મધ્યથતા રહે છે. એમ માધ્યસ્થભાવના રહેવાથી રાગદ્વેષનો ક્ષય થાય છે. અને રાગદ્વેષનો ક્ષય થવાથી આત્માની પરમાત્મદશા થાય છે.

આમ પરમાત્મદશા પ્રાપ્તિમાં સાપેક્ષાવાદ જ સુગમમાર્ગ ભાસે છે. કારણ કે આ પ્રમાણે સાપેક્ષાવાદ માનવાથી કોઇનું ખંડનમંડન એકાંતે થતું નથી.

પોતાના ધર્મની વૃદ્ધિ માટે અપશબ્દ તેમજ તરવારની ધારની જરૂર પડતી નથી. સાપેક્ષવાદથી દરેક ધર્મો કે જે દુનિયામાં પ્રવર્તે છે, તેના ઉપર પણ સમભાવ આવવાથી કોઈ મનુષ્યનું બુરૂં કરવાની બુદ્ધિ થતી નથી

જ્ઞાનદર્શનચારિત્રની આરાધના કરવામાં મનની સ્થિરતા થાય છે. સર્વદર્શનવાળાઓની સાથે ભ્રાતૃભાવ રહે છે. ક્રોધાદિક દોષનો નાશ થતાં ચિત્તની નિર્મલતા રહે છે. હૃદયની શુદ્ધિ થતાં પરમાત્માનું યથાર્થ ધ્યાન થાય છે.

અનેકાંતવાદની યથાર્થ પ્રરૂપણા કરતાં છતાં પણ એકાંતવાદ ઉપર રાગ કે દ્વેષ થતો નથી. આત્મામાં અપેક્ષાએ યજુર્વેદમાં પણ બે

નર શુભ કરણી કરે તો 'નર' નો 'નારાયણ' થાય.

ધર્મ સ્વીકાર્યા છે. **तदेजते तन्नैजते तद् ब्रह्म एजते कम्पते तद्ब्रह्म न एजते न कम्पते** તે બ્રહ્મ હાલે છે. વ્યવહારની અપેક્ષાએ પણ વસ્તુતઃ તે બ્રહ્મ કંપાયમાન થતું નથી અર્થાત્ હાલતું નથી.

આમ **યજુર્વેદમાં** પણ એક બ્રહ્મને બે અપેક્ષાએ કહ્યું છે તેમજ જૈનદર્શનમાં પણ અપેક્ષાએ એક જ આત્મામાં બે ધર્મ સ્વીકારવામાં આવે છે, તેથી કોઈ જાતનો વિરોધ આવતો નથી.

આત્મામાં નિત્યપણું અને અનિત્યપણું માનવામાં આવે છે.

વેદાન્તશાસ્ત્રો બ્રહ્મ અર્થાત્ આત્માને એકાંત નિત્ય જ માને છે અને આત્માના અનિત્યવાદનું એકાંત ખંડન કરે છે, તેમજ **બૌદ્ધોનાં** શાસ્ત્રો આત્માને એકાંત ક્ષણિક માને છે. ક્ષણુક્ષણમાં આત્મા ઉત્પન્ન થઈ મરી જાય છે અને અન્ય આત્મા ઉત્પન્ન થાય છે.

ત્રણ લોકમાં એક આત્મા હોતો નથી. લુગડાની ગડીઓ હોય છે, તેમાં નીચેની ગડીમાં કસ્તૂરી મૂકવામાં આવે તો જેમ ઉપરઉપરની ગડીમાં કસ્તુરી ચાલી જાય છે, તેમ પૂર્વનો આત્મા નષ્ટ થતાં જ્ઞાનસંતતિ ઉત્તરોત્તર આત્મામાં ચાલી જાય છે, પણ આત્મા રહેતો નથી.

વેદાંતઓ કહે છે, હે **બૌદ્ધો** ! પૂર્વના આત્માના સમાનકાળમાં ઉત્તરઆત્મા માનવામાં આવે તો વિજ્ઞાનસંતતિ ચાલી જાય. પણ ઉત્તર આત્માની ઉત્પન્ન દશામાં પૂર્વનો આત્મા ન હોય તો વચમાં જ્ઞાનસંતતિ કોના આધારે રહી ? અર્થાત્ કોઈના આધારે ન રહી તેથી પૂર્વના આત્માની જ્ઞાનસંતતિ ઉત્તરઆત્મામાં જઈ શકે નહીં.

આ પ્રમાણે **વેદાંતિયોનું** બોલવું સાંભળી **બૌદ્ધો** કહે છે કે– તમારૂં કહેવું યથાર્થ નથી, કારણ કે પૂર્વક્ષણનો આત્મા જો કે **ઉત્તરક્ષણ** આત્માનો સમાનકાલીન હોય તો પણ પૂર્વક્ષણે જ્ઞાનસંતતિ છે, તે ઉત્તરક્ષણ આત્મામાં ચાલી જાય છે, જેમ કયારના બીજને લાખના રંગની ભાવના દેવામાં આવે અને પશ્ચાત્ તેને વાવવામાં આવે તો

ઉત્પન્ન થનાર કપાસમાં રક્તતા આવે છે, ત્યારે સમજવાનું કે કારણકાલ ભિન્ન ઉત્તરક્ષણ કાર્યકાલ આ દૃષ્ટાંતમાં જોવામાં આવે છે, તેથી કારણ-કાર્યનો સમાન ક્ષણભાવનો નિયમ નથી.

આ પ્રમાણે વેદાંતિઓ ઉત્તર સાંભળી પ્રતિપાદન કરવા લાગ્યા કે, કારણકાર્ય ક્ષણનો સમાનકાલ પ્રતિપાદ્યસિદ્ધ છે. લાક્ષારંગની સંતતિની અસ્તિતા કપાસવૃક્ષમાં ઝીંડવું થતાં પહેલાં વર્તે છે, તેથી કારણકાર્યની સમાનકાલતા છે.

બૌદ્ધો તેથી અન્ય રીતિથી પ્રતિપાદન કરે છે. આ પ્રમાણે આત્માના સંબંધી નિત્યવાદ અને અનિત્યવાદ એકાંત બન્ને વાદિયો પ્રતિપાદન કરે છે. પછી આ પ્રમાણે બન્ને પક્ષવાદિઓ સામસામી કલેશ કરે છે.

જિનદર્શને તો આ બે પક્ષસંબંધી જુદી રીતે અભિપ્રાય આપે છે અને કહે છે કે આત્મા કથંચિત્ નિત્ય છે અને કથંચિત્ અનિત્ય છે.

આત્મા કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય છે.

આત્મા દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ નિત્ય છે અને પર્યાયાર્થિક નયની અપેક્ષાએ આત્મા અનિત્ય છે. આત્મા મૂળ દ્રવ્યરૂપે સદાકાળ નિત્ય છે. આત્મદ્રવ્યમાં ત્રણે કાલે ફેરફાર થતો નથી.

આત્માના પર્યાયો ક્ષણે ક્ષણે ઉત્પન્ન થાય છે અને નષ્ટ થાય છે. દૃષ્ટાંત જેમ આત્મા મનુષ્યના શરીરપણે ઉત્પન્ન થાય છે, મનુષ્યના શરીરપણે નષ્ટ થાય છે અને દેવતાના શરીરપણે ઉત્પન્ન થાય છે. તેમ દેવતાના શરીરપણે નષ્ટ થઈ મનુષ્યપણે ઉત્પન્ન થાય છે, પણ આત્મપણું તો અનેક આકૃતિઓ ધારણ કર્યા છતાં પણ કાયમ રહે છે. આ તો અશુદ્ધ આત્માનું દૃષ્ટાંત આપ્યું.

શુદ્ધ આત્મામાં તે પ્રમાણે ઉત્પાદવ્યયપણે અનિત્યપણું જાણવું

' મનુષ્યત્વ'ને ખુબ કેળવીએ તો સ્વતઃ ' દેવત્વ' પામીએ.

તેમજ દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ સ્થિરપણું જાણવું.

આ પ્રમાણે ષડદ્રવ્યોમાં નિત્યાનિત્યપણું સમજી લેવું. આમ અપેક્ષાએ નિત્યાનિત્યપણું માનતા કોઈના ઉપર રાગ કે દ્વેષ રહેતો નથી.

નિત્ય અને અનિત્ય એમ બે પક્ષ આત્મામાં અપેક્ષાએ સ્વીકાર્યાથી વેદાંત અને બૌધ્ધદર્શનનો જૈન દર્શનમાં સમાવેશ થાય છે. તેથી સ્યાદ્વાદદર્શન માનતાં અપેક્ષાએ સર્વદર્શનનું આરાધન થાય છે. આમ સાપેક્ષવાદ માનતાં કોઈ જાતનો કદાગ્રહ રહેતો નથી.

હવે એકાનેક ધર્માદિ માટે કહે છે.

एकोऽनेको नयेनात्मा, वाच्यावाच्यस्तथैव च ।
कर्त्ताऽकर्त्ता च हर्त्ता वै, सापेक्षातः प्रभासते ॥ ८ ॥

નયની અપેક્ષાએ આત્મા એક છે અને અનેક છે તેમજ વાચ્ય અને અવાચ્ય છે તેમજ આત્મા અપેક્ષાએ કર્તા તથા અકર્તા છે તથા કર્મનો હર્તા પણ ભાસે છે.

ભાવાર્થ :—દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ આત્મા એક છે અને પર્યાયાર્થિકનયની અપેક્ષાએ આત્મા અનેક છે. આત્માનું સ્વરૂપ કથંચિત્ વાચ્ય છે અને કથંચિત્ અવાચ્ય છે.

સંસારમાં કર્મબંધ હેતુઓથી આત્મા કર્મનો કર્તા છે અને આત્મરમણતાની અપેક્ષાએ કર્મનો અકર્તા છે. તેમજ શુદ્ધધર્મની અપેક્ષાએ શુદ્ધકર્મનો કર્તા છે અને કર્મનો હર્તા છે, એમ સાપેક્ષથી સ્યાદ્વાદ રહસ્ય હૃદયમાં ભાસે છે.

કેટલાક આત્માને એક જ માને છે, ત્યારે કેટલાક આત્માને અનેક માને છે અને પરસ્પર એકબીજાનું ખંડન કરે છે. પણ જો

મ્હાણી શકાએ તો આ 'જીવમાં'જ સ્વર્ગની સુંદરતા ભરી છે,

અપેક્ષા સમજવામાં આવે તો એક બીજાના પક્ષને સમજતા મધ્યસ્થતા રહે છે.

કેટલાક એકાંત આત્માને કર્મનો કર્તા જ માને છે, અર્થાત્ કદી આત્મા કર્મની ક્રિયાથી રહિત થતો નથી. સદાકાલ કર્મ કર્યા કરે છે. આમ માને છે, તેને પૂછવામાં આવે તો કહે છે કે – આત્માનો કર્મ કરવાનો સ્વભાવ છે, તેથી તે કર્મથી રહિત થઈ શકે નહીં.

અકર્તાવાદી–આત્મા કર્મનો કર્તા માનવો એ ભ્રમ છે, કારણ કે, આત્માનો કર્મ કરવાનો સ્વભાવ છે જ નહિ.

કર્મકર્તૃવાદી–જો આત્મા કર્મ ન કરતો હોય તો શરીરાદિ સંબંધ હોવો જોઈએ નહિ. કર્મ વિના શરીરનો સંબંધ નથી.

અકર્તૃવાદી–શરીર જડ છે, જડની ક્રિયા જડ કરે. આત્મા ચેતનાવંત છે, તેથી જડની ક્રિયા કરે નહિ.

કર્તૃવાદી–હે અકર્તૃવાદિન્! જડની ક્રિયાનો કર્તા જો આત્મા ન માનવામાં આવે તો આત્મા તે કર્મનો ભોક્તા થઈ શકે નહિ.

જગત્માં એક સુખી દેખાય છે, એક દુઃખી દેખાય છે, તેનું કારણ કર્મ અવશ્ય માનવું જોઈએ. જો તેનું કારણ કર્મ નહિ માનવામાં આવે તો જીવને સુખદુઃખની વ્યવસ્થા ઘટી શકશે નહિ.

અકર્તૃવાદી–હે કર્તૃવાદિન્! તમારૂં કહેવું યથાયોગ્ય નથી. કારણ કે પરવસ્તુ જે જડ છે, તેનો કર્તા આત્મા શી રીતે હોઈ શકે? પરવસ્તુનું કર્તૃપણું પરવસ્તુમાં છે, તે કંઈ અન્ય વસ્તુમાં જતું નથી, તેથી કર્મનો કર્તા આત્મા સંભવતો નથી, હું કરું છું, ભોગવું છું, એવો અધ્યાસ (અનુભવ) તો ફક્ત અજ્ઞાનતાના લીધે આત્માને થાય છે. માટે આત્મા સદાકાલ અકર્તા છે.

મૂર્ખ જીવો ફોગટ કર્મથી આત્મા બંધાય, એમ માની હું

અંતરમાં આનંદ, રસ, પ્રેમ ને પ્રભુતાના ઉભરાઓ આવે તે જ સ્વર્ગ છે.

બંધાઉ છું, એમ ભ્રમ ધારણ કરે છે, અને તેથી તપશ્ચર્યા વગેરે અનેક કષ્ટો કરે છે, અહો કેટલી ખેદની વાત!!!

કર્તૃવાદી–હે અકર્તૃવાદિન્! તમો જે બોલો છો, તે યુક્તિયુક્ત નથી, કારણ કે કર્મની ક્રિયાનો કર્તા જો આત્મા ન હોય તો કર્મ આત્માને ન લાગે અને જ્યારે કર્મ આત્માને ન લાગે તો આત્માને જન્માદિક લેવાની જરૂર જ પડે નહીં. પણ શરીર ધારણ કર્યું તે તો પ્રત્યક્ષ જણાય છે, ત્યારે તે આત્માની ક્રિયા વિના શી રીતે હોઈ શકે, તે વિચારવું જોઈએ.

હું કરું છું, હું ભોગવું છું, આવો જે અનુભવ થાય છે તે ભ્રમરૂપ નથી. જો ભ્રમરૂપ માનવામાં આવે તો આત્મા છે, એવો અનુભવ પણ ભ્રમરૂપ કેમ ન ગણાય? અને જો તે ભ્રમરૂપ ગણાય છે, એમ સ્વીકારશો તો શૂન્યવાદનું શરણ લેવું પડશે. માટે આત્માને કર્મનો કર્તા સદાકાલ માનવો જોઈએ.

કર્મ કરવાનો તેનો મૂળ સ્વભાવ હોવાથી તે કદી કર્મરહિત થતો નથી અને અનાદિકાળથી કર્મ કરવાનો સ્વભાવ કદી છૂટે નહિ.

અકર્તૃવાદી–હે કર્તૃવાદિન્! જડનો કર્તા જો આત્મા માનીએ તો આત્મા પણ જડ થઈ જાય. આત્મા પોતાના સ્વરૂપની ક્રિયા છોડીને અન્ય કર્મની ક્રિયા કરવા જાય તો જડ બની જાય, માટે આત્મા કર્મનો કર્તા નથી. કર્મનો કર્તા આત્મા છે, એમ માનવું તે તો કેવલ ભ્રમ છે.

અગ્નિ જો જલની ક્રિયા કરે તો અગ્નિ કહેવાય નહીં. તેમજ જલ જો અગ્નિની ક્રિયા કરે તો જલ કહેવાય નહીં. જ્યારે આ પ્રમાણે દૃષ્ટાંતોથી પણ આત્મા અકર્તા સિદ્ધ થાય છે, ત્યારે કર્મક્રિયાનો કર્તા કેમ માનવો જોઈએ? હું કર્તા છું, એ તો કેવલ ભ્રમમાત્ર છે.

કર્તૃવાદી—હે અકર્તૃવાદિન્! આત્મા જ્યાં સુધી સંસારમાં રહે છે, ત્યાં સુધી કર્મનો કર્તા જાણવો. કર્મપરમાણુઓને ખેંચવાની શક્તિ

જો આત્મામાં ન માનવામાં આવે તો આત્માને સુખદુઃખ ઘટે નહીં. કદાપિ એમ કહેવામાં આવશે કે સુખદુઃખ થાય તે પણ ભ્રમ છે, તો પૂર્વપ્રમાણે કહીશું કે આત્માને ભ્રમરૂપ કેમ માનતા નથી ?

જ્યારે આત્મા સિદ્ધ થાય છે, ત્યારે તેની સાથે લાગેલું કર્મ પણ સિદ્ધ થાય છે. જો કર્મ ન લાગેલું માનીએ તો નીતિ, તપ, જપ, જ્ઞાન અને ધ્યાન વગેરે કરવાની જરૂર કંઈ પણ રહે નહિ, શુભાશુભ કર્મ વિના જગતમાં ન્યાય અને અન્યાયની પણ સિદ્ધિ થાય નહીં.

ઇત્યાદિ કર્મનો કર્તૃવાદી અને અકર્તૃવાદી પોતપોતાની યુક્તિથી અને અનેક સંકલ્પોથી એકબીજાનું એવી રીતે ખંડન કરે છે કે, જેનો પાર આવે નહિ, ત્યારે જૈનદર્શન સાપેક્ષાએ કર્મનું કર્તાપણું અને અકર્તાપણું સ્વીકારે છે.

વ્યવહારનયની અપેક્ષાએ આત્મા કર્મનો કર્તા છે. વ્યવહારનયના છ ભેદ છે. તે છની અપેક્ષાએ જુદી જુદી રીતે આત્મા કર્તા છે. તેમજ શુદ્ધનિશ્ચયનયની અપેક્ષાએ આત્મા કર્મનો કર્તા નથી.

જ્યાં સુધી કર્મના હેતુઓને આત્મા અવલંબે છે, ત્યાં સુધી કર્મનો કર્તા કહેવાય છે. વ્યવહારનય છે, તે કર્મ અને આત્માના સંયોગને ગ્રહણ કરે છે, તેથી વ્યવહારનયમતથી કર્મનો કર્તા આત્મા કહેવાય છે.

શુદ્ધ નિશ્ચયનય ફક્ત એક આત્માના જ સ્વરૂપને ગ્રહણ કરે છે માટે શુદ્ધ નિશ્ચયનયની અપેક્ષાએ આત્મા કર્મનો કર્તા નથી. આમ કર્તૃવાદ અને અકર્તૃવાદનો સમાવેશ પણ જૈન દર્શનમાં થાય છે.

બે વાદીયો અપેક્ષાએ એકબીજાને સમજ્યા વિના વાદવિવાદ કરતા હતા. જૈનદર્શને અપેક્ષા સમજાવી બેને શાંત કર્યા. વ્યવહારનયની અપેક્ષાએ અનાદિ કાળથી કર્મનો કર્તા આત્મા છે, પણ જ્યારે આત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ ઓળખે છે અને શુદ્ધ સ્વરૂપમાં જે જે અંશે

થોડું પરંતુ મીઠું, ભવ્ય ને 'સુંદર' જીવવામાં જ 'વિજય' છે.

રમણુતા કરે છે, તે તે અંશે આત્મપ્રદેશોથી કર્મના પરમાણુઓને ખેરવી નાખે છે.

આત્મા કર્મની સર્વ પ્રકૃતિયો ખેરવીને પરમાત્મા બને છે. જ્યારે આ પ્રમાણે આત્મા કર્મનો નાશ કરે છે, ત્યારે કર્મનો અકર્તા આત્મા કહેવાય છે.

આત્મા વ્યવહારનયની અપેક્ષાએ મન, વચન અને કાયાના યોગને ધારણ કરવાથી યોગી કહેવાય છે અને શુદ્ધ નિશ્ચયનયની અપેક્ષાએ અયોગી કહેવાય છે, એમ અપેક્ષાએ બે ધર્મ સ્વીકારતા વાદવિવાદના ઝઘડા રહેતા નથી.

પતંજલિ યોગના અષ્ટાંગભેદ માની તેનાથી મુક્તતા સ્વીકારે છે, ત્યારે વ્યાપક બ્રહ્મવાદી કહે છે કે–આત્મા અબદ્ધ છે તેથી સદાકાલ મુક્ત છે, માટે યોગની જરૂર નથી એમ સ્વીકારે છે અને કહે છે કે– અનાદિમુક્ત સર્વવ્યાપક આત્માને કોઈનો યોગ નથી તો યોગ શી રીતે સિદ્ધ થાય ?

પતંજલિ જણાવે છે કે–આત્મા પ્રકૃતિથી બંધાયેલ છે. જ્યાં સુધી આત્મા માયાના સંબંધમાં છે, ત્યાં સુધી રાગદ્વેષાદિક દોષો રહે છે. માટે રાગ દ્વેષાદિક દોષોનો નાશ કરવા માટે યોગનાં આઠ અંગ માનવાં જ જોઈએ. અનાદિથી બ્રહ્મ માયાથી મુક્ત છે, એ સિદ્ધાંત નથી. ઇત્યાદિ પોતાની યુક્તિયો જણાવે છે. જૈનદર્શન આ બે પક્ષને પણ અપેક્ષાએ સ્વીકારે છે.

અનાદિકાળથી કર્મનો સંબંધ આત્માને છે અને તેથી ૮૪ લાખ જીવયોનિમાં અનેક શરીર ધારણ કરી આત્મા પરિભ્રમણ કરે છે. આઠ કર્મ છે, તેનો નાશ કરવા માટે યોગનાં અષ્ટ અંગ છે. કર્મનો નાશ થતાં આત્મા તે પરમાત્મા થાય છે, ત્યારે કેવલજ્ઞાનમાં લોકાલોક ભાસવાથી સર્વત્ર વ્યાપક આત્મા ગણાય છે. એમ અપેક્ષાએ અમુક સ્થિતિએ અમુક પક્ષ ઘટી શકે છે.

'ચૈતન્ય'ના થનથનાટપૂર્વક– 'જ્ઞેમ' સહિત જીવવામાં મજા છે.

આત્મરૂપ ઈશ્વરે આ શરીરરૂપ જગત બનાવ્યું છે, માટે આત્મા તે **બ્રહ્મ** કહેવાય છે અને આત્મરૂપ ઈશ્વર આ દેહરૂપ શરીરનું પ્રતિપાલન કરે છે, માટે તે **વિષ્ણુ** કહેવાય છે અને આત્મારૂપ ઈશ્વર આ દેહરૂપ જગતનો આયુષ્યની મર્યાદાએ સંહાર કરે છે, માટે તે **મહાદેવ** ગણાય છે. આમ અપેક્ષાએ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરપણું પણ આત્મામાં ઘટે છે.

આત્મરૂપ ઈશ્વર જ આ દેહરૂપ સૃષ્ટિનો ઉત્પન્ન કર્તા છે. અને તેમાં રહી સુખદુઃખ ભોગવે છે. આત્મારૂપ ઈશ્વર આ શરીરમાં રહી વૃત્તિયોરૂપ ગોપિકાઓની સાથે અનેક પ્રકારની શાતા અને અશાતાયોગે ક્રીડા કરે છે માટે તે કૃષ્ણ કહેવાય છે.

આત્મરૂપ ઈશ્વરની અનંત શક્તિ છે, માટે તે અનંત શક્તિમાન્ કહેવાય છે. આત્મારૂપ ઈશ્વર ઇન્દ્રિયોને જીતી જ્યારે કેવલજ્ઞાન પામે છે, ત્યારે તે **સિદ્ધબુદ્ધ** કહેવાય છે. આત્મારૂપ ઈશ્વર કર્મના યોગે જે જે ગતિમાં અવતાર લે છે, ત્યાં તે તેવો કહેવાય છે. આત્મારૂપ ઈશ્વર જ્યારે સર્વ કર્મનો ક્ષય કરે છે, ત્યારે તે ફરીથી અવતાર લેતો નથી. જ્યાં સુધી આત્મા કર્મ સંબંધયુક્ત છે, ત્યાં સુધી આત્મારૂપ ઈશ્વર અવતાર ધારણ કરે છે.

આ પ્રમાણે અપેક્ષાએ આત્માનું સ્વરૂપ માનતાં હઠ, કદાગ્રહ તથા મમતા રહેતી નથી અને સર્વ વાદો અપેક્ષાપૂર્વક સમજવાથી રાગદ્વેષ રહેતા નથી.

આત્માનું સ્વરૂપ કથંચિત અપેક્ષાએ વાણીથી કહેવા યોગ્ય છે માટે તે **વાચ્ય** છે અને કથંચિત્ અપેક્ષાએ આત્માનું સ્વરૂપ વાણીથી પણ પેલીપાર છે, માટે તે **અવાચ્ય** છે.

કોઈ વાદી આત્માને એકાંત અવાચ્ય માને છે અને કેટલાક આત્માને વાચ્ય માને છે, એમ કથંચિત્ આત્માને વાચ્યાવાચ્ય માનવામાં આવે છે.

જો આત્માને સર્વથા અવાચ્ય માનવામાં આવે તો ઉપદેશ, પુસ્તક વગેરેની અસિદ્ધતા થાય. તેમજ એકાંત વાચ્ય કહેવામાં આવે તો ભાષા પુદ્ગલમય હોવાથી અને આત્મા અરૂપી હોવાથી વાચ્યપણું યથાર્થ ઘટી શકે નહીં, માટે અપેક્ષાએ કહેતાં કોઈ જાતનો દોષ આવતો નથી.

જૈનદર્શન સર્વ વસ્તુઓના ધર્મોને અપેક્ષાથી કહે છે, માટે સ્યાદ્વાદદર્શન ઉત્તમોત્તમ દર્શન છે, એમ સર્વને સમજતાં નિશ્ચય થાય છે.

જેમ જેમ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમભાવથી આત્મા સ્યાદ્વાદપણે વસ્તુને જાણે છે, અનુભવે છે, તેમ તેમ વિશેષતઃ આસ્તિક્યને પ્રાપ્ત કરે છે.

સમજો કે સર્વ વસ્તુઓનું જ્ઞાન થયું તેથી શું થયું ? એમ કોઇ કહે તો તેના પ્રત્યુત્તરમાં જણાવવાનું કે, સ્યાદ્વાદપણે જેમ જેમ વસ્તુઓનું વિશેષ જ્ઞાન થાય છે, તેમ તેમ આત્મામાં વિવેક પ્રકટે છે, માટે આત્માનું સ્વરૂપ નયાદિકથી સમજવું જોઈએ.

सर्वस्मिन् सर्वतोभिन्नो, ज्ञानेन व्यक्तितः स्वयम् ।
नयैर्ज्ञातं स्वरुपं मे, तथैव सप्तभङ्गतः ॥९॥

નયોવડે મારું સ્વરૂપ (મારા આત્માનું સ્વરૂપ) જાણ્યું. તેમજ સપ્તભંગીથી મારા આત્માનું સ્વરૂપ જાણ્યું. તેથી જ્ઞાનની અપેક્ષાએ હું સર્વમાં છું અને તેમજ વ્યક્તિની અપેક્ષાએ હું સર્વથી પોતે ભિન્ન છું.

ભાવાર્થ:— નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દનય, સમભિરૂઢ અને એવંભૂત એ સાત નયોથી મેં આત્માનું સ્વરૂપ જાણ્યું.

તેમજ સ્યાદ્અસ્તિ સ્યાન્નાસ્તિ, સ્યાત્ અવક્તવ્ય, સ્યાત્ અસ્તિનાસ્તિ, સ્યાત્ અસ્તિ અવક્તવ્યમ્, સ્યાતનાસ્તિ અવક્તવ્યમ્, સ્યાત્ અસ્તિનાસ્તિ યુગપત્

'ઝરા'ની માફક ખળખળ વહેતી 'જીંદગી' એજ જીંદગી છે.

અવક્તવ્યમ્. એ સપ્તભંગી વડે મેં આત્માનું સ્વરૂપ જાણ્યું. સાત નયો અને સપ્તભંગીનું વિશેષ સ્વરૂપ અસ્મદીય **આત્મપ્રકાશ** ગ્રંથમાંથી જોઈ લેવું.

જ્ઞાનમાં સર્વ જ્ઞેય પદાર્થોનો ભાસ થાય છે, તેથી તે અપેક્ષાએ સર્વમાં હું આત્મા છું, એમ કહેવું યુક્તિયુક્ત સંઘટે છે. તેમજ આત્માના જ્ઞાનમાં સર્વ પદાર્થો ભાસે છે, પણ તેથી આત્માનો જ્ઞાનગુણ કંઈ અન્ય પદાર્થરૂપ થઈ જતો નથી.

અન્ય જડ પદાર્થથી જ્ઞાનગુણ ભિન્ન જ રહે છે, તેમજ જ્ઞાનગુણનો આધારભૂત આત્મા પણ સર્વ જડ પદાર્થોથી અથવા અન્ય ચેતન દ્રવ્યોથી ભિન્ન રહે છે. તે અપેક્ષાએ આત્મા પોતે જ્ઞાન અને આત્મ-વ્યક્તિની અપેક્ષાએ સર્વથી ભિન્ન છે, એમ સિદ્ધ થાય છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાલ એ પાંચદ્રવ્યથી ભિન્ન આત્મદ્રવ્ય છે.

આત્મદ્રવ્ય અનંત છે. એક આત્મામાં અનંત જ્ઞાન, અનંત દર્શન અને અનંત ચારિત્ર છે. એક સમયમાં લોકાલોકનો ભાસ થવાની શક્તિ આત્મામાં રહી છે. સિદ્ધ ભગવાન એક સમયમાં લોકાલોક જાણે છે. સર્વ જડ પદાર્થોથી આત્મા ભિન્ન છે અને સર્વને જાણે છે. કહ્યું છે કે,—

"સબસે ન્યારા સબ હમમાંહિ, જ્ઞાતાજ્ઞેયપણા ધારે
ધન ધન બુદ્ધિસાગર જગમેં, આપ તરે પરકું તારે"
"સબમેં હે પ્રભુ સબમેં નાહિ તું નટરૂપ અકેલો"

ઇત્યાદિ વાક્યો પણ આ શ્લોકના ભાવાર્થની સિદ્ધિ કરે છે. આત્મામાં અનંત જ્ઞાનાદિ ગુણો રહ્યા છે. અનંત ઋદ્ધિ આત્મામાં રહી છે, બાહ્ય વસ્તુમાં ઋદ્ધિ શોધનારાઓ ભૂલ કરે છે. આત્માની ઋદ્ધિમાં જ ખરેખરો આનંદ છે.

નવનવા 'સ્ફુરણ' વચ્ચે 'દોડતા' જીવનમાં જ 'મનુષ્યત્વ'નો વાસ છે.

બાહ્યાનંદ તો ક્ષણિક છે, માટે બાહ્ય વસ્તુમાં રાચવું માચવું નહિ. આત્મા આનંદને માટે પણ બાહ્ય વસ્તુઓને ગ્રહણ કરવા ઇચ્છે છે; પણ જો તેને ખાત્રી થાય તો બાહ્ય વસ્તુઓમાં મુંઝાય નહીં.

આત્માને જ્યારે વિવેકજ્ઞાન પ્રાપ્ત થાય છે, ત્યારે તે નિશ્ચય કરે છે કે ખરેખર હું બાહ્ય પદાર્થો કે જે જડ છે, તેમાં હું નથી. બાહ્ય વસ્તુઓમાં અહં અને મમત્વ બુદ્ધિથી રાગદ્વેષ કરી ભૂલ્યોઝુલ્યો રખડ્યો; પણ ખરી શાંતિ મળી નહિ.

આત્મિક શુદ્ધ સ્વરૂપના અવબોધથી ખરેખર સત્ય આનંદ પ્રાપ્ત થાય છે, માટે હવે વિચારવું જોઈએ કે, બાહ્ય પદાર્થોમાં હું એટલે આત્મા નથી, ત્યારે મારે શા માટે બાહ્યપદાર્થમાં મિથ્યાભિમાન કરવું જોઈએ? અલબત્ત, ન કરવું જોઈએ.

હે આત્મન્! તારું ધન તો જ્ઞાન, દર્શન ચારિત્ર, વીર્ય, સુખ વગેરે છે. આત્મધનથી બાહ્ય સુવર્ણ વગેરે ધન તો ભિન્ન છે. આત્મિક ધનની આગળ બાહ્ય ધન તો કંઈ પણ હિસાબમાં નથી.

બાહ્ય સર્વ ધનથી આત્મા ભિન્ન છે, એમ પુનઃ પુનઃ ક્ષણે ક્ષણે ભાવના કરવાથી આત્મા ભેદજ્ઞાનની પ્રાપ્તિ કરે છે. હું સર્વથી ન્યારો છું. આ અમૂલ્ય વાકય વૈરાગ્ય રંગમાં આત્માને તલ્લીન કરે છે.

આ દેખાતા સ્થૂલ પદાર્થમાં કોઈપણ પ્રકારની વાસના રહેતી નથી. બાહ્ય વસ્તુઓની વાસનાયોગે બાહ્ય વસ્તુઓના સંબંધમાં અવતાર લઈ આવવું પડે છે.

જડ પદાર્થોના વિશેષ સંબંધમાં આવવાથી આત્મા જ્ઞાનાદિક ઋદ્ધિથી દૂર રહે છે અને તેથી પરિણામ એ આવે છે કે, આત્મા પોતાના સહજ સુખના અજ્ઞાનને લીધે બાહ્યમાં ને બાહ્યમાં રાચીમાચી રહે છે અને તેથી આત્મસુખની ગંધ પણ વેદી શકતો નથી, અને જ્યાં સુધી તે આત્મ સુખને વેદી શકતો નથી, ત્યાં સુધી તે આત્મ-

ભયંકર 'જોખમ'ના તટપર જ આ જીંદગીની લહેજત છે.

સુખનો વિશ્વાસી બની શકતો નથી. અંતે પરિણામ એ આવે છે કે તે જડમાં જ સુખની બુદ્ધિ ધારણ કરે છે, માટે આત્મસુખ પ્રાપ્ત કરવા માટે સર્વ બાહ્ય વસ્તુથી આત્માને ભિન્ન ભાવવો જોઈએ.

કેટલાક જડ પદાર્થો અજ્ઞાનતાના કારણે પ્રિય લાગે છે, અને તેથી તેમાં રાગ થાય છે. પણ શાસ્ત્રકાર તેમાં પ્રિયપણું માનવું યોગ્ય નથી, એમ જણાવતા છતાં કહે છે કે,

कुतः प्रियपदार्थेषु, ममत्वं क्रियते मया ।
बाह्यभावात् प्रभिन्नोऽस्मि, तत्र रागो न युज्यते ॥१०॥
कुतोऽप्रियपदार्थेषु, द्वेषत्वं क्रियते मया ।
प्रियाप्रियत्वं मनसः, कल्पितं नास्ति ब्रह्मणः ॥११॥

અહો ! મારા વડે શાથી પ્રિય જડ પદાર્થોમાં મમત્વભાવ કરાય છે ? ખરેખર હું બાહ્ય જડ પદાર્થોથી પ્રકર્ષ (અત્યંત) ભિન્ન છું, ત્યાં રાગ કરવો ઘટતો નથી.

અપ્રિય પદાર્થો પર મારે શા માટે દ્વેષ કરવો જોઈએ ? પ્રિય અને અપ્રિયપણું મનથી કલ્પેલું છે, વસ્તુતઃ આત્માનું નથી.

ભાવાર્થ :—અજ્ઞાનતાને લીધે કલ્પેલા પ્રિય પદાર્થોમાં અહો મારાથી શા કારણથી મમત્વભાવ કરાય છે, ખરેખર બાહ્ય પદાર્થોમાં પ્રિયતા કલ્પવી તેજ ભ્રાંતિ છે.

બાહ્ય પદાર્થોમાં જ્યાં સુધી સુખની આશા છે, ત્યાં સુધી તેમાં પ્રેમ રહે છે અને ત્યાં સુધી જ તેમાં મમત્વ બંધાએલું રહે છે.

પણ આત્મા જ્યારે જડ અને ચેતનનો ભેદ સમજે છે, ત્યારે નિશ્ચય કરે છે કે, હું બાહ્ય પદાર્થથી ભિન્ન છું, મારે ત્યાં રાગ કરવો ઘટતો નથી.

ઇન્દ્ર, ચન્દ્ર, નાગેન્દ્ર અને ચક્રવર્તી સરખાઓ મારૂં મારૂં કરતા અન્યગતિમાં ચાલ્યા ગયા, પણ કોઇ પદાર્થ તેઓની સાથે ગયો નહીં.

સદાય પરિવર્તનશીલ જીવનમાં જ માણસાઈની નિશાની છે.

આત્મા જ્યારે આવી રીતે નિશ્ચય કરે છે, ત્યારે જડ પદાર્થના પ્રેમને લીધે મમત્વવિષ વ્યાપી રહ્યું હતું, તે મમત્વવિષ ઉતરી જાય છે. મમત્વવિષ ઉતરી જવાથી આત્મા જાગ્રત થાય છે, પોતાના શુદ્ધ સ્વરૂપે જાગે છે, અને તેથી સંસારમાં સુખની બુદ્ધિ રાખતો નથી.

આખું જગત્ મમત્વ ભાવથી બંધાઇ ગયું છે. આ મારૂં, એ મારો, ઇત્યાદિ ભાવથી પોતાને પોતે જગત્ ઓળખી શકતું નથી.

મમત્વભાવથી બંધાએલું જગત્ ઉન્મત્ત પુરુષની પેઠે વિવિધ પ્રકારની ચેષ્ટાઓ કરે છે. ઘડીમાં હસે છે, ઘડીમાં રૂવે છે, લડે છે, શોક કરે છે, ઉપજે છે, અને મરે છે, એમ મમત્વયોગે જગત્ની વિચિત્ર દશા દેખવામાં આવે છે.

વૈર, ઝેર, ઇર્ષ્યા, કુસંપ આદિ દુર્ગુણોની ઉત્પત્તિ ખરેખર મમત્વના યોગે થાય છે.

કેટલાક પદાર્થો ઉપર રાગ થાય છે, ત્યારે પ્રતિકૂળ કેટલાક પદાર્થો ઉપર દ્વેષ થાય છે. આમ રાગ અને દ્વેષનું ચક્ર સદાકાલ ચાલ્યા કરે છે.

રાગ અને દ્વેષનો ત્યાગ કર્યા વિના મુક્તિ નથી. કહ્યું છે કે, રાગદ્વેષકો ત્યાગબિન, મિક્તિકો પદ નહિ, કોટી કોટી જપ તપ કરે, સબ અકારજ થાઇ

જગત્માં જ્યાં ત્યાં રાગ અને દ્વેષે ભ્રમિત જીવો અનેક પ્રકારનાં કુકર્મ કરે છે. અહો ! રાગ દ્વેષનું એટલું બધું જોર છે કે તેમાંથી કોઈ વિરલા મનુષ્યો છૂટી શકે છે.

સાંસારિક જડ પદાર્થોમાં પ્રિયપણાની બુદ્ધિથી આત્મા તે પદાર્થો તરફ ઘસડાતો જાય છે. અંતે તે પદાર્થો ક્ષણિક હોવાથી નષ્ટ થતાં પુનઃ શોક પેદા થાય છે.

જીવનઝરાના 'નાદ'માંથી પ્રત્યેક પળે નવું જીવન મેળવવું ઘટે.

ઇન્દ્રજાળસમાન ક્ષણિક પદાર્થોમાં શું રાચવું શું માચવું ? જે પદાર્થો પ્રાતઃકાલમાં સુંદર દેખાય છે, તેજ પદાર્થો સંધ્યા સમયે ખરાબ દેખાય છે.

જે ભક્ષ્ય પદાર્થો ક્ષણમાં પ્રિય લાગે છે, તેજ પદાર્થો ક્ષણમાં અપ્રિય લાગે છે. જે પદાર્થો અપ્રિય લાગે છે તેજ પદાર્થો પુનઃ પ્રિય લાગે છે.

જ્યારે આમ વિચારીએ છીએ, ત્યારે પ્રિયપણું અને અપ્રિયપણું મનની કલ્પનાથી કલ્પાએલું લાગે છે. મનની કલ્પનાથી કલ્પાએલું પ્રિયપણું અને અપ્રિયપણું મિથ્યા છે, ત્યારે કયાં રાચવું ? અને કયાં દ્વેષ કરવો ?

બાહ્ય પદાર્થો પર થતું પ્રિયપણું ખરેખર ભ્રાંતિરૂપ છે. વસ્તુતઃ બાહ્ય પદાર્થો પ્રિય કે અપ્રિય નથી. મનમાં ઉઠેલું પ્રિય અને અપ્રિયપણું છે તે ક્ષણિક છે.

મન ક્ષણિક હોવાથી જગત્માં બાહ્ય પદાર્થો જે જે છે, તે સર્વથી હું ભિન્ન છું.

બાહ્ય પદાર્થો ક્ષણિક છે, જડ છે, રૂપી છે અને હું આત્મા તો અવિનાશી છું, ચેતન છું, અરૂપી છું, આનંદમય છું, અનંત જ્ઞાનાદિક શક્તિનો સ્વામી છું.' બાહ્યપદાર્થોમાં મારા–મારાપણું કરવું, તે ખરેખર મિથ્યા કલ્પના છે.

ખરેખર આ પ્રમાણે સર્વ બાહ્ય પદાર્થોથી હું આત્મા ભિન્ન છું. એમ જો નિશ્ચય થયો તો હવે બાહ્ય લક્ષ્મી, રાજ્ય, મહેલ વગેરે પદાર્થોમાં પ્રિયપણું માનવું કેમ ઘટે ? અલબત્ત ન ઘટે.

હે ! આત્મા, સત્યતત્ત્વનો વિચાર કર ! તારૂં છે તે જ તારૂં છે. હવે તે કેમ ભૂલવું જોઈએ ! કહ્યું છે કે,

---

અહો ! કાંટાઓની સેના વચ્ચે 'ગુલાબ' કેવું મધુર 'જીવન' જીવે છે.

ભૂલી આતમજ્ઞાનકી બાજી, માયામાં મલકાવું,
ભ્રમણામાં ભૂલીને રે ભાઈ, બ્રહ્મસ્વરૂપ કેમ પાવું.
ચેતાવું ચેતી લેજે રે, એક દિન જરૂર ઉઠી જાવું.
તારું તારી પાસે જાણી, સમતામાં દીલ લાવું,
અલખનિરંજન આત્મજ્યોતિ, બુદ્ધિસાગર ધ્યાવું. ચેતાવું

આત્માની જ્ઞાનાદિ ઋદ્ધિ આત્મામાં જ છે, પણ જડ પદાર્થોમાં નથી એમ નિશ્ચય છે. હું એક આત્મા છું, કર્મના યોગે સંસારમાં પરિભ્રમણ કરૂં છું, પણ સંસારમાં નથી.

આ પ્રમાણે નિશ્ચય થતાં સહજ સુખસ્વરૂપમય આત્મામાં જ ઉપયોગ રહે છે. આવી શુદ્ધ ઉપયોગ દશામાં રહેતાં અનંત આનંદની વાનગી મળે છે.

આત્માના સુખની વાનગી મળતાં બાહ્ય પદાર્થો પર રાગ કે દ્વેષ રહેતો નથી. બાહ્યપદાર્થોની પ્રાપ્તિ માટે કલેશ રહેતો નથી.

બાહ્ય પદાર્થો જેવા કે ઘર, મહેલ, પૃથ્વી, ધન વગેરે માટે તૃષ્ણા રહેતી નથી. બાહ્ય પદાર્થો માટે મારામારી રહેતી નથી.

દેશ, કુટુંબ, વર્ગ અને ગચ્છ વગેરેની મમતા રહેતી નથી. કોઈ બાહ્ય પદાર્થ લઈ જાય છે, તો તેના ઉપર દ્વેષ થતો નથી.

જ્યારે બાહ્ય પદાર્થો પર કોઈપણ પ્રકારનો ભાવ ઉત્પન્ન થતો નથી, ત્યારે જ સમભાવદશા કહેવાય છે, તે પ્રાપ્ત થાય છે.

સમભાવનું સ્વરૂપ આગળ કહેવામાં આવશે. અત્રે તો બાહ્ય પદાર્થોમાંથી મમત્વભાવ ઉઠવાથી તેમાં રાગ થતો નથી, એટલું જ કહેવાનું છે.

દ્વેષવૃત્તિથી જગત્‌ના પદાર્થો દ્વેષરૂપ લાગે છે અને રાગવૃત્તિથી જગત્‌ના પદાર્થો રાગરુપ લાગે છે; આમ મનોકલ્પનાથી રાગદ્વેષ વૃત્તિ જ ખરાબ છે.

'મુશ્કેલીઓ' વચ્ચેથી જ 'મનુષ્યત્વ'નું સુંદર ઘડતર થાય છે.

કંઈ બાહ્ય પદાર્થોનો વસ્તુતઃ વિચારીએ તો વાંક નથી. રાગ અને દ્વેષવૃત્તિ થાય છે, તેમાં અજ્ઞાન અને મોહના કારણ છે. શુદ્ધાત્મા તેમાં કારણ નથી.

આ પ્રમાણે વિચારીએ છીએ તો માલૂમ પડે છે કે, મનકલ્પનાથી પ્રિયાપ્રિયત્વ ભાવનાની જંજાળ ઉઠી છે અને તેથી જ આત્મા જડ પદાર્થો તરફ અને દુઃખ તરફ ઘસડાતો જાય છે, તેમજ અનેક પ્રકારના અવતારો ધારણ કરે છે.

જ્યારે અજ્ઞાન મોહમય મનઃકલ્પના નાશ પામે છે, ત્યારે સંસારનો અંત આવે છે. મોહમય મનની કલ્પનાથી દૂર રહેવા માટે આત્માને ભાવવો. સર્વ જડ વસ્તુઓમાં પ્રિય અને અપ્રિયભાવ થાય છે તે ન થવા દેવો જોઈએ. આત્માનું શુદ્ધ સ્વરૂપ છે, તે કર્મભાવથી ભિન્ન છે, તેનો યથાર્થ વિચાર કરી જવો.

આ પ્રમાણે વિવેકજ્ઞાનથી આત્માનું શુદ્ધસ્વરૂપ વિચારતાં રાગ અને દ્વેષની ભાવનાઓ ક્ષય પામતી જાય છે અને આત્મદશાની ઉજ્વલતા થાય છે.

જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થતો જાય છે, અને તેથી જ્ઞાનવડે સર્વ પદાર્થોનો આત્મામાં ભાસ થાય છે. તેજ આત્માને વ્યુત્પત્તિથી સિદ્ધ કરી બતાવે છે.

मीयन्ते सर्वतो भावा, अनेन ब्रह्मचक्षुषा ।
आत्मेति कथ्यते तेन, सम्यग् व्युत्पत्तियोगतः ॥ १२ ॥

આત્માના જ્ઞાનગુણ વડે જે સર્વ પદાર્થો જણાય છે, મપાય છે આથી તે સમ્યગ્વ્યુત્પત્તિયોગથી આત્મા કહેવાય છે.

ભાવાર્થ :—આત્મા જ્ઞાનગુણવડે સર્વ પદાર્થોને જાણી શકે છે. કોઇપણ પદાર્થ એવો નથી કે તે આત્માના જ્ઞાનગુણમાં ભાસ્યા વિના રહે.

સંકટોને 'હસતાં હસતાં' સત્કારે તેનો જ જીવનબાગ ખીલે છે.

જેમ જેમ કર્માવરણોથી રહિત આત્મા થતો જાય છે, તેમ તેમ જ્ઞાનમાં વિશેષ વિશેષ પદાર્થો ભાસતા જાય છે,

છેવટ સર્વથા જ્ઞાનાવરણીયકર્મનો નાશ થતાં સંપૂર્ણ પદાર્થોનો કેવલજ્ઞાનમાં ભાસ થાય છે, ત્યારે આત્મા તે પરમાત્મા કહેવાય છે. સર્વ પદાર્થો અમુક અમુક છે, એમ જાણવાની શક્તિના લીધે આત્મા કહેવાય છે.

આત્માની સર્વશક્તિઓમાં જ્ઞાનશક્તિ મુખ્યતા ભોગવે છે. કારણ કે આત્માની અસ્તિતાનો પુરાવો જ્ઞાનશક્તિ છે.

આત્માનો જ્ઞાનગુણ સ્વાભાવિક ધર્મ છે, તેથી કોઇપણ અવસ્થામાં જ્ઞાનગુણ નાશ પામતો નથી.

મતવાદીઓ મુક્તાવસ્થામાં આત્મામાં જ્ઞાનનો નાશ માને છે, પણ તે યુક્તિયુક્ત વાત નથી. સંપૂર્ણ કર્મ આવરણોનો નાશ થતાં આત્મામાં સંપૂર્ણ કેવલજ્ઞાનગુણ ખીલે છે.

જ્યાં કોઇપણ પદાર્થનું ભાન નહિ તે મુક્તિ કહેવાય જ નહીં. (ઈંટ અને પત્થરના સમાન એવી મુક્તિને કોઈ ઇચ્છે જ નહીં.)

આત્માના આઠ રુચક પ્રદેશો બીલકૂલ ગમે તેવાં જ્ઞાનવરણ આવે તો પણ અવરાતો નથી. अक्खरस्स अणंतमो भागो निच्चुग्घाडियो होइ. જ્ઞાનનો અનંતમો ભાગ નિત્ય ઉઘાડો રહે છે. સર્વકાલમાં જ્યાં ત્યાં જ્ઞાનથી આત્માને ઓળખી શકાય છે

જ્ઞાનનું વિશેષ સ્વરૂપ

विज्ञानमात्मनो धर्मः, स्वान्यभावप्रकाशकम् ।
आत्मनो ज्ञानपर्याये, लोकाऽलोकं विलीयते ॥ १३ ॥

વિજ્ઞાન છે તે આત્માનો મૂળ સ્વાભાવિક ધર્મ છે અને તે સ્વ અને પરનો પ્રકાશ કરે છે. જ્ઞાન એ આત્માનો પર્યાય છે અને

'મુસીબતો' મંજુર હોય તેને જ 'સાચું' જીવવાનો અધિકાર છે.

તેમાં લોકાલોક વિલય પામે છે, (અર્થાત્ લોકાલોકનો ભાસ થાય છે)

ભાવાર્થ :—વિજ્ઞાન એ આત્માનો ધર્મ છે, સ્વપરપ્રકાશક જ્ઞાનગુણ છે. જે મતવાદિયો એક જ વસ્તુનો સ્વીકાર કરે છે, તેમનામાં **स्वान्यभावप्रकाशक** વિશેષણ ઘટતું નથી. જડ અને ચેતન એ બેનો સ્વીકાર કરતાં આ વિશેષણ ઘટી શકે છે.

જ્ઞાનગુણ પોતાના આત્માનો પ્રકાશ કરે છે, પણ કોઈ એમ શંકા કરે, કે જ્ઞાનગુણ અન્યનો ભલે પ્રકાશ કરે; પરંતુ પોતાના પ્રકાશ માટે અન્યની જરૂર પડવાની.

જેના ઉત્તરમાં સમાધાન કરવામાં આવે છે કે, જ્ઞાનગુણ પોતાનો સ્વયમેવ પ્રકાશ કરે છે, મતિજ્ઞાન આદિ પાંચપ્રકાર જ્ઞાનના છે. જ્ઞાનના બે ભેદ પણ થાય છે. ક્ષયોપશમભાવીય જ્ઞાન અને ક્ષાયિકભાવીય જ્ઞાન. ક્ષાયિકભાવના જ્ઞાનને કેવલજ્ઞાન કહે છે, તે આવ્યું કહી જતું નથી.

જ્ઞાનગુણનું વિશેષ વર્ણન અસ્મદીય **પરમાત્મદર્શન** અને **परमात्मज्योति** ગ્રંથમાં છે, તેથી વિશેષ જિજ્ઞાસુએ ત્યાંથી વિશેષ અધિકાર જોઈ લેવો. ગ્રંથગૌરવભયથી અહિં સંક્ષિપ્તતઃ વિવેચન કરવામાં આવ્યું છે.

આત્માના અસંખ્યાત પ્રદેશ છે, તે અસંખ્યાત પ્રદેશો અરૂપી છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શગુણ જેનામાં હોય તેને રૂપી કહે છે અને જેનામાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હોતા નથી છતાં દ્રવ્ય તરીકે હોય છે, એવા પ્રદેશોને અરૂપી પ્રદેશો કહે છે.

આત્માના એકેક પ્રદેશમાં અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર, અનંતવીર્ય, અનંતસુખ વગેરે અનંતગુણ રહ્યા છે. આત્માના એકેક પ્રદેશનું એક સમયનું જ્ઞાન છે, તેમાં લોકાલોક ભાસે છે, આવી આત્માના જ્ઞાનગુણની શક્તિ છે.

જ્ઞાનાવરણ છતે ભાસવાની શક્તિ તિરોભાવે આત્માઓમાં રહે છે અને જ્ઞાનાવરણનો ક્ષય થતાં ઉત્તમ જ્ઞાનશક્તિ આવિર્ભાવે પ્રકાશે છે.

'મહા' મુશ્કેલીઓને પી જાણે તે જ 'મહાન' બની શકે છે.

જે આત્માનો એક પ્રદેશ પણ એક સમયમાં સર્વ દ્રવ્યોના અનંતગુણપર્યાયોનું તોલ કરી શકે છે, તેજ આત્મા હું છું.

કર્માવરણથી તે શક્તિ હાલ તિરોભાવે છે, પણ આવી અપૂર્વ શક્તિ પ્રગટ કરવા પ્રયત્ન કરવો જોઈએ. અનેક ભવ્ય જીવોએ ભૂતકાલમાં અનંતકેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું અને ભવિષ્યમાં કરશે.

જે જીવ મોહની દશાનો નાશ જે જે અંશે કરે છે, તેને તે તે અંશે જ્ઞાનગુણ પ્રગટ થાય છે.

આત્માના મૂળ ગુણોની પ્રાપ્તિમાં મોહનીયકર્મ વિઘ્ન કરે છે, કારણ કે સર્વકર્મમાં મોહનીયકર્મ મુખ્ય છે. આત્માને જડવસ્તુમાં મુંઝાવનાર મોહનીયકર્મ છે, તેનો નાશ થતાં અદ્‌ભુત ચારિત્રગુણ પ્રગટ થાય છે.

આત્માના સર્વ ગુણો પોતપોતાના સ્વભાવે સ્થિર રહે છે, તેને ચારિત્ર કહે છે. શુદ્ધ સ્વભાવમાં રમણુતા કરવી, તેને નિશ્ચયનયની અપેક્ષાએ ચારિત્ર કહેવાય છે.

આવું નિજગુણરમણુતારૂપ ચારિત્ર છે, તે આત્માનો સ્વાભાવિક ગુણ છે. તે સહેજે પ્રાપ્ત થાય છે. આત્માની શુદ્ધદશામાં રમણુતા કરતાં સહજ આનંદ પ્રગટ થાય છે, માટે આત્મ દ્રવ્યની સર્વ દ્રવ્યોમાં શ્રેષ્ઠતા છે.

આત્માની શ્રેષ્ઠતાપૂર્વક ચારિત્રનું વર્ણન કરે છે.

आत्मनः सर्वद्रव्येषु, श्रेष्ठता भाविता शुभा ।
सहजानन्दभावेन, चारित्रमद्‌भूतं स्फुटम् ॥ १४ ॥
समितिगुप्तियोगेन, शुद्धधर्म्मसमुद्‌भवः ।
सुखदुःखप्रसङ्गेषु, समश्चारित्रवान् स्मृतः ॥ १५ ॥

આત્માની સર્વ દ્રવ્યોમાં શ્રેષ્ઠતા કહેલી છે. સહજ શુદ્ધ આનંદસ્વભાવ વડે અદ્‌ભુત ચારિત્ર પ્રગટ જાણવું. સમિતિ અને ગુપ્તિના યોગ

'ચેતન' ની લાલચોળ ઉષ્મા જ સંકટોને 'ખાખ' કરે છે.

વડે શુદ્ધધર્મનું પ્રગટપણું થાય છે. શાતાવેદનીયજન્ય સુખ અને અશાતાવેદનીયજન્ય દુઃખના પ્રસંગોમાં જે સમ છે અર્થાત્ સમભાવ ધારણ કરે છે તે ચારિત્રી જાણવો.

ભાવાર્થ :—આત્મામાં જ્ઞાન, સુખ વગેરે ગુણો રહ્યા છે, તેવો જડ દ્રવ્યોમાં રહ્યા નથી. આત્માના જ્ઞાનાદિ ગુણોથી જ સર્વદ્રવ્યોમાં આત્માની મહત્તા છે.

સહજાનન્દગુણથી જ આત્મા પોતાનું ચારિત્ર પ્રકાશી શકે છે. શુદ્ધ આનંદથી જ ચારિત્ર પરખાય છે. સહજાનન્દની ખુમારી જ્યાં ભોગવ'તી નથી. ત્યાં શુદ્ધચારિત્રનો ગંધમાત્ર પણ નથી.

જેમ જેમ સહજાનંદગુણનો અનુભવ થાય છે, તેમ તેમ ચારિત્રપણું જાણવું. શુદ્ધચારિત્ર એમ કહે છે કે હું જ્યાં હોઉં ત્યાં સહજાનંદની પ્રકટતા જ હોય.

જે યોગીઓ સહજાનન્દની ખુમારી ભોગવે છે, તેમનામાં શુદ્ધચારિત્રગુણ હોય છે. જે સાધુઓ થઈ વિષયકષાયને ધારણ કરે છે, તેમનામાં સહજાનંદની ખુમારી કયાંથી હોય ? અલબત્ત, હોઈ શકે નહીં.

જેમ જેમ કર્માવરણો ટળતાં આત્માનો જ્ઞાનાદિ શુદ્ધ ધર્મ પ્રગટ થતો જાય છે, તેમ તેમ આત્માની ઉજ્વલતા થતી જાય છે.

ઈર્યાસમિતિ આદિ પંચસમિતિ અને મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ, એ ત્રણ ગુપ્તિ, એ અષ્ટપ્રવચનમાતાના સંસેવનથી આત્માનો શુદ્ધ ધર્મ પ્રગટ થતો જાય છે.

પાંચ સમિતિનું પ્રતિપાલન એ અપવાદમાર્ગ છે અને ત્રણ ગુપ્તિનું પ્રતિપાલન એ ઉત્સર્ગમાર્ગ છે. આત્માર્થી જીવે ત્રણે ગુપ્તિનું મુખ્યતાએ સેવન કરવું જોઈએ.

'ઇચ્છાશક્તિ'થી ભરેલું 'ભવ્ય' હૃદયજ મુશ્કેલીઓને 'નમાવે' છે.

મનોગુપ્તિનું સ્વરૂપ

વિમુક્તકલ્પનાજાલં, સમત્વે સુપ્રતિષ્ઠિતમ્ ।
આત્મારામ મનસ્તજ્જ્ઞૈ–ર્મનોગુપ્તિરુદાહૃતા ॥ ૧ ॥

આર્ત્ત, રૌદ્ર ધ્યાનની કલ્પનાથી રહિત ધર્મધ્યાનવાળી શુભાશુભ ચિંતવન રહિત, માધ્યસ્થ પરિણતિ યોગનિરોધાવસ્થાવાળી આત્મારામ નામની ત્રીજી, એ ત્રણ પ્રકારની મનોગુપ્તિ જાણવી.

મનમાં કોઈ જાતનો વિચાર પ્રગટાવવો નહિ, તે મનોગુપ્તિ કહેવાય છે. મનમાં કલ્પના જાળ ઉઠતાં સમભાવમાં રહી શકાતું નથી.

બાહ્યભાવમાં મનને ન જવા દેવું અને આત્મામાં જ મનને રમાવવું. આ ઉપાયથી અંતે મનોગુપ્તિ સાધ્ય કરવા માટે જગતમાં કેટલાક મનુષ્યો સાધુઓ થાય છે.

મનોગુપ્તિ વિના મનની શુદ્ધિ ત્રણ કાલમાં થઈ શકતી નથી. સાધુને મનોગુપ્તિની આવશ્યકતા છે. કોઈ વિરલા સાધુઓ અમુક કાલપર્યંત મનોગુપ્તિ ધારણ કરી શકતા હશે.

મનની નિર્વિકલ્પદશા કરવા માટે યોગનાં આઠ અંગ કહ્યાં છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ આઠ અંગથી મનનો ચંચલભાવ નાશ કરવામાં આવે છે. પંચમહાવ્રતનું પરિપાલન કરવું તે યમ કહેવાય છે.

યમ પ્રકારે

દરેક દર્શનકારોએ યમનું અનેક વર્ણન કર્યું છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ, એ યમ કહેવાય છે.

પ્રથમ અભ્યાસમાં યમની અત્યંત આવશ્યકતા છે. યમ વિના મનુષ્ય ઉચ્ચકોટી પર ચઢી શકતો નથી. નાસ્તિકો પણ નીતિધર્મના નામથી આ પાંચ પ્રકારના યમનો સ્વીકાર કરે છે.

સારાય વિશ્વનું સંચાલન કરનારી શક્તિ Will–'ઇચ્છાશક્તિ' છે.

યમથી બાહ્ય અને આંતરિક શુદ્ધિ થાય છે. યમ એ યોગનું પ્રથમ પગથિયું છે. જ્ઞાનનું ફળ પણ એ છે કે–આવા પ્રકારનો યમ ધારણ કરવો.

શ્રી તીર્થંકર ભગવાન પણ ત્રણ જ્ઞાનવાળા છતાં ભાગવતી દીક્ષા અંગીકાર કરી યમને ધારણ કરે છે. યમની મહત્તા અપૂર્વ છે.

જે ધર્મવાળાઓ યમને માનતા નથી, તેનો ધર્મ દુનિયામાં ટકતો નથી. યમનું પ્રતિપાલન કરતાં મનુષ્યો નિયમ પાળવા સમર્થ થાય છે.

નિયમ

યોગનું દ્વિતીય અંગ નિયમ છે. યમમાં સ્થિર રહેવાને અને તેમજ અનેક સદ્‌ગુણો પ્રાપ્ત કરવા માટે નિયમ પાળવામાં આવે છે.

પ્રત્યાખ્યાન, અમુક કાળે અમુક કરવું. ઈશ્વરપ્રણિધાન, શૌચ, સંતોષ, તપ આદિ નિયમોથી આત્મા નિર્મલ બને છે, મનનાં અનેક પાપ નાશ કરવા માટે નિયમ પાળવાની અત્યંત આવશ્યકતા છે.

નિયમથી આત્મા પોતાનું અને પરનું પણ ભલું કરી શકે છે. ✓ આત્મા મોહના લીધે અનેક પાપના હેતુઓને આચરે છે, પણ નિયમનું દૃઢ રીતે પ્રતિપાલન કરવાથી પાપના હેતુઓથી દૂર રહે છે.

અન્ય ગ્રંથોમાં નિયમોનું સ્વરૂપ વિશેષતઃ છે. ત્યાંથી વિશેષ જિજ્ઞાસુએ નિયમોનો અધિકાર જોઈ લેવો. નિયમ પાળનારાઓએ આસનનો જય કરવો જોઈએ.

આસન

આસનના અનેક પ્રકારના ભેદ શાસ્ત્રોમાં કહ્યા છે વીરાસન, પદ્માસન, સિદ્ધાસન વગેરે આસનના ભેદો છે. મનને જીતવાને માટે આસન સાધવાની આવશ્યકતા છે.

સાહસ, શૌર્ય, જોખમ, શ્રમ કે ભયંકર અખતરાની 'જનતા' Will છે.

પદ્માસન વાળી બેસવાથી પેટના ઘણા રોગો શમી જાય છે, અને તેથી ચિત્તની સ્થિરતા પણ થઈ શકે છે.

જ્યાં સુધી શરીરમાં આત્મા રહેલો છે, ત્યાં સુધી શરીરની ચંચળતા ટાળી મનનો જય કરવાની આવશ્યકતા છે. પદ્માસનથી પ્રાણની ચંચળતા ટળે છે.

વચનગુપ્તિ સાધ્ય કરવાથી નવીન કર્મ બંધાતું નથી. તેમજ કાયગુપ્તિથી પણ બાહ્ય પ્રવૃત્તિ વગેરે દોષોનો નાશ થાય છે. સમિતિનું સ્વરૂપ સુગમ છે. જ્યાં સુધી ગુપ્તિમાર્ગમાં રહેવાય ત્યાં સુધી તેમાં રહેવું જોઈએ.

ગુપ્તિમાર્ગમાં ન રહેવાય ત્યારે સમિતિનો આદર કરવો જોઈએ. ગુપ્તિનું યથાર્થ પાલન કરવાથી અનેક પ્રકારની લબ્ધિયો ઉત્પન્ન થાય છે.

મનોગુપ્તિની ઉત્કૃષ્ટ દશા સિદ્ધ થવાથી સર્વ કર્મનો નાશ થાય છે. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું જો યથાર્થ પરિપાલન કરવામાં આવે છે, તો આત્મા પોતાનો શુદ્ધ ધર્મ પ્રાપ્ત કરે છે.

સુખદુઃખના પ્રસંગોમાં જે સમ રહે છે, તે જ આવું ઉત્તમ ચારિત્ર પ્રાપ્ત કરે છે અને તે જ ચારિત્રધારી કહેવાય છે. સુખદુઃખના પ્રસંગોમાં જે મુનિ પોતાના સમભાવમાં રહી શકતો નથી, તે ઉત્તમ મુનિ ગણાતો નથી.

સુખદુઃખના પ્રસંગોમાં સમભાવ રાખવાથી **સમભાવરુપ ચારિત્રની** પ્રાપ્તિ થાય છે. સમભાવમાં એવું અત્યંત બળ છે કે–તે ગમે તે દર્શનમાં મુક્તિની પ્રાપ્તિ કરાવે છે. કહ્યું છે કે,

સેયંવરો આસંવરો વા, બુદ્ધો વા અહવ અન્નો વા ।
સમભાવભાવિઅપ્પા, લહઇ મુરકં ન સંદેહો ॥ ૧ ॥

શ્વેતાંબર હોય, દિગંબર હોય, બુદ્ધ હોય, અન્ય વેદાન્તી

વગેરે હોય પણ સમભાવે આત્મા જેણે ભાવ્યો છે, તે મુક્તિ પામે છે, તેમાં સંદેહ નથી. આવી સમભાવની ઉત્તમ દશા પ્રાપ્ત કરનાર શુદ્ધ-ચારિત્રી ગણાય છે.

સમભાવની દશામાં રહેવું એ કંઈ સામાન્ય કામ નથી. ઉત્તમ સમભાવની દશા મુનિએ પ્રાપ્ત કરવી જોઈએ. આત્મસુખના અભિલાષીએ સમભાવને ધારવા વિશેષતઃ પ્રત્યન કરવો જોઈએ.

સમભાવની ઉચ્ચકોટી પર ચઢતાં અનેક વિઘ્નો આવીને ઉભાં રહે છે. તેની સાથે બહાદ્દરીથી લડવું જોઈએ. વિઘ્નોથી કદી હારી જવું નહિ.

સમભાવની કોટી પર ચઢતાં આનંદની ખુમારી ઘટમાં પ્રગટે છે. પશ્ચાત્ યોગી સમભાવમાં રહેવા સદાકાલ ઇચ્છે છે. ઉપશમશ્રેણિ અને ક્ષપક શ્રેણિ પર ચઢવાને માટે સમભાવ એ ઉત્તમ કુંચી છે. આવો ઉત્તમ સમભાવ ધારણ કરનાર ચારિત્રી કહેવાય છે.

ચારિત્રનું લક્ષણ

समो हर्षविषादेषु, समो मानापमानयोः ।
स्तुतिनिन्दादिभावेषु, समश्चारित्रयोगिराट् ॥ १६ ॥

હર્ષ અને વિષાદમાં સમ હોય, માન અને અપમાનમાં જે સમ હોય, સ્તુતિ, નિન્દા, પુત્ર, શત્રુ, મિત્ર, સંસાર અને મુક્તિ વગેરેમાં જે સમભાવ ધારણ કરનાર હોય, તે ચારિત્ર ધારણ કરનાર ઉત્તમ યોગી કહેવાય છે.

ભાવાર્થ :—જે હર્ષના પ્રસંગોમાં સમ હોય તેમજ વિષાદના પ્રસંગોમાં સમ હોય, વિષાદના પ્રસંગોમાં જે આત્મભાવનો ધૈર્યથી ત્યાગ કરે નહીં.

તેમજ માન અને અપમાનમાં પણ સમભાવે રહેતા હોય, કોઈ સ્તુતિ કરે તો તેના ઉપર રાગ નહીં અને કોઈ નિન્દા કરે તો તેના

'શક્તિ'ને મેળવવા–કેળવવા મથવું એ સાચા 'માનવી'નો મંત્ર છે.

ઉપર દ્વેષ નહીં,

કોઈ કંઈ કહે અને કોઈ કંઈ કહે પણ જે આત્માના શુદ્ધ સ્વરૂપમાં રહી પરભાવમાં પડનારા ન હોય, જે મહાત્મા લાભ મળે અથવા અલાભ મળે તો પણ સમભાવ ધારણ કરનાર હોય,

તેમજ સુખદુઃખમાં સમભાવ ધારણ કરનાર હોય, મરવા અને જીવવા ઉપર પણ સમભાવ હોય, ભવ અને મોક્ષ ઉપર પણ સમભાવ હોય, આહાર નિહારાદિક ક્રિયાઓ પ્રસંગે પણ જે આત્માને સમભાવે ભાવે તે ચારિત્રયોગિરાજ કહેવાય છે.

આવી સમભાવ દશાથી અનેકભવકૃત સર્વ કર્મનો નાશ થાય છે.

સાધુઓ થઈ જે આત્માભિમુખ થતા નથી અને બાહ્યક્રિયાઓના ખંડનમંડનમાં રાગદ્વેષ કરી અશાંતિનો ફેલાવો કરે છે, તેઓ સ્વ-પરનું હિત કરી શકતા નથી.

બાહ્યમાં ઇષ્ટાનિષ્ટપણું માન્યાથી રાગદ્વેષના વિકલ્પો ઉઠે છે; પણ બાહ્યમાં તે નહિ માનવાથી રાગદ્વેષના વિકલ્પો ઉઠતા નથી. પ્રત્યેક સાધુ અને સાધ્વીઓ ધર્મક્રિયાઓ કરે પણ અન્ય ઉપર આક્ષેપ મૂકે નહિ. અન્યની નિંદા કરે નહીં ત્યારે તેના મનની સમભાવ દશા રહે છે.

આત્મા તે પરમાત્મા છે, માટે વચમાં રહેલો કર્મનો પડદો ચીરવા જેની ધ્યાનદશા વર્તતી હોય તેવો મહાત્મા સમભાવધારક થઈ શકે છે.

બાહ્ય વસ્તુઓમાં અહંબુદ્ધિ સ્વપ્નમાં પણ ન ઉઠે એવી રીતે જેણે આત્માનો નિશ્ચય કર્યો છે, તે મહાત્મા આવી સમભાવશ્રેણિ ઉપર ચઢી શકે છે.

સમભાવશ્રેણિ ઉપર ચઢવા માટે ઉત્તમ જ્ઞાનગર્ભિત વૈરાગ્ય પ્રાપ્ત કરવો જોઈએ, તે કહે છે.

જ્ઞાનગર્ભિતવૈરાગ્ય–મુતમં પ્રાપ્ય યોગિરાટ્ ।
અક્ષરં નિર્મલં શુદ્ધં, પરમાત્મપદં ભજેત્ ॥ ૧૭ ॥

મૃત્યુની ઘોર શાંતિને સ્થાને ચેતનભર્યું 'જીવે' તેજ જ્ઞાની છે.

—મહાયોગી જ્ઞાનગર્ભિત ઉત્તમ વૈરાગ્ય પામીને અક્ષર નિર્મલ, શુદ્ધ, પરમાત્મપદને સેવે છે.

ભાવાર્થ :—ઉત્તમ એવો જ્ઞાનગર્ભિત વૈરાગ્ય પામીને યોગી અક્ષર નિર્મલ પરમાત્મપદ પામે છે.

દુઃખગર્ભિત વૈરાગ્ય, મોહગર્ભિત વૈરાગ્ય અને જ્ઞાનગર્ભિત, એમ વૈરાગ્યના ત્રણ ભેદ પડે છે.

દુઃખના યોગે દુઃખગર્ભિત વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. આવો વૈરાગ્ય મિથ્યાત્વીને પણ હોય છે.

મોહગર્ભિત વૈરાગ્યમાં મોહનો પ્રાદુર્ભાવ થાય છે, આવો વૈરાગ્ય પણ ત્યાગ કરવા યોગ્ય છે. આ બે પ્રકારના વૈરાગ્ય તો અજ્ઞાનીને પણ હોય છે.

જ્ઞાનગર્ભિત વૈરાગ્ય છે, તે જ ઉત્તમ છે, કારણ કે તે સર્વ પદાર્થોનું હેય, જ્ઞેય અને ઉપાદેયપણે જ્ઞાન થયા પછી જ્ઞાનગર્ભિત વૈરાગ્યથી આત્મા સમભાવશ્રેણિ પર ચઢી શકે છે.

આત્મા વિના અન્ય વસ્તુ પર મમત્વભાવ બંધાતો નથી. જ્ઞાનગર્ભિત વૈરાગ્યવાળો સર્વ આત્માઓને પોતાના સમાન માને છે. પ્રારબ્ધયોગે સાંસારિક કાર્ય કરતો છતો પણ **જલપંકજવત્** ન્યારો રહે છે.

સંસારની ખટપટમાં તે મુંઝાતો નથી. ગચ્છનો કદાગ્રહ કરી મનુષ્ય જન્મની નિષ્ફલતા કરતો નથી.

જે જે હેતુઓથી રાગ અને દ્વેષ થાય, તે તે હેતુઓથી દૂર રહે છે. તૃષ્ણાના પાશમાં પડી મૃગવત્ દીન થતો નથી. આત્મા તે જ સારમાં સાર માને છે,

પરમાત્મભાવનામાં સદાકાલ મગ્ન રહે છે. શરીરમાં છતાં શરીરથી

'જીવનકલહ'ની મારામારી વચ્ચેથીય 'જીવનલીલા' ખીલવે તે બહાદુર છે.

ભિન્ન પોતાનાં આત્માને ભાવે છે. શુદ્ધ ઉપયોગમાં રમણુતા કરી પરમપદ સુખ પ્રાપ્ત કરે છે.

ચારિત્રધારક યોગીને આ સંસારના કોઇપણ પદાર્થ ઉપર મોહ થતો નથી, તેથી તે નિર્મમત્વભાવ પામીને સંસારથી છૂટે છે.

મમત્વભાવ જ્ઞાનીને થાય નહીં એમ જણાવે છે.

ममत्वं ज्ञानिनः किं स्यात्, हेयादेयविवेकतः ।
ममत्वोपाधिनिर्मुक्त, आत्मा मुक्तः प्रकीर्तितः ॥ १८ ॥
मूर्च्छा परिग्रहः रव्यात, उक्तं सूत्रेषु सूरिभिः ।
सूत्रसम्मतयोगेन, आत्मा सद्धर्ममाप्नुयात् ॥ १९ ॥

હેય, જ્ઞેય અને ગ્રહણબુદ્ધિના વિવેકથી જ્ઞાનીને કઈ વસ્તુ પર મમત્વ હોય? અલબત્ત, કોઈ ઉપર ન હોય. મમત્વોપાધિરહિત આત્મા કહેલો છે.

મૂર્ચ્છા તે જ પરિગ્રહ છે, એમ સૂત્રોમાં સૂરિઓએ કહ્યું છે. સૂત્રસમ્મત યોગ વડે આત્મા પોતાના શુદ્ધ ધર્મને પ્રાપ્ત કરે છે.

ભાવાર્થ :—હેય જ્ઞેય અને આદેય બુદ્ધિના વિવેકથી જ્ઞાનીને કઈ વસ્તુમાં મારાપણાની બુદ્ધિ થાય? અલબત્ત, કોઇપણ વસ્તુમાં મારાપણાની બુદ્ધિ થાય નહીં.

હું અને મારું એવી બુદ્ધિ થતાં જ તેને વિવેક અટકાવે છે, તેથી મમત્વનો અવકાશ રહેતો નથી. હું અને મારાપણાની બુદ્ધિ થતાં ચેતન જડતા અનુભવે છે.

મમત્વ એ જ જગત્માં મોટામાં મોટી ઉપાધિ છે. મમત્વ-ઉપાધિથી અનેક પ્રકારનાં દુઃખો પ્રગટે છે. ચોરાશી લાખ જીવયોનિમાં પરિભ્રમણ કરવાનું બીજ મમત્વ જ છે.

જીવો દેશ, કુળ, જ્ઞાતિ, શરીર, ધન અને કુટુંબના મમત્વથી લડી એકબીજાની ખુવારી કરે છે. જ્યાં ત્યાં મમત્વની લડાઈ જોવામાં

'ભીષણ' સંજોગોમાં હિંમતપૂર્વક સામી છાતીએ 'કૂચ' કરે તે મર્દ છે.

આવે છે. જગત્‌માં જે જે ઇષ્ટ વસ્તુઓ છે, તેમાંથી મમત્વનો અધ્યાસ ઊઠવો મુશ્કેલ છે. સર્વ ઉપાધિનો ત્યાગ કરી શકાય છે; પણ જે હૃદયમાં પરિણમી રહી છે, એવી મમત્વઉપાધિનો ત્યાગ કોઈ મહાપુરુષો કરી શકે છે.

મમત્વઉપાધિનો ત્યાગ કરતાં ત્યાગ અવસ્થાની સિદ્ધિ થાય છે. વિશેષ શું કહેવું? મમત્વોપાધિનો નાશ થતાં આત્મા મુક્ત કહેવાય છે.

કેટલાક કહે છે કે નગ્ન થયા વિના મુક્તિ મળતી નથી, કારણ કે લંગોટી જેટલું વસ્ત્ર રાખવાથી પણ મુક્તિ મળતી નથી. પરંતુ આમ તેમનું કહેવું વિચારવા યોગ્ય છે, કારણ કે મુક્તિમાં પ્રતિબંધક વસ્ત્ર થતું નથી પણ મૂર્ચ્છા થાય છે.

નગ્નાવસ્થામાં પણ શરીર મમત્વ હોય છે, તો કેવલજ્ઞાન થતું નથી, માટે મમત્વ તે જ ખરેખર વસ્તુતઃ ઉપાધિ છે. દુનિયાની વસ્તુઓ પર જેને મમત્વભાવ નથી તે જ ખરેખરો ત્યાગી છે.

મમત્વબુદ્ધિના ત્યાગ વિના બાહ્ય વસ્તુનો ત્યાગ તે વસ્તુતઃ ત્યાગ નથી. ઘણા બાહ્યના ત્યાગીઓ અંતરંગમાં મમત્વથી સડ્યા કરે છે. મમત્વગ્રહથી આત્મા પોતે સુખ પામી શકતો નથી અને ઊલટો અન્ય પણ હેરાન કરે છે.

જો હૃદયમાં મમત્વ નથી તો જગત્‌ના પદાર્થોથી આત્મા બંધાતો નથી, તેમજ કર્મથી પણ બધાતો નથી અને જો મમત્વ છે, તો બાહ્ય ત્યાગ કરીને ત્યાગી બનો તો પણ કર્મથી બંધાવું પડે છે. હૃદયમાંથી મારાપણાનો અધ્યાસ ઊઠે તો જાણવું કે આત્મા ખરેખરે ત્યાગી છે.

કોઈ મનુષ્ય સર્વ વસ્તુનો ત્યાગ કરતો કરતો એક જીર્ણ વસ્ત્ર પણ પાસે રાખે નહીં, બીલકુલ નગ્ન થઈ જાય; પણ જો હૃદયમાં અજ્ઞાન અને મમત્વ છે, તો તે પશુપંખીના કરતાં વિશેષે ત્યાગી નથી.

મુસીબતો સામે 'હસતાં હસતાં' ધીરજપૂર્વક જંગ 'ખેલે' તેજ વીર છે.

આ સર્વ મારૂં આવો મમત્વભાવ ઉઠતો નથી, તો સંસારમાં છતાં ત્યાગી થાય છે.

દેશમમત્વ, કુળજાતિમમત્વ, કુળધર્મમમત્વ, ગચ્છમમત્વ, શિષ્ય-મમત્વ, પુત્રમમત્વ, વસ્ત્રમમત્વ, સ્થાનમમત્વ, અને ભક્તમમત્વ ઇત્યાદિ મમત્વમાં બંધાએલો જીવ કર્મપાશથી છૂટી શકતો નથી.

હું ત્યાગી; એવું અહંભાવરૂપ મમત્વ જ્યાં સુધી આત્મામાં આરોપવામાં આવે છે, ત્યાં સુધી ખરેખરૂં ત્યાગી પણું પ્રગટતું નથી.

અજ્ઞાની જીવ સંસારના હેતુઓમાં પણ મમત્વ કલ્પી સંવરના હેતુઓને આશ્રવ હેતુઓપણે પરિણમાવે છે અને જ્ઞાની જીવને તો મમત્વ થતું નથી, તેથી આશ્રવના હેતુઓને પણ સંવરપણે પરિણમાવે છે.

કહ્યું છે કે, અજ્ઞાની જ્યાંથી બંધાય છે ત્યાંથી જ્ઞાની છૂટે છે. જ્ઞાનીઓ ખાતાંપીતાં આદિ અનેક કાર્ય કરતા છતાં પણ મમત્વકાદવથી લેપાતા નથી.

જ્ઞાની પુરુષો બાહ્ય વસ્તુઓને ઉપભોગમાં લે છે, સંયમ રક્ષણાર્થે વાપરે છે, પરંતુ તેથી તેઓ પરિગ્રહી ગણાતા નથી. કારણ કે મૂર્ચ્છા તેજ પરિગ્રહ છે. પણ કંઈ બાહ્યનાં ઉપકરણો પરિગ્રહરૂપ નથી.

જો અંતરમાંથી મમત્વભાવરૂપ પરિગ્રહ ટળ્યો, તો ત્યાગવાનું કંઈ બાકી રહેતું નથી,

દશવૈકાલિક સૂત્રમાં પણ કહ્યું છે કે—**મુચ્છા પરિગ્રહો વુત્તો નાયપુત્તેણ** તાયિણા, મૂર્ચ્છા તેજ પરિગ્રહ જ્ઞાતપુત્ર મહાવીરસ્વામીએ **કહ્યો છે.**

સૂત્રોમાં કહેલા નિર્મમત્વ ભાવથી જ આત્મા સર્વ વસ્તુઓથી પોતાને ભિન્ન માનતો છતાં પોતાનો શુદ્ધ ધર્મ પામે છે.

વ્રતાદિકમાં પણ મમત્વભાવ રાખવાથી નિશ્ચયતઃ આત્મા છૂટી શકતો નથી. વેશાદિકમાં પણ મમત્વભાવ રાખવાથી આત્મા પરિગ્રહ

બંધનમાંથી છૂટી શકતો નથી. જ્યારે આત્મા મમત્વનો ત્યાગ કરે, ત્યારે જ તે ત્યાગી થઈ સ્વ-પરનું કલ્યાણ કરી શકશે.

કેશલોચ કરવો સહેલ છે, પણ અંતરમાંથી દ્વેષ કાઢવો મહામુશ્કેલ છે.

વસ્ત્ર રંગીને પહેરવાં સહેલ છે, પણ વૈરાગ્યથી હૃદયને રંગવું મુશ્કેલ છે. ગામોગામ પરિભ્રમણ કરવું સહેલ છે, પણ અંતરથી ચિત્તની પરિભ્રમણતાનો ત્યાગ કરવો મુશ્કેલ છે.

સ્ત્રીઆદિકનો બાહ્ય ત્યાગ કરવો સહેલ છે પણ કામપરિણતિનો ત્યાગ કરવો મુશ્કેલ છે. તાત્પર્યાર્થ એ છે કે–બાહ્ય વસ્તુનો ત્યાગ કરી અંતરમાં રહેલા કામાદિક દોષોનો જો ત્યાગ ન કર્યો તો ખરેખરો ત્યાગ કહી શકતો નથી.

પરભાવપરિણતિમાં પોતાપણું કંઈ નથી, એમ નિશ્ચય કરી જે જે પરભાવના વિચારો આવે તેને પોતાના માનવા નહીં. તેના ઉપરથી મમત્વભાવ ઉઠાવવો જોઈએ. એવી રીતે પરવસ્તુ પરથી મમત્વભાવ ઉઠાવતાં, આત્મા શુદ્ધઆત્મિક ધર્મને અવશ્ય પામે છે.

હવે મમત્વભાવનો ત્યાગ કરતાં આત્મા મુક્ત થાય છે, તે વિશેષતઃ જણાવે છે

बाह्यकार्याणि कुर्वन् सन्, मोहचेष्टां परित्यजन् ।
भावचारित्रयोगेन, मुच्यते सर्वकर्मतः ॥ २० ॥

મોહ ચેષ્ટાનો ત્યાગ કરતો એવો આત્મા પોતે બાહ્ય કાર્યોને કરે છે, છતાં ભાવચારિત્રના પ્રતાપે સર્વ કર્મથી મૂકાય છે.

ભાવાર્થ :—બાહ્ય વ્યાવહારિક કે જે કૃત્યો કર્મના ઉદયે અવશ્ય કરવાં પડે તેવાં કાર્યોને બાહ્યથી કરતો છતાં અને અન્તરથી મોહચેષ્ટાનો ત્યાગ કરતો છતાં, મમત્વપરિગ્રહ ત્યાગ રૂપ ભાવચારિત્રના પ્રતાપે આત્મા જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મની સર્વ પ્રકૃતિયોથી મૂકાય છે.

ઉપરના શ્લોકને આ શ્લોક પુષ્ટિ આપે છે અને તેથી સિદ્ધ થાય છે કે–મૂર્છાનો ત્યાગ, કરતાં ભાવચારિત્ર પ્રગટે છે.

નવ પ્રકારનો ભાવ લોચ કરતાં ભાવ ચારિત્રપણું પ્રગટે છે. તે વિના ભાવચારિત્રપણું પ્રાપ્ત થતું નથી,

કેટલાક જીવો કર્મયોગે બાહ્યકાર્ય કરતા છતાં પણ ભાવચારિત્રના પ્રતાપે નવાં કર્મ બાંધતા નથી અને પૂર્વનાં જે જે કર્મ ઉદયે આવે છે, તે સમભાવે વેદીને ખપાવે છે. આવી ભાવચારિત્રની ઉત્તમ દશા પ્રાપ્ત થતાં જ્ઞાની બંધાતો નથી.

"ज्ञानिको भोग सवि निर्जराको हेतु है" જ્ઞાનિઓ જે જે ભોગો ભોગવે છે, તે તે સર્વ ભોગો નિર્જરા માટે થાય છે. આ ઉત્તમ વાકયનો પરમાર્થ પણ આ શ્લોકના ભાવાર્થની સિદ્ધિ કરે છે.

આત્માની શુદ્ધતા કરનાર ખરેખર આત્માનો શુદ્ધ ભાવ જ છે. શરીરની ક્રિયાઓ પણ આત્માની શુદ્ધ દશા કરવા સમર્થ નથી.

ભાવચારિત્ર જ આત્માની શુદ્ધતા કરી શકે છે. ભાવચારિત્રથી કંઈ આત્મા ભિન્ન નથી. શરીરની શુદ્ધિ તરફ લક્ષ્ય નહિ આપતાં આત્માની શુદ્ધિ તરફ લક્ષ્ય આપવું જોઈએ.

દૃઢપ્રહારી જેવા ઘોરકર્મ કરનારાઓની મુક્તિ પણ ભાવચારિત્રના યોગે થઈ છે, થાય છે અને થશે. આવું ભાવચારિત્ર પ્રાપ્ત કરવા સદા-કાલ પ્રયત્ન કરવો જોઈએ. ભાવચારિત્ર વિના દ્રવ્યચારિત્ર નાટકીઆથી વિશેષ ઉપમા ધરાવી શકતું નથી.

ભાવચારિત્રથી આત્મા સહજ સુખનો આસ્વાદ કરીને બાહ્ય સુખનો પરિત્યાગ કરે છે. ભાવચારિત્ર એમ કહે છે કે–મારામાં એટલું બળ છે કે–દ્રવ્યચારિત્ર વિના પણ હું જીવોને મુક્તિ પમાડી શકું છું. મારું અપૂર્વ બળ કોઈ વિરલા પુરુષો જાણી શકે છે.

જે ભવ્ય જીવો મારું બળ જાણે છે, તે મને પ્રાપ્ત કરવા પરિ-

સાયું ને મનોહર જીવન 'તંદુરસ્ત' હાસ્યલહરીઓમાં ભર્યું છે.

પૂર્ણ ઇચ્છા ધરાવે છે, જ્યારે ત્યારે પણ મારા વિના કોઈ જીવની મુક્તિ થઈ નથી અને થવાની નથી.

આવું અપૂર્વ ભાવચારિત્ર પામીને જીવો પરમાત્મસુખ પામે છે, માટે ભાવચારિત્ર પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઈએ. પરમાત્મસુખ તે જ ખરેખર સુખ છે. આવો સદ્‌ભૂતાનંદ પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરવો જોઇએ.

કેવો મુનિવર આવો અપૂર્વ આનંદ પામે છે તે જણાવે છે.

संत्यक्तसर्वसंकल्पो, निर्विकल्पसमाधिताम् ।
संप्राप्य तात्त्विकानन्द-मश्नुते संयतः स्वयम् ॥२१॥

જેણે સર્વ સંકલ્પોનો ત્યાગ કર્યો છે, એવો મુનિવર પોતે નિર્વિકલ્પ સમાધિ પામીને સહજાનંદને પામે છે.

ભાવાર્થ :—જ્યાં સુધી સંકલ્પવિકલ્પવાળું મન છે, ત્યાં સુધી મનમાં શાંતિ થતી નથી અને જ્યાં સુધી મન બાહ્ય પદાર્થોમાં આસક્ત રહે છે, ત્યાં સુધી વિકલ્પ સંકલ્પ પ્રગટ્યા વિના રહેતા નથી.

જે જે ક્ષણે મન વિકલ્પસંકલ્પમય હોય છે, તે તે ક્ષણે આત્માનો ઉપયોગ રહેતો નથી અને આત્માના ઉપયોગ વિના સહજાનંદનો ગંધ પણ આવતો નથી.

હું અને મારૂં એવો અધ્યાસ જ્યાં સુધી છે, ત્યાં સુધી મનની સ્થિરતા થતી નથી. સ્થિરતા વિનાના ચંચળ મનમાં આત્માના આનંદનો પ્રકાશ થઇ શકે જ નહીં.

જો બાહ્યસુખમાં નિશ્ચય બુદ્ધિ છે, તો આત્માના આનંદનું સ્વપ્ન પણ આવનાર નથી અને જો આત્માના આનંદમાં નિશ્ચય બુદ્ધિ છે, તો જરૂર આત્માનો આનંદ તમે લઇ શકશો.

નિર્દોષને મધુરું સ્મિત હાસ્ય એ તો આત્માનું શુદ્ધ 'ગુણ' છે.

જ્યારે દુનિયાદારીનો કોઇપણ સંકલ્પ મનમાં સ્ફુરે નહીં, ત્યારે આત્માનો આનંદ સહજે પ્રગટી શકશે.

મનની એવી ચંચળ દશા છે, કે તે જ્યારે ત્યારે કંઈને કંઈ સંકલ્પ કર્યા કરે છે. મનની સંકલ્પદશા ટાળવા માટે ખાસ ઉદ્યમ કરવાની જરૂર છે. આત્મજ્ઞાન થતાં મનના ધર્મોને જીતી શકાય છે.

મન સૂક્ષ્મ છે, માટે મનને જીતનાર આત્માનો અરૂપી ઉપયોગ પ્રગટવો જોઇએ. મનની સંકલ્પ દશાપર્યંત સંસાર છે. મનના વિકલ્પ-સંકલ્પ ટળતાં સંસારનો અંત આવે છે.

મનને વશ કરવું એ જ મોટામાં મોટી ક્રિયા છે. કેટલાક શરીરની ક્રિયામાં ધર્મ માની તેમાં આસક્ત રહે છે, પણ તે પામર જીવો મનને જીતવાની ક્રિયા કરી શકતા નથી.

કેટલાક તો એમ કહે છે કે–બહુ ક્રિયા કરવી તે જ્ઞાનીનું લક્ષણ છે. પણ તે બિચારા તેનું સ્વરૂપ યથાર્થ સમજી શકતા નથી. મનના વિકલ્પસંકલ્પ ટાળવા માટે બહુ ક્રિયાઓ કરવી જોઈએ.

ધ્યાનક્રિયાનો વિશેષ આદર થવાથી મનના સંકલ્પો ટળે છે. બાહ્ય પદાર્થોની વાસના જ્યાં સુધી હોય છે, ત્યાં સુધી મનમાં સંકલ્પ-વિકલ્પ થયા કરે છે, પણ સમજવું જોઇએ કે,

બાહ્ય પદાર્થો ક્ષણિક છે, બાહ્ય પદાર્થોથી કદી સુખ થવાનું નથી, બાહ્ય પદાર્થો પાતાના કદી થવાના નથી, ત્યારે બાહ્ય પદાર્થોમાં કેમ લોભાવું જોઈએ ?

આ પ્રમાણે વિચાર કરતાં વાસનાનો નાશ થાય છે.

બાહ્ય પદાર્થો મળતાં હર્ષ થતો નથી તેમજ બાહ્ય પદાર્થો જતાં શોક થતો નથી. હર્ષ અને શોક વિનાની આત્માની દશાને સમભાવદશા કહે છે. આવી દશામાં જે કંઇ બાહ્ય કાર્યો કરવામાં આવે છે, તો તેથી આત્મા બંધાતો નથી.

હસતાં હસતાં 'જીવે' તેજ મૃત્યુ વખતે 'આબાદ' હસી શકે છે.

પૂર્વકર્મના ઉદયે જે જે કાર્યો કરવા પડે છે, જે જે કર્મો ભોગવવાં પડે છે, તે તે સર્વ ઉદાસીન પરિણામે કરવાં તથા ભોગવવાં પડે છે. તેથી વિકલ્પસંકલ્પ નવા ઉઠતા નથી, અર્થાત્ આર્ત્તધ્યાન તથા રૌદ્રધ્યાન થતું નથી, ધર્મધ્યાન અને શુકલધ્યાનમાં આત્મા રહે છે.

આવી દશા પામીને જ્ઞાની મુનિવર નિર્વિકલ્પદશાનાં સુખ અનુભવે છે, જે આનંદ ભોગવે છે, તે સહજાનંદ છે. જ્ઞાની મુનિઓ નિર્વિકલ્પદશાનાં સુખ ભોગવતાં ગયેલો કાળ પણ જાણતા નથી.

જ્ઞાની આવી નિર્વિકલ્પદશાનો અધિકારી થઈ સમદશામાં સદાકાલ ઝીલે છે. તે લક્ષણ સહ બતાવે છે.

मनःस्थैर्यं समासाद्य, दत्तलक्ष्योपयोगकः ।
भवे मुक्तौ समत्वाच्च, स्वादते समतामृतम् ॥२२॥

આત્માના શુદ્ધસ્વરૂપ લક્ષ્યમાં દીધો છે ઉપયોગ જેણે એવો મુનિવર મનની સ્થિરતા પ્રાપ્ત કરીને ભવ અને મુક્તિમાં સમપણે રહીને સમતારૂપ અમૃતને ચાખે છે.

ભાવાર્થ :–આત્માના અસંખ્યાત પ્રદેશો છે. એકેક પ્રદેશમાં અનંત જ્ઞાનદર્શનચારિત્રાદિ ગુણો રહ્યા છે. નિશ્ચય નયથી વિચારતાં સિદ્ધના આત્માઓ સમાન સર્વના આત્માઓ શુદ્ધ છે.

આત્માના શુદ્ધ સ્વરૂપમાં ઉપયોગ દેતાં મનની સ્થિરતા થાય છે, અને મનની સ્થિરતા થતાં સમભાવદશા પ્રગટે છે. રાગદ્વેષની પરિણતિનો નાશ થાય છે.

મનની સ્થિરતા થતાં રાગ અને દ્વેષ પ્રગટી શકતો નથી, તે વખતે કોઈ વસ્તુ ઉપર રાગ કે દ્વેષ થતો નથી. કોઈ વસ્તુ પ્રિય કે અપ્રિય લાગતી નથી. કોઇ વસ્તુ હેય કે આદેય લાગતી નથી. મુક્તિ અને સંસાર ઉપર પણ સમભાવ આવે છે.

'તોફાનોથી ઘડાઈ'ને હસમુખા Jolly બને તેજ જિંદગીની મજા માણે છે.

આવી નિર્વિકલ્પદશામાં અનંતસુખની ખુમારી આત્મા સારી રીતે ભોગવે છે.

આત્માના શુદ્ધસ્વરૂપમાં જ મન રમાવવાથી મન થાકી જાય છે, બાહ્યમાં જતાં મનને ક્ષણે ક્ષણે ઉપયોગ દેઇ શુદ્ધલક્ષ્યમાં જ રમાવવામાં આવવાથી મન સ્થિર થાય છે,

આ બાબતનો અનુભવ આવે છે. અનુભવથી તેની સિદ્ધતા ભાસી છે, આવો પ્રસંગ સદાકાળ રહેવો મુશ્કેલ છે.

કેટલાક મનુષ્યો મનની સ્થિરતાને માટે પોકારો કરે છે, મનને વશ કરવું એમ બૂમો પાડયા કરે છે, પણ જ્યાં સુધી શુદ્ધસ્વરૂપમાં મનને રમાવ્યું નથી, ત્યાં સુધી મનની સ્થિરતા નથી.

મનનો એવો સ્વભાવ છે કે તેને કંઈક ને કંઈક વિચારવું જોઈએ. મનને શુદ્ધસ્વરૂપમાં રમાવતાં તે આત્માના ઉપયોગમાં ભળે છે અને તેથી બાહ્યવસ્તુઓનું ભાન ભૂલી જાય છે.

આત્માનું શુદ્ધસ્વરૂપ સ્થિર છે. શુદ્ધસ્વરૂપની સ્થિરતાના સંગે મન પણ સ્થિર થાય છે,

શુદ્ધસ્વરૂપમાં વિકલ્પસંકલ્પ નથી, તેથી વિકલ્પસંકલ્પ ટળતાં આત્મા પોતાની સહજાનંદદશાનો અનુભવ લઈ શકે છે. જડ અથવા ચેતન સર્વે પદાર્થો પોતપોતાના સ્વરૂપે રહ્યા છે.

જડ પદાર્થ છે, તે ચેતન થતા નથી અને આત્માઓ કદી જડ થવાના નથી. ચેતનના સ્વભાવે ચેતનમાં સુખ છે. આમ શુદ્ધ ઉપયોગ થતાં સમભાવરૂપ અનુભવપ્રકાશ ખીલે છે.

તે સમયે આત્મા બીજના ચંદ્રમાની પેઠે ખીલ્યો ગણાય છે, તે જણાવે છે

પોતાના આનંદી તાનમાં જે મસ્તાન છે તેજ અજબ રીતે જીવે છે.

साम्यामृतप्रसादेन, जीवन्मुक्तोऽभिधीयते ।
सम्यग्दृष्टिगुणस्थाने, सापेक्षातो घटेत सः ॥ २३ ॥

शुक्लेन परिणामेन, साम्यानन्दो विवर्द्धते ।
ध्याता सम्यग् विजानाति, ध्यानं हि ज्ञानयोगतः ॥२४॥

સમભાવરૂપ અમૃતના પ્રસાદવડે જીવન્મુક્ત કહેવાય છે અને જીવન્મુક્ત અપેક્ષાથી સમ્યગૂદૃષ્ટિ ગુણસ્થાને ઘટે છે.

શુક્લપરિણામ વડે સમતારૂપ આનંદ વૃદ્ધિ પામે છે અને ધ્યાતા, જ્ઞાનયોગવડે સમ્યગૂધ્યાનને સારી રીતે જાણે છે.

ભાવાર્થ :–સમભાવરૂપ અમૃત પ્રસાદવડે આત્મા જીવન્મુક્ત ગણાય છે. જીવતાં પણ જાણે મૂકાયેલા હોય એવા સિદ્ધનાં સુખનો અનુભવ લેનાર આત્માને અપેક્ષાએ જીવન્મુક્ત કહેવામાં આવે છે.

ખરું જીવન્મુક્તપણું તો તેરમા ગુણસ્થાનકમાં સંયોગી કેવલીને ઘટે છે, પણ અપેક્ષાએ ચોથા ગુણસ્થાનકમાં પણ આવું જીવન્મુક્ત-પણું ઘટી શકે છે.

ચોથા ગુણસ્થાનકમાં પણ ભેદજ્ઞાનથી જડ અને ચેતનનો ભિન્ન ભિન્ન સાક્ષાત્કાર પરોક્ષ પ્રમાણથી થાય છે, તેથી ત્યાં પણ સામ્યા-મૃતનો લેશ ઉપરના ગુણસ્થાનકની અપેક્ષાએ ઘટે છે.

આત્માના પોતાના શુદ્ધસ્વરૂપનેજ સત્ય ધન માને છે, આત્મા તેજ પરમાત્મા છે, એમ નિશ્ચય કરે છે.

આત્મા વિના જડમાં કદી સુખ નથી, એમ નિશ્ચય થાય છે. સંસારની ઉપાધિયોથી છૂટવાનું મન થાય છે.

જેમ જલમાં કમલ રહે છે, પણ તે જલથી ન્યારૂં રહે છે, તેમ સમકિતી જીવ ભોગાવલીકર્મના ઉદયે સંસારમાં રહે છે, છતાં સંસારથી ન્યારો રહે છે.

મૃત્યુને–ખડખડાટ હસી જાણવાની 'મસ્તી' મેળવે તે જ મહાન છે.

ધાવમાતા જેમ બાળકને રમાડે છે, પણ મનમાં જાણે છે કે–તે મારો બાળક નથી, તેમ સમકિતી જીવ પણ જાણે છે કે–ભોગાવલી-કર્મના ઉદયે જે જે પદાર્થોનો સંબંધ થયો, તે તે પદાર્થો મારા નથી અને હું એનો નથી. આવી દશામાં કષાયના ઉપશમાદિ ભાવે ચોથા ગુણસ્થાનકમાં પણ સમભાવરૂપ અમૃતનો લેશ ઘટે છે.

શુક્લ શુક્લતર પરિણામથી ઉપર ઉપરના ગુણસ્થાનકમાં સમ-ભાવની ઉત્તરોત્તર વૃદ્ધિ થતી જાય છે. જેમ જેમ આત્મા ઉપર ઉપરના ગુણસ્થાનકમાં પ્રવેશ કરતો જાય જાય છે, તેમ તેમ સમતારૂપ અમૃતનો સ્વાદ વિશેષતઃ ભોગવે છે.

સમભાવથી જે સહજાનન્દ પ્રગટે છે, તેનો સ્વાદ તે દશામાં જે જે વર્તે છે, તે જ ચાખે છે. અનુભવરૂપ જિહ્વાવડે સમભાવથી થતા આનંદનો સ્વાદ ચાખી શકાય છે. આવો સમભાવીય સહજાનન્દ અપૂર્વ છે, અકૃત્રિમ છે, આત્માના ઘરનો છે.

આત્માના શુદ્ધસ્વરૂપનું જે ધ્યાન કરે છે, તે જ સમભાવથી થતા આનંદને ભોગવી શકે છે. ધ્યાન વિના સમભાવ પરખાતો નથી. ધ્યાન વિના ચંચળતા મટતી નથી. ધ્યાન વિના મન સ્થિર થતું નથી. ધ્યાન વિનાનું જ્ઞાન છે, તે ઉપરટપકીયું છે.

ધ્યાની પુરુષ આત્માનો સહજાનન્દ ભોગવી શકે છે. જ્ઞાન વિના ધ્યાન હોતું નથી, કારણ કે જો આત્માનું જ્ઞાન ન હોય તો આત્માનું ધ્યાન શી રીતે કરી શકાય ?

આત્માનું જ્ઞાન હોય છે, તો જ આત્માનું ધ્યાન થઈ શકે છે એવો નિશ્ચય છે, માટે ધ્યાનના અભિલાષિઓએ આત્મજ્ઞાન કરવું, કારણ કે ધ્યાન પ્રતિ જ્ઞાન કારણભૂત છે.

જ્ઞાનથી ધ્યાન અને ધ્યાનથી અનુભવ અને તેથી સમભાવ અને તેથી સહજાનન્દ સ્ફુરે છે. આ બાબતનો અનુભવ ધ્યાનીને થાય છે માટે આત્માર્થી જીવોએ ધ્યાનીની સંગત કરવી.

ધ્યાનયોગીને અવશ્ય જ્ઞાનયોગ હોય છે અને ધ્યાનયોગ હોય છે. ધ્યાનયોગ વિના કોઈ કદાપિ મુક્તિ પામનાર નથી.

ધ્યાનયોગ વિના મનની ચંચળતા ટળવાની નથી, તે બતાવે છે.

मनश्चञ्चलतां प्राप्य, यत्र तत्र परिभ्रमत् ।
स्थिरतां लभते नैव, आत्मनो ध्यानमन्तरा ॥ २५ ॥

મન ચંચળતા પામીને જ્યાં ત્યાં પરિભ્રમણ કરતું છતાં, આત્માના ધ્યાન વિના સ્થિરતાને પામતું નથી.

ભાવાર્થ :–રાગ અને દ્વેષના યોગે મન ચંચળ થઈને જ્યાં ત્યાં પરિભ્રમણ કરે છે, ક્ષણમાત્ર પણ એક ઠેકાણે ઠરતું નથી. મન રાત અને દિવસ જ્યાં ત્યાં પરિભ્રમણ કરે છે.

વિદ્યુતના વેગ કરતાં પણ મનની ગતિ અત્યંત વેગવાળી છે. આકાશમાં ચડી શકાય, કદાપિ પાતાળમાં પેસી શકાય, પરંતુ મનને જીતવું મહાદુર્લભ છે.

વ્યાકરણ અને ન્યાયશાસ્ત્રોનો અભ્યાસ સુખે કરી શકાય છે, પરંતુ મનને વશ કરી શકાતું નથી. લોચ કરાય છે, પૃથ્વી ઉપર શયન કરી શકાય છે, પરન્તુ મનને જીતી શકાતું નથી.

લાંબા લાંબા ભાષણો આપી શકાય છે, પરંતુ મનને જીતી શકાતું નથી. અનેક પ્રકારના હુન્નરો શોધી શકાય છે, પરંતુ મનની શુદ્ધિ કરવી દુષ્કર છે.

અવધાનો પણ બુદ્ધિના વૈભવથી કરી શકાય છે, પણ મનની સ્થિરતા પ્રાપ્ત કરવી મહાદુર્લભ છે. વીજળીને પણ વશ કરી શકાય પણ બળવાન એવા મનને વશ કરવું દુષ્કર છે.

(પ્રભુની પૂજા કરતાં પણ શેઠનું મન ઢેઢવાડે ગયું હતું.)

ખુશમિજાજીનાં સ્વપ્નાં ને જ્યાં મહત્ત્વકાંક્ષી ભાવના ત્યાં જીવન છે.

ખાતાં પણ મન અન્ય ચિંતવે છે. પાણી પીતાં પણ મન અન્ય ચિંતવે છે. ધર્મની ક્રિયાઓ કરતાં પણ મન અન્યત્ર પરિભ્રમે છે. ક્ષણમાં ગાડીનો અને ક્ષણમાં લાડીનો વિચાર મનમાં આવ્યા કરે છે.

મન એટલું બધું ચંચળ છે કે–એને વશ કરવું તેના ઉપાયોમાં મોટા મોટા યોગીઓ પણ નિષ્ફળ નીવડે છે તો સામાન્યમાનવની તે શી વાત કરવી ?

જેટલા વિકાર છે તેટલા મનમાં પ્રગટે છે, માટે મન વશ કરતાં સર્વ વિકારોનો જય થાય છે.

મનને જીતવામાં અનેક પ્રકારના ઉપાયો યોજવા પડે છે. છટકી ગયેલ ઢોરને પણ વશ કરવું હોય તો અનેક ઉપાયો યોજવા પડે છે. ત્યારે મનને વશ કરવાના ઉપાયો કેટલા યોજવા જોઈએ ?

આત્મજ્ઞાન થાય તો મનને વશ કરવાના ઉપાયો સુજે છે. આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે સદ્‌ગુરુની ઉપાસના કરવી જોઈએ. મનને વશ કરવા માટે શાસ્ત્રકાર કહે છે કે–આત્માનું ધ્યાન કરવું જોઈએ.

આત્માનું ધ્યાન કરતાં મનની સ્થિરતા થાય છે. આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનનો ત્યાગ કરીને ધર્મધ્યાન અને શુકલધ્યાનનું અવલંબન કરવું જોઈએ.

ધર્મધ્યાન ધ્યાતાં અશુભ લેશ્યાના વિચારોનો નાશ થાય છે અને શુભ લેશ્યાના વિચારો પ્રગટ થાય છે. શુભ વિચારોમાં અનંત શક્તિ રહી છે. અશુભ વિચારોનો નાશ કરવો તે પણ પોતાના હાથમાં છે. સારા વિચારો કરવા તે પણ પોતાના હાથમાં છે. આત્મા ધારે તો શું કરી શકતો નથી ?

કાયા, વાણી અને મનને વશ કરવાની શક્તિ આત્મામાં રહી છે. આત્મા ધારે છે, તે કરી શકે છે. તો મનને વશ કેમ ન કરી

શકે ? આત્મા પોતાના સ્વરૂપનું ધ્યાન કરે, ત્યારે મન અન્યત્ર પરિભ્રમણ કરતું નથી.

આત્મામાં ચિત્ત રાખવાથી રાગ અને દ્વેષ થતો નથી. આત્મ-ધ્યાનથી મન બહાર ભટકતું નથી. અને જ્યારે બહિર્ ભટકતું નથી, ત્યારે રાગદ્વેષ શી રીતે પ્રકટી શકે ? અલબત્ત, પ્રકટી શકે નહીં, માટે આત્મધ્યાન તે જ સર્વોત્તમ ઉપાય છે.

યોગિઓ મન વશ કરવા અષ્ટાંગયોગની સાધન કરે છે. હઠયોગ અને રાજયોગથી મનને વશ કરવા પ્રયત્ન કરવો. રાજયોગની પ્રાપ્તિમાં હઠયોગ નિમિત્તકારણ છે. હઠયોગની ક્રિયાઓ રાજયોગીને મન વશ કરવામાં સાહાય્ય કરે છે. મનને મારતાં પરમાત્મપદની પ્રાપ્તિ થાય છે.

ક્ષણે ક્ષણે મન કંઈ ને કંઈ ચિંતવ્યા કરે છે. તે શું ચિંતવે છે, તેનો પત્તો ઉપયોગ મૂકવાથી લાગે છે. ઉપયોગ મૂકીને મનનું ચિંતવન જોયા કરવું.

નકામા વિચારો મન કરે છે, તેથી મનની સ્થિતિ ઉન્મત્ત પુરુષની પેઠે બગડી જાય છે, માટે આત્માના બળપૂર્વક મન વશ કરવા અત્યન્ત પ્રયત્ન કરવો.

જ્ઞાનિઓ કહે છે કે–અંતે શુદ્ધ પ્રયત્નથી મન વશ થાય છે અને તેથી સંસારનો અંત આવે છે. અનેક તીર્થંકરોએ મનને વશ કર્યું અને ભવિષ્યમાં પણ કરશે.

મન વશમાં નહિ આવે એમ ચિંતવી હિંમત હારવી નહિ. ખરેખર મન વશમાં આવી શકે છે. મન વશ કરવામાં ઉત્સાહ અને ખંતની ખાસ જરૂર છે. તેમજ મન વશ કરવામાં જ મને ખરૂં સુખ થનાર છે, એવો નિશ્ચય થવો જોઈએ.

મનને વશ કરવું તે જ ખાસ કર્તવ્ય છે, એવો પરિપૂર્ણ નિશ્ચય થવો જોઈએ.

આનંદ કે નિર્દોષ વિનોદ એ કહેવાતા દુઃખોને ભુલાવનારી દવા છે.

માથા સાટે માલની પેઠે સતત પ્રયાસ કરવાથી અંતે મનને વશ કરવામાં યોગ ફત્તેહમંદ નીવડે છે. મનમાં થતા વિકલ્પ અને સંકલ્પોને એક પછી એક દૂર હઠાવવા જોઈએ. મનને આત્મસ્વરૂપના ધ્યાનમાં જ રોકતાં આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનનો નાશ થાય છે.

ખરેખર આત્મધ્યાનથી જ વસ્તુતઃ મનના વિકલ્પ અને સંકલ્પો ટળે છે. આત્મધ્યાનથી ઘાતીકર્મનો નાશ થાય છે અને બારમા ગુણ-સ્થાનકના અંતે કેવલજ્ઞાન પ્રગટે છે. આવું સર્વોત્તમ આત્મધ્યાનનું અવલંબન કરવું જોઈએ.

આત્મધ્યાનથી મન વશ થાય છે, એ ખરેખર અનુભવની વાત છે. ક્ષયોપશમજ્ઞાનથી જે ધ્યાન કરાય છે, તેનો ઉપયોગ સતત રાખવો જોઈએ. આત્મધ્યાનસંતતિથી અંતે પરમાત્મસુખની પ્રાપ્તિ થાય છે. તો પછી મન વશ થાય તેમાં તો શું કહેવું ?

મનને વશ કરવા ધ્યાન મુખ્ય હેતુ છે, એમ જણાવી હવે મન વશ કરવા માટે સર્વ ઉપાયો સિદ્ધાંતોમાં દર્શાવ્યા છે, તેમ પ્રતિપાદન કરે છે.

चित्ते वशीकृते सर्वं, विजानीयाद्वशीकृतम् ।
वशीकरणाय चित्तस्य, सर्वोपायाः प्रजल्पिताः ॥२६॥

ચિત્ત વશ કર્યાથી સર્વ વશ કર્યું એમ જાણવું. શાસ્ત્રમાં તપ, જપ આદિ સર્વ ઉપાયો કહ્યા છે, તે ખરેખર મન વશ કરવા માટે જ જાણવા.

ભાવાર્થ :—ચિત્તની ચંચળતા અનેક પ્રકારની બાહ્યો પાધિના-યોગથી કહેવાય છે. હસ્તિકર્ણવત્ તથા વિદ્યુલ્લતાવત્ મનની ચંચળગતિ કોણ અનુભવતો નથી ?

આવું મન વશ કરવા માટે તપની પ્રરૂપણા કરી છે. જપ કરવાનું કારણ પણ તે જ છે, કારણ કે જપ કરવાથી અન્ય વસ્તુઓમાં

! આનંદ એ માનસિક વ્યાધિઓનો નાશ કરનારૂં ઉત્તમ રસાયણ છે.

મનના ગમનનો રોધ થાય છે. અર્થાત્ ઇષ્ટદેવ ગુરુ આદિના જપમાં એકતાર થએલું મન અન્યની ચિંતા કરી શકતું નથી. જેમ સિંહ અને હાથીને હળવે હળવે યુક્તિથી વશ કરવામાં આવે છે, તેમ મનને પણ ધીમે ધીમે યુક્તિથી વશ કરવું જોઈએ.

રાગદ્વેષ કરવો એ મનનો ધર્મ (સ્વભાવ) છે. રાગદ્વેષને જીતવા હોય તો મનમાં ઉઠતી વિકલ્પ અને સંકલ્પની શ્રેણિઓનો દાબવી.

મનને જો જીતવું હોય તો મનમાં ઉઠતા શુભાશુભ વિચારોને તટસ્થ રહી તપાસવા. પછી અશુભ વિચારોને આવતા અટકાવવા. શુભ વિચારોથી પણ મન રહિત થઈ આત્મસ્વરૂપમાં સ્થિર થઈ રહે તેમ પ્રવર્તવું.

પંચેન્દ્રિયોના વિષયોમાં મન પ્રવૃત્તિવાળું થાય છે, તેમાં ખરૂં કારણ તો મન છે, કારણ કે પંચેન્દ્રિયો પણ મનના કહ્યા પ્રમાણે પ્રવૃત્તિ કરે છે.

જો મનમાં પ્રિયપણું તથા અપ્રિયપણું ન કલ્પાય તો ઈન્દ્રિયોની પ્રવૃત્તિ લુખી થઈ પડે, તેમજ પ્રિય અને અપ્રિય ભાવ વિના જો બાહ્યપ્રવૃત્તિ થાય તો આત્મા ઘણાં કર્મનો નાશ કરી શકે.

સમજો કે ચક્ષુથી સુંદર સ્ત્રીઓ દેખાય, અશુભ પદાર્થો દેખાય, પણ તેમાં મન દ્વારા થતું પ્રિયપણું અને અપ્રિયપણું ઉડી ગયું, તો ચક્ષુથી કર્મ બંધાતું નથી.

ચક્ષુને દાબી દેવી, અથવા ચક્ષુને ફોડી નાખવાં એ કંઈ ચક્ષુ વશ કરવાનો ઉપાય નથી, પણ ચક્ષુથી સર્વ પદાર્થો દેખાતાં મનમાં પ્રિયપણું અને અપ્રિયપણું જો ન ઉઠે તો ચક્ષુ વશ કરી શકાય.

તેમજ કર્ણથી શુભાશુભ અનેક શબ્દો સંભળાય છે. કેટલાક શબ્દો પ્રિય લાગે છે અને કેટલાક શબ્દો અપ્રિય લાગે છે. શબ્દોને પ્રિય તથા અપ્રિય માનનાર મન છે.

વિસ્મૃતિનાં સાગરમાં કલેશોને ડુબાડનાર હાસ્ય ખરે! 'અમૃત' છે.

આત્મજ્ઞાન થતાં શબ્દોમાં થતું પ્રિયાપ્રિયપણું ઊડી જતાં મન શાંત થાય છે, તેથી કર્ણથી પ્રિયાપ્રિય શબ્દો સાંભળતાં છતાં પણ મન વશમાં રહે છે.

પહેલાં વનમાંથી જે હાથી પકડી લાવ્યા હોઈએ છીએ, તેની પાસે બંદૂક અગર તોપ ફોડતાં દોડ, દોડા કરી મૂકે છે; પણ બહુ અભ્યાસ થતાં તોપોનાં ભયંકર શબ્દથી હાથી નાસી જતો નથી.

તેમ પ્રથમ અજ્ઞાનાવસ્થામાં મન શબ્દ સાંભળી રાગદ્વેષના પ્રવાહમાં તણાતું જણાય છે, પણ શબ્દોની પ્રિયતા તથા અપ્રિયતાથી આત્મા ન્યારો છે, એમ જાણતાં કોઈ સારા કહે તો તેથી મન હર્ષ પામતું નથી અને કોઈ નઠારા શબ્દોથી બોલાવે તો દીલગીરી થતી નથી.

જેમ કોઈ મનુષ્યને કાષ્ટની પેટીમાં પૂર્યો હોય અને તે બહાર દેખાતો ન હોય, કોઈ તે પેટીને સારી કહે અથવા ખોટી કહે, તેથી પેટીમાં રહેનારને સારી ખોટી અસર થતી નથી. પેટી સારી ખોટી કહેવાથી કંઈ મનુષ્ય સારો ખોટો ગણાય નહીં.

કદાપિ પેટીને દીધેલી ગાળોને અંદર રહેનાર પોતાના ઉપર માની લે તો તે જેમ ભ્રાંત ગણાય છે, તેમ આત્મા પણ શરીરરૂપ પેટીમાં રહ્યો છે.

શરીરના ધર્મને આત્માના માની કોઈ જ્ઞાની માનવ સારૂં અથવા ખોટું કહે તોય તેથી શરીરરૂપ પેટીમાં રહેનાર આત્માને પ્રિયાપ્રિયપણું ન માનવું જોઈએ; અને જો તે પ્રિયાપ્રિયપણું માને તો તેની ભૂલ ગણાય. ગાડીને ગાળ દેવાથી ગાડીવાળાએ દીલગીરી ન ધારણ કરવી જોઈએ.

શબ્દો તો રૂપી છે, આત્મા તો અરૂપી છે. રૂપી એવા શબ્દોમાં પ્રિય અને અપ્રિયપણું ભ્રાંતિથી મનાય છે, અર્થાત્ તે મનની કલ્પનાથી ઉઠેલું છે અને આત્મજ્ઞાનથી મનની કલ્પનાનો નાશ થાય છે.

ચૈતન્યયુક્ત શાંત ને હસતો ચહેરો જ દુનિયામાં સૌને ગમે છે.

જિહ્વાથી કોઇપણ પદાર્થ ક્ષુધા લાગે ત્યારે ખાધા વિના છૂટકો થવાનો નથી, તેમજ તૃષા લાગે ત્યારે જલપાન કર્યા વિના છૂટકો થવાનો નથી. તેમજ વાણીથી બોલ્યા વિના છૂટકો થવાનો નથી.

ત્યારે શું જીભને વશ કરી કહી શકાય ? કેટલાક જીભને વશ કરવા મૌનવ્રત ધારણ કરે છે, પણ વસ્તુત : વિચારતાં સર્વોત્તમ ઉપાય એ જ છે કે, જીભ ઇન્દ્રિયથી ખાતાં પીતાં તેમાં મન દ્વારા પ્રિયત્વ અને અપ્રિયત્વની કલ્પના થાય છે, તે છોડી દેવી.

જીભ ઇન્દ્રિયદ્વારા મિષ્ટાન્ન ખવાય તો તેથી મનમાં ખુશ ન થવું તેમજ અન્ય પદાર્થો ખવાય તો નાખુશ ન થવું. ખવાતા પદાર્થોમાં મન દ્વારા પ્રિયાપ્રિયની કલ્પના ન કરવી, એમ કરવાથી રસનેન્દ્રિય જીતાય છે.

કેટલાક મનને જીત્યા વિના હઠથી સર્વ વસ્તુ ભેગી કરી ખાય છે, તેથી શું તેઓ મનના પ્રિય અને અપ્રિય ભાવનો જય કરી શકશે ? ના કદી નહિ.

વાણી એવી બોલવી કે જેથી અન્યનું કોઈ રીતે અહિત થાય નહીં. અશુભ વિચારથી બોલેલી વાણી વસ્તુતઃ જૂઠી છે, માટે શુભ પરિણામથી વાણી બોલવી. રાગ અને દ્વેષ વિના સ્વાત્મહિતાર્થ ભાષા બોલવાથી મન વશ થાય છે.

બાહ્યનાં કાર્ય કરતાં છતાં પણ મનને આત્મસન્મુખ કરવાથી મનની ચંચળતા ટળે છે.

કમળ જલમાં રહેતાં છતાં પણ તેને જલનો લેપ લાગતો નથી અને નિર્લેપ રહે છે, તેમ આત્મા પણ પોતાના સ્વભાવમાં રમતો છતાં બાહ્યનાં કાર્ય કર્યા છતાં પણ લેપાતો નથી. જલકમલવત્ આત્માની નિર્લેપતા સિદ્ધ કરવામાં મનને આત્મસન્મુખ કરવું જોઈએ.

મધુરસ્મિત, કોમળ હાસ્યને સુંદર શબ્દો જ એક મહાન નૈતિકબલશક્તિ છે.

આત્માર્થસાધક બંધુઓએ પ્રથમ સમ્યક્ સ્યાદ્વાદરીતિથી આત્મજ્ઞાન મેળવવું. બાહ્ય દૃશ્યમાં હું નથી, એવી દૃઢ ભાવના કરવી. બાહ્યવસ્તુમાં હું અને મારૂં એવો પરિણામ ન ઉઠે, ત્યાં સુધી આત્મ-ભાવના કરવી.

આત્મભાવનાની પરિપકવ દશા માટે દરરોજ એક બે કલાક એકાંત નિર્જન ઉપદ્રવરહિત, રમણીય યોગ્ય પ્રદેશમાં જવું. જીવરહિત સ્થાનમાં હેઠળ કંબલ વગેરે પાથરી સમપણે બેસાય તેમ બેસવું.

બેસીને પ્રાણાયામ, ગુરુગમપૂર્વક કરવા. છેવટે વીશ કેવલ કુંભક પ્રાણાયામ કરવા,

પદ્માસન અથવા સિદ્ધાસને બેસવાની ટેવ ત્રણ કલાક પર્યંતની પાડવી. પ્રાણાયામ કર્યા બાદ પ્રત્યાહારની ક્રિયા કરવી.

મમત્વભાવનો ત્યાગ કરી આકાશથી પેઠે નિર્મલ પોતાનો આત્મા ધારી સ્થિર દૃષ્ટિથી આકાશ વગેરે કોઇપણ પદાર્થ ઉપર દૃષ્ટિ સ્થાપવી.

નાભિકમલ અથવા બ્રહ્મરન્ધ્ર તથા હૃદયકમળ વગેરે સ્થાનોમાં આત્માના અસંખ્યેય પ્રદેશની ધારણા કરવી. આત્મા જ ધ્યેય છે, તેના શુદ્ધગુણોનું સ્વરૂપ વિચારવું.

આત્માનું શુદ્ધ ધ્યાન ધરવું. સર્વ જડ વસ્તુઓનાં ધ્યાન મૂકીને આત્મધ્યાન ધરવું જોઈએ. આત્માની નિર્વિકલ્પદશામાં સમાધિનાં સુખ અનુભવવાં જોઈએ.

મનની નિર્વિકલ્પદશા થતાં આત્મા પોતાના સહજ ગુણોનો પ્રકાશ કરે છે. ક્ષયોપશમભાવના ચારિત્રમાં આ પ્રમાણે ઉદ્યમ કરતાં કરતાં અપ્રમત્તદશાનાં સુખ અનુભવી શકાય છે.

મનને જીતવાના અનેક ઉપાયો કહ્યા છે. કોઇપણ માર્ગ અવલંબીને આત્માના સ્વરૂપમાં રમવું અને સ્વસાધ્ય સિદ્ધિ કરવી. મનને વશ કરતાં જે વશ કરવાનું હતું, તે વશ કર્યું સમજવું.

'ચારિત્રનો વિકાસ એ જ માનવતાનું મહાલક્ષણ અને પરમ ઉદ્દેશ છે.

ભિન્ન ભિન્ન રુચિવાળા જીવો ગમે તે માર્ગે મનને જીતવા પ્રયત્ન કરે તો તે ઇષ્ટ છે. અસંખ્ય યોગથી મુક્તિ થાય છે, એમ જિનેશ્વર-ભગવાન કહે છે.

મનને વશ કરવાના ઉપાયો ભિન્ન ભિન્ન હોય તો પોતે જે ઉપાય આદર્યો હોય તેનાથી ભિન્નનું ખંડન કરવા પ્રયત્ન કરવો નહીં. જેટલાં શાસ્ત્રો છે, તે સર્વનો સાર એ છે કે, ગમે તેમ કરી મનના વિકલ્પસંકલ્પોને જીતવા.

મન વશ થતાં યોગી અનેક સિદ્ધિયોના ચમત્કાર પ્રાપ્ત કરે છે. મનોજય થતાં સંસારનાં સર્વ કાર્યની સમાપ્તિ થાય છે.

મનુષ્યો એમ ધારે છે કે–મનના કહ્યા પ્રમાણે વર્તવાથી સુખ મળે છે, પણ તેમ નથી. મનને જીતવાથી ખરાં સુખ મળે છે, માટે પૂર્વોક્ત ઉપાયથી મન વશ કરવું.

આત્માનું સ્વરૂપ વિચારતાં ધ્યાવતાં મન વશ થાય છે, માટે હવે આત્મસ્વરૂપ ધ્યેય દર્શાવે છે.

ज्ञानदर्शनचारित्र–वीर्यानन्दननिकेतनः ।
आत्मारामः सदा ध्येयः, सर्वशक्तिमयः सदा ॥ २७ ॥

જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય અને આનન્દનું સ્થાન અને સદા સર્વશક્તિમય એવો આત્મા સદાકાલ ધ્યાન કરવા યોગ્ય છે.

ભાવાર્થ :—આત્મા અનંત ગુણોનું ઘર છે. સર્વ વસ્તુઓને જાણવાની શક્તિ જેનામાં છે, તે જ્ઞાન છે.

સામાન્યપણે દેખવાની શક્તિ તે **દર્શન** કહેવાય છે.

આત્મા સ્વશુદ્ધસ્વભાવમાં રમે તે **ચારિત્ર** કહેવાય છે.

આત્માની અંતરાયકર્મના નાશથી જે શક્તિ પ્રગટે છે, તેને **વીર્યશક્તિ** કહે છે.

જીવનના 'ધુળધોયા' બનો શકે તેનેજ ચારિત્રનું મોઘું રેડીયમ સાંપડે છે.

બાહ્ય વસ્તુઓના સંબંધવાળી ઇન્દ્રિયોની ક્રિયા વિના પણ નિર્વિકલ્પદશામાં જે આનંદનો સ્વાદ આપે છે, તે આત્માનો **આનંદ-ગુણ** જાણવો.

નિર્વિકલ્પદશા થતાં આત્માનો આનંદ આત્મા પોતે જ જાણે છે. ત્યાં અન્ય પ્રમાણની જરૂર નથી.

જેમ પોતે ગોળ ખાધો અને તે ગળ્યો લાગ્યો, તેમાં અનુમાન આદિનાં પ્રમાણોની મારામારીની શી જરૂર ?

સાકર મુખમાં નાખી અને મીઠી લાગી તે લોકો માને નહીં, તેમાં સમ ખાવાની શી જરૂર ? અલબત્ત, કંઈ નહિ.

તેમ આત્માનું ધ્યાન કર્યું, આત્માનો આનંદ અનુભવાયો, ચાખ્યો, તેમાં પોતે જ સાક્ષી છે, પુસ્તકોની સાક્ષી આપવાની શી જરૂર ?

અધ્યાત્મસ્વરૂપમાં રમણતા કરતાં આનંદની ખુમારી આવી, તે પ્રત્યક્ષ અનુભવથી અનુભવાઈ, તે અન્ય ન માને તો શું તેથી આત્માનંદ ઊડી ગયો ? ના કદી નહિ.

કોઈએ રાજાને દીઠો અને બસો આંધળા એમ કહે કે, અમે દેખતા નથી માટે રાજા નથી, તેથી શું રાજા ન દેખાવાનો ? અલબત્ત દેખાવાનો.

ઘુવડો સૂર્યને ન દેખી શકે, તેથી સૂર્ય નથી એમ પુકારે તેથી શું સૂર્ય નથી ? અલબત્ત છે.

તેમ જેણે અધ્યાત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું નથી, આત્મધ્યાન કરી આત્માની નિર્વિકલ્પદશા મેળવી નથી, તેને આત્માનો આનંદ મળતો નથી, તેથી શું આત્માનો આનંદ ન માનવો ? અલબત્ત, માનવો જોઈએ. કારણ કે,

ધ્યાન કરતાં હાલ પણ નિર્વિકલ્પદશામાં આત્માનો આનંદ

પોતાના 'હૃદય' પરત્વેની વફાદારીમાં જ ચારિત્રનો નિર્મળ પ્રકાશ છે.

ભોગવી શકાય છે. જે એ દશાને પ્રાપ્ત કરે છે, તેને તેનો અનુભવ થાય છે.

લેખક પણ જ્યારે જ્યારે ધ્યાન કરતાં નિર્વિકલ્પદશા પ્રાપ્ત કરે છે, ત્યારે ત્યારે આત્માનો આનંદ પ્રત્યક્ષ વેદે છે.

જ્યારે નિર્વિકલ્પદશાનું ઉત્થાન થાય છે, ત્યારે આવરણો આવવાથી આત્માનો આનંદ વેદી શકતો નથી. પાછો ધ્યાન કરી નિર્વિકલ્પદશામાં સમાધિસ્થ રહે છે, ત્યારે સાક્ષાત્ આનંદ વેદે છે, તેથી તેને ક્ષણિક પૌદ્ગલિક આનંદ ઉપર રુચિ થતી નથી.

વિકલ્પ અને સંકલ્પરૂપ આવરણો સર્વથા જો ખસી જાય તો સદાકાળ આત્માનો આનંદ ભોગવી શકાય. જ્યારે લેખક નિર્વિકલ્પ-દશામાં રહે છે, ત્યારે તેને જે આનંદ થાય છે, તે વર્ણવી શકાતો નથી તેમ બીજાને કહી શકતો પણ નથી.

હું જે આત્માનો આનંદ ભોગવું છું, તે આનંદને અન્ય ન માને તો મારે શું ? મને સાક્ષાત્ તેનો અનુભવ થાય છે, તેમાં અન્ય પ્રમાણની શી જરૂર ?

સાક્ષાત્ ચક્ષુથી ઘટ, પટ, ઝાડ વગેરે પદાર્થો દેખાય, તો તેમાં દીપક લાવવાની શી જરૂર ? તેમજ તેમાં પુસ્તકોની સાક્ષીની શી જરૂર ? અલબત્ત, કંઈ નહિ.

આત્માનું અનંત વીર્ય છે, તેની શુદ્ધિ થતાં પરમાં પરિણમતું નથી. ચૌદ રાજલોકમાં અનેક અવતાર લીધા, તેમાં આત્માની અશુદ્ધ થયેલી વીર્યશક્તિ જ કારણ છે.

આત્માની વીર્યશક્તિ છે, તે આત્મામાં જ પરિણમે તો અનંત-કર્મથી મુક્ત થઈ શકે. તે માટે ખાસ આત્માનું જ ધ્યાન કરવું જોઈએ.

અરેખરે પર–જડ વસ્તુમાં રમણતા કરવાની શી જરૂર ? પરવસ્તુનું ધ્યાન કરતાં આત્માને શો ગુણ ? આત્મા પોતાના સ્વરૂપનું

લોકેષણાની પરવા વગર 'સત્ય' જે ઉચ્ચારી શકે તેનામાં ચારિત્ર છે;

ધ્યાન કરે, તો સંસારબંધનમાંથી છૂટી શકે.

આત્મધ્યાનથી અનંતભવનાં કરેલ કર્મનો ક્ષય થાય છે. જેટલું આત્મબળ આત્મામાં પરિણમે છે, તેટલાં કર્માવરણોનો નાશ થતાં આત્માની નિર્મલતા પ્રગટે છે.

બાહ્યની અનેક વસ્તુઓ કે જે ઈષ્ટ અથવા અનિષ્ટ નથી, ત્યારે તેઓનું ધ્યાન કરવાથી કંઈ ફાયદો થતો નથી.

આત્માના સ્વરૂપનું ધ્યાન ધરવાથી આત્માની નિર્મલતા પ્રગટે છે અને અનેક દુર્ગુણોનો નાશ થાય છે.

આત્મા પોતે પરમાત્મા છે, એમ ધ્યાન ધરવાથી આત્માની અનંતશક્તિઓનો પ્રકાશ થાય છે. પરમાત્માનું ધ્યાન ધરતાં પણ આત્મા પરમાત્મા થાય છે. અરિહંતાદિક પદનું પણ ધ્યાન ધરતાં આત્મા પરમાત્મા થાય છે.

આત્માના અસંખ્ય પ્રદેશોમાં રહેલા અનંતગુણો પૈકી જે જે જ્ઞાનાદિ ગુણો અનુભવમાં આવે તેમાં સંયમ કરવો. યોગવિદ્યાના આશય પ્રમાણે ધારણા, ધ્યાન અને સમાધિ એ ત્રણની ઐકયતાને સંયમ કહે છે.

દુનિયાનાં ધર્મનાં પુસ્તક દરેક મનુષ્ય વાંચી જોશે તો માલૂમ પડશે–કે આત્મા જ અનંતશક્તિનું સ્થાન છે, આત્મા જ પરમપૂજ્ય ભગવાન છે.

અસ્મદીય **આત્મશક્તિપ્રકાશ** ગ્રન્થમાં આ બાબત વિશેષતઃ સમજાવી છે.

શ્રી મહાવીરપ્રભુ સૂત્રોમાં પ્રકાશે છે કે–આત્મા જ તારવા યોગ્ય છે. આત્માની નિર્મલતા કરવા માટે સર્વ ક્રિયાઓ કહી છે. આત્માને માટે વ્રતો કહ્યાં છે. આત્માની અનંત શક્તિઓનો પરિપૂર્ણ પ્રકાશ થતા આત્મા તે જ પરમાત્મા કહેવાય છે.

અરે જગતના જીવો ! તમો ભ્રાંતિથી બાહ્યમાં કયાં સુખ શોધો

પાંડિત્યનાં દંભી પ્રદર્શનોને સ્થાને નિર્મળતાથી જીવી શકાય ત્યાં ચારિત્ર છે.

છો ? જેનાથી સર્વ વસ્તુઓ શોધાય છે, જણાય છે, અનંતી શક્તિઓનો ચમત્કાર જેનામાંથી પ્રગટે છે, તે તમે પોતે દેહમાં રહેલા આત્મા જ છો.

બાહ્ય વસ્તુઓમાં ઇષ્ટ અનિષ્ટ વિકલ્પનાનો ત્યાગ કરી આત્મામાં જ લક્ષ્ય રાખો. આત્મા જ સર્વનો પ્રકાશક છે. પોતાનો પ્રકાશ કરનાર પણ આત્મા છે,

આત્માની દશા આત્મા જાણવા સમર્થ છે, આત્મા વિના આત્માનું ધ્યાન ધરવા અન્ય સમર્થ નથી. જડ વસ્તુમાં તો જ્ઞાન બિલકુલ નથી; તેથી જડ વસ્તુઓ તો આત્માનું ધ્યાન ધરી શકે છે, તેથી સહજ સ્વકીય આનંદનો ભોક્તા બની શકે છે. ક્રિયા અથવા ભક્તિથી પણ આત્મા જ ઉપાસ્ય છે, કારણ કે ક્રિયા અને ભક્તિમાર્ગથી પણ આત્માને પરમાત્મા બનાવવાનો જ ઉદ્દેશ છે. આત્માનું ધ્યાન ધરનારે યાદ રાખવું કે જ્યાં સુધી બાહ્ય વસ્તુઓમાં મમતા છે, ત્યાં સુધી આત્મધ્યાન થઈ શકતું નથી.

સ્વપ્નપદાર્થ સદૃશ બાહ્યપદાર્થોમાં મમતા તેમજ દ્વેષનો ત્યાગ કરવો જોઈએ, તે બતાવે છે.

स्वप्नवद् बाह्यभावेषु, ममत्वं नैव युज्यते ।
तथैव द्वेष्यता तत्र, ज्ञानिनो नैव युज्यते ॥ २८ ॥

नैव स्त्रीशत्रुभोज्यादि, पदार्था मोहहेतुकाः ।
मोहबुद्धया स्व तत्र, द्विषन् रज्यन् विमुह्यति ॥ २९ ॥

સ્વપ્નસમાન ક્ષણિક બાહ્ય દૃશ્ય પદાર્થોમાં મારાપણાની બુદ્ધિ ધારણ કરવી તે યોગ્ય નથી. તેમજ તે બાહ્યપદાર્થોમાં જ્ઞાનીઓએ દ્વેષ્યતા કરવી તે યોગ્ય નથી.

સ્ત્રી, શત્રુ અને ભોજ્ય વગેરે પદાર્થો પોતે કંઈ મોહના હેતુઓ નથી. અજ્ઞ જીવ ફક્ત મોહબુદ્ધિથી રાગ કરતો અને દ્વેષ કરતો ત્યાં મુંઝાય છે.

માટીસમાન Masses માંથી જુદા તરી વ્યક્તિત્વ ખીલવે ત્યાં ચારિત્ર છે.

ભાવાર્થ :—બાહ્ય પદાર્થો ખરેખર સ્વપ્નના સમાન ક્ષણિક છે. બાહ્ય પદાર્થોમાં જે ઇષ્ટબુદ્ધિ થાય છે, તે ખરેખર ભ્રાંતિ છે. બાહ્ય પદાર્થો ક્ષણિક છે. અનેક જીવો બાહ્ય પદાર્થોને મારા મારા માની ચાલ્યા ગયા, પણ કોઇની સાથે બાહ્ય વસ્તુઓ ગઈ નહીં.

જે વસ્તુઓ મનુષ્યો પોતાની માને છે, તે વસ્તુઓ કોઇપણ રીતે તેમની નથી. દાખલા તરીકે જેમ अज्ञपुरुष એક ઘરને મમતાથી પોતાનું માને છે, ત્યારે તેમાં રહેતા ઉંદર વગેરે તે ઘરને મમતાથી પોતાનું માને છે, કારણવશાત્ મમતાથી લડી પણ મરે છે.

મમતા પોતાનું જોર બતાવી જગતના જીવોને પોતાના વશમાં કરે છે. મમતાથી બાહ્ય વસ્તુઓની સદાકાળ ઝંખના થયા કરે અને તેથી મનમાં જરા માત્ર પણ શાંતિ થતી નથી,

મમતા વશ થયેલા મનુષ્ય ઇષ્ટ વસ્તુ પર રાગ કરે છે અને અનિષ્ટ વસ્તુ પર દ્વેષ કરે છે. મમતા યોગે મનુષ્ય આ દેખાતા શરીરમાં મારાપણાની બુદ્ધિથી મુંઝાઈ જાય છે. જે શરીરને પોતાનું માને છે, તે શરીર જડ પુદ્ગલપરમાણુઓથી બનેલું છે.

શરીરમાં રહેનારા કીડા એમ જાણે છે કે—આ શરીર અમારૂં છે, ને મનુષ્ય જાણે છે કે મારૂં છે. વસ્તુતઃ વિચારી જોતાં માલૂમ પડે છે કે, શરીર ત્રણ કાલમાં પોતાનું નથી.

સાત ધાતુનું શરીર બનેલું છે. તેમાંની એક ધાતુ પણ આત્માની નથી. શરીરમાંથી આત્મા નીકળી જાય છે, ત્યારે સાત ધાતુઓનું રૂપાંતર થઈ જાય છે અને તે વળી અન્ય જીવના શરીરપણે પરિણમે છે.

મનુષ્યના આત્માએ ભૂતકાળમાં અનંત શરીરો ધારણ કર્યા હતાં, તે શરીરો રૂપાંતર પામી અનેક જીવોના શરીરરૂપે પરિણમ્યા હશે.

હાલ પણ જે શરીરો દેખાય છે, તે ભવિષ્યકાલમાં અન્ય શરીર

પ્રમાણિકતા વગર જીંદગી જેને આકરી લાગે ત્યાં ચારિત્ર છે.

વગેરે આકારોમાં ગોઠવાઈ જશે અને તેના માલિક અનેક અન્ય જીવો થશે, તેને માટે પરસ્પર લડાઈ પણ કરશે.

હાલ જે સ્ત્રીના શરીરના પુદ્ગલ છે, તે કોઈ વખત માતાના શરીરરૂપે પરિણમેલા હતા. અનેકપણે પરિણમવાનો પુદ્ગલનો સ્વભાવ છે. અહો ! કયા પદાર્થ ઉપર મમતા રાખવી જોઈએ ?

જે પદાર્થો ઘડીમાં શાતાવેદનીયના હેતુપણે પરિણમેલા હોઈ વ્હાલા લાગે છે, તેના ઉપર રાગ થાય છે, તે જ પદાર્થો અશાતા-વેદનીયના હેતુભૂત થતાં તેઓના પ્રતિ દ્વેષ પ્રગટે છે.

જે દૂધપાક આવા પર રાગ હોય છે, તેના ઉપર ઘડીમાં કારણવશાત્ દ્વેષ પ્રગટે છે. દૂધપાકમાં કંઈ રાગદ્વેષ નથી, પણ દૂધપાક પર મનથી રાગદ્વેષ થાય છે.

આ પ્રમાણે ખરેખર રાગદ્વેષ મનમાંથી ઊઠે છે, ત્યારે એમ સિદ્ધ થયું કે—બાહ્ય વસ્તુઓ ઇષ્ટ અથવા અનિષ્ટ નથી, પણ બાહ્ય વસ્તુઓને ઇષ્ટ અથવા અનિષ્ટ માની લેનાર મન છે. ઇષ્ટ અને અનિષ્ટપણાની કલ્પના ધારણ કરનાર મન છે.

મનમાં ઇષ્ટાનિષ્ટપણું મોહથી કલ્પાએલું છે. જ્યારે બાહ્ય વસ્તુઓમાં ઇષ્ટાનિષ્ટપણું નથી, ત્યારે તે પર શા માટે રાગદ્વેષ ધારણ કરવો જોઈએ ?

ખરેખર જ્ઞાનીઓને બાહ્ય વસ્તુ પર રાગ અથવા દ્વેષ કરવો યોગ્ય નથી. **દુઃખે માથું અને ફૂટે પેટ.** તેમજ પાડાને રોગ અને પખાલીને ડામ દેવાની પેઠે આપણે બાહ્ય વસ્તુઓને નિંદીએ છીએ.

શા માટે તેના ઉપર રાગ થાય છે ? બાહ્યવસ્તુઓ કહે છે કે—અમારામાં ઇષ્ટ પણું અથવા અનિષ્ટપણું કંઈ નથી. ત્યારે શા માટે તમારી રાગ-દ્વેષની પ્રવૃત્તિથી હે મનુષ્યો ! તમે અમને નિંદો છો, સ્તવો છો ?

મૃદુ વચનોની મીઠાશમાં, નમ્રતા, પ્રેમ ને ઉદારતામાં ચારિત્ર છે.

ચંદ્રને દેખી કેટલાકને શીતળપણાના ગુણથી તેના ઉપર રાગ પ્રગટે છે અને વિરહિણીઓને તેના ઉપર દ્વેષ પ્રગટે છે.

વસ્તુતઃ વિચારીએ તો ચંદ્રના વિમાનને દેખી મનુષ્યો ફક્ત મનની કલ્પનાથી જ રાગદ્વેષ કરે છે, તેમાં ચંદ્રના વિમાનને કંઈ નથી. તેમજ બાહ્ય પદાર્થો ઉપર રાગદ્વેષ થાય છે, તે ખરેખર આત્માની ભ્રાંતિથી જ થાય છે.

કોઈ છોકરો લાકડાના ઘોડા ઉપર બેસે છે, ત્યારે રાગ કરે છે. અને જ્યારે તે ઉપરથી પડી જાય છે, ત્યારે લાકડાના ઘોડાને સોટી મારે છે.

હવે વિચારો કે, લાકડાના ઘોડા પર બેસનાર છોકરાને રાગ અથવા દ્વેષ થયો, તેમાં લાકડાના ઘોડાને શું ? અલબત્ત, કંઈ નહિ. ખરેખર, તેમાં છોકરાના મનમાં ઇષ્ટાનિષ્ટપણું થયું તે જ કારણ છે.

સ્ત્રીનું સુંદર રૂપ દેખી પુરુષના મનમાં રાગ પ્રગટે અને સ્ત્રીની પ્રાર્થના કરે, તેમાં સ્ત્રી જો પ્રાર્થના ન માને તો તેના ઉપર દ્વેષ પ્રગટે, તેમાં સ્ત્રીના શરીરનો શો વાંક ? અલબત્ત, કંઈ નહિ. ફક્ત પુરુષના મનમાં રાગ અને દ્વેષની કલ્પના ઉઠી તેમાં અજ્ઞાનનો જ વાંક છે.

પુરુષો સ્ત્રીઓને દેખી કામઘેલા બની જાય, મોહના પાશમાં સપડાય અને ઘોર કર્મ કરે અને કહે કે, સ્ત્રીઓ નરકનું બારણું છે,

તે પ્રમાણે સ્ત્રીઓ પણ પુરુષને દેખી મોહ કરે અને કામના વશમાં સપડાય અને કહે કે, પુરુષો જ નરકનું બારણું છે. કારણ કે પુરુષો ન હોત તો અમારી ખરાબ અવસ્થા થાત નહિ.

હવે અહિં ન્યાયથી વિચારીએ તો સત્ય જણાશે કે, પુરુષોને સ્ત્રીઓ ઉપર મોહ થાય તેમાં પોતાના મનમાં ઉઠતા કામવિકારનો જ દોષ છે.

બોલે નહિ છતાં હૃદયના તારો ઝગમગાટી નાખે ત્યાં ચારિત્ર છે.

જો પોતાના મનમાંથી કામવિકાર કે જે પુરુષવેદ તરીકે ગણાય છે, તે જો શાંત થયો તો અનેક સ્ત્રીઓથી પોતાનું કંઈ પણ ભૂંડું થવાનું નથી. તે પ્રમાણે જ સ્ત્રીઓના મનમાં સ્ત્રીવેદરૂપ કામવિકાર થાય છે, તે જો ન હોય તો પુરુષોથી સ્ત્રીઓનું કંઈ પણ બગડવાનું નથી.

બંનેના મનમાં ઉત્પન્ન થતા કામવિકારનો જ દોષ છે, તેમાં અન્ય તો નિમિત્તમાત્ર છે, માટે તત્ત્વદૃષ્ટિથી વિચારીએ તો માલૂમ પડે છે કે–બાહ્યવસ્તુઓ મોહકારક નથી, પણ મનુષ્યો પોતે જ મોહબુદ્ધિથી તેમાં રાગદ્વેષાત્મક મોહને ધારણ કરે છે.

કારણ કે–મોહીને બાહ્ય વસ્તુઓ મોહના હેતુભૂત થાય છે અને વૈરાગીને બાહ્યની વસ્તુઓ વૈરાગ્યના હેતુભૂત તરીકે પરિણમે છે.

માટે જ **આચારાંગસૂત્રમાં** કહ્યું છે કે–જ્ઞાનીને આશ્રવના હેતુઓ સંવરરૂપે પરિણમે છે અને અજ્ઞાનીને સંવરના હેતુઓ આશ્રવરૂપે પરિણમે છે, તેમાં મન જ કારણ છે.

રાગદ્વેષાત્મરૂપે પરિણમેલું મન જ સંસાર છે અને રાગદ્વેષથી રહિત થએલું મન મોક્ષકારક છે. જો બાહ્ય વસ્તુઓમાં ઇષ્ટાનિષ્ટપણું ન કલ્પાય તો રાગદ્વેષનો ઉત્પાદ થાય નહિ અને રાગદ્વેષના અભાવે આત્મા સમભાવમાં રમણતા કરી પરમાત્મપદ પામે.

મોહબુદ્ધિથી બાહ્ય વસ્તુ પર રાગ થાય છે અને દ્વેષ થાય છે. બાહ્ય પદાર્થો છે, પણ તે આત્મરૂપે નથી, તેમાં સુખ નથી, એમ જણાય તો બાહ્ય વસ્તુઓ ઉપર થતી મોહબુદ્ધિનો નાશ થઈ શકે.

સૂર્યનો પ્રકાશ થતાં અંધકાર રહે નહીં, તે પ્રમાણે આત્મજ્ઞાનનો ઉપયોગ થતાં મોહબુદ્ધિ રહે નહીં. આત્મજ્ઞાનથી અનંત ભવનાં કરેલ કર્મનો ક્ષય થાય છે.

સાત ધાતુના બનેલા દેહરૂપ પિંજરમાં રહીને મોહવાસનાનો નાશ કરી સ્વતંત્ર પરમાત્મા બનવું જોઈએ. મારૂં મારૂં કરી મરી જવું ન જોઈએ.

હિમાલયના જેવું ઉંચું, શ્વેત, ઠંડું ને બધા ગુણોનું મંદિર, તે ચારિત્ર છે.

અનંતકાલથી મમતાના વિશે આત્મા મર્યો પણ હવે તો આત્મા પોતાનું સ્વરૂપ સમજ્યો, તેથી મમતાના પાશમાં કેમ ફસાય? અલબત્ત, કદી ફસાય નહીં.

જિનેશ્વરો એમ જ કહે છે કે, મારા તારાપણાનો અભ્યાસ ટળ્યો તો આત્મા પોતાની અનંત શક્તિઓનો પ્રકાશ કરી શકે છે, માટે રાગનો નાશ કરવા ઉદ્યમ કરવો. તે જ સંબંધ લઈ કહેવામાં આવે છે કે—રાગના હેતુઓનો ત્યાગ કરવો જોઈએ.

રાગના હેતુઓ પણ પ્રસંગ પામી દ્વેષરૂપે પરિણમે છે

रागस्य हेतवो ये ये, भजन्ते द्वेषहेतुताम् ।
सानुकूलप्रतिकूल, मनोवृत्तिप्रसङ्गतः ॥ ३० ॥

रागरुपामनोवृत्ति, द्वेषरुपा तथैव च ।
रागद्वेषविनिर्मुक्तं-मनो मोक्षस्य कारणम् ॥ ३१ ॥

રાગના જે જે હેતુઓ છે, તે દ્વેષના હેતુઓ રૂપે પરિણમે છે, તે ખરેખર સાનુકૂલ અને પ્રતિકૂલ મનોવૃત્તિના પ્રસંગથી છે.

મનોવૃત્તિ બે પ્રકારની છે. રાગરૂપ મનોવૃત્તિ અને દ્વેષરૂપ મનોવૃત્તિ. રાગ અને દ્વેષથી રહિત મનોવૃત્તિ મોક્ષનું કારણ બને છે.

ભાવાર્થ :—રાગનાં કારણો જેટલાં છે, તેટલાં જ પ્રસંગને પામી દ્વેષનાં કારણો બને છે. સ્ત્રી વગેરે મનની સાનુકૂલ વૃત્તિથી રાગનાં કારણો બને છે. તેજ સ્ત્રી જો પતિનું કહ્યું ન માને, તો તેના ઉપર દ્વેષ ઉત્પન્ન થાય છે.

જે પિતાના ખોળામાં બેસનાર પુત્ર પર પિતાનો અત્યંત રાગ હોય છે, તે પિતા રાગના યોગે પુત્ર માંદો પડે છે, તો મહાદુઃખી થાય છે. પુત્ર ઉપર અત્યંત રાગ ધારણ કરી તેને ભણાવે છે, પરણાવે છે,

તેજ પુત્ર જો પિતાના વિચારોથી તથા આચારોથી વિરુદ્ધ ચાલે

તર્કવિતર્કોથી પર, ને શબ્દોનાં નખરાંથી સો કોશ દુર તે ચારિત્ર છે.

છે, તો પછી પિતાનો પુત્ર પર અત્યંત દ્વેષ થાય છે. પિતા પોતે પુત્રને ઘરથી બહાર કાઢે છે. પુત્ર પણ પિતાનું બુરૂં કરવા ચૂકતો નથી.

કયાં પરસ્પરના અત્યંત રાગ અને કયાં પાછો પરસ્પરનો અત્યંત ઉત્કટ દ્વેષ ! અહો ! સાનુકૂળ વૃત્તિ હોય ત્યાં સુધી રાગ અને પ્રતિકૂળ વૃત્તિ થતાં દ્વેષ–એવી મનની સ્થિતિ અજ્ઞાનના યોગે વહ્યા કરે છે.

બાલ્યાવસ્થામાં લાકડાનાં રમકડાં ઉપર અત્યંત રાગ હોય છે, તેજ રમકડાં ઉપર યુવાવસ્થા થતાં રુચિ રહેતી નથી. ખરેખર અવસ્થાભેદે તથા પ્રસંગભેદે રમકડાં ઉપર રુચિ તથા અરુચિ કરનાર મન જ છે. જે મિત્રો પર અત્યંત રાગ હોય છે, તેજ મિત્રો કોઈ વખતે દ્વેષના હેતુઓ રૂપે બને છે.

રાગકારક અને દ્વેષકારક બાહ્યની વસ્તુઓ નથી, પણ ખરેખર શોધ કરતાં માલૂમ પડે છે કે–સાનુકૂલ અને પ્રતિકૂલ મનોવૃત્તિ તેજ કારણ છે.

જો સાનુકૂલ અને પ્રતિકૂલ મનોવૃત્તિ ન થતી હોય તો રાગ અને દ્વેષ થાય નહીં. સાનુકૂળ અને પ્રતિકૂળ મનોવૃત્તિ થવાનું કારણ ફક્ત અજ્ઞાન અને મોહ છે.

ચતુર્દશ રાજલોકમાં અનંતવાર પરિભ્રમણ કરાવનાર સાનુકૂળ અને પ્રતિકૂલ મનોવૃત્તિ જ છે. **યોગવાસિષ્ઠમાં** પણ કહ્યું કે વૃત્તિથી જ સંસાર ઉત્પન્ન થાય છે.

બાહ્ય મનોવૃત્તિથી જ આત્મા સંસારમાં પુણ્યપાપ ગ્રહણ કરી અનેક શુભાશુભ અવતારો ધારણ કરે છે.

મનોવૃત્તિ જો શાંત થઈ તો સંસાર પણ શાંત થયો સમજવો. સાનુકૂળ અને પ્રતિકૂળ મનોવૃત્તિને રોકવાથી જ મુક્ત થવાય છે. મનો-ગુપ્તિ કરવાથી જ સત્યધર્મ પ્રગટે છે.

'ઉચ્ચ નીચ'ના ભેદ વગરનો સુંદર પ્રદેશ તે જ રમણીય ચારિત્ર છે.

મનોવૃત્તિરૂપ સ્ત્રીએ આત્મારૂપ સ્વામીને વિકલ્પરૂપ પારણામાં અનંતીવાર ઝુલાવ્યો અને કોણ જાણે હજી કયાં સુધી ઝુલાવશે.

મનોવૃત્તિ એક ભાવ વેશ્યા છે. તેના વશમાં જગતના સર્વ જીવો ફસાયા છે. રાગ–દ્વેષાત્મક મનોવૃત્તિ એક દાસી છે. તેના તાબામાં રહેનાર પુરુષો પણ અપુરુષાર્થપણાને ભજે છે.

મનોવૃત્તિરૂપ વ્યભિચારિણી સ્ત્રીના કહ્યામાં જે પુરુષો છે, તે વ્યભિચારી કહેવાય કે બ્રહ્મચારી? તેનો સજ્જનોએ નિર્ણય કરવો જોઈએ.

પંચેંદ્રિયના વિષયો તરફ દોડતી રાગરૂપ મનોવૃત્તિએ કયા કયા પુરુષોને વિષય ભોગમાં સપડાવ્યા નથી?

એક ઇન્દ્રિયના વિષય કરતાં જે પાંચ ઇન્દ્રિયોનો વિષય સેવે છે. તે પણ મનોવૃત્તિના પરતંત્રપણાથી જ જાણવું.

પ્રારબ્ધયોગે રાગદ્વેષરૂપ મનોવૃત્તિની શૂન્યતાએ ઉદાસીન પરિણામે વિષયભોગ ભોગવી જે આત્માઓ કર્મ નિર્જરે છે, તેવા પુરુષોને ધન્યવાદ ઘટે છે, તેવી ઉચ્ચ દશાની સ્થિતિ પ્રાપ્ત થવી દુર્લભ છે.

પાંચે ઇન્દ્રિયોના જે બાહ્ય પદાર્થો વિષયરૂપે છે, તેમાં જો મન રુચિ અથવા અરુચિપણું ધારણ કરે નહિ તો ઉત્તમ આત્મિક સુખની ખુમારી પ્રગટે છે.

ખરેખર અજ્ઞાન દશાથી જ આનંદાર્થે જ મનોવૃત્તિ બાહ્ય પદાર્થો ઉપર રુચિભાવ ધારણ કરે છે. અજ્ઞાનદશામાં જે આનંદ મનાયો છે, તે કલ્પનારૂપ છે, કારણ કે બાહ્ય પદાર્થો આનંદવાળા નથી, તો તેના ઉપર રાગ ધારણ કરવાથી કયાંથી આનંદ મળી શકે?

બાહ્ય પદાર્થોમાં જો આનંદ હોય તો તે જડ હોય નહિ, કારણ કે જડ પદાર્થોમાં આનંદ હોતો જ નથી.

લાખો અથવા કરોડો મનુષ્યો, રાજાથી તે રંક પર્યંત સર્વે સ્ત્રી પુરુષો આનંદને માટે રાત્રિદિવસ બાહ્ય પદાર્થોનો ગ્રહણત્યાગ કરે છે.

'વ્યક્તિ' ભાવમાંથી ઊઠી 'સમષ્ટિ'માં પ્રવેશવું તે મહાચારિત્ર છે.

છેવટે મરી પણ જાય છે, પણ બાહ્ય પદાર્થોથી તેમને આનંદ મળતો નથી. તેમ વાચકો અને લેખકો પણ કોટી ઉપાય કરે તો પણ બાહ્ય જડ પદાર્થોથી કદી આનંદ મેળવી શકનાર નથી.

મનોવૃત્તિથી જ બાહ્યમાં આનંદ કલ્પાય છે. જો મનોવૃત્તિ સાચી હોય તો તેની કલ્પના પ્રમાણે બાહ્ય પદાર્થોમાં આનંદ પણ હોઈ શકે, પણ મનોવૃત્તિ ક્ષણિક છે, શુદ્ધ જ્ઞાનથી રહિત છે, ત્યારે મનોવૃત્તિની કલ્પનાથી બાહ્યમાં આનંદ કેમ માની શકાય? અલબત્ત, માની શકાય નહીં.

રાગદ્વેષાત્મક મનોવૃત્તિ અનંત કાળથી લાગેલી છે, પણ અદ્યાપિપર્યંત તેનાથી સત્ય આનંદ પ્રાપ્ત થયો નથી, તો હવે સત્ય આનંદની આશા રાખવી તે વ્યર્થ છે.

જે પોતે જ ઘડીમાં નવનવા કષાયના રંગને ધારણ કરે છે, તેવી મનોવૃત્તિ પોતે આનંદરૂપ જ નથી, અને તેનાથી જે જે વસ્તુઓમાં આનંદ કલ્પાય છે, તે પણ સત્ય નથી. ત્યારે રાગદ્વેષાત્મક મનોવૃત્તિમાં રમવાથી કંઈ પણ સુખ મળનાર નથી, એમ નિશ્ચય ધારણ કરવો.

રાગદ્વેષાત્મક મનને ભાવમન કહેવામાં આવે છે અને તેને જ વિકલ્પ સંકલ્પવાળું મન કહેવામાં આવે છે. રાગદ્વેષરહિત મનને નિર્મલ મન કહેવામાં આવે છે. રાગદ્વેષાત્મક મનોવૃત્તિને બહિર્મુખ મનોવૃત્તિ કહેવામાં આવે છે. અંતર્મુખ મનોવૃત્તિ થતાં કર્મનો નાશ થાય છે. વિશેષ શું કહેવું? સારાંશ કે આત્મામાં મનને જોડી રાગદ્વેષને જીતી પરમાત્મપદ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો.

રાગદ્વેષ રહિત થવા માટે જે જે ઉપાયો બતાવ્યા છે, તે પ્રમાણે વર્તવા પ્રયત્ન કરવો જોઈએ. મનની નિર્મલતા કરવા માટે દયાની પણ જરૂર છે. જેમ જેમ દયા પ્રતિ મનનું વલણ થાય છે, તેમ તેમ ક્રોધ હિંસાદિક દોષો મનમાંથી ક્ષય પામે છે.

પવિત્ર દ્રષ્ટિ, મનોવૃત્તિ ને આદર્શ ભક્તિ જ્યાં છે ત્યાં ચારિત્ર છે.

બાહ્ય ભાવમાં રાગ થાય છે અને તેમાં ઇષ્ટત્વ અહંત્વ મનાય છે, તેનું ખરેખર કારણ અજ્ઞાન છે, તે હવે જણાવે છે.

अज्ञानेन स्वयं जीवो, बाह्यभावेषु रज्यति ।
ज्ञानात्मा तु विवेकेन, जडेषु नैव रज्यति ॥ ३२ ॥

અજ્ઞાનવડે આત્મા પોતે બાહ્ય પદાર્થોમાં રંગાય છે અને જ્ઞાનાત્મા તો વિવેક બળથી જડમાં રાગથી રંગાતો નથી.

ભાવાર્થ :—અજ્ઞાનવડે જ જીવ બાહ્ય ભાવમાં રાગી બની રંગાય છે, એમ તો સિદ્ધ ઠર્યું. અનંત કાળથી જીવ સંસારમાં ભમે છે, તેનું કારણ ખરેખર અજ્ઞાન છે.

જેમ કૂતરું હાડકાં ચૂસી પોતાનું જ લોહી આસ્વાદી આનંદ માને છે અને હાડકાં ચૂસવા રાગ ધારણ કરે છે, તેમ સંસારમાં જીવો પણ અજ્ઞાનથી જ પર–જડ વસ્તુઓમાં રાગથી રંગાય છે અને પ્રતિકૂળ વસ્તુ પર દ્વેષ ધારણ કરે છે.

અહો ! અજ્ઞાનની કેટલી બધી પરિસીમા ! ! ! જે વસ્તુ પોતાની છે, તેને પોતાની માનતો નથી અને જે વસ્તુ પોતાની નથી, તેને પોતાની માને છે.

"અજ્ઞાની પશુ આત્મા" "અજ્ઞાની કરશે કિશું રે, શું લહેશે પુણ્ય ને પાપ રે" ઇત્યાદિ વાકયો જણાવે છે કે, અજ્ઞાની જીવ મિથ્યાત્વી છે. અજ્ઞાની જીવ અજ્ઞાનપણાથી સુખ પ્રાપ્ત કરતો નથી.

જે જીવોએ વીતરાગની આજ્ઞા પ્રમાણે સ્યાદ્વાદભાવે આત્મા જાણ્યો નથી, તે જીવો અજ્ઞાની કહેવાય છે.

અજ્ઞાની ખરેખર અંધ છે. અજ્ઞાની પોતાનું અને પારકું હિત જાણી શકતો નથી. સંસાર અને મોક્ષનો ભેદ જાણી શકતો નથી.

અનાદિકાળથી જીવ સંસારમાં ભટકે છે, તેનું કારણ ખરેખર અજ્ઞાન છે. અજ્ઞાનીનું બોલવું, ચાલવું ફોનોગ્રાફ યંત્રની પેઠે જાણવું.

શ્રી વીર પ્રભુ કહે છે કે–અજ્ઞાનના જેવો કોઈ દુનિયામાં શત્રુ નથી. બાહ્ય જગતના પદાર્થોને પોતાના માની તેમાં રંગવાનું થાય છે, તેનું ખરેખર કારણ અજ્ઞાન છે.

ધતુરો ખાધો હોય છે, ત્યારે ધોળી વસ્તુઓ પણ પીળી દેખાય છે, તમે અજ્ઞાન હોય છે, ત્યાં સુધી જ જગતના પદાર્થો પર રાગ થાય છે.

જ્યારે જ્ઞાન પ્રગટે છે, ત્યારે જ્ઞાનાત્મા તો વિવેકદૃષ્ટિના યોગે જાણે છે કે, દૂધ તે દૂધ અને પાણી તે પાણી. આત્મા તે જ આત્મા પણ જડ વસ્તુઓ આત્મા નથી. અને જડ વસ્તુઓથી સુખ થવાનું નથી, માટે શા માટે રાગ ધારણ કરવો જોઈએ ?

જ્ઞાનાત્મા એમ વિચારે છે કે–રાગ છે તે મનનો ધર્મ છે. રાગથી આત્મા ભિન્ન છે. રાગથી આત્મા બંધાય છે, માટે કોઈપણ સારી અગર બોટી વસ્તુ ઉપર રાગ અથવા દ્વેષ કરવો તે યોગ્ય નથી.

મુક્તિ સારી છે, સંસાર ખરાબ છે, એમ વિવેકથી જણાય છે, પણ તેથી મુક્તિના ઉપર રાગ અને સંસારના ઉપર દ્વેષ કરવો જોઈએ નહીં, એમ જ્ઞાનીના મનમાં ભાસે છે.

મુક્તિ સંસાર બેઉ સમ ગણે આ શ્રી આનંદઘનજીના અનુભવ પ્રમાણે જ્ઞાનીને ભાસે છે અને તેથી સદ્‌ગુણી ઉપર રાગ અને દુર્ગુણી ઉપર દ્વેષ પણ ધારણ કરતો નથી.

આવી જ્ઞાનીની ઉત્કૃષ્ટ જીવનદશા થતાં પંચપરમેષ્ઠી ઉપર પણ રાગ ભાવ થતો નથી. તેમજ પોતાના આત્મા ઉપર પણ રાગભાવ થતો નથી. તેમજ વિષયો પર દ્વેષ, અરુચિ પણ થતી નથી. જ્ઞાનીની આવી ઉત્તરોત્તર દશા વૃદ્ધિ પામતાં **અધ્યાત્મસારગ્રન્થમાં** કહ્યા પ્રમાણે ઉત્તર સામ્યભાવની પ્રાપ્તિ થાય છે.

આત્મજ્ઞાની જ્ઞાનના બળથી વિષયવાસનાનું જોર હઠાવી દે છે. કરોડ રૂપીયાનો હીરો હોય તો પણ તેના ઉપર જરા માત્ર રાગભાવ

જીવન સંગ્રામની કઠણ શિલાઓ પર પછડાઈને ઘડાય તે ચારિત્ર છે.

થતો નથી. તેમજ દેવેન્દ્રની પદવી ઉપર પણ જરા માત્ર રાગભાવ ઉત્પન્ન થતો નથી. પંચેન્દ્રિયના ભોગો તો નાકના મેલ સમાન લાગે છે.

જ્ઞાનીની અન્તરદશાને જ્ઞાનીજન જાણી શકે છે. અજ્ઞાનીજન શું જાણી શકે ? જ્ઞાનીની બલિહારી છે. જ્ઞાની રાગદ્વેષનો ક્ષય કરે છે.

રાગ અને દ્વેષના ક્ષય માટે જે જે ઉપાયો બતાવ્યા છે, તે પ્રમાણે વર્તવા પ્રયત્ન કરવો જોઈએ. મનની નિર્મલતા માટે દયાની પણ જરૂર છે. જેમ જેમ દયા પ્રતિ મનનું વલણ થાય છે, તેમ તેમ ક્રોધ હિંસાદિક દોષોનો ક્ષય થાય છે.

માટે અહિંસા પ્રસંગને અનુસરી દયાની સિદ્ધિનું માહાત્મ્ય છે, તેનો અનુભવ સમતાથી થાય છે એમ જણાવે છે.

अहिंसायाः प्रतिष्ठायां, वैरत्याग इति श्रुतिः ।
साम्यभावप्रतिष्ठायां, प्रत्ययस्तस्य जायते ॥ ३३ ॥

અહિંસાની (દયાની) સિદ્ધિ થયે છતે વૈરનો ત્યાગ થાય છે. આવું પાતંજલ યોગ સૂત્ર છે, તેનો પ્રત્યય (નિશ્ચય) પણ સામ્યભાવની સિદ્ધિ થતાં થાય છે.

ભાવાર્થઃ—અહિંસાની પ્રતિષ્ઠા થતાં વૈરનો ત્યાગ થાય છે, એ વાત ખરી છે, એવો અનુભવ શાથી થાય છે, એમ કોઈના મનમાં આશંકા થાય તો તેનો જવાબ આપે છે કે, સમતાભાવ થતાં દયાથી વૈર ત્યાગ થાય છે, એવો સાક્ષાત્ અનુભવ વેદાય છે.

કહેવાનો સારાંશ એ છે કે, દયાની સિદ્ધિ થતાં કોઈના ઉપર દ્વેષ રહેતો નથી અને તેથી કોઈ મારો શત્રુ છે, એવું મનમાં આવતું નથી. તેથી સર્વ જીવોનો પણ પ્રાયઃ તેના ઉપરથી વૈરભાવ ટળી જાય છે.

એવા દયાયોગિઓની પાસે સિંહ જેવા ક્રૂર પ્રાણિઓ આવીને

બેસે છે. આવી દયાની સિદ્ધિનો અનુભવ જેના મનમાં રાગદ્વેષરહિત દશારૂપ મનની સમાન અવસ્થારૂપ સમતા પ્રગટી હોય તે જાણે છે.

પૂર્વોક્ત **પાતંજલયોગ** સૂત્રનો અનુભવ કરવો હોય તો સમતાથી કરવો. કારણ કે સમતાવંત પુરુષના ઉપર કોઈ લોકો વૈરબુદ્ધિ રાખતા નથી અને વૈરબુદ્ધિ હોય છે, તો તે ટળી જાય છે.

ઉત્તમ સમતાની પરિપક્વ દશામાં દશા અનુભવાય છે. આવી ઉત્તમ સમતા કે કોઈ પદાર્થ અથવા પ્રાણી પુત્રાદિ ઉપર રાગ પણ નહિ અને કોઈના ઉપર દ્વેષ પણ નહિ.

શાતા વેદનીયના ઉદયથી અકળાવું નહિ અને અશાતા વેદનીયના ઉદયથી ચિંતા નહિ. લાભ અને અલાભમાં રાગ નહિ તેમ દ્વેષ પણ નહિ. શરીર હોય તો તેના ઉપર રાગ નહિ અને નાશ પામે તો તેના ઉપર દ્વેષ નહિ.

મુક્તિના ઉપર મનમાં રાગ નહિ અને સંસાર ઉપર પણ દ્વેષ નહિ. ધર્મી ઉપર રાગ નહિ તેમ અધર્મી ઉપર દ્વેષ નહિ.

શરીર ઉપર મમત્વ નહિ અને શત્રુ ઉપર દ્વેષ નહિ. કીર્તિ ઉપર રૂચિ નહિ અને અકીર્તિ ઉપર દ્વેષ નહિ. જૈન ઉપર પણ સમભાવ અને મિથ્યાત્વી ઉપર પણ સમભાવ.

ચેતન દ્રવ્યો જેટલા તેટલાં ઉપર પણ સમભાવ અને પૌદ્ગલિક વસ્તુઓ જેટલી છે, તેટલી ઉપર પણ સમભાવ. પ્રાણરક્ષક ઉપર પણ સમભાવ અને પ્રાણભક્ષક પર પણ સમભાવ. આવી ઉત્તમ સમભાવની દશામાં મનની અત્યંત નિર્મલ દશા થાય છે. આત્માના પ્રદેશોને લાગેલા કર્મના ઘણાં આવરણો તૂટી જાય છે.

સમરાદિત્યને જેમ **અગ્નિશર્મા** ઉપર બીલકુલ દ્વેષભાવ રહ્યો નહિ, તેવી સમતાની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો જોઈએ.

કૂરગડુ ઋષિરાજે સમતાના બળથી ઉપવાસ નહિ કર્યા છતાં પણ

કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું, એવી સમતાનું જેટલું વર્ણન કરીએ તેટલું ઓછું છે.

સમતા સેવો, સમતા સેવો, એમ સર્વ મનુષ્યો બોલે છે પણ સમતાની પ્રાપ્તિ કરવી દુર્લભ છે. સુખદુઃખના સંયોગોમાં મનની સમાનતા આકડાના રૂની પેઠે આકાશમાં ઉડી જાય છે.

માનપ્રતિષ્ઠાના ભંગ વખતે મનની સમાનતા હવાઈની પેઠે ક્ષણમાં નષ્ટ થઈ જાય છે. રોગના સમયમાં મનની સમાનતા વિદ્યુત્‌ની પેઠે ચંચળ થઈ જાય છે.

પુત્ર, પુત્રી, શિષ્ય અને શિષ્યાના મરણ પ્રસંગે મનની સમાનતા રહેવી દુર્લભ છે. પોતાની અપકીર્તિ સાંભળતાં દુર્જનો ઉપર **મહાવીર** પ્રભુની પેઠે સમતા રાખવી અશકય છે.

અકસ્માત્ કોઈ જાતનો ભય આવતાં મનની સમાનતારૂપ સમતા રાખવી દુર્લભ છે. પોતાના કોઈ ગુણ ગાય, તે વખતે મનની સમાનતા (અર્થાત્ હર્ષવિનાની સ્થિતિ) રહેવી દુર્લભ છે.

પુત્રજન્માદિ સાંભળતાં મનની સમાનતા રાખવી દુર્લભ છે. માતપિતાનું મરણ દેખતાં, સાંભળતાં મનની સમાનતા રાખવી દુર્લભ છે. કોઈપણ પ્રકારનું સરકાર તરફથી માન મળતાં મનની સમાનતા રાખવી દુર્લભ છે.

મિષ્ટાન્ન ભોજન ખાતાં અથવા કુત્સિત ભોજન ખાતાં મનની સમાનતા રાખવી દુર્લભ છે. પંચેન્દ્રિયોના ભોગો સાનુકૂલપણે ભોગવતાં રાગદ્વેષ રહિત મનની સમાનતા રાખવી દુર્લભ છે.

સુંદર લલનાઓનાં મુખ દેખતાં મનની સમાનતા દુઃખે રાખી શકાય છે.

દુર્જનોને દેખતાં વૈરદશાનો ત્યાગ થવો મુશ્કેલ છે. તરવાર અથવા બંદૂક લઈને મારવા આવેલા દુશ્મનોને દેખી, ભય, શોક,

'સ્વગૌરવ'ની જ્યોતિમાં જીવે છે, તે જ 'મહત્તા' શાળી હૃદયવાળો છે.

અથવા વૈરની લાગણી મનમાં ન પ્રગટે એમ બનવું મુશ્કેલ છે. જ્યારે એવી દશામાં ભય, શોક, ચંચળતા, વૈર વગેરે ન પ્રગટે ત્યારે જ મનની સમાનતા ગણાય છે.

મરણની વાત સાંભળતાં અથવા વિશેષ જીવવાની વાત સાંભળતાં મનની સમાનતા રાખવી દુર્લભ છે. ઘરનાં મનુષ્યો અનેક પ્રકારે ઉપાધિ કરે. સગાસંબંધીઓ ઉપાધિ કરે તેમ છતાં મનની સમાનતા રાખવી મુશ્કેલ છે.

ખરેખર કાજળની કોટડીમાં રહેતાં ડાઘ ન લાગે એમ જો બને તો સંસારની આવી સ્થિતિમાં મનની સમતોલ સ્થિતિ રાખી શકાય એમ કહી શકાય.

આવું દૃષ્ટાંત સાંભળી અધીરા ન બનવું જોઈએ. રાગ અને દ્વેષના પ્રસંગોમાં પણ રાગ અગર દ્વેષમાં ન પડવું અને મનને એથી અલગ રાખવું, એવી મનની સમતોલ દશા પ્રાપ્ત કરવી દુર્લભ છે.

એવી દશા માટે સત્પુરુષોના ચરણકમળની સેવા કરવી જોઈએ. પૂર્વોક્ત પ્રસંગોમાં મનનું સમતોલપણું જાળવી શકાય એવું ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ.

મનનું સમતોલપણું રાખવા ક્ષણે ક્ષણે આત્માના શુદ્ધ સ્વરૂપમાં લક્ષ્ય આપવું જોઈએ. જે જે હેતુઓ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ પ્રમાણે આદરવાની આવશ્યકતા જણાય, તે તે હેતુઓ આદરવા કે જેથી સામ્ય પ્રગટે.

હવે સામ્યનો મહિમા વિશેષતઃ વર્ણવે છે.

साम्यात्मा नैव बध्नाति, कर्माणि किन्तु छेदकृत् ।
साम्यात्मा पूर्णयोगी स्यात्, योगशास्त्रेषु सम्मतम् ॥ ३४ ॥

ચારિત્રની અજબ મોહકતા પાથરી લડે તે જ શૂરો સૈનિક છે.

शुद्धानन्दस्य भोक्ता स्यात्, समात्मा भगवद्गिरा ।
समत्वं सर्वभावेषु, जीवाजीवेषु सम्मतम् ॥ ३५ ॥
समत्वमात्मनो धर्मो, रागरोषविवर्जनात् ।
समुल्लसति जीवेषु, तत्त्वसम्मुखदृष्टिषु ॥ ३६ ॥
घोरकर्म्माणि कुर्वाणा, जना यान्ति परांगतिम् ।
साम्यभावप्रतापेन, तस्मात्तं प्राप्तुमुत्सहे ॥ ३७ ॥
साम्यादात्मस्थिरीभावो, वीर्योल्लासः प्रवर्धते ।
क्षपकश्रेणिमारूह्य, भव्यो याति शिवं गृहम् ॥ ३८ ॥

સામ્યાત્મા કર્મોને બાંધતો નથી, પરંતુ કર્મોનો છેદ કરનાર થાય છે. સામ્યાત્મા જ પૂર્ણયોગી થાય છે, એમ યોગશાસ્ત્રોમાં સમ્મત છે । ૩૪ ।

જિનેન્દ્રવાણી વડે સમાત્મા શુદ્ધાનન્દનો ભોક્તા થાય છે, જીવાજીવ સર્વ ભાવોમાં સમત્વ સમ્મત હોય છે. । ૩૫ ।

રાગદ્વેષના વર્જનથી સમત્વ એ આત્માનો ધર્મ છે. સ્વાત્મસમ્મુખ-દૃષ્ટિવાળા જીવોમાં સામ્ય પ્રગટે છે । ૩૬ ।

સામ્યભાવ પ્રતાપથી અઘોર કર્મ કરનારા પણ શિવપદને પામે છે. માટે મુમુક્ષુ કહે છે કે તે સામ્યભાવ પ્રાપ્ત કરવા ઉત્સાહી થાઉં છું. । ૩૭ ।

સામ્યથી આત્માનો સ્થિરીભાવ થાય છે અને વીર્યોલ્લાસ વૃદ્ધિ પામે છે અને ક્ષપકશ્રેણિ ચઢી ભવ્ય આત્મા શિવ મંદિરમાં જાય છે. । ૩૮ ।

ભાવાર્થ :—સમભાવી આત્મા કર્મોને બાંધતો નથી. કા' કે તેણે આશ્રવના હેતુઓ રોકયા છે, માટે મુખ્યતાએ કર્મનો છેદ કરનાર જ કહેવાય છે.

સમત્વના લાખો, અસંખ્ય ભેદ કહી શકાય. તેમ ઉચ્ચ ઉચ્ચ સમત્વના ભેદોને પામતો છતાં અંતે પૂર્ણયોગી થાય છે, **હેમચંદ્રાદિકૃત** યોગશાસ્ત્રોમાં સામ્યત્વનો અત્યંત મહિમા વર્ણવ્યો છે;

'જૂંપીજવું કે 'કુલાવુ' આ કમઝોરીઓ ઉપર પરાજય મેળવે તે જ વિજેતા છે.

ઇષ્ટ અને અનિષ્ટ પદાર્થો જેમ વસ્તુતઃ નથી, અથવા અજ્ઞાનથી મનાયા હતા, તે સમભાવ પ્રાપ્ત થતાં ઇષ્ટ અથવા અનિષ્ટ જણાતા નથી; કારણ કે આત્માનું કોઈ ઇષ્ટ કરનાર અથવા કોઈ અનિષ્ટ કરનાર બાહ્ય પદાર્થ નથી, એમ સમભાવી સમજી શકે છે,

સમતાધારી એમ સમજે છે કે, જડ તે હું નથી અને હું છું તે જડ નથી. રાગદ્વેષ એ કંઈ મારો શુદ્ધ સ્વભાવ નથી. રાગ અને દ્વેષ વિનાની જ્ઞાનદૃષ્ટિમાં સત્ય ભાસે છે અને તે દૃષ્ટિથી કેવલજ્ઞાનીઓ કહે છે કે, સામ્ય એ તમારો ધર્મ છે.

હે જીવો ! સત્ય ધારશો કે, રાગ અને દ્વેષ એ આત્માનો મૂળ ધર્મ નથી. જો તમો બાહ્ય પદાર્થોને રાગ અગર દ્વેષ રહિત દૃષ્ટિથી દેખશો તો બાહ્યમાં ઇષ્ટાનિષ્ટપણું જણાશે નહિ.

ભરત રાજાને આરીસા ભવનમાં જડમાં ઇષ્ટાનિષ્ટપણું ભાસ્યું નહિ, ત્યારે કેવલજ્ઞાન થયું. **મરૂદેવી** માતાને પણ ઇષ્ટાનિષ્ટપણું ટળ્યું, ત્યારે કેવલજ્ઞાન થયું.

આ ઉપરથી સિદ્ધ થાય છે કે, જેમ આત્મા સમતાની ઉત્તમતાને અધિક અધિક પ્રાપ્ત કરતો જાય છે, તેમ તેમ તે અનંત કર્મની નિર્જરા કરતો જાય છે અને આત્માની જ્ઞાનાદિ શક્તિઓનો પ્રકાશ કરતો જાય છે.

ક્ષપકશ્રેણિ પ્રાપ્ત કરીને અંતે કેવલજ્ઞાન અને કેવલદર્શન પામી આત્મા પરમાત્મરૂપ થાય છે.

આ પુત્રનોઆનન્દ, લલનાનો આનન્દ, મિત્રાનોઆનન્દ, હવાનો આનન્દ, મુસાફરીનો આનન્દ, રમતગમતનો આનન્દ, ભોજ્યનો આનન્દ, ગપ્પાં-સપ્પાંનો આનન્દ, પંચેન્દ્રિયવિષયનો આનન્દ વગેરે અનેક પ્રકારનો પૌદ્ગલિક આનન્દ કહેવાય છે.

'યુદ્ધ' ને 'શાંતિ' બન્નેને સાથે રાખે તે જ સાચી લડાયક શક્તિ છે.

આ બાહ્ય આનન્દ જો કે મનુષ્યને પ્રિય લાગે છે, તો પણ તે ક્ષણિક છે, માટે તેના કરતાં વિશેષ અને સદાકાલ રહેનાર આનન્દ મળતો હોય તો કોણ મનુષ્ય બાહ્યાનન્દને ઇચ્છે ? અલબત્ત કોઈ ઇચ્છે નહિ.

લાડુ મળતા હોય તો કોદરાના રોટલા કોણ ખાય ? દૂધપાક મળતો હોય તો ઘેંસ કોણ ખાય ? ગંગાનું જલ મળે તો મલિન જળ કોણ પીવે ?

તેવી જ રીતે સદાકાળ સ્થાયી રહેનાર આનન્દ મળતો હોય તો કોણ એક ક્ષણના આનન્દને ઇચ્છે ? અલબત્ત, કોઈ ઇચ્છે નહિ.

સામ્યભાવનો આનન્દ સહજ છે. સામ્યાનન્દ તે આટલાંટિક મહાસાગર જેવડો છે. તેની આગળ બાહ્યાનન્દ તો એક બાબોચિઆ જેટલો પણ નથી.

બાહ્યાનન્દનો આનન્દ તો વીજળીના ચમકારા જેવો ક્ષણિક છે અને સામ્યનો આનન્દ તો સૂર્યના જેવો પ્રકાશક છે.

બાહ્યાને આનન્દ તો અન્ય વસ્તુઓના સંબંધથી થાય છે, માટે તે પરતંત્ર છે અને સમતાનો આનંદ તો પોતાની મેળે આત્મામાંથી પ્રગટે છે માટે સ્વતંત્ર છે. બાહ્યના આનંદને માટે દુઃખ વેઠવાં પડે છે અને સમતાના આનંદ માટે દુઃખ વેઠવાં પડતાં નથી.

બાહ્યાનંદ પછી દુઃખ અવશ્ય પ્રાપ્ત થાય છે. સમતાના આનંદ પછી દુઃખ નથી. બાહ્યાનંદ કૃત્રિમ છે, ત્યારે સામ્યનો આનંદ સત્ય છે. સમતાનન્દ તે જ શુદ્ધાનન્દ કહેવાય છે. શાંત યોગી શુદ્ધાનન્દનો ભોક્તા ભગવાનની આજ્ઞાનુસારે થઈ શકે છે.

એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય જીવો પંચેન્દ્રિયના દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકી એ ચાર ભેદ છે. એમ સર્વ જીવો તથા સિદ્ધ જીવો એ સર્વ મારા આત્માની સમાન છે.

હૃદયની 'નિર્બળતા' પર જય મેળવવો એ જ ઉચ્ચશાલીનું પ્રથમ કાર્ય છે.

મારા આત્મા સમાન જ્ઞાનદર્શનચારિત્રાદિ ગુણો સર્વે આત્માઓને છે, માટે જેમ હું છું, તેમ સર્વ જીવો છે. કોઈના ઉપર રાગ અથવા દ્વેષ કરવાનું કંઈ કારણ નથી.

ચૈતન્યધર્મવિશિષ્ટ હું છું, તેમ સર્વ જીવો છે. સર્વ એક સરખા જ્ઞાનગુણાદિ વિશિષ્ટ છે, તેમાં શા માટે રાગ અને દ્વેષ કરવો !

જડ વસ્તુઓ પણ અનેક સ્વભાવવાળી અનાદિકાળથી જુદા જુદા સ્વરૂપે પરિણમે છે, તેમાં શો રાગ કે દ્વેષ કરવો ! ખરેખર રાગ કે દ્વેષ કોઈ પણ જડ અથવા ચૈતન્ય વસ્તુઓ પર કરવો તે યોગ્ય નથી.

માટે સિદ્ધાંત ઠરે છે કે, જીવ અને અજીવ પદાર્થો પર સમત્વ ધારણ કરવું તે જ યોગ્ય છે. વિવેકદૃષ્ટિથી વિચારતાં સમત્વગુણ ખરેખર સત્ય લાગે છે.

સમત્વ દશામાં જેમ આત્મા વિશેષતઃ રહેતો જાય છે, તેમ તેમ તે શુદ્ધાનન્દને ભોગવતો જાય છે. આવી સમતાના ધારક ગીતાર્થજ્ઞાની ભક્ત યોગીઓ થઈ શકે છે.

રાગ દ્વેષદોષના અભાવે આત્માની જે દશા અનુભવાય છે, તે દશાને સમતાદશા કહેવામાં આવે છે અને તે જ ખરેખરો આત્માનો ધર્મ છે.

સર્વ જીવોમાં આવો સમત્વગુણ પ્રગટે છે. રાગ અને દ્વેષ ક્ષયધર્મવાળા છે, માટે તેનો ક્ષય થવો જોઈએ, જ્યારે રાગ દ્વેષનો જ્ઞાન ધ્યાનથી ક્ષય થાય, ત્યારે જ્ઞાનધ્યાનના અભ્યાસક સર્વ જીવોમાં સમતા પ્રગટે છે. શુદ્ધાનંદને પ્રગટાવનારી સમતા જગતમાં જયવંતી વર્તે છે.

અઘોરકર્મ (મહાપાપનાં કાર્ય) કરનારાઓ પણ સમતાને પામી પરમ મોક્ષપદ પ્રાપ્ત કરે છે. લેખક મુમુક્ષુ પણ અભિલાષા કરે છે કે, સામ્યભાવ પ્રાપ્તથી તેવું મોક્ષપદ પ્રાપ્ત કરવા હું ઉત્સાહ ધારણ કરું છું.

મસ્તક નિરંતર હાથમાં લઈ જૂજે તે જ મોક્ષનાં દર્શન કરે છે.

કોણ મનુષ્ય અહો ! આ જગત્માં પરમાત્મપદ પ્રાપ્ત કરવા પ્રયત્ન ન કરે ? અલબત્ત સર્વે કરે જ.

સમતાને પ્રાપ્ત કર્યાથી જ પરમસુખ મળે, ત્યારે તે પ્રાપ્ત કરવા તૈયાર થવું, તે કોને ન ગમે, અર્થાત્ સર્વેને ગમે.

સમતાના અભાવે જ અનંતકાળ નિષ્ફળ ગયો, હવે જાગ્રત થતાં સમતા પ્રાપ્ત કરવી જોઈએ.

સમતા માટે યોગ્ય પ્રયત્ન કરવો, તેમ ઇચ્છાય છે. સમતાની ઉચ્ચમાં ઉચ્ચ દશા પ્રાપ્ત થાઓ, એમ જગતના સર્વ જીવો ઇચ્છો. જ્યારે ત્યારે પણ સમતા વિના મુક્તિ નથી.

સામ્યથી આત્માની સ્થિરતા વૃદ્ધિ પામે છે અને વીર્યાંતરાય-કર્મના ક્ષયોપશમ અગર ક્ષયથી વીર્યોલ્લાસ વૃદ્ધિ પામે છે. સમતાની દશામાં વીર્યોલ્લાસ વૃદ્ધિ પામે છે એવો અનુભવ છે. સમતામાં સ્થિરીભાવ પામેલો આત્મા ક્ષપકશ્રેણી આરોહીને શિવમંદિરમાં જાય છે.

સમતા કહે છે કે એક હું મોટી સ્ટીમર છું. મારામાં બેસી અનેક ભવ્ય જીવો સંસારસાગરની પેલી પાર જાય છે.

સમતા કહે છે કે—જ્યાં હું ત્યાં રાગદ્વેષ રહેવા પામતા નથી.

સમતા કહે છે કે, અનંતકાળનાં લાગેલાં કર્મ પણ હું કાચી બે ઘડીમાં ખેરવી નાખું છું.

સમતા કહે છે કે—મુક્તિ મારા હાથમાં છે. આ ઉપરથી ભવ્ય જીવોએ સમજવું કે—સમતા સદાકાય સુખકારી છે.

સમતા તે જ ભાવચારિત્ર

साम्यमेव हि चारित्रं, सर्वदा सम्मतं स्फुटम् ।
फलं ज्ञानस्य साम्यं वै, सूत्रेषु तत् प्रकीर्तितम् ॥ ३९ ॥

'મુક્તિ' એ શક્તિનું સંતાન છે. અશક્તોને 'મુક્તિ' દૂર ! દૂર !

સમતા તે જ ભાવચારિત્ર છે. હંમેશા તે ભાવથી પ્રત્યક્ષ છે. જ્ઞાનનું ફળ સમતા છે, એમ સૂત્રોમાં કહ્યું છે.

ભાવાર્થ :— જિનવાણી અનુસાર દીક્ષા અંગીકાર કરવી, તે દ્રવ્યચારિત્ર છે અને સમભાવદશા પ્રાપ્ત કરવી, તે ભાવચારિત્ર છે.

દ્રવ્યચારિત્રથી ભાવચારિત્રની પ્રગટતા થાય છે. દ્રવ્યચારિત્ર કારણ છે અને ભાવચારિત્ર કાર્ય છે.

સર્વ તીર્થંકરો દ્રવ્યચારિત્ર અંગીકાર કરી ભાવચારિત્ર પ્રગટ કરે છે. તેથી સિદ્ધ થાય છે કે–ઉપાધિનાશક દ્રવ્યચારિત્ર હોવાથી ભાવચારિત્ર-રૂપ કાર્યની સિદ્ધિ કરે, એમાં કાંઈ પણ સંશય નથી.

દ્રવ્યચારિત્ર વિના ગૃહસ્થને કોઈ વખત અત્યંત પરિણામની વિશુદ્ધિથી સામ્યભાવરૂપ ભાવચારિત્ર–અપવાદમાર્ગે પ્રગટે છે એમ જાણવું. દ્રવ્યચારિત્રનું પણ સાધ્યબિંદુ સામ્યભાવ છે.

જ્ઞાનનું ફલ સામ્યભાવ છે.

આત્મજ્ઞાનનું ફલ સમતા છે, એમ શાસ્ત્રકારો પ્રતિપાદન કરે છે. જ્ઞાન વિના સમતા પણ આવતી નથી.

રાગદ્વેષથી વિરામ પામવો, તે વિરતિ કહેવાય છે અને તે વિરતિ તેજ સમતા કહેવાય છે. સમતાથી આનંદ પ્રગટે છે. માટે ભાવચારિત્ર તે આનંદરુપ ગણાય છે.

ચારિત્ર ત્યાં આનંદ અને જ્યાં આત્માનન્દ હોય ત્યાં અપેક્ષાએ ચારિત્ર હોય છે.

સમતારૂપ ચારિત્ર જગતના પ્રત્યેક મનુષ્યો ધારણ કરે તો જગતમાં અદ્‌ભુત શાંતિ પ્રસરી રહે.

નાતજાતના ભેદ વિના સમતારૂપ ભાવચારિત્ર ધારણ કરવાનો સર્વને અધિકાર છે.

'દુબળા'ને જીતવા કરતાં સમર્થને હાથે લીધેલી 'હાર' ભવ્ય છે.

સમતારૂપ ચારિત્રના પ્રતાપે સર્વદેશોમાં પણ મારામારી, લડાઈ, ટંટા, યુદ્ધ, ગાળાગાળી, કલેશ, નિંદા, ઇર્ષ્યા, કુસંપ વગેરે દુર્ગુણોનો નાશ થાય છે.

કુટુંબમાં કલેશ કંકાસ રહેતો નથી. સાધુવર્ગમાં પણ સામ્યભાવની પ્રકટતાથી સાધુવર્ગ ઉચ્ચ દશાને પામે છે.

સાધુવર્ગની સમતા જોઈ ગૃહસ્થવર્ગ તેનું અનુકરણ કરે છે. સાધુવર્ગનું સામ્યભાવે ખાવું, પીવું, ઉઠવું, બેસવું, બોલવું, વિચરવું, વગેરે ક્રિયાઓથી સાધુવર્ગ બોલ્યા વિના પણ લાખો ગૃહસ્થોને સમતાની અસર કરી શકે છે.

સાધુ શબ્દનો અર્થ જ એવો છે કે, તેઓ સમતાના ધારક છે. જ્ઞાન વિના સમતાની ઉચ્ચ દશા પ્રાપ્ત થતી નથી.

દ્રવ્યથી સાધુ થએલાઓએ સમતારૂપ ભાવચારિત્ર પર લક્ષ્ય દેવું જોઈએ. કારણ કે સમતા વિના યતિપણું શોભતું નથી.

જેમ જેમ રાગદ્વેષની મંદતા થતી જાય છે, તેમ તેમ ભાવસાધુપણું વિશેષતઃ પ્રગટતું જાય છે.

સાધુ થઈને જે કોઈની હાંસી કરતાં નથી તેમજ કોઈને ગાળ આપતા નથી, કોઇનાં ઉપર દ્વેષ કરતા નથી, કોઈના ઉપર રાગ ધારણ કરતા નથી, તેમજ પુસ્તકોના ભંડાર રાખતા છતાં તેના ઉપર રાગ ધારણ કરતા નથી, તેમજ ખાવમાં અને પીવામાં સામ્યભાવ રાખે છે અને અનેક મનુષ્યો તરફથી અનેક ઉપાધિયો આવ્યા છતાં પણ જે ગભરાતા નથી, પંથના ભેદોની લડાઈમાં ક્રોધાગ્નિથી બળતા નથી, માન અને અપમાનના પ્રસંગોમાં સમતાનું વિશેષતઃ અવલંબન કરે છે, પરસ્પર એકબીજાના સમુદાયને હલકો પાડવા પ્રયત્ન કરતા નથી, આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનરૂપ વાયુને જે સ્પર્શતા નથી, કોઇનું પણ બુરું કરવા જેની મનોવૃત્તિ ખરાબ થતી નથી, જગતના, જીવોને ઉચ્ચ કોટી

'સમર્થ'ની ક્રિયા પ્રચંડ 'મસ્તી'થી ભરેલી હોય; અશક્તોની તુચ્છ!

પર ચડાવવા જ્ઞાનનો લાભ આપતા હોય છે, એવા સાધુઓથી જગતની શાંતિ અને આત્માની શાંતિ વર્તે છે.

સમતાના ઉચ્ચ પરિણામને ધારણ કરનારા સાધુઓ જગતમાં કલ્પવૃક્ષ, ભાવદેવ, ચિંતામણિ છે. તેઓનાં દર્શન કરે છતે સમતાના સન્મુખ થવાય છે. અનેક ભવનાં પાપ છૂટે છે. એવાં ગૃહસ્થ અને સાધુવર્ગ બે પણ જો સામ્યદૃષ્ટિથી વર્તે તો પરમાનંદ પ્રાપ્ત કરી શકે.

સામ્યભાવની દશા માટે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની આવશ્યકતા છે

आत्मज्ञानं विना नास्ति, समत्वं क्वापि विद्धि तत् ।
आत्मज्ञानाय भव्यैश्च, यतितव्यं पुनः पुनः ॥ ४० ॥

આત્મજ્ઞાન વિના સમતા કયાંય પણ નથી, માટે ભવ્યાત્માઓએ આત્મજ્ઞાન માટે વારંવાર પ્રયત્ન કરવો જોઈએ.

ભાવાર્થ :—ષડ્દ્રવ્યોના ગુણપર્યાયને સાત નયપૂર્વક જાણવાથી આત્મજ્ઞાન ઉત્પન્ન થાય છે. સ્યાદ્વાદપણે આત્માને જાણવાથી આત્માનું સમ્યગ્જ્ઞાન થાય છે. આત્માને જાણતાં સર્વ જાણ્યું એમ કહેવાય છે. **શ્રી યશોવિજય ઉપાધ્યાયે** અધ્યાત્મસાર ગ્રંથમાં આત્મજ્ઞાનનો અપૂર્વ મહિમા વર્ણવ્યો છે.

આત્મજ્ઞાન થવાથી બાહ્યવસ્તુઓમાં થતો મમત્વભાવ દૂર થાય છે. મન, વાણી અને કાયામાં થતો મમત્વભાવ દૂર થાય છે. આત્મજ્ઞાન થવાથી બાહ્યપદાર્થોમાં રાગ અને દ્વેષ થતો નથી.

આત્મા ઉપર પણ (આગળની ઉત્તમ સામ્યદશામાં) રાગ થતો નથી, કારણ કે આત્મા પર રાગ કરવાનું કંઈ કારણ રહેતું નથી. ખરેખર આત્મજ્ઞાનીઓ જ સમતાને પ્રાપ્ત કરે છે.

આત્મજ્ઞાન કરવું તે સહેલ છે. પણ આત્માની સમતા પ્રાપ્ત કરવી તે મુશ્કેલ છે.

પ્રતિકૂળ સંજોગોમાં જ સૂતેલી આત્મશક્તિ ખીલી ઉઠે છે.

અજ્ઞાનીજનો તો આત્માના જ્ઞાનના અભાવે કારણપ્રસંગે બલાત્કારથી ઉપર ઉપરની સમતા રાખે, પણ આત્મજ્ઞાનપૂર્વક થતી સમતાના અભાવે સંસારસમુદ્રથી તરી શકતા નથી.

દ્રવ્ય ચારિત્રની પ્રાપ્તિ થઈ શકે છે, અભવ્ય જીવો પણ દ્રવ્યચારિત્ર ગ્રહણ કરીને નવગ્રૈવેયક પર્યંત જાય તો પણ તત્ત્વની શ્રદ્ધાના અભાવે દ્રવ્યચારિત્રથી ભાવચારિત્રરૂપ સમતાની પ્રાપ્તિ થઈ શકતી નથી.

ભાવચારિત્ર માટે આત્મજ્ઞાનની આવશ્યકતા છે. આત્મજ્ઞાન માટે ભવ્યાત્માઓએ સદાકાલ પ્રયત્ન કરવો જોઈએ. આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે પીસ્તાલીશ આગમ વગેરે જે જે હેતુઓની જરૂર હોય તે તે હેતુઓનું પણ અવલંબન કરવું જોઈએ.

માન, પ્રતિષ્ઠા, લક્ષ્મી, કુટુંબ, કીર્તિ, નામના વગેરે માટે તો મનુષ્યો પ્રયત્ન કરે છે. બાહ્ય જગતમાં આવા થવા (પ્રસિદ્ધ થવા) અનેક જાતના ઉદ્યમ કરો પણ અંતે ક્ષણિક વસ્તુઓમાં ક્ષણિકપણું જ પ્રાપ્ત થશે.

બાહ્યની માન, પ્રતિષ્ઠા, ભવિષ્યભવમાં સાથે આવનાર નથી. લક્ષ્મી માટે લાખો ઉદ્યમ કરવામાં આવે તો પણ તે પરભવમાં સાથે આવનાર નથી.

કુટુંબ પણ સ્વાર્થની ખાતર સ્નેહ રાખે છે, ચેલા, ચેલીઓ પણ સ્વાર્થની ખાતર સ્નેહ રાખે છે, ભક્તો પણ સ્વાર્થની ખાતર સ્નેહ રાખે છે.

આવી બાહ્યવસ્તુઓની પ્રાપ્તિ કરનારા મોટા મોટા રાજાઓ, બાદશાહોએ પણ અંતે હાથ ઘસ્યા છે અને મુખે બોલ્યા છે કે–

અરેરે ! અંતે કોઈ કોઈનું થયું નહિ, ખરી શાંતિ મળી નહિ. આમ અનેક મનુષ્યોએ નિશ્ચય કર્યો છે.

'અસંતોષ'માં ધૂધવાયા કરતાં નિર્દોષભાવે જોખમ ખેડવું વધારે સારું !

મોટા મોટા વિદ્વાનો અને પ્રોફેસરોએ પણ આમ નિશ્ચય કર્યો છે. ત્યારે હવે બાહ્યના માટે જીવન નકામું ગાળવું, એમ તો યોગ્ય લાગતું નથી, તેમ આત્માર્થીઓના મનમાં નિશ્ચય થાય છે.

આત્માની શાંતિ જ ખરી છે, એમ આત્મજ્ઞાન થતાં નિશ્ચય થાય છે, માટે આત્મજ્ઞાન માટે સદ્‌ગુરુની ઉપાસના કરવી જોઈએ.

સદ્‌ગુરુનું બહુમાન કરવું જોઈએ. સદ્‌ગુરુના વચન ઉપર વિશ્વાસ રાખવો જોઈએ, કારણ કે વિશ્વાસ વિના તો સંસારનો વ્યાપાર વગેરે વ્યવહાર પણ ચાલી શકતો નથી. સદ્‌ગુરુનાં કોઈ વચનોમાં સમજણ ન પડે તો પુનઃ પુનઃ તેનો વિચાર કરવો અથવા યોગ્યતાએ સમજાશે, એમ માની લેવું.

ચાર પ્રકારના આહારથી, વસ્ત્ર વગેરેથી સદ્‌ગુરુની ભક્તિ કરવી અને આત્મતત્ત્વની પૃચ્છા કરવી.

શ્રીસદ્‌ગુરુ જે જે વચનો ઉપદેશે તે તે વચનો ઉપર ઘણા કાળ સુધી વિચાર કર્યા કરવો અને તેની શ્રદ્ધા કરવી. શ્રીસદ્‌ગુરુને ત્રણ કાળ વંદન કરવું.

સદ્‌ગુણોથી શિષ્યોએ એવી યોગ્યતા મેળવવી કે જેથી સદ્‌ગુરુ યોગ્ય જ્ઞાન આપતાં અચકાય નહીં. આ પ્રમાણે આત્મજ્ઞાન પ્રાપ્ત કરી સમતા તરફ લક્ષ્ય દેવું.

આત્મજ્ઞાનથી ધ્યાનની પ્રાપ્તિ થાય છે, એમ ગ્રંથકાર જણાવે છે.

આત્મજ્ઞાનથી ધ્યાન

आत्मज्ञानेन भव्यात्मा, निर्मलध्यानमश्नुते ।
आत्मज्ञानफलं ध्यानं, ध्यानं साम्यमेव हि ॥ ४१ ॥

ध्यानं क्रियास्वरुपं च, साम्यं क्रियास्वरुपकम् ।
तयोः किञ्चिद् विशेषोऽस्ति, भासते स त्वनुभवे ॥ ४२ ॥

પોતાના 'હૃદય'ને આપેલા 'વચન'ની કિંમત સમજે તે જ વીર પુરૂષ.

ભવ્યાત્મા આત્મજ્ઞાનથી નિર્મલધ્યાન પામે છે. આત્મજ્ઞાનનું ફળ આત્મધ્યાન છે, તથા ધ્યાન તે સામ્યભાવરૂપ જ છે અને ધ્યાન ક્રિયારૂપ છે, તેથી સામ્ય પણ ક્રિયાસ્વરૂપ કહી શકાય છે; તો પણ ધ્યાન અને સામ્યભાવનો કિંચિત્ વિશેષ છે, તે તો અનુભવમાં ભાસે છે.

ભાવાર્થ:—ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, જીવાસ્તિકાય અને કાલ તેમાં કાલદ્રવ્ય ઔપચારિક છે. ષડ્દ્રવ્ય સત્ય છે. એ ષડ્દ્રવ્યના ગુણપર્યાયનું ધ્યાન કરવું.

આત્મદ્રવ્ય વિના બાકીના પાંચ દ્રવ્ય જાણવા યોગ્ય છે. એક આત્મદ્રવ્ય આદેય છે. આત્માની સાથે લાગેલી કર્મની સર્વ ઉપાધિ ત્યાગ કરવા યોગ્ય છે.

આત્મદ્રવ્યના ગુણપર્યાયનું સાત નયથી ચિંતવન કરતાં આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. આત્મજ્ઞાન થતાં ભવ્યાત્મા નિર્મલ ધ્યાન પામે છે. આત્માના દ્રવ્યગુણપર્યાયમાં મનની વૃત્તિઓ રોકવાથી આત્મા સ્વસ્વરૂપમાં સ્થિર થાય છે.

આત્મજ્ઞાન પામ્યાનું ફલ પણ એ છે કે—આવું ઉત્તમ ધ્યાન કે જેમાં પરપરિણતિનો બિલકુલ અવકાશ નથી, તેનું ધ્યાન પ્રાપ્ત કરવું.

આત્માના જ્ઞાનગુણનો ક્ષયોપશમભાવે અને ક્ષાયિકભાવે કેવો પ્રકાશ થાય તેનો વિચાર કરવો.

દર્શન ગુણનો પણ તેવી રીતે વિચાર કરવો ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકભાવે આત્માના ચારિત્રગુણનો વિચાર કરવો.

આત્માના પારિણામિકભાવનો વિચાર કરવો. ઔદયિકભાવથી આત્મા ભિન્ન છે, એમ જાણી ઔદયિકભાવ રમણતાનો ત્યાગ કરવો.

પદસ્થ, પિંડસ્થ, રૂપસ્થ અને રૂપાતીતધ્યાનથી આત્મામાં રમણતા કરવી. પાંચ પદોથી આત્માના સ્વરૂપની ભાવના કરવી. શરીરમાં રહેલા આત્માના શુદ્ધ ગુણોમાં જ ચિત્ત રોકવું.

કર્મની સાથે આત્મા રહેલો છે પણ કર્મથી ભિન્ન છે, એમ ક્ષયોપશમભાવે વિચારવું. આત્મા સર્વ રૂપી પદાર્થોથી ભિન્ન છે અર્થાત્ રૂપાતીત છે, એમ વિચાર કરવો.

ચાર પ્રકારના ધ્યાનમાં મનને રોકવાથી આત્મામાં સામ્ય પ્રગટે છે. આત્માનું સામ્ય રાખવું, સામ્ય અને ધ્યાન તે કથંચિત્ એકરૂપ છે.

ધ્યાન અને સામ્ય એકરૂપ હોવાથી બન્ને પણ ક્રિયારૂપ ઠરે છે, કારણ કે ધ્યાનમાં પણ મનની ક્રિયાની જરૂર પડે છે, તેમ સમતા રાખવામાં પણ મનને મહેનત પડે છે.

રાગ અને દ્વેષ બન્નેને રૂંધવા પડે છે માટે સમતા પણ અપેક્ષાએ ક્રિયારૂપ છે; પણ ક્ષાયિકભાવ થતાં સમતારૂપ ભાવચારિત્રમાં મનની ક્રિયાની આવશ્યકતા નથી.

ક્ષાયિકભાવ થતાં ભાવમન રહેતું નથી, તેથી તેરમા ગુણસ્થાનકે કેવલીને ફક્ત દ્રવ્યમન હોય છે. ક્ષયોપશમભાવ હોય ત્યાં સુધી ભાવમન હોય છે. ધ્યાન અને સામ્યભાવ, એ બે ક્ષયોપશમાવસ્થામાં–ક્રિયારૂપ અપેક્ષાએ ઘટે છે.

ધ્યાન અને સામ્યભાવરૂપ ક્રિયા કરનારાઓ આ જગતમાં વિરલા છે.

બાહ્યની ક્રિયાની ના કે અનુપયોગિતા નથી. વ્યવહાર દશામાં તે પણ ઉપયોગી છે, પણ કાયિક સ્થૂલ ક્રિયા કરતાં ધ્યાન અને સમતારૂપ સૂક્ષ્મક્રિયા અનંતગણી વિશેષ ઉપયોગી છે.

ધ્યાન અને સમતારૂપ સૂક્ષ્મક્રિયાથી **ચિલાતી પુત્રે, ભરતરાજાએ** અને **મરૂદેવીમાતાએ** શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કર્યું.

ધ્યાન અને સમતાની સૂક્ષ્મક્રિયા વિના ત્રણ કાલમાં મુક્તિ નથી. કાયિક્યાદિ સ્થૂલક્રિયાથી મુક્તિ થાય તેવો નિશ્ચય નથી, કારણ કે સ્થૂલ ક્રિયાથી પણ અંતે સૂક્ષ્મમાં આવવું પડે છે. સ્થૂલક્રિયાથી સૂક્ષ્મમાં આવ્યા વિના મુક્તિ થવાની નથી.

ઉચ્ચ ભાવનાઓમાં 'રમણ' કરવું એજ, ઉચ્ચ જીવનની દીક્ષા છે.

જેની સૂક્ષ્મક્રિયા કરવાની યોગ્યતા થઈ નથી, તેનો અધિકાર સ્થૂલક્રિયામાં છે. સ્થૂલક્રિયા કરનારાઓને ભલામણ છે કે, તેઓએ સૂક્ષ્મ-ધ્યાનક્રિયા કરનારાઓની નિંદા ન કરવી તેમજ સ્થૂલક્રિયાઓને ભાવથી આરાધવી.

સૂક્ષ્મક્રિયા કરનારાઓને પણ ભલામણ છે કે, વ્યવહારમાર્ગનો યોગ્યમાર્ગ સાચવી સૂક્ષ્મક્રિયાથી આત્માનું કલ્યાણ કરવું, પણ સ્થૂલક્રિયા કરનારાઓની નિંદા કરવી નહીં. તેમને બોધ આપી આગળ ચડાવવા પ્રયત્ન કરવો.

સૂક્ષ્મબોધના અભાવે તેમનાં આક્ષેપવચનો સાંભળી સમતા ધારણ કરવી, તેથી સમતારૂપ સૂક્ષ્મક્રિયાથી અનંતકર્મવર્ગણાઓનો નાશ કરી શકાશે.

પ્રથમ ધોરણના અભ્યાસીઓ છઠ્ઠા ધોરણવાળાઓના જ્ઞાનની નિંદા કરે તે અયોગ્ય કહેવાય. તેમજ છઠ્ઠા ધોરણવાળા પ્રથમ ધોરણવાળાની નિંદા કરે તે પણ અયોગ્ય ગણાય. એકેકની નિન્દા કરી જુદા પડવાથી કલાસોની નષ્ટતા થાય અને તેથી આખી શાળા ભાંગી જાય; તેમ સ્થૂલ-ક્રિયા અને ધર્મની સૂક્ષ્મક્રિયા કરનારાઓમાં પણ સમજી લેવું. સમજીને પરસ્પર સંપીને રહેવું જોઈએ.

ધ્યાન અને સમતામાં ક્ષયોપશમ અને ક્ષાયિકભાવની અપેક્ષાએ ભેદ પણ પડે છે. તત્ત્વજ્ઞાતાઓના અનુભવમાં તે કોઈ અપેક્ષાએ ભાસ્યા કરે છે.

ત્રયોદશગુણસ્થાનકની સમતામાં ક્ષાયિકભાવ હોવાથી ક્રિયાની જરૂર પડતી નથી. બાકી શુકૂલ ધ્યાનના બે ધ્યાન (પાયા) તો હોય છે, તે ધ્યાનક્રિયા ચૌદમા ગુણઠાણા સુધી હોય છે, માટે મુક્તિના પ્રતિ જ્ઞાન અને ક્રિયા ઉપકારી છે.

જ્ઞાન અને ધ્યાનક્રિયા વિના મુક્તિ નથી, માટે જ **તત્ત્વાર્થ-સૂત્રમાં** કહ્યું છે કે–**જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ** જ્ઞાન અને ક્રિયાથી મુક્તિ છે.

પ્રથમ જ્ઞાન અને પછી સ્થૂલ અથવા ધ્યાનરૂપ સૂક્ષ્મક્રિયા પ્રાપ્ત છે. પઢમં નાણં તઓ દયા **દશવૈકાલિક** સૂત્રમાં પણ પ્રથમ જ્ઞાન અને પછી દયારૂપ ક્રિયાની સ્થિતિ જણાવી છે અને પછી સમતારૂપ ક્રિયાની પ્રાપ્તિ થાય છે.

મનને રાગ અને દ્વેષથી ભિન્ન રાખવું. આવી સમતારૂપ ક્રિયા ક્ષણે ક્ષણે પ્રસંગ પામી કરવાની આવશ્યકતા છે. સમતાથી જ સાક્ષાત્ આત્મસુખ વેદાય છે.

શુદ્ધધ્યાનરૂપ ક્રિયા કરવાનું ફલ

प्राधान्यं शुद्धवीर्यस्य, ध्याने भवति निश्चलम् ।
शुद्धवीर्यं क्रियारुपं, क्षयोपशमभावतः ॥ ४३ ॥
क्षयोपशमवीर्यात्मा, क्रियैव ध्यानमात्मनः ।
आत्मधर्मस्थिरीभावे, ध्यानं हि ज्ञानसङ्गकृत् ॥ ४४ ॥

ધ્યાનમાં શુદ્ધ વીર્યનું પ્રાધાન્ય નિશ્ચલ છે. ક્ષયોપશમભાવથી શુદ્ધવીર્ય ક્રિયારૂપ છે. ક્ષયોપશમભાવીય વીર્યક્રિયારૂપ જ આત્માનું ધ્યાન છે. આત્મધર્મની સ્થિરતામાં જ્ઞાનસંગકૃત ધ્યાન જ છે.

ધર્મધ્યાન અને શુકલધ્યાનના પહેલા બે પાયા ધ્યાવતાં પર્યંત ક્ષયોપ્રશમભાવીય શુદ્ધ વીર્યનું પ્રાધાન્યપણું છે.

રાગદ્વેષમાં જે વખતે આત્માનું વીર્ય ન પરિણમે તે વખતે તે શુદ્ધવીર્ય કહેવાય છે. બારમા ગુણઠાણા સુધી ક્ષયોપશમભાવસહિત ધ્યાન કહેવાય છે.

પાંચભાવનું જેણે સ્વરૂપ જાણ્યું હશે, તે આ બાબતમાં વિશેષ સમજી શકશે.

ધ્યાનમાં ક્ષયોપશમ ભાવનું જ્ઞાન છે. ચારિત્ર મોહનીયનો ઉપશમભાવ અથવા ક્ષયોપશમભાવ અથવા દશમા ગુણઠાણે લોભનો

સિદ્ધાંત ખાતર ફના થવામાં ખાનદાન Noble રૂપીરીટનો કુવારો છે.

ક્ષય થતાં ક્ષપકશ્રેણિમાં મોહનીયનો ક્ષાયિકભાવ તથા ક્ષયોપશમભાવનું વીર્ય હોય છે.

હાલ સાતમા ગુણસ્થાનક પર્યંત જઈ શકાય છે. સાતમા ગુણસ્થાનકે ક્ષયોપશમભાવનું જ્ઞાન હોય છે.

ચારિત્રમોહનીયનો ઉપશમભાવ અથવા ક્ષયોપશમભાવ હોય છે. ક્ષયોપશમભાવનું વીર્ય હોય છે. ભાવમન તથા દ્રવ્યમન હોય છે. શુક્લલેશ્યાના વિશુદ્ધ પરિણામ હોય છે,

સાતમા ગુણસ્થાનકે જે ધ્યાન છે, તેમાં શ્રુતજ્ઞાનનો ઉપયોગ હોય છે અને ત્યાં સહાયતા મનની વર્તે છે.

અહિં કહેવાનું કે ધ્યાનમાં જ્ઞાન, ચારિત્ર, સમ્યક્ત્વ અને વીર્ય એ ચાર ગુણની પ્રવૃત્તિ દેખાય છે.

ધ્યાનમાં ઉપયોગ હોવાથી શ્રુતજ્ઞાનનો વ્યાપાર ઠરે છે. સમ્યક્ત્વ પણ કોઈ જાતનું હોવાથી ત્યાં સમ્યક્ત્વ પણ ઘટે છે.

ચારિત્રમોહનીયનો ઉપશમભાવ અથવા ક્ષયોપશમભાવ હોવાથી ત્યાં ચારિત્રનો વ્યાપાર પણ ઘટે છે. ક્ષયોપશમભાવનું વીર્ય હોવાથી જ્ઞાન, ચારિત્રાદિ ગુણોની શક્તિને પણ બળ મળે છે.

ભાવમન પણ શુકલલેશ્યામય હોવાથી વિશુદ્ધ પરિણામવાળું હોય છે, તે વખતે આત્માનો સુખ ગુણ પણ આવરણોનો નાશ થવાથી સાક્ષાત્ અનુભવાય છે. આવી આત્મધ્યાનની દશામાં અપ્રમત્તપણું મુખ્યપણે વર્તે છે.

અનુત્તરવિમાનવાસી દેવતાનાં સુખ કરતાં પણ આત્મા તે વખતે અનંતગુણ સહજ સુખનો ભોક્તા બને છે.

ધ્યાન વખતે ક્ષયોપશમભાવનું વીર્ય પણ રાગદ્વેષમાં પરિણમતું નથી માટે તે નિશ્ચલ કહેવાય છે. ક્ષયોપશમભાવનું વીર્ય છે, તે

મક્કમતા જાળવી શકનાર હૃદય જ ઐશ્વર્યને–ઈશ્વરત્વને ખેંચે છે.

આત્મામાં રમણુતારૂપ ક્રિયા કરે છે, તેથી તે પણ ક્રિયારૂપ કારણુકાર્યની અપેક્ષાએ કહેવાય છે.

ધ્યાનમાં જે શક્તિ વિશેષ ભાસે છે, તે વીર્ય છે. તેમજ જે સ્થિરતા ભાસે છે, તે ચારિત્ર છે. જે ઉપયોગ છે તે જ્ઞાન છે. ધ્યાનને બળ આપવાની ક્રિયા ક્ષયોપશમ વીર્યની છે. મનોબલ વચનબલ અને કાયબલ પણ ક્ષયોપશમ વીર્ય કહેવાય છે. મનોબલ જે ધ્યાનમાં વર્તે છે, તે પણ ક્રિયાવિશેષ અપેક્ષાએ જણાય છે.

આત્મધ્યાનમાં ક્ષયોપશમ વીર્યની શુદ્ધતા અને પ્રાધાન્યપણું ભાસે છે. મન તે વખતે પરપરિણુતિમાં હોતું નથી તેથી, અપેક્ષાએ નિશ્ચલ શુદ્ધ વીર્ય કહેવાય છે. તેના પણ મંદ, તીવ્ર આદિ અનેક ભેદ અપેક્ષાથી કહેવાય છે.

ક્ષયોપશમ વીર્યરૂપ જે ક્રિયા આત્માના સ્વરૂપમાં જ્ઞાનોપયોગની સાથે પરિણમે છે, તે ક્રિયા છે અને તે આત્માનું ધ્યાન કહેવાય છે.

મનોબલ અનાદિકાળથી પરમાં પરિણમતું હતું, તે જ્યારથી આત્મામાં જ્ઞાનોપયોગે પરિણમે ત્યારથી તે આત્માની શુદ્ધ ક્રિયારૂપ ધ્યાન કહેવાય છે.

આત્માના ધર્મની સ્થિરતામાં જ્ઞાનસહ ધ્યાન **જ્ઞાનસઙ્ગકૃતધ્યાન** એ વાકયથી એવો ફલિતાર્થ નીકળે છે કે,

સમ્યગ્જ્ઞાન વિના કેટલાક અજ્ઞ બાવાઓ ધ્યાન ધ્યાન પોકારે છે, તેઓ સમ્યગ્જ્ઞાન વિના સમ્યગ્ ધ્યાનને પામી શકતા નથી,

કારણ કે જેટલા પ્રમાણમાં જ્ઞાન હોય છે, તેટલા પ્રમાણમાં ધ્યાન હોય છે. જેટલું બળ તેટલું ચાલવું થાય છે. જેટલી આંખમાં દર્શન-શક્તિ, તેટલા પ્રમાણમાં જ દેખી શકાય છે, માટે જ્ઞાન તેટલું ધ્યાન કહેવાય છે.

નિર્ભય ? નિર્ભય જે હોય તેજ 'નિજાનંદની મજાઓ ચાખી શકે છે.

આ ઉપરથી ભવ્યાત્માઓએ સમજવું કે, ધ્યાન માટે પ્રથમ સદ્‌ગુરુ પાસે જ્ઞાન મેળવવું. પરિપૂર્ણ જ્ઞાન વિના ગુફામાં પણ ચિત્ત ઠરવાનું નથી.

ધોબીનો કૂતરો જેમ ઘરનો નહિ ને ઘાટનો નહિ, તેમ સિદ્ધાંતના જ્ઞાન વિનાના મનુષ્યો ધ્યાન કરી શકવાના નથી. જ્ઞાન કરતાં ધ્યાનરૂપ ક્રિયા અત્યંત ઉપયોગી છે, તે કંઈ જ્ઞાન વિના પામી શકાય નહિ.

આત્મજ્ઞાન વિના વૈરાગ્ય થતો નથી અને વૈરાગ્ય વિના વાસનાનો ક્ષય થતો નથી. દુનિયાના પદાર્થો પરથી રાગ અગર દ્વેષ ટળતો નથી.

આત્મજ્ઞાન વિના ચિત્તને શી રીતે વશ કરવું તે સમજી શકાય ત્યારે ધ્યાનરૂપ નહિ, સૂક્ષ્મ ક્રિયાની આશા શી રીતે રાખી શકાય ?

આત્માનું પરિપૂર્ણ જ્ઞાન થતાં અજ્ઞાનદશાનો નાશ થાય છે, ત્યારે આત્મજ્ઞાની ખાતાં, પીતાં, બેસતાં, ઉઠતાં અને ચાલતાં પણ આત્માનું ધ્યાન ધરી શકે છે. રાગદ્વેષની અનેક વાસનાનો આત્મજ્ઞાનથી ક્ષય કરી શકે છે.

પરિપૂર્ણ સ્યાદ્વાદતત્ત્વના જ્ઞાન વિના ધ્યાનની ઇચ્છાવાળાઓ કંઈ પણ સમજ્યા વિના કોઈ વખત મિથ્યાત્વ દશામાં પણ ઉતરી જાય છે. તેમના મનમાં વાસનાઓ કૂદાકૂદ કરી મૂકે છે, માટે પ્રથમ સિદ્ધાંત-અનુસાર આત્મજ્ઞાન પ્રાપ્ત કરી ધ્યાન કરવું જોઈએ.

જ્ઞાનસંગકૃત ધ્યાનની અત્યંત આવશ્યકતા છે. જ્ઞાન વિનાના પુરુષોને ધ્યાનનો અધિકાર નથી. ધ્યાનયોગ ક્રિયારૂપ છે. તેમાં જ્ઞાની પુરુષોનો પ્રવેશ થઈ શકે છે.

આત્મજ્ઞાન-વૈરાગ્ય વિનાના જીવો બાહ્યકષ્ટ, પ્રાણાયામ આદિથી કંઈક સિદ્ધિયો મેળવે છે, પણ તેથી તે સિદ્ધિયો તેમના આત્માના હિત માટે થતી નથી, કારણ કે તેઓ ક્રોધી બની શ્રાપ આપી શકે છે.

મહાપુરૂષ થવા સર્જાયલાની રહેણી કારણ પ્રાય: 'વિચિત્રજ' હોય છે,

આત્મજ્ઞાન વિના અને વૈરાગ્ય વિના બાહ્યની સિદ્ધિઓના લોભમાં પડી મુક્ત થવાનું ભાન ભૂલી જાય છે, માટે જ જ્ઞાનપૂર્વકની ધ્યાનની આવશ્યકતા છે.

અહિં બાહ્યના જ્ઞાનનો અધિકાર નથી. તત્ત્વજ્ઞાનની આવશ્યકતા સૂચવી છે, કારણ કે વ્યાકરણ, ન્યાય, રસ, અલંકાર વગેરે શાસ્ત્રનો અભ્યાસ કર્યો હોય પણ ષડ્દ્રવ્યપૂર્વક આત્મજ્ઞાન, યોગજ્ઞાન કે જે જૈન શાસ્ત્રોમાં સમ્યગ્ રીતે વર્ણવ્યું છે, તેનું જ્ઞાન ન હોય તો તે મનુષ્યોને આત્મજ્ઞાન અને ધ્યાનનો અધિકાર નથી. અહિં તો આત્મજ્ઞાનની આવશ્યકતા જણાવી છે.

આત્મજ્ઞાનપૂર્વકધ્યાનરૂપ ક્રિયા કરવાની અત્યંત આવશ્યકતા છે. ધ્યાનમાં જ્ઞાન અને ક્રિયા એ બેનો સંબંધ થાય છે.

જ્યાં જ્ઞાન ક્રિયા એ બે મળે, ત્યાં કેવલજ્ઞાન પ્રાપ્ત થઈ શકે, એમાં કંઈ આશ્ચર્ય નથી. સૂક્ષ્મ જ્ઞાન અને સૂક્ષ્મ ક્રિયાનું આત્મામાં એવું બળવાન ચક્ર ચાલે છે, કે અનેક કર્મની પ્રકૃતિઓ મૂળમાંથી ટળી જાય છે.

આત્મજ્ઞાનથી શુક્લધ્યાનમાં શક્તિમાન થયેલા આત્મામાં એટલું બધું સામર્થ્ય પ્રગટે છે, કે તે અનંતભવના કર્મ ખપાવી નાખે છે અને તે ભેગાં જો અન્ય જીવોનાં કર્મ હોય તો તેનો પણ નાશ કરી શકે, આવું આત્મસામર્થ્ય વર્તે છે.

જેના ઘેર કોટી ધનનો વ્યાપાર ચાલતો હોય, તેને સામાન્ય વ્યાપાર ગમે નહિ. તેમ આત્મધ્યાનીઓને ત્યાં મોટામાં મોટો ધ્યાન-ક્રિયારૂપ ધર્મનો વ્યાપાર ચાલતો હોય છે, તેથી તે પ્રમત્તદશાની ધર્મક્રિયાઓમાં પણ લક્ષ્ય આપતા નથી, અર્થાત્ અપ્રમત્તદશામાં ધ્યાન જ કર્યા કરે છે.

ભેદ બુદ્ધિ જ 'ધુંવાડા' પેદા કરે છે. અભેદતામાં બધું સાફ છે.

અપ્રમત્તદશાના ધ્યાનમાં ન રહેવાય, ત્યારે તે પ્રમત્તદશાની ધર્મક્રિયાઓને અવશ્ય કરે છે.

યોગ્ય છે કે–મુનિઓએ સૂક્ષ્મક્રિયામાંથી મન પાછું હઠે, ત્યારે તેને ધર્મની નિરવદ્ય સ્થૂલક્રિયાઓમાં રોકવું.

જ્ઞાન કરતાં ક્રિયા ઉત્તમ છે, આવી અપેક્ષાએ સર્વેને સમજાય છે. **આત્મજ્ઞાન એ રૂપું છે અને આત્મધ્યાન** અથવા **આત્મામાં રમણુતા એ સોનું છે,** એમ જાણીને આચારમાં મૂકવું.

તે ચારિત્રરૂપ ક્રિયા જે કરે છે, તેને ઇન્દ્રો પણ નમસ્કાર કરે છે. આ પ્રમાણે આત્મજ્ઞાન અને આત્મધ્યાનરૂપ ક્રિયા એ બેનો અત્યંત આદર કરવો જોઈએ.

સિદ્ધાંતોમાં પણ જ્ઞાન ક્રિયાથી મુક્તિ છે, એમ પ્રતિપાદન કર્યું છે, તે જણાવે છે.

अतो ज्ञानक्रियाभ्यां च, मुक्तिः सूत्रे प्रदर्शिता ।
एकान्ततो हि मिथ्यात्व–मेकान्तवाददर्शिनाम् ॥ ४५ ॥

सप्तभंगीनयोपेतं, सम्यक् स्याद्वाददर्शनम् ।
आत्मज्ञानाय विज्ञेयं, भव्यजिज्ञासुभिः शुभम् ॥ ४६ ॥

તે માટે જ્ઞાન અને ક્રિયાથી સૂત્રમાં મુક્તિ દેખાડેલી છે. એકાંતથી એકાંતવાદિયોને મિથ્યાત્વ દર્શાવ્યું છે.

સપ્તભંગી અને સાત નયોવડે પ્રત્યેક પદાર્થની પ્રરૂપણા કરવી, તે સમ્યક્ સ્યાદ્વાદદર્શન કહેવાય છે. ભવ્ય જિજ્ઞાસુઓએ આત્મજ્ઞાન માટે તે વિજ્ઞેય છે.

ભાવાર્થ :—અહીં શ્લોકમાં યુક્તિઓ દર્શાવી છે, તે માટે જ્ઞાન અને ક્રિયાવડે મુક્તિ થાય છે. સૂત્રોમાં પણ બેથી જ મુક્તિ દેખાડેલી

કુદરતી દુનિયાને 'અંદર'ની દુનિયાના મંથનમાંથી મોતી નીકળે છે.

છે. જ્ઞાન (જાણવું) ક્રિયાથી આત્મા આઠ કર્મથી મુક્ત થાય તેવી સ્થૂલ અને સૂક્ષ્મ યથાયોગ્ય ક્રિયા કરવી.

જે જે ઉપયોગથી રાગ અને દ્વેષ ઘટે તેવી જિનાજ્ઞાનુસાર ક્રિયા કરવી. સાધુ અને શ્રાવકના ધર્મની ક્રિયાથી મુક્તિ થાય છે.

જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ મોક્ષમાર્ગ છે. જ્ઞાન, દર્શન અને ચારિત્રની પ્રાપ્તિ માટે જે જે ક્રિયાઓ કરવી તે સત્‌ક્રિયા છે.

અસંખ્યયોગથી પણ મુક્તિ છે, માટે અસંખ્યયોગ ક્રિયા પણ મુક્તિના પ્રતિ હેતુભૂત છે.

વ્યવહારિક જે જે ધર્મક્રિયાઓ શાસ્ત્રમાં દર્શાવી છે કે જેનાથી પરિણામની શુદ્ધિ થાય છે, તે તે ક્રિયાઓ ગુરુઆજ્ઞાનુસાર આદરવી જોઈએ.

જૈનસિદ્ધાંતોમાં કહેલી ક્રિયાઓની કેવા પ્રકારની આવશ્યકતા છે, તે સમજીને તેના યોગ્ય અધિકાર મેળવી તેનો આદર કરવો જોઈએ.

આત્મા પોતાના સદ્‌ગુણોનો પ્રકાશ કરે એવી ક્રિયાઓને ચારિત્ર કહે છે. કારણરૂપ ચારિત્રને દ્રવ્યચારિત્ર કહે છે અને ફળરૂપ ચારિત્રને ભાવચારિત્ર કહે છે.

ભાવચારિત્ર ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકભાવરૂપ છે. એ ત્રણની પ્રાપ્તિ માટે જે જે પ્રયત્ન કરવા તે દ્રવ્યચારિત્ર કહેવાય છે.

ક્રોધ, માન, માયા અને લોભનો નાશ કરવા જે પ્રયત્ન કરવા, તે દ્રવ્યચારિત્ર કહેવાય છે.

ધર્મની જે જે બાહ્યની ક્રિયાઓ ધર્મસૂત્રોમાં બતાવી હોય, તે તે ક્રિયાના જે જે મુદ્દાઓ જે જે નયોની અપેક્ષાએ કહ્યા હોય, તે તે બરાબર સમજીને આત્માના ઉપયોગપૂર્વક ક્રિયાઓ કરવામાં મનને જોડી દેવાથી બાહ્યભાવમાં ભટકતું મન બંધ થશે.

જ્ઞાનનો કિંમતી ખજાનો તપ ને પુરુષાર્થથી જ પ્રાપ્ત થાય છે.

મનની ક્રિયાઓ આત્માના સન્મુખ કરવી અર્થાત્ સારાંશ કે, આત્માના સદ્ગુણોના ચિંતવનમાં જ મનની ક્રિયા થવી જોઈએ.

અરિહંતાદિક પંચપરમેષ્ઠિ તથા જ્ઞાનાદિ ચાર પદના ગુણોનું ચિંતવન મનમાં કરવું, વાણી વડે પ્રભુના ગુણ ગાવા તેમજ ધર્મોપદેશ દેવો અને ધર્મચર્ચા કરી તત્ત્વજ્ઞાનનો લાભ મેળવવો, કાયાની ક્રિયા પણ ધર્મની પ્રાપ્તિ માટે કરવી.

પરમાત્માની મૂર્તિ અથવા સ્થાપનાચાર્ય આગળ ધર્મની તે તે ક્રિયાઓ કરવી તદ્હેતુ અને અમૃતક્રિયામાં વિશેષતઃ લક્ષ્ય આપવું.

પ્રથમાવસ્થાની ક્રિયામાં જો કે કંઈ ભૂલ થાય તો પણ દરરોજ ભૂલો સુધારીને શુદ્ધ ક્રિયાઓ કરવાની પ્રવૃત્તિ કરવી.

તપનું અજીર્ણ **અહંકાર** છે અને ક્રિયાનું અજીર્ણ પરની **નિંદા** છે. પારકી નિંદા કરવાથી ક્રિયાની શુદ્ધિ થતી નથી.

જૈનશ્વેતાંબર માર્ગમાં હાલ તો ઘણા ગચ્છો છે. તેઓની ભિન્નતા ક્રિયા વગેરેની બાબતમાં દેખાય છે, તો પણ ક્રિયાની ભિન્નતાથી જીવોએ પરસ્પર લડી મરવું જોઈએ નહિ, મધ્યસ્થ દૃષ્ટિ ધારણ કરવી.

એકલા જ્ઞાનથી અથવા એકલી ક્રિયાથી મુક્તિ થતી નથી. જ્ઞાન વિનાની ક્રિયાથી કંઈ કર્મનો ક્ષય થતો નથી તેમજ જ્ઞાનમાત્રથી સંપૂર્ણ કર્મનો ક્ષય થતો નથી.

જ્ઞાનપક્ષી સર્વથી આરાધક છે અને દેશથી વિરાધક છે અને ક્રિયાપક્ષી દેશથી આરાધક છે અને સર્વથી વિરાધક છે.

જ્ઞાન અને ક્રિયા એ બંનેને માનનાર તો અનેકાન્તવાદી હોવાથી સર્વથી જ આરાધક છે.

શુષ્ક જ્ઞાન અને શુષ્ક ક્રિયાથી મુક્તિ થતી નથી. ગાડરીયા પ્રવાહની પેઠે અંધશ્રદ્ધાથી જેઓ ક્રિયા કરે છે, તેઓ ઉચ્ચ કોટિ પર ચઢી શકતા નથી.

વ્યવહારીઆ મગજમાં કોઈ ઉચ્ચ ભાવ કે ભાવનાને ઓછું જ સ્થાન છે.

ક્રિયા કરનારાઓને ભલામણ છે કે, તેઓ અંધક્રિયા થાય છે, એમ જાણી ક્રિયાઓનો ત્યાગ કરે નહીં, પણ શુદ્ધક્રિયા કરવાનો ખપ કરે. કારણ કે ક્રિયા ન કરવાથી ઉપર ચઢાતું નથી પણ પાછું ઉતરાય છે. અધ્યાત્મજ્ઞાનપૂર્વક ધર્મક્રિયાઓની આવશ્યકતા સ્વીકારવી જોઈએ.

જો કે સ્થૂલદૃષ્ટિવાળા જીવોને અધ્યાત્મજ્ઞાન પ્રાપ્ત ન થાય, તો પણ ગીતાર્થ અધ્યાત્મજ્ઞાનીની આજ્ઞાપૂર્વક ધર્મક્રિયાઓ કરવી જોઈએ.

જે જે ક્રિયાઓમાં અત્યંત શુદ્ધ પ્રેમ, ભક્તિ, ઉત્સાહ, વૈરાગ્ય, આનંદ પ્રગટે તે તે ક્રિયાઓમાં વિશેષતઃ આદર કરવો જોઈએ.

પ્રભુપદ, ષડાવશ્યકની ક્રિયા, આદિ ક્રિયાઓ જ્ઞાનપૂર્વક સમજીને કરવામાં આવે તો ભવ્યાત્મા ઉત્તરોત્તર ચઢતો જાય છે.

માન,પૂજા, કીર્તિની લાલચ, આજીવિકાની લાલચ, વગેરે આશયથી ધર્મની ક્રિયાઓ કરવામાં આવે તો મુક્તિની સિદ્ધિ માટે થતી નથી.

સમતા, જ્ઞાન, ભક્તિ આદિપૂર્વક ક્રિયાઓ કરવામાં આવે તો આત્મકલ્યાણ થઈ શકે. જે જે ધર્મની ક્રિયાઓથી ઉપશમપણું પ્રાપ્ત થાય, તે તે ક્રિયાઓ કરવા લાયક છે.

કેટલાક એકાંતપક્ષી જ્ઞાન વિના ક્રિયામાં જ અંધશ્રદ્ધાથી ધર્મ માનનાર અધ્યાત્મજ્ઞાનની નિન્દા કરે, ધિક્કારે, સદ્‌ગુણ લે નહિ, જ્ઞાનીની આશાતના કરે, ધમાધમ ચલાવે, આત્મજ્ઞાન ઉપર ઝેર હોય, અધ્યાત્મ-જ્ઞાનિઓની હાંસી ઊડાવતા હોય; તેવાઓની તેવી પ્રવત્તિ પ્રશસ્ય નથી અને તેવી પ્રવૃત્તિથી તેઓ આત્મકલ્યાણ કરી શકતા નથી.

કેટલાક નામમાત્ર અધ્યાત્મજ્ઞાની અથવા શુષ્કજ્ઞાની બન્યા હોય, સદાચરણથી વિમુખ હોય, આત્માનું ધ્યાન કરે નહિ, ધ્યાન અથવા સમતારૂપ ક્રિયા કરતા ન હોય, ધાર્મિક ક્રિયાઓની નિન્દા કરતા હોય, ક્રિયાપક્ષનું એકાંતે ખંડન જ કરતા હોય, કંઈ પણ કરવું જ નહિ,

જગતની 'સાર્વભૌમ' સત્તારૂપ 'હું' પર રાજ્ય કરે તે જ ચક્રવર્તી છે.

એમ માને અને સાંસારિક આશ્રવોની ક્રિયાઓ તો કર્યા જ કરે, ધર્મના વ્યવહારોને એકાંતે નિન્દે, તેવાઓની દશા ચિંતનીય છે.

તેવા જીવો સદ્‌ગુણદૃષ્ટિથી અનેકાંતવાદ ધારણ કરે, તો જ્ઞાન અને ક્રિયાનો સંબન્ધ ધારીને અલ્પ કાલમાં મુક્તિપદ પ્રાપ્ત કરી શકે.

આત્મજ્ઞાનિઓ સ્થૂલ (બાહ્ય) અને આભ્યંતર (સૂક્ષ્મ) ક્રિયાઓ અધિકારદશા પ્રમાણે કરી આત્મસ્વરૂપાનંદને અનુભવે છે.

આત્મિક સુખના અનુભવીઓ નિમિત્ત અને ઉપાદાનક્રિયાનું કારણકાર્યપણે સ્વરુપ સમજી યથાયોગ્ય ધર્મક્રિયાઓમાં મગ્ન રહે છે.

બાહ્યક્રિયાઓના અનેક ભેદ છે. તેમાંથી પોતાના અધિકાર પ્રમાણે જે ક્રિયાઓ યોગ્ય છે, તેનો તે આદર કરે છે અને અન્યના અધિકારની જે ક્રિયાઓ છે, તેનો પોતે આદર કરતા નથી, તો પણ તેનું ખંડન કરતા નથી.

કારણ કે અધિકાર પ્રમાણે ભિન્ન રૂચિવાળા જીવો ભિન્ન ભિન્ન ક્રિયાઓને અવલંબીને પણ અભ્યંતર આત્મસ્મણતારૂપ ભાવચારિત્રમાં આવવા ઇચ્છે છે.

એક નગરને પચીસ દરવાજા હોય તો પણ ગમે તે દરવાજાથી નગરમાં ઇચ્છિત સ્થાને જવાની જરૂર છે.

જૈનસિદ્ધાંતોના અનુસારે વ્યાવહારિક ક્રિયાઓ કરી આત્મસ્વરૂપમાં રમણતા કરવી. ધર્મક્રિયા કરતાં મનની શુદ્ધિ થાય છે. અનેક વિષયોમાં પરિભ્રમણ કરતું ચિત્ત સ્થિર થાય છે. ધર્મધ્યાનનું અવલમ્બન થાય છે.

કેટલાંક દર્શન અક્રિયાવાદી છે, તે એમ કહે છે કે, આત્મા બંધાયો જ નથી, તેથી તેને મુક્ત થવા ક્રિયા કરવી તે ભ્રમણામાત્ર છે. આવા એકાંતે અક્રિયાવાદને માનનારાઓ કૃષ્ણપાક્ષિક ગણાય.

જૈનદર્શનમાં સક્રિય અને અક્રિય, એ બે વાદ આત્મામાં ઘટે છે.

'હું'ને જે જાણી શકે તે જ આ વિશ્વનો મહાન વિજેતા છે,

કર્મસહિત આત્મા સક્રિય છે. કર્મથી મુક્ત થયા બાદ અક્રિય આત્મા થાય છે.

આશ્રવક્રિયાના વિરૂદ્ધ સંવરક્રિયાની જરૂર છે, તેથી જૈનો મુક્તિ માટે ક્રિયા કરનારા હોવાથી શુકલ પાક્ષિક ગણાય છે.

સંવરની ક્રિયા બે પ્રકારની છે. બાહ્ય અને અભ્યંતર. આ બેમાંથી અધિકાર પ્રમાણે જે જે ભવ્યો જે જે ક્રિયાઓ સાધ્ય લક્ષ્ય રાખીને કરે છે, તે અનેકાંત જ્ઞાનથી ક્રિયાવાદી હોવાથી, શુકલપાક્ષિક ગણાય છે.

અભ્યંતર સંવરરૂપ ધ્યાનાદિક ક્રિયા કરનારને કેટલાક અજ્ઞો અક્રિયાવાદી કહે છે, તે અયોગ્ય છે. ખરેખર તેવા અજ્ઞો ક્રિયાનું પરિપૂર્ણ સ્વરૂપ જાણતા નથી, તેનું જ તે પરિણામ છે.

બાહ્ય અને અભ્યંતર ધર્મક્રિયાઓ કરી આત્મામાં લયલીન થઈ સહજાનંદ સાધવો, તે જ સાધ્યબિંદુ લક્ષમાં રાખવાની જરૂર છે.

જ્ઞાનની અત્યંત આવશ્યકતા છે. જ્ઞાન સૂર્ય સમાન છે અને ક્રિયા આગીયા જેવી છે. જ્ઞાન દેખતું છે, ક્રિયા આંધળી છે. બેનો સંયોગ થવો જોઈએ.

જો એકલી ક્રિયા અથવા એકલું જ્ઞાન જ માનવામાં આવે તો એકાંતવાદ થાય છે અને એકાંતવાદ તે જ મિથ્યાત્વરૂપ ગણાય છે. તેથી એકાંતવાદી આત્મતત્ત્વને પ્રાપ્ત કરી શકતો નથી. જે જે એકાંતવાદીઓ છે, તે મિથ્યાત્વબુદ્ધિવાળા કહેવાય છે.

સપ્તભંગી અને સાત નયસહિત પદાર્થનું સ્વરૂપ કહેવાથી સ્યાદ્વાદ દર્શનની સિદ્ધિ થાય છે. તેમાં એકાંતવાદ નથી, માટે તે સમ્યગ્ સ્યાદ્વાદ દર્શનની ખ્યાતિથી જગતમાં જયકારી વર્તે છે.

આત્મજ્ઞાન માટે સ્યાદ્વાદદર્શન ભવ્યોએ જાણવા યોગ્ય છે. સ્યાદ્વાદદર્શનના જ્ઞાનથી એકાંત આગ્રહ, મતભેદ, ધર્મભેદ, ધર્મનાં ખંડન, મંડન, અનપેક્ષવાદ, ધર્મકલેશ અને મિથ્યાબુદ્ધિ આદિ સર્વ

'પોતા' પર કાબુ ધરાવે તેને જ માત્ર 'સ્વતંત્રતા'નો અધિકાર છે.

દોષોનો નાશ થાય છે અને આત્મામાં સમતા પ્રગટે છે, આત્મા પરમાત્મપદ પ્રાપ્ત કરે છે.

સ્યાદ્વાદદર્શન પ્રમાણે આત્મદ્રવ્યને ઉદ્દેશી મુમુક્ષોએ ઉદ્યમ કરવો જોઈએ.

आत्मधर्मं समालम्ब्य, यतितव्यं मुमुक्षुभिः ।
आत्मा हि ज्ञापनीयश्च, भव्यानां शर्महेतवे ॥ ४७ ॥

મુમુક્ષુઓએ આત્મધર્મને અંગીકાર કરીને પ્રયત્ન કરવો જોઈએ અને મુમુક્ષુઓએ ભવ્ય જીવોને આત્માનું સ્વરૂપ જણાવવું જોઈએ. આત્માનું સ્વરૂપ જ ભવ્યોને આત્મિક સુખ માટે થાય છે.

ભાવાર્થ :—આત્માને અધિકાર કરીને જે કરવું, તે અધ્યાત્મ કહેવાય છે. તાત્પર્યાર્થ કે અધ્યાત્મજ્ઞાન પ્રાપ્ત કરી સંવરની ક્રિયાઓમાં પ્રયત્ન કરવો જોઈએ અને ભવ્ય જીવોને મોક્ષસુખ માટે આત્મા જ જણાવવો જોઈએ.

જગતમાં આત્માની શુદ્ધ ક્રિયા મૂકીને અશુદ્ધ ક્રિયા કે જે આશ્રવરૂપ ગણાય છે, તેને કરનારાઓ ઘણા હોય છે.

જગતની ઉન્નતિનો ઉપદેશ આપનારા ઘણા હોય છે, પણ તેવા ઉપદેશકો પોતાનું શાશ્વત સુખ પ્રાપ્ત કરી શકતા નથી અને અન્યોને પણ શાશ્વત સુખ માટે ઉપકારી બની શકતા નથી.

દુનિયાના સુખ માટે અનેક જીવો ઉદ્યમ કર્યા કરે છે. દુનિયાના કૃત્રિમ સુખ માટે અનેક ઉપદેશો અપાય છે.

પુસ્તકો રચાય છે, યંત્રો બનાવાય છે. વ્યાપારો કરાવાય છે. રાજ્યના અને પ્રજાના સુધારા કરાવાય છે.

રાતને દિવસ ઘાણીના બળદની પેઠે ગદ્ધાવૈતરું કરાય છે. સુખની ઝંખનામાં ઊંઘ પણ આવતી નથી.

દેહના 'ચૌદ' ભુવન સાધે તે જ વિશ્વનાં ચૌદ 'રાજલોક' પર રાજ્ય કરે.

ગાડી, વાડી, લાડી માટે ન કરવાનું કરાય છે. સંસારની ઉપાધિમાં ખુંચી રહેવાય છે. અને આખી ઉંમર તેમાં ગાળવામાં આવે છે, તો પણ આત્માને સદાનું સુખ મળતું નથી. સાન્નિપાતિકની પેઠે ચિત્તની સ્થિરતા રહેતી નથી.

આવી સાંસારિક ક્રિયાઓ કરનાર તથા તેના ઉપદેશ આપનારાઓને સત્યસુખ મળતું નથી. ઊલટા કર્મ બાંધી સંસારમાં પરિભ્રમણ કરે છે. માટે મુમુક્ષુ જીવે આત્મિકક્રિયા કરવી જોઈએ.

દેવગુરુ અને ધર્મની આરાધના અથવા આત્માનું ધ્યાન, આત્માનો ઉપયોગ ઇત્યાદિને આત્મિક ક્રિયા કહેવામાં આવે છે.

આત્માને ઉદ્દેશીને જે જે ક્રિયાઓ કરવામાં આવે છે, તેમાં બાહ્યસુખની ઇચ્છાના અભાવે આત્મિક ક્રિયાઓ શાશ્વત સુખને પ્રગટાવનારી થાય છે.

આત્માનું બળ એવું થવું જોઈએ કે જેથી આત્માનો સત્ય આનંદ અનુભવાય છે. આત્માના આનંદની ખુમારી આવે છે. ત્યારે મુક્તિના સુખનો વિશ્વાસ બરાબર હૃદયમાં થાય છે.

સારમાં સાર આત્મા છે. આત્મા વિના સુખ નથી માટે મુમુક્ષુએ સર્વ જીવોને આત્મા જ જણાવવો જોઈએ.

મુમુક્ષુઓ સુખ પ્રાપ્ત કરે છે અને ભવ્ય જીવોને સુખ મળે એવો ઉપદેશ કરે છે. પરંતુ દુઃખપદ સાંસારિક કાર્યોનો ઉપદેશ કરતા નથી.

જે જે જીવો ભૂતકાલમાં મુક્તિમાં ગયા છે, મહાવિદેહમાં હાલ મુક્તિએ જાય છે અને ભવિષ્યકાળમાં જશે, તે સર્વ આત્માના આલંબનથી, આત્માને જાણવાથી, આત્મામાં રમણતા કરવાથી જ એમ સમજી લેવું.

ક્ષણિક સુખ જણાવનારનો પામર મનુષ્ય મોટો ઉપકાર માને છે,

'સમષ્ટિ'ની પ્રેરણાથી 'વ્યક્તિ' એ કરેલું કામ સદાય 'દીવ્ય' છે.

પણ તે સમજતો નથી કે ઊલટું તેથી મને સત્ય સુખ મળતું બંધ થાય છે.

ક્ષણિક સુખને જણાવનારનો ઉપકાર પણ ક્ષણિક છે અને સત્ય નિત્ય સુખ જણાવનારનો ઉપકાર પણ ઉત્તમોત્તમ અને સદાનો છે.

કયાં વિષ અને કયાં અમૃત ? કયાં સરસવનો દાણો અને કયાં મેરૂપર્વત ? કયાં કીડો અને કયાં ઈન્દ્ર મહારાજા ?

સત્ય સુખ જેનામાં છે એવા આત્માને જણાવનાર ચડતી ઉપમાએ મોટા ઉપકારી છે.

જે સત્ય સુખમય હોય તેજ વસ્તુને દેખાડવી જોઈએ, એવી વસ્તુ આત્મા છે, માટે આત્માને જણાવવો કે જેથી ભવ્યાત્માઓ મોક્ષનાં સુખ પામે.

આત્મજ્ઞાનોપદેશથી ઉપદેષ્ટાઓ તીર્થંકર થઈ મુક્ત થાય છે.

आत्मज्ञानोपदेशेन, भव्यानामुपकारकाः
तीर्थकृत्त्वं समासाद्य, यान्ति मुक्तिगृहं शुभम् ॥ ४८ ॥
सर्वपरोपकारेषु, देशनाया उपक्रिया ।
प्राप्नोति श्रेष्ठतां सत्यां, सतामेतादृशी स्थितिः ॥४९॥
द्रव्यपरोपकारेण, साध्या भावोपकारता ।
निष्कर्मवृत्तितो भव्यैः, साध्यं लक्ष्यं सुखास्पदम् ॥५०॥

આત્મજ્ઞાનોપદેશ વડે સાધુઓ ભવ્યોને ઉપકાર કરનાર એવું તીર્થંકરપણું પામી મુક્તિઘરમાં જાય છે.

સર્વ પ્રકારના પરોપકારમાં આત્માની દેશનાનો ઉપકાર શ્રેષ્ઠ સત્યતાને પામે છે. સત્પુરુષોની એવા પ્રકારની સ્થિતિ છે.

મુશ્કેલીઓને જીતનારો વિજયી છે.

દ્રવ્યપરોપકાર વડે ભાવ ઉપકારતા સાધવા યોગ્ય છે, એમ નિષ્કામવૃત્તિથી આત્મસાધક સાધુઓએ સુખાસ્પદ એવું શિવપદ સાધવું જોઈએ.

ભાવાર્થ :—આત્મજ્ઞાનના ઉપદેશવડે તીર્થંકરનામકર્મ બંધાય છે. **'સવી જીવ કરૂં શાસનરસી, એસી ભાવદયા મન ઉલ્લસી.'** પ્રશસ્ત સરાગ ભાવમાં પરિણમેલ કોઈ ભવ્યાત્મા જ્યારે મનમાં વિચારે છે કે-**સર્વ જીવોને જૈન શાસનના રસિક બનાવી દઉં**, એવી ભાવદયાનો સાગર પ્રગટતાં તીર્થંકર નામકર્મના દલિક ગ્રહણ કરે છે.

આ ઉપાયથી આત્મસાધકોને તીર્થંકરપદની ઇચ્છા હોય તો દેશનાની પ્રવૃત્તિ કરવી જોઈએ.

સર્વ જીવોને ધર્મી બનાવવા. આવી ભાવદયાનો સાગર હૃદયમાં ઉભરાતાં તીર્થંકરનામકર્મ અનેક જીવોએ ભૂતકાલમાં બાંધ્યું અને બાંધશે. તેમજ મુકિત પામ્યા અને પામશે. મનમાં ભાવદયાના ઉપદેશની ભાવના ઉલ્લસે અને વાણી વડે ઉપદેશ ન દેવાય તો પણ તીર્થંકરનામકર્મ બંધાય છે.

જેઓ અન્યને ઉપદેશ દેવાની ઇચ્છા રાખતા નથી, ફક્ત પોતે જ તરવું એમ ઇચ્છે છે, કોઈને ઉપદેશ આપતા નથી ,તે કેવલજ્ઞાની થાય છે.

ભવ્ય જીવોને અનંત સુખ આપવા જેઓની ઇચ્છા છે, તેઓએ ભવ્ય જીવોને તારવા માટે આત્મધર્મ ઉપદેશ આપવા તૈયાર થવું.

પાપના ઉપદેશ કરતાં પુણ્યનો ઉપદેશ અત્યુત્તમ છે. આશ્રવના ઉપદેશ કરતાં સંવરનો ઉપદેશ અત્યુત્તમ છે. મિથ્યાત્વનો ઉપદેશ અથવા મિથ્યાત્વગ્રંથો બનાવવા કરતાં સમ્યક્ત્વનો ઉપદેશ અને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય તેવા ગ્રંથો બનાવવા, તે અનંતગુણ ઉત્તમ કાર્ય છે.

વ્યાવહારિક વિદ્યાની કેળવણીનો ઉપદેશ અને તે સંબંધી ગ્રંથો

હારેલાના દુર્ગુણો તપાસી કુશળ બનો.

રચવાનાં કરતાં ધાર્મિક વિદ્યા અને તત્સંબંધી ગ્રંથો રચવા તે અત્યુત્તમકાર્ય છે.

દ્રવ્યજ્ઞાનના ઉપદેશ કરતા ભાવજ્ઞાનનો ઉપદેશ આપવો અથવા તે પ્રાપ્ત કરવું, તે અનંતગુણ ઉત્તમ છે,

અશુદ્ધ વ્યવહારમાં પ્રવૃત્તિ માટે ઉપદેશ આપવાના કરતાં શુદ્ધ વ્યવહારમાં પ્રવૃતિ માટે ઉપદેશ આપવો, તે અનંતગુણ ઉત્તમ કાર્ય છે.

આજીવિકાનો ઉપદેશ આપવા કરતાં મન અને આત્મા સુધરે તેવો ઉપદેશ આપવો, તે માટે સહાય આપવી, તે ઉત્તમ કાર્ય છે.

વ્યવહારમાં રહેવાનો ઉપદેશ આપવા કરતાં આત્માના ધર્મમાં રહેવાનો ઉપદેશ આપવો, તે અનંતગુણ ઉત્તમ કાર્ય છે.

સંસારસુધારાના ઉપદેશ કરતાં ધર્મના સુધારાનો ઉપદેશ આપવો, તે અનંતગુણ ઉત્તમ કાર્ય છે.

શ્રાવક બનવાનો ઉપદેશ દેવા કરતાં સાધુ બનવાનો ઉપદેશ આપવો, તે અનંતગુણ ઉત્તમ કાર્ય છે.

એકાન્ત ધર્મનો ઉપદેશ કરતાં અનેકાન્ત ધર્મનો ઉપદેશ આપવો, એ અનંતગુણ ઉત્તમ કાર્ય છે.

રાગદ્વેષવૃદ્ધિકારક ઉપદેશના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય તેવો ઉપદેશ આપવો, તે અનંતગુણ ઉત્તમ છે.

અશાંતિના ઉપદેશ કરતાં શાંતિનો ઉપદેશ અનંતગુણ ઉત્તમ છે.

એકાન્ત વસ્તુનું સ્વરૂપ બતાવવા કરતાં અનેકાન્તપણે વસ્તુનું સ્વરૂપ બતાવવું (ઉપદેશવું) એ અનંતગુણ ઉત્તમ છે.

એકેક નયથી એકાન્તે વસ્તુસ્વરૂપ સમજાવવાનો ઉપદેશ આપવા કરતાં સાત નયોથી અનેકાન્તપણે વસ્તુધર્મ સમજાવવા માટે ઉપદેશ આપવો એ અનંતગુણ ઉત્તમ છે.

માણસની કસોટી સંકટમાં થાય છે.

જડ પદાર્થના જ્ઞાન માટે ઉપદેશ આપવો તેના કરતાં આત્મજ્ઞાન માટે ઉપદેશ આપવો એ અનંતગુણ ઉત્તમ છે. આમ અપેક્ષાએ સમજવું.

આ ઉપરથી ભવ્યોના સમજવામાં આવશે કે આત્મજ્ઞાનનો ઉપદેશ આપવો, તે સર્વ પ્રકારના ઉપદેશમાં શ્રેષ્ઠ છે.

આ ઉપરથી એમ કહેવાનું નથી કે–અન્ય જે જે ઉપદેશો આપવા તે ખોટા છે. તે પણ અપેક્ષાએ યોગ્ય છે, અન્ય તત્ત્વોનો ઉપદેશ છે, તે કારણ છે અને આત્મજ્ઞાનનો ઉપદેશ છે. તે સર્વમાં શ્રેષ્ઠ કારણ છે, કારણ કે સર્વ જગતના જડ પદાર્થોને જાણવા ઉદ્યમ કર્યો, તેનો ઉપદેશ આપ્યો, પણ જ્યાં સુધી **આત્મા એ શું છે ?** તેનો ઉપદેશ ન આપ્યો, ત્યાં સુધી જગતના ઉપર મહાન ઉપકાર કર્યો, એમ કહી શકાય નહીં.

સર્વ જિનાગમોના ઉપદેશની આવશ્યકતા છે, પણ તેમાં આત્મજ્ઞાનના ઉપદેશની અત્યંત આવશ્યકતા છે, તેમાં પણ સમજવાનું કે દ્રવ્યાનુયોગના જ્ઞાનપૂર્વક આત્મજ્ઞાનનો ઉપદેશ આપવો તે જ શ્રેષ્ઠ છે.

આત્મજ્ઞાન, આત્મજ્ઞાન એમ તો સર્વ પોકારે છે, પણ સાત નય, સપ્તભંગી નિક્ષેપપૂર્વક અનેકાન્તપણે આત્માને જાણવો અને તેનો ઉપદેશ આપવો, એ કંઈ સામાન્ય વાત નથી.

કોઈ વિરલા દ્રવ્યાનુયોગપૂર્વક આત્મજ્ઞાનનો ઉપદેશ આપે છે અને તેમ જાણે છે. આત્મજ્ઞાનનો ઉપદેશ આપવાની રૂચિ થવી અથવા આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું, એ કંઈ સહેલી વાત નથી. કોઈ ભાગ્યવંતને આત્મજ્ઞાન અને આત્મજ્ઞાનનો સ્યાદ્વાદપણે ઉપદેશ આપવો સુઝે છે.

સર્વ પરોપકારમાં ભાવદેશનાનો ઉપકાર મોટો છે. આ ઉપરથી ભવ્યો સમજશે કે–જે સાધુઓ ભાવદેશનાથી ભવ્ય જીવોને તારે છે, તેના સમાન કોઈ મોટો ઉપકાર કરી શકતું નથી.

ક્ષણક્ષણ કરતાં સમય ચાલ્યો જાય છે.

સુદર્શનાચરિત્રમાં કહ્યું છે–

सुदर्शनाचरित्रे, जिणिंदधम्मोवएसदाणं महातित्थं ॥

વીતરાગકથિત ધર્મના ઉપદેશનું દાન એ મોટું તીર્થ છે, એજ યાત્રા છે.

जिणभुवण बिंबपूया, दाणदया तवसुतित्थजत्ताणं ॥
धम्मोवएस दाणं, अहियं भणियं जिणंदेहिं ॥ १ ॥

एगंपि जो पवोहइ, पावासत्तं जिणिंदधम्ममिं ॥
सव्वजियाण विदिन्नं, अभयमहादाणमिह तेण ॥ २ ॥

धम्मोवएसदाणं, जिणेहिं भणियं इमं महादाणं ॥
सम्मत्तदायगाणं, पडिओवयारो जओ नत्थि ॥ ३ ॥

सम्मत्तमहादाणं, जीवो जो देइ धम्मबुद्धीए ॥
तं नत्थि जए जं तेण, नय विहत्तं सुहं पुन्नं ॥ ४ ॥

तियसिंदनमियचलणा वि, जिणवरा जंति जोयणसयाइं ।
जीवस्स बोहणथ्थं, एगस्सवि पावयस्स दुहिं ॥ ५ ॥

पडिबोहिउ य जीवो, धम्मं आयरइ वज्जए पावं ।
जम्मे जम्मे सुहिओ, हवइ सासय सुहं लहइ ॥ ६ ॥

જિનમંદિર, જિનપ્રતિમા, જિન પ્રતિમા પૂજા, દાન, દયા, તપ અને તીર્થની યાત્રા ઇત્યાદિ ધર્મ કાર્યો કરતાં શ્રીતીર્થંકરોએ ધર્મના ઉપદેશનું દાન દેવું, તે અધિકતર શ્રેષ્ઠ બતાવ્યું છે,

એક પણ પાપાસક્ત જીવને પ્રબોધ કરીને તેને જે જૈન ધર્મ પમાડે છે, તેણે આ જગતમાં સર્વ જીવોને અભયદાન આપ્યું, એમ જાણવું.

પુણ્ય વાવવાથી સુખ મળે છે.

ધર્મોપદેશનું દાન જિનોએ મોટામાં મોટું દાન કહ્યું છે. સમ્યક્ત્વ પમાડનારાઓનો જે માટે પ્રત્યુપકાર થઈ શકતો જ નથી.

ધર્મની બુદ્ધિથી ધર્મોપદેશ દ્વારા જે ઉપદેશ મુનિરાજ સમ્યક્ત્વ મહાદાન આપે છે, તેણે દુનિયામાં સર્વ પુણ્ય અથવા સુખ પ્રાપ્ત કર્યું.

ચોસઠ ઈન્દ્રો પણ જેના ચરણકમલમાં નમસ્કાર કરે છે, એવા તીર્થંકર પણ એક પાપી જીવને બોધ દેવા સો યોજન પર્યંત જાય છે.

પ્રતિબોધેલો આત્મા ધર્મનો આદર કરે છે અને પાપનો ત્યાગ કરે છે. ઉત્તરોત્તર ઉત્તમ ભાવ પામી સુખી થયો છતાં અંતે કેવલજ્ઞાન અને કેવલદર્શન પામી મુક્તિ પ્રાપ્ત કરે છે.

આ ઉપરથી ધર્મસાધક સાધુ મહારાજાઓ સમજશે કે, આત્મજ્ઞાન પ્રાપ્ત કરી આત્મજ્ઞાનનો ઉપદેશ આપવો એમાં મહાન ઉપકાર છે.

ગૃહસ્થો કરતાં ધર્મોપદેશકો જગતમાં મોટો ઉપકાર કરી શકે છે. તે ઉપકાર કોઈથી પણ થતો નથી. અર્થાત્ અન્યને ધર્મોપદેશ આપવો એ સર્વ ઉપકાર શિરોમણિ છે. ધર્મદેશનાનો દ્રવ્ય ઉપકાર અને ભાવ ઉપકાર સમજવો જોઈએ.

સમ્યક્ત્વપ્રાપ્તિ યોગ્ય જે જે શાસ્ત્રો ભણાવવા, વંચાવવા, ઉપદેશવા, એ દ્રવ્ય ઉપકારની દેશના છે, અપેક્ષાએ એમ સમજાય છે

સમ્યક્ત્વ યોગ્ય જે ઉપદેશ આપવો કે જેથી જીવો સમ્યક્ત્વ પામે, તે ભાવ ઉપકારરૂપ દેશના છે અથવા સમ્યક્ત્વ પ્રાપ્તિના જે જે હેતુઓ હોય તેમજ ભાવદેશના પરોપકારના જે જે હેતુઓ હોય તેનો ઉપદેશ દેવો, તે દ્રવ્યપરોપકાર છે.

એવા દ્રવ્ય પરોપકાર વડે પણ ભાવ પરોપકાર–સમ્યક્ત્વદેશના રૂપ પ્રાપ્ત કરવો.

આત્મજ્ઞાન પ્રાપ્તિના જે જે નિમિત્ત હેતુઓ હોય તેનો ઉપદેશ,

ત્રણ કાળોમાં વર્તમાન કાળ જ આપણો છે.

સાધ્યની અપેક્ષાએ દેવો અને આત્મજ્ઞાન પ્રાપ્ત થાય તેવો અનેકાન્તપણે ઉપદેશ દેવો.

આમ આત્મજ્ઞાનનો ઉપદેશ આપવાથી અન્ય જીવો ઉપર મોટામાં મોટો ઉપકાર કરી શકાય છે, માટે યોગ્ય જીવોને યોગ્ય વિધિથી યોગ્ય ઉપદેશ વડે યોગ્ય ઉપદેશકોએ આત્મજ્ઞાનનો ઉપદેશ આપવો.

આત્માને આત્મારૂપે ઓળખાવવાથી મુમુક્ષુઓ આત્માજ્ઞાન પામી પરમાત્મ પદ પામે છે, માટે સાધ્યબિંદુ લક્ષ્યમાં રાખી સર્વ જીવોએ આત્મજ્ઞાન પ્રાપ્ત થાય તેમ મન, વાણી અને કાયાથી પ્રયત્ન કરવો, એજ હિતશિક્ષા ક્ષણે ક્ષણે સ્મરણીય છે. નિષ્કામવૃત્તિથી ભવ્યોએ આત્મજ્ઞાન પ્રાપ્ત કરી શિવપદ સાધ્ય કરવું.

આત્મજ્ઞાનના ઉપદેશનું માહાત્મ્ય જણાવી ગ્રંથકાર હવે આત્મામાં લક્ષ્ય રાખી મુમુક્ષુઓએ વર્તવું એમ જણાવે છે.

दत्तलक्ष्योपयोगेन, वर्तितव्यं मुमुक्षुणा ।
आविर्भावः सुखाब्धेस्तु, जीवः परात्मतां व्रजेत् ॥ ५१ ॥

આત્માના અસંખ્ય પ્રદેશરૂપ લક્ષ્યમાં જેણે ચિત્ત દીધું છે, એવા મુમુક્ષુએ શુદ્ધ માર્ગમાં વર્તવું જોઈએ, કે જેથી સુખ સાગરનો આવિર્ભાવ થાય અને આત્મા પોતે પરમાત્મપણું પામે.

ભાવાર્થ :–બાહ્ય પદાર્થો જડ હોવાથી તેમાં લક્ષ્ય દેવું યોગ્ય નથી. આત્મામાંજ ધારણા, ધ્યાન અને સમાધિ વડે લક્ષ્ય આપવું જોઈએ.

જગતમાં આત્મા અથવા પરમાત્મા વિના કોઇ ઉત્તમ પદાર્થ નથી. જેમાં જ્યારે ત્યારે પણ પરમાત્મપણું પ્રગટવાનું છે, તે આત્મામાં જ લક્ષ્ય આપવાથી પ્રગટશે.

મહત્તા માટેનાં દ્વાર સર્વને માટે ઉઘાડાં છે.

જે સર્વ પદાર્થોને જાણે છે, દેખે છે, નિશ્ચય કરે છે, તેવા આત્માના અસંખ્ય પ્રદેશોમાં લક્ષ્ય ધારવું જોઈએ.

આત્મામાં લક્ષ્ય દીધું છે, એવા મુમુક્ષુએ ઔદયિકભાવના સાક્ષી રહી અને સમભાવે રહી, અન્તરમાં રમણતા કરવી જોઈએ. તેમ વર્તવાથી શું થાય તે બતાવે છે.

સહજ આત્મિક સુખસાગરનો આવિર્ભાવ થાય છે. જેમ જેમ આત્માના શુદ્ધ સ્વભાવ પ્રમાણે વર્તન થાય છે, તેમ તેમ કર્મની વર્ગણાઓ ખરે છે અને ખરેખર અશુદ્ધ પરિણતિ ટળીને શુદ્ધ પરિણતિ થાય છે.

જેમ જેમ રાગદ્વેષની પરિણતિ મંદ પડે છે, તેમ તેમ શુદ્ધ પરિણતિયોગે અંશે અંશે આત્મિક સુખનો અનુભવ આવે છે.

ક્ષાયિકભાવે પરિપૂર્ણ શુદ્ધ પરિણતિ થતાં પરિપૂર્ણ સુખનો ભોગ થાય છે. આત્મા જે વખતે રાગદ્વેષની પરિણતિમાં હોય છે, તે વખતે બાહ્યસન્મુખ ચિત્ત હોવાથી આત્માના સુખનો પરોક્ષદશામાં અનુભવ આવતો નથી.

જેમ જેમ મન, વચન અને કાયાની સ્થિરતા થાય છે અને મન, વચન અને કાયામાં હું અને મારાપણું લાગતું નથી, તેમ તેમ આત્મિ-સુખનો અનુભવ થાય છે.

જેમ જેમ બાહ્યની અને અન્તરની જ્ઞાનના બળે ઉપાધિ ઓછી થાય છે, તેમ તેમ સુખનો અનુભવ આવે છે.

આત્મજ્ઞાનવડે શુભાશુભ જાણતો છતાં બાહ્યમાં રાગ અથવા દ્વેષ કરતો નથી અને તે બાહ્યપદાર્થોનો નિર્લેપપણે કૂટસ્થ સાક્ષીરૂપે જોનાર અને દેખનાર થાય છે અને મનની સમતોલ દશા જાળવી સમતા સંગે ખેલે છે, ત્યારે આત્મિક સહજસુખનો અનુભવ થાય છે.

કામ, ક્રોધ, લોભ, મોહ, માન, માયા, ઈર્ષ્યા, નિંદા, હાસ્ય, હર્ષ, શોક અને રાગ આદિ દોષોના હેતુઓના સંબંધમાં આવતાં પણ કૂટસ્થ સાક્ષી તરીકે રહે અને દોષોમાં લેપાય નહીં, એવી આત્માની શુદ્ધદશા થતાં આત્મિકસુખનો અનુભવ આવે છે.

પરિપૂર્ણ દોષો નાશ પામતાં પરિપૂર્ણ આત્મિકસુખનો સાક્ષાત્કાર થાય છે.

ફોનોગ્રાફની પેઠે કેટલાક આત્મજ્ઞાન અને યોગની ફક્ત વાતોનો લવારો કરે છે અને ભક્તો બનાવી તેના પૈસા ધૂતે છે અને ગૃહસ્થાશ્રમમાં એક આજીવિકા પંથ ઊભો કરે છે, તેઓ આત્માના શુદ્ધ વર્તન વિના આત્મિક સુખ પામતા નથી.

અધ્યાત્મ અને યોગજ્ઞાન મેળવી તે પ્રમાણે વર્તી ગૃહસ્થપણાની જંજાળ પરિહરી ઉપાધિમુક્ત થઈ અન્તરઉપાધિને છોડતાં આત્મિક સુખનો અનુભવ આવે છે, તે માટે તીર્થંકરોએ ઉપાધિમુક્ત થઈ આત્મિક સુખ આસ્વાદવા સાધુમાર્ગની પ્રરૂપણા કરી છે.

સાધુમાર્ગ સર્વોત્તમ હોવાથી અનેક ઉપાધિથી દૂર રહેવાય છે. આત્મજ્ઞાનમાં રમણતા થાય છે, માટે ગૃહસ્થોએ આરંભાદિકની હિંસાનો નાશ કરવા સાધુમાર્ગ ગ્રહણ કરી, આત્માના સ્વરૂપમાં લયલીન થઈ, આત્મિક સહજસુખના ભોક્તા થવું.

ભોગાવલીકર્મની બળવત્તાથી ગૃહમાંથી ન નીકળાય તો પણ ઘરમાં રહીને કૂટસ્થ સાક્ષીપણે સર્વ વસ્તુઓના જ્ઞાતા–દૃષ્ટા બનવું અને અન્તરમાં નિર્લેપ રહેવા સત્સમાગમ કર્યા કરવો.

ગૃહસ્થાવાસમાં રહી પાલન કરી શકાય તે વ્રતો પાલન કરવા.

ગૃહસ્થાવાસમાં રહી ગમે તેટલા સારા ભક્ત કહેવાય, તો પણ તેઓએ સાધુઓની તથા સાધુમાર્ગની નિન્દા પ્રાણાંતે પણ ન કરવી

દેવો પણ મનુષ્ય ભવ ઈચ્છે છે.

કારણ કે નિન્દા કરવાથી આવતા ભવમાં સાધુની દશા પ્રાપ્ત કરી શકાતી નથી.

સંસારમાં રહીને પણ સાધુધર્મની અનુમોદના કરવી. સાધુધર્મ પ્રાપ્ત કરવા અહર્નિશ પ્રયત્ન કરવો. પ્રતિદિન નિર્લેપદશાનું ઉચ્ચ જીવન કરવા માટે અને આત્મિક સુખનો વિશેષતઃ અનુભવ કરવા માટે યોગ્ય હેતુઓનું અવલંબન કરવું.

જલકમળની પેઠે રાગદ્વેષથી દૂર રહી સાંસારિક દશા ગાળવા પ્રયત્ન કરવો. બાહ્યની દશા ભૂલીને અંતરમાં એક આત્મરૂપ લોકાલોક સૂર્યની ઉપાસના કરવી, તેમાં લીન થઈ જવું.

ધારણા, ધ્યાન અને સમાધિ વડે આત્મામાં સંયમ કરવો. આત્મામાં સંયમ કરવાથી આત્મિકસુખનો સાગર પ્રગટ થયા વિના રહેશે નહિ. અને પાંચ ઇન્દ્રિયોના વિષય વિના પણ સર્વત્ર આત્માના સુખની લહેરિયો ભોગવી શકશો.

આત્માના સુખનો ભોગ ભોગવ્યાથી વિશ્વાસ આવતાં બાહ્યસુખમાંથી ચિત્ત પાછું હઠશે. બાહ્યનું સુખની ભ્રાંતિ નાશ પામશે. આત્મા અનંત સુખનો સાગર થતાં :પરમાત્મપણે પ્રગટ થાય છે.

હવે આત્મકસુખ પ્રગટ કરવા અને પરમાત્મા થવાની કુંચી બતાવે છે.

यादृक् सिद्धस्वरूपं मे, तादृग् भेदस्तु कर्मणः ।
कर्मभेदविनाशाच्च, सोऽहं भव्यशिरोमणिः ॥ ५२ ॥

अहो जीवः परात्माऽहं, सत्तातः सम्प्रति स्मृतः ।
उत्थितो व्यक्तिसिद्धयर्थं, साधयिष्ये परात्मताम् ॥ ५३ ॥

आत्मसामर्थ्यतः शीघ्रं, मया किं किं न साध्यते ।
सर्वकार्याणि सिद्धयन्ति, यत्नेनातः समुत्सहे ॥ ५४ ॥

મોક્ષ મેળવવા માટે મનુષ્ય ભવ જ ઉપયોગી છે.

જેવું સિદ્ધનું સ્વરૂપ છે, તેવું મારૂં સ્વરૂપ છે, પણ હાલ હું તેવો નિર્મલ નથી, તેમાં કર્મે ભેદ કર્યો છે. કર્મના ભેદના નાશથી હું આત્મા પણ સિદ્ધ પરમાત્મા થાઉં.

અહો ! હું જીવ છું, પણ સત્તાથી હું પરમાત્મા છું, એમ સંપ્રતિ ધાર્યું. હવે આત્માની પરમાત્મદશા કરવા હું જાગૃત બન્યો છું. ખરેખર પરમાત્મપણાને હું સાધીશ.

આત્માના સામર્થ્યથી મારાવડે શું શું સાધ્ય ન કરી શકાય ? અર્થાત્ સર્વ સાધ્ય કરી શકાય, કારણ કે પ્રયત્ન વડે સર્વ કાર્યો સિદ્ધ થાય છે. કાળા માથાનો માનવી શું નથી કરી શકતો ? અર્થાત્ સર્વ કરી શકે છે, માટે પરમાત્મપદ સાધવા હવે હું ઉત્સાહ રાખું છું, એમ સાધક પોતાના ઉદ્‌ગાર કાઢે છે.

ભાવાર્થ :—સિદ્ધપરમાત્માનું જેવું સ્વરૂપ છે, તેવું સ્વરૂપ પ્રાપ્ત કરવાને માટે જ આત્માનો આ જગતમાં મુખ્ય સાધ્ય ઉદ્દેશ છે.

સિદ્ધ સમાન હું છું, ત્યારે પ્રશ્ન થશે કે સત્તાથી કે વ્યક્તિથી ? ઉત્તરમાં કહેવું પડશે કે હાલ તો સત્તાથી સિદ્ધ સમાન છું.

ત્યારે પ્રશ્ન થશે કે કેમ વ્યક્તિથી સિદ્ધ સમાન નથી ? તેના ઉત્તરમાં કહેવાનું કે-સિદ્ધપરમાત્માની વ્યક્તિ જેવી મારી વ્યક્તિ નથી; કારણ કે તેવી વ્યક્તિ થવામાં કર્મનો ભેદ છે અર્થાત્ આ આત્માને કર્મ લાગ્યાં છે, તેથી સિદ્ધ પરમાત્મા સમાન હાલ નથી, પણ કર્મભેદનો ક્ષય થતાં ભવિષ્યમાં આત્મા તે પરમાત્મા થઈ શકે.

અપ્પા સો પરમપ્પા આત્મા જ પરમાત્મા કહેવાય છે. વ્યક્તિથી આત્મા પરમાત્મા થાય, એવો સાધ્ય ઉદ્યમ આરંભવો જોઈએ.

ઉપર્યુક્ત સોઽહં શબ્દનો અર્થ વિશેષતઃ મનનીય છે.

ગુણાનુરાગ વિના મનુષ્યપણું એળે જાય છે.

સોડહં.

ઘણા લોકો સોડહં સોડહં એમ બોલ્યા કરે છે. કેટલાક એમ સમજે છે કે, સોડહં એ એક મહાન્ મંત્ર છે. સોડહં એમ બોલવા માત્રથી જ મુક્તિ થાય છે. કેટલાક ફોનોગ્રાફની પેઠે બે ત્રણ કલાક પર્યંત સોડહં શબ્દનો જાપ જપ્યા કરે છે. કેટલાક ઉંસોડહં શબ્દને મોટો માને છે અને તેનાથી સમાધિ થાય છે, એમ માને છે.

સઃ એટલે શુદ્ધસ્વરૂપ. અહં એટલે હું. અર્થાત્ હું શુદ્ધસ્વરૂપમય છું. શુદ્ધસ્વરૂપ આત્માનું અનંતજ્ઞાન, દર્શન અને ચારિત્રમય છે.

સિદ્ધપરમાત્મા જેવું જ આત્માનું શુદ્ધસ્વરૂપ છે, પણ કર્મના આવરણથી ઢંકાયેલું છે.

અનાદિ કાળથી આત્માને કર્મ લાગ્યાં છે. આઠ પ્રકારના કર્મે આત્માના આઠ ગુણ દાબ્યા છે. જો આઠપ્રકારના કર્મનો ક્ષય થઈ જાય તો આત્માના આઠગુણ પ્રગટી શકે.

પરમાત્માના સમાન હું પણ છું. રાગદ્વેષમય અશુદ્ધ હું નથી રાગ તે હું નથી જગતના જીવો પર જે દ્વેષની પરિણતિ થાય છે, તે હું નથી. ક્રોધ થાય છે, તે હું નથી. કારણ કે ક્રોધ એ આત્માનો મૂળ સ્વભાવ નથી.

હું અને મારું એવો જે પ્રત્યય થાય છે તે હું નથી. જગત્ના દૃશ્ય અથવા અદૃશ્ય જડ પદાર્થો છે તે હું નથી, કપટ, અભિમાન અને લોભનો સ્વભાવ એ હું નથી, કારણ કે કપટ, અભિમાન અને લોભ એ આત્માનો મૂળ સ્વભાવ નથી.

જગત્માં કુટુંબપરિવાર વગેરે છે; તે પણ હું નથી.

મિથ્યાત્વપરિણતિ જે હૃદયમાં પ્રગટે છે, તે પણ શુદ્ધનિશ્ચયથી જોતાં હું નથી.

ગુણો જુઓ; દોષ ન કરો.

પાંચ પ્રકારનાં શરીર તે હું નથી.

પુદ્ગલાસ્તિકાય તે પણ હું નથી.

મનના જે રાગાદિક ધર્મો છે, તે હું નથી. વાણી પણ હું નથી. ત્યારે હું કોણ? તેના ઉત્તરમાં કહેવું પડશે કે–

હું એટલે શુદ્ધસ્વભાવમય આત્મા છું. જ્ઞાન, દર્શન, અને ચારિત્ર સ્વભાવમય હું છું. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવલજ્ઞાનમય હું આત્મા છું.

ચાર પ્રકારના દર્શનમય હું આત્મા છું.

ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક ચારિત્રમય હું આત્મા છું.

દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ નિત્ય છું.

અને પર્યાયાર્થિકનયની અપેક્ષાએ અનિત્ય છું.

મારા આત્માનો જાણવાનો શુદ્ધ સ્વભાવ છે. સર્વ પદાર્થ દેખવાનો મારો શુદ્ધસ્વભાવ છે,

આત્માના અનંતગુણો વિષે સ્થિર રહેવાનો મારો શુદ્ધ સ્વભાવ છે.

અનંત શક્તિમય મારો શુદ્ધસ્વભાવ છે.

આત્માના અસંખ્ય પ્રદેશ છે. એકેક પ્રદેશમાં અનંત-જ્ઞાન, અનંતદર્શન અને અનંતચારિત્ર આદિ અનંતગુણ-પર્યાયો છે.

સમયે સમયે આત્મામાં અનંતગુણનો ઉત્પાદ અને વ્યય થયા કરે છે. વસ્તુતઃ આત્મા અરૂપી હોવાથી નિરાકાર છે અને કર્મમેલ જવાથી નિરંજન થાય છે એવો આત્મા હું છું.

કોઈની ત્રુટીઓ દેખાય તો, તેનાથી દૂર રહો.

આત્મા કદી ઉત્પન્ન થયો નથી, માટે તે **અજ** કહેવાય છે, તેવો અજ હું છું.

આત્માના એક પ્રદેશનો પણ કદાપિ નાશ ન થાય તેવો છું. તેથી હું **અવિનાશી** કહેવાઉં છું.

દુનિયાના ઇષ્ટ અથવા અનિષ્ટ ગણાતા પદાર્થોમાં રાગદ્વેષથી લેપાવાનો શુદ્ધ નિશ્ચયનયથી મારો સ્વભાવ નહિ હોવાથી હું **નિર્લેપ** છું.

આત્માના અનંતગુણો આત્માથી ભિન્ન નથી તેવો હું છું, તેથી **અભિન્ન** કહેવાઉં છું.

અનન્તસુખનો ભોકતા કર્મનો નાશ થતાં હું અવિનાશી છું.

બાહ્ય અને આન્તરિક ગ્રંથિથી મારો આત્માનો મૂળ શુદ્ધસ્વભાવ ભિન્ન હોવાથી હું **નિર્ગ્રંથ** છું.

કર્મના આવરણથી મારી જે જે શક્તિઓ સત્તાએ છે, તેને પ્રગટાવવા હું સમર્થ છું. ચાર ગતિ પરિભ્રમણનોક્ષય કરવા શક્તિમાન્ છું. અષ્ટકર્મનો ક્ષય કરવા સમર્થ છું, મનના ધર્મનો નાશ કરવા હું સમર્થ છું.

અનંતશક્તિમય હું છું ક્ષાયિક નવલબ્ધિનો ભોગી તે હું છું. એકત્રીશ ગુણયુક્ત હું છું.

તેજ શુદ્ધ આત્મા હું છું. અશુદ્ધાત્મા હું નથી. અશુદ્ધપરિણતિથી હું ભિન્ન છું. શુદ્ધસમતામય હું છું. પરમપુરૂષાર્થમય હું છું. સચ્ચિદાનન્દમય હું છું.

આ પ્રમાણે સોઽહં શબ્દનો અર્થ બરાબર મનમાં ધારી તન્મય થવું. પરમશુદ્ધસ્વભાવમય તેજ હું છું. અનંતગુણવ્યક્તિમય હું છું.

અહો ! હું જીવ છું પણ સત્તાથી પરમાત્મા છું, એવું હવે ધ્યાનમાં આવ્યું છે. પરમાત્મવ્યક્તિ પ્રગટ કરવા તૈયાર થયો છું, હવે હું દૃઢનિશ્ચયથી પરમાત્મપણાને સાધીશ.

દેષી મનુષ્યોને અન્યની ટીકા કરવાનો અધિકાર ન હોય.

પરમાત્મપદ વ્યક્ત કરવા માટે અત્યંતઉત્સાહપૂર્વક ધર્મોદ્યમ આરાધવાની આવશ્યકતા છે. રાગ અને દ્વેષનો નાશ કરી પરમાત્મપદ સાધીશ. મનના વિભાવિક ધર્મોનો ત્યાગ કરી હું પરમાત્મપદ સાધીશ.

બાહ્યભાવનો સાક્ષી થઈ તેમાં રાગ અને દ્વેષ ન કરતાં હું આત્મસ્વભાવમાં વર્તીશ. વ્યવહારે વ્યવહારમાં રહી અને નિશ્ચયથી નિશ્ચયધર્મમાં ઉપયોગ રાખી પરમાત્મપદ સાધીશ.

જ્ઞાન અને ક્રિયા વડે સાધ્યપયોગ રાખી પરમાત્મપદ સાધીશ. આત્મોપયોગમાં રહી આત્મજીવન ઉચ્ચ કરીને પરમાત્મપદ સાધીશ. સમતાભાવથી ક્ષણે ક્ષણે આત્મજીવનની આનન્દમય દશા ઉચ્ચ કરી પરમાત્મપદ સાધવા ઉદ્યમ કરીશ.

વીતરાગદશા પ્રાપ્ત કરવા વીતરાગમય થઈને વીતરાગપદ પ્રાપ્ત કરવા ઉદ્યમ કરીશ. ઔદયિકકર્મ ભોગવતાં છતાં પણ મૂળ આત્માના સ્વભાવમાં રહી પરમાત્મપદ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરીશ. વૈરઝેર અને કલેશના પ્રસંગોમાં પણ આત્મસ્વભાવમાં રહી પરમાત્મપદ સાધીશ.

મૈત્રી, પ્રમોદ, માધ્યસ્થ અને કરુણા એ ચાર ભાવનાઓને હૃદયમાં ભાવી મનશુદ્ધિ કરી પરમાત્મપદ સાધવા નિશ્ચય દૃઢ પ્રતિજ્ઞાવાળો થાઉં છું.

શ્રી તીર્થંકરોને ચાર નિક્ષેપાથી સત્ય સ્વીકારીને તેમની ધારણા તથા ધ્યાન ધરીને, પરમાત્મપદ સાધવા દૃઢ પ્રતિજ્ઞાવાળો થાઉં છું. ઔદયિકભાવમાં આત્મિક ધર્મ નથી, એમ ઉપયોગ રાખી પરમાત્મપદ સાધવા ઉદ્યમ કરીશ.

અનેક તર્કવાદીઓ કદાપિ મને કુતર્કથી જૂદું સમજાવવા પ્રયત્ન કરશે, તો પણ તેમના કુતર્કમાં નહિ ફસાતાં જિનાગમોની શ્રદ્ધાપૂર્વક જ્ઞાન અને ક્રિયાથી પરમાત્મપદ

સર્વ જીવો ઉપર સમભાવ રાખવાનાં જ્ઞાની વચનોને પોતાનો વર્તાવ મુકમાં ઉતારો.

પ્રગટ કરવા પ્રયત્ન કરીશ; કારણ કે મોક્ષનું અનન્ત સુખ ભોગવવું, તેજ નિશ્ચય ધાર્યો છે.

અહો આત્મસામર્થ્યથી મારા વડે કયું સાધ્ય ન થઈ શકે? અર્થાત્ સર્વ થઈ શકે. દુનિયાનાં કાર્ય સાધ્ય કરવાં એમાં કિંચિત્ પણ આત્મસુખ નથી, માટે આત્માનું સહજ અનન્તસુખ પ્રાપ્ત કરવું, તેજ સાધ્યબિંદુ લક્ષ્યમાં રાખી હું ઊભો થયો છું, અર્થાત્ અનંતસુખમય પરમાત્મપદ સાધવા ઉદ્યમી થયો છું.

ધારણા, ધ્યાન, અને સમાધિ પણ પરમાત્મપદની છે. પ્રત્યાહાર પણ પરમાત્મપદ માટે જ છે, માટે હવે હું ઉત્સાહવાળો થયો છું. પરમાત્મપદ પ્રાપ્ત કરતાં કષાયાદિ મનમાં ઉદ્ભવશે, તો પણ તેનો નાશ કરવાનું સાધ્યબિંદુ લક્ષ્યમાં રાખીશ.

જિનવાણી અનુસાર ઉદ્યમથી પરમાત્મપદ પ્રાપ્ત કરવા ઉત્સાહી બનું છું, એમ સાધકના ઉત્સાહ ઉદ્ગારો પરમાત્મપદ પ્રાપ્તિ માટે સાધક અવસ્થામાં નીકળે છે.

સાધક વિશેષત : અનંતસુખમય શિવપદ સાધવા પ્રતિજ્ઞા જણાવે છે.

लक्ष्यसाधकबुद्ध्या वै, परात्मानं स्मराम्यहम् ।
स्वप्नवद् बाह्यभावेषु, दृष्टिर्देया न कुत्रचित् ॥ ५५ ॥

લક્ષ્યસાધકબુદ્ધિથી પરમાત્માને સ્મરું છું. ખરેખર સ્વપ્નસમાન ક્ષણિક બાહ્યપદાર્થોમાં દૃષ્ટિ કરવી કદાપિ યોગ્ય નથી.

ભાવાર્થ :—પરમાત્મપદ લક્ષ્ય અવબોધીને તત્સાધક બુદ્ધિથી જ હું પરમાત્માને સ્મરું છું. પરમાત્માનું ધ્યાન ધરું છું.

પરમાત્મલક્ષ્યપદ રાખી, તેને સાધવાની બુદ્ધિથી પરમાત્માનું સ્મરણ કરવાથી, બાહ્યવૃત્તિયોનો નિરોધ થવા ઉપરાંત, અન્તર્મુખવૃત્તિ થાય છે અને આત્મા પોતે પરમાત્મરૂપ જ બને છે.

અન્ય કેટલાક જનો પરમાત્માને ભજે છે પણ પરમાત્મપદ સાધ્યદશાને વિસ્મરી જઈ સાંસારિક વાસનાઓના કીટક બને છે અને પરમાત્મસ્મરણનું કાર્ય બાહ્યવાસનાઓની તૃપ્તિને ગણે છે.

પરમાત્મપદલક્ષ્યજ્ઞાનના અભાવે કેટલાક પરમાત્મા, એવા શબ્દો ફોનોગ્રાફની પેઠે ઉચ્ચારે છે. પરમાત્માનું પરિપૂર્ણ સ્વરૂપ સમજ્યા વિના શુક (પોપટ)ની માફક 'પરમાત્મા પરમાત્મા' એમ બોલ્યા કરે છે અને વૈષયિકસુખની માગણી કરે છે.

પોતાના શત્રુઓનો ક્ષય થાઓ, એવી પરમાત્માના સ્મરણની સાથે પરમાત્માની પ્રાર્થના કરે છે; એવા અજ્ઞ જનો સાધ્યદશાના જ્ઞાનના અભાવે ઘાંચીની ઘાણીના બળદ પેઠે ચતુર્ગતિરૂપ સંસારમાંથી છૂટી શકતા નથી.

કેટલાક દેવલોકનાં સુખ ભોગવવાં એજ સાધ્ય લક્ષી પરમાત્માનું સ્મરણ કરે છે. કેટલાક સુંદર સ્ત્રીઓની પ્રાપ્તિ તથા માનપ્રતિષ્ઠા ઉદ્દેશથી પરમાત્માનું સ્મરણ કરે છે. કેટલાક પરમાત્માને લક્ષણથી સમજ્યા વિના શબ્દથી પરમાત્મા પરમાત્મા એમ બોલી સ્મરણ કરે છે.

કેટલાક પરમાત્માનું સ્મરણ કરે છે, પણ રાગ, દ્વેષ, ક્રોધ અને નિન્દા વગેરે દોષોને ત્યજતા નથી. કેટલાક પરમાત્માના નામે આજીવિકા ચાલે એમ લક્ષ રાખી પરમાત્માનું ભજન સ્મરણ કરે છે.

આવા મનુષ્યો પરમાત્માનું ભજન સ્મરણ કરે તો પણ પરમાત્મપદ પ્રાપ્ત કરવું એવા લક્ષ્યના અભાવે ઉચ્ચકોટીના ઉત્તમ સાધક થઈ શકતા નથી, માટે પરમાત્માના સ્વરૂપનું સૂક્ષ્મબુદ્ધિથી જ્ઞાન કરી નિષ્કામ વૃત્તિથી પરમાત્મરૂપ થવા માટે પરમાત્માનું સ્મરણ કરવું યોગ્ય છે.

પરમાત્માનું સ્મરણ

સાત નય અને સપ્ત ભંગી તેમજ ચાર નિક્ષેપાથી પરમાત્માનું સ્વરૂપ જાણી પરમાત્મપદ પ્રાપ્તિ માટે પરમાત્મમય મનોવૃત્તિ કરવી. ધારણા

વિજેતાના ગુણ તપાસી તેઓનું અનુકરણ કરો.

અને ધ્યાનમાં પરમાત્માનું સમ્યગ્ સ્વરૂપ ધારવું.

માટે તન્મય બનીને પરમાત્માનું સ્મરણ કરવું, મનમાં ઊઠતા વિકલ્પ સંકલ્પો બંધ કરવા અનેક દુનિયાનાં કાર્ય, કર્મયોગે કરવાં પડે તો પણ પરમાત્માના સ્વરૂપની સાધ્યદશામાં ધ્રુન રાખવી પરમાત્માના સ્મરણમાં પ્રસંગ પામી મનમાં ઊઠતા વિક્ષેપોને સમાવવા.

પરમાત્મસ્વરૂપમાં સ્થિર મનોવૃત્તિ રાખીને બોલ્યા વિના પરમાત્માનું સ્મરણ કરવું. કદાપિ તેમ ન રહેવાય તો પરમાત્માના ગુણોનાં સ્તવનો અને પદો ગાઈને પણ પરમાત્માનું સ્મરણ કરવું.

ભજનસંગ્રહ દ્વિતીય ભાગમાં (લેખકકૃત) કહ્યા પ્રમાણે પરમાત્માની નવધા ભક્તિથી પોતાના અસંખ્ય પ્રદેશના ધર્મમાં પોતે (આત્મા) રહી શકે છે અને એમ વર્તવાથી ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકભાવમાં આત્મા પ્રવેશે છે. સાધક દશામાં ઉપશમ અને ક્ષયોપશમભાવમાંથી ક્ષાયિકભાવે સર્વ ગુણો થતાં આત્મા પોતે પરમાત્મરૂપે સાદિઅનંતમે ભાગે થાય છે.

પરમાત્મ સ્મરણનો અભ્યાસ પ્રતિદિન વધારતા જવું. પરમાત્મ સ્મરણ કરનારાઓએ દુર્જનોની સંગતિ ત્યજવાની જરૂર છે તેમજ મનુષ્યોના શુભ અને અશુભ શબ્દોમાં સમતા રાખી પરમાત્મસ્વરૂપ સ્મરણ કરવાની આવશ્યકતા છે.

દુનિયા દીવાની ગમે તેમ કહે તો પણ પરમાત્મ સ્વરૂપ સ્મરણરૂપ રણાંગણમાંથી પાછા નહિ ફરતાં હિંમતથી રાગાદિ દોષોને હઠાવી પરમાત્મસ્મરણમાં આગળ ને આગળ વધવું; એમ કરવાથી આનન્દની ખુમારી પ્રાપ્ત થાય છે.

પરમાત્મસ્વરૂપ સ્મરણાર્થી જીવોએ સૃષ્ટિના સૌન્દર્ય પદાર્થની લીલાઓને સ્વપ્નસમાન માનવી, અર્થાત્ બાહ્યના પદાર્થોને સ્વપ્નવત્ ક્ષણિક જાણી તેમાં રાચવું નહિ, તેમજ ચિત્તવૃત્તિ દેવી નહિ.

દૃઢ ઈચ્છા વડે માર્ગ સરળ થાય છે.

બાહ્ય પદાર્થોમાં રાગ અને દ્વેષથી દૃષ્ટિ દેવાથી પરમાત્મસ્વરૂપ સ્મરણ યથાયોગ્ય થઈ શકતું નથી અને ઊલટું મનની નીચ દશા થતાં પરમાત્મસ્મરણમાં ચિત્ત ચોંટતું નથી, માટે ભવ્યજીવોએ બાહ્યભાવોમાં દૃષ્ટિ દેવી નહિ.

બાહ્યભાવમાં દૃષ્ટિ ન દેવાથી પરમાત્મસ્મરણ અવિચ્છિન્ન ધારાથી બન્યું રહે છે. આ પ્રમાણે સાધક કહે છે કે–બાહ્ય પદાર્થોમાં દૃષ્ટિ ન દેતાં પરમાત્મસાધ્યલક્ષ્યથી હું પરમાત્માને સ્મરૂં છું.

પરમાત્મા થવા માટે આત્માની ક્રિયારૂપ ભાકત કરવી જોઈએ, તે ગ્રન્થકાર બતાવે છે.

अविच्छिन्ना विधातव्या, नवधा भक्तिरात्मनः ।
आत्मभक्तिप्रतापेन, जीवा यान्ति परं पदम् ॥ ५६ ॥

આત્માની નવ પ્રકારે અવિચ્છિન્ન ભક્તિ કરવી યોગ્ય છે. આત્મ ભક્તિ પ્રતાપથી આત્માઓ મોક્ષપદ પામે છે.

ભાવાર્થ :—ભક્તિના નવ પ્રકાર છે. અસ્મદીય ભજનસંગ્રહ દ્વિતીય ભાગનાં નવ પ્રકારની નીચે પ્રમાણે ભક્તિ દર્શાવી છે.

પ્રથમ શ્રવણક્રિયા ભક્તિ

અનંતગુણપર્યાયમય ચેતનદ્રવ્યનું બહુમાનથી શ્રવણ કરવું જોઈએ. સ્યાદ્વાદપણે ચેતનદ્રવ્યનું શ્રવણ કરવું જોઈએ. તીર્થંકરભાષિત ચેતનદ્રવ્ય છે.

દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ આત્મા નિત્ય છે અનાદિકાળથી અશુદ્ધપરિણતિથી પરનો કર્ત્તા તથા ભોક્તા આત્મા કહેવાય છે અને જ્યારે ભેદજ્ઞાન થાય છે, ત્યારથી અંશે અંશે આત્મ સ્વરૂપનો કર્તા ભોક્તા થાય છે.

આત્મા જે જે અંશે પોતાના સ્વરૂપે પરિણમે છે, તે તે અંશે પરપરિણતિનો નાશ કરે છે.

ભીરૂ માણસો સંકટોના ગુલામ બને છે.

પોતાના સ્વરૂપમાં પરિણમવાથી કર્મનો નાશ થાય છે અને ગુણોનો પ્રગટભાવ થાય છે.

મોક્ષના જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણ ઉપાયો છે. આત્માનાં ષટ્સ્થાનકોના શ્રવણથી આત્માનો સમકિત ગુણ પ્રગટે છે અને ઉપશમ-ભાવ આદિ ભાવોનો પ્રગટભાવ થાય છે.

સમકિતગુણ, દેશવિરતિ અને સર્વવિરતિગુણો પણ આત્માના શ્રવણથી પ્રગટે છે.

આત્માનુભવામૃત કારણ શ્રવણક્રિયા છે; જેમ જાંગુલી મંત્રશ્રવણથી સર્પાદિક વિષનો નાશ થાય છે, તેમ આત્મદ્રવ્ય શ્રવણ માહાત્મ્યથી મોહરૂપ સર્પવિષનો નાશ થાય છે.

અસંખ્ય પ્રદેશી રૂપારૂપી અક્રિય આત્મા છે. આત્માના એકેક પ્રદેશે અનન્તગુણપર્યાય સમયે સમયે વર્તે છે.

સંગ્રહનયથી ચાર ગતિના જીવો **સિદ્ધ**સમાન છે. ભેદજ્ઞાનથી વ્યક્તિનો પ્રકાશ થતાં જીવ તે પોતે **શિવ** થાય છે. આત્મશ્રવણની એકતાનતાના પ્રતાપે અનુભવતાન પ્રગટે છે અને કર્મવર્ગણાઓ ત્વરિત ખરે છે.

સૂર્યની પેઠે આત્મા સર્વત્ર પ્રકાશ કરનારો થાય છે. શુદ્ધાત્મ-દ્રવ્યનું શ્રવણ કરી અનન્ત જીવો મુક્તિ પામ્યા, પામે છે અને પામશે.

શ્રવણક્રિયા એ ચેતનની પૂજા છે. આત્મશ્રવણક્રિયામાં સંતપુરુષો સદાકાળ રાચીમાચી રહે છે, કારણ કે તેઓને આત્મદ્રવ્યશ્રવણમાં અત્યંત આનંદ પ્રગટે છે.

ચિદાનન્દચેતન અહો ! આ શરીરમાં વસ્યો છે, તેનું શ્રવણ કરવાથી મોહમાયાનાં આવરણ દૂર થઈ જાય છે. આત્મદ્રવ્યનું સ્વરૂપ સાંભળવાથી આત્મા પૂજવા યોગ્ય થાય છે.

ખરું સુખ ત્યાગમાં સમાયેલું છે. ✓

દ્વિતીય કીર્તનક્રિયાભક્તિ

ગુણપર્યાયાધાર જીવદ્રવ્યનું કીર્તન કરવાથી આત્મામાં આનન્દના-ઓઘ પ્રગટી નીકળે છે. નિત્યાનિત્ય તેમજ ભેદાભેદપણે આત્માને ગાવો જોઈએ. આત્માના કીર્તનથી ચિત્તવૃત્તિનો લય થાય છે અને બાહ્યની ઉપાધિનાં દુઃખો વિસરાય છે.

કામાદિકની વાસનાઓના વેગરૂપ ઘોડાઓ કૂદાકૂદ કરતા હોય છે, તો પણ આત્મસ્વરૂપકીર્તનથી તે વેગ શાંત થાય છે.

આત્માનું કીર્તન કરવાથી વિવેક પ્રગટે છે અને સમકિતની નિર્મલતા થાય છે. આત્માનું કીર્તન કરતાં વૃત્તિઓ શાંત થઈ જાય છે સાવદ્યવાણીના દોષો પણ આત્મકીર્તનથી ખરેખર ટળી જાય છે.

આત્મદ્રવ્યના કીર્તનથી પોતાને અને પરને ઉપકાર થાય છે. પરા અને પશ્યંતીથી આત્માને ગાનાર અલખ ખુમારીમાં લદબદ રહે છે, એટલું તો નહિ પણ તેથી વિશેષ એ છે કે–તેને આત્માની સત્ય-પ્રતીતિ થાય છે.

મધ્યમા અને વૈખરીથી આત્માનું કીર્તન કરવાથી બાહ્યપદાર્થોના યોગે થતા વિકલ્પ અને સંકલ્પો નાશ પામે છે.

આત્માના કીર્તનથી કર્મની વર્ગણાઓ આવતી અટકે છે અને આત્મા પોતાના સ્વભાવમાં જાગ્રત થાય છે.

અહો ! આત્મકીર્તનમાં એવી અદ્‌ભુત શક્તિ રહી છે કે, તેનાથી ભવસાગરની પેલી પાર જવાય છે.

શ્રીતીર્થંકર ભગવાનની વચનવર્ગણાના માહાત્મ્યથી અનેક જીવો તરી જાય છે અને આપણને પણ તેમની વાણીનો ઉપકાર છે.

જ્ઞાનીના વચનથી સત્ય અને અસત્ય જણાય છે. આત્માનું કીર્તન એવું છે કે–તે આત્માની ઝળહળ જ્યોતિ ઝટ પ્રગટાવી શકે છે.

આત્માના કીર્તનયોગે આત્માનો અર્પિત ધર્મ ગ્રહણ કરી શકાય છે. આત્મકીર્તનથી આત્મા પોતાના સ્વરૂપમાં સ્થિર ઉપયોગી થાય છે.

આનંદી લાંબુ જીવન ભોગવે છે.

આત્માનું કીર્તન કરવાથી આત્માની અલખ ધૂનમાં પોતે પોતાને નિર્ભય અને નિત્ય આનન્દમય દેખે છે. વિશેષ શું કહેવું ? આત્માનું કીર્તન કરવાથી અનંત ભવનાં કરેલ કર્મનો ક્ષય થઈ જાય છે.

વારંવાર ચેતનને ગાઓ. આત્મામાં મનનો સ્થિર કરો. સદ્‌ગુરુ-પ્રતાપથી આત્માની કીર્તનભક્તિથી સર્વ સુખનો પ્રગટભાવ થાય છે અને થશે.

તૃતીય સેવનક્રિયાભક્તિ

અરિહંતાદિકની સેવા કરવી, તે પોતાની સેવા માટે થાય છે. આત્મદ્રવ્યની રમણતારૂપ સેવા જો આત્માના ઉપયોગથી થાય તો આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટે છે.

ભવ્ય પુરુષોએ સમજવું કે, આત્માની સેવા આત્મભાવે કરવી જોઈએ, આત્માની સેવાથી રાગદ્વેષ દશાનો નાશ થાય છે. ઉપશમાદિ ભાવે આત્માની શુદ્ધ સેવા કરાય છે.

આત્મદ્રવ્યની સેવાના અનેક ભેદ છે, પણ તે આત્મદ્રવ્યસેવાના ભેદનું જિનાજ્ઞાથી આરાધન કરવું જોઇએ.

વ્યવહાર અને નિશ્ચયથી આત્મદ્રવ્યનું યથાશક્તિ સેવન કરવું જોઇએ.

ઉપાદાન અને નિમિત્તના ભેદથી આત્મદ્રવ્યની સેવા કરવી જોઇએ.

સાત નયોથી આત્માની સેવા સમજીને વર્તનમાં મૂકવાથી મંગલ વાજા વાગે છે. અર્થાત્ સુખધામ આત્મા સ્વયં બને છે.

સંગ્રહનયથી આત્મા પણ પ્રભુ ગણાય છે. તેની ઉપાદાનકારણથી સેવા કરવી એજ પરમાર્થ છે. બાકી સહુ બાહ્યાર્થ છે.

આ જીવે અનંત વાર પુદ્‌ગલદ્રવ્યના સ્કંધો કે જે અનેક આકાર-રૂપે પરિણમેલા, તેને સેવ્યા છે, તો પણ આત્મા તેથી તૃપ્તિ પામ્યો

પોતાના દોષો જાણતાં શીખો.

નહિ, કારણ કે જડ વસ્તુમાં કિંચિત્ પણ સુખ નથી, ત્યારે તૃપ્તિ કયાંથી મળે ?

જડ પુદ્ગલરૂપ જે ધન, દેહ અને ઘર વગેરેની સેવા છે, તે રાગ દ્વેષના સંબંધે દુઃખની કરનારી થાય છે.

નિજજાતિ શુદ્ધ દ્રવ્ય એવા પરમાત્માઓની સેવાથી અનંતસુખ કે જે પોતાના આત્મામાં તિરોભાવે હોય છે, તે આવિર્ભાવપણે થાય છે.

અનન્તગુણપર્યાયમય એવું આત્મદ્રવ્ય પોતે છે. પોતાના સ્વભાવમાં રહેવું અને ક્રોધ, માન, અજ્ઞાન અને કામાદિ દોષોથી દૂર રહેવું, એજ ખરેખરી સેવા છે.

આ પ્રમાણે કહેવાથી એમ ન માનવું કે, વ્યવહારથી જે જે સદ્ગુરુ પ્રતિમા અને તીર્થયાત્રા આદિ સેવાના ભેદો છે, તેનું અવલંબન ન લેવું જોઈએ, અલબત્ત, વ્યવહાર સેવારૂપ કારણનું સેવન કરવું જોઈએ, પણ ઉત્તમોત્તમ સેવાની સાધ્યતા એ વ્યવહાર સેવાનું યોગ્યતા પ્રમાણે અવલંબન કરવું.

આત્મામાં ષટ્કારકની શક્તિ છે, તેને પ્રગટાવવા પ્રયત્ન કરવો જોઈએ. અનાદિકાળથી પરભાવકર્ત્તા આદિ કારકો અવળી પરિણતિએ પરિણમ્યાં છે, તેને રાવળાં કરી આત્માની શુદ્ધતા માટે પ્રગટાવવાં જોઈએ.

ભેદજ્ઞાનથી આત્માની સેવા કરવી. આત્માની સેવા ઉપાદાનપણે હૃદયમાં સેવતાં સર્વ સેવાઓ સેવાઇ એમ માની લેવું. આત્માની શુદ્ધ પરિણતિ શક્તિથી પોતે પોતાને સેવો.

અરિહંતાદિ પંચપરમેષ્ઠિની સેવાથી પણ આત્મા નિર્મલ થાય છે, માટે અવશ્ય સાધ્યબુદ્ધિએ પરમેષ્ઠિઓનું સેવન કરી આત્માને સેવ્ય બનાવવા પ્રયત્ન કરવો. પોતે સેવક બને તો તે જ્યારે ત્યારે પણ પરમાત્મા થવાથી અન્ય જીવો વડે સેવ્ય બની શકે.

જ્ઞાનની આશાતના કદી કરવી નહિ.

દ્રવ્યભાવથી આ પ્રમાણે સેવા છે, તે મુક્તિપુરી જવાની છાપ છે. એમ નિશ્ચય કરવો.

चतुर्थी वचनक्रियाभक्ति

આત્મપ્રેમ મનમાં ધારણ કરીને હે ભવ્ય જીવો ! તમે વચન દ્વારા આત્માનું ગાન કરો. વચનભક્તિ મહિમા જગતમાં એટલો બધો મહાન છે કે, મોટા મોટા યોગીન્દ્રો પણ આત્મ ભજન શ્રવણ કરતાં તેમાં એકતાન થઈ જાય છે.

વચનભક્તિ અનેક ભવનાં પાપોનો નાશ કરીને શિવમંદિરમાં પ્રવેશ કરવા સહાયભૂત થાય છે.

આત્માનું શુદ્ધ સ્વરૂપ ગાવાનો વધાવારૂપ લ્હાવો લેવાની અત્યન્ત આવશ્યકતા છે. જેઓ સમજે છે તેમને સદાકાલ નમસ્કાર હો.

પરાપશ્યંતીરૂપ નાદયોગભક્તિથી યોગી અનહદતૂર વજાવે છે. અને જ્યાં નિર્વિકલ્પદશાનો અનુભવ અમૃતરસ સ્વાદી શકાય છે.

દેહતંબુરાને વચનના સ્વરથી વગાડનાર ભક્ત ખરેખર પરમાત્માની ભક્તિમાં એવો તો લયલીન થઈ જાય છે કે તે ઉલટી આંખોથી (જગતના કરતાં જુદા ચક્ષુથી) પરમાત્માને દેખી શકે છે. વચન-ભક્તિથી અન્તે અયોગી થઈ પરમપ્રભુતા પામે છે.

पञ्चम वन्दनक्रियाभक्ति

શુદ્ધ ચૈતન્યસ્વભાવને હે ભવ્યો ! તમે વારંવાર વંદન કરો. જ્ઞાનાદિકનો આધાર અસંખ્યપ્રદેશી આત્મા હોવાથી તે પૂજ્ય જ છે.

સર્વ ચેતનદ્રવ્યો જ્ઞાનાદિ ગુણવિશિષ્ટ હોવાથી આત્મભાવે નયની અપેક્ષાએ વાંદવા યોગ્ય છે.

પુદ્ગલદ્રવ્યથી ભિન્ન ચેતનદ્રવ્ય જાણીને તે પોતે હું છું, એમ નિરધાર કરવો જોઈએ.

દુશ્મનનું પણ ભલું કરવું.

આનન્દઘનરૂપ આત્માના પ્રેમમાં સ્થિરોપયોગે રહેતાં લીન દશા પ્રાપ્ત થાય છે.

અર્હન્તાદિ પરમેષ્ઠિને વંદના કરવી, તે શુભ વ્યવહાર છે. આત્મા તો નિશ્ચયથી પંચપરમેષ્ઠિરૂપ છે.

આત્મદ્રવ્યનું જ્ઞાન તે સૂર્ય સમાન છે અને દર્શન તે ચંદ્ર-સમાન છે.

ચેતનના ત્રણ પ્રકાર છે. તેમાં બાહ્યભાવને દૂર કરી અન્તરાત્મતા પ્રાપ્ત કરી પરમાત્મપદ પ્રાપ્ત કરવું, એ જ કર્તવ્ય છે. સ્વપરપ્રકાશી આત્માને વંદન કરતાં પરમકલ્યાણ થાય છે.

સંગ્રહનયથી સર્વ જીવોને વંદન અને વ્યવહારનયથી શુદ્ધ-વ્યવહારવંતને વંદન જાણવું.

સાત નયોથી વંદન સમજી તેનો આદર કરવો. દ્રવ્ય અને ભાવથી વંદન કરવું, તે જ હિતકર છે.

અન્તર્યામીને વંદન કરતાં મંગલમાલા પ્રાપ્ત થાય છે. વન્દન-ભક્તિમાં વિશેષતઃ લક્ષ્ય આપવું જોઈએ.

છઠ્ઠી ધ્યાનક્રિયાભક્તિ

આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનનો ત્યાગ કરીને ધર્મધ્યાન અને શુકલધ્યાનને આદરવું જોઈએ. જો કે સંપ્રતિકાલમાં શુકલધ્યાન નથી તો પણ તેનો અંશ છે.

ધર્મધ્યાનના ચાર પાયાનું અવલંબન કરવું.

પોતાના આત્માને કહેવું કે—હે ચેતન! તું પોતાના શુદ્ધ-સ્વરૂપનું ધ્યાન ધર અને પરપરિણતિ કે જે રાગદ્વેષમય છે, તેનો ત્યાગ કર.

પદસ્થ, પિંડસ્થ, રૂપસ્થ અને રૂપાતીત, એ ચાર ધ્યાનનો અત્યન્ત આદર જ કર.

આરોગ્ય સચવાય તેવા કામો અને તેવો ધંધો કરો.

સાલંબન ધ્યાનવડે ચિત્તની સ્થિરતા કરી અશુભ વિચારોને આવતા રોકવા જોઇએ.

સાલંબનધ્યાનમાંથી નિરાલંબનધ્યાનમાં જઈ અખંડ આનંદરસ ચાખવો જોઇએ.

વિક્ષિપ્ત, યાતાયાત, સુશ્લિષ્ટ અને સુલીનતા, એ ચાર પ્રકારનું મન છે. અનુક્રમે ઉત્તરોત્તર મનનો ભેદ પ્રાપ્ત કરીને સઘળા ખેદ ટાળવા. આ ચાર પ્રકારના મનનું સ્વરૂપ શ્રી અધ્યાત્મસારગ્રન્થમાં છે.

અન્તરના ઉપયોગમાં રહેવું અને પરપરિણતિનો નાશ કરવો, એ જ ધ્યાનની સર્વોત્તમદશા છે. પરમમહોદય શિવસુખસ્વામિનું ધ્યાન ધરતાં પોતાની અનંતશક્તિઓ પ્રગટે છે.

सातमी लघुताक्रियाभक्ति

લઘુતા પ્રભુતાને આપે છે અને અહંતાનો નાશ કરે છે. લઘુતાથી રાગદ્વેષ ટળે છે અને મુક્તિપુરીમાં વાસ થાય છે. લઘુતામાં સુખકારી પ્રભુતા રહેલી છે અને તે આત્મિક લઘુતા કરનારી છે.

ચેતનની શક્તિ કેળવવામાં લઘુતા, એ મોટું ઔષધ છે. પદ્ગલ-વસ્તુ ભારે છે અને ચેતન તો હલકો છે, તેથી કર્મનો ભાર ટળતાં થતાં સાત રાજલોક ઊર્ધ્વ થતાં સિદ્ધશિલા પર જાય છે.

જલમાં કાદવથી ન્યારી થયેલી તુંબડી જલ ઉપર હલકી થતાં આવે છે, તેમ આત્મા પણ કર્મના નાશથી હલકો થતાં મુક્તિપુરીમાં પધારે છે.

દીનભાવથી પુદ્ગલની જે મમતા, તે રૂપ જે લઘુતા છે, તે તો સંસારમાં દુઃખની કરનારી છે, માટે તેવા પ્રકારની લઘુતાનો તો ત્યાગ કરવો જોઈએ, કારણ કે મમતારૂપ લઘુતાથી આત્માની જ્ઞાનાદિક ઋદ્ધિનો નાશ થાય છે.

આત્માની અનેક લબ્ધિઓ (શક્તિઓ) પ્રગટે તો પણ મનમાં

ગર્વ થાય નહીં અને જળથી પૂર્ણ ભરેલા કુંભની પેઠે જરા માત્ર પણ અભિમાનથી છલકાય નહીં, તેવા પ્રકારની આત્માની લઘુતા આદરવા યોગ્ય છે.

હે ચેતન! જે તું દેખે છે, તે તું નથી અને જે અરુપી છે અને જેને તું દેખી શકતો નથી, તે તું આત્મા છે.

આત્માના સ્વભાવમાં તું ખેલ, કે જેથી અન્તરની સુઝ પડતાં પોતે પોતાને હલકો દેખી શકે.

અનુભવયોગની તાળી લાગતાં પ્રભુતા હૃદયમાં પ્રવેશ કરે છે અને કર્મવર્ગણા જે જે અંશે ખરવા માંડે છે, તે તે અંશે આત્માની લઘુતા (હલકાપણું) પ્રગટે છે.

ક્ષાયિકભાવે સ્નાતકનિર્ગ્રંથમાં લઘુતા પરિપૂર્ણ પ્રકાશે છે. નિર્મલતા એજ લઘુતા ચેતનમાં રહી છે અને તે આત્માના સહજોપયોગે પ્રકાશે છે.

લઘુતાથી ઉચ્ચ જીવન થાય છે. માનાદિક દોષોનો નાશ થાય છે અને અનુભવજ્ઞાનરૂપ સૂર્ય ઝળહળ કરતો હૃદયમાં પ્રગટે છે.

આઠમી એકતાક્રિયાભક્તિ

આ જીવ એકલો અનંતવાર સંસારમાં ભટક્યો. સંસારમાં કોઈ સાથે આવતું નથી, માટે હે જીવ! હજી તું ચેત, ચેત. પરભવમાં કુટુંબ, ધન અને દેહ વગેરે કોઇપિણ વસ્તુઓ સાથે આવતી નથી.

ગમે તે ગતિમાં એકીલો પુણ્ય અને પાપ ભોગવે છે.

હે શુદ્ધ ચેતન! તું પુદ્ગલથી ન્યારો છે. એક શુદ્ધચેતન તું છે.

પુદ્ગલથી પોતાના આત્માને ભિન્ન વિચારી એકત્વભાવના ભાવવી. એકત્વભાવનાથી અનંત જીવ મુક્તિ પામ્યા છે અને પામશે. શુકલ-

પહેલું કામ અને પછી મિત્રતા.

ધ્યાનના બીજા પાયામાં એકત્વ ધ્યાનભાવ પ્રગટે છે. આવી શુદ્ધતા, શુદ્ધસ્વરૂપ કરનારી છે, તેનાથી અંતરમાં ઉદ્યોત થાય છે. મંગલ પદકારિકા એકત્વભાવના છે.

નવમી સમતાક્રિયાભક્તિ

સમતા શિવસુખની વેલડી છે અને સમતા સુખનું મૂળ છે. જ્ઞાનનું તથા વ્યવહારચારિત્રનું ફળ સમતા છે. સમતા વિનાની સર્વ ક્રિયાઓ નિષ્ફળ જાણવી.

સમતાથી શિવસુખ મળે છે અને સમતા આનંદનું પૂર છે. પરમમહોદય પ્રાપ્તિમાં સમતા એક મંગલતૂર છે. નિજ અને પરને ઉપકાર કરનારી અને શાશ્વત સુખ કરનારી ખરેખરી સમતા છે.

શત્રુ અને મિત્ર પર સમતાથી સમાનભાવ વર્તે છે. સમતા તેજ ભાવદયા જગતમાં છે. સમતાથી શુદ્ધ ઉપયોગમાં રમણુતા થાય છે. કેવલજ્ઞાન અને કેવલદર્શનની પ્રાપ્તિ પણ સમતાથી ઝટ થાય છે.

સર્વયોગશિરોમણિ સમતા છે. જ્યાં સમતા ત્યાં મુક્તિ અવશ્ય જાણવી. ષડ્દર્શનમાં પણ સમતાથી અન્ય લિંગે જીવો ક્ષણમાં મુક્તિપદ પામે છે.

ક્ષમાધર્મ–સમતાગુણ ખરેખર મોટો છે અને તે જે પ્રાપ્ત કરે છે, તે સંસારસમુદ્ર તરી જાય છે. સમતા સરોવરના અનુભવજલમાં મુનિવર હંસો ઝીલ્યા કરે છે.

સમતાથી આત્માની અનંત શક્તિઓ ખીલે છે. સ્પર્શમણિ કરતાં પણ સમતા અનંતગણી મોટી છે. સમતા વિનાના જીવો મરણ પામેલાની પેઠે જીવતા છતાં પણ નથી જીવતાં એમ જાણવું.

અહો ! સમતાનું શું વર્ણન કરીએ ? ખરેખર સહજસુખની કયારી સમતા છે. સમતાધારક સંતજનોની હું બલિહારી જોઉં છું.

સમતાના અનુભવયોગે આત્મસુખની ખુમારી પ્રગટે છે જ.

સન્તજનોને સમતા પ્યારી લાગે છે અને દુર્જનોને સમતા લીંબડાના રસ જેવી કડવી લાગે છે.

આ પ્રમાણે નવધા ભક્તિનું જે જીવો અવલંબન કરે છે, તે જીવો શિવપદને ત્વરિત પ્રાપ્ત કરે છે. ભક્તો જ્ઞાનથી ભક્તિના રસમાં સદાકાલ લયલીન રહે છે. ભક્તિના રસમાં રસીલા થઇ આત્માનંદખુમારી ભોગવવા ભાગ્યશાળી થવું. ભક્તિનું પ્રાધાન્ય સમજી તેનો ભવ્ય જીવોએ આદર કરી પરમાત્મપદ સાધવું. આવી ઉત્તમોત્તમ ભક્તિથી આત્માઓ શાશ્વત પદ પામે છે; માટે સાધક તેનું અવલમ્બન કરે છે.

ભક્તિની પેઠે ભવ્ય જીવોએ ભાવશાન્તિરૂપ પરમાત્મપદ પ્રાપ્તિ માટે આત્મદૃષ્ટિ જ્યાં ત્યાં ધારણ કરવી, એમ ગ્રન્થકાર જણાવે છે.

आत्मवत् सर्वजीवेषु, दृष्टिः स्वोन्नतिकारिका ।
भावशान्तिप्रकाशार्थं, देया भक्तिपरायणैः ॥ ५७ ॥

ભક્તિપરાયણ જીવોએ ભાવશાંતિરૂપ પરમાત્મપદની પ્રાપ્તિના પ્રકાશ માટે આત્માની પેઠે સર્વ જીવોમાં સ્વોન્નતિકારક આત્મદૃષ્ટિ ધારણ કરવી જોઈએ.

ભાવાર્થ :—ભક્તિપરાયણ ભક્તોએ પોતાના આત્માની પેઠે સર્વ જીવોને દેખવા જોઈએ. જ્યાં સુધી આત્મવત્ સર્વ જીવો ઉપર જોવાતું નથી, ત્યાં સુધી ઉચ્ચ જીવનની આશા રાખવી વ્યર્થ છે. આત્માર્થી જીવોએ પોતાનું ભલું ઇચ્છવું, તેમ અન્ય જીવોનું પણ ભલું ઇચ્છવું જોઈએ.

જેવી પોતાની સારી દશા ઇચ્છાય છે, તેવી અન્યોની પણ સારી દશા ઇચ્છવી જોઈએ. પોતાને સુખ મળે એમ ઇચ્છાય છે, તેવી રીતે

મન, વચન, કર્મ એક રાખો

અન્ય જીવોને પણ સુખ મળે તેમ ઉપાયો ઇચ્છવા જોઈએ.

અન્ય જીવો પર ઈર્ષ્યા, અદેખાઈ, દ્વેષ અને ક્રોધ વગેરે થાય નહિ, અન્ય જીવોને મારવાની બુદ્ધિ થાય નહિ, અન્ય જીવોને ઉપદ્રવ, પીડા અને કલેશ થાય એવી મનમાં ઇચ્છા થાય નહિ, અન્યનું ખરાબ કરવાની બુદ્ધિ જરા માત્ર પણ થાય નહિ.

પોતાના કરતાં અન્યનું જરા માત્ર હલકાઈપણું ઇચ્છાય નહિ, ત્યારે અન્ય જીવોને પોતાના આત્મસમાન દેખવાનું સત્ય કહેવાય.

ધર્મી, સાધુ, સંત, મહાત્મા, ઋષિ અને કેળવાયેલ વગેરે નામ ધરાવવાં સહેલ છે, પણ અન્ય જીવો પર અન્યાય, દ્વેષ અને ક્રોધ વગેરે થાય નહિ, ત્યારે તે જ ધારણ કરેલા નામની સફલતા કહેવાય અને ત્યારે જ અન્ય જીવોને પોતાના આત્મસમાન દેખવાનો સિદ્ધાંત અમલમાં મૂકયો કહી શકાય.

પ્રત્યેક જીવો, પોતાના તરફથી શાંતિ પામે એવા વર્તનમાં પોતે મૂકાયાં વિના ફોનોગ્રાફની પેઠે ફક્ત શાંતિને ઇચ્છનારાઓ પોતે પણ આત્મદૃષ્ટિ રાખતા નથી અને અન્યને પણ રખાવવા પ્રયત્ન કરતા નથી.

સર્વ જીવો પર આત્મદૃષ્ટિ રાખ્યા વિના કોઈપણ આત્મા કદી ભાવશાંતિ પામી શકતો નથી.

બળતા અગ્નિમાં જેમ શીતળતા રાખવી તે મુશ્કેલ છે, તેમ રાગદ્વેષ સંયોગમય સંસારમાં સર્વ જીવોની સાથે આત્મદૃષ્ટિથી વર્તવું મુશ્કેલ છે.

જો કે આવું મુશ્કેલ કાર્ય છે, તો પણ આત્માર્થી પુરુષો સર્વ જીવોની સાથે આત્મદૃષ્ટિ રાખવા પ્રયત્ન કરે છે અને અંતે આત્મ-દૃષ્ટિના પ્રતાપથી પરમસુખમય ભાવશાંતિ પ્રાપ્ત કરે છે.

સર્વ જીવોની સાથે આત્મદૃષ્ટિ રાખ્યા વિના સામાયિક, પ્રતિક્રમણ, પૂજા અને ભક્તિ વગેરે કાર્યોમાં પણ આત્માનું ઉચ્ચ જીવન કે જે

ભાવશાંતિમય છે, તે થતું નથી અને અન્ય જનોને તેનો લાભ મળી શકતો નથી, માટે આત્મસાધકોએ ગમે તેવા રાગ અને દ્વેષના પ્રતિકૂલ સંયોગોમાં પણ સર્વ જીવોની સાથે આત્મદૃષ્ટિ ધારવી.

જેવો પોતાનો આત્મા છે, તેવો જ સર્વનો લેખવો. કોઈને શત્રુ તરીકે લેખવા નહિ. કોઈના ઉપર વૈર રાખવું નહિ. આત્માનું ઉચ્ચ જીવન કરવા સદાકાળ આત્મદૃષ્ટિ ધારી ભાવશાંતિનો પ્રકાશ કરવો.

ભક્તિયોગી આત્માને ઉદ્દેશી પ્રવૃત્તિ કરતો છતો શિવપદ પ્રાપ્ત કરે છે.

लक्ष्यीकृत्य निजात्मानं, धर्मकार्ये प्रवर्तनात् ।
आर्त्तध्यानादिरहितो, भक्तियोगी शिवं व्रजेत् ॥५८॥

स्वात्मा परात्मारुपश्च, दृश्यते भक्तितः स्वयम् ।
करोति दर्शनं जीवः, स्वस्येति प्रत्ययो ध्रुवम् ॥५९॥

પોતાના આત્માને લક્ષ્યભૂત કરીને ધર્મકાર્યમાં પ્રવર્તવાથી આર્તધ્યાનાદિ રહિત એવો ભક્તિયોગી શિવપદ પામી શકે.

પોતાનો આત્મા તે પરમાત્મારૂપ ભક્તિથી પોતાની મેળે દેખાય છે. જીવ પોતે પોતાનું દર્શન કરે છે, એમ પોતાને ભક્તિથી નિશ્ચય થાય છે.

ભાવાર્થ :—ઈષ્ટ વસ્તુ તરીકે બાહ્યનાં જે જે લક્ષ્યોને માનવામાં આવે છે, તે તે લક્ષ્યો વસ્તુતઃ વિચાર કરીએ છીએ, ત્યારે અસત્ય લાગે છે.

જડ વસ્તુઓમાં કંઈ નિત્યત્વ નથી, ત્યારે તેનું કેમ લક્ષ્ય કરવું જોઈએ ?

બાહ્ય વસ્તુઓમાં જે આનંદ કલ્પવામાં આવે છે કે ક્ષણિક છે, ત્યારે તેમાં આનંદના અભાવે બીલકુલ લક્ષ્ય ન આપવું જોઈએ.

ભાવનાથી કર્તવ્યને ઊંચું ગણે.

જે વસ્તુની ક્ષણિકતા હોય, તેમાં ભ્રાંતિથી કોણ મૂર્ખ પ્રેમ ધારણ કરવા લલચાય ?

જો કે બાહ્ય વસ્તુઓમાં રાગ થાય છે, તેથી એમ ન માની લેવું કે, તે સાચી છે.

બાહ્ય વસ્તુઓમાં ભ્રાંતિથી પ્રેમ થાય છે. સત્ય પ્રેમ જો આત્માનો લાગે તો બાહ્ય વસ્તુઓ પરથી પ્રેમ ટળી જાય, માટે જડમાં લક્ષ્યબિન્દુ ન કલ્પવું જોઈએ.

ઉપાદાનબુદ્ધિથી જે જે ધર્મકાર્યોમાં પ્રવૃત્તિ કરવી હોય તો પણ સાધ્ય લક્ષ્યબિન્દુ તો આત્મામાં જ ધારવું જોઈએ.

કેટલાક મનુષ્યો સ્થૂલબુદ્ધિથી ધર્મકાર્યમાં પ્રવૃત્તિ કરે છે, પણ તેઓ આત્માને લક્ષ્ય નહિ માનતાં યશ, પ્રતિષ્ઠા અને આજીવિકાવૃત્તિને જ મુખ્ય માને છે, તેથી જ અહીં આત્માને જ લક્ષ્ય કરી ધર્મકાર્યમાં પ્રવૃત્તિ દર્શાવી છે.

આર્તધ્યાન અને રૌદ્રધ્યાનરહિત એવો મહાત્મા મુનિરાજ બાહ્યરમણીય પદાર્થોમાં થએલી મોહનીય વૃત્તિને હઠાવતા છતા અને આત્મામાં જ રમણુતા કરતાં છતાં ભક્તરાજ બની શિવપદ પામે છે.

ભક્તિયોગી જ્ઞાનયોગી હોય છે તેમજ ક્રિયાયોગી પણ હોય છે. જ્ઞાનયોગી થયા વિના આત્મા જ લક્ષ્યસાધ્યબિન્દુ તરીકે સમજાતો નથી.

માટે જ્ઞાનયોગ વિના જે ભક્તિ અથવા ક્રિયાના અનેક ભેદોમાં ગુંથાયેલો છે, તે ખરેખર જ્ઞાનયોગથી સૂક્ષ્મ સિદ્ધાંતો સમજ્યા વિના પરમાત્મસન્મુખ યથાર્થપણે થઈ શકતો નથી.

જ્ઞાનયોગના તરતમયોગના અનેક ભેદ પડે છે, તો પણ સૂક્ષ્મસિદ્ધાંતનું જ્ઞાન પ્રાપ્ત કરી ભક્તિના માર્ગમાં પ્રવેશ કરવો જોઈએ.

દેવગુરુની સેવનામાં જ રૂઢિ પ્રમાણે ભક્તિનો સમાવેશ થાય છે, પણ નિશ્ચયનયથી જોતાં આત્મામાં પરમાત્મપણું જે સત્તાએ રહેલું છે,

---

વર્તણૂંકથી માણસની કિંમત અંકાય છે. ✓

તેના ઉપયોગમાં સ્થિરતા રમણતા કરવાથી જ્ઞાનસાધ્ય ભક્તિયોગ પ્રાપ્ત થાય છે.

કોઇકિ અપેક્ષાએ મુનિવરોને ભક્તિયોગ અને ક્રિયાયોગ, એ બે ચારિત્રરૂપ કહેવાય છે.

ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકભાવની પ્રાપ્તિ તેજ ધર્મ છે, બાકી શરીરના ધર્મોનું રક્ષણ કરવું તે તો અપેક્ષાએ નિમિત્તપણે સાધ્યદષ્ટિવાળાને ધર્મરૂપ કહેવાય, માટે આત્મામાં ધર્મ છે.

શરીરની સાત ધાતુ છે, તે તો જડ છે. તેની અંતે ખાખ થઈ જવાની, માટે જ્ઞાની શરીરના અવયવોમાં ધર્મબુદ્ધિ ધારણ કરતો નથી.

શરીર અને મનના ધર્મોથી શુદ્ધ આત્માનો ધર્મ ભિન્ન સમજી ભક્તિયોગી આત્મધર્મની સેવનામાં જ લાગી રહે છે.

જ્યાં ત્યાં આત્મદૃષ્ટિથી આત્માના ધર્મ દેખી આત્મધર્મના દૃઢ સંસ્કાર પાડે છે. બાહ્ય માયિક સંસ્કારોને હૃદયમાં સ્થાન આપતો નથી.

ભક્તિયોગી રાગ અને પ્રેમ પણ આત્મામાં જ ધારણ કરે, કે જેથી અંતે આત્મામાં રંગ લાગી રહે અને તે પ્રેમથી શુદ્ધરમણતા પ્રાપ્ત થાય.

ઉત્તમ ભક્તિયોગી ઉત્તમ ગુણોનું બહુમાન કરતા છતાં અને દોષોને ટાળતો છતાં મુક્તિના સન્મુખ થઈ અનંત આનંદમય મુક્તિપદ પ્રાપ્ત કરે છે.

ઉત્કૃષ્ટ ભક્તિની ધૂનમાં આવેલો ભક્ત સહજ દશાના યોગે પોતાના આત્માને જ પરમાત્મરૂપ દેખે છે.

જ્ઞાનીને પોતાનો આત્મા સ્વયં પરમાત્મરૂપ દેખાય, તેમાં કંઈ આશ્ચર્ય નથી.

આત્માની જ્ઞાનાનન્દ ખુમારીની દશામાં એવી અદ્‌ભુત શક્તિ જાગે છે, કે તે વખતે દુનિયામાં કંઈ પણ સુખ ભાસતું નથી, એક

જેના વિચારો ગરીબ તેજ ગરીબ રહેવાનો.

આત્મા જ આનન્દમય દેખાય છે. પોતાનાં દર્શન પોતે કરીને તૃપ્ત થાય છે, તેથી તેને અન્ય કંઈ દેખવા લાયક રહેતું નથી; કારણ કે અન્ય વસ્તુઓને પણ દેખનાર પોતે છે.

જ્યારે પોતે પોતાને દેખે, ત્યારે અન્ય વસ્તુઓને પણ દેખનાર પોતે છે. જ્યારે પોતે પોતાને દેખે ત્યારે અન્ય વસ્તુઓ તો પોતાના જ્ઞાનથી સહેજે દેખાય તેમાં કંઈ પણ આશ્ચર્ય નથી. પોતાના દર્શનનો અનુભવ નિશ્ચય પોતાને જ થાય છે અને પોતાના આત્માનું અનુભવદર્શન પોતાને થાય છે.

પોતાના આત્માનું દર્શન કરવાની ઇચ્છાવાળાએ આત્મજ્ઞાનના ગ્રંથો વાંચવા શ્રીસદ્‌ગુરુની ઉપાસના કરવી. અનેકાંતપણે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું.

આત્મા વિના અન્ય વસ્તુઓ પરથી મમતા ઉતારવી. બાહ્યનાં કાર્યો કરતાં તેમાં રાગ અથવા દ્વેષ થાય નહિ, તેવી સમતાવૃત્તિ ધારણ કરવી.

મનના ધર્મથી આત્માને જુદો પાડી તેમાં ઉપયોગ ધારણ કરવો. ક્રોધ, માન, માયા અને લોભના વિકારોને પ્રતિદિન જીતવા માટે આત્માનો ઉપયોગ જ ખરેખરૂં ઔષધ છે, એમ નિશ્ચય કરવો.

અત્યન્ત ઉત્સાહથી અને દૃઢ ટેકથી આત્મજ્ઞાનમાં રમણતા કરવી. ઉપાધિના જે જે સંયોગોમાં મનની ચંચળતા થતી હોય, તે તે ઉપાધિના સંયોગોથી દૂર રહેવું. અથવા તે તે ઉપાધિના સંયોગોથી દૂર ન રહી શકાય તો તે વખતે પણ મનની સ્થિરતા રહે અને આત્માનો સહજભાવ સ્થિર રહે એમ ઉપાયો યોજવા.

અત્યન્ત પ્રેમથી આત્મામાં લીન થઈ જવું. આમ ઉપાયોને દૃઢ પ્રતિજ્ઞાથી આદરતાં ભક્તયોગીને આત્મદર્શન થાય છે **ભક્તિની જુદી**

શક્તિવાળાની જ વાત જગત સાંભળે છે.

જુદી દશાઓમાં ભક્તિયોગી કયા ભાવને ધારણ કરે છે, તે ગ્રન્થકાર અનુભવથી દર્શાવે છે

स्वामिसेवकभावेन, भक्तिराद्या प्रदर्शिता ।
पक्वज्ञानदशायां तु, स्वामिसेवकवर्जिता ॥ ६० ॥
तत्त्वमस्यादिरुपेण, सार्वकालिकप्रत्ययाम् ।
परां भक्तिं समासाद्य, भक्तियोगी शिवं व्रजेत् ॥ ६१ ॥

સ્વામિસેવકભાવ વડે પ્રથમ ભક્તિ દર્શાવી છે. પકવજ્ઞાનદશામાં તો સ્વામિસેવકભાવ વર્જિત ભક્તિ હોય છે.

તત્+તત્વમ્+અસિ આદિરૂપ વડે સાર્વકાલિક પ્રત્યયવાળી ભક્તિને પામીને પરાભક્તિયોગી શિવસ્થાનમાં જાય છે.

ભાવાર્થ :—આદ્યભક્તિ સ્વામિસેવકભાવવાળી છે. પરમાત્માને સ્વામી ગણીને આત્મા એક સેવક સરખો થઈને પરમાત્માની ભક્તિ કરે છે.

પરમાત્માની મૂર્તિ દ્વારા પરમાત્માના સદ્ગુણોનું સેવન કરે છે. આઠ કર્મથી લેપાયલો આત્મા પોતાના તરફ જુએ છે, ત્યારે માલુમ પડે છે કે–

હું એક સંસારમાં પરિભ્રમણ કરનાર આત્મા છું. જન્મ, જરા અને મરણથી પીડાઉં છું.

અહો ! હું કયારે દુઃખથી મુક્ત થઈશ ? હું કયારે સુખી થઈશ ? આમ આત્મા વિચાર કરે છે અને પછી નિર્ણય કરે છે કે–

સર્વ દુઃખથી મૂકાયેલા હોય તેના શરણે જઈ તેની સેવા કરવી. સર્વ દુઃખથી મૂકાયેલા સિદ્ધ પરમાત્મા છે, માટે તેમને જ સ્વામી કરવા જોઈએ અને તેમની સેવા કરવા માટે સેવક બનવું જોઈએ.

પરમાત્મપ્રભુનો સેવક બનેલો આત્મા ઘડીએ ઘડીએ પરમાત્માના ગુણોનું સ્મરણ કરે છે. સેવકે સૂક્ષ્મપયોગથી પરમાત્માના નીચે પ્રમાણે

જ્ઞાનીઓ કહે તેમ કરો.

ગુણો ગ્રહણ કરવા ઉપાયો યોજવા.

૧ પરમાત્માની શાંતદશાનું સ્મરણ કરી, તે પ્રગટાવવા પ્રયત્ન કરવો.

૨ પરમાત્માના કેવલજ્ઞાનગુણનું સ્મરણ કરી તેને પ્રગટાવવા પ્રયત્ન કરવો.

૩ પરમાત્માનો ક્ષાયિકગુણ સ્મરીને પોતાના આત્મામાં ક્ષાયિક આનંદગુણ પ્રગટાવવા પ્રયત્ન કરવો.

૪ પરમાત્માની વીતરાગદશા નિહાળી તેવી દશા પોતાનામાં પ્રગટાવવી જોઈએ.

૫ પરમાત્માના ક્ષાયિકગુણોનું સ્મરણ કરીને પોતાના ગુણો પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઈએ.

૬ પરમાત્મા શરીરરહિત છે, માટે શરીરરહિત પોતાના સ્વરૂપે થવા પ્રયત્ન કરવો.

૭ પરમાત્મા શુદ્ધ છે, માટે તેવી શુદ્ધતાની પ્રાપ્તિ માટે તેમનું સ્મરણ કરવું જોઈએ.

૮ પરમાત્માની સદાકાલ એકસરખી સહજદશા છે, તેવી દશા પ્રાપ્ત કરવી જોઈએ.

૯ મન, વાણી અને કાયાથી ભિન્ન પરમાત્મા છે, તેવી દશા પ્રાપ્ત કરવી જોઈએ.

૧૦ પરમાત્મા પોતે આધિ, વ્યાધિ અને ઉપાધિથી રહિત છે, માટે તેવી દશા પ્રાપ્ત કરવી જોઈએ.

૧૧ પરમાત્મા કર્મથી રહિત છે, માટે પણ કર્મરહિત થવું જોઈએ.

૧૨ પ્રભુએ સાદી અનંત સ્થિતિ પ્રાપ્ત કરી છે, માટે મારે પણ

તે સ્થિતિ ઇચ્છવી જોઈએ.

૧૩ સંસારના સર્વ પદાર્થો પર થતો રાગ છોડીને પરમાત્માના ગુણોનો રાગ ધારણ કરવો જોઈએ.

૧૪ બાહ્ય સર્વ પદાર્થો પરનું લક્ષ્ય ત્યજીને પરમાત્માને જ લક્ષ્યસાધ્યબિંદુ તરીકે કલ્પવા જોઈએ.

૧૫ પ્રભુના જેવા ગુણો પ્રાપ્ત કરવા માટે વ્યવહાર અને નિશ્ચયનયવડે પ્રભુની આજ્ઞા માનવી જોઈએ. પ્રભુની જે જે આજ્ઞાઓ સૂત્રોમાં કહી છે, તે તે પ્રમાણે વર્તન કરવું, તે પ્રભુની ભક્તિ છે. સ્વામીની આજ્ઞા સેવકને માનવી જોઈએ.

પરમાત્મરૂપ સ્વામીના ગુણ જે જે અંશે, જે જે ઉપાયોથી પ્રાપ્ત થાય, તે તે ઉપાયોથી સ્વામીની ભક્તિ કરવી જોઈએ.

૧૬ આકદ્રવ્ય આદિથી તે તે વસ્તુઓના સંકેત દ્વારા જે જે ગુણો પ્રાપ્ત કરવાના છે, તે તે ગુણોને પ્રાપ્ત કરવા. તે તે વસ્તુઓ દ્વારા સાલંબન વ્યવહાર પૂજા દ્વારા ભક્તિ કરવી જોઈએ.

૧૭ પરમાત્માની ઉપકારદશા સ્મરણ કરી તે પ્રમાણે ઉપકારગુણ પ્રગટાવવા પ્રયત્ન કરવો.

૧૮ પરમાત્મામાં દાનગુણની જેવી શક્તિ છે, તેવી દાનશક્તિ પોતાના આત્મામાં પ્રગટાવવા પ્રયત્ન કરવો.

૧૯ પરમાત્માએ ત્રયોદશ ગુણસ્થાનમાં રહી જગતજીવોનો ઉદ્ધાર કરવા જેવો પ્રયત્ન કર્યો હતો, તેવી રીતે જીવોનો ઉદ્ધાર કરવા માટે પણ ઉપાયો યોજવા જોઈએ.

૨૦ પરમાત્માએ પૂર્વે મૈત્રી, પ્રમોદ, માધ્યસ્થ અને કારૂણ્ય-ભાવના ભાવી હતી, તેવી રીતે મારે પણ પરમાત્મપદ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઈએ અને ભાવના ભાવવી જોઈએ.

વજ્ર જેવી ઇચ્છા ઇંદ્રાસન અપાવે છે.

૨૧ પરમાત્માએ જેમ સંસારાવસ્થામાં–સાધકદશામાં–રાગ અને દ્વેષને પ્રશસ્તરૂપમાં ફેરવી નાંખ્યા હતા, તેવી રીતે મારે પણ અશુભ રાગ અને દ્વેષને પ્રશસ્ત રાગદ્વેષમાં ફેરવી નાખવા જોઈએ.

૨૨ પરમાત્માએ સાધકાવસ્થામાં જેમ ધર્મધ્યાન અને શુકલધ્યાન ધ્યાયું હતું, તેવી રીતે મારે પણ ધર્મધ્યાન અને શુકલધ્યાન ધ્યાવવા ઉદ્યમ કરવો જોઈએ.

૨૩ પરમાત્માએ સાધકદૃષ્ટિના યોગે સાધ્ય સાધવા જેવી મનની સમતા જાળવી હતી, તેવી મનની સામ્ય અવસ્થા પ્રાપ્ત કરવા મારે પ્રયત્ન કરવો જોઈએ.

૨૪ પરમાત્માએ મોક્ષફળ પ્રાપ્ત કરવા જેવો પ્રયત્ન કર્યો હતો, તેવો મારે પણ પ્રયત્ન હાલ કરવો જોઈએ.

૨૫ પરમાત્માએ પ્રથમ સાધક અવસ્થામાં જેવી અન્તરદૃષ્ટિ રાખી હતી, તેવી હવે મારે અન્તરદૃષ્ટિ રાખવી જોઈએ.

૨૬ પરમાત્માએ પ્રથમ સાધકઅવસ્થામાં જ્ઞાનગર્ભિત વૈરાગ્ય-દશા પ્રાપ્ત કરી હતી, તેવી મારે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય દશા પ્રાપ્ત કરવી જોઈએ.

૨૭ પરમાત્માએ પ્રથમ સાધકઅવસ્થામાં ઉદાસીનતા ધારણ કરી હતી, તેવી ઉદાસીનતા મારે પ્રાપ્ત કરવી જોઈએ.

૨૮ પરમાત્માએ પ્રથમ સાધક અવસ્થામાં જેવું ચારિત્ર ગ્રહણ કર્યું હતું, તેવું મારે પ્રાપ્ત કરવું જોઈએ.

૨૯ પરમાત્માએ પ્રથમ સાધકાવસ્થામાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણ રત્નની સાધ્યદશા માટે પ્રયત્ન કર્યો હતો, તેવો મારે પ્રથમ પ્રયત્ન કરવો જોઈએ.

૩૦ પરમાત્મા પૂર્વે સંસારાવસ્થામાં જેવા નિઃસંગ રહેતા હતા અને જળ કમળવત્ વર્તતા હતા, તેવી રીતે મારે પણ જલકમલવત્

દુષણોનો નાશ કરી સત્ત્વશાળી બનો.

ન્યારા રહેવું જોઈએ.

૩૧ સંસારની ઉપાધિથી પરમાત્મા જેમ પૂર્વ સાધકઅવસ્થામાં દૂર રહ્યા હતા, તેમ મારે પણ ઉપાધિથી દૂર રહેવું જોઈએ.

૩૨ પરમાત્માએ પ્રથમ સાધકઅવસ્થામાં મનને જીત્યું હતું અને ક્રોધ, માન, માયા, લોભ, ઈર્ષ્યા, દ્વેષ, નિંદા, વૈર, હિંસા, જૂઠ, ચોરી, મૂર્ચ્છા, મમતા, અજ્ઞાન, મિથ્યાત્વ, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુર્ગંચ્છ અને કલેશ વગેરે દોષોને જીત્યા હતા, તેવી રીતે મારે પણ પૂર્વો તે સર્વ દોષોનો નાશ કરવા ઉદ્યમ કરવો જોઈએ.

૩૩ ભગવાન પ્રથમ સાધકઅવસ્થામાં અપ્રમત્ત રહ્યા હતા, તેવી રીતે મારે પણ સાધકઅવસ્થામાં અપ્રમત્તદશા ધારણ કરવી જોઈએ.

૩૪ પરમાત્માએ પ્રથમ સાધકઅવસ્થામાં પરભાવનો નાશ કર્યો હતો અને સ્વધર્મ આદર્યો હતો, તેવી રીતે મારે પણ પરભાવનો ત્યાગ કરીને સ્વભાવ આદરવો જોઈએ.

૩૫ પરમાત્માએ જેમ સાધકઅવસ્થામાં શુદ્ધોપયોગ ધાર્યો હતો, તેમ મારે પણ શુદ્ધોપયોગ ધારણ કરવો જોઈએ.

૩૬ પરમાત્માએ જેમ ઘાતિકર્મનો નાશ કર્યો હતો, તેમ મારે પણ ઘાતિકર્મનો ક્ષય કરવો જોઈએ.

૩૭ પરમાત્માના ગુણોનું અહર્નિશ સ્મરણ કરી તેની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો જોઈએ.

૩૮ બાહ્યદશાનો ઉપયોગ ટાળીને પરમાત્મસ્વરૂપનો ઉપયોગ મારે રાખવો જોઈએ.

૩૯ પરમાત્માને જ શરણ્યમાં શરણ્ય સમજી, તેમના સ્વરૂપમાં મારે લીન થવું જોઈએ.

૪૦ પરમાત્માને અધ્યાત્મ રસમય વૈખરીવાણીથી મારે ગાવા જોઈએ અને પરમાત્મ સ્તુતિમાં તન્મય થઈ ભક્તિરસના ભોગી મારે

દરેક પ્રત્યે પ્રેમ દૃષ્ટિ રાખો.

બનવું જોઈએ.

૪૧ પરમાત્માએ પૂર્વ સાધકઅવસ્થામાં જેવી આત્મશ્રદ્ધા રાખી હતી, તેવી મારે પણ હાલ રાખવી જોઈએ.

૪૨ પરમાત્માએ પૂર્વ સાધકઅવસ્થામાં અનેક ઉપસર્ગ સહન કરી આત્મસહજદશા ધારી હતી, તેવી મારે પણ ધારણ કરવી જોઈએ.

૪૩ પરમાત્માએ પૂર્વ સાધકઅવસ્થામાં જેવું કાયાનું મમત્વ ત્યાગ્યું હતું અને પોતાના આત્માની સરળતા ધારી હતી, તેવી દશા મારે પણ ધારવી જોઈએ.

૪૪ પરમાત્માએ પૂર્વ સાધકઅવસ્થામાં સર્વ જીવોને એક આત્મદૃષ્ટિથી જોયા હતા, તેવી દૃષ્ટિ મારે ધારણ કરવી જોઈએ.

૪૫ પરમાત્મા જેમ પૂર્વ સાધકઅવસ્થામાં સર્વ સાંસારિક વાસનાઓથી દૂર થયા હતા, તેમ મારે પણ સાંસારિક વાસનાઓથી દૂર રહેવું જોઈએ.

૪૬ પરમાત્માએ પૂર્વસાધકદશામાં મુનિની દશા ધારણ કરી હતી, તેવી દશા મારે પણ ધારણ કરવી જોઈએ.

૪૭ પરમાત્માએ પૂર્વસાધકઅવસ્થામાં જેવી અનુભવજ્ઞાનદશા ધારણ કરી હતી, તેવી મારે પણ અનુભવજ્ઞાનદશા ધારણ કરવી જોઈએ.

૪૮ પરમાત્માએ પૂર્વસાધકઅવસ્થામાં પોતાના શુદ્ધસ્વરૂપમાં ધર્મ માની સાધ્યની સાપેક્ષતાએ પુષ્ટનિમિત્તકારણ આદર્યું હતું, તેવી દશા મારે પણ અંગીકાર કરવી જોઈએ.

૪૯ પાંચ ઈન્દ્રિયોના ભોગને શ્રીતીર્થંકરો ગૃહસ્થાવસ્થામાં ભોગવતા હતા, તેમ છતાં તેમાં ઉદાસભાવે વર્તતા હતા, તેવી રીતે મારે પણ ઉદાસભાવે વર્તવું જોઈએ.

૫૦ શ્રી પરમાત્મા પૂર્વે સાધકઅવસ્થામાં ઉપયોગપૂર્વક બોલતા

બુદ્ધિને શ્રમ કરવાની ટેવ પાડો.

હતા, તેમ મારે પણ ભાષા સમિતિના ઉપયોગપૂર્વક બોલવું જોઈએ.

૫૧ ભગવાન પૂર્વસાધકઅવસ્થામાં પ્રારબ્ધ કર્મ (નિકાચિતકર્મ)ના ભોગને રોગ જાણતા હતા અને અન્તરથી ન્યારા રહીને ભોગવતા હતા, એવી મારી દશા થાય એમ વારંવાર મારે ઈચ્છવું જોઈએ.

૫૨ શ્રીપરમાત્મા પૂર્વે સાધકઅવસ્થામાં ગૃહસ્થાવાસનું પવિત્ર જીવન ગાળતા હતા, તેવી રીતે ગૃહસ્થાવાસનું પવિત્ર જીવન મારે પણ ગાળવું જોઈએ.

૫૩ પરમાત્મા પૂર્વે સાધકઅવસ્થામાં સાધ્ય બિન્દુનું લક્ષ્ય રાખતા હતા, તેવી રીતે મારે પણ સાધ્યલક્ષ્યબિંદુ રાખવું જોઈએ.

૫૪ પરમાત્મા પૂર્વે સાધકઅવસ્થામાં ઉચ્ચ ભાવના વિચારોથી ભૂષિત હતા, તેવી રીતે મારે પણ ઉચ્ચ ભાવના વિચારોથી વિભૂષિત રહેવું જોઈએ.

૫૫ પરમાત્મા પૂર્વે સાધકઅવસ્થામાં વિચાર અને આચારમાં ઉત્તમ હતા, તેમ મારે પણ આચાર અને વિચારમાં ઉત્તમ થવું જોઈએ.

૫૬ પરમાત્માએ પૂર્વે સાધકઅવસ્થામાં ત્રણ ગુપ્તિને ધારણ કરી હતી, તેવી રીતે મારે પણ ત્રણ ગુપ્તિ ધારણ કરવી જોઈએ. ખરેખર ત્રણ ગુપ્તિને ધારણ કરું તો જ પરમાત્માનો સેવક ગણાઉં, એમ વિચારવું જોઈએ.

૫૭ પરમાત્માએ પૂર્વે સાધકઅવસ્થામાં અષ્ટાંગયોગની પ્રવૃત્તિ આદરી હતી, તેવી મારે પણ અષ્ટાંગયોગની પ્રવૃત્તિ આદરવી જોઈએ.

૫૮ પરમાત્મા પૂર્વે સાધકઅવસ્થામાં ચારિત્રમોહનીય વૃત્તિઓને ઉદ્ભવતી જ અટકાવતા હતા, તેવી રીતે મારે પણ ચારિત્રમોહનીય વૃત્તિઓને ઉદ્ભવતી જ અટકાવવી જોઈએ.

૫૯ પરમાત્મા પૂર્વે સાધકઅવસ્થામાં આત્માની શુદ્ધ પરિણતિ સાધવા પ્રવૃત્તિ કરતા હતા, તેમ મારે પણ શુદ્ધ પરિણતિ

વય, વિદ્યા, જ્ઞાન કરતાં અનુભવ શ્રે. ૬.

સાધવા પ્રવૃત્તિ કરવી જોઈએ.

૬૦ પરમાત્મા પૂર્વે સાધકઅવસ્થામાં આત્માના અનંતગુણ પર્યાયના ચિંતવનમાં તલ્લીન રહેતા હતા, તેમ મારે પણ આત્માના ગુણ-પર્યાયસ્વરૂપમાં તલ્લીન થઈ દુનિયાદારી બીલકુલ ભૂલી જવી જોઈએ.

૬૧ ઔદયિકભાવયોગે સંસારમાં રહેતાં છતાં પણ પરમાત્માના ગુણોનું મારે સ્મરણ કરવું જોઈએ.

૬૨ પરમાત્મદૃષ્ટિ બીલવવા માટે પરમાત્માના ગુણોનું શ્વાસોચ્છ્વાસે મારે સ્મરણ કરવું જોઈએ.

૬૩ પરમાત્માની અનંત શક્તિઓનું સ્મરણ કરતાં મારા આત્માને લાગેલાં આવરણો દૂર થાય, તે તે શક્તિઓ મારા આત્મામાં છે, પણ તે તે શક્તિઓ બીલી શકે, એવો દૃઢ નિશ્ચય રાખી પરમાત્મગુણોનું મારે સ્મરણ કરવું જોઈએ.

૬૪ પરમાત્માની કેવલજ્ઞાનદૃષ્ટિથી જે જે કહેવાયું છે, તે બધું મારી અલ્પજ્ઞાન શક્તિયોગે પરિપૂર્ણ સમજવામાં ન આવે, તો પણ મારે સર્વજ્ઞ વચનોમાં દૃઢ શ્રદ્ધા ધારણ કરવી જોઈએ.

સિદ્ધાંતોનાં સૂક્ષ્મ રહસ્યો જો ન સમજાય તો મારે સૂક્ષ્મજ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ. જેટલી દૃષ્ટિ બીલી હશે, તેટલું જણાશે અને દેખાશે.

પરમાત્માનો સેવક બનીને પરમાત્માની ભક્તિ કરતાં સંપૂર્ણ તત્ત્વને પામીશ, એમ શ્રદ્ધા રાખી પરમાત્મરૂપ સ્વામીની મારે સેવા કરવી જોઈએ.

આ પ્રમાણે સ્વામી સેવકભાવમાં સેવક પોતે પરમાત્મા તરફની ભક્તિના યોગે પરમાત્માના ગુણોનું અનુકરણ કરે છે.

સેવકને પરમાત્મપદપ્રાપ્તિ વિના અન્ય વસ્તુની ઇચ્છા રહેતી નથી. સાંસારિક વસ્તુઓના લાભને નાકના મેલ સમાન ગણે છે.

ઇન્દ્ર, ચંદ્ર અને નાગેન્દ્રની પદવીને પણ હિસાબમાં ગણતો નથી. દુનિયાની કીર્તિ, માન, અને પૂજાની ઇચ્છાને ધિક્કારે છે.

સેવક ભક્તિના આવેશમાં જ્યાં ત્યાં શ્રી પરમાત્માને જ દેખ્યા કરે છે–જ્યાં દેખ્યું ત્યાં ત્યાંહિ તું હિ તું હિ પ્રાણપતિ બિન પ્રેમ કિરયોહિ આ વાકયલેખમુદ્રાનો અદ્‌ભુત અનુભવરસ ચાખતો જાય છે.

સેવકપણે બનેલા ભક્તની પ્રેમ ખુમારીનો રસ એવો તો હૃદય-દ્રાવક હોય છે, કે અન્ય આત્માઓનું પણ તે આકર્ષણ કરે છે.

સ્વામી સેવકભાવવાળી આવી ભક્તિ માટે રાત્રિ અને દિવસની સંધ્યાનો તેમજ મધ્યાહ્નકાળનો સમય સાનુકૂળ છે. જે વખત મળે તે વખત શ્રીપ્રભુની સેવામાં ગાળવો તેજ સેવકની ફરજ છે.

શ્રીપરમાત્મા વિના સેવકે દુનિયાની કોઈપણ વસ્તુ પર પ્રેમ ધારણ કરવો નહિ.

શ્રીપરમાત્મા તીર્થંકરોની વખતો વખત કથાઓ વાંચવી. તેમનાં જીવનચરિત્રોમાંથી સાર ખેંચવો. પરમાત્માનું સ્વરૂપ બરાબર ઓળખવું.

દર્શન અને ચારિત્ર ધર્મમાં રમણ કરતા એવા પરમાત્માનું સ્વરૂપ પુનઃ હૃદયમાં સ્મરણ કરવું.

શ્રી પરમાત્માએ જે જે ઉપાયોથી દોષોનો નાશ કર્યો, તે તે ઉપાયોને આચારમાં મૂકવા જોઈએ.

ભગતીયા તેલ જેવી ભક્તિને હૃદયમાં ધારણ કરવી જોઈએ. ભક્તિ કરતાં જે જે વિઘ્નો આવે તે તે વિઘ્નોને મારી હઠાવવા જોઈએ. વિઘ્નોના સામું થયા વિના કદાપિકાળે છૂટકો થવાનો નથી.

આત્મસામર્થ્યથી પરમાત્મગુણોને સ્મરણ કરવા જોઈએ. જે મનુષ્યો તત્ત્વજ્ઞાનમાં સમજતા નથી, જેઓને દેવ, ગુરુ અને ધર્મનું જ્ઞાન નથી, તેઓ પરમાત્માના સેવક બની શકતા નથી.

લાંબા જીવન માટે આનંદ રસાયણ છે.

જેઓને મુક્તિની ઇચ્છા નથી અને જેઓ પરમાત્માની આજ્ઞા પાળતા નથી, તેઓ પણ પરમાત્માના સેવક બની શકતા નથી.

પરમાત્માની આજ્ઞા પાળનાર મનુષ્યો પરમાત્માના સેવક થઈ શકે છે. પરમાત્માનાં કહેલાં તત્ત્વોને જે મનુષ્યો સમજી શકતા નથી અને ફક્ત ટીલાં ટપકાં જ ધારણ કરે છે તેઓ પરમાત્માના સાચા સેવક બની શકતા નથી.

જગત્માં પરમાત્મા, પરમાત્મા એમ તો લાખો મનુષ્યો બોલે છે, પણ પરમાત્મતત્ત્વને સમજનાર વિરલા હોય છે.

જેઓ પરમાત્માને સમજે છે અને તેમની આજ્ઞા પાળે છે, તેજ પરમાત્માના સેવક બની શકે છે.

પરમાત્માના સેવકો પૂર્વોક્ત પરમાત્માના ગુણોનું સ્મરણ કરી પોતાના આત્મામાં તે તે ગુણો પ્રગટાવવા પરમાત્માની સેવા કર્યા કરે છે અને પરમાત્માના આલંબનથી પોતાના આત્માને શુદ્ધ કરવા મથે છે.

આ પ્રમાણે પરમાત્માનો સેવક બનેલો તત્ત્વજ્ઞાનમાં ઊંડો ઉતરતો જાય છે અને આત્મજ્ઞાનની અભિવૃદ્ધિ કરતો જાય છે.

આત્મજ્ઞાનની પકવતા થતાં સ્વામીસેવકભાવ રહેતો નથી. પકવજ્ઞાનની ઉચ્ચદશા કોઈ વિરલાને જ પ્રાપ્ત થાય છે.

પકવજ્ઞાનની દશાનું સ્વરૂપ અત્યંત અદ્ભુત છે. કોઈ વિરલા જ્ઞાનિઓને બીજા પ્રકારની અદ્ભુત ભક્તિ પ્રાપ્ત થાય છે.

જગતમાં બીજા પ્રકારની ઉચ્ચ ભક્તિ પ્રાપ્ત કરવા અહર્નિશ પ્રયત્ન કરવો જોઈએ.

તત્ત્વજ્ઞાનની પકવદશા પ્રાપ્ત થતાં અનુભવજ્ઞાનમાં ઉતરી શકાય છે. અનુભવિઓને પોતાનો આત્મા જ પરમાત્મા સમાન ભાસે છે.

ઉત્સાહ એ અનુપમ શક્તિ છે.

બીજા પ્રકારની ભક્તિ

તે તું આત્મા જ પરમાત્મા છે, એવી સર્વકાલના નિશ્ચયવાળી બીજી ભક્તિનો પ્રસાદ કોઇકે અનુભવિઓ પ્રાપ્ત કરે છે.

આત્મા જ પરમાત્મા છે. આ વાક્યનું વારંવાર સૂક્ષ્મ ચિંતવન કરતાં આત્મતત્ત્વનું અદ્‌ભુત રહસ્ય સમજાય છે. આ પરાભક્તિથી પરમપદ સહેજે પ્રાપ્ત થાય છે.

પરમાત્મા તે જ તું છે. પરમાત્મારૂપ હે આત્મન્! તું છે, એવું વારંવાર સ્મરણ કરવું, તે એક જાતની ઉત્કૃષ્ટ આત્માની સેવા છે.

પરાભક્તિવાળો આત્મા એમ જાણે છે કે, મારા આત્મામાં જ પરમાત્મપણું રહ્યું છે. અનંત આત્માઓ મુક્તિએ ગયા પણ તે સર્વે આત્મામાં રહેલું પરમાત્મપણું પ્રગટાવીને જ મુક્તિએ ગયા.

આત્મામાં અનંતગુણો પ્રગટે છે.

જ્યારે ત્યારે પણ જે જે જ્ઞાન, દર્શન અને ચારિત્રાદિ ગુણો પ્રગટવાના, તે સર્વ ગુણો ખરેખર તે તે ગુણોનાં આવરણો દૂર થતાં આત્મામાંથી જ પ્રગટવાના.

આત્મામાં જ પાંચ પ્રકારનાં જ્ઞાન છે. આત્મામાં જ ચાર પ્રકારનાં દર્શન છે. આત્મામાં જ પાંચ પ્રકારની લબ્ધિઓ રહી છે.

જે જે મનુષ્યોમાં જે જે શક્તિઓ પ્રગટી છે, તે સર્વ આત્મામાંથી જ પ્રગટી છે એમ જાણવું.

આત્મામાં જ તિરોભાવે અનંતગુણો રહ્યા છે. ફક્ત તે તે ગુણોને આચ્છાદન કરનાર કર્મની પ્રકૃતિઓ જો દૂર થાય તો, તે તે ગુણો પ્રકાશે છે, માટે પોતાના આત્મામાં રહેલા ગુણોનો પ્રકાશ કરવામાં પોતાને જ ઉદ્યમ કરવો જોઈએ. આત્મા જ સર્વ ગુણોનું ધામ છે, ત્યારે આત્મા જ પરમાત્મા છે, એમ નિશ્ચય થતાં આત્માની જ પરમાત્મા પણે ભક્તિ કરવી જોઈએ.

વિદ્યાથી મનુષ્ય શોભે છે.

પરમાત્મપણે આત્માની ભક્તિ કરવામાં કર્માવરણો ખરી જાય છે અને આત્માના ગુણોનો પ્રકાશ થતો જાય છે. આત્મામાં પરમાત્મબુદ્ધિ ધારવાથી સર્વ બાબતનો સંતોષ પ્રાપ્ત થાય છે અને મનની ચંચળત, નાશ પામે છે.

પોતાનામાં જ સર્વ શક્તિઓ છે, એમ નિશ્ચય થવાથી પરભાવ પ્રવૃત્તિનો અંત આવે છે, કારણ કે આત્મા સમજે છે કે, જ્યારે મારામાં પરમાત્મપણું રહ્યું છે, ત્યારે શા માટે પરભાવની દીનતા ધારણ કરવી જોઈએ ?

પોતાનામાં પરમાત્મપણું દેખવાથી તે પ્રગટાવવાનો ઉત્સાહ વૃદ્ધિ પામે છે. પોતાના બળથી જ પોતે પરમાત્મા થાય છે, એમ પકવજ્ઞાન થાય છે, ત્યારે આનંદની છાયા જામે છે.

આત્મસ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરવા પ્રતિદિન ઉત્સાહ ધારણ કરતો જાય છે. હું જ પરમાત્મા છું, તિરોભાવે પરમાત્મા છું, તો આવિર્ભાવે પણ હું જ પરમાત્મા થવાનો.

મારા વિના અન્ય દ્રવ્યજાતિ પરમાત્મા થઈ શકે નહિ દ્રવ્ય ગુણ-પર્યાયમય હું શુદ્ધજાતિ છું. સત્તાએ હું સિદ્ધનો ભ્રાતા છું. સત્તાથી મારામાં અને સિદ્ધમાં કંઈ ફેર નથી. ભક્તિભાવ પ્રગટ કરવા તો હું તત્પર થયો છું. હું સત્તાએ સિદ્ધ છું, પરમાત્મા છું અને વ્યક્તિભાવે તેવો થઈ શકું તેવો છું. તેથી તે તું છે, એમ કહેવામાં સત્યતત્ત્વનો પ્રકાશકથક હું કહેવાઉં છું.

હું પરમાત્મા છું, ત્યારે હું પરમ આનંદને પ્રાપ્ત કરી શકવાનો. મારી શક્તિઓ જેવી છે, તેવી ને તેવી જ પ્રગટ થવાની.

આ પ્રમાણે પરાભક્તિવાળો ઉત્કૃષ્ટ ભક્તિના વિચારોથી પોતાનામાં પરમાત્મપણું દેખી ભક્તિ કરતો શાશ્વતપદને પામે છે.

પકવજ્ઞાનથી પરાભક્તિની ઉત્કૃષ્ટદશાને પમાય છે. પરાભક્તિવાળો

સદ્‌ગુણોનો અલંકાર સર્વથી શ્રેષ્ઠ છે.

શુદ્ધદશા સન્મુખ ક્ષણે ક્ષણે ચઢતો જાય છે. અનેકાંતજ્ઞાની આવી દશાને પામે છે અને તે સર્વ દોષોનો ક્ષય કરતો જાય છે.

અજ્ઞાની જીવોથી પરાભક્તિ પમાતી નથી. જ્ઞાનીયોગીન્દ્રઆત્માઓ જ આવી પરાભક્તિના સન્મુખ થાય છે.

જે પરાભક્તિનું સ્વરૂપ જાણતો નથી, તે પરાભક્તિ સન્મુખ થઈ શકે નહીં. આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના વિકલ્પ અને સંકલ્પોનો નાશ કરવો હોય તો પરાભક્તિથી સહેજમાં થાય છે.

જે જે ભૂતકાળમાં મુક્તિ પામ્યા, વર્તમાનમાં પામે છે અને ભવિષ્યમાં પામશે, તે સર્વ પરાભક્તિથી જ પામશે. શુકલધ્યાન અથવા રૂપાતીત ધ્યાન છે, તે પરાભક્તિરૂપ છે.

નિરાલંબન ધ્યાનવાળાઓ આવી પરાભક્તિને પામી શકે છે. પરાભક્તિ પામવાને માટે આદ્યભક્તિની ખાસ જરૂર છે. જેને જેવી યોગ્યતા હોય તેવી ભક્તિ તેણે આદરવી જોઈએ. બે પ્રકારની ભક્તિના યોગ્ય એવા ગુણો સંપ્રાપ્ત કરવા જોઈએ. તેમ તે બે પ્રકારની ભક્તિ પામવાને માટે સદાકાળ પ્રયત્ન કરવો જોઈએ.

અનેક પ્રકારના યોગીઓ મુક્તિપદ પામી શકે છે.

भक्तियोगी क्रियायोगी, ज्ञानयोगी तथैव च ।
साम्ययोगी ध्रुवां सिद्धिं, प्राप्नुयान्नात्र संशयः॥६२॥

ભક્તિયોગી, ક્રિયાયોગી, જ્ઞાનયોગી અને સામ્યયોગી નિશ્ચય સિદ્ધિપદ પામે છે, આ બાબતમાં સંશય નથી.

ભાવાર્થ : —ભક્તિયોગના અનેક ભેદ છે, તો પણ તેનું સ્વરૂપ ઉપર પ્રમાણે યત્કિંચિત્ દર્શાવ્યું છે.

ક્રિયાના પણ ઘણા ભેદ છે. વિષક્રિયા, ગરલક્રિયા, અન્યોન્યક્રિયા, તદ્ધેત, ક્રિયા અને અમૃતક્રિયા. તેમજ ધર્મના બાહ્ય અને અભ્યંતર,

---

સરળતા શત્રુનો નાશ કરે છે.

નિમિત્ત અને ઉપાદાન, આદિ અનેક ભેદે તે તે વિષયભેદના સંબંધથી થાય છે.

જ્ઞાનના પણ બે ભેદ છે. વ્યવહારજ્ઞાન અને નિશ્ચયજ્ઞાન. પાંચ પ્રકારનાં જ્ઞાન આદિ જ્ઞાનયોગ જાણવા.

સામ્યભાવમાં જોડાવું, તેને સામ્યયોગ કહે છે. આ વિના પણ હેમચંદ્રાચાર્યકૃત યોગશાસ્ત્રમાં અષ્ટાંગયોગ લખ્યા છે, તેનું સ્વરૂપ પણ અવશ્ય જાણી આચારમાં મૂકવું જોઈએ. (યમનિયમાદિ અષ્ટાંગ યોગનું વર્ણન આગળ ઉપર કરવામાં આવશે.)

આ પ્રકારે આત્માના એક એક ગુણને મુખ્યતાએ ભજનારા અનેક યોગીઓ આત્માની સાધ્યદશાના યોગે શ્રાવક અથવા સાધુમાર્ગમાં રહીને મુક્તિપદ પ્રાપ્ત કરે છે અને કરશે.

ભક્તિયોગી હોય છે, તે અવશ્ય ક્રિયાયોગી હોય છે. અને જે ખરેખર શુદ્ધક્રિયાયોગી હોય છે, તે જ્ઞાનયોગી હોય છે. અને જે જ્ઞાનયોગી હોય છે, તે સમતાયોગી બની શકે છે.

સર્વ યોગમાં આદ્ય ભક્તિયોગની અત્યન્ત આવશ્યકતા છે, માટે આદ્યમાં ભક્તિનું ગ્રહણ કર્યું છે. ભક્તિયોગીને પણ ધાર્મિક ક્રિયાની આવશ્યકતા છે, માટે પશ્ચાત્ તેનું ગ્રહણ કર્યું છે.

ક્રિયાયોગીને પણ જ્ઞાનયોગની અત્યંત આવશ્યકતા છે, કારણ કે જ્ઞાન વિનાની ક્રિયાઓથી આત્માની પરમાત્મદશા પ્રગટતી નથી.

જ્ઞાનયોગીને પણ સમતાયોગની અત્યંત આવશ્યકતા છે, કારણ કે સમતા આવ્યા વિના જ્ઞાનની સફલતા થતી નથી.

મતિ, શ્રુત અને અવધિજ્ઞાનવાળાને પણ સમતાયોગની અત્યંત આવશ્યકતા છે. ચાર જ્ઞાનીને પણ સમતાયોગની અત્યંત આવશ્યકતા છે.

જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થવાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે.

ચારિત્રમોહનીય કર્મનો ક્ષય થવાથી સમતાયોગ પ્રાપ્ત થાય છે.

ચારિત્રમોહનીયનો ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકભાવ થવાથી અનુક્રમે ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકભાવે સમતાની પ્રાપ્તિ થાય છે.

જ્ઞાનયોગ કરતાં સમતાયોગ વિશેષ ઉપયોગી છે, એમ જો ખરેખર જાણવામાં આવે તો સમતાયોગ આદરવા માટે અત્યંત પ્રયત્ન કરવો જોઈએ.

આ યોગ જે જે જાણવામાં આવ્યા છે, તે તે યોગ્યતાએ આદરવા લાયક છે. કોઈને કોઈ યોગની મુખ્યતા હોય છે અને કોઈ યોગની ગૌણતા હોય છે.

મુખ્યતાએ જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણ યોગ કહેવાય છે. ત્રણ યોગની સંપૂર્ણ પ્રાપ્તિ થતાં મુક્તિ થાય છે. **જ્ઞાનદર્શનચારિત્રાણિ મોક્ષમાર્ગઃ** આ ત્રણ યોગ મોક્ષમાર્ગ કહેવાય છે.

વ્યવહાર અને નિશ્ચયથી ત્રણ યોગને આદરવાથી મુક્તિ થાય છે. જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં સર્વ યોગનો સમાવેશ થાય છે. જઘન્યમાં જઘન્ય અને ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ યોગ પૈકી ગમે તે યોગનો કોઈએ આદર કરેલો હોય, તેનું કોઈએ ખંડન કરવું નહિ; કારણ કે દરેક જીવો જઘન્યમાં જઘન્ય યોગને આદરીને ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ યોગને પામ્યા છે.

ઉત્કૃષ્ટ યોગ પામેલાએ જઘન્ય યોગવાળાને નિંદવા નહિ. તેમજ જઘન્ય યોગવાળાએ ઉત્કૃષ્ટ યોગવાળાની નિંદા અથવા ખંડન કરવું નહિ.

જેની જેટલી યોગ્યતા હોય તે પ્રમાણે તે આ ત્રણ યોગના, જઘન્યમાંથી જઘન્યભેદ અને ઉત્કૃષ્ટમાંથી ઉત્કૃષ્ટ ભેદને ધારણ કરે છે.

અસંખ્ય યોગે મુક્તિ છે, તેમાં ત્રણ યોગ મુખ્ય છે.

असङ्ख्ययोगयुक्त्या वै, मुक्तिः स्यान्नात्र संशयः ।
तत्राऽपि ज्ञानसम्यक्त्व, चारित्राणि विशेषतः ॥ ६३ ॥

અસંખ્ય યોગોવડે મુક્તિ થાય છે, તેમાં અત્ર સંશય નથી.

સત્ય અને ન્યાયથી મહાપુરુષો પણ રાજી રહે છે.

તે અસંખ્ય યોગોમાં પણ જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ વિશેષતઃ મુખ્ય યોગ છે.

ભાવાર્થ :—અસંખ્ય યોગથી મુક્તિ છે, એમ શાસ્ત્રોમાં પ્રતિપાદન કર્યું છે, માટે કોઈએ અમુક જ એકલા યોગથી મુક્તિ છે, એવો પક્ષપાત, કદાગ્રહ કરવો નહિ.

શ્રી કેવલજ્ઞાનીએ જ્યારે અસંખ્ય યોગથી મુક્તિ કહી છે, ત્યારે આપણે એકાંત અમુક જ યોગની પ્રરૂપણા કરીએ, તો અયોગ્ય ગણાય.

અસંખ્ય યોગમાં મુખ્ય ત્રણ યોગ કહ્યા છે. **તત્વાર્થસૂત્ર** વગેરેમાં ત્રણ યોગનું સ્વરૂપ વિશેષતઃ લખવામાં આવ્યું છે.

આ ત્રણ યોગ પૈકી એકેક યોગનું સ્વરૂપ લખતાં એકેક યોગનો જ મહાન ગ્રંથ થઈ જાય માટે વિશેષ તત્ત્વના અર્થીઓએ તત્ત્વાર્થ આદિ સૂત્રો વિલોકવાં. અત્ર તો સામાન્ય વ્યાખ્યા આપવામાં આવે છે.

સમ્યક્ પ્રકારે વસ્તુઓનું સ્વરૂપ જેનાથી જણાય, તેને જ્ઞાન કહે છે.

સમ્યક્ પ્રકારે વસ્તુઓનું સ્વરૂપ જાણી તે પ્રમાણે શ્રદ્ધા (નિશ્ચય) કરવી, તેને વ્યવહારથી દર્શન કહે છે.

આત્માની સ્વાભાવિક (**નેચરલ**) સ્થિરતાને માટે બાહ્ય અને અભ્યન્તર જે જે ક્રિયાઓ કરવી, તેને ચારિત્ર કહે છે, હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ અને રાત્રિભોજન વગેરે દોષો ટાળવા માટે તે દોષોના નિવારણ માટે દીક્ષાપૂર્વક જે પ્રવૃત્તિ કરવામાં આવે છે, તેને વ્યવહારચારિત્ર કહે છે.

અનેક તીર્થંકરો થયા અને થશે તેઓને વ્યવહારચારિત્ર અંગીકાર કરવું પડે છે. વ્યવહારચારિત્રથી બાહ્ય સ્થૂલ દોષોનો નિરોધ થાય છે. અને બાહ્ય ઉપાધિઓ કે જે કામક્રોધાદિક દોષોને ઉત્તેજિત કરે છે, તેઓનો પણ નાશ થતાં મનની શાંતઅવસ્થા પ્રગટે છે.

દુઃખ આવે ગભરાવું નહીં.

પાંચ યમો

(૧) હિંસા ત્યાગ–દયાપાલન

મન, વચન અને કાયાથી હિંસાનો ત્યાગ કરવાથી અનેક ભવનાં સંચિત કર્મોનો ક્ષય થાય છે. સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારતાં માલૂમ પડે છે કે, દયાથી સ્વર્ગ અને સિદ્ધિનાં સુખ મળે છે. જેણે દયા પાળી, તેણે સર્વ પાળ્યું, એમ કહેવામાં જરામાત્ર વિરોધ જણાતો નથી. દયા કરનાર જીવ સર્વ જીવોની સાથે વૈરવિરોધ ધારણ કરી શકતો નથી.

દયાનો અમૂલ્ય ધર્મ કોઈ વિરલા જીવો પાળી શકે છે. કોઈ પણ જીવોની હિંસા કરીને પોતાના શરીરનું પોષણ કરવું, એ અધર્મ છે, માટે દરેક જીવોને મરતા બચાવી તેઓનું રક્ષણ કરવું જોઈએ.

કોઇના જીવને જરામાત્ર પણ દુઃખવવો નહિ, એજ સત્ય દયાધર્મ છે.

દયાનું ઉચ્ચ વર્તન ધારણ કરવું, એ ઉત્તમ ચારિત્ર છે.

કોઈના પ્રાણને હણવા નહિ, હણાવવા નહિ, હણનારાઓની પ્રશંસા કરવી નહીં. દયા પાળવી, પળાવવી અને દયા પાળનારાઓની પ્રશંસા કરવી. આ પ્રમાણે દયાનો ઉચ્ચ સિદ્ધાંત પાળનાર આ ભવમાં અને પરભવમાં સુખ પ્રાપ્તિ છે અને અંતે પરમાત્મપદ પામે છે.

સત્ય પાલન અસત્ય ત્યાગ

સત્ય વચનની પણ અત્યંત આવશ્યકતા છે. સત્ય બોલવાથી જગતમાં સત્ય વ્યવહારની શુદ્ધિ રહે છે. લોકોમાં સત્ય વક્તાનો વિશ્વાસ બેસે છે. સત્યવક્તા આ ભવમાં અને પરભવમાં સુખ પામે છે. સત્યથી ધર્મની ઉત્પત્તિ થાય છે. સત્ય ઉપદેશ દેવાથી અનેક જીવો મુક્તિ પામ્યા છે અને પામશે.

ચૌર્ય ત્યાગ અસ્તેય પાલન

ચોરીનો ત્યાગ કરવાથી બીજાના પ્રાણનું રક્ષણ થાય છે. લોકોમાં ચોરીનો ત્યાગ કરનાર પ્રામાણિકતા ભોગવે છે. વૈર, વિરોધ, કલેશ,

---

ઉદ્યોગ અને આરોગ્ય એ બે મિત્રો છે.

આધિ, ઉપાધિ અને વ્યાધિ વગેરેનો નાશ કરવો હોય તો અસ્તેયવ્રત અંગીકાર કરવું જોઈએ.

અબ્રહ્મ ત્યાગ બ્રહ્મચર્ય પાલન

બ્રહ્મચર્ય પાળવાથી અનેક પ્રકારના ફાયદા થાય છે. શારીરિક ફાયદાઓથી માનસિક શક્તિ વિકાસ પામે છે અને માનસિક ફાયદાઓથી આત્માની શુદ્ધ શક્તિઓનો પ્રકાશ થાય છે.

બ્રહ્મચર્યવ્રતથી શરીરની બળવત્તા રહે છે અને આયુષ્ય ઘટતું નથી. તત્ત્વના અદ્‌ભુત શાસ્ત્રો લખનાર અનેક બ્રહ્મચારી મુનિવરો થયા છે.

બ્રહ્મચર્યને એક જાતનો દેવ કહીએ તો પણ ચાલી શકે તેમ છે. બ્રહ્મચર્યધારકોને અનેક રોગો પણ નડતા નથી.

બ્રહ્મચર્યધારકનું મગજ મજબૂત રહેવાથી મનમાં ધારેલાં અનેક કાર્યોની સિદ્ધિ કરી શકે છે. બ્રહ્મચારીને મંત્ર ફળે છે અને દેવો દર્શન આપે છે.

વ્યવહારચારિત્રનું મૂળ બ્રહ્મચર્ય છે. વ્યવહારબ્રહ્મચર્ય છે, તે નિશ્ચય બ્રહ્મચર્યરૂપ કાર્યને માટે નિમિત્તકારણ છે.

જેમ જેમ વીર્યનું સંરક્ષણ કરવામાં આવે છે, તેમ તેમ શારીરિક શક્તિની દૃઢતા થાય છે. બ્રહ્મચારી ધારેલા વિચારને પાર પાડે છે.

પરિગ્રહત્યાગ–અકિંચનતા ગુણ પ્રાપ્તિ

પરિગ્રહ પાપનું મૂળ છે. મૂર્ચ્છા એ જ અભ્યંતર પરિગ્રહ છે. નવ પ્રકારના બાહ્ય પરિગ્રહનું મૂળ કારણ મૂર્ચ્છા હોય છે.

મૂર્ચ્છાનો જે જે અંશે નાશ થાય છે, તે તે અંશે બાહ્ય પરિગ્રહની પ્રવૃત્તિઓ છૂટે છે. પરિગ્રહના ત્યાગથી વિકલ્પસંકલ્પની હૃદયમાં થતી ધમાલ અટકે છે.

એકાગ્રતાને જ વિજય મળે છે.

બાહ્યપરિગ્રહના ત્યાગથી ઉપાધિઓનો અટકાવ થાય છે. લોભના હેતુઓનો અવરોધ થતો જાય છે.

બાહ્ય પરિગ્રહના મમત્વથી મુકત થયેલા મહાત્મા મુનિવરો સંતોષ ભુવનમાં સમતાના સુખમાં મહાલે છે.

નિઃસ્પૃહી મહાત્માઓ આત્મામાં રમણુતા કરી અનંત સુખ ભોગવે છે. પરિગ્રહનો મમત્વભાવ દૂર થવાથી ત્રણ ભુવનનું ઐશ્વર્ય મળે છે. જે પરિગ્રહનો ત્યાગ કરે છે, તેને ઉપરથી નવ ગ્રહો પણ ઉતરે છે.

પરિગ્રહના સંબંધે જે જે પાપો કરવામાં આવે છે, તે તે પાપોનો નાશ કરવો હોય તો, પરિગ્રહનો ત્યાગ કરવો જોઈએ.

તેમજ અનેક દોષનું કારણ રાત્રિભોજન છે, માટે રાત્રિભોજનનો પણ ત્યાગ કરવો જોઈએ.

(૨) નિયમ.

આ પ્રમાણે ચારિત્રયોગી પંચમહાવ્રત અને છઠું રાત્રિભોજન વિરમણવ્રત ધારણ કરી યમ નામના યોગના પહેલા અંગમાં સ્થિર થાય છે,

યોગનું યમ નામનું પહેલું પગથિયું સ્થિર થવાથી યોગી ઊંચો ચઢીને પુનઃ નીચે પડી શકતો નથી, ઊલટું બીજા પગથિયાને પાળવામાં યોગ્ય બને છે.

પાંચ યમને પુષ્ટિ કરનારા અનેક પ્રકારના નિયમો પાળવા જોઈએ. વખતસર ખાવું, વખતસર પાણી પીવું, વખતસર શયન કરવું, ચિત્તની સ્થિરતા રહે એવા યોગ્ય સ્થાનમાં વાસ કરવો. નિયમસર ચાલવું, જોઈને ચાલવું, વિચારીને બોલવું, શૌચતા ધારણ કરવી, કોઈ વસ્તુ મળે અગર ન મળે તોપણ સંતોષ ધારણ કરવો, યથાશક્તિ તપશ્ચર્યા

અદ્‌ભૂત શક્તિશાળીનાં ચરિત્રો વાંચો.

કરવામાં પ્રવૃત્તિ કરવી, ઇત્યાદિ નિયમનો અનેક સાધુ અને ગૃહસ્થવર્ગના ભેદથી સમજી યથાયોગ્ય પાળવા પ્રયત્ન કરવો.

(૩) आसनयोग

શાસ્ત્રોમાં અનેક પ્રકારનાં આસન કહ્યાં છે. દરેક આસનના જયથી શારીરિક ભિન્ન ભિન્ન ફાયદાઓ શાસ્ત્રોમાં બતાવ્યા છે.

ચોરાશી આસનો છે, તેમાં પણ સિદ્ધાસન અને પદ્માસન એ બે આસનો મોટાં છે. યોગ્ય એવા સ્થાનમાં (કે જ્યાં રહેવાથી શારીરિક પ્રકૃતિ બગડે નહીં તેવા સ્થાનમાં) આસનોનો અભ્યાસ કરવો જોઇએ.

ત્રણ કલાક સુધી એક આસને બેસવાની ટેવ પાડવી. ગોદુહિકાસનથી પણ બેસવાની ટેવ પાડવી જોઈએ. લેખક સિદ્ધાસન અને પદ્માસનને વિશેષ પસંદ કરે છે.

આસનનો જય કરવાથી શારીરિક પ્રકૃતિ કાબૂમાં રહે છે. વાત, પિત્ત અને કફનો ઉપદ્રવ હળવે હળવે શાંત થતો જાય છે.

શ્વાસોચ્છ્વાસની નિયમિતતામાં વૃદ્ધિ થાય છે. ખરેખર આસનના જયથી દીર્ઘ શ્વાસોચ્છ્વાસ લેવાય છે. દીર્ઘ પ્રાણ લેવાથી શરીરની આરોગ્યતામાં વધારો થાય છે, માટે ચારિત્રયોગીએ આસનનો જય કરવા પ્રયત્ન કરવો.

(૪) प्राणायाम

પ્રાણાયામ કરવાથી શ્વાસ અને ઉચ્છ્વાસ વધુ પ્રમાણમાં ચાલતા નથી. પ્રાણાયામની સિદ્ધિથી સ્વરોદયપરીક્ષાની પણ સિદ્ધિ થાય છે.

શરીરની નાડીઓમાં રાત્રિ અને દિવસ પ્રાણ વહ્યા કરે છે. શ્વાસ લેવાથી શરીરની આરોગ્યતા રહે છે. મનની પ્રસન્નતા વૃદ્ધિ પામે છે.

પ્રાણાયામથી શરીરના અનેક રોગોનો નાશ થાય છે. નાડીઓમાંથી સ્વર ચાલ્યા કરે છે. શરીરમાં ઘણી નાડીઓ છે, પણ તેમાં

નાના સરખા દોષથી સાવધ રહો.

ચોવીશ નાડીઓ મોટી છે.

ચોવીશ નાડીઓમાંથી પણ નવ નાડીઓ પ્રધાન છે. નવ નાડીઓમાંથી પણ ત્રણ મોટી છે.

ત્રણ નાડીઓનાં નામ ઇડા, પિંગલા અને સુષુમ્ણા ભ્રકુટિચક્રથી શ્વાસનો પ્રકાશ થાય છે. વંકનાલમાં થઈ નાભિમાં નિવાસ કરે છે.

નાભિમાંથી ડાબી ઇંડામાં શ્વાસ સંચરે છે તેમજ જમણી પિંગલામાં શ્વાસ સંચરે છે, તે બે નાડીઓના મધ્યમાં સુષુમ્ણા નાડી છે, તેમાં જ્યારે શ્વાસ ચાલે છે. ત્યારે તે સુષુમ્ણાસ્વર કહેવાય છે.

ડાબી નાસિકામાં સ્વર ચાલે છે, ત્યારે ચંદ્રનો ઉદય જાણવો. તેમજ જમણી નાસિકામાં સ્વર ચાલે, ત્યારે સૂર્યનો ઉદય જાણવો.

સૌમ્યકાર્ય કરવામાં ચંદ્રસ્વર સારો કહેવાય છે. ક્રૂર કાર્ય કરવામાં સૂર્યસ્વર ગ્રહાય છે. આ પ્રમાણે બે નાડીઓના સ્વરમાં જે જે કાર્યો દર્શાવ્યાં છે તે પ્રમાણે વર્તે છે, તે સુખ પામે છે.

બે સ્વર સાથે ચાલે તે વખતે સુષુમ્ણા નાડી થઈ તેમ જાણવું. સુષુમ્ણા નાડી ચાલે તે વખતે કોઈપણ પ્રકારનો સાંસારિક વિચાર કરવો નહિ.

કારણ કે તે વખતે સાંસારિક જે જે વિચારો કરવામાં આવે છે, તેનું ઊલટું પરિણામ આવે છે. તે વખતે જે જે કાર્ય કરવામાં આવે છે, તેની પણ હાનિ થાય છે, એમ અનુભવથી યોગિઓ જણાવે છે.

શુકલપક્ષનો સ્વામી ચંદ્ર છે અને કૃષ્ણપક્ષનો સ્વામી સૂર્ય છે. શુકલપક્ષની આદ્યની ત્રણ તિથિ ચંદ્રની છે. પશ્ચાત્ રવિ, પશ્ચાત્ સૂર્ય એમ અનુક્રમે જાણવી.

કૃષ્ણપક્ષની આદ્ય ત્રણ તિથિ સૂર્યની છે. પશ્ચાત્ ચંદ્ર, પશ્ચાત્ સૂર્ય એમ અનુક્રમ જાણવો.

મંગલ, શનિ અને રવિવારનો સ્વામી સૂર્યસ્વર છે. ગુરુ, સોમ, શુક્ર અને બુધ એ ચાર વારનો સ્વામી ચંદ્રસ્વર છે.

કૃષ્ણપક્ષ એકમના દિને પ્રાતઃકાલમાં જો સૂર્યસ્વર વહેતો હોય તો પંડિતપુરુષોએ જાણવું કે તે પખવાડીયું આનંદકારી જશે, અર્થાત્ શાતાવેદનીયના ભોગયુક્ત જશે.

શુકલપક્ષના આદ્ય દિવસના પ્રાતઃકાલમાં જો ચંદ્રસ્વર (ડાબી નાસિકા) વહે તો જાણવું કે કાયાની નિરોગતા રહેશે, શરીર પુષ્ટ રહેશે, સુખમાં પખવાડિયું નિર્ગમન થશે.

અજવાળીયાપક્ષની પ્રતિપદાના પ્રાતઃકાલમાં જો સૂર્યસ્વર (જમણી નાસિકા) વહે તો પંડિતોએ જાણવું કે, તે પખવાડિયામાં કલેશ થાય, પીડા થાય, તેમજ ઉદાસપણું રહેશે અને ધનનો પણ કિંચિત્ નાશ થશે.

કૃષ્ણપક્ષની એકમના પ્રાતઃકાલમાં જો ચંદ્રસ્વર (ડાબી નાસિકા) વહે તો, પંડિતપુરુષોએ જાણવું કે–શરીરે કંઈક પીડા, કલેશ, નૃપભય, સત્તામાં હાનિ અને ચિત્તની ચંચળતા થશે.

શુકલપક્ષ અને કૃષ્ણપક્ષની પ્રતિપદાના પ્રાતઃકાલમાં જો સુષુમ્ણા-નાડી વહેતી હોય (બેઉ સ્વર સાથે વહેતા હોય) તો પંડિતોએ જાણવું કે, લાભની હાનિ થશે, મનની ચંચળતા થશે અને મનમાં ચિંતા રહેશે.

વૃશ્ચિક, સિંહ, વૃષભ અને કુંભ એ ચાર રાશિમાં જો ચંદ્રસ્વર વહેતો હોય તો તે વખતે જે સૌમ્ય કાર્ય કરવામાં આવે તે સારાં થાય છે.

કર્ક, મકર, તુલા અને મેષ એ ચાર રાશિમાં જો સૂર્યસ્વર (જમણી નાસિકા) વહેતો હોય તો તે વખતે ચરકાર્ય કરવાથી સુખા-કારી થાય છે.

મીન, મિથુન, ધન, અને કન્યા એ ચાર રાશિ બે સ્વભાવવાળી છે. એ ચાર રાશિયેામાં સુષુમ્ણાસ્વર વહેતેા હેાય તેા તે વખતે જે કાર્ય કરવામાં આવે તેમાં કંઈક હાનિ થાય છે.

સ્વરેાદય બરાબર કેાઈ જાણતેા હેાય છે તેા તે, મનુષ્યેાએ પૂછેલા પ્રશ્નેાનેા સારી રીતે ઉત્તર આપી શકે છે.

સ્વરેાદયમાં પ્રશ્ન અને તેના ઉત્તરો

જે મનુષ્ય પૂછવા આવે તેની દિશા લેવી. જો પૂછનાર સન્મુખ, ડાબી, અથવા ઉર્ધ્વદિશામાં રહી પ્રશ્ન કરે અને તે વખતે ડાબી નાસિકા (ચંદ્રસ્વર) વહેતી હેાય તેા પૂછનારને કહેવું કે તારા કાર્યની સિદ્ધિ થશે.

પૂછનાર નીચે વા પાછળ વા જમણેા આવીને પૂછે અને તે વખતે જમણી નાસિકા વહે (સૂર્યસ્વર વહેતેા હેાય) તેા જાણવું કે તેનું કાર્ય થશે.

ડાબી બાજુએ રહી જે કેાઈ પ્રશ્ન કરે અને તે વખતે ડાબી નાસિકામાં પૂર્ણ સ્વર વહેતેા હેાય તેા તેનું અભંગ કાર્ય થશે એમ નિશ્ચય જાણવેા.

જે વખતે જમણી નાસિકા ચાલતી હેાય તે વખતે ડાબી બાજુ રહી પૂછે તેા ચંદ્રયેાગ વિના પૂછનારનું કાર્ય સિદ્ધ થાય નહીં.

જે વખતે જમણી નાસિકા ચાલતી હેાય તે વખતે સન્મુખ અથવા ઉર્ધ્વદિશામાં રહી પ્રશ્ન પૂછે તેા જાણવું કે ચંદ્રયેાગ (ડાબી નાસિકાના સ્વર) વિના તેનું કાર્ય સિદ્ધ થશે નહિ.

પાંચ તત્ત્વોની વ્યાખ્યા

જમણી અગર ડાબી એકેક નાસિકામાં પાંચ પાંચ તત્ત્વ વહે છે. પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને આકાશ એ પાંચ તત્ત્વ જાણવાં.

પૃથ્વીનો પીતવર્ણ છે. જલનો શ્વેતવર્ણ છે. અગ્નિનો લાલ (રકત) વર્ણ છે. વાયુનો નીલવર્ણ છે અને આકાશનો કૃષ્ણવર્ણ છે.

પૃથ્વીતત્ત્વ બાર આંગુલ સન્મુખ ચાલે છે અને તેનો સમચતુરસ્ર આકાર છે. જલતત્ત્વ નીચું ચાલે છે અને તે સોળ આંગુલ વહે છે તેનો વર્તુલાકાર છે.

અગ્નિતત્ત્વ ચાર આંગુલ વહે છે, અને તેનો ત્રિકોણ આકાર છે. પ્રાતઃકાલના સૂર્યના જેવો તેનો રંગ છે.

વાયુતત્ત્વ આઠ અંગુલ તિર્છું ચાલે છે અને તે ધ્વજાના આકારે છે.

આકાશતત્ત્વ બે નાસિકામાં જ વહે છે, તેનો બાહ્યપ્રકાશ થતો નથી,–તેનો આકાર નથી.

પ્રથમ પૃથ્વીતત્ત્વ પચ્ચાશ પળ ચાલે છે. ચાલીશ પળ સુધી જલતત્ત્વ વહે છે. ત્રીશ પળ સુધી અગ્નિતત્ત્વ વહે છે. વીશ પળ સુધી વાયુતત્ત્વ વહે છે અને દશ પળ સુધી આકાશતત્ત્વ વહે છે

અઢી ઘડીપર્યંત ચંદ્રસ્વરમાં અને સૂર્યસ્વરમાં એ પાંચ તત્ત્વ વહે છે. એ પ્રમાણે રાત્રી અને દિવસ એ પાંચ તત્ત્વો ચંદ્રસ્વર અને સૂર્યસ્વર વહ્યા જ કરે છે.

એ પાંચ તત્ત્વને દરેક સ્વરમાં ભિન્નભિન્નપણે ઓળખવામાં આવે તો કાલસમયનું જ્ઞાન અવશ્ય થાય. ઓછામાં ઓછું એક વર્ષ પર્યંતમાં જે જે શુભાશુભ ભાવો બને તેને સિદ્ધસ્વરોદય યોગી અવશ્ય જાણી શકે છે.

મેષસંક્રાંતિ બેસતાં ડાબી નાસિકામાં પૃથ્વીતત્ત્વ વહેતું હોય તો ઉત્તમ યોગ જાણવો. તેનું ફળ પ્રજાને ઘણું સુખ હોય, શ્રેષ્ઠ સમય હોય, ઘણું ધાન્ય થાય, પશુઓ માટે ઘાસ પણ અત્યંત થાય ઇતિભય થાય નહિ, જનોની વૃદ્ધિ થાય, રાજાઓ અત્યંત સુખ પામે.

હરેક મનુષ્ય પોતાની કિંમત વધારી શકે છે.

ડાબી નાસિકામાં જલતત્ત્વ ચાલતું હોય તો મેઘની ઘણી વૃષ્ટિ થાય. અપાર અન્ન થાય, પ્રજા સુખી થાય, ધર્મબુદ્ધિ રહે, આનંદ-મંગલ વર્તે, રાજા નીતિથી ચાલે.

મેષસંક્રાંતિ લાગતાં પહેલી જ ઘડીમાં જેવું નાસિકામાં તત્ત્વ ચાલે તેવું ફળ થાય. અગ્નિતત્ત્વ ચાલે તો અલ્પવૃષ્ટિ અને રોગદોષ હોય.

બે સ્વરમાં જો અગ્નિતત્ત્વ હોય તો દેશભંગ, દુઃખી પ્રજા, વગેરે ફળ થાય.

જો નાસિકામાં વાયુતત્ત્વ ચાલે તો કંઈક રાજ્યવિગ્રહ થાય. અલ્પ મેઘની વૃષ્ટિ થાય. મધ્યમ વર્ષનો સમય જગતમાં કહેવાય. અડધું અન્ન અને અડધું ઘાસ થાય.

જો નાસિકામાં આકાશતત્ત્વ વહે તો કાળ પડે ઘાસ વગેરે પણ થાય નહીં, એમ જાણવું.

મધુમાસ શુકલ પડવાના પ્રાતઃકાલમાં ડાબા સ્વરમાં જો પૃથ્વી-તત્ત્વ વહે તો ઘણી વૃષ્ટિ થાય. વર્ષ સારું કહેવાય. રાજા પ્રજા સુખમાં રહે. ઈતિભય, તેમજ મોટા ભય પણ થાય નહીં.

તેમજ ડાબી નાસિકામાં જલતત્ત્વ ચાલે તો સુભિક્ષ કહેવાય દેશ અને વિદેશમાં વૃષ્ટિ થાય. જો જમણી નાસિકામાં પૃથ્વી અને જલતત્ત્વ બે બે પ્રાતઃકાલમાં પૂર્વોકિત માસમાં વહે તો મધ્યમવર્ષ કહેવાય છે.

ત્રણ તત્ત્વ બાકી રહ્યાં તે જો વહે તો મધ્યમ વર્ષ કહેવાય છે.

જો નાસિકામાં આકાશતત્ત્વ વહે તો બહુ દેશમાં નક્કી કાળ પડે. જમણી નાસિકામાં પૂર્વોક્ત માસના શુકલપક્ષના પડવાના પ્રાતઃકાલમાં જો અગ્નિતત્ત્વ વહે તો મનુષ્યો રોગશોકથી અધિક કલેશ પામે. પૃથ્વીમાં કાલ પડે. રાજાના મનમાં ચેન પડે નહિ. નૃપવિગ્રહ પણ કંઈક થાય.

જો તે દિવસે સુષુમ્ણા નાડી પૂર્વોક્ત સમયમાં ચાલે તો જોનાર મરે અને છત્રભંગ થાય, એમ ગુરુગમપૂર્વક સમજવું.

માઘમાસની સાતમ તેમજ વૈશાખ શુદ્ધી ત્રીજના પ્રાતઃકાલમાં વર્ષદિવસનું બીજ જોવું.

જો ડાબી નાસિકામાં જલ અને પૃથ્વીતત્ત્વ ચાલે તો દેશવિદેશમાં સુખ થાય, અન્યતત્ત્વ વહે તો અધમફળ જાણવું.

જમણી નાસિકામાં જો પૃથ્વી તત્ત્વ અને જલતત્ત્વ વહે તો મધ્યમ ફળ થાય. એ ત્રણમાં એક શુભ અને એક અશુભ હોય તો મધ્યમ ફળ થાય, એમ ત્રણ રીતમાં જાણવું.

સર્વ પરીક્ષાના ભાવોમાં મેષભાવ બળવાન છે, તે દિવસે બરાબર તત્ત્વ જોઈને નિશ્ચય કરવો.

જોનારને માટે તત્ત્વ

જોનારને પોતાને માટે તત્ત્વનો વિચાર કહેવામાં આવે છે.

ચૈત્ર શુદ્ધી એકમના દિવસે જો ડાબી નાસિકા વહે તો તેને ત્રણ માસમાં અત્યંત ઉદ્વેગ થાય.

મધુમાસ ચૈત્ર શુદ્ધી બીજના દિવસે જો ડાબી નાસિકા ન વહે તો પરદેશમાં ગમન થાય અને ત્યાં દુઃખ થાય.

ચૈત્રમાસ શુદ્ધી ત્રીજના રોજે ચંદ્રસ્વર (ડાબી નાસિકા) ન ચાલે તો પિત્તજ્વરની ઉત્પત્તિ થાય.

ચૈત્ર શુદ્ધી ચોથના રોજ જો ડાબી નાસિકા ન ચાલે તો નવ માસમાં મરણ થાય.

ચૈત્ર શુદ્ધી પાંચમના રોજ ડાબી નાસિકા ન વહે તો રાજ્યદંડ થાય.

ચૈત્ર શુદ્ધી છઠના દીવસે જેનો ચંદ્રસ્વર ચાલે નહિ તેનો એક વર્ષમાં બાંધવ મરી જાય.

જો ચૈત્ર શુદ્ધી સાતમના રોજ લેશમાત્ર પણ ડાબી નાસિકા ન વહે તો તેની સ્ત્રી મરી જાય.

ચૈત્ર શુદ્ધી આઠમના રોજ જો ચન્દ્રસ્વર ન વહે તો અત્યંત પીડા દેહમાં થાય, ભાગ્ય હોય તો જ સુખ થાય.

ચૈત્ર શુદ્ધી આઠમ સુધી એમ ફળ દેખાડયું પણ જો ચંદ્રસ્વર વહે તો નઠારા ફળને બદલે સારું ફળ થાય.

पांच तत्वमां प्रश्न

જલ અને પૃથ્વીતત્ત્વના યોગમાં કોઈ પ્રશ્ન કરે તે વખતે ચંદ્રસ્વર પૂર્ણ વહે તો તેના કાર્યની સિદ્ધિ થાય.

જો ડાબી નાસિકામાં અગ્નિ, વાયુ અને આકાશતત્ત્વ વહે તો પ્રશ્ન કરતાં કાર્યસિદ્ધિ થાય નહીં.

ડાબી નાસિકામાં જલ અને મહીતત્ત્વ બે સ્થિર કાર્ય માટે સારાં જાણવાં. ચરકાર્ય માટે લેવાં નહિ. વાયુ, અગ્નિ અને આકાશ એ ત્રણ તત્ત્વ ચરકાર્યમાં પ્રધાન છે.

જો જમણી નાસિકામાં સ્વર વહેતો હોય અને તેમાં વાયુ વગેરે તત્ત્વો વહેતાં હોય તો એમ સમજવું.

रोगीनो प्रश्न

રોગીના સંબંધી કોઈ પ્રશ્ન પૂછે તો તત્ત્વ વિચારીને નીચે પ્રમાણે કહેવું.

ડાબી નાસિકામાં પૃથ્વીતત્ત્વ વહેતું હોય અને તે દિશામાં રહી પૂછે તો નિશ્ચય કરીને કહેવું કે રોગીનો નાશ થવાનો નથી.

ડાબી નાસિકા બંધ હોય અને જમણી નાસિકા ચાલે અને ડાબી તરફ રહી પૂછે તો કહેવું કે, રોગી જીવનાર નથી.

પૂર્ણ સ્વરથી આવીને ખાલી સ્વરમાંહિ પૂછે તો રોગીને શાતા ન હોય એમ જાણવું.

ન દીધું ન ખાધું તે ધનનો અર્થ શું ?

ખાલી સ્વરથી આવીને વહેતા સ્વરમાં જો રોગી પ્રશ્ન કરે તો તેનો ઘાત થશે નહિ એમ કહેવું.

પૂર્ણસ્વરથી આવીને પૂર્ણસ્વરમાં જો કોઈ કાર્ય સંસારનું પૂછે તો તે કાર્ય પૂર્ણ થાય એમ નક્કી જાણવું.

ખાલી સ્વરથી આવી ને ખાલી સ્વરમાં પૂછે તો જે જે કાર્ય પૂછે તે થાય નહિ.

ખાલી સ્વરથી આવીને વહેતા સ્વરમાં પૂછે તો તેનું કાર્ય સિદ્ધ થાય.

જો પૂર્ણ સ્વર તજીને ખાલી સ્વરની તરફ પૂછે તો કરોડ ઉપાયે જે પૂછે તે સિદ્ધ થાય નહિ.

ગુરુવારના દિવસે વાયુતત્ત્વ સારૂં, શનિવારને દિવસે આકાશ તત્ત્વ સારૂં, એમ જો તત્ત્વ ચાલે તો કાયામાં રોગ રહે નહિ.

બુધવારના પ્રાતઃકાલમાં જો પૃથ્વીતત્ત્વ ચાલતું હોય તો કલ્યાણકારી જાણવું.

સોમવારના પ્રાતઃકાલમાં જલતત્ત્વ ચાલતું હોય તો સારૂં.

શુક્રવારના પ્રાતઃકાલમાં અગ્નિતત્ત્વ સારૂં, એમ વાર સંબંધી તત્ત્વફળ સમજી લેવું.

चंद्रयोगमां कार्यो

ડાબી નાસિકા વહે, તે સમયે જિનમંદિર બનાવે, ખાતમુહૂર્ત્ત કરે, તો સુખમય જાણવું.

ચંદ્રસ્વરયોગમાં અમૃત સવે છે અને અરૂણદ્યુતિ સ્થિર હોય છે, માટે તે ચન્દ્રયોગમાં બિંબની પ્રતિષ્ઠા કરતાં બિંબનો અતિપ્રભાવ વધે છે.

સિંહાસન પર મૂળનાયક બેસાડવામાં આવે, તે વખતે તથા

જિનમંદિર કલશ ચઢાવતાં ચન્દ્રયોગ (ડાબી બાજુ નાસિકાનો સ્વર) સુખકારી જાણવો.

પૌષધશાલા, દાનશાલ, ઘર, હાટ, મહેલ, કોટ, ગઢ અને સુઘાટ વગેરેના મુહૂર્તમાં ચન્દ્રયોગ લેવો જોઈએ.

સંઘમાલા આરોપતાં, તીર્થમાં દાન કરતાં, દીક્ષામંત્ર આપતાં અને બતાવતાં ચન્દ્રયોગ અત્યંત બળવાન છે.

નવીન ઘર, પુર, નગરમાં પ્રવેશ કરતાં મુહૂર્તમાં ચંદ્રયોગ (ડાબી નાસિકા સ્વર) લેવો.

વસ્ત્ર, આભૂષણ, દેશ ઇજારે લેવો હોય વગેરે કાર્યમાં ચંદ્રયોગ બળવાન જાણવો.

યોગાભ્યાસ, દવા, મિત્રાઈ, ખેતી, બાગ કરવા, રાજાની પ્રીતિ, રાજ્યતિલક, ગઢમાં પ્રવેશ ઇત્યાદિ કાર્યમાં ચંદ્રયોગ (ડાબી નાસિકાનો સ્વર) અત્યંત બળવાન સુખકારી જાણવો.

રાજા સિંહાસન પર પગ ધારણ કરે ઇત્યાદિ સ્થિરકાર્યમાં ચંદ્રયોગ લેવો. મઠ, ગુફા અને ઘર ઇત્યાદિમાં પણ ચંદ્રયોગ બળવાન છે.

સૂર્યયોગ

જમણી નાસિકા વહેતી હોય ત્યારે કરવા યોગ્ય કાર્યો

વિદ્યા ભણવામાં, ધ્યાન સાધવામાં, મંત્ર અથવા દેવતાનું આરાધન કરવામાં, સરકારમાં અરજી દેવાના પ્રસંગે, અરિવિજયનું બીડું ઝડપવાના પ્રસંગમાં, વિષ અને ભૂત ઉતારવા જવું હોય ત્યારે, રોગીને ઔષધ બરાવવામાં, વિઘ્નહરણશાંતિજલ નાખવામાં, કષ્ટીને ઉપાય કહેવાના પ્રસંગમાં, હાથી, ઘોડા, વાહન, હથિયાર લેવામાં, રિપુને વિજય કરવામાં, બાનપાનમાં, સ્નાનમાં, સ્ત્રીને ઋતુદાન દેવામાં તેમજ નવા પોપડા લખવા અને લખાવવામાં, સૂર્યયોગ અર્થાત્ જમણી નાસિકાનો સ્વર લેવો.

ઉત્તમ મિત્રો પોતાની દસ આંગળીઓ છે.

કોઈ રાજા જમણી નાસિકા વહેતી હોય ત્યારે યુદ્ધ કરવા જાય તો રણસંગ્રામમાં યશકીર્તિ પામે અને શત્રુને જીતી પાછો ઘેર આવે.

સમુદ્રમાં વહાણ ચલાવવું હોય ત્યારે જમણી નાસિકા વહેતી હોય તો વાંચ્છિત દ્વીપમાં વેગે જાય.

શત્રુભવન જવામાં જમણી નાસિકાનો સ્વર વહે તો યશ થાય. ઊંટ, ભેંસનો સંગ્રહ કરતાં, સાટું કરતાં, સરિતાજલ તરતાં, અને કરજ દ્રવ્ય દેતાં જમણી નાસિકાનો સ્વર (સૂર્યયોગ) બળવાન જાણવો. ઇત્યાદિ ચરકાર્યમાં સૂર્યયોગ સારો જાણવો.

અન્ય પુરુષોને કંઈ કહેવું હોય તો લાભાલાભનો વિચાર કરી કહેવું. લાભ ન દેખાય તો જાણીને મૌન રહેવું.

વિવાહ, દાન, શાન્તિસ્નાત્ર ઇત્યાદિ સૌમ્યકાર્યમાં ચંદ્રયોગ લેવો અને ક્રૂરકાર્યમાં સૂર્યયોગ લેવો. સ્થિરમાં ચંદ્ર અને ચરમાં ભાનુયોગ પ્રધાન જાણવો.

સુષુમ્ણાનાડીમાં શું કરવું ?

જ્યારે સુષુમ્ણાનાડી (બે નાસિકા સાથે વહેતી હોય ત્યારે) હોય ત્યારે ચર અને સ્થિર એ બે પ્રકારના કાર્યમાંથી કોઈપણ કાર્ય કરવું નહિ અને જો બેમાંથી કોઈપણ કાર્ય કરવામાં આવે તો અવશ્ય કંઈક હાનિ થાય છે.

ભુવન, પ્રતિષ્ઠા, દેશાંતરગમન વગેરે કાર્યો સુષુમ્ણાનાડીમાં કરવાં નહિ. જો કોઈ સુષુમ્ણાનાડીમાં પરદેશ જાય તો દુઃખદૌર્ભાગ્ય અને પીડા પામે છે. તેના ચિત્તમાં કલેશ રહે છે. કાર્યની હાનિ થાય છે, અથવા કાર્યમાં વાર લાગે છે. મિત્રનો મેલાપ થતો નથી. વ્યાપારમાં બાધ જાય છે. પ્રીતિમાં કલેશ થાય છે.

માટે સુષુમ્ણા વહેતી હોય ત્યારે આત્માનું ધ્યાન ધરવું. પ્રભુના

નામનો જાપ કરવો, ધારણા ધારવી, વૈરાગ્ય ધારણ કરવો, તત્ત્વનો વિચાર કરવો, અને સમતામાં રહેવું ઇત્યાદિ આત્મભાવમાં રમણતા કરવી.

ત્રિપુટીમાં પંચતત્ત્વ જોવાની રીત

બે કાનમાં બે આંગળીઓ ઘાલી આંગળીઓથી આંખો મીંચવી, પછી ત્રિપુટીમાં લક્ષ્ય રાખી જેવાં બિંદુ પડે તેવાં જોવાં અને જેવો વર્ણ દેખીએ તેવું તત્ત્વ છે એમ નિશ્ચય કરવો.

પૃથ્વી અને જલતત્ત્વ સારાં જાણવાં. તેજ તત્ત્વ મધ્યમ ફળપ્રદ છે. વાયુ અને આકાશ તત્ત્વ હાનિ અને મૃત્યુ દેનાર છે.

તત્ત્વોનાં સ્થાન

પૃથ્વીતત્ત્વનું સ્થાન જાંઘ છે. વાયુનું સ્થાન નાભિ છે. અગ્નિનું સ્થાન સ્કંધ છે. જલનું સ્થાન પગ છે. આકાશતત્વનું સ્થાન મસ્તક છે.

દરેક તત્ત્વાના ગુણો

સ્થિરકાર્યમાં પૃથ્વીતત્ત્વ પ્રધાન છે. ચરકાર્યમાં જલતત્વની પ્રાધાન્યતા છે. સમકાર્યમાં અગ્નિતત્વની પ્રાધાન્યતા છે. ઉચ્ચાટનમાં વાયુતત્વની પ્રાધાન્યતા છે. આકાશતત્વમાં કોઈ કાર્ય કરવું યોગ્ય નથી.

દિશાઓમાં તત્ત્વો

પશ્ચિમ દિશામાં જલતત્વ અને દક્ષિણમાં પૃથ્વીતત્ત્વ તેમજ ઉત્તરમાં અગ્નિતત્ત્વ છે. પૂર્વદિશામાં વાયુતત્ત્વ અને નભ સ્થિરસ્થાનવાળો છે.

પૃથ્વી અને જલતત્ત્વમાં કાર્યની સિદ્ધિ થાય છે. અગ્નિતત્ત્વમાં મૃત્યુ થાક છે. વાયુતત્ત્વ ક્ષયકારી છે. નભતત્ત્વમાં નિષ્ફલતા થાય છે.

ચંદ્રસૂર્ય સંગ્રહમાં અગ્નિતત્ત્વ હોય તો સંગ્રામ આદિ કૃત્યમાં ફલની સિદ્ધિ થાય છે.

જેવી કરણી તેવા પાર ઉતરણી.

ગમનાગમનમાં પૃથ્વીતત્ત્વ લેવાથી જય થાય છે. તેમજ ધનલાભ થાય છે.

મિત્ર, અર્થ અને યુદ્ધ, આદિ માટે ગમનાગમનમાં પૃથ્વીતત્ત્વ લેવું યોગ્ય છે.

સંક્રમભાવ વાયુતત્ત્વમાં કલહ, શોક, દુઃખ, ભય, મરણ અને ઉત્પાત વગેરે થાય છે.

અગ્નિતત્ત્વમાં રાજ્યનો નાશ થાય છે અને પૃચ્છક નરની હાનિ થાય છે તેમજ દુર્ભિક્ષ રોગાદિક થાય છે.

વાયુ અને આકાશતત્ત્વમાં દુર્ભિક્ષ, ઘોર યુદ્ધ, દેશભંગ, ભય અને ચૌપદની હાનિ વગેરે ફલ જાણવું.

મધુર, કષાયલો, તિખો, ખાટો અને અવ્યક્ત એમ અનુક્રમે પાંચ તત્ત્વના પાંચ રસ જાણવા. જેવો રસ આસ્વાદવાનો મનમાં નિશ્ચય થાય તેવું તત્ત્વ જાણવું. તેમાં શંકા કરવી યોગ્ય નથી.

આકાશથી વાયુ અને વાયુથી અગ્નિ અને અગ્નિથી જલતત્ત્વ અને જલથી પૃથ્વીતત્ત્વનો પ્રકાશ જાણવો.

અગ્નિતત્ત્વના ઉદયમાં ક્રોધાદિક થાય છે. વાયુતત્ત્વમાં ઇચ્છાઓ થાય છે. ક્ષાંત્યાદિક ગુણો છે, તે જલ અને પૃથ્વીતત્ત્વના ઉદયમાં થાય છે.

તત્ત્વોનું દ્વાર

પૃથ્વીતત્ત્વનું ગુદાદ્વાર, જલતત્ત્વનું લિંગ, ચક્ષુ સુધી અગ્નિતત્ત્વ, નાસિકા સુધી વાયુ અને આકાશતત્ત્વનું શ્રવણ (કાન) દ્વાર છે.

યુદ્ધમાં સ્વર

ડાબી નાસિકા (ચંદ્ર) ચાલતાં યુદ્ધ કરવા ચાલવું નહિ, કારણ

કે ચંદ્રસ્વર ચાલતાં તેના શત્રુની જીત થાય છે. જમણી નાસિકા (સૂર્ય) ચાલતાં યુદ્ધમાં જાય તો વિજય થાય.

શત્રુનો પણ સૂર્યસ્વર ચાલે અને પોતાનો પણ સૂર્યસ્વર ચાલે ત્યારે જે પ્રથમ પડે તે વિજય પામે એમ જાણવું.

ચંદ્રસ્વર ચાલતાં રાજાએ રણમાં જવું નહિ, કારણ કે પોતાની ભૂમિ શત્રુઓ જીતી લે તેમાં શંકા નથી.

બે નાસિકા સાથે ચાલતાં (સુષુમ્ણા ચાલતાં) સંગ્રામમાં જતાં મસ્તક કપાય છે.

દૂર દેશ સંગ્રામમાં જતાં ચંદ્રસ્વર પ્રધાન જાણવો. નિકટ યુદ્ધમાં સૂર્યસ્વર જયકારી જાણવો.

युद्धप्रश्न

સન્મુખ ઉર્ધ્વદિશામાં રહી જો કોઇ પ્રશ્ન કરે તો સમ અક્ષર અને ડાબી નાસિકા ચાલતાં તેની જીત થાય.

દક્ષિણ અને પૂર્વથી દૂત જો યુદ્ધપ્રશ્ન કરે અને તે વખતે જમણી નાસિકા અને પ્રશ્નના વિષમાક્ષર હોય તો તેનો જય થાય.

બે, ચાર એ આદિ સમઅક્ષર છે અને એક, ત્રણ, પાંચ અને સાત એ આદિ વિષમાક્ષર છે.

રિક્તપક્ષમાં આવીને બેની લડાઈનો પ્રસંગ પૂછે તો પ્રથમ પૂછનાર હારે અને બીજો અભંગ રહે.

પૃથ્વીતત્ત્વમાં યુદ્ધ અથવા કોઈ પ્રશ્ન કરે અથવા ગમન કરે તો બે દળ સરખાં ઉતરે એમ જાણવું.

જલતત્ત્વમાં પ્રશ્ન કરે અથવા ગમનાગમન કરે તો પરસ્પર સુલેહ થાય.

એકને પૃથ્વી અથવા જલતત્ત્વ હોય, અને બીજાને હોય નહિ, તો જેને પૃથ્વીતત્ત્વ અને જલતત્ત્વ હોય તે જીતે.

અધુરું જ્ઞાન તે ભયંકર વસ્તુ છે.

અગ્નિતત્ત્વ ચાલતાં પ્રશ્ન કરે, ગમન કરે અથવા લડાઈ કરે તો તેની રણમાં હાનિ થાય.

વાયુતત્ત્વમાં પ્રશ્ન, પ્રયાણ અથવા યુદ્ધ કરે તો નક્કી જાણવું કે પહેલો લડનાર ભાગી જાય.

આકાશતત્ત્વ વહેતાં પ્રશ્ન, ગમન, અથવા યુદ્ધ કરે તો પોતાનું મરણ થાય.

ડાબી નાસિકા ચાલતાં રાજાનું મરણ થાય છે.

વાયુતત્ત્વ વહેતાં યુદ્ધ કરવાથી લશ્કર નાસી જાય છે.

રણમાં ઘાયલ થયાની કોઈ વાત પૂછે તો આ પ્રમાણે ઉત્તર આપવો.

પોતાની દિશાથી આવીને પૂર્વમાં પૂછતાં જેનું નામ કહે તેને ઘા લાગ્યા નથી એમ જાણવું.

ખાલી સ્વરમાં ઘાયલનો પ્રસંગ પૂછે તો જેને પૂછે તેને રણમાં ઘા લાગ્યા છે એમ કહેવું.

તેમાં પણ પૃથ્વીતત્ત્વ ચાલતાં પેટમાં અને જલતત્ત્વ ચાલતાં પગે, તેમજ અગ્નિતત્ત્વ ચાલતાં છાતીમાં, અને વાયુતત્ત્વ ચાલતાં જંઘમાં ઘા લાગ્યા છે એમ કહેવું.

પોતાના સ્વરમાં જલતત્ત્વ વહેતું હોય અને શત્રુને ન વહેતું હોય તો શત્રુનું મરણ પોતાના હાથથી જાણવું અને તેમાં પોતાની જીત થાય.

ગર્ભ બાબતમાં પ્રશ્નો અને તત્ત્વોથી ઉત્તર

ડાબી નાસિકા વહેતાં કોઈ પૂર્વદિશામાં આવીને પૂછે તો ગર્ભવતીના ગર્ભમાં કન્યા છે, એમ કહેવું.

જમણી નાસિકા પૂર્ણ વહેતી હોય અને પૂર્વમાં આવીને પૂછે તો પેટમાં પુત્ર છે એમ જાણવું.

શ્રદ્ધા એ ધર્મનું મૂળ છે.

સુષુમ્ણાસ્વરમાં આવીને પૂછે તો નારીની કુખમાં નપુંસક છે, એમ જાણવું.

સૂર્યસ્વર ચાલતાં પૂછે અને પૂછનારને ચંદ્રસ્વર હોય તો પુત્ર-જન્મ થાય પણ તે જીવે નહિ.

સૂર્યસ્વર ચાલતાં કોઈ પ્રશ્ન કરે અને પૂછનારને પણ સૂર્યસ્વર હોય તો સુખ કરનાર પુત્ર થાય.

ચંદ્રયોગમાં પ્રશ્ન કરે અને પૂછનારને સૂર્યસ્વર હોય તો દીકરી થાય પણ તે જીવે નહિ એમ કહેવું.

ચંદ્રસ્વરમાં આવીને પૂછે અને પૃચ્છકને ચંદ્રસ્વર હોય તો તેને કન્યા થાય અને તે લાંબાકાળ સુધી જીવે.

પ્રશ્ન કરતી વખતે પૃથ્વીતત્ત્વ વહેતું હોય તો પુત્ર જાણવો અને તે સુખી દેવકુમાર સરખો થાય.

જલતત્ત્વ વહેતું હોય તે વખતે કોઈ આવીને પ્રશ્ન કરે તો સુખી, ધનવંત અને પટ્ટરસભોગી પુત્ર થાય એમ જાણવું. આ સર્વ ભાનુયોગમાં (જમણી નાસિકામાં) જાણવું.

તેમજ જમણી નાસિકામાં અગ્નિતત્ત્વ ચાલતું હોય તો ગર્ભપાત થાય.

વાયુતત્ત્વમાં પ્રશ્ન કરતાં ગર્ભ ગલી જાય એમ જાણવું.

આકાશતત્ત્વ ચાલતાં કોઈ પ્રશ્ન કરે તો ગર્ભ નપુંસક જાણવો, એમ ભાનુસ્વરમાં પુત્ર બાબત જાણવું.

ચંદ્રસ્વરમાં પણ પુત્રી બાબત પાંચ તત્ત્વોનું અનુક્રમે તેવું ફળ જાણવું.

શૂન્યયુગલસ્વરમાં કોઈ પ્રશ્ન કરે તો બે કન્યા ઉપજે એમ જાણવું.

ચંદ્ર અને સૂર્ય બે ચાલે તેમાં ચંદ્ર બળવાન્ હોય તો ગર્ભવતીના ગર્ભમાં દીકરીનું જોડલું જાણવું.

ચંદ્ર અને સૂર્ય બે ચાલે તેમાં સૂર્ય બળવાન હોય તો ગર્ભવતીના ગર્ભમાં પ્રશ્નથી જોડલું જાણવું.

પૃથ્વીતત્ત્વ ચાલતાં ગર્ભાધાન રહે અથવા જન્મે તો રાજમાન્ય સુખી, ધનવાન, રાજાસમાન અને કામરૂપ બાળક થાય.

જલતત્ત્વ ચાલતાં ગર્ભાધાન અથવા જન્મ થાય તો ધનવંત, ભોગી, ચતુર, બુદ્ધિમંત અને નીતિમંત બાળક થાય.

અગ્નિતત્ત્વ ચાલતાં ગર્ભ રહે તો અલ્પ ઉંમર, દુઃખી અને જન્મતાં માતાની હાનિ થાય.

વાયુતત્ત્વમાં જો ગર્ભ રહે તો દુઃખી, દેશમાં ભ્રમણ કરનાર, વિકલચિત્ત અને બુદ્ધિહીન થાય.

આકાશતત્ત્વ ચાલતાં ગર્ભ રહે તો ગર્ભની હાનિ થાય.

પૃથ્વીતત્ત્વમાં પુત્ર, જલતત્ત્વમાં દીકરી, વાયુતત્ત્વમાં ગર્ભ ચળે,

અગ્નિતત્ત્વમાં ગર્ભપતન અને આકાશતત્ત્વમાં નપુંસકનો જન્મ જાણવો.

परदेशगमनमां स्वर तथा तत्त्वो

ચંદ્રસ્વર (ડાબી નાસિકા) વહેતાં દક્ષિણ અને પશ્ચિમ દિશામાં ગમન થાય તો સુખી થઈને ઘેર આવે.

પૂર્વ અને ઉત્તર દિશામાં સૂર્યસ્વર બળવાન છે, સુખદાયક છે. પોતાની દિશામાં વિદિશાઓ લીન થાય છે.

ચંદ્રસ્વર ચાલતાં પૂર્વ અથવા ઉત્તર દેશમાં જતાં પાછા અવાય નહીં અથવા કલેશ થાય.

જમણી નાસિકા વહેતી હોય, (સૂર્યસ્વર હોય) ત્યારે દક્ષિણ અને પશ્ચિમ દિશામાં જવાથી જો મરણ ન પામે તો પણ મૃત્યુના સમાન અવશ્ય કષ્ટ પડે.

સંસારમાંથી તરવાનું ખરું સાધન સત્-સમાગમ જ છે.

દૂર ગમનમાં પ્રબલ યોગ લેવો. નિકટ ગમનમાં મધ્યમ યોગ પણ સુખકારી હોય.

ઉર્ધ્વદિશાનો પતિ ચંદ્ર છે અને અધોદિશાનો પતિ સૂર્ય છે. સૌમ્યમાં ચંદ્ર અને ક્રૂરમાં સૂર્ય લેવો.

સુષુમ્ણાનાડી ચાલતાં પરદેશગમન કરવું નહિ. જો જાય તો મરી જાય અથવા કાર્યની હાનિ થાય.

પરદેશમાં વસનારનો પ્રશ્ન સ્વર અને તત્ત્વો

પરદેશમાં વસનાર સુખી છે કે દુઃખી એવો પ્રશ્ન પૃથ્વીતત્ત્વમાં કોઈ કરે તો જાણવું કે પરદેશમાં વસનાર સુખે પોતાનું કાર્ય કરી ઘેર આવશે, દુઃખી જરા પણ નથી એમ જાણવું.

જલતત્ત્વ વહેતું હોય તો સુખે કાર્ય કરી વહેલો આવશે. સ્વરમાં પૃથ્વીતત્ત્વનો ઉદય હોય તો જાણવું કે સ્થાનકમાં સ્થિર છે.

વાયુતત્ત્વમાં પરદેશી એક ઠેકાણેથી બીજે ઠેકાણે ગયો છે એમ કહેવું અને તેના મનમાં કાંઇક ચિન્તા છે એમ જાણવું.

અગ્નિતત્ત્વમાં વહેતા પ્રશ્નથી જાણવું કે પરદેશીને તનમાં મહા-પીડા છે. આકાશતત્ત્વમાં તેનું મરણ જાણવું.

સ્વરમાં ગમન વગેરેની રીત

ચંદ્રસ્વર ચાલતાં ચાર ડાબાં પગલાં સોમવારના દિવસે ભરીને ચાલવું.

સૂર્યસ્વરમાં ચાર જમણાં પગલાં ભરીને રવિવારના દિવસે ચાલવું. સ્વરવિચારમાં અપયોગ લેવાતો નથી.

જમણી નાસિકા ચાલે ત્યારે ભોજન કરવું.

ડાબી નાસિકા ચાલે ત્યારે જલપાન કરવું.

મિષ્ટ અને હિતકારી વચનો જ બોલો.

શરીરની ડાબી તરફની બાજુ નીચે આવે તેવી રીતે સૂવું, એમ કરવાથી નિરોગી શરીર રહે છે. અથવા ચંદ્ર ચાલતાં ભોજન કરે, અથવા નારીનો ભોગ કરે, સૂર્યસ્વર ચાલતાં જલપાન કરે, એમ વર્તવાથી શરીરમાં રોગ રહે નહિ.

ડાબી નાસિકા ચાલતાં વડીનીતિ કરે, જમણી નાસિકા ચલાવીને સૂઈ રહે, તો શરીર નિરોગી રહે.

કથિતભાવથી વિપરિત સ્વર ચાલે તો તેનું મરણ થાય.

દિવસમાં ડાબી નાસિકા ચલાવે અને રાત્રીમાં જમણી નાસિકા ચલાવે એમ સ્વરનો અભ્યાસ ચલાવે તો ઉંમર ભરપૂર થાય.

અઢી અઢી ઘડી પર્યંત ડાબી અને જમણી નાસિકા વહે છે. તેર શ્વાસપર્યંત સુષુમ્ણા ચાલે છે.

નાસિકાસ્વરથી મરણનું જ્ઞાન

આઠપ્રહર પર્યંત જો જમણી નાસિકા વહે તો ત્રણ વર્ષથી અધિક જીવાય નહિ.

સોળ પહોર સુધી જમણી નાસિકા ચાલે તો બે વર્ષ સુધી જીવવાનું થાય.

જમણી નાસિકા જો ત્રણ રાત્રિ દિવસ સુધી ચાલે તો એક વર્ષ પશ્ચાત્ મરણ થાય.

સોળ રાત્રી–દિવસ જો જમણી નાસિકા ચાલે તો એક માસ જીવવાનું થાય.

એક માસ સુધી રાત્રી–દિવસ જમણી નાસિકા ચાલે તો બે દિવસથી ઉપરાંત જીવાય નહિ.

પાંચ ઘડી પર્યંત સુષુમ્ણા નાડી ચાલે તો તત્કાલ મરણ થાય.

અંકુશ વિના હાથી જેવું મોટું પ્રાણી પણ બગડે.

ચંદ્ર અથવા સૂર્ય અથવા સુષુમ્ણા પણ હોય નહિ અને મુખથી ફક્ત શ્વાસ ચાલે તો ચાર ઘડીમાં મરણ થાય.

જમણી નાસિકા દિવસમાં વહે અને ડાબી નાસિકા રાત્રીમાં વહે તો ષટ્‌માસ સુધી જીવવાની આશા રાખવી.

ચાર, આઠ, બાર, સોળ અને વીસ દિવસ સુધી ચંદ્રસ્વર ચાલે તો આયુષ્ય દીર્ઘ થાય.

ત્રણ રાત્રી દિવસ જો આકાશતત્ત્વ ચાલે તો એક વર્ષ સુધી શરીર રહી શકે, તે ઉપર તેનો નાશ થાય.

અહોરાત્રિ આકાશતત્ત્વ ચાલે તો ષટ્‌માસ પર્યંત આયુષ્ય રહે.

એક પક્ષ વિપરીત સ્વર ચાલે તો શરીરમાં રોગ થાય.

બે પક્ષ વિપરીત સ્વર ચાલે તો સજ્જન પણ શત્રુ થાય.

ત્રણ પક્ષ વિપરીત સ્વર ચાલે તો મરણ થાય.

પંચમકાલમાં સોપક્રમ આયુષ્ય જાણવું. ઘાત લાગે અને તેથી આયુષ્યનો નાશ થાય, તેને સોપક્રમ આયુષ્ય કહે છે. અધિક શ્વાસોચ્છ્વાસ ચાલતાં આયુષ્યની અધિક હીનતા થાય છે.

સમાધિલીનને ચાર, શુભ ધ્યાન ધરનારને છ, તૃષ્ણાતુરને દશ, બોલતાં બાર, ચાલતાં સોળ અને સૂતાં બાવીશ તથા નારી ભોગવતાં છત્રીશગણો શ્વાસ ચાલે અર્થાત્ એટલા તે તે ક્રિયાઓમાં શ્વાસ ઘટે છે.

અલ્પવેળામાં શ્વાસોચ્છ્વાસ વધુ ચાલે તો તેનું આયુષ્ય ક્ષય પામે, બળ ઘટે અને તેના શરીરમાં રોગ થાય.

અધિક બોલવું નહિ, કારણ કે તેથી શ્વાસોચ્છ્વાસ ઘટે છે. અધિક પડખું વાળીને સૂવું નહિ, અતિશીઘ્ર ચાલવું નહિ.

પ્રાણની ગતિ રોકાય તો મન પણ અપેક્ષાએ સ્થિર થાય છે.

વિચારી થવું—પણ વિકારી ન થવું.

માટે પ્રાણાયામની જરૂર છે.

જે રચના ત્રણ લોકમાં છે, તે મનુષ્યના શરીરમાં છે, પણ અનુભવ વિના તેનું જાણવું થતું નથી.

હંકારથી સ્વર ઉઠે છે અને ઓંકાર થઈ સમાઈ જાય છે. હંસ એવો શબ્દ છે, તેજ અજપા જાપ કહેવાય છે.

અર્થાત્ જપ્યા વિના સહેજે હંસરૂપ ચેતનનો જાપ થાય છે. તેનું જો જ્ઞાન થાય તો શ્વાસની ગતિ કમ થાય અને સ્થિરતા થાય.

વડની શાખા જેમ વડમાંથી નીકળે છે, તેમ નાભિથી ઉર્ધ્વ-ગામિની અને બે બે તિરછી જાય છે. સર્વ મળી ચોવીસ નાડીઓ જાણવી.

દશ નાડીઓ વાયુનું વહન કરવામાં પ્રધાન જાણવી. ઇડા, પિંગલા, સુષુમણા, ગાંધારી, હસ્તિની, જિહ્વા, પુષ્પા, યશસ્વિની, અલંબુષા, શંખિની, એ દશ નાડીઓ પ્રાણને વહન કરવામાં પ્રધાન જાણવી. વામભાગમાં ઇડા છે, દક્ષિણભાગમાં પિગલા છે અને સુષુમણા મધ્યમાં રહે છે.

શરીરમાં એકસો ને સિતેર મર્મનાં સ્થાનક છે. તે ઠેકાણે ઘાત થાય તો મૃત્યુ થાય.

ત્રણસો હાડની માળા છે. એકસો ને સાઠ નાડીઓ છે, તે નાભિથી નીકળીને ઉર્ધ્વગામિની થઈ છે. તે મસ્તકના બંધની છે, તેને રસહરણી કહે છે. તે નાડીઓ મસ્તકે રસ પહોંચાડે છે.

એ રસહરણી નાડીઓનો જેટલો ઉપઘાત થાય, તેટલી રોગની પ્રાપ્તિ જાણવી.

એ નાડીઓના ઉપઘાતથી આંખ, નાક, કાન અને જિહ્વાની શક્તિની હાનિ થાય છે.

એકસો ને સાઠ નાડીઓ જે નાભિથી ઉઠે છે. તે નીચે ચાલી

પગના તળીયા સુધી બંધાણી છે. તે નાડીઓનો ઉપઘાત થવાથી નેત્રનો, જંઘાનો, મસ્તકનો, આધાસીસી અને યાવત્ અંધપણાનો રોગ થાય છે.

એકસો ને સાઠ નાડીઓ છે તે નાભિથી નીકળી તીરછી ચાલે છે, તે હાથનાં આંગળા સુધી પહોંચી છે. તેઓના ઉપઘાતે બે પાસાની વેદના થાય છે તથા પેટની વેદના થાય છે તથા મુખની વેદના થાય છે.

એકસો ને સાઠ નાડીઓ છે, તે નાભિથી નીકળી ગુહ્યસ્થાનક સુધી પહોંચી છે. તેના ઉપઘાતથી લઘુનીતી, વડીનીતીના રોગ, વાયુ, અને કરમીયા વગેરે રોગો થાય છે. લઘુનીતી તથા વડીનીતીનું સ્તંભન થાય છે. અર્પવિકાર તથા પાંડુરોગ વગેરે થાય છે.

પચ્ચીશ નાડીઓ જ નાભિથી નીકળી છે, તે શ્લેષ્મને ઘરે છે, તેના ઉપઘાતથી શ્લેષ્મ રોગ થાય છે.

નાભિથી પચ્ચીશ નાડીઓ નીકળી છે, તે પિત્તને ધારે છે. તેના ઉપઘાતથી પિત્તનો રોગ થાય છે.

નાભિથી દશ નાડીઓ નીકળી છે, તે વીર્યને ઘરનારી છે. ઇત્યાદિક પુરુષને સાતસે નાડીઓ છે અને સ્ત્રીને છસે ને સિત્તેર નાડીઓ હોય છે. નપુંસકને છસે ને એંશી નાડીઓ હોય છે, તે સર્વ નાડીઓની શુદ્ધિ પ્રાણાયામથી થાય છે.

પ્રાણાયામની જરુર અને તેનું ફલ

મન અને પવન એમાંથી એકનો નાશ થતાં બીજાનો નાશ થાય છે. આત્માના ઉપયોગમાં સ્થિર થવાથી શ્વાસ મંદ મંદ ચાલે છે, ત્યારે મનની પ્રવૃત્તિ પણ મંદ પડી જાય છે.

પ્રાણવાયુની સ્થિરતા જેટલા અંશે થાય છે. તેટલા અંશે મનની પણ અચળતા થાય છે, માટે પ્રાણાયામની જરૂર છે.

શ્રીમંતાઈનો ફાંકો ન રાખવો.

પ્રાણાયામથી ઇન્દ્રિયો ઉપર લાગેલા મળની શુદ્ધિ થાય છે. શરીરની કાંતિ વૃદ્ધિ પામે છે. આયુષ્યની નિયમિતતા રહે છે. મનની નિર્મલતા થાય છે. વિકલ્પ સંકલ્પ રોકવામાં પ્રાણાયામ સહાયકાર થઈ પડે છે.

દિવસે સૂર્યનું પ્રાબલ્ય હોય છે અને રાત્રીએ ચંદ્રનું પ્રાબલ્ય હોય છે. આપણા શરીરમાં જે પ્રાણવાયુ છે, તેનો સંબંધ સૂર્ય ચંદ્રની ઉષ્ણતા અથવા શીતતાની સાથે રહેલો છે.

એ ઉષ્ણતા અને શીતતાની અવસ્થા અમુક અવસરમાં આપણા શરીરમાં કેવી છે, તે જમણી અને ડાબી નાસિકામાંથી નીકળતા પ્રાણવાયુથી માલૂમ પડે છે અને તેથી જ જમણી નાસિકાને સૂર્ય સ્વર કહેવામાં આવે છે. તે શરીરમાં ઉષ્ણતાનો પોષક છે. તેમજ ડાબી નાસિકાને ચંદ્રસ્વર કહેવામાં આવે છે, તે શરીરમાં શીતતાનું પોષણ કરે છે.

દિવસના ભાગમાં સૂર્યકિરણની ઉષ્ણતાથી શરીરમાં વિશેષ ઉષ્ણતાનું પોષણ ન થાય, તે માટે શરીરમાં શીતતા રહેવા માટે ચંદ્રસ્વર ચલાવવામાં આવે છે.

રાત્રીના વખતમાં ચંદ્રકિરણની શીતતાથી શરીરમાં શીતતાનું વિશેષ પોષણ અર્થાત્ હદ ઉપરાંત પોષણ ન થાય, તે માટે સૂર્યસ્વર ચલાવવામાં આવે છે કે જેથી શરીરમાં ઉષ્ણતાનો ભાગ રહે અને તેથી બાહ્યની શીતતાથી શરીરને હાનિ ન પહોંચે.

જમણી અને ડાબી નાસિકામાં પાંચ તત્વો વહે છે. પ્રત્યેક તત્વનો ભિન્ન ભિન્ન રંગ છે, તે ઉપર કહેવામાં આવ્યું છે. અમુક વખતે અમુક તત્વનું શરીરમાં પ્રધાનપણે બળ હોય છે. બધી સૃષ્ટિમાં પણ તે તત્વ તે વખતે પ્રધાનપણે વહે છે.

જગતમાં જે જે તત્વ જે જે વખતે પ્રબલ હોય છે, તેની

અસર પ્રાણવાયુને થાય છે અને પ્રાણવાયુ પણ તે તે વખતે તેવા રંગવાળું બને છે.

જેવા આચાર અને વિચારથી મનુષ્યના શરીરમાં ચલનહલન થાય છે, તે તે પ્રમાણે અમુક વખતે અમુક તત્વની પ્રવૃત્તિ થાય છે અને અમુક તત્વ ઘટવા માંડે છે.

જગતના તત્વોનો સંબંધ આપણા શરીરની સાથે હોય છે અને તે જમણી અને ડાબી નાસિકાથી આપણે તે તત્વોને પારખી શકીએ છીએ. તેથી જગતના મનુષ્યોના આચાર અને વિચારોને તે તે તત્વો દ્વારા સ્વરોદય જ્ઞાનથી આપણે જાણી શકીએ છીએ.

જગતમાં થતા શુભાશુભ ફેરફારોને પણ સ્વરમાં વહેતાં તત્વોથી આપણે જાણી શકીએ છીએ. મહાત્માઓ સ્વરતત્વોથી જગતનું ભવિષ્ય જાણી શકે છે.

શરીરમાં રોગની ઉત્પત્તિ પણ પ્રાણની વિકૃતિથી જ થાય છે. અમુક વખતે અમુક પ્રાણ પ્રવાહ વહેવો જોઈએ, તે ન વહેવાથી રોગો થાય છે, માટે આપણાં તન અને મનને આરોગ્ય આપનાર પ્રાણવાયુ છે.

પ્રાણવાયુને ચલાવવાની રીત અને તેને સત્તામાં રાખી મરજી મુજબ ચલાવવાને માટે પ્રાણાયામની ખાસ જરૂર છે.

પ્રાણવાયુ હવાને આકર્ષી શકે છે. કોઈના પ્રાણવાયુને આકર્ષીને તે દ્વારા ચમત્કાર પણ કરી બતાવવામાં આવે છે. પ્રાણવાયુનો શરીરમાં અદ્દલોબદ્દલો પણ પ્રાણાયામના બળથી કરી શકાય છે.

પ્રાણવાયુની શુદ્ધિથી વીર્યની વિકૃતિ પણ શમી જાય છે.

પ્રાણની સ્થિતિ શરીરમાં સર્વત્ર છે. બરડાથી કરોડના ભાગમાં તેનો મોટો જથ્થો રહે છે, એમ પાશ્ચિમાત્ય વિદ્વાનો કહે છે.

બ્રહ્મરન્ધ્રમાં પ્રાણતત્વનું મુખ્ય સ્થાન છે.

જેમાં ઘણો લાભ તેવાં શુભ કાર્યો કરવાં.

નાડીતંતુઓનું ગુંછળું કંઠના મધ્યભાગમાં રહેલું છે, તેને **વિશુદ્ધિ ચક્ર** કહે છે.

હૃદય ભાગમાં જે નાડીતંતુઓનું ગુંછળું આવેલું છે, તેને **અનાહતચક્ર** કહે છે.

જઠરના ભાગમાં જે નાડીતંતુઓનું ગુંછળું આવેલું છે, તેને **મણિપૂરચક્ર** કહે છે.

આંતરડાના ભાગમાં જે તંતુઓનું જાળું આવેલું છે, તેને **સ્વાધિષ્ઠાનચક્ર** કહે છે.

ગુદાસ્થાનમાં જે તંતુઓ જાળાંરૂપે ફેલાયલાં છે, તેને **મૂલાધારચક્ર** કહે છે.

મગજમાંના તંતુઓનાં જાળાંથી જે સૂક્ષ્મ તંતુ ચક્ર બન્યું છે, તેને **સહસ્રારચક્ર** કહે છે. આ ષડ્‌ચક્રમાં પ્રાણવાયુ રહેલો છે. તેમાં મંત્ર અથવા સંયમ કરવાથી ષડચક્રનું ભેદન થાય છે.

શ્વાસોચ્છ્વાસની સાથે પ્રાણાયામનો સંબંધ ગણવામાં આવે છે, તેનું ફળ એજ છે કે પ્રાણવાયુને પોતાના કબજામાં રાખવાની ટેવ પાડવી.

મનુષ્ય શરીરમાં પ્રાણનું અતિશય દૃશ્યસ્વરૂપ હોય તો તે ફેફસાંની હિલચાલ જ છે. તે બે બંધ થાય તો ઔદારિક શરીરની સાથેનો સંબંધ છૂટી જાય છે.

પ્રાણાયામ કરતી વખતે જ્યારે પ્રાણને અંદર ખેંચવામાં આવે છે, ત્યારે બાહ્યના પ્રાણવાયુથી અંદરનાં શરીરનાં તત્વો પોષાય છે અને તેથી ક્ષયરોગ વગેરે ઘણા રોગોનો મૂળમાંથી નાશ થાય છે.

છાતીનાં દર્દો વેગથી નાશ પામે છે.

કરજ કદિ કરવું નહીં.

મગજના તંતુઓ પર પ્રાણવાયુની અસર થતાં તે ઉત્તેજિત થાય છે.

બહારથી પ્રાણવાયુને અંદરમાં ખેંચવામાં આવે છે, ત્યારે તે સર્વત્ર નાડીઓમાં પ્રસરી જાય છે અને તેથી શરીરમાંના રક્તની શુદ્ધિ થાય છે.

ત્રણ માસ સુધી ત્રણ ચાર વખત એંશી એંશી પ્રાણાયામ કરવાથી શરીરનું કેટલાક અંશે બદલાવું થાય છે.

પૂરક કરતી વખતે બહારનો વાયુ માત્ર લેવામાં આવતો નથી, પણ તેની સાથે બીજા પણ પ્રાણતત્ત્વ પોષક તત્ત્વો લેવામાં આવે છે.

અને રેચક કરતી વખતે શરીરમાંના તમામ ભાગના મલિન પુદ્ગલ પરમાણુસ્કંધોને બહાર કાઢી નાખવામાં આવે છે.

આથી શરીર પર સત્તા ચલાવી શકાય છે અને તમામ વ્યાધિ દુઃખોનો નાશ કરી વિજય મેળવી શકાય છે.

પ્રાણાયામથી પ્રાણવાયુને એટલો બધો વશ કરવામાં આવે છે કે, શ્રીમદ્ **હેમચંદ્રસૂરિ** જેમ આકાશમાં એકવીશમી પાટ ઉપર અદ્ધર રહી વ્યાખ્યાન વાંચતા હતા, તેમ આકાશમાં અદ્ધર પણ રહી શકાય છે.

મેસમેરીઝમ વગેરે પ્રયોગો પણ પ્રાણાયામની સિદ્ધિથી સાધ્ય થાય છે. એમ અનુભવિયોના સંબંધથી સમજાય છે.

પ્રાણવાયુને યુક્તિથી સાધવો

પ્રાણવાયુનો નિરોધ હળવે હળવે કરવો જોઈએ. વનમાં રહેનારા હાથી, સિંહ વગેરે ક્રૂર પશુઓને ધીમે ધીમે યુક્તિથી પકડવામાં આવે છે, તો તે વશ થાય છે, પણ ત્વરાથી યુક્તિ વિના પકડવામાં તો આવે છે, જો પકડનારનો નાશ કરે છે, તેમ પ્રાણવાયુને યુક્તિથી હળવે હળવે વશ કરવામાં ન આવે તો સાધકને કાસ, શ્વાસ વગેરે રોગો થાય

કરજદાર કદિ પણ સ્વમાન જાળવી શકતો નથી.

છે અને તેનો નાશ થાય છે, માટે ગુરુગમપૂર્વક યુક્તિથી હળવે હળવે પ્રાણાયામ કરી પ્રાણવાયુને સાધવો જોઈએ.

"દેખાદેખી સાધે જોગ, પડે ધપાડ કે વાધે રોગ" એ વાક્યને સમજી કોઈ પ્રાણાયામના અનુભવી યોગી હોય, તેની પાસેથી પ્રાણાયામની વિદ્યા શિખવી જોઈએ.

પ્રાણાયામની ક્રિયા પુસ્તકમાં વાંચી એટલે પ્રાણાયામ પોતે કરવા બેસી જવું તે યોગ્ય નથી. અવશ્ય ગુરુગમ લેવાની જરૂર છે.

શરીરમાં ચોરાશી જાતના વાયુઓ છે, તે વિકૃતિ છે ત્યારે ભૂતના જેવા લાગે છે, પણ પ્રાણાયામ કરવાથી ચોરાશી જાતના વાયુઓની વિકૃતિ થતી નથી અને તે વશમાં રહે છે.

જેમ જે જે પદાર્થો ખાવામાં આવે છે તેમજ જે જે પદાર્થો પીવામાં આવે છે, તેની અસર મન ઉપર થાય છે અને મનની અસર આત્મા ઉપર થાય છે, તેવી જ રીતે પ્રાણાયામની અસર શરીર તથા મન ઉપર અસર થાય છે અને મનની અસર આત્મા ઉપર થાય છે.

પ્રાણાયામથી શરીર, મન અને આત્મા ઉપર સારી અસર થાય છે. ઔષધની પેઠે પ્રાણાયામ પણ મન અને આત્માની ઉચ્ચ દશામાં મદદ કરનાર બને છે; જ્ઞાનિઓના મનને પ્રાણાયામ જ્ઞાનમાર્ગમાં ઉચ્ચ અસર કરે છે.

જ્યાં સારી હવા હોય ત્યાં પ્રાણાયામ કરવાની આવશ્યકતા છે, એમ અનુભવી યોગીઓ જણાવે છે.

પ્રાણાયામનું લક્ષણ

प्राणायामो गतिच्छेदः, श्वासप्रश्वासयोर्मतः ।

रेचकः पूरकश्चैव, कुंभकश्चेति स त्रिधा–१ (શ્રી હેમચંદ્રસૂરિ)

श्वासप्रश्वासयोर्गतिविच्छेदः प्राणायामः (પતંજલિ)

---

૧ પૂર્વના સારરૂપ નવકાર મંત્ર છે.

શ્વાસ અને પ્રશ્વાસની ગતિનો વિચ્છેદ કરવો, નિરોધ કરવો, તેની ગતિને રોકવી, તેને પ્રાણાયામ કહે છે.

બહારનો વાયુ નસકોરાં વાટે અંદર જાય છે, તેને શ્વાસ કહે છે અને અંદરની અશુદ્ધ હવા નસકોરાં વાટે બહાર નીકળે છે, તેને પ્રશ્વાસ કહે છે.

જે શ્વાસ લેવામાં આવે છે, તે ફેફસાંમાં ચાલ્યો જાય છે અને ત્યાંથી પુનઃ બહાર આવે છે. છાતી અને પેટની વચ્ચે પડદો હોય છે. તે શ્વાસ લેવાના સમયમાં સંકોચાઈને નીચે ઉતરે છે.

યુવાન તંદુરસ્ત મનુષ્ય એક મિનિટમાં ચૌદથી અઢાર વખત શ્વાસ લઈ શકે છે. બાળપણમાં આ સંખ્યા વધારે હોય છે તેમજ માંદા માણસને પણ વધારે હોય છે.

શ્વાસ વખતે બહારનો વાયુ નાકમાં થઈને ગળાના પાછલા ભાગમાંથી કંઠમાં થઈ ફેફસામાં જાય છે.

કંઠમાં જે શ્વાસનળી છે, તેની લંબાઈ ચાર ઈંચની હોય છે અને તે કરોડની ગરદનના પાંચમા મણકાથી પીઠના બીજા મણકા સુધી જઈ તેના બે વિભાગ થાય છે. તે દરેક ભાગ એક એક ફેફસાંમાં જાય છે.

આ દરેક મોટા ભાગના વિભાગો થઈ ફેફસાંમાં ચારે બાજુએ ફેલાય છે, તેના પણ અનેક ભાગવિભાગ થતાં તેઓ ઘણા સૂક્ષ્મ થાય છે અને તેઓના છેડાના વિભાગોની બાજુએ તેમજ છેડાઓ ઉપર કરોડો સૂક્ષ્મ પરપોટીઓ હોય છે.

એ પારદર્શક હોઈ ફેફસાંની ઉપર તથા અંદર રહેલી છે. તેનો મહાન ઉપયોગ થાય છે.

એ પરપોટીઓ ઉપર લોહીમાં કેશવાહિનીઓની જાળ પથરાએલી છે. અને તેમાં શરીરનું બગડેલું લોહી ફરે છે.

વહેલા ઉઠી નવકાર મંત્રનું સ્મરણ કરો.

શ્વાસ લીધા પછી બહારની હવા આ પરપોટીઓમાં ભરાઈ રહે છે. તે હવા બગડેલા લોહી સાથે મળી જઈ અશુદ્ધ લોહીને શુદ્ધ કરે છે.

આ રીતે શ્વાસ અને પ્રશ્વાસથી શરીરમાં અનેક ફેરફાર થાય છે.

અન્નનળીની મારફતે જે હવા આપણે ગળીએ છીએ, તે હોજરી અને આંતરડાંમાંથી પસાર થાય છે અને મળદ્વાર વાટે નીકળી જાય છે.

જ્યારે હોજરી અને આંતરડાંમાં ખોરાક હોતો નથી, ત્યારે થોડી હવા ભરેલી રહે છે. તે મુખથી આવતા ઓડકાર અથવા મળદ્વારથી વાયુ છૂટે છે, તે દ્વારા બહાર નીકળી જાય છે.

શરીરમાં પાંચ પ્રકારના વાયુ મુખ્યતાએ રહે છે, તે નીચે મુજબ છે.

हृदि प्राणो गुदेऽपानः, समानो नाभिमण्डले ।
उदानः कण्ठदेशे स्यात्, व्यानः सर्वशरीरगः ॥१॥

હૃદયમાં પ્રાણવાયુ રહે છે. ગુદામાં અપાનવાયુ રહે છે. નાભિ-મંડલમાં સમાનવાયુ રહે છે. કંઠદેશમાં ઉદાનવાયુ રહે છે અને સર્વ શરીરને વ્યાપીને વ્યાન વાયુ રહે છે.

૧ પ્રાણ–શ્વાસ દ્વારા બહારનો પ્રાણવાયુ હૃદયમાં રહેનાર, સર્વે પ્રકારની લોહીની ચેષ્ટા કરાવનાર, શરીરને લઘુતા આપનાર તે પ્રાણ–

આ વાયુ મુખ, નસકોરાં, ડુંટી અને હૃદયમાં વહે છે. શબ્દનો ઉચ્ચાર, નિઃશ્વાસ, ઉચ્છ્વાસ અને ખાંસીના કારણરૂપ છે.

હૃદયમાં પ્રાણવાયુ મંત્ર જૈનું ધ્યાન ધરવું. હૃદયનું અનાહત ચક્ર છે. તે બાર પાંખડીનું કમળ છે. બાર અક્ષરથી યુક્ત છે. કં થી તે ઠં સુધી વર્ણોનું ત્યાં સ્થાપન કરી ધ્યાન ધરવાથી તેની સિદ્ધિ થાય છે. તેનો રંગ લાલ છે. આ ચક્ર સાધવાથી દેવોનાં દર્શન થાય છે. પ્રાણવાયુનો લીલો રંગ છે.

૨ અપાન–ગુદા, લિંગ, કટિ, જંઘા, ઉદર, બે વૃષણ, સાથળ અને ઢીંચણમાં રહેલો જે વાયુ છે, તે અપાન જાણવો.

મળમૂત્રને બહાર કાઢવું તથા વીર્યનું વિસર્જન એ તેનું કર્મ છે. અપાનવાયુ સાધવાનો મંત્ર પૈં છે. તેની સિદ્ધિથી અપાનવાયુ વશ થાય છે. ગુદામાં અપાન વાયુ છે, મૂલાધારચક્રનું સ્થાન ગુદા છે. એને ચાર પાંખડીઓ છે અને લાલ રંગ છે. ચાર પાંખડીઓમાં વં, શં, ષં, સં એ ચાર અક્ષરનો જાપ કરવો. તેના સાધ્યથી દેવ દર્શન આપે છે. અપાન વાયુનો રંગ કાળો છે.

૩ સમાન–નાભિમંડલમાં રહે છે. ખાધેલા પીધેલા રસોને સારી રીતે ચલાવી શરીરને પુષ્ટ કરી બધા રસોને તે તે નાડીઓમાં વહેંચી દે છે.

આ વાયુનો મંત્ર વૈં છે. એ ચક્રની દશ પાંખડીઓમાં ડં થી તે ફં સુધી અક્ષર સ્થાપન કરી તેનો જાપ કરવાથી દેવોઓ દર્શન આપે છે. સમાન વાયુનો વર્ણ ધોળો છે.

૪ ઉદાન–શરીર નમાવવું, શરીરને ઊંચું કરવું ઇત્યાદિ તેના મુખ્ય કૃત્યો છે.

પરા, પશ્યંતિ અને મધ્યમાં એ ત્રણ રૂપે આન્તર રહેલી જે વાણી તેને બહાર વૈખરીરૂપે સ્પષ્ટ કરનાર એવો આ વાયુ કંઠ દેશમાં મુખ્યત્વે રહે છે.

ઉદાનવાયુનો મંત્ર રૌં છે. કંઠમાં વિશુદ્ધ ચક્ર છે. તેમાં સોળ પાંખડીનું પદ્મ છે અને તે અ થી તે અઃ સુધીના અક્ષર સંયુક્ત છે. તેની સિદ્ધિથી વિદ્યાની વૃદ્ધિ થાય છે. આ વાયુનો રંગ લાલ છે.

---

૧ વે તેવુ લણે–આપે તેવું મેળવે.

૫ વ્યાન પ્રાણ અપાનને ધારણ કરવામાં મદદ કરનાર. તે એનો કુંભક કરવો વગેરે કૃત્ય આ વાયુથી થાય છે. આખા શરીરમાં વ્યાપીને રહે છે. આખા શરીરમાં લોહી વગેરેનો સંચાર કરાવનાર તથા સ્પર્શેન્દ્રિયનો સહાયીભૂત આ વાયુ છે.

વ્યાનનો લૌં મંત્ર છે. તેથી તે વાયુની સિદ્ધિ થાય છે. વ્યાનનો રંગ પંચરંગી છે. લિંગ ઉપર સ્વાધિષ્ઠાન ચક્ર છે. અને તેની છ પાંખડીમાં બં ભં મં યં રં લં એ છ અક્ષરનું ધ્યાન ધરવું.

આજ્ઞાચક્રનો શ્વેત વર્ણ છે. તેનું સ્થાન ભ્રકુટી છે. તેનો મંત્ર હ્રં છે. તેનાથી દેવની સિદ્ધિ થાય છે. બ્રહ્મરન્ધ્રમાં સહસ્રદલ ચક્ર છે, તેને કોઈ બ્રહ્મરન્ધ્ર ચક્ર કહે છે. એમાં વર્ણ માત્ર સમાય છે.

નાગ નામનો વાયુ ત્વચામાં રહે છે. કૂર્મ લોહીમાં રહે છે. કૃકર માંસમાં રહે છે દેવદત્ત ચરબીમાં રહે છે અને ધનંજય હાડકામાં રહે છે અને તેઓનાં મુખ્ય કર્મો અનુક્રમે ઓડકાર ખાવો, આંખે મટકાવવી, છીંક ખાવી, આળસ ખાવી અને સોજા ચડવા વગેરે છે.

દરરોજ પ્રાણાયામનો અભ્યાસ

પ્રથમ નાડીઓની શુદ્ધિ કરવા માટે મલશોધક પ્રાણાયામ કરવાની જરૂર છે અને તે માટે પ્રાણાયામનો અભ્યાસ કરવો જોઈએ.

નિત્ય અભ્યાસ કરવાથી અનુભવ થતો જાય છે અને મન શંકા વગરનું થાય છે.

દિવસમાં બે વખત સવાર અને સંધ્યાએ પ્રાણાયામ કરવાનો મહાવરો પાડવો જોઈએ.

ક્રોધ, માન, માયા અને લોભને વશ ન થાઓ.

સૂર્યના ઉદય અને અસ્ત સમયે સૃષ્ટિમાં સર્વત્ર પ્રાયઃ શાંતતા હોય છે. એ શાંતતાની અસર આપણા શરીર ઉપર થાય છે. રોજ પ્રાણાયામ કર્યા વિના ભોજન કરવું નહિ; એવો દૃઢ સંકલ્પ કરવો જોઈએ.

પ્રાણાયામ માટે એક જુદા સ્વતંત્ર હવાવાળા અને બાગવાળા સુંદર સ્થાનની જરૂર છે. પ્રાણાયામ જ્યાં કરવામાં આવતા હોય ત્યાં સાંસારિક ચર્ચા વગેરે કાર્યોનો ત્યાગ કરવો જોઈએ. સ્થાન પવિત્ર રાખવાની જરૂર છે.

શરીર સ્વચ્છ રાખવું તેમ તે વખતે મનમાંથી પાપના વિચારો કાઢી નાંખવા, પવિત્ર વિચારોથી સ્થાનને પવિત્ર કરવું, કે જેથી ત્યાં દુષ્ટ વિચારો રહે નહિ. ત્યાં જઈ પદ્માસન અથવા સિદ્ધાસન વગેરે આસનવાળી બેસવું.

છાતી, ફેફસાં, પેટ વગેરે ભાગો નાસિકાથી ખેંચી લીધેલી હવાથી પૂરવાં, તેને **પૂરક** કહે છે.

પૂરેલા પ્રાણવાયુને બહાર કાઢવો, તેને **રેચક** કહે છે.

બહારથી લીધેલા પ્રાણવાયુને નાક તથા મુખ બંધ રાખી તથા મૂલ, જાલંધર અને ઉડ્ડીયાન એ ત્રણ બંધ કરી ફેફસાંમાં અને ઉદરમાં ગોંધી રાખવો. તેને **કુંભક** કહે છે, કુંભકના અનેક ભેદ છે. તેમાંથી કેટલાકનાં નામ જણાવે છે.

કુંભકના પ્રકાર

૧ **સૂર્યભેદનકુંભક**—નાકનાં બે નસકોરાં છે. બેમાંથી પ્રાણવાયુ વહે છે. જમણામાંથી સૂર્ય પ્રાણવાયુ વહે છે અને ડાબામાંથી ચંદ્ર પ્રાણવાયુ વહે છે.

બહારના વાયુને જમણી નાસિકાથી ખેંચી આખા શરીરમાં બળ કરી પૂરવો. પછી ડાબી નાસિકા વાટે બહાર ધીરે ધીરે

સામાયિક એ બેઘડીનું શ્રાવક માટેનું ચારિત્ર છે.

કાઢવો તેને સૂર્યભેદન કુંભક કહે છે. આ પ્રાણાયામ વારંવાર કરવા યોગ્ય છે.

એથી મસ્તકની શુદ્ધિ થાય છે. મસ્તકના રોગ તથા કૃમિયો મટે છે. તેથી ચોરાશી જાતના વાયુઓ શમે છે. આ કુંભકનું અનુષ્ઠાન સ્વસ્તિક અથવા વજ્રાસનથી કરવું.

૨ ઉજ્જાયીકુંભક–સિદ્ધાસન કરી, મુખ બંધ કરી, સાધારણ શબ્દો બોલતી વખતે જેવી રીતે કંઠથી હૃદય સુધી જાય છે. તેવી રીતે અને તે પ્રમાણની ગતિથી બન્ને નસકોરાંથી વાયુને ખેંચી પાછી યથાશક્તિ કુંભક કરી ઈડાથી વાયુનો રેચ કરવાથી ઉજ્જાયી કુંભક થાય છે.

આ પ્રાણાયામ બેસતાં ઉઠતાં કરવા યોગ્ય છે અને તેથી કફના તથા વાયુના વિકારો શમે છે અને જઠર તથા જલંધર સંબંધી તમામ રોગો નાશ પામે છે. ઉધરસ, સળેખમ અને હૃદયનો રોગ ટળે છે અને ધાતુવિકારનો નાશ થાય છે.

૩ સીત્કારીકુંભક–બન્ને હોઠમાં જીભને અર્ધગોળાકાર રાખીને તે વાટે બહારના વાયુને સીત્કારપૂર્વક ખેંચીને પછી મુખ બંધ કરવું.

પછી યથાશક્તિ કુંભક કરીને બે નાસિકાથી વાયુનું રેચન કરવું, તેને સીત્કારી કુંભક કહે છે.

આથી કામદેવ સરખો રૂપાળો, યોગી થાય છે. ભૂખ અને તૃષાની પીડા શમે છે. નિદ્રા અને આળસનો નાશ થાય છે. શરીર બળવાન તથા નિરોગી બને છે.

સૂચના કે બહારનો વાયુ જીભવડે પૂરતી વખતે સીસી એવો શબ્દ સહેલથી થવો જોઈએ.

૪ શીતલીકુંભક–કાગડાની ચાંચની પેઠે મુખથી જિહ્વાને જરા બહિર કાઢી બહારના વાયુનો અંદર ખેંચી લઈ તેનો નખથી તે

અજ્ઞાનરૂપી અંધકાર શ્રુતજ્ઞાનવડે નાશ પામે છે.

શિખા સુધી કુલંક કરવો, પશ્ચાત્ શાંતપણે બન્ને નાસિકાથી તેનું રેચન કરવું, તેને શીતલીકુંભક કહે છે.

ગુલ્મ, પ્લીહા, તાવ, પિત્તવિકારો અને કોઈપણ પ્રકારના વિષવિકારોનો ઉપદ્રવ–આ કુંભક સિદ્ધ કર્યા પછી થતો નથી.

૫ **ભસ્ત્રિકાકુંભક**–પદ્માસન અથવા વીરાસન વાળી, કંઠ અને પેટ સીધાં રાખી તેમજ મુખ બંધ રાખી જેવી રીતે લુહાર પોતાની ધમણ ચલાવે છે, તેવી રીતે શરીરમાં રહેલા વાયુને પુનઃ પુનઃ ચલાયમાન કરવો.

તે એવી રીતથી કે કંઠ, ઉદર અને કપાલપર્યંત, ડાબા નસકોરાથી વાયુ ભરીને જમણી નાસિકાથી તરત રેચક કરીને ફરી તરત ડાબી નાસિકાથી પૂરક કરવો અને જમણી નાસિકાથી રેચક કરવો, એમ વારંવાર રેચકપૂરક કરવો.

થાક લાગે ત્યારે જમણી નાસિકાથી કુંભક કરી પછી યથાશક્તિ ડાબી નાસિકાથી વાયુનું રેચક કરવું, તેને ભસ્ત્રિકાકુંભક કહે છે.

સર્વ કુંભકોમાં આ કુંભક ઉત્તમ છે, માટે તે કરવો જોઈએ, એમ ખાસ યોગિઓ ભલામણ કરે છે. તેના અભ્યાસથી ત્રિદોષનો નાશ થાય છે. સુષુમ્ણાનું ભેદન કરવામાં આ કુંભક સારી મદદ કરે છે.

૬ **ભ્રામરીકુંભક**– ડાબી નાસિકાથી ભ્રમરગુંજારવની પેઠે ધ્વનિ થાય, તેમ વાયુને ખેંચવો. પશ્ચાત્ શક્તિ પ્રમાણે કુંભક કરવો. ભ્રમરગુંજારવની પેઠે જમણી નાસિકાથી રેચક કરવો, તેને ભ્રામરીકુંભક કહે છે.

આ કુંભકની સિદ્ધિથી ચિત્ત સ્થિર થાય છે. અંતઃકરણમાં આનંદ છવાય છે.

૭ મૂર્ચ્છાકુંભક–જમણી નાસિકાથી પૂરક કરી તે જ વખતે છેલ્લે જાલંધરબંધને કંઠમાં મજબૂતપણે સ્થાપી પછી યથાશક્તિ કુંભક કરી પછી પ્રાણવાયુનો બન્ને નસકોરાંથી હળવે હળવે રેચક કરવો, તેને મૂર્ચ્છાકુંભક કહે છે.

કેટલાક મહાત્માઓ ઉપર પ્રમાણે પૂરક કરી જાલંધર બંધ કર્યા પછી બન્ને હાથના બન્ને અંગુઠાથી બન્ને કાન અને બન્ને હાથની આંગળીઓથી નાક અને બાકીની આંગળીઓથી મુખ બંધ કરી યથાશક્તિ કુંભક કરે છે. પશ્ચાત્ જમણી નાસિકાથી વાયુનું રેચન કરે છે. આને કોઈ ષણ્મુખીમુદ્રા કહે છે.

૮ પ્લાવિનીકુંભક–પદ્માસન વાળી અને છાતીને બહાર કાઢી માથા ભણી બન્ને હાથ લાંબા કરી બન્ને હાથના અંગુઠાના આંકડા એક બીજાને મજબૂત ભીડી બહારના વાયુને ખેંચી પેટ પૂર્ણ ભરાય એવી રીતે ભરવો.

આ કુંભક સાધવાથી અગાધ જલમાં સુખે તરી શકાય છે. લેખકે પ્રાણાયામ પ્લાવિનીકુંભકથી બે ત્રણ માણસોને જલમાં તરતા દેખ્યા છે.

૯ મલશોધકપ્રાણાયામ—ઇડાથી (ડાબી નાસિકાથી) પૂરક કરી પ્રાણવાયુને ઉદરમાં પૂરવો. નિયમિત સમય સુધી કુંભક કરી તે વાયુને પિંગલાથી હળવે હળવે બહાર કાઢવો. પિંગલાથી પૂરીને કુંભક કરી ઇડાથી વાયુને બહાર કાઢવો.

આ પ્રમાણે વારંવાર પ્રતિદિન ત્રણ માસ પર્યંત અભ્યાસ કરવાથી મળની શુદ્ધિ થાય છે.

સૂચના કે મંદ મંદ વાયુનું રેચન કરવું. બહુ ઉતાવળથી શ્વાસ મૂકવાથી બળ ક્ષય પામે છે.

જ્ઞાનીના વચનો પ્રમાણે ચાલતાં ભવનો ભય ટળે છે.

નાસિકાથી પૂરક કર્યો હોય તે નાસિકાથી રેચક કરવો નહિ. જે નાસિકાથી રેચક કર્યો હોય તે નાસિકાથી પૂરક કરી શકાય.

બાહ્યવૃત્તિ પ્રાણાયામને રેચક કહે છે. આભ્યન્તરવૃત્તિ પ્રાણાયામને પૂરક કહે છે અને આભ્યંતરસ્થિરવૃત્તિ પ્રાણાયામને કુંભક કહે છે.

કેવલકુંભકપ્રાણાયામ—શરીરમાં રહેલો વાયુ આકાશની પેઠે સ્થિર રહે, મુખ અને નાસિકાનાં બે નસકોરાં બુદ્ધાં હોય તો પણ શ્વાસ અને પ્રશ્વાસની ગતિ બિલકુલ હોય નહિ, તેને કેવલકુંભકપ્રાણાયામ કહે છે. આ પ્રાણાયામ સાધ્ય થતાં સુધી સહિતકુંભકનો અભ્યાસ રાખવો.

સહિતકુંભકપ્રાણાયામ—બહારથી ખેંચી લીધેલા વાયુને નાક તથા મુખ બંધ રાખી ફેફસાં તથા પેટમાં ગોંધી રાખવો અને એજ પ્રમાણે શ્વાસથી પવન ખેંચી તરત પ્રશ્વાસદ્વારા રેચક કરવો. પુનઃ પુનઃ મુખને બંધ કરી વાયુને બહાર જ મૂકી રાખવો; એ બે પ્રકારસહિતને સહિતકુંભકપ્રાણાયામ કહે છે.

તેમાંના પ્રથમ પ્રકારને પૂરકસહિતકુંભક કહે છે અને બીજા પ્રકારને રેચકસહિતકુંભક કહે છે.

નિત્યપ્રાણાયામ—પૂરકથી કુંભક ચોગણો કરવો અને પૂરકથી રેચક બમણો કરવો. સમજો કે ચાર ગણતાં સુધી પૂરક કર્યા હોય તો કુંભક સોળ સુધી કરવો અને રેચક આઠ સુધી કરવો.

ડાબી નાસિકાથી વાયુનો પૂરક કરી જમણી નાસિકાથી રેચક કરવો. ૪–૧૬–૮ એમ વધતાં વધતાં ૨૦–૮૦–૪૦ તેમ જ ૫૦–૧૨૦–૧૦૦ સુધી વધવું.

પુરક, કુંભક અને રેચકમાં ૐ કારનું ચિંતન કરવું. દરરોજ ચાર વખત પ્રાણાયામ કરવા.

એકી વખતે એંશી પ્રાણાયામ કરવા. આમ દરરોજ ત્રણચાર

માસ સુધી પ્રાણાયામ કરવાથી નાડીઓની શુદ્ધિ થાય છે.

૧ ઉદરમાંથી ઘણા પ્રયત્નપૂર્વક વાયુને નાસિકામાંથી બહાર કાઢવો, તેને રેચકપ્રાણાયામ કહે છે.

૨ બહારથી નાસિકા દ્વારા વાયુને ખેંચીને ગુદાદ્વારપર્યંત પૂરવો, નાભિકમલમાં સ્થિર કરવો, તેને કુંભક કહે છે.

૩–૪ એક સ્થાનથી સ્થાનાંતરમાં વાયુને લઈ જવો, તેને પ્રત્યાહાર કહે છે. અને તાળવું, નાસિકા તથા મુખદ્વારથી વાયુનો નિરોધ કરવો, તેને શાન્ત કહે છે.

શાંત અને કુંભકમાં એટલો જ ફેર છે કે, કુંભકમાં નાભિકમલમાં વાયુને રોકવામાં આવે છે અને શાંતમાં તેવો નિયમ પણ નથી. નીકળવાનાં સ્થાનોથી વાયુને રોકવો તેવો સામાન્ય નિયમ છે.

૫–૬ બહારના વાયુનું પાન કરી ઊંચે ખેંચી હૃદયાદિકમાં ધારવો, તેને ઉત્તર પ્રાણાયામ કહે છે અને તેથી અવળી રીતે નાભિ આદિ નીચા પ્રદેશમાં વાયુને ધારી રાખવો, તેને અધરપ્રાણાયામ કહે છે.

૭ નાસિકા દ્વારા વાયુને ખેંચી અંદર પૂરવો, તેને પૂરકપ્રાણાયામ કહે છે.

રેચકપ્રાણાયામથી ઉદરની વ્યાધિ અને કફનો નાશ થાય છે. પૂરક પ્રાણાયામના યોગે શરીરની પુષ્ટિ થાય છે. તથા અનેક રોગોની શાંતિ થાય છે.

કુંભકપ્રાણાયામ કરવાથી હૃદયકમલ વિકસ્વર થાય છે. અંદરની ગાંઠ ભેદાય છે. શરીરમાં બળની વૃદ્ધિ થાય છે. ચિત્તની સ્થિરતા થાય છે. હૃદયના રોગો શમે છે.

પ્રત્યાહાર પ્રાણાયામથી સન્નિપાતની શાંતિ થાય છે. ઉત્તર અને અધર પ્રાણાયામની સેવાથી કુંભકની સ્થિરતા થાય છે.

ઇડા અને પિંગલાના પ્રાણવાયુમાં પિંગલાનો પ્રાણવાયુ પ્રબલ છે અને ઇડાનો પ્રાણવાયુ નિર્બલ છે.

ઇડા નાડીનો પ્રાણવાયુ પ્રવાહ, મગજ અને કરોડરજ્જુરૂપી વિદ્યુત્ ઉત્પન્ન કરનાર યંત્રસ્થાનની ડાબી તરફથી જાય છે અને પિંગલાનો પ્રાણવાયુ તેની જમણી તરફથી જાય છે. તે બન્ને પ્રવાહો બ્રહ્મગ્રન્થિમાં એકઠા મળે છે.

જ્યારે કેવલ કુંભક કરવામાં આવે છે, ત્યારે બ્રહ્મગ્રન્થિમાંની ઉષ્ણતા વધવા માંડે છે અને તેના ધક્કા આધારચક્રમાં રહેલી કુંડલિની શક્તિ ઉપર પડે છે, તેથી કુંડલિની નાડી સર્પાકારે હોય છે, તો પણ સિદ્ધ થઈ જાય છે અને પ્રાણ સીધો જ સુષુમ્ણાદ્વારમાં પેસી પ્રત્યેક ચક્રોને ભેદતો ભેદતો બ્રહ્મરન્ધ્ર સુધી જાય છે, ત્યારે મનોવૃત્તિ શાંત થવાથી અનેક ભવની વાસનાઓના સંસ્કારોની નષ્ટતા થાય છે અને વિવેકબુદ્ધિ કે જેને અન્ય લોકો વિવેકખ્યાતિ કહે છે, તે ઉત્પન્ન થાય છે.

બ્રહ્મરન્ધ્રમાં પ્રાણ જાય તે માટે સહિતકુંભક અને કેવલ કુંભક પ્રાણાયામની અત્યંત આવશ્યકતા છે.

મેરુદંડમાં જ્યારે પ્રાણવાયુનો પ્રવેશ થાય છે, ત્યારે તે ઉપર ચઢે છે, એવો અનુભવ થાય છે, તે વખતે આનંદની છાયાની ઝાંખીનો અનુભવ આવે છે.

પૂરક વખતે મૂળબંધ કરવો જોઈએ અને તે વખતે સર્વ ગુણોને પ્રગટ કરું છું, એવો વિચાર કરવો.

કુંભક વખતે સર્વ ગુણોને સ્થિર કરું છું, એવો દૃઢ સંકલ્પ કરવો.

રેચક વખતે દુર્ગુણોને કાઢી નાખું છું, એવો વિચાર કરવો.

કુંભક વખતે જાલંધર બંધ કરવો અને રેચક વખતે ઉડ્ડીયાન બંધ કરવો.

હસો અને પુષ્ટ બનો.

૩૬ છત્રીશ માત્રાવાળા પ્રાણાયામને ઉત્તમ કહેવામાં આવે છે, માટે કનિષ્ઠ પ્રાણાયામથી ઉત્તમ પ્રાણાયામ સુધી ચઢવું. ઉત્તમ પ્રાણાયામની સિદ્ધિથી પ્રત્યાહારમાં પ્રવેશ કરી શકાય છે.

જઘન્યપ્રાણાયામમાં પરસેવો વળે છે, પણ તે પરસેવો લૂછવો નહિ, પરંતુ શરીર પર મસળી દેવો.

મધ્યમ પ્રાણાયામમાં કંપારી છૂટે છે. ઉત્તમ પ્રાણાયામમાં ચિત્ત થાકી જાય છે. પ્રત્યેક પ્રાણાયામ લોમ વિલોમ ગતિથી પ્રાતઃકાળ, મધ્યાન્હે, સાયંકાળે અને મધ્યરાત્રીમાં એંશી એંશી કરવા, એમ સંપૂર્ણ દિવસમાં ૩૨૦ ત્રણસો ને વીશ પ્રાણાયામો જરૂર કરવા જોઇએ.

કેટલાક યોગીઓ પૂરક, રેચક અને કુંભક વખતે અહૅંમંત્રનું સ્મરણ કરે છે.

પાંચ ઘડી સુધી પ્રાણાયામથી સ્થિરતાને ધારણા કહે છે. એક દિવસ સુધી ટકી રહે, ત્યારે તે ધ્યાન કહેવાય છે. બાર દિવસ સુધી ટકી રહે, ત્યારે તે સમાધિ કહેવાય છે, એમ કેટલાક અન્ય દર્શનવાળા યોગીઓનો સિદ્ધાંત છે.

પ્રવેશ વખતે પ્રાણની સ્વાભાવિક ગતિ બાર આંગળની હોય છે.

એ બાર આંગળમાંથી એક આંગળની ગતિ ઓછી કરવામાં આવે તો નિષ્કામપણું પ્રાપ્ત થાય છે.

બે આંગળ ન્યૂન થવાથી આનંદનો આવિર્ભાવ થાય છે.

ત્રણ આંગળ ન્યૂન થવાથી કવિત્વશક્તિ પ્રાપ્ત થાય છે.

ચાર આંગળ ન્યૂન થવાથી વચનસિદ્ધિ પ્રાપ્ત થાય છે.

પાંચ આંગળ ન્યૂન થવાથી દૂરદૃષ્ટિત્વ પ્રાપ્ત થાય છે.

છ આંગળ ન્યૂન થવાથી આકાશગમનની સિદ્ધિ પ્રાપ્ત છે.

પદ્ધતિસર કામ એટલે જ સફળતા.

સાત આંગળ ન્યૂન થવાથી પ્રચંડ વેગ પ્રાપ્ત થાય છે.

આઠ આંગુલ ન્યૂન થવાથી સિદ્ધિયોગ પ્રાપ્ત થાય છે.

નવ આંગુલ ન્યૂન થવાથી નવનિધિ પ્રાપ્ત થાય છે.

દશ આંગુલ ન્યૂન થવાથી અનેક રૂપો લેવાની શક્તિ પ્રગટે છે.

અગીયાર આંગુલ ઓછી થવાથી છાયાનો નાશ થાય છે.

અને બાર આંગુલ ઓછી થવાથી પરમાત્મપદ પ્રાપ્ત થાય છે.

તે સંબંધમાં કેટલાક યોગિઓ નાસિકાથી બ્રહ્મરન્ધ્ર સુધી એકથી તે બાર આંગળ વાયુની ન્યૂનતા ગણે છે. तत्त्वं ज्ञानिगम्यं.

સર્વ પ્રાણાયામોમાં કેવલ કુંભક પ્રાણાયામની વિશેષતઃ શ્રેષ્ઠતા પ્રતિપાદન કરી છે.

ત્રિપુટીમાં ચક્ષુ મીંચીને લક્ષ્ય લગાવી કેવલ કુંભક કરવાથી રજોગુણ અને તમોગુણનો નાશ થાય છે.

શવાસનથી કેવલ કુંભક પ્રાણાયામ કરતાં ચિત્તની સ્થિરતા વહેલી થાય છે.

આંખો મીંચી સ્વાધિષ્ઠાનચક્રમાં લક્ષ્ય રાખી કેવલ કુંભક પ્રાણાયામ કરતાં કામની વાસનાઓ શમી જાય છે અને કુંડલીનું ઉત્થાન સહેજે થાય છે.

વિપરીત કરણી આસને પ્રાણાયામ કરવાથી નાદ શ્રવણ થાય છે.

વિપરીત કરણી આસને ચાર ચાર વખતે એંશી એંશી પ્રાણાયામો ત્રણ બંધપૂર્વક કરવાથી સાત દિવસમાં નાદ શ્રવણ થાય છે.

પણ તેમાં સૂચના કે, પ્રથમથી જેને પ્રાણાયામનો અભ્યાસ હોય તેને માટે આ કથન છે.

વિપરીત કરણી આસને કેવલ કુંભકના ઉત્તમ પ્રાણ કરવાથી ત્રણ દિવસમાં નાદશ્રવણની શરૂઆત થાય છે.

ટાપટીપવાળા કરતાં અનુકૂળ અને શોભતો પોશાક પહેરો.

બીજી રીતથી નાદશ્રવણ કરવાનું આસન બતાવે છે.

પ્રથમ વૃક્ષાસન પાંચ મિનિટ ટકે ત્યાં સુધીનો અભ્યાસ કરવો.

વૃક્ષાસન આસને રેચક, પૂરક અને કુંભક પ્રાણાયામ કરવા.

ત્રણ દિવસ સુધી ચાર ચાર વખત એંશી એંશી પ્રાણાયામ કરવાથી નાદશ્રવણ થાય છે અથવા વૃક્ષાસન વડે કેવલ કુંભક પ્રાણાયામ દરરોજ ચાર વખત વીશ વીશ કરવા.

એમ ત્રણ દિવસ સતત પ્રાણાયામ કરવાથી એકદમ નાદશ્રવણ થયા કરે છે. વારંવાર નાદશ્રવણ સંભળાય છે, એવો લેખકનો સ્વાનુભવ છે.

આ બે આસનની રીત બતાવી તે પ્રમાણે કેવલ કુંભક આદિ પ્રાણાયામ અભ્યાસ કરતાં લેખકને ત્રણ દિવસમાં નાદશ્રવણ થયું હતું.

ઘણા અભ્યાસીઓને એ પ્રમાણે લેખકે ત્રણ દિવસમાં પ્રાણાયામથી નાદશ્રવણ કરાવ્યું છે અને ભવિષ્યમાં કરાવશે.

પ્રાણાયામ કરનારે ખારૂં, ખાટું અને તીખું ખાવું ન જોઈએ.

પ્રાણાયામ કરતી વખતે હસવું તથા બોલવું નહિ.

પ્રાણાયામના સાધકે નિયમિત આહાર કરવો જોઈએ. નિયમિત વખતે શયન કરવું. નિયમિત બોલવું, નિયમિત ચાલવું.

પ્રાણાયામ કરનારે બ્રહ્મચર્ય પાળવું જોઈએ. યોગનાં પુસ્તકોનું મનન કરવું અને ઉપાધિનાં સ્થાનકો તથા મનુષ્ય પરિચયથી દૂર રહેવું.

સુષુમ્ણાભેદક આસને એક વખતે એંશી એંશી પ્રાણાયામ કરવાથી સાત દિવસમાં નાદશ્રવણ થાય છે. લેખકનો એ બાબતનો અનુભવ છે.

આ આસનનું જ્ઞાન ગુરુગમથી કરવું. યોગી લોક યોગ્યતા વગર આસન બતાવતા નથી. ગુરુની મહાકૃપા થાય તો તેઓ આ આસન બતાવે છે.

આત્મવિશ્વાસ અશકયને પણ શકય બનાવે છે.

સુષુમ્ણાભેદક આસને એક માસ કેવલ કુંભક પ્રાણાયામ કરવાથી કુંડલીનું ઉત્થાન થાય છે. પણ યાદ રાખવું કે પહેલાં પૂરક, કુંભક અને રેચક પ્રાણાયામ સિદ્ધ કર્યા હોય તેણે આ આસનથી કેવલ કુંભક પ્રાણાયામ કરવા.

આ આસને કેવલ કુંભક પ્રાણાયામ કરતાં મૂલાધાર ચક્રમાં લક્ષ્ય રાખવું અને ઉડ્ડીયાન બંધ ધારણ કરવો.

જમ્યા પહેલાં ઉડ્ડીયાન બંધ કરવો.

નાભિકમલ પાસે કુંડલી સાડા ત્રણ આંટાવાળી પડેલી છે. તેના ઉપર ઉડ્ડીયાન બંધપૂર્વક કેવલ કુંભક પ્રાણાયામથી આઘાત પડે છે, તેથી તેનું ઉત્થાન થતાં પ્રાણવાયુ મેરુદંડમાં પ્રવેશ કરી બ્રહ્મરન્ધ્રમાં સ્થિર થાય છે અને તેથી સમાધિ દશા પ્રાપ્ત થાય છે.

છાતીના દર્દવાળાએ કેવલ કુંભક પ્રાણાયામ કરવા. પ્રાણવાયુને ફેફસાંમાં ભરી તેનું રેચક કરવાથી પણ ફેફસાંનું પોષણ થાય છે. ક્ષયરોગ જેવા મહાભયંકર વ્યાધિઓ પણ પ્રાણાયામથી ટળી જાય છે.

જેનું માથું બહુ દુઃખતું હોય તેણે સૂર્ય નાડીથી પૂરક કરી કુંભક કરવો અને ડાબી નાસિકાથી રેચક કરવો.

વારંવાર એમ દસ દિવસ કરવાથી મસ્તકના સ્નાયુઓની શુદ્ધિ થશે અને જ્ઞાનતંતુઓને ઉત્તેજન મળશે. વાયુવિકૃતિ ટળી જશે. પ્રાણાયામ કરનારે ત્રાટકની સિદ્ધિ કરવી.

ત્રાટક

ત્રાટક બાહ્ય અને અન્તર એ બે પ્રકારનો છે. બાહ્ય કોઈ વસ્તુમાં એક સ્થિર દૃષ્ટિથી જોઈ રહેવું. આંખના પલકારા થાય નહિ, પણ આંખમાં પાણી આવે એટલે થાક ખાવો. પુનઃ ત્રાટકનો અભ્યાસ શરૂ કરવો.

ત્રાટક કાળી વસ્તુ ઉપર કરવાથી આંખોને કોઈ જાતની ઈજા

દુનિયા હિંમતવાનને વખાણે છે.

થતી નથી. કેવલ કુંભક પ્રાણાયામ કરતી વખતે ત્રાટકનો અભ્યાસ વિશેષ ઉપયોગી છે.

પ્રથમ પાંચ મિનિટ, પછી દશ, પંદર, વીસ, પચ્ચીશ, ત્રીશ, પાંત્રીશ, ચાલીશ, પિસ્તાલીશ, પચ્ચાશ, પંચાવાન અને સાઠ મિનિટ એ પ્રમાણે ત્રાટકનો અભ્યાસ અવિચ્છિન્નપણે વધારતા જવું.

કેવલ કુંભકપ્રાણાયામ કરતી વખતે પણ આ પ્રમાણે અભ્યાસની શરૂઆત અને તેટલી સ્થિતિમાં કરવી.

પ્રાણાયામ વિના પણ ત્રાટકનો અભ્યાસ વધારવો. કોઈ કાળા રંગના પુષ્પ ઉપર ત્રાટક કરવો અથવા કોઈ ઉપર ૐ કાર લખી આંખના સમાન પ્રદેશે સ્થાપી કલાક અથવા અર્ધા કલાક સુધી અભ્યાસ કરવો.

કોઈ ઇષ્ટદેવની પ્રતિમા અથવા સદ્‌ગુરુની છબી ઉપર પણ કલાક અથવા અર્ધા કલાક પર્યંત ત્રાટકનો અભ્યાસ કરવો. પશ્ચાત્ નાસિકાના અગ્રભાગ ઉપર એક કલાક પર્યંત ત્રાટકનો અભ્યાસ કરવો.

ૐ કાર પર પ્રથમ ત્રાટક કરીને નાસિકા ઉપર દૃષ્ટિ સ્થાપન કરતાં ૐ કાર પણ નાસિકા ઉપર દેખાય, તેમ થાય ત્યારે સમજવું કે હવે ત્રાકટની સિદ્ધિ થઈ.

ત્રાટક કરતી વખતે મનમાં કોઈ પણ જાતના વિચાર કરવા નહીં. જે જે વિચારો આવે તેને દૂર કરવા.

આંખને કોઈ જાતની ગરમી ન લાગે તેની સાવચેતી રાખવી. નાસિકાના અગ્ર ભાગ ઉપર કેવલ કુંભક પ્રાણાયામપૂર્વક અભ્યાસ કરવો. કેવલકુંભક વિના પણ જ્યારે એક કલાક પર્યંત નાસિકાના અગ્ર ભાગ ઉપર ત્રાટક રહે, ત્યારે ત્રિપુટીમાં ત્રાટક કરવો.

ત્યાં એક કલાક ત્રાટક રહે, ત્યારે આંખોની નસોમાં જે પ્રાણવાયુ છે, તેની શુદ્ધિ થાય છે અને ત્રિપુટીમાં ત્રાટક કરતાં ચક્ષુની નસોની

ગૃહસ્થાશ્રમને શોભા આપો.

નબળાઈ નાશ પામે છે. ચક્ષુની શક્તિ વધે છે અને ચક્ષુના રોગ નાશ પામે છે.

ત્રિપુટીમાં કેવલકુંભક પ્રાણાયામ કરવાથી મનની શાંત દશા થાય છે અને વિકલ્પસંકલ્પ ક્ષય પામે છે.

ત્રિપુટીમાં એક કલાક પર્યંત કેવલ કુંભકપ્રાણાયામપૂર્વક ત્રાટક થવાથી ઈષ્ટદેવોનાં દર્શન થાય છે તેમજ તન્દ્રાવસ્થામાં પણ ઈષ્ટદેવનાં અને યોગીઓનાં દર્શન થાય છે.

પ્રાણાયામથી રોગને હરવા જોઈએ.

શરીરના કોઈપણ દેશમાં પાંચ પ્રકારના વાયુમાંનો કોઈપણ વાયુ વર્તે છે.

જે સ્થાનમાં રોગ થયો તે રોગનો વિનાશ કરવા પ્રથમ પૂરક કરી તે સ્થાનમાં લક્ષ્ય રાખી ત્યાં કુંભક કરવો અને મનમાં એવો દૃઢ સંકલ્પ કરવો કે અમુક રોગનો નાશ થાઓ. આ પ્રમાણે દૃઢ સંકલ્પપૂર્વક વારંવાર પૂરક, કુંભક અને રેચક તે ઠેકાણે કરવાથી ત્યાં થએલો રોગ અમુક વખતમાં દૂર થઈ જાય છે.

અથવા પાંચ પ્રકારના વાયુમાંના સ્થાનમાંથી અમુક વાયુ જ્યાં રહેતો હોય ત્યાં તે વાયુનો બીજમંત્ર પૂરક, કુંભકપૂર્વક ગણવો.

પણ સૂચના કે પ્રથમ રોગનો નાશ કરવા સંકલ્પ કરી પછી આ પ્રમાણે વાયુ બીજમંત્ર ગણવો. આ પ્રમાણે કરવાથી રોગનો અમુક વખતમાં નાશ થાય છે. પાંચ પ્રકારના વાયુ વશ કરવા માટે પાંચ પ્રકારના વાયુની ધારણા કરવી જોઈએ.

ધારણાનું સ્વરૂપ

સિદ્ધાસન અથવા પદ્માસન બેસી હળવે હળવે વાયુને બહાર કાઢી નાસિકાના ડાબા છિદ્રથી પ્રાણવાયુને અંદર ખેંચી પાદના અંગુષ્ઠ

વાણી હાથ અને પેટને સયંમમાં રાખો.

સુધી પહોંચે ત્યાં સુધી પૂરવો, પશ્ચાત્ આદ્યમાં પગના અંગુષ્ઠ પર મનને રોકવું.

જ્યાં મન ત્યાં વાયુ, એ ન્યાયથી અંગુષ્ટ પર મન રોકતાં વાયુ પણ ત્યાં રોકાય છે. પશ્ચાત્ અનુક્રમે પગનાં તળિયાં ઉપર મનને રોકવું. ત્યારપછી પાનીમાં મનને રોકવું. ત્યારબાદ ગુલ્ફામાં મનને સ્થાપવું. ત્યારબાદ જંઘામાં મનને રૂંધવું. ત્યારપછી જાનુમાં મનને રૂંધવું. ત્યારપછી સાથળમાં મનને રોકવું. ત્યારબાદ ગુદામાં મનને ધારી રાખવું. ત્યારપછી લિંગમાં મનને ધારી રાખવું. ત્યારપછી નાભિમાં મનને રૂંધવું, ત્યારપછી ઉંદરમાં મનને સ્થાપવું. ત્યારબાદ હૃદયમાં મનનું સ્થાપન કરવું. ત્યારપછી કંઠમાં મનનું સ્થાપન કરવું. ત્યારપછી જિહ્વા પર મનને રોકી રાખવું. ત્યારબાદ તાલુમાં મનને સ્થાપન કરવું, ત્યારપછી નાસિકાના અગ્ર ભાગ પર મનને રોકી રાખવું ત્યારપછી બે નેત્રમાં મનને ધારવું. ત્યારપછી ભ્રૂકુટિમાં મનને ધારી રાખવું. ત્યારપછી કપાલમાં મનને ધારી રાખવું. ત્યારબાદ મસ્તકમાં મનને ગોંધી રાખવું. અનુક્રમે એક સ્થાન પછી એક, એમ આગળ વધતાં વધતાં ઠેઠ મનની સાથે બ્રહ્મરન્ધ્રપર્યંત પ્રાણવાયુને લઈ જવો. ત્યારપછી બ્રહ્મરન્ધ્રથી ક્રમે ક્રમે તે તે સ્થાનોમાં મનને રોકી રાખી ઠેઠ પગના અંગુષ્ઠ સુધી આવવું. ત્યારપછી ત્યાંથી મનને નાભિકમલમાં લઈ જઈ વાયુનો રેચક કરવો.

વાયુની ધારણાનું ફળ

પગના અંગુષ્ઠમાં, જંઘામાં, ઘુંટણમાં, સાથળમાં, ગુદામાં અને લિંગમાં અનુક્રમે વાયુની ધારણા કરવાથી ઉતાવળી ગતિ અને બળની પ્રાપ્તિ થાય છે. નાભિમાં વાયુની અમુક વખત સુધી ધારણા કરવાથી અનેક પ્રકારના જ્વર ઉતરી જાય છે.

જઠરમાં વાયુની ધારણા ધારવાથી મળ સાફ઼ ઉતરવાથી શરીરની શુદ્ધિ થાય છે.

વાણી વડે પ્રાણી પરખાય.

હૃદયકમલમાં વાયુની ધારણા ધારવાથી પ્રતિદિન વિદ્યાની વૃદ્ધિ થતી જાય છે.

કૂર્મનાડીમાં ધારણા ધારવાથી વૃદ્ધત્વ તથા અનેક રોગોનો નાશ થાય છે.

વૃદ્ધાવસ્થામાં પણ યુવાનની પેઠે કાર્ય કરી શકાય છે.

કંઠમાં વાયુને ધારણ કરવાથી ક્ષુધા અને તૃષા લાગતી નથી. ક્ષુધાતૃષા ઉપશમે છે.

જિહ્વાના અગ્ર ભાગ ઉપર વાયુની ધારણા કરવાથી સર્વ પ્રકારનાં રસનું જ્ઞાન થાય છે.

નાસિકાના અગ્ર ભાગ ઉપર મનપૂર્વક વાયુને રોકવાથી ગંધનું જ્ઞાન થાય છે.

ચક્ષુમાં મનપૂર્વક વાયુની ધારણા ધરવાથી અનેક પ્રકારનાં રૂપોનું જ્ઞાન થાય છે.

કપાલમાં ધારણા ધરવાથી કપાલના રોગનો નાશ થાય છે અને ક્રોધની શાંતિ થાય છે. જેઓને ઘણો ક્રોધ થતો હોય તેઓએ કપાલમાં મનને રોકી રાખવું.

આ પ્રમાણે ઘણો અભ્યાસ કરવાથી ઘણો ક્રોધનો જુસ્સો પ્રગટતો બંધ થઈ જશે.

બ્રહ્મરન્ધ્રમાં મનપૂર્વક વાયુને ધારણ કરવાથી મહાત્મા પુરુષોનાં દર્શન થાય છે.

પૂર્વોક્ત સ્થાનમાં સંયમ કરવાથી પણ તેવા પ્રકારની શક્તિઓ પ્રગટે છે.

હૃદયમાં મનને રોકવાથી થતું ફળ

વાયુની સાથે હળવે હળવે મનને ખેંચીને હૃદયકમલમાં મનને પ્રવેશ કરાવવો. મનનો ત્યાં પ્રવેશ થયા બાદ તેને રોકી રાખવું.

હૃદયમાં મનને રૂંધવાથી અવિદ્યા (અજ્ઞાન)નો નાશ થાય છે.

તેમજ પાંચ ઇન્દ્રિયોના વિષયોની ઇચ્છા વિરામ પામે છે. તેમજ અનેક પ્રકારના વિકલ્પોનો વિરામ થાય છે.

અને અન્તરમાં જ્ઞાન પ્રગટી નીકળે છે. તેમજ વાયુની ક્યા મંડલમાં ગતિ છે, ક્યા તત્ત્વમાં સંક્રમ એટલે પ્રવેશ થાય છે, ક્યાં ગમન કરી વિશ્રામ પામે છે અને હાલ કઈ નાડી ચાલે છે; ઇત્યાદિ સર્વ બાબતો હૃદયમાં મન સ્થિર કરવાથી જાણી શકાય છે.

ચાર પ્રકારનાં મંડલો

પાર્થિવ, વારૂણ, વાયવ્ય અને આગ્નેય, આ ચાર મંડલો નાસિકાના નસકોરામાં કહ્યાં છે.

૧ પાર્થિવ બીજથી પરિપૂર્ણ, વજ્રના લાંછનથી યુક્ત, ચાર ખૂણાવાળું અને તપાવેલા સુવર્ણસમાન પાર્થિવ મંડલ છે.

પાર્થિવ બીજ લ અક્ષર છે. કેટલાક યોગીઓ તેને પાર્થિવ બીજ કહે છે. **શ્રીહેમચંદ્રાચાર્યજીએ** લ્ષને પાર્થિવ બીજ માન્યું છે.

૨ અષ્ટમીના ચંદ્રસમાન આકારવાળું, વારૂણલક્ષણ વકારથી લાંછિત, ચંદ્રસમ શ્વેત, અમૃત ઝરવાથી વ્યાપ્ત થએલું એવું વારૂણ મંડલ છે.

૩ તૈલાદિકથી મિશ્રિત કરેલા અંજન સમાન ગાઢ શ્યામ કાંતિવાળું ગોલાકારવાળું, બિંદુનાં ચિહ્નોથી વ્યાપ્ત, દુર્લક્ષ્ય પવનબીજ યકારથી આચ્છાદિત ચંચળ વાયુમંડલ જાણવું.

૪ ઊંચી જ્વાલાથી વ્યાપ્ત, ભયંકર, ત્રણ ખૂણાવાળું, સ્વસ્તિક લાંછનવાળું, અગ્નિના કણિયાસમાન પીતવર્ણી અને અગ્નિ બીજ રેફ સહિત આગ્નેય મંડલ જાણવું.

અત્યંતાભ્યાસના અનુભવથી યોગી આ ચાર મંડલને જાણી શકે છે.

આ ચારે મંડલમાં વહેતો વાયુ અનુક્રમે ચાર પ્રકારનો જાણવો. પુરંદર વાયુનો વર્ણ પીલો છે. સ્પર્શ કંઇક શીત અને ઉષ્ણતાયુક્ત છે અને તે નાસિકાના વિવરને પૂરી, શનૈઃ શનૈઃ અષ્ટાંગુલ પ્રમાણ બહાર વહન થાય છે.

શ્વેતવર્ણવાળા શીતસ્પર્શયુક્ત અને નીચી દિશાએ બાર આંગુલ પ્રમાણે ઉતાવળથી વહન થતા વાયુને વરૂણવાયુ કહે છે. પવન સંજ્ઞક વાયુ કંઇક ઉષ્ણ અને કંઇક ઠંડો છે. તેનો વર્ણ કાળો છે અને અહર્નિશ છ આંગુલ પ્રમાણે તિર્છો વહે છે.

બાલસૂર્ય સદૃશ રક્તવર્ણ અતિ ઉષ્ણ સ્પર્શવાળો અને વંટોળીયાની પેઠે ઉર્ધ્વ ચાર અંગુલ વહે તે દહનસજ્ઞક વાયુ જાણવો.

વાયુ વહેતી વખતે કાર્યો

પુરંદર વાયુ વહેતાં સ્તંભનાદિ કાર્ય કરવાં. સારાં કાર્ય વરૂણ વાયુમાં કરવાં. મલિન અને ચંચળ કાર્યો પવન વાયુમાં કરાય છે અને વશીકરણાદિ કાર્યો વિહ્ન સંજ્ઞક વાયુ ચાલતી વખતે કરાય છે.

વહેતા વાયુમાં પ્રશ્નફલ

પુરંદર વાયુ વહેતી વખતે સ્થિર કાર્યના પ્રશ્નોથી મનોવાંછિત ફળ થાય છે તેમજ તે વખતે આરામ, હાથી અને રાજ્ય વગેરે બાબતોનાં કાર્યો કરતાં ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય છે.

પ્રશ્ન અથવા પ્રારંભ વખતે વરૂણવાયુ વહેતો હોય તો પુત્ર, સ્વજન બંધુઓ અને ઉત્તમ વસ્તુઓની સાથે મેળાપ થાય છે.

પ્રશ્ન અથવા કાર્ય પ્રારંભ સમયે પવન નામનો વાયુ વહેતો હોય તો ખેતી અને સેવા વગેરે કાર્યો ઉત્તમ ફળ આપવા તૈયાર થયાં હોય તો પણ તેનો નાશ થાય છે તેમજ મૃત્યુ, ભય, કલેશ અને ત્રાસ વગેરે ઉત્પન્ન થાય છે.

દહન વાયુ હોય તો ભય, શોક, રોગ, દુઃખ વિઘ્નવૃન્દપરંપરા અને લક્ષ્મીનાશ, ઇત્યાદિ ફળ પ્રાપ્ત થાય છે.

ડાબી અને જમણી નાડીમાં થઈ આ ચારે મંડળમાં પ્રવેશ કરતા વાયુ સર્વે શુભ ફળ દેવાવાળા છે અને મંડલમાંથી નીકળતા અશુભ ફળ દેનારા જાણવા.

વાયુ જ્યારે મંડલમાં પ્રવેશ કરે છે, ત્યારે તે જીવાડતો હોવાથી જીવ કહેવાય છે અને મંડલમાંથી બહાર નીકળે છે, ત્યારે તે મારતો હોવાથી મૃત્યુ કહેવાય છે; તેથી સારાંશ કે–ફળ પણ તેવું જ મળે છે.

જ્યારે વાયુ પૂરકરૂપે મંડલમાં પ્રવેશ કરે છે, ત્યારે જો કોઈ પ્રશ્ન કરે તો પૂછેલા કાર્યની સિદ્ધિ થાય છે અને જ્યારે વાયુ રેચકરૂપે મંડલમાંથી બહાર નીકળે છે, ત્યારે પૂછેલું કાર્ય સિદ્ધ થતું નથી.

આ પ્રમાણે વાયુના પ્રવેશ તથા રેચન પરત્વે ફળ જાણવા યોગ્ય છે. પ્રાણાયામના અભ્યાસીને આ બાબતની વિશેષ ગમ પડે છે.

શ્વાસનો પ્રકાશ ભ્રકુટિચક્રથી હોય છે અને તે વંકનાલમાં થઈ નાભિમાં નિવાસ કરે છે અને નાભિથી ઈડા પિંગલા વાટે બહાર નીકળે છે. સુષુમ્ણા નાડી વાટે પણ બહાર નીકળે છે.

પ્રાણાયમનું સ્વરૂપ :

પ્રાણાયામના બે ભેદ છે. ૧ વ્યવહાર પ્રાણાયામ. ૨ નિશ્ચય પ્રાણાયામ. વ્યવહાર પ્રાણાયામનું ઉપર પ્રમાણે સ્વરૂપ જાણવું અને નિશ્ચયનયથી પોતાના સ્વરૂપમાં લીન થવું.

સમતા, એકતા અને લીનતા રૂપે આત્માનું જે પરિણમન છે, તેને નિશ્ચય નયથી પ્રાણાયામ કહે છે.

વ્યવહારથી જે લીન દશા તેને સમાધિ કહે છે. નિશ્ચયથી તો પરમાત્મસ્વરૂપ સમાધિ જાણવી.

વિદ્વાન પણ દુર્જન હોય તો તેનો સંગ ન કરવો.

નાભિમાં સોહં શબ્દોનો સ્વયમેવ શ્વાસની સાથે જાપ થાય છે, તેને અજપાજાપ કહે છે.

નાભિથી હૃદયમાં વાયુનો સંચાર થતાં રંકારનો પ્રકાશ થાય છે. તેમાં મનની સ્થિરતા થતાં અનેક અશુભ સંકલ્પોનો નાશ થાય છે.

નાભિથી સુરતાની દોરી ગગન ગઢમાં લાવવી. ત્રિપુટીમાં સુરતા સાધતાં અનહદ ધ્વનિનો પ્રકાશ થાય છે.

અનહદ ધ્વનિના અધિષ્ઠાયક દેવો સાધકનું સ્થિર ચિત્ત દેખી તેની સેવા કરે છે. સાધક યોગીને અનેક પ્રકારની સદ્ધિઓ દેખાડે છે.

સાધકની દૃષ્ટિએ અનેક અદ્‌ભુત રૂપો દેખાય છે, પણ સાધક યોગી અનેક પ્રકારની ઋદ્ધિ દેખી ચિત્ત ચલાયમાન કરે નહીં. જે ચલાયમાન થાય નહીં, તે સમાધિને પ્રાપ્ત કરે છે.

નાભિની પાસે કુંડલીની નાડી છે અને તેની પાછળ વંકનાલ છે અને વંકનાલ તે દશમા બ્રહ્મરન્ધ્રનો માર્ગ છે.

ત્રણ કલાક સુધી કોઈપણ આસનની સિદ્ધિ કરી આ પ્રમાણે પ્રાણાયામપૂર્વક ત્રાટક કરવાથી પ્રાણવાયુ બ્રહ્મરન્ધ્રમાં પ્રવેશે છે અને ત્યાં અનેક પ્રકારના ચમત્કાર જોવામાં આવે છે.

ઊલટી આંખોથી ત્રિપુટીમાં ત્રાટક કરી પ્રાણવાયુનો સંચાર મન્દ કરવો. ત્રિપુટીમાં ત્રાટક કરીને બ્રહ્મરન્ધ્ર પર્યંતનો માર્ગ શુદ્ધ કરવો. ત્યારપછી ત્રાટક અને કેવલ કુંભકથી બ્રહ્મરન્ધ્રમાં સ્થિરતા સાધી આત્મ-સ્વરૂપમાં લીન થવું.

પ્રાણાયામ કરનારે મધ, માંસ, મદિરા, ડુંગળી, લસણ, અને કેફી વસ્તુઓ વગેરેનો ત્યાગ કરવો. અવિચ્છિન્નપણે પ્રાણાયામની ક્રિયા કરવી.

આત્માની નિર્મલતા કરવા માટે અશુદ્ધ–હલકા વિચારોને મનમાં

આવવા દેવા નહિ. નાસ્તિક પુરુષોની સોબત કરવી નહિ. કલેશ કંકાસ વગેરે ઉપાધિ જે જે સ્થાનમાં જ્યાંથી જ્યાંથી થતી હોય ત્યાંથી ત્યાંથી દૂર રહેવું.

પ્રાણાયામ સાધકે મનની પ્રસન્નતા ધારણ કરવી. સર્વ જીવોની સાથે મૈત્રીભાવ ધારણ કરવો. શરીરના સર્વ પ્રદેશમાં આત્માના અસંખ્ય પ્રદેશ વ્યાપી રહેલા છે. તેને નિર્મલ કરવા ભાવ પ્રાણાયામનો ઉપયોગ રાખવો.

નાભિથી શ્વાસ ઉપડે છે અને નાસિકાદ્વારથી બહાર નીકળે છે. તેની સાથે ૐ એ મંત્રનો જાપ કરવો.

વારંવાર દીર્ઘ શ્વાસોચ્છ્વાસ લેવાનો અહર્નિશ અભ્યાસ વધારવો. દીર્ઘશ્વાસોચ્છ્વાસ લેવાથી શરીરની શક્તિ ક્ષીણ થતી નથી. હૃદયના રોગ થતા નથી. કાર્ય કરવામાં સ્ફૂર્તિ રહે છે. પ્રાણાયામ કરનારે સુષુમ્ણા નાડી ચાલતાં પરમાત્મધ્યાન ધરવું.

કેટલાક સુષુમ્ણાને સરસ્વતી કહે છે. ઇડાને ગંગા કહે છે. પિંગલાને યમુના કહે છે અને ત્રિપુટીને કાશી કહે છે. પૂરક પ્રાણાયામને બ્રહ્મા કહે છે. રેચક પ્રાણાયામને મહાદેવ કહે છે, કુંભક પ્રાણાયામને વિષ્ણુ કહે છે અને ત્રિપુટીને સરસ્વતીનો કાંઠો કહે છે.

નિશ્ચિંત અને નીરોગી પુરુષમાં એક અહોરાત્રીમાં એકવીશ હજાર અને છસો શ્વાસોચ્છ્વાસનું જવું આવવું થાય છે.

પ્રાણવાયુની સાધનાથી યોગીઓ અન્યોના શરીરમાં પ્રવેશ કરે છે, પણ તેઓએ અનુક્રમે વેધવિધિ સિદ્ધિ કરવી જોઇએ, તે બતાવે છે.

પૂરક ક્રિયાથી અન્તરમાં પ્રાણવાયુને પૂરતાં હૃદયકમલનું મુખ નીચું આવે છે અને સંકોચાય છે અને તેજ હૃદયકમલ કુંભક ક્રિયાથી પ્રફુલ્લિત થઈ ઊર્ધ્વ મુખવાળું થાય છે. પશ્ચાત્ હૃદયકમલના વાયુને

રોગ કરતાં અજ્ઞાનથી મરણ પામતાની સંખ્યા વધારે છે.

રેચકથી હલાવી હૃદયમાંથી ખેંચવો અને તેને દુર્ભેદ્ય ગ્રન્થિને ભેદી બ્રહ્મરન્ધ્રમાં લઈ જવો. ત્યાં સમાધિ થાય છે.

કૃતકુતૂહલ યોગીએ તે પવનને બ્રહ્મરન્ધ્રથી બહાર કાઢી સમાધિથી આકડાના તૂલમાં હળવે હળવે વેધ કરવો.

વારંવાર અર્કતૂલ ઉપર અભ્યાસ કરનારા યોગીએ અર્કતૂલ ઉપરથી બ્રહ્મરન્ધ્રમાં અને બ્રહ્મરન્ધ્રમાંથી અર્કતૂલ ઉપર લઈ જવો.

પછી જાઈ, ચંબેલી આદિ પુષ્પો પર લક્ષ્ય સ્થિર રાખી ત્યાં વેધ કરવો, એમ ત્યાં વારંવાર જવું આવવું.

એ પ્રમાણે વારંવાર ક્રિયા કરવાથી દૃઢ અભ્યાસ થયા પછી, જ્યારે વરુણ મંડલમાં વાયુ વહેતો હોય ત્યારે કપૂર અગર પ્રમુખ સુગંધી પદાર્થોમાં વેધ કરવો, ઇત્યાદિ સર્વમાં વિજય પ્રાપ્ત કરી પૂર્વોક્ત દર્શિત સર્વમાં વિના ઉદ્યમે વાયુને જોડવામાં હુશિયાર થઈ સૂક્ષ્મ પક્ષીઓના શરીરોમાં વેધ ક્રિયાનો ઉદ્યમ કરવો.

પતંગ ભ્રમરાના શરીરમાં પ્રવેશનો અભ્યાસ કરી મૃગાદિક શરીરોમાં પ્રવેશ અભ્યાસ શરૂ કરવો. પછી એકાગ્રચિત્ત થઈ અને તેમજ ધીર, વીર, જિતેન્દ્રય થઈ મનુષ્ય, ઘોડા અને હાથી પ્રમુખનાં શરીરોમાં પ્રવેશ કરવો.

પ્રવેશ અને નિર્ગમન કરતાં અનુક્રમે પાષાણની મૂર્તિ અને દેવની પ્રતિમા વગેરેમાં પ્રવેશ કરવો.

આ પ્રમાણે મૃત્યુ પામેલા જીવોનાં શરીરોમાં ડાબી નાસિકાથી પ્રવેશ કરવો.

અન્યના શરીરમાં પ્રવેશ કરવાનો વિધિ

બ્રહ્મરન્ધ્રથી નીકળીને પરકાયમાં અપાનમાર્ગથી પ્રવેશ કરવો. ત્યાં જઇ નાભિકમલનો આશ્રય લઈ સુષુમ્ણા નાડીના માર્ગે થઈ હૃદય-

---

તમારૂં ખરૂં ભાવિ તમારા ચારિત્રમાં છે.

કમલમાં જવું. ત્યાં જઈ પોતાના વાયુ વડે તેના પ્રાણના પ્રચારને રોકવો.

તે વાયુ ત્યાં એટલે સુધી રોકવો કે તે દેહી દેહચેષ્ટાશૂન્ય થઈ નીચો પડી જાય.

અન્તર્મુહૂર્તમાં તે દેહથી વિમુક્ત થતાં પોતાના તરફથી ઇન્દ્રિયોની ક્રિયા પ્રગટ થયે છતે યોગનો જ્ઞાતા પોતાના દેહની પેઠે તે દેહથી સર્વ ક્રિયામાં પ્રવૃતિ કરે.

અર્ધો દિવસ, અથવા એક દિવસ સુધી પરના શરીરમાં ક્રીડા કરી બુદ્ધિમાન યોગી પાછો આ જ વિધિએ પોતાના શરીરમાં પ્રવેશ કરે.

આ પ્રમાણે અભ્યાસક્રમથી અન્યના શરીરમાં પ્રવેશ કરવાની શક્તિ ઉત્પન્ન થવાથી મુક્તની પેઠે નિર્લેપપણે રહી ઇચ્છાનુસાર જ્યાં ત્યાં વિચરી શકે છે.

ઉપર પ્રમાણે પરકાયપ્રવેશ બતાવ્યો છે. તેની પ્રાપ્તિથી કંઈ આત્મકાર્યની સિદ્ધિ થતી નથી. પરકાયપ્રવેશ વગેરે શીખીને પણ સાધ્ય દશા આઠ કર્મથી મુક્ત થવાની રાખવી જોઇએ.

(૫) પ્રત્યાહાર.

પાંચ ઇન્દ્રિયોના વિષયોમાંથી મનને ખેંચીને શાંત થએલું મન જેનું હોય એવો યોગી ધર્મધ્યાનમાં પ્રવૃત્તિ કરે છે.

પાંચ ઇન્દ્રિયોના વિષયથી મનને પાછું ખેંચવું, તેને પ્રત્યાહાર કહે છે. પાંચ ઇન્દ્રિયોના ત્રેવીશ વિષયો છે.

પ્રાણવાયુને જીતવા કરતાં પણ ઇન્દ્રિયોના વિષયમાં પ્રવર્તતા મનને આત્મસન્મુખ કરવું એ દુર્લભ છે.

યોગીઓ કહે છે કે, વિષયોમાંથી મનને પાછું ખેંચી લેતાં નવાં

કુશળ માણસની મિત્રતાથી બુદ્ધિ તીવ્ર બને છે.

કર્મો બંધાતાં અટકે છે અને જે પૂર્વે બાંધેલાં હોય છે, તેની નિર્જરા થાય છે.

પ્રાણાયામનો પૂર્ણ અભ્યાસી વિષયોમાં ભટકતા ચિત્તને પાછું ખેંચી શકવા સમર્થ થાય છે, માટે પ્રાણાયામ પછી પ્રત્યાહારની દશા બતાવી છે.

કોઈ એમ કહેશે કે, પ્રાણાયામની શી જરૂર છે ? પ્રત્યાહાર જ ઉપયોગી છે. તેના ઉત્તરમાં કહેવાનું કે, પ્રાણાયામની ભૂમિકા સિદ્ધ થયા વિના યથાયોગ્ય રીતે મનને પાછું ખેંચવાનું બળ પ્રાપ્ત થતું નથી. આ સર્વેમાં જ્ઞાનયોગની આવશ્યકતા છે.

પાંચે ઇન્દ્રિયો પોતપોતાના વિષયોને ગ્રહણ કર્યા કરે છે; પરંતુ જો પાંચે ઇન્દ્રિયોના વિષયોમાં સુખાર્થે થતી રાગબુદ્ધિ જો ટળે તો વિષયોથી મન પાછું ખેંચાય છે.

આંખથકી હજારો પદાર્થ દેખાય તો પણ જો તે દૃશ્યપદાર્થોમાં જો રુચિ ન હોય તો તેથી બંધાવાનું થતું નથી.

પ્રિય અને અપ્રિય હજારો શબ્દ સાંભળવામાં આવે, પણ જો તેને મન ન ગ્રહણ કરે તો તે શબ્દો સંભળાય અથવા ન સંભળાય તો પણ બંધાવાનું થતું નથી.

જિહ્વાથી હજારો પદાર્થો ખાધા વિના છૂટકો નથી. કોઇપણ ભક્ષ્ય પદાર્થો જિહ્વા ઉપર મૂક્યા વિના છૂટકો થવાનો નથી.

પાણી વગેરે પ્રવાહી પદાર્થો પીધા વિના છૂટકો થવાનો નથી. જિહ્વા ઇન્દ્રિયની સાથે ભોજ્ય પેય પદાર્થોનો સંબંધ થવાનો જ, મિષ્ટાદિ રસોનું જ્ઞાન પણ થવાનું, ત્યારે જિહ્વાનો પ્રત્યાહાર શી રીતે કરી શકાય ?

ઉત્તરમાં કહેવાનું કે–જે જે પદાર્થોનો જિહ્વાઇન્દ્રિયની સાથે સંબંધ થાય, તે તે પદાર્થોના રસોના સ્વાદ પામીને પણ મનથી–

વિજય પામેલાના ગુણ તપાસીને તે માર્ગે ચાલો.

રુચિ અગર અરુચિ ધારણ કરવી નહીં.

રસોમાં મનથી લોલુપતા રાખવી નહિ. આજ પ્રત્યાહારનો મુખ્ય ઉદ્દેશ છે.

નાસિકાથી પણ સુગંધી આવવાની જ, ત્યારે નાસિકા ઈન્દ્રિયથી શી રીતે પ્રત્યાહાર કરવો ?

તેના ઉત્તરમાં કહેવાનું કે, નાસિકાથી સુગંધ અને દુર્ગંધ ગ્રહાય તો પણ સુગંધના ઉપર રાગ કરવો નહિ અને દુર્ગંધના ઉપર અરુચિ ધારણ કરવી નહિ. તે તે પ્રસંગે મનની સમતુલતા ધારણ કરવી, તેજ નાસિકા ઈન્દ્રિયથી પ્રત્યાહાર સમજવો.

સ્પર્શેન્દ્રિયથી સુખકર અને અરુચિકર સ્પર્શ સ્પર્શાય તો પણ તે બન્નેમાં રુચિ અરુચિ નહિ કરતાં મનની સમતુલ્યતા ધારણ કરવી.

કેટલાક લોકો ઇન્દ્રિયોને જીતવા અર્થાત્ ઈન્દ્રિયોને વિષયમાંથી પાછી હઠાવવા સખત ઉપાયો લે છે, પણ તેઓના વશમાં ઈન્દ્રિયો થતી નથી; તેનું કારણ એ છે કે, તેઓએ આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું નથી.

હઠ કરી જે ઈન્દ્રિયોને વશમાં લેવા પ્રયત્ન કરે છે, તે ફાવી શકતો નથી.

આંખે કોઈ પણ પદાર્થ દેખાવાનો–આમાં આંખ કે તેમાં રહેલી દેખવાની શક્તિ અથવા દૃશ્ય પદાર્થો, એ ત્રણમાંથી એકનો પણ તે નાશ કરી શકવાના નથી.

કદાપિ આંખે કોઇ મોહ કરનાર વસ્તુ દેખાતાં તેઓ આંખ મીચી દેશે, તેથી કંઈ તેઓએ ચક્ષુ ઈન્દ્રિયનો વિષય જીત્યો કહેવાશે નહીં.

જ્યાં સુધી મનમાં પદાર્થો જોવાની વાસના છે, ત્યાં સુધી બીજા ભવમાં પણ પુનઃ તે પદાર્થો દેખાવાના અને તેના ઉપર રાગ થવાનો.

આંખને કદાપિ ફોડી નાખવામાં આવે, તો પણ પરભવમાં રૂપોને

સારી રીતભાત એ સફળતાની ચાવી છે.

દેખવાની વાસના ટળવાની નથી. આંખો સર્વ પદાર્થોને જોઇ શકે તેમાં આંખોની ફરજ છે, તો આંખોએ તે બાબત શો ગુન્હો કર્યો કહેવાય ? અલબત્ત કંઇ નહિ.

આંખોએ પદાર્થો દેખ્યા બાદ તે પદાર્થો ઉપર રુચિ અરુચિ તો મન કરે છે; માટે આંખે દેખાતા પદાર્થોનો તેમાં વાંક નથી.

પદાર્થોને દેખી રાગ અને દ્વેષ થાય છે, તે મનનો ધર્મ છે; જો મનની સામાન દશા રાખી દરેક પદાર્થો દેખવામાં આવે, તો તે પદાર્થોમાં બંધાવાનું થતું નથી.

કેટલાક પ્રારબ્ધકર્મને ભોગવતા જ્ઞાનીઓ કાનથી શબ્દો સાંભળે છે, તો પણ તેમાં મૂંઝાતા નથી,

શ્રવણેન્દ્રિયથી સંભળાતા શબ્દોને એક સુખકર વિષયરૂપ માનતા નથી, પણ તે શબ્દોના સત્યગ્રાહ્ય અર્થને ગ્રહે છે અને વિવેકદૃષ્ટિથી અસત્ય અર્થનો ત્યાગ કરે છે, તેથી તેઓ શબ્દવિષયમાં શ્રવણ કરતા છતાં પણ બંધાતા નથી. આત્મજ્ઞાનથી તેઓ સત્યાસત્યનો મનની સમદશા રાખી તોલ કરે છે.

આત્મપ્રશંસાના અથવા શૃંગારપોષક શબ્દો સાંભળી રુચિ કરતા નથી અને કટુ શબ્દો સાંભળી દ્વેષ કરતા નથી. આવી મનની સમદશા મેળવવા માટે તેઓએ આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું હોય છે.

આપણે શરીર, ઇન્દ્રિયો, મન અને આત્માના બળ ઉપર વિચાર કરીએ.

અજ્ઞાનીઓમાં આત્મબળ હોતું નથી, પણ તેઓના શરીરને ઇન્દ્રિયો અને મન ઘસડે છે, તેથી તેઓ મનના કહ્યા પ્રમાણે ચાલે છે.

મન જે જે હુકમ કરે છે, તે તે હુકમોના તાબે ઇન્દ્રિયો થાય છે. ઇન્દ્રિયોના બળે શરીરની ક્રિયા થયા કરે છે, તેથી અજ્ઞાનીઓ

જ્યાં ત્યાંથી સત્ય ગ્રહણ કરો.

પ્રારબ્ધકર્મ અથવા અન્યકર્મ ભોગવતાં પણ સદાકાલ ઇન્દ્રિયોના તાબામાં રહે છે અને પોતાના આત્માને તેઓની ઇન્દ્રિયો ગુલામ બનાવે છે.

જેવો મનનો હુકમ થાય છે, તેવું કાર્ય આત્માને કરવું પડે છે, તેથી અજ્ઞાનીઓ સદાકાલ રાગ અને દ્વેષના પંજામાં ફસાયેલા રહે છે.

તેઓ પોતાના આત્માને ઓળખી શકતા નથી, તેથી સાંસારિક સુખ ભોગવવામાં જ જન્મનું સાફલ્ય માને છે.

પાંચ ઇન્દ્રિયોથી વિષયનું ગ્રહણ કરવું અને મોજમઝામાં મશગુલ બની ઇન્દ્રિયોના સદાકાલ ગુલામ બની રહેવું, એટલું જ તેઓ સમજે છે.

તેઓ કદાપિ રાજા હોય અથવા ધનાઢ્ય હોય, ઠાકોર હોય અથવા કોઈ પણ સત્તાને ધારણ કરનારા હોય, તો પણ તેઓ ઇન્દ્રિયોના તાબે રહી સુખને શોધે છે, તેથી તેઓ પરતંત્ર છે.

ખરૂં સુખ ક્યાં છે ? તે તેઓ જાણી શકતા નથી, તેથી તેઓ ભ્રાંતિમાં ભૂલી જડ પદાર્થમાં સુખની બુદ્ધિ કલ્પે છે અને તે માટે રાત્રિદિવસ અનેક પ્રકારનાં પ્રાણનાશક સંકટો વેઠે છે. તેથી તેઓ ઇન્દ્રિયોના દાસ છે. ઇન્દ્રિયોના ચાકરી ઉઠાવનારા છે અને તેઓ ઇન્દ્રિયોના વિષયોના ભિખારી છે.

વિષયોની ભિક્ષાથી કદી શાંતિસુખ મળવાનું નથી. તેઓ સદા શાંતિને ધારણ કરનારા થતા નથી અને તેઓને જ્ઞાનબળ હોતું નથી. કસ્તુરિયામૃગની પેઠે તે ભૂલા ભમનારા જાણવા.

જ્ઞાની પુરુષોની ઇન્દ્રિયોથી જોકે વિષયોનું ગ્રહણ થાય છે, તો પણ તેઓ આત્મજ્ઞાની હોવાથી મન ઉપર સત્તા બજાવે છે અર્થાત્ વિષયો ગ્રહણ કર્યા છતાં પણ જ્ઞાનીઓના મનમાં વિષયો પ્રતિ રાગ અથવા દ્વેષ પ્રાયઃ કંઈ પણ થતો નથી; તેથી તેઓ પ્રત્યાહારના સાધક યોગીઓ ગણાય છે.

અહીં પ્રશ્ન થશે કે, જ્યારે જ્ઞાનીઓને વિષયો ઉપર રાગ ન

સારાં પુસ્તકો હંમેશા વાંચો, તે દુઃખ ઓછુ કરી શકે છે.

હોય તો વિષયોનું ગ્રહણ તે શા માટે કરે ? ઉત્તરમાં સમજવાનું કે, કેવલજ્ઞાનપૂર્વે ચોથા ગુણસ્થાનકમાં ઇન્દ્રિયો પોતપોતાના વિષયોને પ્રારબ્ધકર્મના યોગે ગ્રહણ કરે છે.

તીર્થંકર જેવા ત્રણ જ્ઞાનના સ્વામી પણ ગ્રહાવાસમાં પ્રારબ્ધકર્મના યોગથી સત્ય અને અસત્ય જાણે છે, છતાં વિષયોને ગ્રહણ કરે છે; પણ તે આત્મજ્ઞાની હોવાથી જે જે વિષયો ઇન્દ્રિયોથી ગ્રહણ કરે છે, તેમાં રુચિ અથવા અરુચિ ધારણ કરતા નથી. તેથી તેઓ મનની ઉદાસીનતા જાળવી–અબંધ રહી ઉચ્ચ કોટી ઉપર ચઢતા જાય છે અને જે જે કર્મો ઉદયમાં આવે છે, તેને ભોગવીને નિર્જરે છે; પણ નવાં કર્મ બાંધતાં નથી.

આવી તેમની દશામાં ઇન્દ્રિયોના વિષયો ભોગવતાં છતાં પણ તેઓ વડે ઇન્દ્રિયોનો પ્રત્યાહાર કરી શકાય છે.

પણ જેઓએ આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યા વિના ઇન્દ્રિયોનો નિરોધ કરી પ્રત્યાહારતા કરવા માંડી છે, તેઓ ઉપરઉપરથી જાણે પ્રત્યાહાર કરે છે તેવું જણાય છે, પણ પાંચે ઇન્દ્રિયોના વિષયોની સુખવાસના મનમાં રહેલી હોવાથી ઇન્દ્રિયોથી વિષયો નહિ ગ્રહણ કરતા છતાં પણ અન્તરની વાસનાથી બંધાય છે અને જ્ઞાનીઓ પ્રારબ્ધયોગે ઇન્દ્રિયોના વિષયોને ગ્રહણ કરે છે, તોપણ મનની સમાનતાના યોગે બંધાતા નથી. તેમ છતાં અજ્ઞાન દશામાં પણ પ્રત્યાહારનું અકામ નિર્જરારૂપ ફલ થાય છે. આ વાત બાળજીવો માટે નથી.

ત્યારે પ્રશ્ન થશે કે,

આત્મજ્ઞાન કરવાથી મનની સમતોલદશા થશે, ત્યારે ઇન્દ્રિયોને વશ કરવાની શી જરૂર ?

આના ઉત્તરમાં કહેવું પડશે કે, આત્મા પોતાનું સ્વરૂપ જાણ્યા વિના મનનો તાબેદાર મટવાનો નથી.

જો શુદ્ધ આત્મજ્ઞાન થયું તો મનમાં પ્રગટતા શુભાશુભ વિચારોને તે રોકવા પોતાની શક્તિ ફોરવશે.

દ્રવ્યના લોભે ભ્રષ્ટ ન બનો.

આત્મજ્ઞાન પામીને પણ ઇન્દ્રિયોને વશમાં કરવાની આવશ્યકતા છે; કારણ કે વિષયોને જીતવામાં જ જ્ઞાનની સફલતા છે.

આત્મા પોતાનું જ્ઞાન કરીને મનને પોતાના કબજામાં લે છે. મન વશમાં આવ્યાથી ઇન્દ્રિયો પણ વિષય માટે પ્રવૃત્તિ કરતી નથી; અર્થાત્ સારાંશ કે આત્મજ્ઞાન થવાથી મનની સમતોલદશા રહે છે.

કોઈ પદાર્થ સુખનો હેતુ જણાતો નથી અને કોઈ પદાર્થ દુઃખનો હેતુ જણાતો નથી. તેથી સુખબુદ્ધિ ટળવાથી બાહ્યપદાર્થોને દેખતાં છતાં પણ રાગ થતો નથી અને મનમાં થતી દુઃખભાવના ટળવાથી બાહ્ય પદાર્થો ઉપર દ્વેષ પણ થતો નથી.

જ્યારે રાગ અને દ્વેષ ન થાય, ત્યારે ઇન્દ્રિયો અને મન જીતાયું, એમ કહેવામાં કોઈ જાતનો દોષ જણાતો નથી. જ્યારે આત્મજ્ઞાનદશાથી વિષયોની વાસનાનો નાશ થાય છે, ત્યારે જ મન જીતાયું કહેવાય છે.

આત્મજ્ઞાન વિના ગમે તો સંન્યાસી થાઓ અથવા ફકીર થાઓ, પણ પ્રારબ્ધકર્મયોગે ગમે તે પ્રકારે વિષયોના ભોગની બુદ્ધિ થતાં ગમે તે રીતે ભોગવ્યા વિના છૂટકો થવાનો નથી.

આત્મજ્ઞાન પામીને થએલા ત્યાગીઓ આત્મબળથી ઇન્દ્રિયોને તથા મનને પોતાના કબજામાં રાખી શકે છે.

પોતાના આત્મજ્ઞાનબળ સામર્થ્યથી મનમાં વિષયોની બુદ્ધિને થતી અટકાવે છે.

આત્મજ્ઞાનબળથી વિષયોની વૃત્તિઓના વેગ અટકાવે છે, તેઓ કદાપિ જેમ નદીમાં ઘણું પુર આવવાથી પાન વનસ્પતિની પેઠે નીચા થઈ જાય છે. તોપણ જેમ નદીનું પુર ઊતર્યા બાદ પાન વનસ્પતિ પાછી હતી, તેવી ઉભાં થઈ જાય છે.

મોટા થવા કરતાં પ્રમાણિક થવું હિતકર્તા છે.

તેમ ભોગાવલીકર્મરૂપ નદીનું પૂર આવવાથી અને આત્મબળથી તેનો વેગ વિશેષ બળવાન હોવાથી, ભોગાવલીકર્મના તાબે થાય છે, પણ ભોગાવલીકર્મનો વેગ ટળતાં **નંદિષેણ, આર્દ્રકુમાર** અને **આષાઢાચાર્ય**ની પેઠે પોતાનું આત્મજ્ઞાનબળ ફોરવી કર્મની સામા યુદ્ધ કરી મનની સમાનતા જાળવી રાખી કર્મનો ક્ષય જ કરે છે.

આત્મજ્ઞાનના સામર્થ્ય વિના મિથ્યાત્વદશામાં જેઓ ઇન્દ્રિયોના વિષયોને જીતવા પ્રયત્ન કરે છે, તેઓ બાળકોને રમતગમતમાંથી બંધ કરવાની પેઠે કરે છે.

જેમ નાનાં બાળકોનો રમતગમતનો સ્વભાવ હોવાથી તેઓને કોઈ પૂરી મૂકે તો તેઓ રુદન કરે છે અને છૂટવા ઉદ્યમ કરે છે, તેઓને પુરાઈ રહેવું ગમતું નથી.

તેઓને છોડી દેવામાં આવે તો પાછાં રમતગમતમાં ગુલ્તાન બની જાય છે અને પૂરી રાખનારને ગાળો આપે છે.

બાળકોને પૂરી રાખવાનો ઉદ્દેશ સર્વથા સિદ્ધ થતો નથી, તેમ અજ્ઞાનીઓનાં મન છે, નાનાં બાળકોની પેઠે પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં રમ્યા કરે છે.

જો કોઈ હઠ કરી પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં રમતગમત છોડાવી દે તો, તેઓના મનને બિલકૂલ ગમતું નથી. અનેક રીતે પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં પ્રવર્તવા પ્રવૃત્તિ કરે છે. મન રોકયું રોકાતું નથી અને છૂટયા બાદ પાછું પાંચ ઇન્દ્રિયોમાં પ્રવૃત્તિ કર્યા કરે છે.

અજ્ઞાનપણાથી મનને વશ કરનારનો ઉદ્દેશ સિદ્ધ થતો નથી, ઉલટું ભૂખ્યો મનુષ્ય જેમ બમણું ખાય છે, તેમ મન પણ વિષયોમાં બમણી પ્રવૃત્તિ કરે છે.

નાનાં બાળકો જ્યારે મોટી ઉંમરવાળાં થાય છે, ત્યારે જ્ઞાન થવાથી બાલ્યાવસ્થાની રમતગમતમાં રુચિ કરતા નથી, તેમ પ્રવૃત્તિ પણ કરતા

ધન દાન માટે છે, ઉડાવવા માટે નહિ.

નથી અને તેમને કોઈ બાળકની રમત રમવાનું કહે તો તે વાતને ધિક્કારી કાઢે છે, તેમ અજ્ઞાનઅવસ્થામાં મનની નીચ દશા હતી, તેથી તે વિષયોમાં બળાત્કારે પણ પ્રવૃત્તિ કરે છે, પણ જ્યારે આત્મજ્ઞાનબળ પ્રાપ્ત થાય છે, ત્યારે મનનું વિષયોમાં પ્રવર્તવું સહેજે બંધ થતું હતું જાય છે.

આત્મજ્ઞાનબળની સત્તા વિશેષ હોવાથી મન પણ ઉચ્ચદશાવાળું થાય છે; તેથી તેને વિષયોમાં ભટકવું ગમતું નથી અને શુભાશુભ વિષયો પર રાગ અથવા દ્વેષ થતો નથી.

મનની સમાનતા પ્રતિદિન વધતી જાય છે અને તેથી બાહ્યવિષયોમાં મન ભટકતું નથી. મન આત્માના ગુણોની સન્મુખ થાય છે અને તેથી તેને પાંચે ઇન્દ્રિયોના વિષયોની રમતગમતમાં આનંદ પડતો નથી. પ્રારબ્ધયોગે પાંચે ઇન્દ્રિયોના વિષયો ભોગવતાં પણ મનમાં ઉદાસીનતા રહે છે અને આત્મબળ વૃદ્ધિ પામતું જાય છે,

"ઇન્દ્રિયોના વિષયોમાં સુખ નથી."

ખરેખર જ્ઞાનીઓને ઇન્દ્રિયોના રૂપાદિ વિષયોમાં સુખ નથી, એવો જ્ઞાનબળથી નિશ્ચય થાય છે. ઇન્દ્રિયોથી જે જે વિષયો ગ્રહાય છે તે ક્ષણિક છે, તેમ ઇન્દ્રિયો પણ ક્ષણિક છે અને ઇન્દ્રિયોથી થતું સુખ પણ ક્ષણિક છે; મન પણ ક્ષણિક છે.

ક્ષણિક સુખ પણ વસ્તુતઃ દુઃખરૂપ છે; કારણ કે તે સુખ પાછળ દુઃખની પરંપરા ભોગવવી પડે છે અને તે માટે રાગ અને દ્વેષાદિક દોષોને સેવવા પડે છે, તેથી પુનઃ પુનઃ કર્મની ગતિ પ્રમાણે જગતમાં સારા ખોટા અવતારો ધારણ કરવા પડે છે.

મધુબિન્દુ દૃષ્ટાંતને અનુસરનારા સાંસારિક ભોગોમાં જ્ઞાની પુરુષો વિશ્વાસ ધારણ કરતા નથી.

તરવારની ધાર ઉપર મધ ચોપડીને તેને ચાટતાં જીભ કપાઈ

જ્ઞાનપૂર્વક જીવવું એ જીવન છે.

જાય છે, તેમ સાંસારિક સુખોની અભિલાષામાં અનેક કષ્ટોની પરંપરા વેઠવી પડે છે.

જડ વસ્તુઓમાં જડતા રહી છે. પરમાણુપરમાણુમાં પણ જરા-માત્ર સુખ નથી.

સુખનું સ્થાન આત્મા છે. આત્મામાં જ જ્યારે ત્યારે ખરું સુખ પ્રગટવાનું. ઝાંઝવાનું જલ જેમ દૂરથી જલરૂપ દેખાય છે પણ તે ભ્રાંતિ છે, તેમ જડ વસ્તુઓમાં સુખદુઃખની કલ્પના કરવી, તે પણ એક જાતની અજ્ઞાન વડે થતી ભ્રાંતિ છે.

અનાદિકાળથી મોહના યોગે જડ વસ્તુઓમાં સુખની ભ્રાંતિથી આત્મા જડ વસ્તુઓનો ગુલામ બને છે.

પોતાનામાં જ અનંતસુખ રહ્યું છે. બાકી જડ વસ્તુમાં સુખને શોધવું, તે તો અજવાળાને મૂકી અંધારામાં અથડાવા બરોબર છે.

જે જે વસ્તુઓમાં આપણે સુખ માનીએ છીએ, તે તે વસ્તુઓની વિચિત્રતા જોતજોતામાં થઈ જાય છે; માટે ઈન્દ્રિયોના વિષયોમાં સુખ નથી, એમ આત્મજ્ઞાન થતાં ત્વરિત સમજાય છે.

જે શબ્દો શ્રવણ કરવાથી પોતાને સુખ થાય છે, તે જ શબ્દો શ્રવણ કરવાથી અન્યને દુઃખ થાય છે.

જેમકે હિંદુઓની સ્તુતિના શબ્દો હિંદુઓને સુખ કરનારા છે, તે જ શબ્દોને સાંભળી મુસલમાનોને પ્રાયઃ અરુચિ થાય છે.

જે સૂર્યનું વિમાન દેખી મનુષ્યને આનંદ થાય છે, તે જ વિમાન દેખાવાથી ઘુવડના મનમાં અરુચિ હોય છે.

જે સુગંધ લેવાની મનુષ્યોને રુચિ હોય છે, તે જ સુગંધ, મચ્છર વગેરે ક્ષુદ્ર પ્રાણીઓને અરુચિકર લાગે છે અને તેથી તે અમુક જાતનો સુગંધી ધૂપ કરતાં નાસી જાય છે.

ખરાબ સ્વભાવ એ ભયંકર કોલેરા છે.

મિષ્ટાન્ન પદાર્થ એક મનુષ્યને રુચિકર લાગે છે, તે જ પદાર્થ જ્વરવાળાને અરુચિકર લાગે છે.

કોઈને દૂધપાક ઉપર પ્રેમ હોય છે, તો કોઈને તેના ઉપર અરુચિ પ્રગટે છે.

કોઈને કેરીથી સુખ મળે છે, તો કોઈને કેરીથી દુઃખ થાય છે.

હાથીને હાથણીનો સ્પર્શ સુખકર લાગે છે, તો મનુષ્યને તે જાતિનો સ્પર્શ અરુચિકર લાગે છે.

કોઈને કોઈ સ્ત્રીનો સ્પર્શ સુખકારી લાગે છે, તો તેજ સ્પર્શ અન્ય મનુષ્યને દુઃખકારી લાગે છે.

કોઈને કોઈ સ્ત્રીના રૂપ ઉપર રાગ ઉત્પન્ન થાય છે, તો તે જ સ્ત્રીનું રૂપ દેખી કોઈને દ્વેષ ઉત્પન્ન થાય છે.

કોઈને કોઈના ગાવા ઉપર રુચિ ઉત્પન્ન થાય છે, તો તે જ ગાનારૂ ઉપર કોઈને અરુચિ ઉત્પન્ન થાય છે.

આ ઉપરથી જોતાં શબ્દાદિક વિષયોમાં જે રુચિ અથવા અરુચિ થાય છે, તે વસ્તુતઃ ખરી નથી, એમ સિદ્ધ ઠરે છે.

પાંચ ઇન્દ્રિયોથી ફક્ત અમુક અમુક જ્ઞાન થાય છે. રાગ દ્વેષ કરવાનો વિષય તો મનનો છે, માટે જો મનની સમાનતા જાળવવામાં આવે તો ઇન્દ્રિયોથી કંઈ પણ બની શકતું નથી.

જ્ઞાનદશા થયા વિના ઇન્દ્રિયોના વિષયોમાં થતા રાગદ્વેષ જીતાતા નથી.

જેમ જેમ આત્મજ્ઞાનદશાની બળવત્તા વૃદ્ધિ પામે છે, તેમ તેમ રાગદ્વેષની વૃત્તિઓની મન્દતા થતી જાય છે.

શ્રી ત્રિજ્ઞાની તીર્થંકર મહારાજા ગૃહસ્થઅવસ્થામાં ભોગ ભોગવે અને સામાન્ય મનુષ્ય ભોગ ભોગવે, તેમાં ગૃહસ્થ તીર્થંકરની સામાન્ય

મનુષ્ય કરતાં અનંતગણી નિર્લેપદશા રહેવાની.

અનંતાનુબંધી રાગવાળો પુરુષ સ્ત્રીને ભોગવે અને અપ્રત્યાખ્યાની રાગવાળો પુરુષ સ્ત્રીને ભોગવે, તેમાં અનંતાનુબંધી રાગવાળા કરતાં અપ્રત્યાખ્યાની રાગવાળો અલ્પકર્મ બાંધી શકે, તેમ બનવા યોગ્ય છે.

તે જ પ્રમાણે અપ્રત્યાખ્યાની કરતાં પ્રત્યાખ્યાની રાગવાળો અલ્પકર્મ બાંધી શકે તે બનવા યોગ્ય છે.

જેમ જેમ રાગ રૂપ કામનો રસ ન્યૂન હોય છે, તેમ તેમ કર્મબંધ પણ અલ્પ, અલ્પતર બંધાય છે. તેનું વિશેષ સ્વરૂપ છ પ્રકારની લેશ્યા અને જાંબુફલના દૃષ્ટાંતથી જાણી લેવું.

એક પુરુષને સ્ત્રીની સાથે સંભોગ કરવા અત્યંત રાગ છે અને એક સંસારસ્થ જ્ઞાનીને સ્ત્રીની સાથે સંભોગ કરવો રુચિકર લાગતો નથી;

પ્રારબ્ધ કર્મયોગે તે જ્ઞાનીને સ્ત્રી સાથે સંભોગ ક્રિયા કરવી પડી અને પેલા અજ્ઞાનીને પણ સ્ત્રીનો સંબંધ થયો, તેમાં વિશેષ કર્મ કોણ બાંધે ?

ઉત્તરમાં કહેવું પડશે કે, પેલો અજ્ઞાની કે જેના હૃદયમાં કામ વ્યાપી રહ્યો છે, તેને કર્મ વિશેષ બંધાશે અને પેલા જ્ઞાનીને પ્રારબ્ધયોગે સંભોગ સંબંધમાં અજ્ઞાની કરતાં બહુ ઓછું કર્મ બંધાવાનું.

કારણ કે પેલા અજ્ઞાની જેટલા તેના પરિણામ ખરાબ નથી.

એક શેઠ કે જે દરરોજ દૂધપાકનું જમણ જમે છે, તેને દૂધપાક ઉપર અત્યંત રાગ નથી, પણ ક્ષુધા શમાવવા ખાય છે અને એક ભિખારીને દૂધપાક મળતો નથી, પણ દૂધપાક ઉપર અત્યંત રાગ છે. શેઠ પણ દૂધપાક ખાય છે અને ભિખારી પણ દૂધપાક ખાય છે.

શેઠના કરતાં ભિખારીના મનમાં દૂધપાક ઉપર અત્યંત રાગ છે, તેથી શેઠના કરતાં ભિખારીને કર્મબંધ વિશેષ થવાનો. શેઠ કરતાં પણ આત્મજ્ઞાનીને દૂધપાક ખાતાં કર્મબંધ બિલકુલ અલ્પ થવાનો.

પાંચે ઇન્દ્રિયોના વિષયો સંબંધી આત્મજ્ઞાનીઓને પ્રારબ્ધ કર્મયોગે, તે તે વિષયો ભોગવતાં અત્યંત અલ્પકર્મબંધ થવાનો.

"ज्ञानिको भोग सहि निर्जराको हेतु हे." આ વાક્યની સાર્થકતા અધ્યાત્મજ્ઞાનીઓને માટે સંભવી શકે છે; પણ આ વાક્યનો દુરુપયોગ જાણીને વિષયભોગ માટે જે કરે છે, તે અધ્યાત્મ જ્ઞાનથી દૂર રહે છે. બાળ જીવો માટે આ વાત નથી.

ગૃહસ્થાવાસમાં શ્રી તીર્થંકરો ભોગાવલીકર્મ ભોગવતાં પણ ઘણાં કર્મ ખેરવતા હતા; તેનું કારણ કે વિષયો પર રાગદ્વેષની પરિણતિ અત્યન્ત મન્દ હતી અને ઉદાસીન પરિણામ વિશેષ હતા, તેથી ઘણાં કર્મ ક્ષય કરતા હતા.

જેમ એક નાનું બાળક ઢીંગલા ઢીંગલીની રમતમાં અત્યંત રાગ ધારણ કરે છે, તેજ બાળક જ્યારે મોટી ઉંમરનો થાય છે અને જ્ઞાન પામે છે, ત્યારે ઢીંગલીની રમત ઉપર તેનો રાગ રહેતો નથી;

તેવી જ રીતે ઢીંગલા ઢીંગલીની રમત સમાન સંભોગમાં અજ્ઞાનીને અત્યંત રાગ હોય છે, પણ તેજ અજ્ઞાની સત્સમાગમના યોગે આત્મજ્ઞાન પામે છે તો સંભોગ ઉપર તેનો બિલકુલ રાગ રહેતો નથી.

શ્રી આર્દ્રકુમાર અને **નંદિષેણ** પ્રમુખ આત્મજ્ઞાની પુરુષો હતા. તેઓને જ્યાં સુધી ભોગાવલીકર્મ ઉદયમાં નહોતું આવ્યું, ત્યાં સુધી તેઓના મનમાં અત્યંત વૈરાગ્ય હતો. પ્રતિજ્ઞા પણ ઉજ્જવલ હતી, પરંતુ ભોગાવલીકર્મ ઉદયમાં આવતાં મનમાં જુદી અસર થઈ તો પણ તેમણે આત્મજ્ઞાન બળ ફોરવ્યું;

જો કે ઉદયની બળવત્તા વિશેષ હોવાથી અન્તે મૈથુનકર્મ સેવવું પડ્યું; પણ મનમાં તેમણે વૈરાગ્યભાવ ધારણ કર્યો અને અન્તે ભોગાવલી-કર્મ (પ્રારબ્ધકર્મ)નું જોર ટળતાં સંભોગક્રિયા છોડી દીધી.

આત્મજ્ઞાનીઓ આત્મામાં જ સર્વ ઋદ્ધિ સુખ માને છે, તેથી ભોગ

સાદો ખોરાક સદા નીરોગી રાખી શકે છે.

ભોગવતાં છતાં પણ બાહ્યમાં સુખ માની લેતા નથી, તેઓ સમાનભાવને મનમાં ધારણ કરે છે.

દૃષ્ટાન્ત

એક કરોડપતિ શેઠ હતો. તેના ઉપર કોઈ પૂર્વના વૈરને લીધે રાજાએ દોષનો આરોપ મૂકયો અને હુકમ કર્યો કે, શેઠે સાત દિવસ સંડાસમાં જઈ વિષ્ટાના ટોપલા ઉપાડવા.

રાજાના હુકમના આધીન થઈ શેઠે સાત દિવસ પર્યંત સંડાસમાં જઈ વિષ્ટાના ટોપલા ઉપાડયા, તેમાં શેઠને કંઈ રુચિ પડી નહીં.

તે પ્રમાણે જ્ઞાનીપુરુષો પણ સંભોગને એક સંડાસ જેવું માને છે, છતાં પ્રારબ્ધકર્મ રાજાના હુકમે કદાપિ વિષય સંડાસમાં વિષયના ટોપલા ઉપાડવા પડે છે, તોપણ તેમાં તેમને રુચિ થતી નથી; કારણ કે તેમાં તેમણે તાત્ત્વિક સુખ માન્યું નથી.

આ જ કારણથી પ્રારબ્ધકર્મના યોગે કદાપિ તેવા કર્મને જ્ઞાનીઓ સેવે છે, તોપણ તે અલ્પઅલ્પતર રાગના હેતુથી અલ્પતર કર્મ બાંધે છે અને ઘણાં કર્મ ખેરવે છે.

પશુપંખીઓએ જે વિષયોમાં રુચિ ધારણ કરી હોય છે, તે ઉપર મનુષ્યોની પ્રાયઃ અરુચિ હોય છે અને અજ્ઞાની મનુષ્યોએ જે કાર્યોમાં વિષયોમાં સુખ કલ્પ્યું હોય છે, તેમાં જ્ઞાનીઓની અરુચિ હોય છે, કારણ કે અજ્ઞાનીઓ કરતાં જ્ઞાનીઓને સત્ય સુખનો નિર્ણય ભાસેલો છે.

માટે આવી રીતે ઉત્તરોત્તર વિશેષ જ્ઞાનીઓને આત્મામાં જ સત્યસુખનો નિર્ણય થવાથી, તેઓને બાહ્ય પદાર્થો પર પ્રેમ અથવા અરુચિ હોતી નથી.

જેમ જેમ આત્માના સ્વરૂપ સંબંધી વિશેષતર જ્ઞાન થતું જાય છે, તેમ તેમ વિષયભોગની પરિણતિ મન્દ મન્દ થતી જાય છે અને વિષયરુચિ વિશેષ વિશેષ ભાગે ટળતી જાય છે.

મનને શુદ્ધ ખોરાક આપો.

જ્ઞાનીઓ બાહ્ય પદાર્થોમાં ઉપકાર આદિ માટે પ્રવૃત્તિ કરે છે. તોપણ તેમનો આત્મા શુદ્ધોપયોગે વર્તવાથી કર્મની નિર્જરા અનંતગણી કરે છે, તેથી કર્મબન્ધ બિલકૂલ અલ્પ અલ્પતર તેઓને બંધાય છે. અર્થાત્ અનંત ગુણોની નિર્મલતા થતી જાય છે અને યૌગિક કર્મબન્ધ એક બે ત્રણ ચાર આદિ ગણો બંધાય છે.

આવો આત્મજ્ઞાનદશાવાળો મનુષ્ય ઘણાં કર્મ ખેરવે છે અને અનંત ગુણની શુદ્ધિ કરતાં છતાં આગળ પ્રવૃત્તિ કરે છે અને તેથી તે ઇન્દ્રિયોના વિષયોનો ખરી રીતે પ્રત્યાહાર કરી શકે છે.

અજ્ઞાની જીવો બીજાનું સાંભળી અથવા દેખી ઇન્દ્રિયોના વિષયો ત્યાગ કરવા પ્રતિજ્ઞાઓ ગ્રહણ કરે છે અને તે માટે અમુક અમુક નિયમોને પાળે છે. હઠ થકી ઇન્દ્રિયોને વશ કરવા તપશ્ચર્યા આદિથી શરીર કૃશ કરી નાખે છે, પણ આત્મજ્ઞાનદશા વિના તેઓના મનમાંથી વિષયોની વાસનાનો નાશ થતો નથી.

અજ્ઞાનીઓ અમુક સંયોગોમાં અમુક વખત પર્યંત સોલ્જર–સૈનિકની પેઠે સંભોગ આદિ ભોગોનો બાહ્યથી ત્યાગ કરી શકે છે, પણ મનમાં કામની વાસના ઉત્પન્ન થતાં અન્તરથી તેઓ ભોગી બને છે અને અમુક સંયોગોમાં અમુક વખત આવતાં વ્રતાદિ પ્રતિજ્ઞાઓમાંથી લોપ પણ થઈ જાય છે અને તે પ્રાપ્ત થએલા ભોગમાં જ સર્વસ્વ સુખનો નિરધાર કરે છે.

અજ્ઞાની રાગ અને કામના વશથી વ્રતનો લોપ કરે છે અને તેમાં લોલુપી બને છે અને જ્ઞાની ભોગાવલીકર્મના ઉદયે જ ભોગમાં પ્રવૃત્તિ કરે છે. પણ તેમાં નિર્લેપ રહે છે.

બાહ્યથી બન્નેએ પ્રતિજ્ઞાનો લોપ કર્યો એમ કહેવાય છે, પણ અન્તરથી જ્ઞાની ત્યાગી છે અને અજ્ઞાની બાહ્યથી તેમજ અન્તરથી રાગી છે.

પોતાનાં કર્મ અને વિચારોમાં સાવધ રહો; ભૂલ ન કરો.

અજ્ઞાની બાહ્યથી ભોગનો સંયોગ ન થતાં સુધી અથવા બાહ્યથી પ્રતિજ્ઞા પાળતાં સુધી ત્યાગી ગણાય છે, પણ અન્તરમાં તેનું મન વિષયવેગથી વ્યાપ્ત રહે છે, તેથી તે અન્તરનો (મનનો) પ્રત્યાહાર પણ કરી શકતો નથી.

મનનો પ્રત્યાહાર કર્યા વિના અન્ય ઇન્દ્રિયોનો બાહ્યથી કરેલો પ્રત્યાહાર સદાકાળ માટે ટકતો નથી, ઊલટી વિષયોની વિટંબના વૃદ્ધિ પામતી જાય છે.

મનનો પ્રત્યાહાર કરનારા યોગીન્દ્રો અન્ય ઇન્દ્રિયોથી થતી વિષયની પ્રવૃત્તિમાં જે રાગ અને દ્વેષ થાય છે, તેનો પણ પ્રત્યાહાર કરી શકે છે.

મનનો પ્રત્યાહાર કરવા માટે શ્રી તીર્થંકરોએ કહેલા આત્મજ્ઞાનની અત્યંત આવશ્યકતા છે, તેમજ આત્મજ્ઞાનપૂર્વક આત્મવીર્યની પણ અત્યંત આવશ્યકતા છે.

જે યોગીઓ મનને વશ કરી શકે છે, તે જ ખરેખરા પ્રત્યાહારના સાધક ગણાય છે, બાકી ઉપર ઉપરથી તો અમુક વખત સુધી અમુક પ્રત્યાહાર કરનારા ઘણા દેખાય છે, પણ તેથી કંઈ આત્મહિત થતું નથી. આત્મ-તત્ત્વનું જ્ઞાન કરીને ખરેખરો મનનો પ્રત્યાહાર કરવો જોઈએ.

"મનનો પ્રત્યાહાર"

મનમાં ઉત્પન્ન થતા ક્રોધ, માન, માયા, લોભ, મમતા, ઈર્ષ્યા, મૈથુન, નિંદા, વૈર, ઝેર અને અહંત્વ, આદિ દોષોને મનમાં આત્મબળ વડે ઉત્પન્ન ન થવા દેવા, તે મનથી પ્રત્યાહાર કહેવાય છે.

ક્રોધ

અમુક પ્રતિકૂલ સંયોગોમાં મનમાં ક્રોધ ઉત્પન્ન થાય છે. જ્યાં સુધી મનમાં ક્રોધ ચાર પ્રકાર વડે ઉત્પન્ન થાય છે, ત્યાં સુધી તેની અસર આત્મા, વાણી અને કાયા ઉપર થયા કરે છે અને તેથી આત્મા અનંતકર્મનો બંધ કર્યા કરે છે.

એકાગ્રતા કેળવો, પછી તેની શક્તિ જણાશે.

ક્રોધ મહાપાતકી ચંડાલ છે. તપસીઓ પણ ક્રોધ કરીને લપસી ગયા છે.

મનથી કાંઈ પણ પ્રતિકૂલ દેખાય, જણાય અને સંભળાય તો તરત જ ક્રોધની અસર આંખ, ભૃકૂટી અને લલાટ ઉપર દેખાઈ આવે છે.

ક્રોધથી બુદ્ધિની પણ મન્દતા થાય છે. ક્રોધી પુરુષો કોઈ વખતે કોઈને મારી નાંખે છે. કોઈનો નાશ કરે છે.

કોઇને શ્રાપ આપે છે. ક્રોધના આવેશમાં જૂઠું બોલે છે. જૂઠી સાક્ષી પૂરે છે. અછતા દોષ પ્રકાશે છે. અન્યને ક્રોધાવેશમાં આળ ચઢાવે છે.

ક્રોધાવેશમાં શરીર ઉષ્ણ થાય છે. હોઠ થરથરે છે. હૃદય ધડકે છે અને મનની સમાનતાનો નાશ થાય છે.

મિત્રો પણ ક્રોધથી શત્રુ બને છે. ક્રોધથી સમતાબાગમાં અગ્નિનો ભડકો સળગે છે. અનંતભવનાં કરેલ શુભ કૃત્યો પણ ક્ષીણ થતાં જાય છે, માટે ક્રોધનો નાશ કરવા આત્મજ્ઞાનબળથી ક્ષમાનું ચિંતવન કરવું:- ક્ષમા આદરવી.

ક્રોધને જીતવાનો ઉપાય.

જે જે સંયોગોમાં જે જે ક્રોધ પ્રગટ કરવાનો હોય, તે તે વખતે સમતાનું સ્વરૂપ વિચારવું. ક્ષમાના અમૂલ્ય ગુણો વિચારવા.

આત્માનો સહજસ્વભાવ વિચારતાં ક્રોધનો આવેશ પ્રગટતો ને પ્રગટતો મન્દ પડી ઉપશમી જાય છે.

આત્મજ્ઞાનબળથી જે જે હેતુઓ ક્રોધના બન્યા હોય, તેને બિલકૂલ ભૂલી જવા.

આત્માને કોઈ ખોટો કહે તો તેમાં આત્માનું કંઈ જતું નથી. હું આત્મા, દુનિયાથી ન્યારો છું માટે બાહ્યમાં હું નથી; ત્યારે મારે

ઈર્ષા અને અભિમાન–અહંકાર આપણો જ નાશ કરે છે.

મનમાં ક્રોધ કેમ થવા દેવો જોઈએ ? મારે મનની સમાનતા જાળવવી જોઈએ.

ક્રોધ કરવાથી મારે કોઈ પણ જાતનો જરામાત્ર ફાયદો થવાનો નથી, ત્યારે કેમ મનના વિષમપાશમાં પડીને ક્રોધ કરવો જોઈએ ? અલબત્ત ક્રોધ ન કરવો જોઈએ.

ક્રોધના પ્રકાર

અનંતાનુબન્ધી ક્રોધ, અપ્રત્યાખ્યાની ક્રોધ, પ્રત્યાખ્યાની ક્રોધ, અને સંજ્વલનનો ક્રોધ એ ચાર પ્રકારનો ક્રોધ છે.

અનંતાનુબન્ધી ક્રોધ તે જીવે ત્યાં સુધી રહે છે. અપ્રત્યાખ્યાની ક્રોધ થયેલા હોય તો તે વર્ષ સુધી રહે છે.

પ્રત્યાખ્યાની ક્રોધ ચાર માસ સુધી રહે છે.

સંજ્વલનનો ક્રોધ પક્ષપર્યંત (પંદર દિવસ) રહે છે.

અનંતાનુબન્ધી ક્રોધથી નરકગતિ પ્રાપ્ત થાય છે.

અપ્રત્યાખ્યાની ક્રોધથી તિર્યંચની ગતિ પ્રાપ્ત થાય છે.

પ્રત્યાખ્યાની ક્રોધથી મનુષ્યની ગતિ પ્રાપ્ત થાય છે.

સંજ્વલનના ક્રોધથી દેવની ગતિ પ્રાપ્ત થાય છે.

આ ચારે પ્રકારના ક્રોધનો ક્ષણે ક્ષણે નાશ કરવા પ્રયત્ન કરવો જોઈએ.

જ્યારે ક્રોધ થાય, ત્યારે આત્માનું શુદ્ધ સ્વરૂપ ચિંતવ્યા જ કરવું. આત્માનું શુદ્ધ સ્વરૂપ સ્મરણ કરતાં ક્રોધનો વેગ બિલકુલ શમી જાય છે.

પત્થરની શિલા ઉપર સૂર્યનાં કિરણ લાગવાથી શિલા ઉષ્ણ થઈ જાય છે, પણ પાણી રેડતાં શીતલ થઈ જાય છે.

તેમ ક્રોધથી મન ઉષ્ણ થઈ જાય છે, પણ સમતારૂપ જલના યોગે શીતલ બની જાય છે.

ક્રોધાગ્નિની શાંતિ કરવા માટે સમતા જલનું સેવન કરવું. અત્યંત ઉત્સાહપૂર્વક જે જે વખતે ક્રોધ થાય, તે તે વખતે આત્મા-

પયોગનું સ્મરણ કરવામાં આવશે, તો ક્રોધના સંસ્કારોનો નાશ થતાં, અંતે સંપૂર્ણ તેનો નાશ થશે.

અનંતાનુબન્ધીનો અપ્રત્યાખ્યાનીનો થશે. અપ્રત્યાખ્યાનીનો પ્રત્યાખ્યાની થશે અને પ્રત્યાખ્યાનીનો ક્રોધ ટળી સંજ્વલનનો ક્રોધ થશે. સંજ્વલન ક્રોધના પણ અસંખ્ય ભેદ છે. તેમાંથી પણ મન્દ દશા થતાં અંતે સંપૂર્ણ ક્રોધપ્રકૃતિનો નાશ થશે.

અનેક જીવોએ ક્રોધનો નાશ કરી પરમાત્મપદ પ્રાપ્ત કર્યું, કરે છે અને કરશે.

સાધકોએ ક્રોધને જીતવાના ઉપાયો આદરી આત્માનું ક્રોધરહિત સંપૂર્ણ સ્વરૂપ પ્રાપ્ત કરવું.

માનનું સ્વરુપ

આત્માના જ્ઞાનાદિ ગુણો પ્રાપ્ત કરવામાં માન એક મહાવિઘ્ન કરનાર છે. આત્મારૂપ સૂર્યનું દર્શન કરવામાં મેરૂપર્વતની પેઠે માન આડો આવે છે.

આત્માનો મૂળ ઊર્ધ્વગમન સ્વભાવ છે અને તેથી તે સિદ્ધસ્થાનમાં જાય છે, પણ માનના યોગે ઊલટો આત્મા અધોગતિમાં ચાલ્યો જાય છે.

વિનય, શ્રુત, તપ અને શીલને હણનાર માન છે. **રાવણ** અને **કૌરવો** જેવા માનના યોગે દુઃખી થઇ આયુષ્ય હારી ગયા અને પરમાત્મપદ સાધી શકયા નહીં.

માનથી કોઈની પાસે જ્ઞાન ગુણ વિશેષ હોય છે, તો પણ તે લેવાતો નથી.

સામાન્યતઃ અહંકારના આઠ ભેદ થાય છે. રૂપ, જાતિ, લાભ, તપ, બળ, વિદ્યા, ઐશ્વર્ય અને લક્ષ્મી. એ આઠ બાબતોમાં થતો

મહાપુરૂષોનું જીવનચરિત્ર એ પ્રજાનું ઉપયોગી ધન છે.

અહંકાર મનુષ્યોએ આત્મબળથી ટાળવો જોઈએ.

ઉચ્ચ જાતિમાં જન્મ થયો હોય તો પોતાને ઉચ્ચ માને છે અને અન્યોને નીચ માને છે.

પોતાનું રૂપ સુંદર હોય છે, તો અજ્ઞાનથી મનુષ્ય પોતાના રૂપનો અહંકાર ધારણ કરે છે.

લક્ષ્મી આદિ અનેક પ્રકારના લાભો મળતાં મનમાં જાણે કે, અહો ! મારા જેવા લાભ કોઈને મળતા નથી. અહો ! મારા સમાન કોઈ નથી.

તપશ્ચર્યા કરી મનમાં અહંકાર કરે કે, અહો ! મારા જેવો તપસ્વી કોણ છે ?

અન્યોના કરતાં પોતાનું બળ અધિક હોય તો એમ વિચારે કે, અહો ! મારા જેવો કોઈ બળવાન નથી. હું એક સપાટામાં સર્વને હરાવી શકું. ઇત્યાદિ અજ્ઞાની જીવ પોતાના બળનું અભિમાન કરે છે.

વિદ્યાભ્યાસ કરીને અનેક પ્રકારની વિદ્યાઓ ભણી અજ્ઞાની જીવ મનમાં વિદ્યાનો અહંકાર કરે છે. અન્ય મનુષ્યોનું માન તોડવાને અનેક યુક્તિઓ લડાવે છે. વિદ્યાના જોરે અન્યોને હલકા પાડે છે. મનમાં કુલણજીની પેઠે કુલેલો રહે છે, ઇત્યાદિ વિદ્યાનો અહંકાર જાણવો.

અનેક પ્રકારનું ઐશ્વર્ય મળવાથી મનમાં અહંકાર ધારવો કરવો, તે ઐશ્વર્યમદ કહેવાય છે.

લક્ષ્મીનું મનમાં અભિમાન ધારણ કરે તે લક્ષ્મીમદ કહેવાય છે.

અનેક પ્રકારના અહંકારો કરવાથી જીવો ચોરાશી લાખ જીવ-યોનિમાં વારંવાર અવતાર ધારણ કરી જન્મ, જરા અને મરણનાં દુઃખ પ્રાપ્ત કરે છે.

માનના જોરથી જીવો પોતાનું અથવા પારકાનું હિત જોઈ

ત્યાગની ભાવનાથી જ મિત્રતા કેળવાય છે.

શકતા નથી. માનથી હિંસા, જૂઠ, ચોરી, વિશ્વાસઘાત નિન્દા અને આળ વગેરે અનેક દોષો પ્રાપ્ત થાય છે.

માની મનુષ્ય સુકાયેલાં લાકડાં અને હાડકાંની પેઠે પોતાની સ્થિતિ કરે છે. માનની દશામાં હજારો લડાઈ થઈ અને થશે.

બાહુબલીને કેવલજ્ઞાન થવામાં પણ માને વિઘ્ન કર્યું હતું. **ભરત** અને **બાહુબલીને** લડાવનાર પણ માન હતો.

અનેક મુનિઓ માનના લીધે ઉચ્ચ દશામાંથી પડયા અને પડે છે.

અનેક રાજાઓ માનના યોગે દુઃખ પામ્યા, પામે છે અને પામશે.

લઘુતા ગુણવાળા આત્માને માન અક્કડ બનાવે છે.

એક સામાન્ય માણસ પણ અહંકારવશ થઈ અભિમાનના તોરમાં ન બોલવાનું બોલે છે. માનને વશ થએલા મનુષ્યો પોતાનું અને પારકાનું અહિત કરે છે.

ભવિષ્યનાં દુઃખ અને ગુણો તરફ માની પુરુષ દેખી શકતો નથી.

માની પુરુષ ઊંચું જોઈ ચાલ્યા કરે છે અને મનમાં ધારે છે કે જગત્માં ફક્ત હું જ કંઈક છું.

માની પોતાનાં માતપિતા અને ગુરુઓની આગળ પણ લઘુતા ધારણ કરી શકતો નથી. માની પુરુષ પોતાનો કક્કો ખરો કરવા જાય છે.

માની પુરુષ પ્રાણનો નાશ કરે છે, પણ પોતાનું માન મૂકતો નથી.

માની પુરુષને કોઈ હિતશિક્ષા આપે છે, તો તેને ઝેર જેવી લાગે છે. માની પુરુષ પોતાનામાં માનરૂપ દોષ છે, એમ પોતાની ભૂલ કબૂલ કરતો નથી. માની પુરુષ કરેલા માનને ન્યાયરૂપ ગણે છે.

સુખ ચેનમાં રહેવું, એ જીવન હારી જવા જેવું છે.

અનેક જીવો માનના દોષમાં મલકાઈ ચતુર્ગતિમાં રખડ્યા, રખડે છે અને રખડશે.

સાંસારિક જીવો જો માન મૂકે તો તેઓના આત્માનું કલ્યાણ થાય; માટે જેઓ કલ્યાણ કરવા ધારતા હોય, તેઓએ માનનો નાશ કરવો જોઈએ.

માની પુરુષ પોતાની જ પ્રશંસા કરે છે. માની પુરુષ અન્યનું બૂરું કરવામાં બાકી રાખતો નથી. જ્ઞાની પુરુષનો વિનય કરવામાં માની અચકાય છે.

માની મનુષ્ય ગુણીઓના ગુણો તરફ જોઈ શકતો નથી. માની પુરુષ પોતાનાં કરતાં બીજાઓને હલકા ગણે છે. માની મનુષ્ય તન, મન અને ધનની સાર્થકતા કરી શકતો નથી. માન અમૂલ્ય એવા વિનયગુણનો નાશ કરે છે.

માનના ચાર પ્રકાર છે. અનંતાનુબંધી માન. અપ્રત્યાખ્યાની માન. પ્રત્યાખ્યાની માન અને સંજ્વલન માન. આ ચાર પ્રકારનું માન અનુક્રમે યાવજ્જીવ, વર્ષ, ચઉમાસ અને પાક્ષિક સ્થિતિને ભજે છે અને અનુક્રમે નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિને આપે છે.

નામ અને રૂપમાં માનની પ્રબલ સત્તા વર્તે છે. માનથી સદ્‌ગુરુ, સન્તપુરુષ અને વડીલોનો વિનય થતો નથી.

પોતાની મહત્તા વધારવા માની અન્યોના અવગુણોને ખોળીને તેઓને હલકા પાડે છે. માની અન્યનો ગુણ સહન કરી શકતો નથી.

માનપર્વત ઉપર ચઢેલો જીવ પોતાનામાં અને પરમેશ્વરમાં પણ છેદું દેખી શકતો નથી.

માની પુરુષ પોતાની પૂર્વની જિંદગીનો ખ્યાલ કરી શકતો નથી. માનીપુરુષ, દારુડીયાની પેઠે મનમાં ગમે તે લવ્યા કરે છે.

પુરુષાર્થ વિનાનો જ્ઞાની વસ્ત્રવાટ વિનાના શણગારેલા ઘર સમાન છે.

માનીને માનસર બોલાવવામાં ન આવે તો પોતાનું અપમાન માની સામાનું ભૂંડું કરવામાં બાકી મૂકતો નથી.

જો લક્ષ્મીનો અહંકારી હોય છે, તો તે સવા ગજ ઊંચું ચાલતો ન હોય તેમ ચાલે છે.

જો વિદ્યાનો અહંકારી હોય છે, તો તે ઈન્દ્રભૂતિની પેઠે અન્ય વિદ્વાનોને પોતાના હિસાબમાં ગણતો નથી. કોઈ અન્ય વિદ્વાનને વખાણે તો પોતાનો મિજાજ ગુમાવી દે છે.

જો સત્તાનું માન હોય છે, તો મનમાં એમ જાણે છે કે સાક્ષાત્ હું પરમેશ્વર છું, એમ માની અન્ય મનુષ્યોનો નાશ કરવા અનેક પ્રકારના જોરજુલમ કરે છે.

જો જાતિનો મદ હોય છે, તો તે અન્યોને પોતાનાથી હલકા વારંવાર ગણી તેઓની નિન્દા કરે છે અને પોતાની જાતને વખાણે છે. પોતાની ઉચ્ચ જાતિની પ્રશંસા મરીચિની પેઠે કર્યા કરે છે.

પોતે રૂપવાન હોય છે, તો તે મનમાં અભિમાન લાવીને મલકાય છે. પોતાના રૂપની પ્રશંસામાં અહંકારી બને છે.

આવી અભિમાનની દશા કોઈ પણ રીતે મનુષ્યોને ફાયદાકારક થતી નથી. અભિમાન થવાથી પડી જવાય છે. આવેલા સદ્‌ગુણોનો પણ અહંકાર નાશ કરે છે.

રાજા હોય, પાદશાહ હોય, બૃહસ્પતિ સમાન હોય અને કુબેર ભંડારી જેવા હોય, તો પણ અભિમાનથી પોતાનો નાશ થાય છે, એમાં સંશય નથી.

માન નાશ કરવાના ઉપાયો

લઘુતા ધારણ કરવાથી માનનો નાશ થાય છે. પૂર્વના મહાન પુરુષોની આગળ હું સામાન્ય છું, એવી ભાવના ભાવવાથી અહંકારનો વેગ ઉતરે છે.

જ્ઞાન વિનાનો પુરુષાર્થ સજ્જડ વિનાના વસવાટ જેવો છે.

જે જે પ્રકારથી માન ઉતરે તેવી તેવી ભાવનાઓ ભાવવી જોઈએ. મનમાં ચિંતવવું કે, હું તો આત્મા છું, તેથી બાહ્યવસ્તુઓની મોટાઈ મારામાં કલ્પીને અહંકાર કરી શકાય જ નહીં.

હું તો અગુરુલઘુ સ્વભાવવાળો આત્મા છું. મારામાં જ્ઞાનગુણ ઉત્પન્ન થાય, તેમાં શું આશ્ચર્ય છે કે, તે સંબંધી અભિમાન કરવો જોઈએ ? અલબત્ત અભિમાન ન કરવો જોઈએ.

જાતિ અને બાહ્યનું ધન છે, તેનાથી હું આત્મા ભિન્ન છું, ત્યારે તેનું અભિમાન કરવું, એ મને બિલકુલ ઘટતું નથી. અનેક લક્ષ્મીપતિઓ ધનનો અહંકાર કરી આત્મિક સુખ પામ્યા નથી.

જાતિનો અહંકાર કરનારાઓ જો આત્મતત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત કરે, તો તેઓ જાતિનો અહંકાર કરી શકે નહીં.

જાતિ છે તે આત્માની નથી. જાતિ તો વર્ણઆશ્રયી છે, માટે તેનો અહંકાર કરવો, તે ખરેખર અજ્ઞાન છે.

બાહ્યનું અનેક પ્રકારનું ઐશ્વર્ય મળે, તેમાં આત્માનું કંઈ પણ તત્ત્વધન નથી. બાહ્યનું ઐશ્વર્ય ક્ષણિક છે.

રાવણ, રામ, કૌરવ અને પાંડવો જેવા પણ બાહ્યના ઐશ્વર્યથી આત્મિક શાંતિ પામ્યા નથી.

સિકંદરબાદશાહ જેવા પણ અંતે ઘોરમાં દટાયા. ક્ષણિક વસ્તુઓનો અભિમાન કરવો, તે કોઈ રીતે યોગ્ય નથી.

પૂર્વપુણ્યયોગે બાહ્યની ગમે તેવી ઉચ્ચ સત્તા મળે તો પણ જ્ઞાનદૃષ્ટિથી વિચારતાં તેમાં અહંકાર કરવાનું કંઈ પણ કારણ સમજાતું નથી.

તન, ધન અને યૌવન ક્ષણિક છે. આત્મજ્ઞાનથી જોતાં સત્તા આદિ પણ ક્ષણિક સમજાય છે.

બધી નદીઓ સાગર પત્ની કહેવાય છે.

આત્મજ્ઞાન થતાં અહંકારનું જોર ઘટી જાય છે. પોતાનું માન પણ નથી અને આત્માનું અપમાન પણ નથી, ત્યારે અહંકાર શા માટે કરવો જોઈએ? માનમાં ફૂલી જનારાઓનાં નામઠામ પણ દુનિયામાં રહ્યાં નથી, ઊલટું તેઓ અશુભ ગતિમાં જઈ દુઃખના ભાગી બન્યા.

બાહ્યની ઉચ્ચ દશામાં અહંકાર કરવો ન જોઈએ. અહંકાર મનનો ધર્મ છે. મનના ધર્મોને આત્માના ધર્મો કલ્પવા એ અજ્ઞાન છે; માટે મનમાં ઉત્પન્ન થતા અહંકારને ટાળતાં મનપ્રત્યાહારની સિદ્ધિ થાય છે.

માયાનું સ્વરૂપ

માયા (કપટ) જગતમાં અનેક પ્રકારની જન્મમરણની ઉપાધિમાં ફસાવે છે. બીજાને અથવા પોતાને ગમે તે રીતે છેતરવાનો મન, વચન અને કાયાથી પ્રયત્ન કરવો, તે કપટ કહેવાય છે. **આડો ઓદે તે પડે,** એ કહેણી જગતમાં ચાલે છે, તે ખરેખરી સત્ય છે. કપટ કરનાર અનેક પ્રાણીઓનું ભૂંડું કરીને પોતાનું પણ ભૂંડું કરે છે.

અનાદિકાળથી જીવો કપટ કરે છે, તો પણ કપટથી કોઈને શાંતિ થઈ નથી અને થવાની પણ નથી. કપટની જાળ રચનાર પોતે જ કપટ-જાળમાં ફસાય છે.

અનેક પ્રકારના વિષયોને ઉદ્દેશી કપટ પણ અનેક પ્રકારનું કહેવાય છે. રાજ્યસંબંધી કપટ, ગૃહસંબંધી કપટ, મિત્ર સંબંધી કપટ, વ્યાપાર સંબંધી કપટ, યુદ્ધ સંબંધી કપટ, ભોજન સંબંધી કપટ, ગમનાગમન સંબંધી કપટ, પાન સંબંધી કપટ, વિદ્યા સંબંધી કપટ, હુન્નર સંબંધી કપટ, સ્વજાતીય સંબંધી કપટ, પુત્ર સંબંધી કપટ, ધર્મ સંબંધી કપટ, ઉપદેશ સંબંધી કપટ, સ્વાર્થ સંબંધી કપટ, પરમાર્થ સંબંધી કપટ, ભક્તિ સંબંધી કપટ, ચારિત્ર સંબંધી કપટ, શ્રાવક

સમુદ્ર સરિતાનો પતિ કહેવાય છે.

સંબંધી કપટ અને સાધુ સંબંધી કપટ, ઇત્યાદિ અનેક પ્રકારનાં કપટ છે.

અનંતાનુબંધી માયા, અપ્રત્યાખ્યાની માયા, પ્રત્યાખ્યાની માયા અને સંજ્વલની માયા. આ ચાર પ્રકારની માયા અનુક્રમે નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિની દેનારી છે.

અનંતાનુબંધી માયા યાવજ્જીવ રહે છે. અપ્રત્યાખ્યાની માયા વર્ષપર્યંત રહે છે. પ્રત્યાખ્યાની માયા ચાર માસ પર્યંત રહે છે, સંજ્વલની માયા પન્નર દિવસ સુધી રહે છે.

પ્રથમના કરતાં બીજીમાં અને બીજી કરતાં ત્રીજીમાં અને ત્રીજી કરતાં ચોથી માયામાં અનુક્રમે અલ્પ અલ્પ કર્મ બંધાય છે.

આત્માના અનંતગુણની પ્રાપ્તિમાં કપટ વિઘ્નકારક છે. કપટના પરિણામથી આત્મા અનંતકર્મની વર્ગણા ગ્રહણ કરે છે.

જે જે સમયે કપટના પરિણામ થાય છે, તે તે સમયે આત્મા મલિનતાને ધારણ કરે છે.

જેવા જેવા કપટના તીવ્ર અથવા મંદ પરિણામ થાય છે, તેવા તેવા તીવ્ર અથવા મંદ પરિણામે તીવ્ર અથવા મંદ, કર્મના બંધ પડે છે.

કપટના બે ભેદ છે. પ્રશસ્ત અને અપ્રશસ્ત તેમાં અપ્રશસ્ત કરતાં પ્રશસ્ત કપટ અપેક્ષાએ જરા ઠીક કહેવાય છે, પણ વસ્તુતઃ જોતાં બન્ને પ્રકારનાં કપટ ત્યાગ કરવા લાયક છે.

કપટથી કોઈ સુખી થયો નથી અને થવાનો પણ નથી.

કપટના પરિણામયોગે અનેક પ્રકારનાં તપ, જપ અને વ્રત વગેરે કરવામાં આવે છે, તો પણ તે નિષ્ફળ જાય છે.

નદીઓ વફાદાર રહે તો અંતે સમુદ્રને પહોંચી જાય છે.

કપટથી તરવારની ધાર ઉપર નાચવાની પેઠે ઉત્કૃષ્ટ ચારિત્ર પાળવામાં આવે તો પણ જન્મ, જરા અને મરણનાં દુઃખ ટળતાં નથી.

આત્માની શુદ્ધ સરલ દશામાં કપટ આડું આવીને ઊભું રહે છે. જ્યાં સુધી કપટ છે, ત્યાં સુધી મનના પરિણામ સરળ રહેતા નથી. આત્માની શુદ્ધ દશાને કપટ ચીરી નાખે છે. કપટથી મોટા મોટા તપસ્વીઓ પણ ઉપરના ગુણસ્થાનકથી નીચે લથડી પડ્યા છે.

માન, પૂજા, કીર્તિ અને સ્વાર્થ આદિ સંયોગોને લઈ મનમાં કપટ ઉત્પન્ન થાય છે.

વિનયરત્ન જેવાએ બાહ્ય મનોહર ચારિત્ર પાળ્યું, પણ મનમાં કપટનો પરિણામ હોવાથી નૃપતિઘાત કરી નરકમાં ગયો.

બાહ્યથી ધર્મની અનેક ક્રિયાઓ કરનારા પણ મનમાં કપટના પરિણામ ધારણ કરનારા અનંત જન્મ, જરા અને મરણના દુઃખને પ્રાપ્ત કરે છે.

આ જીવે સ્વાર્થને માટે અનેક પ્રકારનાં કષ્ટો કરી હિંસા, જૂઠ, ચોરી, વ્યભિચાર અને વિશ્વાસઘાત આદિ કુકર્મો કર્યાં, પણ હજી તેની શાંતિ થઈ નહીં. હજી પણ મનમાંથી કપટભાવ પૂર્ણપણે જતો નથી.

કોઈપણ સામાન્ય પ્રસંગમાં પણ કપટ કર્યા વિના ચાલે નહિ. આવી સ્થિતિથી મનુષ્ય સંસારમાં જન્મ, જરા અને મરણની વૃદ્ધિ કરતો જાય છે. હજી કોણ જાણે કયાં સુધી કપટમાં જીવ પોતાનું જીવન ગાળશે.

હે જીવ ! જો તું આત્મજ્ઞાનથી સમજે તો કપટના ફંદમાં ફસાય નહિ. જ્યારે ત્યારે પણ કપટનો નાશ કરવો જોઈએ; કારણ કે તેથી અનંતદુઃખ પ્રગટે છે.

સમુદ્રમાં બધું એકાકાર–સર્વાકાર નિરાકાર થઈ જાય છે.

કપટ નાશ કરવાના ઉપાયો

પુદ્ગલ વસ્તુમાં જ્યાં સુધી મારાપણાની બુદ્ધિ થાય છે, ત્યાં સુધી કપટ છે. જડ પદાર્થોમાં સત્ય સુખ નથી એવો નિશ્ચય કરવો.

સરલતા ધારણ કરવાથી જે કાર્યો કરવાનાં ધાર્યાં હોય છે, તે સુખે પાર પડે છે.

કપટ કરવાથી આત્માનો પરિણામ કપટરૂપ બનવાથી પોતાનું અને પરનું ભલું થતું નથી; માટે જે જે વખતે કપટના વિચારો આવે, તે તે વખતે સરલતાના અથવા આત્માની શુદ્ધ પરિણતિના વિચારો કરી કપટના વિચારો ઉત્પન્ન થતા ને થતા જ વારવા.

અમુક અમુક સંયોગોમાં અમુક અમુક કારણ પ્રસંગે કપટ થાય, તો તે વખતે આત્માનું શુદ્ધ સ્વરૂપ વિચારવું.

સ્વાર્થની માયામાં દુઃખની છાયા છે, એવા સત્ય વિચારોના પ્રકાશથી કપટરૂપ અંધકારનો નાશ થાય છે. માયારૂપ વિષવલ્લિનો સરલતા-રૂપ દાતરડાથી નાશ કરવો જોઈએ.

માયારૂપ રાક્ષસીનું જોર ટાળવું હોય તો આત્માની શુદ્ધદશાદેવીનું સ્મરણ કરવું કે જેથી તરત જ માયા પલાયન કરી જશે.

માયારૂપ સર્પિણીવિષનો નાશ કરવો હોય તો, શુદ્ધોપયોગરૂપ જાંગુલીમંત્રનું સ્મરણ કરવું.

માયાનું જોર અજ્ઞાન દશામાં બહુ પ્રવર્તે છે, માટે આત્મજ્ઞાનદશા પ્રાપ્ત કરવામાં માયાનું જોર ટાળવું જોઈએ.

સર્વ પ્રકારના વિચાર કરવામાં, સર્વ પ્રકારનું બોલવામાં અને કાયાની પ્રવૃત્તિ કરવામાં અંશ માત્ર પણ કપટકળા કરવી યોગ્ય નથી.

કપટની કળાથી જે વિચારાય છે, જે બોલાય છે અને જે કાયાથી કરાય છે, તેમાં અંતે આત્મહિત થતું નથી; એમ જાણી આત્માના

આત્મસ્વરૂપ પામવાનું ઉપરોક્ત સર્વોત્તમ ઉદાહરણ છે.

શુદ્ધ સ્વરૂપમાં રમણુતા કરી ત્રણ પ્રકારની ક્રિયાઓમાં નિર્દંભતા ધારણ કરવી.

કપટનો ત્યાગ કરતાં પ્રથમ જે કંઈ ખમવું પડે તે ખમવું, પણ કપટનો કદી આદર કરવો નહીં.

કપટ કરનારાઓ કદી લઘુલાઘવી કળાથી પોતાના કાર્યમાં ફાવી જાય, તોપણ મનઃપ્રત્યાહારસાધકે કદી કપટ કરવું નહિ.

કપટકળાથી થતી ઉન્નતિ અંતે નાશ પામ્યા વિના રહેતી નથી, માટે અલ્પ એવી પણ આત્મોન્નતિ કપટનો ત્યાગ કરી કરવી.

લોભ

સર્વ દોષોનું સ્થાન લોભ છે. જો લોભ છે, તો અન્ય દોષો પણ આવીને ઉભા રહે છે. જો લોભ ગયો તો સર્વ દોષો પોતાની મેળે નાશ પામે છે.

લોભથી મનની અધોદશા થતી જાય છે. લોભના પરવશમાં અનેક જીવો મહા અઘોર કર્મ કરે છે.

લોભના ઉદયથી મનુષ્યો લાખો અને કરોડો જીવોની હિંસા કરે છે. મોટા મોટા યોગીઓ પણ લોભના ઉદયથી ઉપશમશ્રેણિ ચડીને પણ પડી ગયા.

અરે લોભ ! તું મહા દુષ્ટ છતાં મનુષ્યો તને પ્રેમથી ચહાય છે.

તારી પૂજા જગતમાં અનેક પ્રાણીઓ શ્વાસોચ્છ્વાસે કરી રહ્યા છે. એક રૂપિયો મળતાં બે અને બે મળતાં દશ અને દશ મળતાં સો અને સો મળતાં હજાર અને હજાર મળતાં દશ હજાર અને દશ હજાર મળતાં લાખ અને લાખ મળતાં દશ લાખ અને દશ લાખ મળતાં કરોડ એ પ્રમાણે રૂપિયાનો લોભ વધતો જ જાય છે.

લોભમાં પરવશ થયેલા માતાપિતાનો વધ કરે છે અને મિત્રોનો પણ નાશ કરે છે.

અનેકના આશીર્વાદ મેળવો.

લોભના પૂજારીઓ દેવગુરુ અને ધર્મને પણ હિસાબમાં ગણતા નથી. લોભના વશથી નીચની પણ સેવા કરવી પડે છે.

અહો ! પોતાને રૂપની પેટી માનનાર વેશ્યા સ્ત્રી એક કોઢીયાને પણ સેવે છે. એક મૂર્ખ પુરુષની સેવામાં લોભી એવો વિદ્વાન્ મનુષ્ય પણ પોતાનું જીવન ગાળે છે.

લોભી પુરુષ પ્રાણથી પ્યારા એવા મિત્રનો પણ પલકમાં વિશ્વાસઘાત કરે છે.

અરે લોભ ! તું જો જગતમાં ન હોત તો કલેશ, કુસંપ અને મારામારી દેખાત નહિ.

અરે લોભ ! તારા વશમાં થયેલાને સ્વપ્નમાં પણ સુખ નથી, તેમ છતાં મનુષ્યો તને હૃદયથી કેમ ચહાય છે ?

અરે લોભ ! તારી શક્તિ તું સર્વ જીવો પર ચલાવે છે, તોપણ તેઓ બિચારા પોતાને પરતંત્ર માનતા નથી; એવી તારી લીલાને કોણ કળી શકે તેમ છે ?

અરે લોભ ! તું જ્ઞાની અને અજ્ઞાનીની પણ એકસરખી અવસ્થા કરે છે.

અરે લોભ ! તારી ઉપર જેણે વિશ્વાસ રાખ્યો, તે બરેબર દેખતો છતો અંધ છે અને સાંભળતો છતો બધિર છે.

અરે લોભ ! તારી અધમતાનો પાર આવે તેમ નથી, કારણ કે તારા પૂજારીને નરક અને નિગોદનાં દુઃખ તું આપે છે.

હે લોભ ! તારી અપરંપાર લીલા છે. તારા વશમાં આવેલા ઉત્તમ પુરુષો પણ ગરીબમાં ગરીબ સ્થિતિ પ્રાપ્ત કરી આત્માના સત્ય-સુખથી પરાઙ્મુખ રહે છે.

હે લોભ ! હવે તું દૂર થા; કારણ કે તારી મિત્રાઈથી અનન્તકાળથી દુઃખો જ પ્રાપ્ત કર્યાં છે.

સફળતાનો આધાર શક્તિ કરતાં ખંત ઉપર વધારે રહે છે.

હે લોભ ! તું અનેક વેષે મનમાં પેસીને આચાર અને વિચારને બગાડી નાખે છે. તારી અધમતા ઉપર વિચાર કરતાં તને કરોડ વખત ધિક્કાર આપવો જોઈએ.

હે લોભ ! તું જેને વળગે છે, તેનો છેડો મહામહેનતે છોડે છે. તારા સંગથી જ્ઞાનીઓનાં જ્ઞાન નાઠાં, વ્રતીઓનાં વ્રત નાઠાં અને સત્યવાદિયોનાં સત્ય નાઠાં.

હે લોભ ! તું મોટા મોટા યોગીઓની કિંમત પણ કોડીની કરી નાખે છે.

હે લોભ ! તારા વશમાં આવેલા મનુષ્યો પરમેશ્વરની મૂર્તિઓને પણ ચોરી જાય છે અને વેચે છે તેમજ પ્રભુની મૂર્તિ દ્વારા આજીવિકા ચલાવે છે.

હે લોભ ! તું મોટા મોટા યોગીઓને પણ સ્પૃહા કરાવે છે. મોટા મોટા ધ્યાનીઓને પણ તું તારા દાસ બનાવે છે.

હે લોભ ! તારા વશમાં આવેલા પ્રાણીઓ ચોરી કરે છે. પર્વતનાં શિખર પર ચડે છે અને સમુદ્રના તળીએ પ્રવેશે છે.

અરે લોભ ! વનસ્પતિ વગેરે એકેંદ્રિય જીવોમાં પણ તું વાસ કરીને રહ્યો છે.

હે લોભ ! તું મોહરાજાનો અગ્રગણ્ય સુભટ છે; જેથી તારાથી સર્વ જીવો ભય પામે છે, પણ અજ્ઞાનના ઉદયે તું સર્વ જીવોને વહાલો લાગે છે.

હે લોભ ! તારા ઉદયે અનેક જીવો યુદ્ધ વગેરેમાં મર્યા, મરે છે અને મરશે.

હે લોભ ! તારું નાટક જગતમાં અનાદિકાળથી છે અને અનંતકાળ સુધી રહેવાનું.

જે માણસ તન મનથી પોતાના કાર્યમાં પરોવાઈ જાય છે એની સફળતા નક્કી છે.

હે લોભ ! તારા પાસમાંથી જે જીવો છૂટયા, તે ત્રણ ભુવનના રાજા છે.

લોભ અનેક પ્રકારનો હોય છે. સ્ત્રીનો લોભ, પુત્રનો લોભ, રાજ્યનો લોભ, વસ્ત્રલોભ, પાત્રલોભ, ધનલોભ, ધાન્યલોભ, ક્ષેત્રલોભ, ગૃહલોભ, સુવર્ણલોભ, પુત્રીલોભ, કુટુંબલોભ, પદવીલોભ, કીર્તિલોભ, માનપૂજા યશનો લોભ, મહત્તાલોભ, સત્તાલોભ, ભક્તલોભ, શિષ્યલોભ, આજીવિકાલોભ, ભોજ્યવસ્તુલોભ, રૂપલોભ, વિદ્યાલોભ, પુસ્તકલોભ, સ્વદેશલોભ, પરદેશલોભ, વ્યાપારલોભ અને હુન્નરકળાલોભ ઇત્યાદિ અનેક પ્રકારના અપ્રશસ્ય અને પ્રશસ્ય લોભ હોય છે.

લોભના ચાર પ્રકાર છે. અનંતાનુબંધી લોભ, અપ્રત્યાખ્યાની લોભ, પ્રત્યાખ્યાની લોભ અને સંજ્વલનનો લોભ. અનંતાનુબંધી લોભથી નરકગતિમાં જવાય છે.

અપ્રત્યાખ્યાની લોભથી તિર્યંચની ગતિમાં જવાય છે.

પ્રત્યાખ્યાની લોભથી મનુષ્યગતિમાં જવાય છે.

સંજ્વલન લોભથી દેવલોકની ગતિમાં જવાય છે.

આ કાલમાં સર્વ પ્રકારે લોભનો ક્ષય થતો નથી. લોભની દશા ત્યાગ કરવા યોગ્ય છે.

લોભ ત્યાગ કરવાના ઉપાયો

સંતોષને ધારણ કરવાથી લોભનો ક્ષય થાય છે. આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાથી જડ વસ્તુઓમાંથી પ્રેમ નાશ પામે છે.

બાહ્ય વસ્તુઓમાં મારાપણાની બુદ્ધિ ત્યાં સુધી રહે છે કે જ્યાં સુધી તેમાં ઇષ્ટપણાની બુદ્ધિ જાગ્રત રહે છે.

જે વસ્તુઓ પોતાની થઈ નથી અને થવાની નથી, તેમાં અહંમતાની બુદ્ધિ ધારણ કરવી યોગ્ય નથી.

પરવસ્તુઓમાં સુખની બુદ્ધિથી જ લોભ થાય છે, પણ જ્યારે પરવસ્તુઓમાંથી સુખની ભ્રાંતિ ટળી જાય છે, ત્યારે તે વસ્તુઓ હોય તોપણ તેમાં રુચિ થતી નથી.

કંગાલી જીગર જો હોય નહીં તો કંગાલીમાં પણ અમીરી જ છે.

આત્માનું સત્ય સુખ છે, તે આત્મામાં રહે છે, ત્યારે શા માટે અન્ય વસ્તુઓમાં મુંઝાવું જોઈએ ? અલબત્ત ન મુંઝાવું જોઈએ.

આત્માની ઋદ્ધિ આત્મામાં છે. તેમાં જ સુખ બુદ્ધિ રાખી રમણુતા કરવી જોઈએ.

જે જે વખતે લોભના વિચારો હૃદયમાં જે જે વસ્તુઓ સંબંધી પ્રગટી નીકળે, ત્યારે તેઓને સંતોષના વિચારોથી દબાવી દેવા.

સંતોષના વિચારોમાં એટલી બધી શક્તિ છે, કે તેની આગળ લોભનું કશું કંઈ ચાલતું નથી.

સંતોષરૂપ દેવની આગળ લોભરૂપ પિશાચનું કશું કંઈ ચાલતું નથી.

આ દુનિયાના પદાર્થો કોઈના થયા નથી ને થવાના નથી. બાહ્યની લક્ષ્મી કોઈ સાથે લઈ ગયું નથી અને લઈ જનાર નથી.

ક્ષણિક પદાર્થોમાં સત્ય સુખની આશા રાખવી તે વ્યર્થ છે.

લોભના વિચારો જેમ જેમ મંદ પડે છે, તેમ તેમ સંસારની ઉપાધિ ઘટવા માંડે છે. જડવસ્તુઓને જડરૂપે દેખવાથી તેમાં લોભ થતો નથી.

અનાદિકાળથી લોભદશા ચાલી આવે છે અને અજ્ઞાનથી તે ક્ષણે ક્ષણે વૃદ્ધિ પામે છે; તો પણ આત્મિકજ્ઞાને વિચારતાં લોભનો ઉદય શાંત પડે છે.

મોટા મોટા મુનિવરો લોભના ઉદયને રોકી કર્મક્ષય કરી મુક્તિમાં ગયા છે.

લોભ ગમે તેવો બળવાન હોય તો પણ તે ક્ષય સ્વભાવવાળો છે, તેથી અંતે તેનો ક્ષય થાય છે. આત્મજ્ઞાનબળથી લોભનો સર્વ પ્રકારે ક્ષય કરી શકાય છે.

આશા એજ સફળતાની માતા છે; તેનામાં ચમત્કાર ઉભો કરવાની શક્તિ છે. નિરાશા કાયરનું લક્ષણ છે.

પરવસ્તુઓમાંથી અહંત્વ છૂટતાં જડમાં લોભ થતો નથી.

અજ્ઞાનીઓ જડ વસ્તુઓને લક્ષ્મીરૂપ માને છે, પણ જ્ઞાની પુરુષો લક્ષ્મીને નાકના મેલ સમાન ગણે છે. ગમે તે પ્રકારની બાહ્યવસ્તુઓમાં મોહ પામતા નથી.

જ્ઞાની પુરુષો એમ જાણે છે કે, આત્માના શુદ્ધ ધર્મની જે લક્ષ્મી છે, તે જ આત્માની લક્ષ્મી છે, બાકી જડ રૂપ જે વસ્તુઓ છે, તેમાં પોતાનું કંઈ પણ નથી; ત્યારે તેમાં લોભ પામવાનું કંઈ પણ પ્રયોજન દેખાતું નથી.

રાજા અને બાદશાહો પરવસ્તુઓના લોભમાં શ્વાસોચ્છ્વાસ પૂર્ણ કરીને અનેક મૃત્યુ પામ્યા અને પામશે. લક્ષ્મી કોઈની સાથે ગઈ નથી અને જવાની નથી.

મનુષ્ય પોતે બાહ્યની લક્ષ્મીને મારી મારી માની વળગી પડે છે, પણ લક્ષ્મી કંઈ તેને વળગતી નથી.

જે જડ વસ્તુઓ કંઈ પણ સમજતી નથી, તેને પોતાની કેમ માનવી જોઈએ ? કારણ કે તે જડ હોવાથી વિજાતીય છે. તેમજ જે વસ્તુઓ આત્માથી ભિન્ન છે અને ક્ષણિક છે, તેને પોતાની કેમ માનવી જોઈએ ? જે વસ્તુઓ ઇંદ્રજાળની પેઠે કૃત્રિમ છે, તેને પોતાની કેમ માનવી જોઈએ ?

આત્મજ્ઞાનીઓ મનમાં થતા લોભને તરત જ દૂર કરે છે અને લોભનો નાશ કરીને મનઃપ્રત્યાહારને સાધે છે.

અનેક પુરુષો ચાર પ્રકારના લોભનો ક્ષય કરી મુક્તિમાં ગયા અને જશે. મનમાં થતા લોભનો નાશ થઈ શકે છે.

જે જે ઉપાયોથી મનમાંથી લોભ જાય, તે તે ઉપાયોને અવલંબવા અને સંતોષ ગુણની પ્રાપ્તિ કરી પરમ શાંતિ મેળવવી.

જીવન એ કંઈ ગુલાબનાં ફૂલોનું બીછાનું નથી.

મમતા

મનમાં ઉત્પન્ન થતી મમતા દૂર કર્યા વિના મનનો પ્રત્યાહાર સિદ્ધ થતો નથી. મનમાં ઉત્પન્ન થએલી મમતાથી ઇન્દ્રિયોની તે વિષયોમાં પ્રવૃત્તિ થાય છે.

ઉત્પન્ન થયેલ મમતાના બળથી ઇન્દ્રિયો પર ઘણી અસર થાય છે અને તે દોડંદોડા કરી મૂકે છે. મનમાંથી મમતા જતાં ઇન્દ્રિયોની પ્રવૃત્તિ બંધ પડે છે, માટે પ્રત્યાહારના સાધકે મનમાંથી મમતાને દૂર કરવી જોઈએ.

સર્વ સંસારના પ્રપંચની પ્રવૃત્તિનું મુખ્ય કારણ મમતા છે. જો મમતા હૃદયમાં છે, તો પાંચે ઇન્દ્રિયોમાંથી એક પણ ઇન્દ્રિય જીતાઈ નથી અને જો મમતા ગઈ તો પાંચે ઇન્દ્રિયો જીતાઈ એમ સમજી લેવું.

મમતાપ્રેર્યા દેવ અને દાનવો પણ યુદ્ધ કરે છે. મમતાના માર્યા એક દેશવાળા બીજા દેશવાળાની સાથે લડી મરે છે.

મમતાના લીધે મનુષ્યભવનું અમૂલ્ય જીવન નાશ પામે છે.

મમતાના માર્યા મનુષ્યો પોતપોતાના ગ્રહણ કરેલા પક્ષ તાણીને અન્ય પક્ષનું ખંડન કરે છે.

મમતાના માર્યા જીવો સત્યને જાણ્યા છતાં પણ અસત્યને ગ્રહણ કરે છે.

મમતાના યોગે મનુષ્યો ક્ષણિક વસ્તુઓની પ્રાપ્તિ માટે રાત્રિદિવસ અનેક પ્રકારની ઝંખનાઓ કર્યા કરે છે.

મમતાના માર્યા જીવો અજ્ઞાનમાં અંધ થઈ પોતાનું અને પરનું કલ્યાણ કરવા સમર્થ થઈ શકતા નથી.

મમતાના યોગે જીવો હિંસા, જૂઠ, ચોરી, વિશ્વાસઘાત, આરંભ, સમારંભ, કલેશ, ઝઘડા, પ્રપંચ, પાખંડ, દગાફટકા, લુચ્ચાઈપણું; થાપણચોરી,

પ્રમાણિકતા ઉન્નત બનાવાની ચાવી છે.

દાણચોરી, જૂઠી સાક્ષી ભરવી, કપટની બાજી અને કુયુક્તિઓ વગેરે અનેક પાપનાં કૃત્યો કરે છે.

આખા શરીરને ટકાવી રાખનાર જેમ વીર્ય છે, તેમ સંસારના મૂળને ટકાવી રાખનાર મમતા છે.

મનુષ્યો કષ્ટો વેઠી ગુણો ભેગા કરે છે, ત્યારે મમતારાક્ષસી એક લીલામાત્રમાં સર્વ ગુણોનું ભક્ષણ કરી જાય છે.

વડના બીજથી ઊગેલો વડ જેમ ઘણી ભૂમિને વ્યાપ્ત કરે છે, તેમ એક મમતાના પ્રપંચથી સર્વ પ્રપંચની કલ્પના થાય છે.

મમત્વ વડે મનુષ્ય નિઃશંક થઈને આરંભમાં પ્રવૃત્તિ કરે છે.

મમત્વ વડે એક મનુષ્ય બહુ મનુષ્યોના પોષણ માટે અનેક પ્રકારનાં પાપ કરી એકલો દુર્ગતિમાં જાય છે.

મમતાંધ તો જે છે, તેને દેખતો નથી પણ નથી તેને દેખે છે.

મમતાવાળા મનુષ્યના મનમાં કંઈ, વચનમાં કંઈ અને ક્રિયામાં તો અન્ય પ્રવૃત્તિ દેખાય છે.

મમતાવાન મનુષ્ય અકાર્યમાં વિચાર કર્યા વિના પ્રવૃત્તિ કરે છે.

મમતાથી અંધ થયેલ મનુષ્ય પોતાને ખરો માને છે અને મારૂં તે સારૂં માની અન્યને ધિક્કારે છે.

મમતામાં મુંઝાયેલો મનુષ્ય હું કોણ ? અને સત્ય શું કરવાનું છે ? તેનો વિચાર કરી શકતો નથી.

મમતાના યોગે એક મૂર્ખ પાપી પુરુષના પણ દાસ બનવું પડે છે.

મમતાના વેગમાં કેટલાક પુરુષો ગાંડા બની ગયા. કેટલાક અઘોર કર્મ કરી નરકમાં ગયા.

મમતાના યોગે ખૂનખાર લડાઈઓમાં કરોડો મનુષ્યો મરે છે. **રામ** અને **રાવણ, પાંડવ** અને **કૌરવ, જાપાન** અને **રશિયા** વગેરેને

સાદો ખોરાક નિરોગી રાખે છે.

જે જે લડાઇઓ થઈ, તેમાં ખરૂં કારણ તો મમતા જ છે.

મમતાના યોગે લાખો રૂપિયા પાસે છતાં મનુષ્ય એક પૈસો પણ ખર્ચતો નથી.

મમતાના યોગે મનુષ્ય પોતાની જે વસ્તુ ન હોય તેને પણ પોતાની માને છે.

મમતાંધ મનુષ્યોને જડ વસ્તુઓમાં એવો અહંભાવ બંધાયેલો હોય છે, કે તે એકદમ ટળી શકતો નથી.

લક્ષ્મીની મમતાવાળાને લક્ષ્મી વિના સર્વત્ર શૂન્યતા ભાસે છે.

સ્ત્રીની મમતા કરનારને સર્વત્ર સ્ત્રી વિના શૂન્યતા ભાસે છે.

અનેક વસ્તુઓ પર થતી મમતાના યોગે મમતાના અનેક ભેદો પડે છે.

મમતાવાળો એક કોડીની કિંમતવાળી વસ્તુને પણ કરોડ રૂપિયાની કિંમત જેવી માને છે.

મમતાંધ પુરુષો પોતાના સ્વાર્થમાં એવા તો રચ્યા પચ્યા રહે છે, કે તે અન્ય જીવોનું ભલું કરવા જરામાત્ર પણ લક્ષ્ય આપતા નથી.

મમતાવંત પુરુષ રાત્રિ અને દિવસ અનેક પ્રકારના વિકલ્પ સંકલ્પો કરે છે.

મમતાવંત પુરુષ હું ને મારું જ્યાં ત્યાં માની મનની નિર્મળતા કરી શકતો નથી.

મમતાવંત અનેક જીવો દુર્ગતિ પામ્યા અને પામશે. ખરેખર મમતાનો ત્યાગ કર્યા વિના જીવન ઉચ્ચ થતું નથી.

ममतानो त्याग करवानो उपाय

મમતાનો ત્યાગ કરવો હોય તો સમતાનો આદર કરવો જોઈએ. સમતાના વિચારો આવતાં મમતાના વિચારો તુરત પલાયન કરી જાય છે.

સત્કર્મો એ આપણો ભંડાર છે.

કોઈ વસ્તુ પર રાગ નહિ તેમ દ્વેષ પણ નહિ, આવી સમતાની દશા અંગીકાર કરવાથી અનેક ભવની દૃઢ થએલી મમતાની વાસના જોતજોતામાં ચાલી જાય છે અને તેથી મનની સમાનતા રહે છે.

મમતારૂપ રક્તતા મનની અંદરથી ચાલી જતાં–સમતાની સ્વચ્છતાથી–મનરૂપ સ્ફટિકની કાન્તિ દેદીપ્યમાન થાય છે.

અમુક પ્રિય અને અમુક અપ્રિય છે, એવી કલ્પનાનો નાશ સમતાથી ત્વરિત થાય છે.

શુદ્ધ નયમાં રમણ કરનારાઓને દ્વિધાભાવ જણાતો નથી.

આ મારું અને આ તારું, એવી વ્યવહારની કલ્પનામાં સમતાવંત પુરુષોનું લક્ષ્ય રહેતું નથી.

મમતા એ રાક્ષસી છે, એમ જાણ્યા બાદ કોણ પુરુષ મમતા કરી શકે ? અલબત્ત આત્માર્થી ભવભીરુ પુરુષ તો મમતાની છાયામાં પણ જાય નહિ.

હે **આત્મન્** ! તારે જગતની કોઈપણ વસ્તુ પર મારાપણાની બુદ્ધિ રાખવી તે યોગ્ય નથી, કારણ કે મારી માનેલી વસ્તુઓમાંથી એક પણ પોતાની થતી નથી.

પર વસ્તુને પોતાની માનીને તેની પ્રાપ્તિમાં આત્મા અનેક કષ્ટો વેઠે છે, પણ અંતે તે વસ્તુઓ ઊલટી દુઃખ દેનારી થાય છે.

મમતાના યોગે જો કોઈ પણ વસ્તુમાં મમતાની વાસના રહી જાય છે, તો પુનઃ ત્યાં અવતાર ધારણ કરવો પડે છે.

મરતી વખતે મમતાવંતનો જીવ ઘણો આકુલવ્યાકુલ થાય છે અને તેથી તેને નીચ યોનીમાં અવતરવું પડે છે, માટે મમતાનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ.

જે જે વસ્તુઓ પર મમતાભાવ પ્રગટે કે તુરત મનમાં તે તે વસ્તુઓની અસ્થિરતા ચિંતવવી અને તે ક્ષણિક વસ્તુઓનાં રૂપાંતરો

અનુકૂળ પોશાક પહેરવો.

કેવી રીતે ફરે છે તેનો વિચાર કરવો, કે જેથી તરત મમતાના વેગો શમી જાય.

કોઈપણ ક્ષણિક વસ્તુઓ મારી નથી આવી હૃદયમાં સતત ભાવના એવી ભાવ્યા કરવી, કે જેથી મમતાનો એક પણ વિચાર હૃદયમાં અસર કરી શકે નહિ.

આમ આત્મજ્ઞાનપૂર્વક સતત અભ્યાસ કરવાથી ક્ષણે ક્ષણે મમતાની વાસના ઓછી થતાં થતાં અંતે મમતારહિત મન રહેશે. આ પ્રમાણે મમતા દૂર કર્યાથી મનઃપ્રત્યાહારની સિદ્ધિ થશે.

"ઈર્ષ્યાનો ત્યાગ"

આત્મધર્મ સાધકોએ ઇર્ષ્યાનો ત્યાગ કરવો જોઈએ. પરની ઉન્નતિ દેખી આપણે શા માટે ઈર્ષ્યા કરવી જોઈએ ?

ઇર્ષ્યા કરનાર આ ભવમાં અને પરભવમાં સુખી થતો નથી.

ઇર્ષ્યા કરનાર વિના પ્રયોજને સદાકાલ મનમાં બળતો રહે છે.

ઇર્ષ્યાળુ પોતે પણ બળે છે અને અન્ય પુરુષોને પણ બાળે છે.

ઇર્ષ્યાવંત પુરુષ અનેક દોષોનું આલય બને છે. ઇર્ષ્યાવંત પુરુષોએ જગતમાં અનેક યુદ્ધો કર્યાં છે અને અદ્યાપિ કરે છે.

ઇર્ષ્યાળુ પુરુષો રાગદ્વેષમાં વિશેષતઃ ફસાઈ જાય છે.

ઇર્ષ્યાળુ પુરુષની ઉન્નતિ થતી નથી પણ ઊલટી તેની અવનતિ થાય છે.

ઇર્ષ્યાળુ પુરુષ અન્યની ઉન્નતિને દેખી સહન કરતો નથી, તેનું કારણ એ છે કે તે પોતાની જ ઉન્નતિ ઇચ્છે છે.

ઇર્ષ્યાળુ મનુષ્યો અન્યની ઉન્નતિ બીલકુલ ખમી શકતા નથી.

અજ્ઞાનથી ઇર્ષ્યાનો દોષ પ્રતિદિન વૃદ્ધિ પામ્યા કરે છે.

અજ્ઞાની મનુષ્ય અહંમમત્વાધીન થઈ પરવસ્તુમાં લયલીન થઈ રહે છે.

અહંકારમાં અંધ થયેલા જીવો પોતાની આત્મિક ઉન્નતિ દેખી શકતા નથી.

સટ્ટો એ દેવાળાની માતા છે.

ઇર્ષ્યાના યોગે જીવો મોક્ષમાર્ગાભિમુખ થઈ શકતા નથી. ઉલટા વારંવાર બાહ્યવૃત્તિને સેવી અધોગતિને પ્રાપ્ત કરે છે.

પારકાની ઉન્નતિને પોતાની માની જે પુરુષો પ્રમોદભાવને ધારણ કરે છે, તેમને સદાકાલ નમસ્કાર હો.

રાજાને રાજા સાથે, વકીલને વકીલ સાથે, વિદ્વાનને વિદ્વાન્ સાથે, વેશ્યાને વેશ્યા સાથે, વ્યાપારીને વ્યાપારી સાથે, શિક્ષકને શિક્ષક સાથે, પ્રોફેસરને પ્રોફેસર સાથે, હઠયોગીને હઠયોગી સાથે, મલ્લને મલ્લ સાથે, વાદીને વાદી સાથે, કારીગરને કારીગર સાથે, વક્તાને અન્ય વક્તા સાથે અને સ્ત્રીને શોક્ય સાથે પ્રાયઃ ઇર્ષ્યા હોય છે.

ઇર્ષ્યારૂપ દાવાનલમાં પડેલા જીવો ક્ષણમાત્ર પણ ખરી શાંતિ પામી શકતા નથી.

ઇર્ષ્યાથી નિરાંતે નિદ્રા પણ આવતી નથી. ઇર્ષ્યામાં ઘેરાયેલા જીવોની શુદ્ધબુદ્ધિ રહેતી નથી.

ધવલ શેઠે શ્રીપાલરાજા ઉપર ઇર્ષ્યા કરી પણ ઉલટું શ્રીપાલનું અહિત કરતાં કરતાં પોતાનું અહિત થઈ ગયું.

ખાડો ખોદે તે પડે તેની પેઠે ઇર્ષ્યાળુ પુરુષ પોતેજ ઇર્ષ્યાના ખાડામાં પડીને નીચ અવતાર પામે છે.

અરે ઇર્ષ્યા ! જગતમાં તું જ જ્યાં ત્યાં કલેશ કરાવે છે.
જ્યાં ત્યાં વેરઝેરનાં બીજ હે **ઇર્ષ્યા !** તું જ વાવે છે.

તારા સંગમાં આવેલા જીવો કદી સુખી થતા નથી અને તે પામર જીવો સદાની શાંતિ પામી શકતા નથી, માટે હે **ઇર્ષ્યા !** તું એક રાક્ષસી સરખી ગણાય છે.

હે **ઇર્ષ્યા !** તારી સંગતિ ત્રણ કાલમાં કોઈને સુખ આપનારી નથી; તારી દુષ્ટતાનું જેટલું વર્ણન કરીએ તેટલું ઓછું છે.

હે **અભાગિણી !** તારા આવવાથી મોટા સંતપુરુષો પણ મુક્તિના સોપાનથી પાછા પડે છે, તે કોણ જાણતું નથી ? કોઈ જીવના

✓ હારેલાના દુર્ગુણો તપાસતા રહો અને સાવચેત બનો.

ભલામાં તારી સારી વૃત્તિ થતી નથી, માટેજ સંત પુરુષો તને ઇર્ષ્યાનું નામ આપે છે.

હે ઇર્ષ્યા ! તું ગુપચુપ રીતે મનુષ્યોના હૃદયમાં પ્રવેશ કરે છે, માટે તું ચોર કરતાં પણ ભૂંડી છે. ચોર તો બાહ્યનું ધન ચોરે છે, પણ તું તો આત્માની જ્ઞાનદર્શન અને ચારિત્રઋદ્ધિને લૂંટે છે; માટે તારા જેવી દુષ્ટા કોઈ નથી.

હે ઇર્ષ્યા ! તું મનુષ્યોની માત્ર કાળી બાજુ દેખે છે, માટે તું નીચ કહેવાય છે.

અનાદિ કાળથી પડેલો તારો સ્વભાવ તું પ્રાણાંતે પણ મૂકતી નથી, માટે તું દુષ્ટ સ્વભાવવાળી જગતમાં ગણાય છે.

તારી પ્રબલ શક્તિ છે, પણ મનુષ્યો જ્યારે પોતાના આત્માનું જ્ઞાન મેળવે છે, ત્યારે તને સહેજે જીતી શકે છે.

અનેક તીર્થંકરો તને જીતીને મુક્તિમાં ગયા અને અનેક મુક્તિમાં જશે. અનેક મુનિવરો તને જીતે છે અને ભવિષ્યકાળમાં જીતશે.

જેમ જેમ આત્મજ્ઞાનથી આત્મબળ વૃદ્ધિ પામે છે, તેમ તેમ તારું જોર પૂર્ણિમા પછીના ચંદ્રની પેઠે ઘટવા માંડે છે.

જેમ જેમ આત્મજ્ઞાનથી સાધકો મનના ધર્મને વશમાં રાખે છે, તેમ તેમ તું દાબમાં આવતી જાય છે, છેવટે તારું મૂળમાંથી નિકંદન થાય છે.

બાહ્ય વસ્તુમાં આત્મબુદ્ધિ નહીં ધારણ કરનારા યોગિયો ક્ષણવારમાં તારો નાશ કરે છે અને મનનો પ્રત્યાહાર સિદ્ધ કરે છે.

"अब्रह्मचर्य"

જગતમાં જો અબ્રહ્મચર્યની વૃત્તિ ન હોત, તો આ સંસારનો અંત આવી જાત.

અબ્રહ્મચર્યની ઇચ્છાથી જ્ઞાની પુરુષો પણ અજ્ઞાનીની પેઠે આચરણ કરે છે અને પોતાનું સત્ય સુખ ભૂલીને અસત્ય સુખમાં અંધ બને છે.

સત્ય પ્રયત્ન સહુને વશ કરે છે.

હે **કામ** ! નવમા ગુણસ્થાનક પર્યંત તું લાગ જોઈને મુનિવરોને પીડે છે.

હે **કામ** ! તારી શક્તિથી **બ્રહ્મા, વિષ્ણુ** અને **મહાદેવ** પણ હાર્યા છે. તેં મોટામોટા યોગિઓને પણ તારા દાસ કર્યા છે. સર્વત્ર તું વાસ કરીને રહ્યો છે.

યુદ્ધમાં મહાબળીયા એવા યોદ્ધાઓ પણ તારાથી હારી જાય છે.

તું ઇન્દ્ર, ચંદ્ર, નાગેન્દ્ર અને ચક્રવર્તિ જેવાઓને પણ પોતાના દાસ કરે છે.

મોટા મોટા તપસ્વિઓની લંગોટીઓ પણ તું ખગાડે છે. મોટા મોટા યોગિઓ પણ તારા ઉદયથી બહિર્મુખ વૃત્તિને ધારણ કરી માયાના પાશમાં પડે છે.

અબ્રહ્મચર્યની ઇચ્છામાં મનુષ્ય છતી આંખે પણ અંધ બને છે અને ન કરવાનાં કૃત્ય કરે છે ને કરાવે છે.

હે **કામ** ! તું ખરેખર જગતમાં સર્વ જીવોને દુઃખ આપે છે. તું ન હોત તો જગતના જીવો જન્મ-જરા અને મરણનાં દુઃખો ભોગવત નહિ.

મોટા મોટા લબ્ધિધારક મુનિઓ કે જેઓ તારા સામે યુદ્ધ કરતા હતા, તેવાઓને પણ તેં સ્ત્રીના દાસ બનાવ્યા, તેવાઓ પણ પોતાની પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થયા.

અરે કામ ! સર્વ સંસારી જીવોમાં તરતમયોગે તું રહ્યો છું. તારા પાસમાં આવેલાની શક્તિને તું ક્ષણમાં હરી લે છે.

બ્રહ્મચારીઓની અધમ દશા હે **કામ** ! તારા બળથી થાય છે અને તેથી તેઓ બ્રહ્મચર્યથી પાછા પડે છે.

મહાશૂરવીર થઈને કરેલી પ્રતિજ્ઞાઓને પણ તું એક ક્ષણમાં ભુલાવે છે. તારા સપાટામાં આવેલાના તું બેહાલ કરે છે.

અરે કામ ! તારી સંગતિથી પરાશર આદિ ઋષિઓ પડી ગયા.

અખંડ બ્રહ્મચારીનું બળ પણ તું હરે છે. જગતમાં મનુષ્યોની ફજેતી કરનાર તું છે.

હે કામ ! તને મનુષ્યો અનેક હેતુઓ દ્વારા પૂજે છે. તારી આજ્ઞામાં ન છૂટકે પણ મનુષ્યોને રહેવું પડે છે.

હે કામ ! તું અઘોર કર્મ કરાવે છે. તારા વશમાં આવેલા જીવો ગાંડાની માફક અનેક પ્રકારના હાસ્યજનક ચાળા કરે છે. તું કોઈની શરમ રાખતો નથી.

પુરુષો, સ્ત્રીઓ અને નપુંસકો તારા વેગથી પીડાય છે અને લજ્જાનો ત્યાગ કરી અકૃત્યમાં પ્રવેશ કરે છે.

હે કામ ! તારા વેગમાં સપડાયેલો જીવ પોતાનું અને પરનું હિત કરી શકતો નથી.

કામાંધ જીવો અનેક જીવોની હિંસા કરે છે. **સિદ્ધરાજની** પેઠે પારકી સ્ત્રીમાં પ્રેમ ધારણ કરે છે. **પૃથ્વીરાજની** પેઠે સ્ત્રીના તાનમાં ફસાઈને દેશનો અને ધર્મનો નાશ કરે છે.

કામાંધ પુરુષોને સ્ત્રીઓ નચાવે છે, પાણી ભરાવે છે, લાતો મારે છે, એંઠું ખવરાવે છે, તો પણ મનુષ્યો લલનાના ગુલામ રહેવામાં સુખ માને છે.

કામના વશ થએલી સ્ત્રીઓ પણ કુલની લજ્જાનો ત્યાગ કરે છે, હિંસા કરે છે, જૂઠું બોલે છે, વિશ્વાસઘાત કરે છે. ઘોર પાપકર્મ કરતાં જરા માત્ર અચકાતી નથી.

વેશ્યાના ધંધા પણ કરે છે. **પિંગલાની** પેઠે મૂઢ મનુષ્યના રૂપમાં પણ મોહ પામે છે. સગાંવહાલાંની શિખામણોને માનતી નથી.

કામના વશ થએલી સ્ત્રીઓ કેટલીક પોતાના ધણીને પણ મારી

મહાત્માઓનું નિર્મળ ચારિત્ર એ પ્રજાનું આત્મિક ધન છે.

નાખે છે, મુખે જૂદું બોલે છે, કાયાથી જુદી ચેષ્ટાઓ કરે છે અને મનમાં કંઈક જુદું ચિંતવે છે.

કામના વશમાં પડેલી સ્ત્રીઓ રાત્રી અને દિવસ અબ્રહ્મચર્યના વિચારો કર્યા કરે છે અને અનેક પ્રકારનાં કુકર્મ કરે છે.

કામના વશ થએલી સ્ત્રીઓ પોતાનું ખરૂં સ્વરૂપ વિચારી શકતી નથી.

ઘડીઘડીમાં બ્રહ્મચર્યત્યાગના સંકલ્પો કરી કરીને પણ પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થાય છે.

કામના વશ થએલા જુવાન પુત્રો તથા પુત્રીઓ બ્રહ્મચર્યને પાળી શકતાં નથી અને ઊલટા માર્ગે દોરાય છે.

કેટલાંક માબાપો પોતાનાં છોકરાઓને અને છોકરીઓને બાળ-લગ્નની હોળીમાં હોમે છે, તેથી કેટલાક જુવાન પુત્રો અને પુત્રીઓ અબ્રહ્મચર્યના ભોગ થઈ પોતાની અમૂલ્ય કાયાનો નાશ કરે છે.

કામના વશ થએલા નપુંસકો પણ પાવૈયાની પેઠે ચાળા કરતા અબ્રહ્મચર્યના વિચારોથી અનેક પ્રકારનાં કુકર્મ કરે છે અને આત્મહિત સાધી શકતા નથી.

કામે જગતના સઘળા જીવોને પોતાના વશમાં લીધા છે.

જગતને બાળનાર હે **કામ** ! હવે તું દૂર થા !! હે **કામ** ! તારી સંગતિ કરનારાઓ અનેક પ્રકારનાં સંકટોમાં આવી પડે છે અને મરીને નીચ યોનિમાં અવતારો ધારણ કરે છે. દેવો પણ કામના વશ થઈ અનેક પ્રકારનાં યુદ્ધો કરે છે. સર્વ દુર્ગુણોને જીતી શકાય છે, પણ કામની દુષ્ટતાને જીતી શકાતી નથી.

હે **કામ** ! તારા વશમાં પડેલા પ્રાણીઓ સર્વ પ્રકારની ઉચ્ચ પદવીથી ભ્રષ્ટ થાય છે, માટે તું દુષ્ટ નીચ ગણાય છે.

દેવોનાં યુદ્ધને પણ જીતનારા કામના દાસ બને છે. અન્ય જનોને

ભૂખ્યાને અન્ન આપવું, એ ઉત્તમ ધર્મ છે.

બાળી ભસ્મ કરનારા પણ પતંગીઆની પેઠે કામાગ્નિમાં બળી ભસ્મ થાય છે.

આકાશમાં ઊડનારા પુરુષો પણ કામરૂપ નાગપાશથી બંધાયેલા જરામાત્ર ચાલી શકવાને સમર્થ થતા નથી.

યુદ્ધમાં અનેક પુરુષોને વિંધી નાંખનારાઓ પણ કામથી વિંધાતાં પોતાની શુદ્ધબુદ્ધિ ભૂલી જાય છે.

મંત્ર તંત્રથી દેવ દેવીઓને વશ કરનારાઓ પણ કામના મંત્ર તંત્રમાં ફસાઈ જઈને રાત્રિ દિવસ કામનું આરાધન કરે છે.

કેટલાક મનુષ્યો લિંગને પણ ઈશ્વર માની તેની પૂજા કરે છે.

કેટલાક લોકો ઉપરથી કામની નિંદા કરે છે, પણ અંતરમાં કામની વાસનાના દાસ બને છે.

કેટલાક કાયાથકી બ્રહ્મચારી ગણાય છે, પણ કામની વાસનાના યોગે હૃદયમાં વ્યભિચારી હોય છે.

આ પ્રમાણે ચૌદ રાજલોકમાં કામની સત્તા વ્યાપી રહી છે.

અહો ! કામથી પુરુષો અબ્રહ્મચર્યમાં રાચીમાચીને પ્રવૃત્તિ કરે છે, તેના માટે ટાઢ, તાપ, તૃષા અને ક્ષુધા વગેરેનાં અનેક કષ્ટો વેઠાય છે.

અબ્રહ્મચર્યની ઇચ્છા દરરોજ વૃદ્ધિ પામતી જાય છે અને તે ભોગ ભોગવતાં ઘટતી નથી.

અબ્રહ્મચર્યના કામી પુરુષો સર્વ પ્રકારનાં પાપ કરે છે.

ચાર પ્રકારની મહાઘાતો પણ કામના વશથી થાય છે.

અબ્રહ્મચર્યના યોગે જગતમાં અત્યંત અત્યાચારો દેખવામાં આવે છે.

કામના વશમાં પીડાતા જનો ઔદયિક ભાવમાં રંગાય છે, આત્મસુખથી ભ્રષ્ટ થાય છે; અન્યાયના માર્ગમાં દેખતા છતાં પ્રવૃત્તિ

સારા ગ્રન્થો દીપકથી પણ અધિક પ્રકાશ આપે છે. ૪

કરે છે. પોતાના આત્માની અધોગતિ કરે છે અને અન્ય જનોને પણ ઉન્માર્ગમાં દોરે છે.

અબ્રહ્મચર્યની આવી અધમ દશામાં સપડાયેલા જીવો ચિન્તારૂપી ચિતામાં બળે છે અને દ્રવ્ય તથા ભાવપ્રાણનો નાશ કરે છે.

"अब्रह्मचर्यनी अभिलाषा त्यागवा योग्य छे."

અબ્રહ્મચર્યની અભિલાષામાં અને તેની પ્રવૃત્તિમાં નક્કી સમજવું કે, ત્રણ કાલમાં સુખ મળનાર નથી.

અનંતકાળથી જીવો અબ્રહ્મચર્યની પ્રવૃત્તિ કરે છે, પણ તેમાં કોઈને સત્ય સુખ થયું નથી અને કોઈને સત્ય સુખ થનાર નથી.

શરીરોના સંબંધમાં સત્ય સુખની આશા રાખવી, તે કેવલ ભ્રમણા છે.

જે મહાત્માઓ આત્માનુભવ સુખનો સ્વાદ ચાખે છે, તેઓને અબ્રહ્મચર્યમાં સુખની બુદ્ધિ રહેતી નથી.

શરીરોના સંબંધમાં અજ્ઞાની સુખ માની લે છે.

જો કે જ્ઞાની પુરુષો પ્રારબ્ધ કર્મના ઉદયે સ્ત્રીશરીરના સંસર્ગમાં આવે છે, છતાં શરીરના સંબંધથી તેઓ સુખ માની લેતા નથી.

જેઓએ આત્માના સુખની લહેરિયો લીધી છે, તેઓ કદી અબ્રહ્મચર્યમાં સુખનો વિશ્વાસ ધારણ કરતા નથી.

જ્ઞાની પુરુષો આત્મબળથી મનમાં ઉત્પન્ન થતા અબ્રહ્મચર્યના વિચારોને હઠાવે છે. તેઓ સ્ત્રીઓના રૂપમાં રંગાતા નથી, સ્ત્રીઓને દેખી તેઓ મનમાં અબ્રહ્મચર્યના વિચારો કરતા નથી.

જ્ઞાની પુરુષોએ આત્મામાં જ સુખ દેખ્યું છે, તેથી તેઓ મૃગજળના ભ્રમસુખમાં ભ્રમિત થતા નથી.

જ્ઞાની પુરૂષોને સદાકાલ ઉત્તમ સુખની ઇચ્છા રહે છે, તેઓ

નિત્ય સુખ શોધે છે. ક્ષણિક સુખમાં ફસાઈ ને આયુષ્ય વ્યર્થ ગાળતા નથી.

અનેક મહાત્માઓ અબ્રહ્મચર્યની ઇચ્છા ટાળી સત્ય સુખના ભોક્તા બન્યા છે, બને છે અને બનશે.

આત્મતત્ત્વસાધકોને સૂચના કે—જ્યારે મનમાં કામની ઇચ્છા થાય કે ત્વરિતજ આત્મસુખની દૃઢભાવથી વિચારણા કરવી.

ખરેખર આત્માના પ્રબલ ભાવનારૂપ પુરુષાર્થથી અબ્રહ્મચર્યના વિચારો વિલય પામી જશે અને આમ સતત અભ્યાસ કરવાથી અબ્રહ્મચર્યના સંયોગો છતાં અબ્રહ્મચર્યની ઇચ્છાઓ પ્રગટશે નહિ.

અબ્રહ્મચર્યની ઇચ્છાઓ ક્ષય સ્વભાવવાળી છે. જેનો ક્ષય સ્વભાવ છે, તે અંતે ક્ષય પામે છે, કામનો ક્ષય સ્વભાવ છે, તેથી તે અંતે નષ્ટ થયા વિના રહેતો નથી.

આત્મજ્ઞાની પુરુષો અબ્રહ્મચર્યની ઇચ્છાઓને મનમાંથી દૂર કરીને મનનો પ્રત્યાહાર સિદ્ધ કરે છે. હળવે હળવે અબ્રહ્મચર્યની ઇચ્છાઓને નાશ કરતા કરતા અંતે તેઓ સર્વથા કામનો ક્ષય કરે છે.

" निंदा अने वैर आदि "

મનમાં ઉત્પન્ન થતી નિંદા પણ અનેક દોષોને ઉત્પન્ન કરે છે.

જે નિંદા કરનાર હોય છે, તે અવશ્ય અન્ય દોષોનો સેવનાર પણ હોય છે. નિંદાના ઉપાસકો ખરેખર હિંસાના ઉપાસકો ગણાય છે.

પારકાનું ભલું કરવાની બુદ્ધિ હોય તો કેમ નિંદા થાય ? અલબત્ત, કદી થાય નહીં.

નિંદા કરનારાઓ ખરેખર જંગમ વિષવૃક્ષો છે.

જે સજ્જન પુરુષો છે, તે કદી પ્રાણાંતે પણ અન્ય પુરુષોની નિંદા કરતા નથી.

ખરાબ સ્વભાવ એ ભયંકર રોગ છે.

નિંદા કરનાર પોતાના આત્માનું અને અન્ય જીવોનું પણ ભૂંડું કરે છે. નિંદા કરનાર જ્યાં ત્યાં વેરઝેરનાં બીજ વાવે છે.

નિંદા કરનારની સદાકાળ અવળી દૃષ્ટિ રહે છે અને તે હજારો ગુણો હોવા છતાં પણ એક અવગુણને દેખે છે.

જેમ કાગડો સારી વસ્તુઓ દેખે છે, છતાં તેની દૃષ્ટિ વિષ્ટાના ઉપર જઈ બેસે છે, તેમ નિંદક પુરુષો જ્યાં ત્યાં દુર્ગુણો જ શોધ્યા કરે છે અને દુર્ગુણોનો જ્યાં ત્યાં પોકાર કરે છે.

નિંદક પુરુષો સદ્‌ગુણોને પણ દુર્ગુણો રૂપે જુએ છે. નિન્દકોની અવળી દૃષ્ટિના યોગે તેમના સમાગમમાં આવનાર હજારો પુરુષોને નિંદાનો ચેપ લગાડે છે.

નિંદકોનો એવો ઝપાટો હોય છે કે, તેમના સપાટામાં આવનારને પણ નિંદકો હેરાન કરે છે.

નિંદકો અસત્પુરુષો છે, તેથી તેઓના સમાગમમાં આવનારને નિંદાનો રોગ એવો તો લાગુ પડે છે કે, તેમની સદ્‌ગુણદૃષ્ટિનો લોપ થઈ જાય છે.

નિંદકોના નિંદક વિચારોથી ખરાબ હવાની પેઠે હજારો મનુષ્યોને નિંદક વિચારની અસર થાય છે.

નિંદક ખરેખર રોગી છે. તેઓ પોતે તરી શકતા નથી અને બીજાઓને તારવા માટે સમર્થ થતા નથી.

પોતાના શત્રુઓને નિંદકો પોતાની મેળે ઊભા કરે છે.

અન્યોનાં શાસ્ત્રોમાં સર્વ દોષોમાં મુખ્ય નિંદાના પાપથી દુર્ગતિ પામ્યા, પામે છે અને પામશે.

નિંદકોની તપ, જપ, વ્રત અને ક્રિયા સફળ થઈ નથી અને થનાર નથી, માટે સદ્‌ગુણદૃષ્ટિ ધારણ કરી મનમાંથી નિંદાને દૂર કરવી જોઈએ.

બીજાનું ભલું કરવામાં આનંદ માનો.

" નિન્દાના દોષથી દૂર રહેવું જોઈએ "

સદ્‌ગુણદૃષ્ટિ ધારણ કર્યા વિના કોઈપણ કાલે સદ્‌ગુણો ઉપર લક્ષ્ય જતું નથી.

પંચપરમેષ્ઠિનું સ્મરણ કરવામાં આવે છે, તે પણ સદ્‌ગુણદૃષ્ટિથી જ સમજવું.

અનેક તીર્થંકરો થયા અને થશે તે પણ સદ્‌ગુણના પ્રતાપથી સમજવું. વીશ સ્થાનકની આરાધનામાં પણ સદ્‌ગુણદૃષ્ટિથી જ મુખ્ય ઉદ્દેશ સાધી શકાય છે.

અનેક નિંદકોનાં નિન્દારૂપ પાપો ધોવાનો સરલ ઉપાય સદ્‌ગુણ દૃષ્ટિ જ છે.

નિન્દાદૃષ્ટિનો ત્યાગ કરનારાઓ સદ્‌ગુણદૃષ્ટિને ધારણ કરી આ ભવમાં અને પરભવમાં સુખી થાય છે.

જીવોની કાળી બાજુ દેખતાં અનંત કાળ ગયો તો પણ તેથી આત્માની ઉન્નતિ થઈ નથી અને થવાની નથી, માટે ખરેખર આત્મ-સાધકબંધુઓએ સદ્‌ગુણદૃષ્ટિ ધારણ કરવી જોઈએ.

તપ, જપ અને સંયમ વગેરેની ક્રિયાઓની સફળતા કરવી હોય તો સદ્‌ગુણદૃષ્ટિ ધારણ કરવી જોઈએ.

સદ્‌ગુણદૃષ્ટિ ધારણ કરનારાઓ સુંદર નંદનવન સમાન છે.

સદ્‌દૃષ્ટિ ધારણ કરનારાઓ કદી નિંદાના વાયરે પણ જતા નથી. કદાપિ તે નિન્દકોના પ્રસંગમાં આવે છે, તો પણ નિન્દકોના દોષથી બ્હીતા રહે છે.

નિન્દાની દૃષ્ટિ ટાળી ટળે છે. અનેક પુરુષો નિન્દાની દૃષ્ટિ ટાળી સુખી થયા અને થશે.

હજારો દોષો છતાં એક જો ગુણ હોય તો જ્ઞાની પુરુષો હજારો દોષો તરફ દૃષ્ટિ ન દેતાં એક સદ્‌ગુણ તરફ દૃષ્ટિ દે છે.

વર્તણૂકથી જ માણસની કિંમત અંકાય છે.

નિન્દાનો મોટો દોષ જાણતાં પ્રથમ તો નિન્દા ઉપર અત્યંત અરુચિ થાય છે, પશ્ચાત્ જ્ઞાનઅવસ્થા પ્રગટ થતાં નિન્દાની પ્રવૃત્તિ ઉપર રાગ પણ થતો નથી, તેમ દ્વેષ પણ થતો નથી, તેથી નિન્દા દોષ સહેજે ટળી જાય છે.

નિન્દા ટાળવી હોય તો સરસ ઉપાય તો સદ્‌ગુણદૃષ્ટિ ખીલવવાનો જ છે.

આ જગતમાં જન્મીને જેણે સદ્‌ગુણદૃષ્ટિ ધારણ કરી નહિ, તેણે પોતાનો જન્મ નિષ્ફલ ગુમાવ્યો એમ સમજવું જોઈએ.

કોઈ એમ કહેશે કે નિન્દાદોષ કદી ટળી શકતો નથી.

તેના ઉત્તરમાં કહેવાનું કે, નિન્દાદોષ ટાળવાથી ટળે છે, કારણ કે અનેક પુરુષોએ નિન્દાદોષને ટાળ્યો છે, માટે ઉત્તમ પુરુષોએ નિન્દાદોષ ટાળવા પ્રયત્ન કરવો જોઈએ.

મહાત્માઓ પરિપૂર્ણ સદ્‌ગુણદૃષ્ટિ ખીલવીને નિન્દાનો સર્વથા નાશ કરે છે.

"वैरनो पण त्याग करवो जोईए."

જગતમાં વૈરના વશમાં પડેલા જીવો પોતાનું અને પરનું ભલું કરી શકતા નથી.

વૈર લેવાની બુદ્ધિથી અનેક જીવો ઘોર કર્મ કરે છે. જ્યાં સુધી મનમાં વૈર હોય છે, ત્યાં સુધી મનની શાન્તતા થતી નથી.

વૈર લેવાની બુદ્ધિવાળાઓના મનમાં અનેક વિકલ્પસંકલ્પો પ્રગટે છે.

સમરાદિત્ય ઉપર ગુણશર્માની વૈરબુદ્ધિ રહેવાથી તેના મનની સ્થિરતા થઈ નહીં (આ કથા સમરાદિત્ય ચરિત્રમાં લખી છે).

આત્માની મૂળ સમભાવદશામાં જો આત્માને મૂકવો હોય તો અનેક ઉપર વૈરબુદ્ધિને સત્વર ત્યાગવી જોઈએ.

વૈરથી પરનું બુરૂં કરવાથી પોતાનું કદી ભલું થયું નથી; ઉલટું વૈરબુદ્ધિથી અનેક કર્મ ગ્રહણ કરવાં પડે છે અને તેથી અધોગતિમાં જવું પડે છે.

જેના મનમાં વૈરની બુદ્ધિ હોય છે, તેના મનમાં અન્ય પણ અનેક દોષો પ્રગટી નીકળે છે.

વૈરની બુદ્ધિથી મહાત્માઓ પણ નીચ કોટીમાં પ્રવેશ કરે છે, તો સામાન્ય મનુષ્યોનું તો શું કહેવું ?

ભૂતકાળમાં અનંત જીવો વૈરથી દુઃખી થયા, વર્તમાનમાં અનેક દુઃખી થાય છે અને ભવિષ્યમાં દુઃખી થશે.

કોઈ પોતાનું ભૂંડું કરે તો તુરત તેનું વૈર લેવા ઉજમાળ થવાય છે, પણ જો આત્માનો મૂળ ધર્મ વિચારીએ, તો ભૂંડું કરનારનું પણ કદી ભૂંડું કરવું જોઈએ નહિ.

સમજો કે, પોતાના અનેક શત્રુઓ હોય અને તે આપણું અશુભ કરવા ધારતા હોય, તો પણ આપણે તો તેમનું ભલું ઇચ્છવું.

શત્રુઓનું પણ ભલું ઇચ્છવાથી તેઓના દુષ્ટ વિચારોની અસર પોતાના પર થતી નથી.

આ નિયમ જે મનુષ્ય ખરી રીતે દૃઢ સંકલ્પથી અજમાવે છે, તેને તેનું ખરું રહસ્ય શ્રદ્ધાગમ્ય થાય છે.

અન્ય જીવો આપણું ભૂંડું કરવા ધારે છે, તેમાં ખરું કારણ તો તેઓની અશુદ્ધ પરિણતિ છે, તો તેમાં અશુદ્ધ પરિણતિનો દોષ છે. તે અશુદ્ધ પરિણતિને વશ થએલ છે, તેથી તેવું આચરે છે, તો સમજવાનું કે તેના આત્માનું બૂરું કરવા ઇચ્છા કરવી નહીં.

તેને લાગેલી અશુદ્ધ પરિણતિને કુચેષ્ટિત સમજી તે અશુદ્ધ પરિણતિને કરુણાદૃષ્ટિથી ટાળવા પ્રયત્ન કરવો, એ જ **સજ્જન પુરુષોનું કર્તવ્ય છે.**

સંકટ એ આત્મશ્રદ્ધાની જન્મભૂમિ છે.

શત્રુઓનું ભલું કરવા દરરોજ વિચારો કરવા. જે જે મનુષ્યો પોતાના પર શત્રુતા રાખી ભૂંડું કરવા પ્રવૃત્તિ કરતા હોય, તેઓની યાદી કરી એકાંતમાં બેસી તેઓનું ભલું કરવાના વિચારો પ્રવર્તાવવા.

તેઓનામાં હજારો દોષો હોવા છતાં એક પણ સદ્ગુણ હોય તો, તેનું ખરી ટેકથી વૈરબુદ્ધિ ત્યાગીને સર્વ લોકોની આગળ વર્ણન કરવું.

આ પ્રમાણે કેટલાક દિવસ અભ્યાસ કરવાથી અન્તે શત્રુઓ પણ મિત્રોના રૂપમાં ફેરવાઈ જાય છે અને વેરની બુદ્ધિનો ત્યાગ કરે છે.

પ્રસંગવશાત્ કદાપિ જો મનમાં વૈરની બુદ્ધિ પ્રગટે તો તુરત ક્ષમાના વિચારોથી દબાવી દેવી.

આ પ્રમાણે વારંવાર અભ્યાસ કરવાથી પ્રતિદિન વૈરની બુદ્ધિ ક્ષીણ થતી જાય છે અને અંતે તેનો સર્વથા નાશ કરી શકાય છે.

મનમાં એમ ધારવું કે, હું કોઈનો શત્રુ નથી અને કોઈ મારા શત્રુ નથી, માટે કદાપિ કાળે મારે કોઈને શત્રુ ધારવા જોઈએ નહીં. મારા ઉપર જે દ્વેષ અથવા વૈર કરે છે, તેમાં તેઓનું અજ્ઞાન છે.

ખરેખર અજ્ઞાનનાં રોગથી તેઓ રોગી છે, માટે તેઓના ઉપર દયાદૃષ્ટિથી દેખવું જોઈએ અને તેઓનું ભલું કરવું જોઈએ.

આ પ્રમાણે સતત અભ્યાસ કરવાથી મનમાંથી વૈરના સંસ્કારો જતા રહે છે અને તેથી મનનો પ્રત્યાહાર સિદ્ધ થાય છે.

મનનો પ્રત્યાહાર સિદ્ધ કર્યા વિના મનુષ્ય ધારણાની યોગ્યતા સિદ્ધ કરી શકતો નથી, માટે મનના દોષો દૂર કરવા પ્રયત્ન કરવો જોઈએ.

મનમાં પ્રગટતા સર્વ દોષોને ટાળવા માટે અત્યંત તીવ્રેચ્છા થવી જોઈએ.

જે પુરુષો મનની શુદ્ધિ કરે છે, તેઓ જ આત્માના ઉત્તમ

તૃષ્ણા એ મોટો રાક્ષસ છે.

સદ્ગુણો ધારણ કરવાને યોગ્ય થાય છે. અનેક પ્રકારનાં બાહ્યકાર્ય કરતાં છતાં પણ રાગદ્વેષાદિ દુર્ગુણોને ટાળી મનની શુદ્ધિ પ્રાપ્ત કરવી.

મનના પ્રત્યાહારની પરિપૂર્ણ સિદ્ધિ કરવામાં આવશે, તો ધારણામાં પ્રવેશ થતાં વાર થશે નહિ.

અશુભ રાગ અને દ્વેષ છે, તેને શુભ રાગ અને દ્વેષ તરીકે ફેરવી નાખવા જોઈએ. આ યુક્તિ પણ પ્રથમ ભૂમિકામાં અવશ્ય આદરવાલાયક છે; એકદમ કંઈ સર્વથા રાગ અને દ્વેષનો નાશ થાય, એમ તો બની શકવું મુશ્કેલ છે.

કોઈ જ્ઞાની મહાત્માઓને તો તેમ પણ બની શકે, પણ અજ્ઞાનીને તેમ બની શકે નહીં, માટે તેઓને તો શુભ રાગદ્વેષ પ્રવૃત્તિ કરવી પડે છે.

મોક્ષના હેતુઓમાં જે રાગ અને દ્વેષ થાય છે, તેને શુભરાગ અને શુભ દ્વેષ કહે છે.

શુભ રાગ અને દ્વેષની ભાવના નીચે મુજબ સમજવી.

"શુભ રાગ અને શુભ દ્વેષ"

સદ્ગુણો ઉપર રાગ કરવો, તે મુખ્યતાએ શુભ રાગ કહેવાય છે. દુર્ગુણો ઉપર દ્વેષ કરવો તે, પ્રશસ્ય દ્વેષ કહેવાય છે.

દેવ ગુરુ અને ધર્મની શ્રદ્ધામાં રાગ ધારણ કરવો, તે પ્રશસ્ય રાગ છે. દેવગુરુ અને ધર્મની શ્રદ્ધા ન થવા દે એવા હેતુઓ ઉપર દ્વેષ કરવો, તે પ્રશસ્ય દ્વેષ કહેવાય છે.

જ્ઞાન દર્શન અને ચારિત્ર એ મુક્તિનો માર્ગ છે. એ ત્રણ તથા એ ત્રણના હેતુઓ પર જે રાગ ધારણ કરાય છે, તે પ્રશસ્ય રાગ છે.

જ્ઞાન દર્શન અને ચારિત્રમાં વિઘ્નભૂત થતાં આવરણો પર જે દ્વેષ કરવો, તે પ્રશસ્ય દ્વેષ કહેવાય છે.

અપ્રશસ્ય રાગ કરતાં પ્રશસ્ય રાગ અત્યંત ઉત્તમ છે. અપ્રશસ્ય

મિથ્યાભિમાનીની સોબતથી નુકસાન થશે.

દ્વેષ કરતાં પ્રશસ્ય દ્વેષ અત્યંત ઉત્તમ છે.

પ્રશસ્ય રાગ અને પ્રશસ્ય દ્વેષ કરતાં શુદ્ધ ભાવની પરિણતિ અનંતગણી ઉત્તમ છે. પ્રશસ્ય રાગ અને પ્રશસ્ય દ્વેષમાં અશુભ રાગાદિને ફેરવી નાખવા જોઈએ.

અપ્રશસ્ય રાગ દ્વેષથી પાપનાં દલિકોને આત્મા ગ્રહણ કરે છે અને પ્રશસ્ય રાગ અને દ્વેષથી પુણ્યનાં દલિકોને આત્મા ગ્રહણ કરે છે.

સમકિતી જીવ પ્રશસ્ય રાગ અને પ્રશસ્ય દ્વેષથી પુણ્યાનુબંધી પુણ્ય બાંધે છે. પ્રશસ્ય રાગ અને દ્વેષની અત્યંત ચડતી પરિણામની ધારાથી આત્મા તીર્થંકરનામકર્મ બાંધે છે. ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ તીર્થંકર-નામકર્મની પુણ્યપ્રકૃતિ જાણવી.

જે જીવો શુદ્ધ પરિણતિમાં રમણતા કરી શકતા નથી, તેઓને અશુભ રાગાદિકનો નાશ થાય અને શુભ રાગાદિ પરિણતિનો આદર થાય, એવો ઉપદેશ આપવો.

તે તેઓના અધિકાર પ્રમાણે હિતકર છે. પણ અત્રે સમજવું યોગ્ય છે કે,

અશુભ રાગાદિકમાંથી શુભ રાગાદિકમાં જીવોને જોડવા એટલું જ કંઈ જીવનનો સાર નથી; માટે જે જીવો જ્ઞાનમાં સમજી શકે તેવા અધિકારી થયા હોય, તેઓને **"શુદ્ધ પરિણતિ"** એ જ મોક્ષનો ખરો માર્ગ છે, એમ સમજાવવું જોઈએ.

શુદ્ધ પરિણતિને સાધ્યલક્ષી વર્તનારાઓ શુભ રાગાદિકની પરિણતિને પણ પ્રસંગે પ્રસંગે વહે છે, તોપણ તેઓ સાધ્યલક્ષી હોવાથી પુણ્યાનુબંધી પુણ્ય બાંધે છે અને તેઓ સાધ્યલક્ષી હોવાથી પુણ્યમાં રાચતા નથી; તેથી ઉચ્ચ દૃષ્ટિના અધિકારી પ્રતિદિન બને છે.

જેઓની ઉત્તમ બુદ્ધિ થઈ નથી અને સંસાર અને મોક્ષનું સ્વરૂપ સમજતા નથી, તેવાઓને શુભરાગાદિકની ઇચ્છા મુખ્યતયા રહે તે તો બનવા યોગ્ય છે,

---

બુદ્ધિપૂર્વકનું ચિંતવન પ્રકાશ આપે છે.

જેઓ શુદ્ધ અને અશુદ્ધ પરિણતિ સમજે છે, રાગ અને દ્વેષથી બંધાવાનું તો છે જ એમ જાણે છે, એવા જીવો કદાપિ મુખ્યતયા શુભરાગાદિકમાં સાધ્ય બુદ્ધિ કલ્પે તો ખરેખર તે સાધ્ય સાધકના મુખ્ય ઉદ્દેશને વિસરે છે, એમ સમજવું જોઈએ.

જ્ઞાનથી અધિકારી થએલા જીવો શુદ્ધપરિણતિને જ મુખ્યતયા સાધ્યબિંદુ તરીકે લક્ષે છે અને તેની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરે છે.

તેમ છતાં પ્રસંગવશાત્ શુભરાગાદિકથી શુભપરિણતિને ગૌણતાએ ધારણ કરે છે તો પણ તેઓનું સાધ્યબિંદુ એક જ સત્ય હોવાથી ઉત્તરોત્તર શુદ્ધ પરિણતિના અધિકારી બને છે અને મોક્ષની પ્રાપ્તિ કરે છે.

શુદ્ધ પરિણતિ સાધ્ય લક્ષ્યસાધક જ્ઞાનિઓ શુભ વ્યવહારનાં કૃત્યોને કાયાથી આવશ્યકતા કરે છે, તોપણ અન્તરમાં શુદ્ધપરિણતિના યોગે નિઃસ્પૃહભાવથી પૂજા અને દાનાદિકથી કર્મની નિર્જરા કરે છે અને પોતાના આત્માની શુદ્ધિ કરે છે.

મુખ્યતયા ફલિતાર્થ એવો નીકળે છે કે, સાધ્યબિંદુ લક્ષ્યાધિકારી જ્ઞાની પુરુષ, નિર્લેપદશાથી બાહ્ય કાર્યો કરતાં છતાં પણ અન્તર શુદ્ધ-પરિણતિના યોગે કર્મ ખેરવે છે.

કદાપિ તે સરાગભાવમાં આવે છે, તો તીર્થંકર આદિની પદવી પ્રાપ્ત કરે છે, તો પણ મુખ્યતા શુદ્ધપરિણતિની જ રહે છે; કારણ કે તેનું સાધ્યબિંદુ ફરતું નથી. આવા અધિકારી વિરલ જ્ઞાની પુરુષો હોય છે.

એવી દશા ન આવે ત્યાં સુધી શું અશુભ રાગાદિ પરિણતિમાં રહેવું ?

આના ઉત્તરમાં કહેવું પડશે કે, પૂર્વોક્ત જણાવ્યું તે પ્રમાણે સાધ્ય લક્ષ્ય અધિકાર પ્રાપ્ત ન થાય ત્યાં સુધી શુભ રાગાદિકમાં ફેરવી નાંખવાનું કૃત્ય આવશ્યક છે.

આવેશને દબાવે તેનું નામ પુરુષ.

તેવા બાલ અધિકારી જીવોને અપેક્ષાએ પ્રશસ્ય રાગાદિયોગે શુભપરિણતિ રહે, એવો ઉપદેશ આપવો અને તેવા તે શુભપરિણતિમાં રહે તે અનંતગુણ ઉત્તમ કાર્ય છે; આમ પણ કહેવું અપેક્ષાએ યોગ્ય ઠરી શકે છે.

બાલ, મધ્યમ અને ઉત્તમ પુરુષોને અધિકાર પ્રમાણે ઉપદેશ આપવો અને તેઓના અધિકાર પ્રમાણે તેઓની શુભાદિ પરિણતિ રહે છે. તેઓના કરતાં જે નીચા છે, તેઓના કરતાં તે–અનંતગુણ ઉચ્ચ કહેવાય છે; તેમાં અપેક્ષાએ સત્યતા જ સમાય છે.

બાલ જીવના કરતાં મધ્યમ પુરુષ છે, તે ઘણો જ ઉચ્ચ પરિણતિનો ધારક છે, પણ તે ઉત્તમના કરતાં તો ઘણો જ નીચો છે.

ઉત્તમ જીવો મધ્યમ કરતાં ઘણા ઉચ્ચ છે, પણ તેઓના કરતાં જેઓ ઉચ્ચ સિદ્ધકોટીમાં છે, તેઓના કરતાં ઘણા નીચા છે.

આમ અપેક્ષાએ તરતમયોગે ઘણા ભેદ અધિકારની યોગ્યતાએ પડી શકે છે.

જેઓ સદાકાલ અપ્રશસ્ય રાગદ્વેષમાં રાચીમાચી રહ્યા છે, તેઓના કરતાં પ્રશસ્ય રાગદ્વેષની શુભ પરિણતિને ધારણ કરનારા ઘણા ઉત્તમ છે, પણ જેઓ શુદ્ધ પરિણતિને ધારણ કરે છે, તેઓના કરતા શુભપરિણતિ-વાળા અનંતગણા નીચા છે.

ક્ષાયિક ભાવની શુદ્ધ પરિણતિવાળા કરતાં ક્ષયોપશમની શુદ્ધ-પરિણતિ ધારણ કરનારા ઘણા નીચા છે.

એમ અપેક્ષાએ ઉચ્ચતા તથા નીચતાને સમજનારા ઉચ્ચ સાધ્ય પ્રતિલક્ષ્ય રાખી પ્રતિદિન ઉચ્ચ અધિકારી બને છે.

તેમજ પોતાના કરતાં જેઓ ઉચ્ચગુણ ભૂમિકામાં પ્રવેશેલા છે, તેઓની ભૂમિકા પ્રતિ ગમન કરે છે અને નીચલી ભૂમિકાઓવાળાને

મોટા થવા કરતાં પ્રમાણિક થવામાં લાભ વિશેષ છે.

તેઓના અધિકાર પ્રમાણે બોધ કરી ઉચ્ચ ભૂમિમાં આવવા ઉચ્ચ દૃષ્ટિ કરાવે છે.

ધારોકે, એક મુક્તિરૂપ મહેલનાં એક હજાર પગથિયાં છે, કોઈ પહેલા પગથીએ, કોઈ બીજા પગથીએ, કોઈ ત્રીજા પગથીએ, કોઇ ચોથા પગથીએ, કોઈ પાંચમા પગથીએ એમ ઉત્તરોત્તર ચઢતા કોઈ નવસે નવાણુમા પગથિયે અને કોઈ છેલ્લા હજારમા પગથિયે છે; નીચા પગથિયે રહેલા ઊંચા પગથિયે દરરોજ ચઢવા માટે ઉદ્યમ કરે છે.

ધારોકે પાંચમા પગથિયાવાળો સોમા પગથિયાવાળા કરતાં ઘણો નીચો છે અને સોમા પગથિયાવાળા કરતાં પાંચમા પગથિયાવાળામાં દોષ પણ ઘણા છે.

તેથી સોમા પગથિયાવાળાએ પાંચમા પગથિયાવાળાને નીચ ગણી ધક્કો ન મારવો જોઈએ, પણ તેને ઊંચે ચઢાવવા મદદ કરવી જોઇએ.

પાંચમા પગથિયાવાળો સોમા પગથિયાવાળાની અપેક્ષાએ નીચ ગણાય પણ પહેલા પગથિયામાં રહેલા જીવો કરતાં તો ઉચ્ચ ગણાય. માટે તેથી પોતાનામાં ઉચ્ચતા માની પહેલા પગથિયે રહેલાઓને ધક્કો ન મારવો જોઈએ.

હજારમા પગથિયાવાળાએ સોમા પગથિયાવાળાને હલકો ગણી તેને ધક્કો ન મારવો જોઈએ, કારણ કે પોતે પણ કોઈ વખતે સોમા પગથિએ હતો; તેને પણ ઉપરના પગથિયાવાળાએ ચડતાં મદદ કરી હતી.

તેમ આપણે પણ પોતાના કરતાં નીચા પગથિયે રહેલાઓને નીચ ગણી તેઓને ધિક્કારવા ન જોઈએ પણ પોતાની પૂર્વની તે પગથિયાની અવસ્થા યાદ કરી, તેઓને દયા અને પ્રેમથી ચઢાવવામાં મદદ કરવી જોઈએ.

નાના નાના કણોનો પર્વત બને છે.

સારાંશ કે, અશુભરાગાદિની અશુભપરિણતિ ધારણ કરનારાઓ કરતાં શુભપરિણતિ ધારણ કરનારાઓ ઘણા જ ઉત્તમ છે, પણ તેથી તેઓએ અશુભરાગાદિપરિણતિ ધારણ કરનારાઓને ધિક્કારીને ધક્કો ન મારવો જોઈએ, પણ તેઓને ઊંચે ચઢાવવા અધિકાર પ્રમાણે ઉપાયો બતાવવા જોઈએ.

શુદ્ધ પરિણતિવાળાઓએ શુભપરિણતિધારકોને નીચા છે, એમ માની ધિક્કારવા ન જોઈએ; પણ શુદ્ધપરિણતિની યોગ્યતાને ધારણ કરે તેવા ઉપાયો તેઓને બતાવવા જોઈએ.

આવી રીતે મનુષ્યોએ ઉચ્ચ દૃષ્ટિવાળાઓ તરફ લક્ષ્ય રાખી ઉચ્ચ સાધ્ય સાધવા પ્રયત્ન કરવો અને પોતાના કરતાં જે નીચા દરજ્જાના હોય તેઓને પ્રેમની દૃષ્ટિથી ઉચ્ચ કરવા પ્રયત્ન કરવો.

પણ તેઓને ધિક્કારવા નહીં, કારણ કે કોઈ વખત તેવી દશા પણ પોતાની હતી અને અન્ય ઉત્તમ પુરુષોએ પોતાને મદદ કરી હતી; તે પ્રમાણે મારે પણ નીચ કોટીવાળાને મદદ કરવી જોઈએ, એવો મારો સત્ય ન્યાયધર્મ છે, તેને અમલમાં મૂકી સદાકાલ તે પ્રમાણે પ્રવર્તવું જોઈએ.

આ પ્રમાણે વિશ્વધર્મ વ્યવસ્થાક્રમ સમજી અશુભ રાગાદિવાળાઓની પરિણતિને શુભ પરિણતિમાં ફેરવી નાખવી જોઈએ.

સુદેવ, સુગુરુ અને સુધર્મનો રાગ કરવામાં વિશેષ ફળ છે એમ સમજણ આપવી; જ્ઞાન દર્શન અને ચારિત્ર ઉપર રાગ થાય, તેવો ઉપદેશ આપવો.

કાનથી ધર્મના શબ્દો સાંભળવામાં રાગ કરવો. ચક્ષુથી દેવ અને ગુરુ આદિનાં દર્શન કરવા અત્યંત રાગ ધારણ કરવો. જિહ્વાથી પ્રભુ, ગુરૂ અને ધર્મનું સ્વરૂપ ગાવા અત્યંત રાગ ધારણ કરવો. કાયાથી

ધર્મવીર એ ઈશ્વરનો સૈનિક છે.

દેવ, ગુરુ અને ધર્મની ભક્તિ ધારણ કરવા અત્યંત રાગ ધારણ કરવો. અશુભ રાગાદિને આ પ્રમાણે શુભ રાગાદિ ભાવમાં ફેરવી નાંખવા.

જેમ જેમ શુભરાગાદિ જેટલા જેટલા પ્રમાણમાં વૃદ્ધિ પામે છે, તેટલા તેટલા પ્રમાણમાં અશુભ રાગ અને અશુભ દ્વેષ ટળે છે. શુભ રાગ વધતાં અશુભ રાગ ટળશે. શુભ દ્વેષ વધતાં અશુભ દ્વેષ ટળશે.

જ્ઞાન ઉપર રૂચિ કરતાં અજ્ઞાન ટળશે, ધર્મ ઉપર રાગ કરતાં અધર્મ પરથી રાગ ટળશે.

આ પ્રમાણે પ્રત્યાહારની પ્રવૃત્તિ કરી મનની ઉચ્ચતા કરવા પ્રયત્ન કરવો.

અશુભપરિણતિમાંથી શુભપરિણતિમાં અવાય છે. ચોથા, પાંચમા અને છઠ્ઠા ગુણઠાણે પણ શુભપરિણતિ અને શુદ્ધ પરિણતિ એ બે છે. કોઈ વખત શુભપરિણતિ હોય છે અને કોઈ વખત શુદ્ધ પરિણતિ હોય છે.

શુદ્ધ પરિણતિનો મુખ્ય ઉદ્દેશ જેને સાધ્ય છે, તેની શુભ પરિણતિ પણ અપેક્ષાએ પ્રશસ્ય ગણાય છે.

જેટલા જેટલા અંશે અપ્રશસ્ય રાગ અને દ્વેષમાંથી નીકળી પ્રશસ્ય રાગદ્વેષમાં આવે, તે તે અંશે તે પ્રશસ્ય ગણાય છે. પ્રશસ્ય-રાગાદિનો જેટલો આદરભાવ તેટલો જ અપ્રશસ્ય રાગાદિનો નાશ સમજવો જોઈએ; તેમજ જેટલી શુદ્ધપરિણતિમાં રમણતા તેટલી જ અશુદ્ધપરિણતિની વિનાશતા સમજવી જોઈએ.

આ પ્રમાણે પાંચ ઇન્દ્રિયો અને મનનો પ્રત્યાહાર સિદ્ધ કરવાથી ધારણામાં સહેજે પ્રવેશ થઈ શકે છે.

પ્રત્યાહારની સાધના કરવાથી બાહ્ય દુનિયાની દશામાં ફસાવાતું નથી. યોગના સાધકોએ આ પ્રત્યાહારની ક્રિયામાં અવશ્ય લક્ષ્ય દેવું જોઈએ.

નાનપણથી જુવાનીમાં જ નાના દોષોથી સાવધ રહો.

હાલના કાળમાં પ્રત્યાહારની સિદ્ધિ કર્યા વિના ઘણા લોકો ધારણામાં પ્રવેશ કરે છે. તેથી તેઓ ધારણાની સિદ્ધિ પણ કરી શકતા નથી અને પ્રત્યાહારની સિદ્ધિ પણ કરી શકતા નથી અને તેથી તેઓ યોગના પગથિયા ઉપર ચઢી શકતા નથી.

અજ્ઞાની લોકો પ્રાણાયામથી સિદ્ધિઓ પ્રાપ્ત કરવા માટે મથે છે, પણ જો તેઓ પ્રત્યાહારનું સ્વરૂપ સમજે તો સિદ્ધિઓનો તેઓને લોભ ટળે છે અને તેથી તેઓ ઉચ્ચ કોટી પર ચડતા રહે છે.

પાંચ ઇન્દ્રિયોના વિષય જીત્યા વિના ધારણામાં ચિત્ત ઠરતું નથી અને ધારણામાં ચિત્ત ઠર્યા વિના ઉત્તમ લાભ મળી શકતો નથી.

યોગના સાધકો જો સાધ્યબિંદુનો ઉદ્દેશ લક્ષ્યમાં રાખે તો પ્રત્યાહારના અંગ ઉપર પૂર્ણ પ્રેમ થયા વિના રહેશે નહીં.

પ્રત્યાહારના સાધકે મનને વશ કરવાની કળા જાણવી જોઈએ. પળે પળે મનમાં કેવા કેવા પ્રકારના વિચારો ઉદ્ભવે છે, તેનું ઉપયોગથી નિરીક્ષણ કરવું; કઈ કઈ બાબતોના મનમાં વિચારો પ્રગટે છે તેનો ખૂબ વિચાર કરવો, પલકમાં મન શું વિચારે છે અને બીજી પલકમાં મન શું વિચારે છે, તેનો ઉપયોગ મૂકીને નિર્ધાર કરવો.

જે ચિંતવવા યોગ્ય વિષય છે, તેને મૂકીને અન્ય કયા પદાર્થનો મન વિચાર કરવા મંડી જાય છે, તેનો લક્ષ્યપૂર્વક ઉપયોગ મૂકવો.

મન એવું છે કે તે ક્ષણે ક્ષણે કંઈપણ વિચાર કરતું રહે છે. સદાકાલ ચપળતા કર્યા કરે છે. વિદ્યુત્ (વીજળી)ની પેઠે મનની અત્યંત તીવ્ર ગતિ છે. આવું જાણતાં અભ્યાસીએ કદી કંટાળવું નહીં અને મનને જીતવાના અભ્યાસમાં સદાકાળ મચ્યા રહેવું.

મનની ચાર પ્રકારની દશા છે. [1]વિક્ષિપ્ત, [2]યાતાયાત, [3]શ્લિષ્ટ, અને [4]સુલીન. આ ચાર પ્રકારની મનની અવસ્થાનું લક્ષણ કહે છે.

લોભી ગરીબ રહે છે અને ઉદાર શ્રીમંત રહે છે.

વિક્ષિપ્ત મનને ચપળતા ઇષ્ટ છે. મનના અભ્યાસી જ્યારે મન વશ કરવા ધારે છે, ત્યારે મન તુરત છટકી જાય છે અને સ્વચ્છંદતાથી ગમે તે પ્રકારનું ચિંતવન કર્યા કરે છે.

જે વસ્તુ ચિંતવવાની હોય છે, તેમાંથી છટકી જઈ અન્ય વસ્તુઓના ચિંતવનમાં પ્રવૃત્તિ કરે છે.

જેમ મૃગને પકડવા જતાં મૃગ એકદમ દોડાદોડ કરી મૂકે છે, તેમ મનને પણ વશ કરવામાં પ્રથમ પ્રવૃત્તિ કરતાં તરત મન દોડાદોડ કરી મૂકે છે.

મન નવકારવાળી ગણવામાં રોકાયું હોય છે, તો તેમાંથી તરત ચાલ્યું જાય છે અને બીજી વસ્તુઓના ચિંતવનમાં કુદંકુદા કરી મૂકે છે.

નવકારવાળી તો હાથમાં ને હાથમાં હોય છે અને મન તો ક્યાંયનું ક્યાંય ભટકતું હોય છે.

અર્થાત્ મનને વશ કરવાના જે જે ઉપાયો રચ્યા હોય છે, તેમાંથી તરત છટકી જાય છે.

જ્યારે ઉપયોગ મૂકવામાં આવે છે, ત્યારે માલૂમ પડે છે કે, અરે! મન તો કંઇનું કંઈ ચિંતવે છે.

આવી મનની વિક્ષિપ્ત દશામાં સન્નિપાતના જેવી મનની સ્થિતિ જણાય છે. જગતમાં જે જીવોએ મનને વશ કર્યું નથી, તેઓની પ્રાયઃ એવી દશા વિશેષતઃ વર્તે છે.

આત્માર્થી જીવોએ આવી મનની વિક્ષિપ્ત દશા ત્યાગવા પ્રયત્ન કરવો જોઈએ.

મનની યાતાયાત દશા

મનની બીજી યાતાયાત દશા છે. મનનું જવું અને પાછું આવવું, તેને યાતાયાત કહે છે.

દુર્જન ભલે વિદ્વાન હોય પણ તેનો સંગ ન કરવો.

પલકમાં મન ઠેકાણે રહે છે અને પલકમાં બીજા પદાર્થનો વિચાર કરવા મંડી જાય છે. મનને જીતવાના પ્રથમ અભ્યાસમાં મનનું જવું અને આવવું ઘણી વખત બને છે.

શ્રીપ્રસન્નચંદ્રરાજર્ષિનું મન એક વખત બાહ્ય રાજ્યપ્રપંચમાં ચાલ્યું ગયું હતું અને તેથી સાતમી નરકનાં કર્મદલિક ગ્રહણ કર્યાં હતાં, પણ પશ્ચાત્ સાધુની અવસ્થા યાદ આવતાં મન પાછું ઠેકાણે આવ્યું અને આત્માના સ્વરૂપમાં મન જોડાતાં કેવલજ્ઞાન ઉત્પન્ન થયું.

એક શ્રાવક દેરાસરમાં પ્રભુની પ્રતિમા દ્વારા પ્રભુનું સ્મરણ કરતા હતા, મનને પ્રભુના ગુણોમાં જોડયું હતું, પણ પ્રસંગ પામી મન ઢેડવાડામાં ચાલ્યું ગયું.

શ્રાવકના ઘેર એક મનુષ્ય આવીને કહેવા લાગ્યો કે, શ્રાવક ક્યાં ગયા છે ? છોકરીએ જવાબ આપ્યો કે, શ્રાવક શેઠ ઢેડવાડે ગયા છે.

આ ઉપરથી સારાંશ લેવાનો કે, કોઇપણ ધ્યેય વસ્તુમાં મનને રોકવામાં આવે છે, તો પાછું અન્યત્ર ચાલ્યું જાય છે અને ખેંચી લાવવાથી પાછું ઠેકાણે આવે છે.

આ બીજી દશામાં મનને પાછું ખેંચી લાવવાની યુક્તિ સુજે છે અને તેથી યોગી પોતાના મનની દશાનો અનુભવ સારી રીતે મેળવે છે.

પોતાના મનની યાતાયાત દશા જોઈ કિંચિત્ મનમાં ખેદ ધારણ કરે છે પણ મનને ઠેકાણે લાવવાની યુક્તિ સુજવાથી કંઈક મનમાં આનંદ પામે છે.

જે જે ધર્મના હેતુઓમાં મનને જોડયું હોય છે, તેમાંથી બાણની પેઠે સટક દઈને સટકી જાય છે અને પાછું અભ્યાસ-ઉપયોગ બળથી ઠેકાણે આવે છે.

પ્રથમની દશા કરતાં આ બીજી દશામાં તે મન ઉપર વિશેષ કાબૂ ધરાવે છે. મનની બીજી દશામાં આવતાં યોગીને નિશ્ચય થાય છે કે, મનને વશ કરવું હોય તો અંતે કરી શકાય છે, એમાં જરામાત્ર પણ શંકા નથી.

મનની યાતાયાત દશા જોઈ તેને એક ઠેકાણે સ્થિર રાખવાની યુક્તિ સુઝે છે અને તેથી યોગી બીજી દશાને જીતી ત્રીજી દશામાં પ્રવેશ કરે છે.

મનની ત્રીજી શ્લિષ્ટ અવસ્થા

કોઇપણ વસ્તુમાં મનને ચોંટાડવું, તેમાં ને તેમાં ગોંધી રાખવું, જે ધ્યેય વસ્તુમાં અમુક કાળ સુધી ગમનાગમન વિના મન લાગી રહે, તેને શ્લિષ્ટ મન કહે છે. આવી મનની અવસ્થા પ્રાપ્ત થતાં સ્થિરતા તથા આનન્દનો અનુભવ થાય છે.

મનના ઉપર આત્માનો વિશેષતઃ કાબૂ રહે છે. આત્માના તાબે મન વર્તે છે–આવી મનની અવસ્થા પ્રાપ્ત થતાં સંકલ્પની સિદ્ધિ થાય છે. મંત્ર તથા વિદ્યાની સિદ્ધિ પણ આ અવસ્થા પ્રાપ્ત થવાથી થાય છે.

વારંવાર મનમાં અનેક વસ્તુઓ સંબંધી વિકલ્પ પ્રગટતા બંધ થાય છે.

મનમાં આનંદની છાયા છવાઈ રહે છે, ધારેલાં કાર્ય સિદ્ધ કરવાની શક્તિ પ્રગટે છે.

મનમાં અમુક પદાર્થનું ચિંતવન કરવું કે ન કરવું, તે યોગીના હાથમાં રહે છે.

આ અવસ્થા પ્રાપ્ત કરવા માટે ઉચ્ચ પ્રકારનું આત્મિક જ્ઞાન મેળવવાની આવશ્યકતા છે. જ્ઞાની સત્પુરુષોનો સમાગમ કરવાની જરૂર રહે છે.

અત્યંત સૂક્ષ્મ અભ્યાસ કરવાની જરૂર રહે છે.

પહેલું કામ અને પછી ભાઈબંધી.

જે વિષયમાં મન ચોંટાડયું હોય ત્યાં ચોંટી રહે પણ અન્યમાં જાય નહિ તે માટે મન ઉપર પ્રખર અંકુશ મૂકવાની જરૂર રહે છે. આવી અવસ્થામાં યોગી આનંદમગ્ન જણાય છે.

ક્ષણમાં બાહ્યમાં મન તેનું જતું હોય છે, પણ અન્તરમાં લઈ જવું હોય છે તો શીખવેલા ઘોડાની પેઠે તેને અન્તરમાં લઈ જાય છે. બાહ્યમાંથી અન્તરમાં જવું હોય તો તેને અત્યંત મહેનત પડતી નથી.

ધ્યેયવસ્તુમાં મનને ચોંટાડી (ગોંધી) રાખવાથી અનેક પ્રકારનાં નવીન કર્મ બંધાતાં અટકે છે અને સંવરની પુષ્ટિ થાય છે. બાહ્ય વિષયોમાં મન ભટકવા પામતું નથી. આવી મનની દશા થવાથી કોઈ પણ પ્રકારની ધારણા કરવી હોય તો સહેજે થાય છે.

મનની ચોથી સુલીન અવસ્થા

ચોથી મનની સુલીન અવસ્થામાં ધ્યેયવસ્તુમાં મન લીન થઈ જાય છે. પરમાનંદની છાયા છવાઈ જાય છે; આ છેલ્લી બે મનની અવસ્થાઓ પ્રાપ્ત કરવા લાયક છે. આ ચાર મનની અવસ્થાઓને અત્ર પ્રસંગોપાત દેખાડી છે.

વસ્તુતઃ તેનો ધ્યાન અને સમાધિની અંદર સમાવેશ થાય છે, માટે અત્ર તેનું સંક્ષિપ્તતઃ પ્રસંગોપાત વર્ણન કર્યું છે.

આ પ્રમાણે મનમાં ઉત્પન્ન થતા દોષો ટાળ્યા બાદ મનની નિર્મળતા થાય છે.

મનમાં જે જે વસ્તુઓને ધારવામાં આવે છે, તે તે વસ્તુઓની બરાબર ધારણા થાય છે, માટે હવે **ધારણાનું સ્વરૂપ** કહેવામાં આવે છે.

૬ ધારણા.

પ્રત્યાહાર સિદ્ધ થયા બાદ ધારણામાં પ્રવેશ કરવો જોઈએ. શાસ્ત્રોમાં બતાવેલા કોઈપણ સ્થાનમાં મનને ધારવું તેને ધારણા કહે છે.

ન દીધું ન ખાધું તે ધનનો શો અર્થ ?

કોઈપણ સ્થાનમાં મનને લગાડી જાગૃતિપૂર્વક લાંબા વખતપર્યંત રહેવાથી તેમાં ચિત્ત લાગી રહે છે, તેથી તે શાન્ત જેવું થઈ જાય છે.

કોઈપણ સ્થાનમાં લક્ષ્યપૂર્વક ચિત્તને ઠેરવવાથી હજારો વિષયોમાં ભટકતું મન બંધ થઈ જાય છે.

જેમ સરકારના નોકર કાયદાસર કામ કર્યા કરે છે, તેમ મન પણ કાયદાસર કાર્ય કર્યા કરે છે.

પ્રથમ શાળામાં ગયેલો વિદ્યાર્થી જેમ ચિત્ત ઠેકાણે રાખતો નથી, તેમ પ્રથમ અભ્યાસમાં મન ઠેકાણે રહેતું નથી, પણ જ્યારે વિદ્યાર્થીને ભણવામાં આનંદ પડે છે, ત્યારે તેનું મન તેમાં ઠરી જાય છે, તેમ ઘણા અભ્યાસથી મન પણ અમુક સ્થાનમાં ઠરી જાય છે. પશ્ચાત તે સ્થાનમાંથી ખસીને અન્યત્ર જતું નથી.

ધારણાનાં સ્થાનો

નાભિ, હૃદય, નાસિકાનો અગ્રભાગ, ભ્રકુટી, કપાલ, તાળવું, નેત્ર, મુખ, કર્ણ, મસ્તક અને બ્રહ્મરન્ધ્ર, એ સ્થાનોમાં મનને ઠેરવવું.

આ સ્થાનમાં મનને ધારવાથી અનેક પ્રકારના સ્વાનુભવો જણાય છે. જીવિત, મરણ, પરાજય, લાભ અને અલાભ તથા નિમિત્તોનું જ્ઞાન થાય છે અને અન્ય પણ શબ્દાદિક વિષયોનું દિવ્ય જ્ઞાન થતું જાય છે તેમજ ચમત્કાર શક્તિ પણ વૃદ્ધિ પામે છે.

પૂર્વોક્ત સ્થાનોમાં ધારણા કરતાં પ્રથમ તો કેટલીક મિનિટ સુધી મન ઠરશે નહીં, પણ દૃઢ સંકલ્પપૂર્વક અભ્યાસ કરવાથી ધારણાથી સિદ્ધિ થવા લાગશે. પ્રતિદિન ધારણામાં વૃદ્ધિ થયા કરશે. છેવટે પરિપૂર્ણ ધારણાની સિદ્ધિ થશે. ધારણાની સિદ્ધિ થતાં અનેક ચમત્કારનો અનુભવ થાય છે.

સાચી સેવામાં સ્વાર્થ ન શોભે.

ધારણા કરનારે પ્રથમ બાહ્યસ્થાનમાં ધારણા કરવી જોઈએ. બાહ્યમાં ધારણા સિદ્ધ થયા બાદ અન્તરમાં ધારણા કરવાની આવશ્યકતા છે છેવટે આત્માના અસંખ્યાત પ્રદેશમાં ધારણા કરવી જોઈએ.

ધારણાના અભ્યાસીએ પ્રથમ આત્મજ્ઞાન સારી રીતે પ્રાપ્ત કરવું જોઈએ.

નવતત્ત્વ, સપ્તનય અને સપ્તભંગી વગેરેનું સારી રીતે જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ. જડ અને ચેતન વસ્તુનું પરિપૂર્ણ જ્ઞાન થવાથી આત્માના ધારણા થઈ શકે છે.

આવી સૂક્ષ્મ ધારણાનો કાલ જેમ વધતો જાય છે, તેમ આત્મામાં આનંદની ખુમારી વૃદ્ધિ પામે છે અને ચૈતન્ય સુખની પ્રતીતિ થાય છે.

બાહ્યવસ્તુઓ સંબંધી થતા વિકલ્પ અને સંકલ્પો ટળે છે. આત્માની અચળ શ્રદ્ધા પ્રતિદિન વૃદ્ધિ પામે છે.

શુભ માર્ગમાંથી આત્મા પાછો હઠે છે. આત્મતત્ત્વ સાધ્યલક્ષ્ય તરીકે રહે છે. આત્મતત્ત્વની લે (લય) લાગે છે. દુનિયાના પદાર્થો ઉપર રાગ અથવા દ્વેષ થતો હોય છે, તે મન્દ પડે છે.

ધારણાના અભ્યાસીને સૂચના છે કે, તેણે ધારણાનો અભ્યાસ વધારવા માટે ઉપાધિત્યાગ અને નિર્જનાવસ્થા વગેરે હેતુઓનું અવલંબન કરવું.

ખાતાં, પીતાં અને હરતાં ફરતાં પણ ધારણાના ઉપર લક્ષ્ય રાખવું જોઈએ. આત્માની સાધ્ય દશા સ્મરણ કરવી. જે જે વસ્તુઓની ધારણા કરવી હોય તે તે વસ્તુઓની ઈષ્ટતા સમજવી જોઈએ.

વિવેકદૃષ્ટિથી પ્રથમ વિચાર કરવો જોઈએ કે, કઈ વસ્તુની ધારણા કરવી જોઈએ ?

જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તેના હેતુઓની ધારણા કરવી જોઈએ.

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, જ્ઞાન, દર્શન, ચારિત્ર

સર્વજ્ઞ સિવાય કોઈ સંપૂર્ણ નથી.

અને તપ, એ નવપદની હૃદયમાં ધારણા કરવી; ઇત્યાદિ ધારણાના ઘણા ભેદ છે.

તે સર્વ ભેદોનું ગુરુગમપૂર્વક જ્ઞાન મેળવવું જોઈએ. મનમાં પ્રતિદિન ધારણાનો અભ્યાસ કરવો જોઈએ. શ્રી ઇષ્ટગુરુની મૂર્તિની મનમાં ધારણા કરવી જોઈએ.

ધારણાના અભ્યાસીએ પરની પંચાતમાં પડવું નહિ. રાગ દ્વેષ વૃદ્ધિ પામે એવા સંયોગોથી દૂર રહેવું જોઈએ.

નિયમિત આહારાદિકનું ગ્રહણ કરવું જોઈએ. મનમાં ગમે તે વિચારો આવે તેને રોકવા જોઈએ.

જેની ધારણા કરવી હોય તેમાં એવું તન્મય થઈ જવું, કે જાણે તે પદાર્થ જ પોતે હોય, એવું લક્ષ્ય રાખવું જોઈએ.

હજારો વિચારો મનમાં આવતા અટકાવવા અને જે પદાર્થની ધારણા કરી હોય તેમાં જ તન્મય થઇ જવું.

જે વસ્તુની ધારણા કરવી તે વસ્તુમાં પ્રેમભાવના કલ્પવી જોઇએ. ધારણા યોગ્ય વસ્તુમાં શું હિત છે, તેનો પ્રથમ વિચાર કરવો જોઇએ.

જ્યારે બાહ્ય જડ વસ્તુઓમાં ઇષ્ટત્વ અને અનિષ્ટત્વ ભાસે નહિ, ત્યારે આત્માના સદ્‌ગુણોની ધારણા કરવી. આત્માના જ્ઞાનાદિ સદ્‌ગુણોની ધારણા કરતાં તે તે ગુણોના આવરણોનો ક્ષય થતો જાય છે.

જે જે ગુણોની ધારણા કરવામાં આવે છે, તે તે ગુણોના સંસ્કાર વૃદ્ધિ પામે છે. ધારણાનો અભ્યાસ પ્રતિદિન વધારવો જોઈએ.

આ ભવમાં કરેલી ધારણાના સંસ્કાર પરભવમાં વૃદ્ધિ પામે છે. જે જે ગુણોની ધારણા કરવામાં આવે છે, તે તે ગુણોનો દૃઢ સંસ્કાર પડવાથી પરભવમાં ખીલી શકે છે.

જ્ઞાન અને શ્રદ્ધા સાથે પુરૂષાર્થ કેળવાય તો જ ચારિત્રવાન થવાય.

ધારણાનો અભ્યાસ કરનારાએ મનમાં ઉત્સાહ ધારણ કરવો જોઈએ. ધારણા કરનારને પ્રથમ તો મનમાં કંટાળો ઉપજે છે, પણ પ્રતિદિન અભ્યાસ કરતાં મનમાં આનંદ ઉપજે છે.

ધારણાનો અભ્યાસ સિદ્ધ કર્યા બાદ ધ્યાનનો અભ્યાસ શરૂ કરવો જોઇએ. ધારણાના પૂર્ણ અભ્યાસીને ધ્યાનની સિદ્ધિ થાય છે, માટે હવે ધ્યાનનું સ્વરૂપ કહેવામાં આવે છે.

૭ "ધ્યાન"

એક વસ્તુનું આલંબન કરી તેમાં અન્તર્મુહૂર્તપર્યંત મનની સ્થિરતા કરવી, તે છદ્મસ્થ યોગિઓનું ધ્યાન કહેવાય છે.

ધ્યાનની પરંપરા તો ઘણા વખત સુધી રહી શકે છે. મૂહૂર્ત બાદ મનની સ્થિતિ બદલાય કે પશ્ચાત્ પુનઃ ત્યાં મનને સ્થાપન કરવું.

આ પ્રમાણે એક પદાર્થ અથવા અન્ય પદાર્થનું મનમાં ધ્યાન કરી શકાય છે. કલાકોના કલાક સુધી આ પ્રમાણે ધ્યાન કરી શકાય છે.

ધ્યાનની પરંપરા જેમ એક પદાર્થ સંબંધી વધતી જાય છે, તેમ તેમ આત્મશક્તિ પ્રગટતી જાય છે અને તેથી અનેક પ્રકારના અનુભવો ભાસે છે. અનેક પ્રકારની લબ્ધિઓ પ્રગટે છે, અનંત ભવનાં બાંધેલાં કર્મ પણ ધ્યાનના બળે ક્ષય પામે છે.

આસન અને સ્થાન

પર્યંકાસન, વીરાસન, વજ્રાસન, પદ્માસન, ભદ્રાસન, સિદ્ધાસન, દંડાસન, શવાસન, ઉત્કટિકાસન, ગોદોહિકાસન અને કાયોત્સર્ગાસન વગેરે અનેક આસનો છે.

તેમાંથી ગમે તે આસને વિશેષ વખત સુધી અથવા ન્યૂનમાં ન્યૂન ત્રણ કલાક તો રહી શકાય તેવા આસન વડે તીર્થંકરોના જન્મ, દીક્ષા, કેવલ, નિર્વાણ કલ્યાણકોની ભૂમિકામાં જઈ ધ્યાન ધરવું.

તેવા સ્થાનના અભાવે સ્ત્રી, પશુ અને નપુંસકાદિ રહિત ઉપાધિ-શૂન્ય અને ચિત્તની સ્થિરતા રહે તેવા સ્થાનમાં રહી ધ્યાન ધરવું.

યોગ્ય સ્થાનમાં જઈ મૈત્રી, પ્રમોદ, મધ્યસ્થ અને કારુણ્ય તથા અનિત્યાદિ બાર ભાવનાઓથી પોતાના આત્માને ભાવવો.

ધ્યાનના અનેક ભેદ શાસ્ત્રમાં વર્ણવ્યા છે. ધ્યાનના ચાર પ્રકાર છે. પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત; આ ચાર પ્રકારનું ધ્યાન ધરવાથી આત્માની ઉચ્ચ દશા થાય છે.

પિંડસ્થ ધ્યેયને ધારણાના ભેદોથી દર્શાવે છે

પિંડસ્થ ધ્યેયમાં પાર્થિવી, આગ્નેયી, મારૂતી, વારૂણી અને તત્ત્વભૂ આ પાંચ ધારણાઓ કરવાની આવશ્યકતા છે.

પાર્થિવી ધારણા અને તેનું ધ્યાન

આ તિર્છાલોક એક રાજપ્રમાણ લાંબો પહોળો છે. તે પ્રમાણે લાંબો પહોળો ક્ષીરસમુદ્રને કલ્પવો.

તે સમુદ્રની મધ્યમાં જંબૂદ્વીપની પેઠે લક્ષયોજન વિસ્તૃત અને એક સહસ્ર પાંખડીઓવાળું કમળ ચિંતવવું.

કમળની મધ્યે કેસરાઓ છે. તેની મધ્યે દેદીપ્યમાન પીતપ્રભાવાળી અને મેરૂપર્વત સમાન પ્રમાણવાળી કર્ણિકા છે, એમ કલ્પના કરવી.

તે કર્ણિકાના ઉપર એક ઉજ્વલ સિંહાસન છે. તે ઉપર પોતે બેસીને સર્વ કર્મોનો ઉચ્છેદ કરું છું, એમ કલ્પના કરવી. તેવા વિચારમાં સ્થિર થઈ જવું.

આઠ કર્મોની પ્રકૃતિઓના પુદ્ગલ સ્કંધોને આત્માના પ્રદેશોથી ખંખેરી નાંખી ચઉદ રાજલોકમાં ફેંકી દીધા એમ ધ્યાવવું.

પશ્ચાત્ પોતાનો આત્મા અનંતકોટી સૂર્યના તેજ કરતાં પણ અનંતજ્ઞાન પ્રકાશથી સર્વ લોકાલોકને પ્રકાશે છે એમ ચિંતવવું.

મોજશોખ સાથે મરણ પ્રમાણ વધ્યું.

પશ્ચાત્ ચઉદ રાજલોકમાં ઉઠેલાં કર્મપુદ્ગલો સ્થિર થઈ જાય છે એમ ચિંતવવું; પશ્ચાત્ સુવર્ણના સિંહાસન ઉપર મને દેવો અને ઈન્દ્રો મેસાડી દેશના સાંભળે છે એમ ચિંતવવું.

લાખો જીવો આવી તત્ત્વ સાંભળે છે પણ હું સાક્ષી તરીકે તેઓનાં આચરણ વિચારો જોઈ રહું છું, પણ મને તેમાં હર્ષ કે શોક થતો નથી એમ ચિંતવવું.

સ્ફટિક રત્નસમાન નિર્મળ એવા અસંખ્ય પ્રદેશોમાં રામયે સમયે સર્વ ભાસ થાય છે, એમ ભાવના ભાવવી. અસંખ્યાત પ્રદેશ સ્થિર એકરૂપ છે, એવી ભાવના ભાવવી.

आग्नेयी धारणानुं ध्यान

નાભિની અંદર સોળ પાંખડીવાળું કમલ ચિંતવવું.

તે કમલની કર્ણિકામાં મહામંત્ર અર્હં સ્થાપન કરવો. અને તે કમલનાં પ્રત્યેક પત્રમાં અનુક્રમે –अ आ इ ई उ ऊ ऋ ॠ ऌ ॡ ए ऐ ओ औ अं अः આ સોળ સ્વરોને સ્થાપન કરવા. અને તે કમલમાં એકાગ્ર ચિત્તથી લયલીન થઈ જવું. એટલા સુધી તેમાં લયલીન થઈ જવું, કે તે કમલ વિના અન્ય વસ્તુનું સ્મરણ રહે નહીં.

ત્યારપછી હૃદયમાં અષ્ટ પાખંડીનું કમલ કલ્પવું. તે કમલની પ્રત્યેક પાંખડીમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અન્તરાય, એ આઠ કર્મનું એકેક પાંખડીમાં સ્થાપન કરવું. તે કમલનું મુખ નીચું રાખવું. સોળ પાંખડીવાળા કમલના ઉપર અધર ઝુલે તેવું કમલનું મુખ રાખવું.

ત્યારપછી રેફબિન્દુ અને કળાયુક્ત મહામંત્રમાં (र्ह) અક્ષર છે તેના રેફમાંથી નીકળતી એવી ધૂમ્ર શિખા ચિંતવવી.

ત્યારપછી તેમાંથી અગ્નિના કણિયાઓ નીકળે છે એમ કલ્પવું.

યાંત્રિક સંસ્કૃતિ વધી તેમ બેકારી વધી–નૈતિક પતન વધ્યું.

ત્યારપછી અનેક જ્વાળાઓ નીકળે છે, તેમ કલ્પના કરવી.

ત્યારપછી જ્વાળાઓના સમૂહથી હૃદયાંતર્ગત આઠકર્મોની પાંખડીવાળું કમલ બાળવું.

મહામંત્ર (અર્હં)ના ધ્યાનથી ઉત્પન્ન થએલા અગ્નિ વડે આઠકર્મની પાંખડીવાળું કમલ બળીને ભસ્મ થાય છે, એવી ભાવના કરવી.

ત્યારપછી શરીરની બહાર ત્રણ ખૂણાવાળો અગ્નિનો જબ્બો સાથિયા વડે ચિહ્નિત અને વહ્નિબીજ રકારસહિત ચિંતવવો.

ત્યારપછી શરીરની અંદર મહામંત્રના ધ્યાનથી ઉત્પન્ન થએલ અગ્નિની જ્વાળા અને બહારના વહ્નિપુરની જ્વાલા એ બે વડે દેહ અને આઠકર્મથી બનેલું કમલ એ બેને બાળીને ભસ્મ કરવાં અને શાંત થવું; એને આગ્નેયી ધારણા કહે છે.

બાયબી ધારણાનું ધ્યાન

ત્રણ ભુવનના વિસ્તારને પૂરનાર એવા પ્રચંડ વાયુની કલ્પના કરવી. ત્યારપછી પૂર્વે શરીર અને કર્મોની રાખ થએલી છે, તેને વાયુ ઉડાડી નાખે છે, એમ કલ્પના કરવી. પછી વાયુ શાંત થઈ જાય છે, એમ ભાવવું. એ મારૂતી ધારણા જાણવી.

વારુણી ધારણાનું ધ્યાન

અમૃતસમાન વર્ષાને વર્ષાવનાર મેઘમાળાથી ભરપૂર એવા આકાશની કલ્પના કરવી. પછી અર્ધચન્દ્રકાર કલાબિન્દુસહિત વરુણબીજ વંની ભાવના કરવી.

વરૂણબીજથી ઉત્પન્ન થનાર અમૃત સમાન જલથી આકાશ જાણે ભરાઈ જાય છે અને તે વડે કર્મની તથા શરીરની રાખ શાંત થઈ જાય છે અને તે ધોવાઈ જાય છે, એમ ભાવના ભાવવી. પછી વારૂણમંડલને શાંત કરવું. એ પ્રમાણે વારૂણી ધારણા જાણવી.

સગવડ વધી–દુઃખ વધ્યું.

तत्वभू धारणा

શુદ્ધ ધ્યાનવાળા યોગીએ સાત ધાતુરહિત પૂર્ણચન્દ્રકાંતિની પેઠે નિર્મલ સર્વજ્ઞસમાન પોતાના આત્માને ચિંતવવો. પછી સિંહાસન ઉપર બેઠેલા સર્વ કર્મોનો નાશ કરનાર, શરીરની અંદર રહેલા એવા નિરાકાર આત્માને સ્મરવો.

આ પ્રમાણે તત્ત્વભૂ ધારણા કરવાથી સકલ કર્મનો ક્ષય થાય છે અને આત્મા તે પરમાત્મા બને છે.

अन्य दर्शनीय योगीओ कथित पञ्चतत्त्वध्यान पृथ्वीतत्त्व

પગના અંગુઠાથી તે સ્વાધિષ્ઠાન ચક્ર પર્યંત વ્યાપ્ત પૃથ્વી તત્ત્વનું લ બીજાક્ષરસહિત ધ્યાન કરવું. ચિત્તવૃત્તિ પણ ત્યાં જ સ્થાપન કરવી.

પૃથ્વીતત્ત્વનો પીત વર્ણ ત્યાં ચિંતવવો. દરરોજ એકેક કલાક, બે કલાક અને ત્રણ કલાક પર્યંત પૃથ્વીતત્ત્વનું અત્યંત ઉત્સાહથી ધ્યાન કરવું.

આ ધ્યાન લાંબા ચરણ રાખીને પણ થાય છે. ચક્ષુને ઉઘાડાં રાખવામાં આવે તો ચક્ષુથી પણ તે સ્થાન પલકારો માર્યા વિના જોવાય એમ પ્રવૃત્તિ કરવી.

પૃથ્વીતત્ત્વનાં જેટલાં રજકણો છે, એ સર્વની ગંધ મારી નાસિકાએ આવશે એમ ચિંતવવું. પૃથ્વીતત્ત્વ મારા વશ થાય છે; તેમાંથી આરપાર નીકળી જાઉં તો પણ મને હરકત થનાર નથી, એવી ભાવના કરવી.

ત્રણ કલાકના અભ્યાસથી બાર વર્ષ પર્યંત પ્રતિદિન પૃથ્વીતત્ત્વનું ધ્યાન ધરવાથી પૃથ્વીતત્ત્વ ઉપર કબજો મેળવી શકાય છે.

પૃથ્વીતત્ત્વ ધ્યાન ધરનારને ધનની પ્રાપ્તિ થાય છે. કયા કયા ઠેકાણે સોનું વગેરે છે, તે દેખી શકે છે.

ધનના અધિષ્ઠાયક દેવતાઓ ધનને દેખાડે છે. કોઈને તે આશીર્વાદ આપે છે, તો તેની વચનસિદ્ધિના માહાત્મ્યથી તે લક્ષ્મીવંત બને છે. પૃથ્વીમાં પેસે તો પણ સ્ખલાયમાન થતો નથી.

પૃથ્વીતત્ત્વથી જગતમાં શા શા ફાયદાઓ થાય છે અને તે શા ઉપયોગમાં આવે છે, તે બરાબર જાણી શકે છે.

પૃથ્વીતત્ત્વના અભ્યાસીને સ્વપ્નમાં પણ સુવર્ણ વગેરેના ડુંગરો દૃઢ અભ્યાસના બળે દેખાય છે. પોતાના યોગ્ય પૃથ્વીતત્ત્વના ફાયદાઓ પણ જાણી શકે છે.

આ પૃથ્વીતત્ત્વનું ધ્યાન કરતાં અનેક ઉપાધિરૂપ વિઘ્નો આવે છે, પણ ધીર યોગી અભ્યાસમાં સદાકાલ મચી રહી પૃથ્વીતત્ત્વનું ધ્યાન સિદ્ધ કરે છે.

" जलतत्त्व "

સ્વાધિષ્ઠાનચક્રથી તે નાભિકમલ આવે, ત્યાં સુધીના શરીરના સ્થાનમાં વં બીજાક્ષરસહિત શ્વેતવર્ણયુક્ત જલતત્ત્વનું ધ્યાન ધરવું.

એક, બે અને ત્રણ કલાક પર્યંત તેજ સ્થાનમાં એવા ધ્યાનમાં લીન થવું, કે અન્ય વસ્તુનું સ્મરણ પણ થાય નહીં.

જલતત્ત્વના પરમાણુસ્કંધો પિંડના અને બ્રહ્માંડના મારા વશમાં થાય છે. મારા સંકલ્પ પ્રમાણે તેઓની ગતિ થાય છે, એમ ધ્યાનની છેલ્લી વખતે ભાવના કરવી.

આ પ્રમાણે પ્રતિદિન ત્રણ કલાકના અભ્યાસપૂર્વક બાર વર્ષ પર્યંત જલતત્ત્વનું ધ્યાન ધરતાં જલતત્ત્વની સિદ્ધિ થાય છે.

જલતત્ત્વનો ઉપદ્રવ શમી જાય છે. જલમાં તરી શકાય છે. જલતત્ત્વનું સંપૂર્ણ સ્વરૂપ જાણી શકાય છે.

ધન વધ્યું એટલે તૃષ્ણા વધી–જુદાઈ વધી–મમત્વ વધ્યું–અભિમાન વધ્યું.

જલતત્ત્વના ગુણો જાણવામાં આવે છે. જલતત્ત્વના ઉપદ્રવોને શાંત કરી શકાય છે. મનની વૃત્તિ શાંત રહે છે.

માછલાંની પેઠે જલમાં વિચરી શકાય છે. જલતત્ત્વની સિદ્ધિ થવાથી જલતત્ત્વસંબંધી અનેક ફાયદાઓને યોગીઓ ધારણ કરી શકે છે.

" अग्नितत्त्व "

અગ્નિતત્ત્વનો બીજમંત્ર રં છે, નાભિકમલમાં રં મંત્રનું ધ્યાન ધરવું. ત્રણ કલાક દરરોજ ધ્યાન ધરવું. અવિચ્છિન્નપણે બાર વર્ષ પર્યંત અગ્નિતત્ત્વનું નાભિકમલમાં ચિત્તવૃત્તિ સ્થાપન કરીને ધ્યાન ધરવું.

બાર વર્ષે અગ્નિતત્ત્વની સિદ્ધિ થાય છે. અગ્નિતત્ત્વના ધ્યાનથી અનેક પ્રકારના અગ્નિસંબંધી ઉપદ્રવો શાંત થાય છે. પરિપૂર્ણ અગ્નિતત્ત્વની સિદ્ધિ થયાથી અગ્નિતત્ત્વથી શરીર દાઝતું નથી.

અગ્નિતત્ત્વ વશમાં થવાથી અગ્નિતત્ત્વ સંબંધી અનેક કાર્યો કરી શકાય છે, અગ્નિતત્ત્વનું પરિપૂર્ણ સ્વરૂપ સમજી શકાય છે.

દવાઓ વગેરેમાં અગ્નિતત્ત્વથી શા શા ફાયદાઓ થાય છે, તે સારી પેઠે જાણી શકાય છે. કારણ–પ્રસંગે ઉચ્ચાટન વગેરે પણ અગ્નિતત્ત્વથી કરી શકાય છે. મંત્ર વગેરેમાં અગ્નિતત્ત્વની ઉપયોગિતા સમજી શકાય છે.

આ પ્રમાણે અગ્નિતત્ત્વનો સંયમ કરવાથી તેના ફાયદાઓ અનુભવીઓ અનુભવી શકશે.

"वायुतत्त्व"

વાયુતત્ત્વનું તેના વર્ણ પ્રમાણે હૃદયમાં ધ્યાન ધરવું. (યં) યં મંત્રનું હૃદયના સર્વ ભાગમાં તદાકાર થઈ ધ્યાન ધરવું.

એક, બે અને ત્રણ કલાક પર્યંત ધ્યાન ધરવાથી બાર બાર વર્ષે વાયુતત્ત્વની સિદ્ધિ થાય છે.

વાયુતત્ત્વની ધારણા, ધ્યાન અને સમાધિ કરવી, એ ત્રણને સંયમ કહે છે. વાયુતત્ત્વની સિદ્ધિ થવાથી વાયુતત્ત્વનું સૂક્ષ્મ જ્ઞાન થાય છે.

આકાશગમનની શક્તિ પ્રગટે છે. શરીર બહુ હલકું થાય છે. શરીરમાં રહેલા પાંચ પ્રકારના પ્રાણવાયુની સિદ્ધિ થાય છે.

દરેક પદાર્થોમાં વાયુતત્ત્વ કેટલું રહ્યું છે, તેનું જ્ઞાન થાય છે. વાયુતત્ત્વના અનેક ચમત્કાર કેવી રીતે બને છે, તે સર્વ જાણી શકાય છે.

વાયુતત્ત્વનું ધ્યાન ધરતાં અનેક પ્રકારના વિઘ્નો આવે છે; પણ યોગિઓ ગુરુગમથી વિઘ્નો જીતી લે છે.

વાયુતત્ત્વની સિદ્ધિથી ઇચ્છા પ્રમાણે આકાશમાં વિચરી શકાય છે. વાયુતત્ત્વને વશમાં કરવાથી વાયુતત્ત્વસંબંધી અનેક કાર્યો કરી શકાય છે.

વાયુતત્ત્વના ઉપદ્રવથી મહામારી વગેરે ચાલતી હોય છે, ત્યાં પણ વાયુતત્ત્વના સાધક યોગીઓ શાંતિ કરી શકે છે.

અમુક વાયુતત્ત્વ બગડેલું છે, તેને ઠેકાણે ખેંચીને લાવવું જોઈએ, એમ તેઓ રાંપૂર્ણપણે જાણતા હોવાથી રોગોને દૂર કરી શકે છે.

આત્મશક્તિના પ્રતાપે તત્ત્વોને ખેંચી શકાય છે અને બરાબ તત્ત્વોને દૂર કરી શકાય છે.

વાયુતત્ત્વનું આરાધન કરનારે તેનું ધ્યાન કરતાં તેનો લીલો રંગ મનમાં ભાવી તેમાં તલ્લીન થઈ જવું જોઈએ; અભ્યારા સંપૂર્ણ કરતાં અનુભવસિદ્ધિ થાય છે.

"आकाशतत्त्व"

કૃષ્ણવર્ણમય આકાશતત્ત્વનું મસ્તકના સર્વ ભાગમાં ધ્યાન કરવું જોઈએ.

(क्षं) બીજાક્ષર સહિત આકાશતત્ત્વના ધ્યાનમાં ત્રણ કલાક પર્યંત લીન થવું જોઈએ. પ્રતિદિન અવિચ્છિન્નપણે બાર વર્ષ પર્યંત આ

નિયમિતતા વિનાનું જીવન ટકી શકતું નથી.

પ્રમાણે સતત આકાશતત્ત્વનું ધ્યાન ધરવાથી આકાશતત્ત્વ ઉપર વિજય મેળવી શકાય છે.

આ ઠેકાણે સૂચના કે કૃષ્ણવર્ણના પરમાણુ સ્કંધોને આકાશતત્ત્વ કહેવામાં આવે છે, એવી તત્ત્વવાદિઓની માન્યતા છે.

જૈનશાસ્ત્ર પ્રમાણે આકાશદ્રવ્ય અરૂપી છે, અક્રિય છે, કોઈપણ જાતના વર્ણ રહિત છે, વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ રહિત છે, એમ જૈનોની માન્યતા છે, પણ કૃષ્ણવર્ણવાળા જડતત્ત્વને આકાશતત્ત્વ કલ્પી અહિં ધ્યાન ધરવાનું છે, એમ જૈનોએ સમજવું.

આકાશતત્ત્વની સિદ્ધિથી મનના વિકલ્પો અને સંકલ્પોને જીતી શકાય છે. અનેક માનસિક રોગોની શાંતિ કરી શકાય છે. બાહ્યના પણ પ્રાણોપહારક રોગો ઉપર જય મેળવી શકાય છે અને આયુષ્ય નાશકારક વિઘ્નોને જીતી શકાય છે, એમ કેટલાક યોગિઓ કહે છે.

આ પ્રમાણે પાંચ તત્ત્વનું ધ્યાન ધરવાનો વિધિ અન્યદર્શનીય યોગિઓના વિચાર પ્રમાણે દર્શાવ્યો છે. તેમાંથી યોગ્ય સાર ખેંચી લેવો. જે બાબતમાં જૈન સિદ્ધાંતની અવિરોધતા હોય તે બાબત સાર્વ-સાધારણ જાણી યોગસાધકો ગ્રહણ કરે છે.

પિંડસ્થ ધ્યાનના વિચાર"

આત્મા, કર્મના યોગે શરીરરૂપ પિંડમાં રહ્યો છે.

શરીરના પાંચ ભેદ છે. ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ.

આ પાંચ પ્રકારના શરીરમાં રહેતા આત્માને જરામાત્ર પણ ખરી શાન્તિ મળી નથી અને મળવાની નથી; માટે શરીરપિંડમાં રહેલા પોતાના આત્માને નિર્મલ કરવા આત્મામાં જ લક્ષ્ય રાખી, પરપુદ્ગલ વસ્તુઓ ઉપર થતા રાગ અને દ્વેષનો ક્ષય કરવો જોઈએ.

" નિયમો પ્રત્યે બેદરકાર ન રહો.

શરીરમાં રહેલો આત્મા ખરેખર શરીરથી ભિન્ન છે, એવી સતત ભાવના ભાવવી જોઈએ.

આત્માને કર્મ લાગ્યાં છે, તેથી તે પરમાત્મા થઈ શકતો નથી. જો કર્મરૂપ કલંક દૂર થાય તો આત્મા પરમાત્મા થઈ શકે.

હું શરીરથી ભિન્ન છું, મારે શરીરનો સંબંધ જોઈતો નથી, એમ ધ્યાન ધરવું જોઈએ.

જ્યાં જ્યાં શરીર દેખવામાં આવે, ત્યાં ત્યાં આત્મા વ્યાપી રહેલો છે અને તેનામાં જ્ઞાનાદિ અનંત ગુણો છે, એવી ભાવના ભાવવી જોઈએ.

આવી ધ્યાનદશાથી અને શરીરથી આત્મા ભિન્ન છે, એવા ભેદજ્ઞાનનો અનુભવ પ્રગટે છે અને તે દૃઢ થતો જાય છે.

પિંડસ્થ ધ્યાન કરનાર પોતાને (આત્માને) શરીરથી ભિન્ન માને છે. ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ, આ પાંચ પ્રકારના શરીરને પણ પોતાનાથી ભિન્ન નિર્ધારવાથી શરીરાદિ અંગોનાં કાર્યોમાં આત્મા અહં અને મમત્વપરિણામથી બંધાતો નથી. શરીરભોગ્ય પદાર્થોની ઇચ્છાઓમાં બંધાતો નથી તેમજ શરીરના યોગ્ય ભોગ્ય પદાર્થોની ખરાબ ઇચ્છા કરી અનેક જીવોને દુઃખ આપતો નથી.

શરીર એક વસ્ત્ર સમાન છે. કર્મના યોગે અનેક શરીર મળે છે અને છૂટે છે—તો પણ તેથી તે જરામાત્ર પણ હર્ષ અથવા ચિન્તાને ધારણ કરતો નથી. યોગી શરીરમાં રહેલ એવા આત્માનું ધ્યાન ધરે છે. પ્રારબ્ધ કર્મયોગે અનેક કાર્ય કરતાં છતાં પણ આત્માના સ્વરૂપમાં ધ્યાન રાખે છે.

શરીરમાં રહેલો આત્મા શરીરથી ભિન્ન છે, એવું નિશ્ચયાત્મક જ્ઞાન થતાં બાહ્ય સંયોગમાં રહ્યો છતાં પણ તેમાં લેપાતો નથી.

આખા શરીરમાં ચક્ષુ નાનાં છે; પણ તેના વિના હાથી જેવું શરીર નિરાધાર બને છે.

આત્માના અસંખ્યાત પ્રદેશમાં અનંત ઋદ્ધિ છે, તેનો તે અનુભવ કરે છે. આત્માના અસંખ્યાત પ્રદેશમાં મનને જોડે છે.

અસંખ્યાત પ્રદેશમાં જ અનંત સુખ, જ્ઞાન આદિ અનંત ગુણોનો નિશ્ચય થવાથી ધ્યાતાનું મન અન્ય પદાર્થોમાં ચોંટતું નથી.

જગતનાં કાર્યોને ઉપકાર માટે કરતાં છતાં પણ તેવી દશામાં ન્યારો રહી શકે છે.

આત્માના પ્રદેશમાં ચોંટેલું મન નિર્વિકલ્પ દશાવાળું થાય છે અને તેથી આત્માની શક્તિઓ ખીલવા માંડે છે. વચનસિદ્ધિ તો સદા હાથ જોડી રહે છે. સત્યસંકલ્પ વડે ધારેલાં કાર્ય સિદ્ધ કરી શકાય છે.

જે મહાત્માઓ દુનિયાના કોઈપણ કાર્યને માટે ઇચ્છા સરખી પણ કરતા નથી, તેઓ આત્માના સંપૂર્ણ ગુણોને પ્રગટાવી શકે છે.

જેઓ આત્માના અસંખ્યાત પ્રદેશોનું ધ્યાન ધરે છે. પણ જગતમાં ઉપકાર કરવાની પ્રબલ પ્રશસ્ય ઇચ્છા ધરાવે છે, તેઓ તીર્થંકર આદિ પદવીને પ્રાપ્ત કરે છે.

અને જેઓ ઉપકાર કરવાની ઇચ્છાને પણ તજીને આ પ્રમાણે પિંડસ્થ ધ્યાન ધરે છે, તેઓ સામાન્ય કેવલી થઈ સિદ્ધદશાને પ્રાપ્ત કરે છે.

શરીરના કોઈપણ ભાગમાં આત્માના પ્રદેશોનું ધ્યાન થઈ શકે છે. સર્વ ભાગ કરતાં બ્રહ્મરન્ધ્રસ્થાનમાં આત્માના પ્રદેશનું ધ્યાન ધરવું શ્રેષ્ઠ છે. જે વખતે બ્રહ્મરન્ધ્રમાં આત્માના અસંખ્ય પ્રદેશોનું ધ્યાન ધરવામાં આવે, તે વખતે શ્વાસોચ્છ્વાસની ગતિ મન્દ પડે છે.

આત્માના અસંખ્યાત પ્રદેશમાં તન્મયતા થવાથી શ્વાસોચ્છ્વાસની ગતિ બીલકુલ ઓછી થઈ જાય છે; તે વખતે આનંદ આનંદ થઈ જાય છે.

આંખ વડે નજીકની ચીજો જોઈ શકાય છે.

મનના વિકલ્પસંકલ્પ ટળવાથી શાંત રસમાં આત્મા લદબદ થઈ રહે છે, મનની પ્રસન્નતા જણાય છે;

આનન્દ ના સમુદ્રમાં જાણે ઝુલતો ન હોય, એવો અનુભવ થાય છે. કદી નહિ પ્રાપ્ત થએલી એવી અપૂર્વ આનંદદશા અનુભવાય છે. આત્માની અનન્ત શક્તિનો કંઈક અનુભવ થાય છે.

સર્વ જીવો ઉપર સમતારૂપ અમૃત મેઘવૃષ્ટિ વર્ષાવાય છે. તે વખતે એવો અનુભવ આવે છે કે, અહો આવી જ દશામાં સદાકાલ રહેવાય તો કેવું સારૂં ! ! ! પણ એવી દશા ક્ષયોપશમ ભાવમાં લાંબા કાળ સુધી ટકતી નથી.

તો પણ પુનઃ પિંડસ્થ ધ્યાન ધરી તેવી દશા પ્રાપ્ત કરવા ધ્યાની ઉદ્યમ કરે છે અને પાછો તેવો જ આનન્દ લે છે.

પાછો સાંસારિક ધર્મ કાર્યો વગેરેમાં જોડાતાં ઉપાધિની વિકલ્પદશા અનુભવે છે; તેમાં તેને રસ પડતો નથી, પુનઃ તે ગમે તેમ કરી પાછો ધ્યાનમાં પ્રવેશ કરે છે. ત્યાં પુનઃ અસંખ્યાત પ્રદેશમાં મનની સ્થિરતા કરી સહજાનંદ રસનો ભોગી બને છે.

તેવી સ્થિરતાના સમયે તેને એમ થઈ આવે છે કે, કોઈપણ કાર્યમાં જરા માત્ર પ્રવૃત્તિ ન થાય અને આ દશા સદાકાલ રહે; એવો ઉત્તમ ભાવ ઉત્પન્ન થાય છે.

ચોસઠ ઇન્દ્રોનાં ત્રણ કાલનાં સુખ ભેગાં કરીએ, તો પણ તે પૌદ્ગલિક સુખ તો આ ધ્યાનના આનંદરૂપ સાગરની આગળ એક બિંદુ સમાન પણ લાગતું નથી.

તેથી આત્મધ્યાતા મનમાં સહજ નિત્ય સુખ પ્રાપ્ત કરવા સંકલ્પ કરે છે અને દેવલોકનાં સુખ પ્રાપ્ત કરવા જરા પણ ઇચ્છા કરતો નથી.

પ્રથમ ધર્મની સામાન્ય દશામાં દેવલોકનાં સુખ પ્રાપ્ત કરવા

કર્યું તે કામ, બિંધ્યું તે મોતી.

અભિલાષા રહેતી હતી, તે અભિલાષા હવે આવી ઉત્તમ ધ્યાનદશામાં રહેતી નથી.

બાહ્ય સુખની સર્વ પ્રકારની અભિલાષાઓ આવી સહજ સુખની દશાનો અનુભવ થતાં ટળે છે. આવી દશાનો ધ્યાની છ ખંડના સ્વામી કરતાં પણ અનંતગુણ ઉત્તમ છે.

બાહ્યથી આવો ધ્યાન કરનાર પુરુષ શરીર વગેરેના ભેદથી સામાન્ય લાગે પણ અન્તરથી તે મહાન દેવતાઓને પણ પૂજ્ય છે, એવો ભાસે છે.

આવા ધ્યાની પુરુષો બોલ્યા વિના પણ લાખો પુરુષોને સારી અસર કરી ધર્મમાં જોડી શકે છે. તેઓ ખરેખરા વીતરાગના માર્ગે ચાલનારા સમજવા.

શરીરના અમુક અમુક ભાગોમાં ધ્યાન ધરવાથી અમુક અમુક પ્રકારનું જ્ઞાન આદિ શક્તિઓ પ્રગટે છે.

"नाभिमां ध्यान"

નાભિચક્રમાં ધ્યાન ધરવાથી કાવ્યવ્યૂહનું જ્ઞાન થાય છે. શરીરમાં અમુક અમુક નાડીઓ છે, તે અમુક અમુક પ્રકારનું કાર્ય કરે છે તે જણાય છે; તેમજ મનમાં અનેક પ્રકારના વિકલ્પો અને સંકલ્પો પ્રગટે છે તેનો વિલય થાય છે.

મનની સ્થિરતા વૃદ્ધિ પામે છે અને જ્ઞાનની વિવેકશક્તિ પ્રગટે છે. અન્ય મનુષ્યોના વિકલ્પો પણ જાણી શકાય છે તેમજ તેથી જે જે વિચારો ઉત્પન્ન થાય છે, તે પ્રમાણે સર્વ થતું દેખવામાં આવે છે.

સમાન વાયુની સ્થિરતા થાય છે અને તેથી અનેક ઉપદ્રવોની શાન્તિ થાય છે. જેમ જેમ નાભિચક્રમાં ધ્યાનની વિશેષ સ્થિરતા થતી જાય છે, તેમ તેમ સંયમની વૃદ્ધિ થાય છે અને તેથી આત્માનો પ્રકાશ ખીલે છે અને તેથી મગજ કાબૂમાં રહે છે. અનેક પ્રકારનાં વિઘ્નો શમે છે.

જ્ઞાન વડે અતિ દૂરની ચીજો જાણી શકાય છે.

જે જે વિચારો કરવામાં આવે છે, તેનું ફલ પણ આસન્નકાળમાં દેખાય છે. પોતાના પ્રતિ લોકોનું મન આકર્ષાય છે. હીપનોટિઝમ વગેરે ક્રિયાઓ તો સહેજે સિદ્ધ થાય છે.

પોતાનું માનસિક વિચારબળ અન્યોના ઉપર સારી રીતે અસર કરે છે. મેસ્મેરિઝમ વગેરે ક્રિયાઓમાં પણ આથી સહેજે પ્રવેશ થાય છે.

कण्ठकूपमां ध्यानसंयम

કંઠકૂપમાં ધ્યાન સંયમ કરવાથી ક્ષુધા અને તૃષા શમે છે. જેમ જેમ ત્યાં ધ્યાન સંયમ કરવામાં આવે છે, તેમ તેમ ક્ષુધા તૃષાની ન્યૂનતા દિનપ્રતિદિન ઉત્તરોત્તર થતી જાય છે.

ધારણા, ધ્યાન અને સમાધિ એ ત્રણની એકત્ર સ્થિતિને પાતંજલ આદિ શાસ્ત્રકારો સંયમ કહે છે.

તેમાં ધ્યાન પણ સંયમનો પેટા ભાગ છે. ધ્યાનના કથનથી વાચકોએ શરીરના દરેક પ્રદેશમાં ધારણા, ધ્યાન અને સમાધિ એ ત્રણનું અવલંબન કરવું એમ અમારો આશય છે.

કંઠમાં સંયમ કરવાથી કંઠમાં રહેલી ગરમી વગેરે અનેક રોગોની શાંતિ થાય છે. વૈખરીવાણીનો પણ કંઠથી સારી રીતે પ્રકાશ થાય છે. કંઠમાંથી જે જે શબ્દો બહાર નીકળે છે, તે શ્રોતાઓને સારી રીતે અસર કરે છે.

कूर्मनाडीमां संयमध्यान

કંઠકૂપની નીચે કૂર્મ નાડી છે. તેમાં ધ્યાન સંયમ કરવાથી સ્થિરતાની વૃદ્ધિ થાય છે. મનમાં વારંવાર પ્રગટતી ચંચલતાનો વેગ શમે છે. જે જે કાર્યો કરાય છે, તે પણ સ્થિરતાથી કરાય છે.

આથી દરેક કાર્યો કરતાં ધૈર્યતા વધે છે અને અનેક વિક્ષેપો નડતાં મન ગભરાઈ જતું નથી.

પૈસાની બાકી પળેપળનો હિસાબ રાખો.

જે કંઈ બોલાય છે, તે પણ સ્થિરતાથી બોલાય છે. જે કંઈ વિચારાય છે, તે પણ સ્થિરતાથી વિચારાય છે અને તેથી પાછળથી પશ્ચાત્તાપ કરવાનો વખત રહેતો નથી.

કૂર્મ નાડીમાં જે આત્માના પ્રદેશોનો સંબંધ છે, તે પ્રદેશોમાંથી જ વસ્તુતઃ સંયમના બળે સ્થિરતા પ્રગટી નીકળે છે.

સદાકાળ તેમાં ધ્યાન ધરવાથી મેરુપર્વતની પેઠે મનુષ્ય સ્થિર ગુણવંત બની શકે છે.

કૂર્મનાડીમાં ધ્યાન ધરનારો મહાયોગી ચંચળ પ્રાણીઓને પણ સંકલ્પબળ વડે સ્થિર કરી શકે છે. કૂર્મ નાડીમાં ધ્યાન સંયમ કરનારો મહાયોગી મનમાં સંકલ્પથી અન્યનું મન સ્થિર કરી શકે છે.

અસ્થિરતાના પ્રદેશમાં પણ તે સ્થિરતાવાળો રહી શકે છે અને આવતા ભવતાં તે ઉત્તરોત્તર વૃદ્ધિ પામતો પામતો સિદ્ધ બુદ્ધ પરમાત્મા થઇ શકે છે.

બ્રહ્મરન્ધ્રમાં સંયમધ્યાન.

બ્રહ્મરન્ધ્રમાં સંયમ ધ્યાન કરવાથી દિવ્યપુરુષો, કે જે સિદ્ધ મહાત્માઓ છે, તેઓનાં દર્શન થાય છે.

મહાત્માઓનાં દર્શન કરવાથી ઘણાં પાપોનો નાશ થાય છે. ધર્મશ્રદ્ધામાં વિશેષતઃ વૃદ્ધિ થાય છે અને મહાત્માઓ તેને આગળ ચઢાવે છે. આવી રીતે તે આગળ વધતો જાય છે અને પોતાનાથી પાછળ રહેલાઓને પણ તે ચઢાવે છે.

મહાત્માઓના દર્શનથી અનેક પ્રકારની શંકાઓ ટળી જાય છે. મનની એકાગ્રતા થાય છે. અને શરીર બદલવાનું ગુપ્ત જ્ઞાન પણ યોગ્યતા પ્રમાણે પ્રગટતું જાય છે.

તેવી રીતે યોગીને નવા નવા અનુભવો દેખાય છે, તેથી હર્ષ પામે છે અને તેથી તે અહર્નિશ આગળ વધવા પ્રયત્ન કરે છે અને

પ્રભુપ્રાર્થના રસપૂર્વક અને નિયમિત કરતા રહો.

તે શુકલધ્યાનનો ધ્યાતા થાય છે.

જગતમાં દરેકઠેકાણે રહેલી રૂપી વસ્તુઓને જાણવાની અવધિજ્ઞાનની શક્તિ પ્રાપ્ત કરે છે અને અંતે રૂપાતીત ધ્યાન વડે સિદ્ધ પરમાત્મા થાય છે.

હૃદયમાં ધ્યાનસંયમ

હૃદયમાં સંયમ કરવાથી પોતાના અને પરના મનના વિચારો જણાય છે. હૃદયની સાત્ત્વિકતા વૃદ્ધિ પામે છે. હૃદયમાં થતા વિચારોની સંકલનાનો અનુક્રમ માલૂમ પડે છે. અન્યના હૃદયમાં રહેલા વિચારો જાણી શકાય છે.

હૃદયની શુદ્ધિ થાય છે અને આત્માના ગુણોની અહર્નિશ વૃદ્ધિ થયા કરે છે. હૃદયમાં જે જે જ્ઞાનનો ભાસ થતો જાય છે, તેની સત્યતાની પ્રતીતિ થાય છે.

વિકલ્પ અને સંકલ્પોના સમૂહને એકદમ અટકાવવાની કુંચીઓ પ્રાપ્ત થાય છે. સત્ત્વગુણની વૃદ્ધિ થતાં આત્માના આનંદની પ્રતીતિ થાય છે.

હૃદયમાં રહેલા તમોગુણ અને રજોગુણનો પ્રતિદિન ક્ષય થતો જાય છે. હૃદયની ઉચ્ચતા કરવાના ઉપાયોનો ભાસ થતો જાય છે.

ધારણાજ્ઞાનની વૃદ્ધિ થતી જાય છે. રાગ અને દ્વેષાદિ વિકારોનો ઉપદ્રવ અહર્નિશ શાંત થતો જાય છે. આત્માની ઉચ્ચતામાં વૃદ્ધિ થતાં અન્તે પરમાત્મપદ મળે છે.

મનોવર્ગણામાં સંયમધ્યાન.

મનોવર્ગણામાં સંયમ કરવાથી મનોવર્ગણાનો અનુભવ પ્રાપ્ત થાય છે. મનોવર્ગણાની શક્તિનો અનુભવ મળે છે. મનોવર્ગણા દ્વારા થતા વિચાર સંબંધી અનેક પ્રકારનું જ્ઞાન થાય છે.

મનોવર્ગણા (મનોદ્રવ્ય)ની સાથે લેશ્યાનો જે સંબન્ધ છે તથા અધ્યવસાયનો જે સંબન્ધ છે, તેનું જ્ઞાન થાય છે.

મનોવર્ગણા સંબન્ધી અનુક્રમ શો છે, તેનો ભાસ થતો જાય છે.

મનોવર્ગણામાં વિશેષ સંયમ કરવાથી મનઃપર્યવજ્ઞાન પ્રગટે છે. અન્ય જીવોના મનમાં જે જે વિચારો ઉત્પન્ન થાય છે, તે સર્વે જાણી શકાય છે.

મનોવર્ગણાઓ કે જે આત્માના પ્રદેશોથી છૂટે છે, તે જગતમાં અન્ય જીવોને કેવી અસર કરે છે, તેનું પૂર્ણ જ્ઞાન થાય છે.

આત્માના શુદ્ધ અને અશુદ્ધ વિચારોથી મનોવર્ગણામાં (મનોદ્રવ્યમાં) શુદ્ધતા અને અશુદ્ધતા થતાં તે સ્વપરને કેવો લાભ અને અલાભ આપી શકે છે, તેનું જ્ઞાન થાય છે.

મનોવર્ગણાથી અન્ય જીવોને કેવી અસર થાય છે, તેનું જ્ઞાન થાય છે. સારા અને અશુભ વિચારોથી બનેલી મનોવર્ગણાથી આત્માના ગુણોને ઉપકાર અને આઘાત કેવી રીતનો થાય છે, તેનું જ્ઞાન થાય છે.

તેમજ આત્માના પ્રદેશોથી છૂટી થએલી મનોવર્ગણા કેટલા કાળ સુધી જઘન્યથી તથા ઉત્કર્ષથી વર્ગણારૂપે રહી અન્ય જીવોને અસર કરે છે, તેનું જ્ઞાન થાય છે.

વીજળિકબળ કરતાં મનોવર્ગણાનું કેટલું વિશેષ બળ છે, તેનું સૂક્ષ્મદૃષ્ટિથી જ્ઞાન થાય છે.

ક્ષણે ક્ષણે સારા અને અશુભ વિચારો પ્રમાણે મનોવર્ગણામાં શુભતા અને અશુભતાનો ફેરફાર જણાય છે.

મનોવર્ગણા (મનોદ્રવ્ય)માંથી કેટલાક સ્કંધો ખરે છે અને કેટલાક નવા આવે છે, તે સંબન્ધી ક્ષણે ક્ષણે જે જે ફેરફારો થાય છે, તે જણાય છે. ઇત્યાદિ મનોવર્ગણામાં સંયમધ્યાન કરવાથી જ્ઞાન થાય છે.

સત્ય પણ મિષ્ટ વચન બોલાવું.

શ્રોત્રેન્દ્રિયમાં સંયમ

શ્રોત્રેન્દ્રિયમાં સંયમ કરવાથી શ્રોત્રેન્દ્રિયજ્ઞાનનો ક્ષયોપશમ વૃદ્ધિ પામે છે અને તેથી દિવ્ય શબ્દનું શ્રવણ થાય છે. જે શબ્દો પૂર્વે ન સંભળાતા હોય, તે પશ્ચાત્ સંભળાય છે.

કર્ણના રોગોનો સતત સંયમથી નાશ થાય છે. કર્ણમાં આવેલા શબ્દોની તીવ્રતા અને મન્દતાનું જ્ઞાન થાય છે. શ્રોત્રેન્દ્રિયની શક્તિનો અનુભવ થાય છે. ઇત્યાદિ અનેક બાબતોની શક્તિઓ ખીલે છે.

શબ્દવર્ગણા પુદ્ગલદ્રવ્ય છે અને તેનો કાનમાં પ્રવેશ થાય છે, તે સંબન્ધી વિશેષ અનુભવ મળે છે.

શબ્દોનું ગમનાગમન કેવી ઝડપથી થાય છે, તેની પ્રતીતિ થાય છે. ટેલિફોન તથા તાર વિનાના ટેલિફોન કરતાં કાનમાં સંયમ કરવાથી વિશેષ ઝડપથી શબ્દોનું શ્રવણ થાય છે–તેનો અનુભવ પ્રાપ્ત થાય છે, ઇત્યાદિ શ્રોત્રેન્દ્રિયમાં સંયમ કરવાથી જ્ઞાન થાય છે.

चक्षुमां संयमध्यान

બન્ને ચક્ષુઓમાં સંયમધ્યાન કરવાથી દિવ્ય દર્શનશક્તિ ખીલે છે. ચક્ષુની દર્શનશક્તિનાં વિરોધી આવરણો ટળે છે. ચક્ષુના અનેક પ્રકારના રોગ પણ ટળે છે. સૂક્ષ્મવસ્તુઓ પણ દેખી શકાય છે.

ચક્ષુમાં સંયમ કરનારો અન્ય મનુષ્યોના ઉપર દૃષ્ટિપાત કરે છે, એટલામાં જ તેઓના ઉપર સારી અસર કરે છે અને તેઓને ધારે તો વશ પણ કરી શકે છે.

ચક્ષુમાં સંયમ કરનારો દિવ્ય ચક્ષુને પ્રગટાવે છે અને સૂક્ષ્મ પદાર્થોને પણ દેખી તેના ગુપ્ત સિદ્ધાંતો જાણી શકે છે. ચક્ષુનું બળ વધવાથી વસ્તુનો સત્ય દ્રષ્ટા બની શકે છે; ઇત્યાદિ ચક્ષુઓમાં સંયમ ધ્યાન કરવાથી જ્ઞાન થાય છે.

જીવન આપણે બનાવીએ તેવું બને છે.

ઘ્રાણેન્દ્રિયમાં સંયમધ્યાન

ઘ્રાણેન્દ્રિયમાં સંયમધ્યાન કરનારો ગન્ધગુણવિશિષ્ટ જે જે પદાર્થો છે, તેનું સારી રીતે જ્ઞાન કરી શકે છે. ઘ્રાણેન્દ્રિયની શક્તિને ઘણી તાજી કરી શકે છે.

સુગંધ અને દુર્ગંધનું છેટે રહ્યા છતાં પણ જ્ઞાન થાય છે. સુગંધી અને દુર્ગંધી પુદ્ગલોથી સારી અને ખોટી અસર મનુષ્યો ઉપર કેવી રીતે થાય છે, તે જાણી શકાય છે.

ગન્ધના પુદ્ગલોમાં શુભાશુભ ફેરફારો જે ક્ષણે ક્ષણે થાય છે, તેનું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી સારી રીતે જ્ઞાન થાય છે.

વિશેષ શું કહેવું ? ગન્ધનાં પુદ્ગલો સંબન્ધી જે જે સાયન્સ-વિદ્યાના નિયમો છે, તે સર્વની કુંચીઓનું દિવ્યજ્ઞાન પ્રાપ્ત થાય છે.

રસનેન્દ્રિયમાં ધ્યાનસંયમ

રસેનેન્દ્રિયમાં (જિહ્વામાં) ધ્યાનસંયમ કરવાથી રસનું જ્ઞાન થાય છે. રસના કેટલા ભેદ છે, રસના પુદ્ગલોમાં કેવો ફેરફાર થાય છે, તેનો અનુભવ થાય છે. રસનેન્દ્રિયજ્ઞાનનો ક્ષયોપશમ વૃદ્ધિ પામે છે. રસવાળા પદાર્થોની પરીક્ષા થઈ શકે છે.

શુભ અને અશુભ રસોમાં ક્ષણે ક્ષણે હાનિ વૃદ્ધિરૂપ જે ફેરફારો થયા કરે છે, તેનું અનુભવજ્ઞાન પ્રાપ્ત થાય છે. અશુભ રસના પુદ્ગલોને શુભ રસવાળા કેવી રીતે કરી શકાય તે બરાબર સમજી શકાય છે.

રસસંબન્ધી પ્રતિદિન ધ્યાનના બળથી વિશેષ પ્રકારે જ્ઞાન થતું જાય છે. રસસંબન્ધી સાયન્સવિદ્યાના જે જે નિયમો છે, તે સર્વનું રહસ્ય સારી રીતે જાણી શકાય છે.

સ્પર્શેન્દ્રિયમાં ધ્યાનસંયમ

ત્વચામાં ધ્યાનસંયમ કરવાથી, સ્પર્શના આઠ પ્રકારના ભેદો વગેરેનું સારી રીતે જ્ઞાન થાય છે. ત્વચા સંબન્ધી જ્ઞાનની વૃદ્ધિ થાય છે.

વ્યાવહારિક બુદ્ધિ વિજય મેળવે છે.

સ્પર્શવાળા પુદ્ગલોનું દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવથી સારી રીતે જ્ઞાન થાય છે.

સ્પર્શવાળા પુદ્ગલોમાં ક્ષણે ક્ષણે જે ફેરફાર પ્રસંગોપાત થયા કરે છે, તેનું સમ્યગ્જ્ઞાન થાય છે.

સ્પર્શના પુદ્ગલોમાં સ્પર્શની હાનિવૃદ્ધિ થવાના અનુક્રમોનું જ્ઞાન થાય છે.

શુભ અને અશુભ સ્પર્શોની અપેક્ષાએ વ્યક્તિ પરત્વે જુદી જુદી હોય છે, તે બરાબર સમજાય છે.

સ્પર્શના પુદ્ગલોમાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય રહ્યું છે, તેનો અનુભવ આવે છે.

જગતમાં સ્પર્શવંત પુદ્ગલોની જે જે વર્ગણાઓ જેવા જેવા રૂપે રહેલી છે, તેનું તેવા પ્રકારે જ્ઞાન થાય છે. ઇત્યાદિ સ્પર્શેન્દ્રિયમાં ધ્યાન સંયમ કરવાથી સ્પર્શેન્દ્રિય શક્તિ પ્રગટે છે.

कायबलमां ध्यानसंयम

કાયબળમાં ધ્યાનસંયમ કરવાથી કાયાનું બળ અતિ વૃદ્ધિ પામે છે. કાયામાં વિશેષ બળનો આરોપ કરી સંયમ કરવાથી કાયાની સ્ફૂર્તિ તથા કાયાનું બળ વૃદ્ધિ પામે છે. કાયામાં રહેલા રોગોનો નાશ થાય છે.

જે મલ્લો કસરત કરી કાયાનું બળ વધારે છે, તેમાં પણ તેઓ અમારા લખવા પ્રમાણે સંયમનો આશ્રય લે છે. કારણ કે મલ્લોની ચિત્તવૃત્તિ તો વારંવાર ખાતાં પીતાં બોલતાં પણ કાયાના બળમાં રહે છે, તેથી સહેજે તેઓ કાયબળનો સંયમ કરી કાયબળમાં અમુક વખત પર્યંત વધારો કરે છે.

કાયબળમાં ચિત્તવૃત્તિનું સ્થિરતાપૂર્વક ધ્યાન કરવાથી કાયાના બળમાં વધારો થયા કરે છે.

અનીતિના પૈસાથી અવનતિ થાય છે.

કાયામાં જેનું બળ ઈચ્છવું હોય તેનો સંયમ કલાકોના કલાકો પર્યંત કર્યા કરવો, એમ રાત્રીદિવસ સતત અભ્યાસથી કાયાનું બળ વૃદ્ધિ પામવાના સંયોગો પણ મળી શકે છે.

પૂર્વભવમાં જેણે આ પ્રમાણે સંયમ સેવ્યો હોય છે, તે આ ભવમાં પણ કાયાના બળને પ્રાપ્ત કરે છે અને મલ્લ તરીકે અથવા અન્ય નામથી પણ જગતમાં કાયાથી બળવાન ગણાય છે; ઇત્યાદિ કાયબળમાં ધ્યાનસંયમ કરવાથી કાયબળ પ્રગટે છે.

વાણીબલમાં સંયમ

વાણીબળમાં ધ્યાનસંયમ કરવાથી વાણીનું બળ ખીલે છે અને વાણી દ્વારા બોલાતા શબ્દો ઉપર કાબૂ મૂકી શકાય છે.

વાણીબળમાં સંયમ કરનાર પોતાની વાણીથી હજારો અથવા લાખો મનુષ્યોને અસર કરી પોતાના વશમાં લઈ શકે છે. વાણીમાં એક જાતનો ચમત્કાર પ્રગટે છે. વાણીબળમાં સંયમ કરવાથી વીજળીના કરતાં પણ વિશેષ અસર અન્યોને થાય છે.

વાણીબળમાં સંયમ કરવાથી પ્રતિદિન વાણીનું વલણ બદલાતું જાય છે અને જે શબ્દોમાં જેટલું માહાત્મ્ય હોય છે, તે જાણી શકાય છે.

વાણીના ભેદોનું જ્ઞાન પ્રતિદિન થયા કરે છે. વાણીબળ સંયમથી ભવિષ્યમાં વાણીની ઘણી શક્તિઓ ખીલે છે.

વાક્‌સંયમની વાણી સાંભળવા લોકો આતુર રહ્યા કરે છે. તેમની વાણી જેવી અસર કરવા ધારે તેવી થઈ શકે છે. દ્રવ્ય, ક્ષેત્ર ,કાળ અને ભાવથી અમુક વાણીમાં અમુક લાભ છે, તે જણાઇ આવે છે. વાણી-સંબન્ધી અનેક પ્રકારનું વિશેષ વિશેષ પ્રકારે જ્ઞાન ખીલ્યા કરે છે; ઇત્યાદિ.

મનોબલ સંયમ

મનોબળમાં સંયમ કરવાથી મનોબળ વૃદ્ધિ પામે છે. મનની નિર્બળતા નાશ પામે છે.

વ્યાપાર જ દેશને ધનવાન બનાવે છે.

મનોબળથી જે જે વિચારો કરવામાં આવે છે, તેની પોતાના ઉપર અને અન્યના ઉપર અપેક્ષાએ સારી રીતે અસર થાય છે.

મનમાં જે જે વિચારો કરવામાં આવે છે, તે ક્ષણમાં ફરી જતા નથી. મનોબળથી ધૈર્યતા તથા સાહસિકપણું ખીલી શકે છે.

મનોબળમાં સંયમ કરનાર અન્ય મનુષ્યોને પોતાના વિચારવાળા કરી શકે છે.

મેસ્મેરિઝમ અને **હિપનોટીઝમ** જેવી શક્તિઓ તો સહેજે પ્રગટાવી શકે છે.

મનોબળમાં સંયમ કરનાર વાણી અને શરીર પર કાબૂ મેળવી શકે છે. અર્થાત્ તે વાણી અને કાયાના વ્યાપારને પોતાની ધારણા પ્રમાણે પ્રવર્તાવે છે.

મનોબળ સંયમ કરવાથી અનેક પ્રકારના મન્ત્રો સારી રીતે સાધી શકાય છે તેમજ જે કાર્યમાં ચિત્ત લગાડયું હોય છે, તે કાર્યની ત્વરિત સિદ્ધિ થાય છે.

મનોબળની સહાયથી આત્માની પરમાત્મદશા થાય છે.

દરેક કાર્ય કરતાં હિમ્મત રહે છે અને સંકલ્પબળની સિદ્ધિ થાય છે.

ભય વગેરેના ગભરાટથી મન ઝટવારમાં ચંચળ બની જતું નથી. મનોબળમાં સંયમ કરનાર યોગી ધારે તે કરી શકે છે. ઇત્યાદિ મનોબળમાં સંયમ કરવાથી મનોબળની અચિન્ત્ય શક્તિ પ્રગટે છે.

"મસ્તકમાં સંયમ"

મસ્તકમાં સંયમ કરવાથી મગજના જ્ઞાનતંતુઓની પુષ્ટિ થાય છે અને તર્કશક્તિ સારી રીતે ખીલે છે અને વિવેકશક્તિ પ્રગટ થાય છે.

વિકલ્પસંકલ્પોની સ્થિરતા થાય છે. દરેક વસ્તુઓ સંબન્ધી વિશેષ

પરિશ્રમ જ માણસનો વિકાસ કરે છે.

નિર્ણય કરાવનાર બુદ્ધિબળ પ્રગટી નીકળે છે. ધ્યાન અને સમાધિનું બળ વૃદ્ધિ પામે છે; ઇત્યાદિ.

શરીરના જે ભાગમાં સંયમ કરવો હોય, ત્યાં થઈ શકે છે અને તેથી ભિન્ન ભિન્ન શક્તિઓ ખીલે છે. તેનું વિશેષ વિસ્તારના ભયથી અહિં વર્ણન કરવામાં આવ્યું નથી.

શરીર પ્રદેશમાં ભિન્ન ભિન્ન અવયવોમાં સંયમ કરવાની ઇચ્છાવાળાઓએ ગુરુગમથી સર્વ સમજી લેવું.

"पदस्थध्यानना विचार"

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ આદિ પદ તથા નવપદ વગેરે દ્વારા સદ્‌ગુણોની પ્રાપ્તિ માટે જે ધ્યાન કરાય છે, તેને પદસ્થ ધ્યાન કહે છે.

પદસ્થ ધ્યાન કરનારાઓ અનેક પ્રકારની લબ્ધિઓને પ્રાપ્ત કરી શકે છે.

નમસ્કાર મંત્ર વગેરેનું ધ્યાન ધરતાં કર્મનો નાશ થાય છે. જગતમાં પદસ્થ ધ્યાનના બળથી સર્વ ઈષ્ટ વસ્તુઓની પ્રાપ્તિ થાય છે. કલ્પવૃક્ષ અને ચિન્તામણિ રત્ન કરતાં પદસ્થ ધ્યાનની અત્યંત શક્તિ છે.

પદસ્થ ધ્યાનના બળથી શુકલધ્યાનમાં પ્રવેશ થાય છે અને પરમાત્મપદ પ્રાપ્ત થાય છે.

નમસ્કારમંત્ર, વર્ધમાનવિદ્યા, સૂરિમન્ત્ર, ઋષિમણ્ડલમૂલમન્ત્ર અને ચિન્તામણિમન્ત્ર વગેરેનો પદસ્થ ધ્યાનમાં સમાવેશ થાય છે.

મન્ત્રોનું ધ્યાન કેવી રીતે કરવું, તે વિષયને અહિં લખવામાં આવ્યો નથી; કારણ કે તે વિષયનું જ્ઞાન ગુરુમુખથી લેવું, એમાં વિશેષ હિત સમાયેલું છે.

શ્રી હેમચન્દ્રાચાર્યે યોગશાસ્ત્રોમાં ૐ અરિહંત સિદ્ધસયોગીકેવલી સ્વાહા વગેરે મન્ત્રો દેખાડયા છે, તે વાંચવામાં આવે છે. તો

નિયમિતતા વિનાનું જીવન ટકી શકતું નથી.

પણ ગુરુગમ વિના તો ચાલતું નથી; માટે ગુરુગમથી તેનું સ્વરૂપ સમજી લેવું.

મન્ત્રોના જે જે કલ્પો પૂર્વાચાર્યોએ લખેલા છે, તે અહિં દાખલ કરતાં ગ્રન્થગૌરવ વધી જાય અને ગુરુગમ તો લેવી જ પડે, તેથી ગુરુમુખથી તેનું સ્વરૂપ સમજવું.

નાભિકમળમાં સોળ પાંખડીનું કમળ ચિંતવી, તેમાં અથી અઃપર્યંત સોળ સ્વરોને સ્થાપન કરવા અને તેનું અનુક્રમે ધ્યાન ધરવું.

હૃદયકમળમાં ચોવીસ પાંખડીવાળું કમળ ચિંતવી, તેમાં કથી તે મ પર્યંત અક્ષરો અનુક્રમે કમલ પાંખડીઓમાં સ્થાપન કરવા અને મને કર્ણિકામાં સ્થાપન કરવો.

મુખમાં આઠ પાંખડીવાળા કમલની કલ્પના કરવી; જેમાં બાકીના ય થી તે હ પર્યંત અક્ષરોનું અનુક્રમે ધ્યાન ધરવું.

આ પ્રમાણે અક્ષરોનું ધ્યાન કરતાં છતાં યોગી ચિત્તની ચંચળતા વારે છે અને શ્રુતજ્ઞાનનો પારગામી થાય છે.

પૂર્વે કહ્યા એ વર્ણોનું વિધિપૂર્વક ધ્યાન કરનાર યોગી નિમિત્ત જ્ઞાનને પ્રાપ્ત કરી શકે છે.

અમુક વખતે અમુક થશે ઈત્યાદિ સર્વ બાબતોને જાણી શકે છે. ઘણા કાળપર્યંત એકાગ્રચિત્તથી ધ્યાન ધરવાથી અનેક સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે.

अर्हं मन्त्रनुं ध्यान

મનને એકાગ્ર કરી યોગી અર્હંમંત્રનું ધ્યાન ધરતો છતાં યાવત્ મોક્ષની પદવી પામે છે.

અર્હંમંત્ર સમાન કોઈ મંત્ર નથી. અર્હંમંત્રનું એવી રીતે ધ્યાન ધરવું કે મનમાં તેનું જ સ્વરૂપ રમી રહે. તે વખતે અન્ય પદાર્થનું

ખરાબ સ્વભાવથી સર્વ પ્રકારે નુકસાન થાય છે.

સ્મરણ ન થાય તેમજ હોઠ પણ હાલે નહિ. અર્હં અક્ષર ઉપરથી અનક્ષરતા પમાય તેવી રીતે ધ્યાન ધરવું.

ૐકારનું ધ્યાન

હૃદયકમળ સ્થિત સંપૂર્ણ શબ્દ, બ્રહ્મબીજભૂત સ્વર, તથા વ્યંજન સહિત પંચપરમેષ્ઠિપદ વાચક તેમજ ચંદ્રકલામાંથી ઝરતા અમૃતના રસે કરી ભિંજાતા, મહામન્ત્ર ઓંકારનું કુંભક પ્રાણાયામપૂર્વક ધ્યાન ધરવું.

પંચ પરમેષ્ઠિનો વાચક ઓંકાર શબ્દ છે. ઓંકારમાં અપૂર્વ શક્તિ છે. ઓંકારમાં સર્વ મંત્રનો સમાવેશ થાય છે.

અપૂર્વ ઓંકાર મન્ત્રનું જે યોગિઓ ધ્યાન ધરે છે, તેઓ મનરૂપ મર્કટને વશ કરી પરમશાન્તિને પામે છે.

ઓંકારવાચ્ય સ્વરૂપાર્થને ધ્યેયરૂપે સ્વીકારીને તેમાં ચિત્તની એકાગ્રતા કરતા વિકલ્પ સંકલ્પોનો નાશ થાય છે.

ઓંકારનું ધ્યાન ધરતાં રજોગુણ અને તમોગુણ નાશ થાય છે અને સત્ત્વગુણ યથાશક્તિ પ્રયત્નથી ખીલે છે. તે વખતે મનમાં આનંદની ઝાંખીનો અપૂર્વ સમતારસ અનુભવાય છે.

વાણી ઉપર ઓંકારનું ઘણા કાળ પર્યંત ધ્યાન ધરવાથી વચનની સિદ્ધિ થાય છે. ઓંકાર જેવી જગતમાં અમૂલ્ય વસ્તુ કોઈ જણાતી નથી.

વિશેષ શું ? ઓંકારનું પરિપૂર્ણ સ્વરૂપ સમજાય છે, ત્યારે પદસ્થ ધ્યાન કરનાર યોગિઓને અપૂર્વ ચૂમીઓ હસ્તગત થાય છે.

મહામંત્રનું ધ્યાન

ઓં હ્રીં શ્રીં અર્હં 'નમઃ આ મહાન્ ચમત્કાર મન્ત્ર ભણતાં અનેક શક્તિઓનું સ્થાન યોગી બને છે.

અનેક પ્રકારનું પદસ્થધ્યાન છે. તેનો પાર કેવલી ભગવાન પામે છે. અનેક શાસ્ત્રોમાં અનેક રીતિએ પદસ્થધ્યાન કરવાની યુક્તિઓ બતાવી છે.

પદસ્થધ્યાનના આલંબનથી આત્માના સ્વરૂપમાં ઉતરવું. પદસ્થ ધ્યાનની પેલીપાર જવા માટે પદસ્થધ્યાનનું અવલંબન કરવું જોઈએ.

જેની જેવી વૃત્તિ હોય છે, તેને તેવું ફળ પદસ્થધ્યાનથી પ્રાપ્ત થાય છે.

રૂપસ્થધ્યાનના વિચાર

સમવસરણમાં બેઠેલા તીર્થંકરનું સ્વરૂપ ચિંતવવું–તે આદિને રૂપસ્થધ્યાન કહે છે.

ભગવાનની પ્રતિમા આગળ વિનયપૂર્વક બેસી એકાગ્રચિત્તથી ભગવાનના ગુણોનું સ્મરણ કરવું અને તેવા સદ્‌ગુણો કે જે પોતાના આત્મામાં આચ્છાદિત રહ્યા છે તેને પ્રગટ કરવા ધ્યાન કરવું.

આઠ કર્મરૂપી છે અને તેના સંબંધમાં મારો પોતાનો આત્મા અનાદિકાળથી રહ્યો છે.

રૂપમાં રહેલો એવો મારો આત્મા વસ્તુતઃ રૂપથી ન્યારો છે. સિદ્ધના સમાન અનંતગુણમય છે–ઇત્યાદિ–જે ભાવના ભાવવી, તેને રૂપ-સ્થધ્યાન કહે છે.

રૂપમાં રહેલો હું છું, પણ રૂપથી ન્યારો છું. મારો આત્મા ગુણોવડે સત્તાથી પંચપરમેષ્ઠિરૂપ છે. સર્વ ગુણોને પ્રગટ કરવા માટે મારો ઉદ્યમ છે. જ્ઞાન દર્શન અને ચારિત્ર ગુણો વડે મારો આત્મા શોભાયમાન છે; ઇત્યાદિ વિચારો રૂપસ્થધ્યાનમાં કરવા.

રૂપસ્થધ્યાનનું ફલ

રૂપસ્થધ્યાન વડે આત્મા પરમાત્મદશાને મેળવે છે. આત્મામાં જ પરમાત્મદશા રહી છે, પણ ધ્યાન વિના તે પ્રગટતી નથી.

રૂપસ્થધ્યાન વડે વિકલ્પસંકલ્પવાળી ચિત્તદશાનો નિરોધ થાય છે. અનેક પ્રકારના મોહના ઉછાળાઓ સ્વયમેવ શાંત પડી જાય છે.

મરજી મુજબ ગાવું–ખાવું–ફરવું–જાણવું એ તો સ્વેચ્છાચાર કહેવાય.

રૂપસ્થધ્યાનથી અનેક શક્તિઓ પ્રગટે છે અને મનથી નિર્મલતા સહેજે થાય છે.

રૂપાતીત ધ્યાનવિચાર

આકારરહિત જ્ઞાનાનન્દ સ્વરૂપ નિરંજન સિદ્ધ પરમાત્માનું અથવા સત્તાથી સિદ્ધસમાન એવા પોતાના આત્માનું જે ધ્યાન કરાય છે, તેને રૂપાતીત ધ્યાન કહે છે.

યોગી આઠ કર્મ આદિ-રૂપી પદાર્થોથી રહિત શુદ્ધ આત્મસ્વરૂપનો વિચાર કરે છે, ત્યારે યોગિનો આત્મા પરમશુદ્ધ દશાને પ્રાપ્ત કરે છે.

જેમ જેમ રૂપાતીત ધ્યાનની વૃદ્ધિ થતી જાય છે, તેમ તેમ વર્ણાદિ વિશિષ્ટરૂપી પદાર્થોમાં થતું અહં અને મમત્વ વિલય પામે છે અને બાહ્યમાં હું તું'ની કલ્પનાનું જોર ક્ષય પામે છે.

જેમ મીઠાની પૂતળી સમુદ્રમાં ઓગળી જાય છે અને પોતાના રૂપનો ત્યાગ કરે છે, તેવીજ રીતે મનની ચંચળતાનો રૂપાતીત ધ્યાન ધરતાં નાશ થાય છે.

નિશ્ચયથી નિરાકાર એવો પોતાનો આત્મા છે. પોતાના શુદ્ધ સ્વરૂપનું ધ્યાન કરતાં છતાં પોતે આત્મા શુદ્ધરૂપને પ્રાપ્ત કરે છે.

શુદ્ધ નિરંજન નિરાકાર એવું આત્માનું સ્વરૂપ ત્રણ કાળમાં બદલાતું નથી.

રૂપાતીત ધ્યાન કરનાર યોગી દુનિયાની જંજાળથી મુક્ત થાય છે અને પોતાના સહજ આનન્દને પ્રાપ્ત કરે છે.

રૂપાતીત ધ્યાનમાં સ્થિર થએલ યોગી બાહ્યદશાના નામ અને શરીરના આકાર તથા હર્ષ શોકને ભૂલી જાય છે.

અર્થાત્ તેમાં તેને જરામાત્ર પણ અહં અને મમત્વ ઉત્પન્ન થતું નથી.

સદ્ગને જીવનમાં કદી સ્થાન ન આપો.

દ્રવ્ય, ગુણ અને પર્યાયના લક્ષણપૂર્વક જે યોગીઓ આત્માનું સ્વરૂપ વિચારે છે, તે રૂપાતીત ધ્યાનમાં પ્રવેશ કરે છે.

યોગીઓ જડ પદાર્થોમાં ઉપયોગ રાખતા નથી અને એક પોતાના આત્માના શુદ્ધ સ્વરૂપમાંજ ઉપયોગ રાખે છે; તેથી તે રૂપાતીત ધ્યાન કે જે શુક્લધ્યાન કહે છે, તેને પ્રાપ્ત કરી સિદ્ધિસુખની વાનગીઓ અનુભવ કરે છે.

પોતાના આત્માનું જ મન આલંબન કરીને રહે અને શુદ્ધોપયોગમાં સ્થિર થાય અને જડ તથા ચેતન સમપણે ભાસે તેને **સમરસીભાવ** કહે છે.

એવા સમરસીભાવને યોગી રૂપાતીત ધ્યાનથી પામે છે. આત્માનું પરમાત્માની સાથે ધ્યાનમાં ઐક્ય થાય છે, તેને પણ શાસ્ત્રાધારે સમરસીભાવ કહેવામાં આવે છે.

રૂપાતીત ધ્યાનમાં પ્રવેશ કરવાનો વિધિ

પ્રથમ પિંડસ્થ પદસ્થ અને રૂપાતીત ધ્યાન કરવું. પિંડસ્થાદિક ધ્યાન કરતાં કરતાં સ્થૂળમાંથી સૂક્ષ્મ આત્મા ઉપર ધ્યાન કરતાં કરતાં જવું.

આત્માના ગુણપર્યાયોની શુદ્ધતા ચિંતવવી. આત્માના શુદ્ધ ગુણોમાં લીનતા કરવી. બાહ્યમાં મનને જવા દેવું નહિ.

આત્માનો ઉપયોગ એક જ ઠેકાણે રાખવો; એમ કરવાથી રૂપાતીત નિરાલમ્બન ધ્યાનમાં પ્રવેશ થશે અને અહર્નિશ તેનો સતત અભ્યાસ કરવાથી રૂપાતીત ધ્યાનમાં સ્થિરતા થશે.

સ્થૂલમાંથી ઉતરતાં ઉતરતાં ઠેઠ સૂક્ષ્મમાં જવું. સૂક્ષ્મમાં સૂક્ષ્મ આત્માના પ્રદેશોનો વિચાર કરવો.

સારા ગ્રન્થોના વાંચનથી અગાધ શક્તિ આવે છે.

રૂપાતીત ધ્યાન કરનારે શું કરવું જોઇએ ?

રૂપાતીત ધ્યાનના જિજ્ઞાસુએ દ્રવ્યાનુયોગનું સારી રીતે જ્ઞાન પ્રાપ્ત કરવું તેમજ અધ્યાત્મ શાસ્ત્રોનું સારી રીતે જ્ઞાન પ્રાપ્ત કરવું.

જડ અને ચેતનની ભિન્નતાનો સારી રીતે ખ્યાલ કરવો. મનુષ્ય નામ સંસર્ગથી દૂર રહેવું. ઉપાધિ કાર્યોથી અલગ રહેવું. આત્મસ્વરૂપનો અનુભવ કરવો.

સદાકાલ આત્માના વિચારોમાં લીન થઈ જવું. શરીરની આરોગ્યતા સાચવવી. રૂપાદિકના આલંબન વિના આત્માનું ધ્યાન ધરવા અભ્યાસ કરવો.

બાહ્યરૂપી જડ પદાર્થોમાંથી અહંત્વનો અધ્યાસ દૂર કરવો. વૈરાગ્યભાવનાથી આત્માને ભાવિ પરિગ્રહની મમતાનો ત્યાગ કરવો.

બાહ્યમાં મનને ભટકવા દેવું નહિ. સદાકાળ મનને અન્તરમાં લગાડવું અને શુકલધ્યાનનું જેમાં વર્ણન હોય એવા ગ્રન્થોને પ્રેમથી બહુ માનથી વાંચવા. ઇત્યાદિ ઉપાયોથી આ કાળમાં રૂપાતીત ધ્યાનનો કિંચિત્ ભાસ થાય છે.

રૂપાતીત ધ્યાનની ઉત્તમતા

પિંડસ્થ, પદસ્થ અને રૂપસ્થ ધ્યાન કરતાં રૂપાતીત ધ્યાનની અનન્તગણી ઉત્તમતા છે. રૂપાતીત ધ્યાનના એક ક્ષણને પણ અન્ય ધ્યાનો પહોંચી શકતા નથી.

શુકલધ્યાનમાં રૂપાતીત ધ્યાનનો સમાવેશ થાય છે. રૂપાતીત ધ્યાન ધરનાર યોગી અન્તર્મુહૂર્તમાં કેવલજ્ઞાન અને કેવલદર્શનને પ્રાપ્ત કરે છે.

રૂપાતીત ધ્યાન ધરનાર યોગી કર્મ લાકડાંને બાળી ભસ્મ કરે છે અને તે ત્રણ કાળનો જ્ઞાતા બને છે, અનન્ત શક્તિને પ્રગટાવે છે.

સઘળા વ્યાજબી અને સાચા ધંધા સન્માનને પાત્ર છે.

રૂપાતીત ધ્યાનનો અંશ પણ સિદ્ધિના સુખની વાનગીને આપે છે, ત્યારે સમ્પૂર્ણ ધ્યાનનું તો શું કહેવું ?

રુપાતીત ધ્યાનથી મોક્ષપદ મળે છે

યોગી એક સ્થિર ઉપયોગથી રૂપાતીત આત્માના સ્વરૂપમાં જેમ જેમ ઉંડો ઉતરતો જાય છે, તેમ તેમ તે આત્માનો નવીન અનુભવ મેળવતો જાય છે અને રાગદ્વેષની વૃત્તિનો સંપૂર્ણપણે નાશ કરે છે.

અન્ય ધ્યાનો ઘણાં છે, પણ રૂપાતીત ધ્યાન પ્રાપ્ત કર્યા વિના મુક્તિ મળતી નથી.

અનંત જીવો મુક્તિ પામ્યા અને પામશે તે સર્વ રૂપાતીત ધ્યાનનો પ્રભાવ જાણવો.

રૂપાતીત ધ્યાન એ ઉત્તમમાં ઉત્તમ ચારિત્ર છે, તેનાથી મોક્ષપદ સત્વર મળે છે.

ધ્યાનના અન્ય ભેદો

આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુકલધ્યાન એમ ધ્યાનના ચાર ભેદો છે. આ ચાર ધ્યાનનું વિશેષ સ્વરૂપ અસ્મદીય ધ્યાનવિચાર, પરમાત્મજ્યોતિ વગેરે ગ્રંથોમાં છે, માટે અહિં તેનું વર્ણન કર્યું નથી.

ધ્યાન કરનારને સૂચના

ધ્યાનના જિજ્ઞાસુઓએ અનુભવી સદ્‌ગુરુઓની સેવા કરવી અને ધ્યાન સંબંધી અનેક પુસ્તકોનો અભ્યાસ કરવો.

આત્મતત્ત્વના જિજ્ઞાસુ થઈ સત્ય વિવેકને ધારણ કરવો.

ધ્યાનક્રિયારૂપ ચારિત્રને ધારણ કરવું. અન્તરથી ન્યારા રહી સ્વ કર્તવ્ય કાર્ય કરવું.

સંકટ એ અનુભવની શાળા છે.

(૮) "समाधिस्वरुप"

કેવલ જ્ઞાન અને કેવલ દર્શન પામી જે સિદ્ધ બુદ્ધ પરમાત્માઓ થયા છે, તેઓ સમયે સમયે અનન્ત સુખ ભોગવે છે. તેઓ જન્મ, જરા અને મરણની ઉપાધિથી ન્યારા હોય છે. સર્વ કર્મના ક્ષયથી ઉત્પન્ન થએલી સ્થિતિને સમાધિ કહેવામાં આવે છે.

સકલ કર્મના ક્ષયથી પરિપૂર્ણ સ્થિતિરૂપ સમાધિને પરિપૂર્ણ ઉત્તમ સમાધિ કહે છે. સયોગીકેવલીને ઘાતી કર્મના ક્ષયથી ઉત્પન્ન થએલી સમાધિ છે; તરતમ યોગે સમાધિના ઘણા ભેદ પડે છે.

સમાધિના બે ભેદ

સહજસમાધિ અને હઠસમાધિ, એમ સમાધિના બે ભેદ જાણવા.

સહજસમાધિના પણ ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક, એ ત્રણ ભાવની અપેક્ષાએ ત્રણ ભેદ પડે છે. ઉપશમાદિ ભાવના ભેદોનું અસ્મદીય અન્ય ગ્રંથોમાં વર્ણન કરવામાં આવ્યું છે, તેથી અહિં તેનું વર્ણન કર્યું નથી.

જે જે અંશે ચારિત્ર મોહનીય રાગદ્વેષાદિ પ્રકૃતિઓનો ઉપશમ અથવા ક્ષયોપશમ અથવા ક્ષય થાય છે, તે તે અંશે સમાધિગુણ ખીલે છે.

બાહ્યદશામાં જ રાગ અને દ્વેષ હોય છે.

જેઓની અંતરદૃષ્ટિ ખીલી હોય છે, તેઓને મનની સ્થિરતા થાય છે અને તેથી તેઓ શુદ્ધ સમાધિને પ્રાપ્ત કરે છે.

ધ્યાન કરવાથી મન રાગ દ્વેષથી રહિત છે અને તેથી તે સમાધિપણાને પામે છે.

મનની નિર્વિકલ્પદશાને સમાધિ કહેવામાં આવે છે. ધ્યાનથી નિર્વિકલ્પદશારૂપ સમાધિગુણરૂપ ફળ મળે છે.

નિરાધારની સેવા એ પણ પ્રભુસેવા છે.

આત્મા બાહ્યદશાથી પરાઙ્મુખ થઈને પોતાના સ્વરૂપમાં જેટલો કાળ સ્થિર રહે છે, તેટલા કાળની સમાધિ કહેવામાં આવે છે.

આત્મામાં મન લીન થઈ જાય છે, તે વખતે રાગ દ્વેષના અભાવથી સમાધિગુણ પ્રગટે છે અને ખરા સુખનો ભોગ થાય છે.

સમાધિથી અજ, અખંડ, નિરાબાધ, નિરંજન, નિરાકાર, પરમ, પરમેશ્વર, અરૂપી, ચૈતન્ય સ્વરૂપનો અનુભવ–સાક્ષાત્કાર થાય છે.

અનુભવ સાક્ષાત્કાર થયા પછી સાલંબન ધ્યાન કરતાં નિરાલંબન ધ્યાનમાં વિશેષતઃ લક્ષ્ય લાગે છે અને આત્માની સહજ દશાએ આત્માનું પરિણમન થતું જાય છે. પરસ્વભાવમાંથી રમણુતા છૂટે છે. સ્વસ્વભાવમાં રમણુતાની ધૂન લાગે છે.

ચોલમજીઠના રંગની પેઠે નિરાલંબન ધ્યાનનો રંગ છૂટતો નથી. પરમાત્મ પદના આલંબન વિના આત્માની જ્ઞાનાદિ અંતરસૃષ્ટિમાં ચિત્તની લયલીનતા થવાથી દુનિયાનું ભાન ભૂલાય છે.

બાહ્ય શરીર નામાદિ વડે દુનિયા એવા યોગીને માટે ગમે તેમ બોલે છે, તો પણ ભર નિદ્રાળુને જેમ તે વખતે બાહ્યનું ભાન હોતું નથી, તેમ તેને બાહ્યની જરા માત્ર સારી બોટી અસર થતી નથી, અર્થાત્ એવા રૂપાતીત ધ્યાનીને બાહ્યની કંઈ પણ શુભાશુભ અસર થતી નથી, કારણ કે તે વખતે તેનું મન આત્માના શુદ્ધસ્વરૂપમાં લાગેલું હોય છે.

અન્તરસન્મુખ મન હોય છે, ત્યારે શરીર તથા અમુક મારૂં નામ, અમુક કુળ, અમુક ગચ્છ, અમુક વંશ, અમુક પરિવાર વગેરેમાં મનની રમણુતા રહેતી નથી અને તેથી તેવા બાહ્ય ભાવમાં કલ્પાએલી અહંતા છૂટવા માંડે છે. અન્તરમાં વિશેષ રમણુતા તેટલીજ બાહ્ય રમણુતાનો ત્યાગ થાય છે.

રૂપાતીત ધ્યાન કરનારની દશા

રૂપાતીત ધ્યાન કરનારને જગતના જડ પદાર્થોમાં અહંમમત્વની

કુટુંબની પડતી સવારે મોડા ઉઠવાથી થાય છે.

કલ્પના રહેતી નથી. તે જેવો બાહ્ય દેખાય છે, તેવો અન્તરથી હોતો નથી અને ઉદાસીન બને છે.

બાહ્ય શરીર ક્રિયાઓ કરે છે, તો પણ તે બાહ્યવૃત્તિ શૂન્ય હોવાથી તેમાં લેપાતો નથી. બાહ્ય સુખની લાલચોથી તે મુંઝાતો નથી.

શરીર, વાણી અને મનનો તે ઉપરી બને છે. મનને તે પોતાના કબજે રાખી શકે છે, પણ મનના કબજામાં તે વર્તતો નથી.

વસ્તુના આલંબન વિના અરૂપી ગુણોનું ચિંતવન કરી તેમાં રાચીમાચી રહે છે અને અન્તર મસ્તાન દશાના સહજ આનન્દને પામે છે.

યોગી ઉપયોગી સૂક્ષ્મતાને ધારણ કરતો કરતો એવો તો અન્તરમાં ઉતરી જાય છે, કે તે વખતે ધ્યાતા, ધ્યેય અને ધ્યાનના ઐકયને પામે છે.

અર્થાત્ તે વખતે તેને ધ્યાતા, ધ્યેય અને ધ્યાન એ ત્રણેની ભિન્નતાનો અનુભવ થતો નથી. એવા ક્ષયોપશમ ભાવમાં રૂપાતીત ધ્યાનની દશાને યોગી ધારણ કરી શકે છે.

ક્ષપકશ્રેણિ માંડનાર યોગીઓ તો રૂપાતીત ધ્યાનથી આગળ વધતા જાય છે પણ પાછા પડતા નથી.

ઉપશમશ્રેણિનો યોગી પાછો પડે છે, પણ પાછો પડી ગમે તે કાળે પણ ઉપર ચડી પૂર્ણ સમાધિ દશાને પામ્યા. વિના રહેતો નથી.

ઉપશમ યોગી તે તે કાળમાં ઉપશમ સમાધિમાં રહીને સહજ સુખને પામે છે.

ક્ષાયિક ભાવે સમાધિ પામનાર યોગી તેરમા ગુણસ્થાનકથી કદી પાછો પડતો નથી. સહજ યોગી તે તે ગુણોને પ્રાપ્ત કરી આનન્દમાં મગ્ન રહે છે.

વ્હેલા ઉઠો; પ્રભુસ્મરણ અને તેનું ધ્યાન કરો.

રૂપાતીત ધ્યાનમાંથી પુનઃ સાલંબન ધ્યાનમાં આવતાં છતાં પણ રૂપાતીત ધ્યાનની ખુમારી ભૂલાતી નથી.

મિષ્ટાન્ન જમ્યા બાદ જેમ લુખા ભોજન પર રુચિ રહેતી નથી, પણ મિષ્ટાન્નના અભાવે લુખું અન્ન ખવાય છે, તેમ રૂપાતીત ધ્યાનરૂપ મિષ્ટાન્નનું જમણ જમ્યા બાદ સાલંબન ધ્યાનનું જમણ નિરસ જેવું લાગે છે.

રૂપાતીત ધ્યાનના વિરહે સાલંબન ધ્યાન ધ્યાઈ શકાય છે. રૂપાતીતમાંથી સાલંબનમાં આવતાં પાછું રૂપાતીત ધ્યાનમાં પ્રવેશવાની રૂચિ થાય છે અને તેમાં પ્રવેશ કરી શકાય છે.

જો કે આ ઠેકાણે રૂપાતીત અને સાલંબન ધ્યાનની વ્યાખ્યા લખેલી છે, તે પ્રસંગોપાત પ્રસ્તુત વિષયને મૂકીને તે જાતની સમાધિ તે તે ધ્યાનથી થાય છે, એમ જણાવવા માટે અહિં પૂર્વાલોચનાનો સંબંધ જણાવ્યો છે.

સાલંબન વડે ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની ઐકયતા થતાં સાલંબન સમાધિ પ્રાપ્ત થાય છે તેમજ નિરાલંબનમાં ધ્યાતા ધ્યેય અને ધ્યાયની ઐકયતારૂપ સમાધિને યોગી પ્રાપ્ત કરે છે, તેથી સહજ યોગમાં સાલંબન અને નિરાલંબન એ બે પ્રકારની સમાધિ કહેવાય છે.

સાલંબન સમાધિયોગી નિરાલંબન રૂપાતીત સમાધિ દશાને પ્રાપ્ત કરી શકે છે.

સાલંબન સમાધિના આલંબનના ભેદે અનેક પ્રકારના ભેદો પડે છે. તે આલંબનરૂપ કારણથી સમાધિરૂપ કાર્યમાં ઉપચારની અપેક્ષાએ સમજવું; વસ્તુતઃ સાલંબનસમાધિ જે વખતે હોય તે વખતે ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની ઐકયતા થાય છે. તેથી તે ઐકયતામાં કોઈ જાતનો ભેદ ભાસતો નથી. નિરાલંબન સમાધિમાં પણ કોઈ પ્રકારનો ભેદ પડતો નથી.

રાત્રે વહેલાં સુનારમાં બળ, બુદ્ધિ અને વિદ્યાની વૃદ્ધિ થાય છે.

सालंम्बन करतां निरालम्बन समाधिनी उत्तमता

સાલંબન સમાધિ કરતાં નિરાલંબન સમાધિ અનંતગણી ઉત્તમ છે અને તેમાં કર્મની નિર્જરા પણ અનંતગણી વિશેષ થાય છે, તેમજ શક્તિ પણ અનંતગણી વિશેષ ખીલે છે અને આત્મા પણ અનંતગણો વિશેષ નિર્મલ થાય છે.

નિરાલંબન ધ્યાનમાં અપૂર્વ આનન્દ રસનો ભોગ ભોગવાય છે.

નિરાલંબન સમાધિમાં પ્રવેશેલો યોગી મુક્તિપદ પ્રાપ્ત કરે છે. નિરાલંબન સમાધિની ઉત્તમતાને તેનો અનુભવ કરનાર સારી રીતે જાણી શકે છે. બાકી અન્ય જીવો તો સાંભળીને જ ફક્ત જાણી શકે છે.

નિરાલંબન સમાધિની ખુમારી જેણે ચાખી તેણે ચાખી છે.

સાલંબન સમાધિમાં જેઓએ આનન્દરસ ભોગવ્યો છે, તેઓએ નિરાલમ્બન સમાધિ સુખ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો.

સહજ સાલમ્બન સમાધિમાંથી નિરાલમ્બન સમાધિમાં પ્રવેશાય છે.

સાલંબન સમાધિનો જે અધિકારી થાય છે, તે નિરાલંબન સમાધિમાં પ્રવેશે છે. પ્રથમ તો સાલમ્બન સમાધિનો અત્યંત અભ્યાસ કરવો.

સાલંબન સમાધિમાં અત્યંત આનન્દ ઉદ્ભવે છે. સાલંબન સમાધિ વિના નિરાલંબન સમાધિમાં પ્રવેશી શકાતું નથી. સવિકલ્પ ધ્યાન દ્વારા સાલંબન સમાધિમાં પ્રવેશાય છે.

સાંસારિક દેવેન્દ્રોનું સુખ પણ સમાધિના સુખની આગળ એક બિંદુસમાન નથી.

નિરાલંબન સમાધિમાં વિશેષતઃ નિર્વિકલ્પ દશા રહે છે. ખરેખરો આનન્દ તો નિરાલંબન સમાધિમાં રહે છે. નિરાલંબન સમાધિવાળા યોગિઓ જીવતાં છતાં મુક્તિના સુખની વાનગી ચાખે છે.

માણસનું માન સારા ધંધાથી વધે છે.

જેણે જીવતાં સમાધિ સુખને અનુભવ્યું નથી, તે મૃત્યુ થયા બાદ પણ મુક્તિનું સુખ શી રીતે મેળવી શકે ? માટે આ ભવમાં સમાધિ સુખ મેળવવા માટે સદ્‌ગુરુની ઉપાસના કરવી જોઈએ.

ગમે તેટલાં પુસ્તકો વાંચવામાં આવે, તો પણ સદ્‌ગુરુની ઉપાસના વિના સમાધિસુખ પ્રાપ્ત થતું નથી.

નિરુપાધિ દશાવાળો જ્ઞાનયોગી સમાધિસુખનો ભોક્તા બને છે. જ્ઞાની હોય પણ ઉપાધિદશા વિશિષ્ટ હોય તો સમાધિસુખ પામી શકતો નથી.

જ્ઞાન વિના ઉપાધિનો ત્યાગ કરતાં છતાં પણ સમાધિસુખ પ્રાપ્ત થઈ શકતું નથી.

સમાધિસુખના અધિકારી જ્ઞાની અને પરિગ્રહત્યાગી મનુષ્યો થઈ શકે છે. આત્મજ્ઞાન વિના આત્માની સમાધિદશા મળતી નથી.

આવી ઉત્તમ સાલંબન અગર નિરાલંબન સમાધિદશાના અધિકારી મુનિરાજ છે. જ્ઞાની ગીતાર્થ મુનિરાજ સમાધિગુણમય ચારિત્ર પદને પામે છે.

સહજ સમાધિનું વિશેષ સ્વરૂપ ગુરુ પાસેથી રામજી લેવું.

હઠયોગ સમાધિ

હઠયોગ દ્વારા જે સમાધિનું સ્વરૂપ પ્રાપ્ત થાય છે, તેને હઠયોગ સમાધિ કહે છે. હઠયોગ સંબંધી અન્ય દર્શનીઓનાં અનેક પુસ્તકો છે.

હઠસમાધિ પણ સ્યાદ્વાદનયની અપેક્ષાએ ઉપયોગી છે. જૈનસિદ્ધાન્તોનો અભ્યાસ કર્યા પછી હઠસમાધિનું સ્વરૂપ જાણવાથી વિશેષ ફાયદો થાય છે.

શ્રી ચિદાનન્દજી મહારાજે (શ્રી કપુરચંદજી મહારાજે) ચિદાનન્દસ્વરોદયમાં હઠસમાધિનું કેટલુંક વર્ણન કર્યું છે.

સંયમથી સર્વ સિદ્ધિ પ્રગટે છે.

જૈનદર્શનને બાધ ન આવે એવું હઠસમાધિનું સ્વરૂપ ગ્રહણ કરવા લાયક છે. જૈન યોગશાસ્ત્રો દ્વારા હઠસમાધિનું સ્વરૂપ જાણી તેની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો જોઈએ.

ષટ્ચક્રનું ભેદન તેમજ કુંડલીનું ઉત્થાન અને મેરુદંડમાં પ્રાણવાયુનો પ્રવેશ અને બ્રહ્મરન્ધ્રમાં પ્રાણવાયુનું ગમન થવાથી હઠસમાધિ પ્રાપ્ત થાય છે.

કેવલ કુંભક પ્રાણાયામથી કુંડલીનું ઉત્થાન થાય છે અને સુષુમ્ણામાં પ્રાણવાયુનો પ્રવેશ થાય છે. હઠયોગની સમાધિના કરનારા હાલમાં પણ છે. કોઈ વિરલાને હઠયોગની સમાધિ પ્રાપ્ત થાય છે.

સહજ યોગસમાધિ કરતાં હઠયોગની સમાધિનો દરજ્જો ઉતરતો છે. હઠયોગથી અનેક ચમત્કારો જણાય છે અને અન્યોને પોતાના વિચારમાં ખેંચી શકાય છે.

હઠસમાધિની પરિપાટી જૈનોમાં લુપ્તપ્રાયઃ થઈ ગઈ છે. કોઈ કોઈ મહાત્માઓ તેને જાણે છે, પણ યોગ્યતા વિના અન્યોને કહી શકતા નથી તેમજ અભ્યાસ કરાવી શકતા નથી.

હઠસમાધિની કુંચીઓ ગુરુઓ પોતાની પાસે રાખે છે. જો કે તે સંબંધી પુસ્તકો છે, તોપણ ગુરુગમપૂર્વક જે મળે છે, તે જુદા જ પ્રકારનું છે. ગુરુઓ અલ્પકાલમાં હઠસમાધિ કરાવી શકે છે.

અહિં હઠસમાધિનું વિશેષ વર્ણન સ્વાનુભવપૂર્વક લખવાથી સર્વ મનુષ્ય તે પુસ્તક વાંચે તો તેમાં યોગ્યતા અથવા અયોગ્યતાનો ભેદ રહે નહીં.

ગુરુગમપૂર્વક યોગ્ય અધિકારીને હઠસમાધિની જ્ઞાન કુંચીઓ મળવી જોઈએ, એમ સમજાયાથી અહિં તેનું વિશેષ વર્ણન કર્યું નથી.

જેને હઠસમાધિની વિશેષ જિજ્ઞાસા હોય તેણે ગુરુગમપૂર્વક વિનય યોગ્યતા વડે તેની પ્રાપ્તિ કરવી, એમ ભલામણ કરવામાં આવે છે.

પોતાની ઈન્દ્રિયો ઉપર કાબૂ ધરાવનાર ખરો રાજા કહેવાય.

શ્રી આનન્દઘનજી, શ્રી ચિદાનન્દજી તેમજ કલિકાલસર્વજ્ઞ **શ્રી હેમચંદ્રાચાર્યે** હઠસમાધિને પ્રાપ્ત કરી હતી. સહજ યોગસમાધિમાં જે ઝીલે છે, તેને હઠસમાધિમાં વિશેષતઃ જિજ્ઞાસા થતી નથી.

અમોએ પણ હઠસમાધિનો અનુભવ કર્યો છે, પણ યોગ્ય અધિકારી અન્યોને તેનો અભ્યાસ કરાવવો યોગ્ય ધાર્યો નથી; કારણ કે યોગ્ય અધિકારી વિના અન્યોને તેનો અભ્યાસ કરાવવો હિતાવહ નથી એમ ગુરુપરંપરા ચાલી આવે છે.

કેટલાક લોક હઠસમાધિનો ડોળ ધારણ કરે છે અને કંઈપણ જાણતા નથી, તેવાઓથી છેતરાવું નહિ. શાસ્ત્રોના આધારે સમાધિનો અભ્યાસ કરાવે તેવાઓની પાસે સમાધિનો અભ્યાસ કરવો.

સમાધિનો અભ્યાસ કરાવનારાઓએ યોગ્યતાવાળા શ્રદ્ધાળુ મનુષ્યોને અભ્યાસ કરાવવો.

હઠસમાધિથી બ્રહ્મરન્ધ્રમાં આત્મજ્યોતિની સ્થિરતા થાય છે અને અત્યંત સહજસુખ ભોગવાય છે. અમુક વખત સુધી હઠસમાધિને ધારણ કરી શકાય છે.

હઠસમાધિ કરનારાઓએ એકાન્ત નિર્જન પ્રદેશ, ગુફા વગેરેનો આશ્રય લેવો, શરીરની આરોગ્યતા જાળવવી જોઈએ.

હઠસમાધિ કરનારને સૂચના

હઠસમાધિયોગીએ મનુષ્યનો સંસર્ગ ત્યાગ કરવો જોઈએ. ઘણા મનુષ્યોના સંસર્ગમાં આવવાથી મનમાં વિકલ્પસંકલ્પ પ્રગટે છે.

મનુષ્યોના સંસર્ગમાં આવતાં છતાં પણ અલિપ્તતા રાખવી જોઈએ. ખાસ કારણ વિના ચમત્કાર દેખાડવાની બુદ્ધિ ન રાખવી જોઈએ. રાજયોગના જ્ઞાનપૂર્વક હઠયોગની ક્રિયાઓ કરવી જોઈએ.

આત્મામાં પરમાત્મત્વ રહ્યું છે, એવી અહર્નિશબુદ્ધિ ધારણ કરવી

સંજોગોને તમે તાબે કરો.

જોઈએ. આત્માની પરિપૂર્ણ શ્રદ્ધા ધારણ કરવી જોઈએ. સર્વત્ર આત્મભાવ ધારણ કરવો જોઈએ.

ગમે તેવા પ્રસંગોમાં પણ મનની સમાનતા ધારણ કરવી. દરેક આવશ્યક કાર્યો કરતાં છતાં પણ તેના ફળની ઇચ્છાઓમાં બદ્ધ ન થવું જોઇએ.

જૈનશાસ્ત્રોનો ગુરુગમપૂર્વક અભ્યાસ કરીને આત્મતત્ત્વની પ્રાપ્તિના મુખ્ય ઉદ્દેશને મેરુપર્વતની પેઠે હૃદયમાં સ્થિર કરવો. પ્રતિદિન કંઇક નવું તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો.

શરીરના સર્વ અવયવોમાં અસંખ્યાત પ્રદેશી આત્મરૂપ ભગવાન વ્યાપીને રહ્યા છે, તેનું ક્ષણે ક્ષણે સ્મરણ કરવું.

આત્મરૂપ ભગવાનને ઓળખાવનાર આત્માનું જ્ઞાન જ છે. જ્ઞાન-ગુણથી પોતે પોતાની મેળે જણાય છે; અર્થાત્ આત્મા પોતે પોતાનો સ્વયમેવ ભાસ કરે છે, તેમાં અન્ય પ્રમાણોની કંઈ જરૂર નથી.

આ પ્રમાણે યોગનાં અષ્ટાંગ જાણી તેનો અભ્યાસ કરનાર યોગી પરમાત્મપદ પ્રાપ્ત કરે છે.

અસંખ્ય યોગથી મુક્તિ થાય છે. યોગનાં આઠ અંગ તે પણ અસંખ્ય યોગમાંના ભેદો છે; તેનું સામાન્યતઃ અત્ર સ્વરૂપ દર્શાવ્યું છે.

सर्व योगोमां ज्ञानदर्शनचारित्रनी मुख्यता छे.

ज्ञानदर्शनचारित्राणि मोक्षमार्गः જ્ઞાન, દર્શન અને ચારિત્ર એજ મોક્ષમાર્ગ છે.

જ્ઞાન, દર્શન અને ચારિત્રનું સ્વરૂપ સમજવું મહામુશ્કેલ છે. જેમ જેમ તે સંબંધી વિશેષ વિચાર કરવામાં આવે છે, તેમ તેમ તે સૂત્રનું વિશેષ જ્ઞાન થતું જાય છે અને જ્ઞાન, દર્શન અને ચારિત્રના

પૂર્ણ પરીક્ષા કરી પછી મિત્રતા બાંધવી.

ભેદોનું વિશેષતઃ જ્ઞાન થતું જાય છે, માટે જ્ઞાન, દર્શન અને ચારિત્રના ભેદોનું વિશેષતઃ સ્વરૂપ સમજવું જોઈએ.

અષ્ટાંગ યોગમાં જ્ઞાન, દર્શન અને ચારિત્રના ભેદોનું વિશેષતઃ સ્વરૂપ સમજવું જોઈએ.

અષ્ટાંગયોગમાં જ્ઞાન, દર્શન અને ચારિત્રનો સમાવેશ થાય છે. તેમજ જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં અષ્ટાંગયોગનો સમાવેશ થાય છે.

આ ત્રણ રત્નનું આગમોમાં વિશેષતઃ સ્વરૂપ દર્શાવ્યું છે. અષ્ટાંગ-યોગનો જેટલો વિચાર કરીએ તેટલો ન્યૂન છે.

અષ્ટાંગયોગના અધિકારી કોણ?

અષ્ટાંગયોગના સાધુવર્ગ અને ગૃહસ્થવર્ગ એ બે અધિકારી છે. સાધુઓએ અવશ્ય અષ્ટાંગયોગનું આરાધન કરવું જોઈએ. તેમાં થતા પ્રમાદનો નાશ કરવો જોઈએ.

સાધુઓએ પોતે તેની સાધના કરીને અન્યોને પણ તેનો ઉપદેશ આપવો જોઈએ. વિશ્વવ્યાપક એવા અષ્ટાંગયોગ ધર્મથી જૈનધર્મની સર્વ દેશમાં વિજય ધ્વજા ફરકાવી શકાય છે.

ગૃહસ્થે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એ ચાર વર્ગનું નિયમિત ક્રમવ્યવસ્થાપૂર્વક આરાધન કરવું જોઈએ.

વ્યાવહારિક આજીવિકા–વ્યાપાર તથા પાઠન વગેરે કૃત્યોને સાચ-વીને નિયમિત સમયકાલમાં અષ્ટાંગયોગનું સેવન કરવું.

ગૃહસ્થવર્ગ અષ્ટાંગયોગનું સેવન કરીને સંસારમાં રહ્યો છતાં પણ મોક્ષમાર્ગનું આરાધન કરી શકે છે અને અનેકાન્ત ધર્મનો સર્વત્ર પ્રસાર કરી શકે છે.

સંકુચિત દૃષ્ટિનો અથવા એકદેશીય દૃષ્ટિનો ત્યાગ કરી વિશાલ દૃષ્ટિથી અષ્ટાંગયોગનું આરાધન કરી જન્મની સફલતા કરવી.

અષ્ટાંગયોગનું ફળ

અષ્ટાંગયોગની આરાધનાનું ઉત્કૃષ્ટ ફળ આત્માને અનંત સુખમય

ખોટી સ્તુતિ કરનારા મિત્રોની સોબત કરતાં સાવધાન બનો.

કરવો, તે જ લક્ષમાં રાખવાનું છે.

આત્માની પરમાત્મદશા કરવી તે જ યોગિને છેવટનું ઇષ્ટ ઉત્તમ ફળ પ્રાપ્ત થઈ શકે છે. દેવ અને મનુષ્યના સુખની પ્રપ્તિ ઉત્તમ અવતાર અને અનેક લબ્ધિઓ વગેરે યોગનાં અવાન્તર ફળો જાણવાં.

બીજના ચંદ્રમાની પૂર્ણિમા થવી, તેની પેઠે આત્માની પરમાત્મા-દશા કરવી. એ જો કોઇથી બનતી હોય તો હઠયોગ અને રાજયોગના આરાધનથી જાણવી.

શબ્દબ્રહ્મમાં લીન થઈ જવું, એ લયયોગ કહેવાય છે. જગતમાં સર્વ સુખ કરતાં સહજ સુખ ભોગવનાર યોગી વિના અન્ય કોઈ નથી.

છેવટ ઉપસંહારમાં કહેવાનું કે યોગના અસંખ્ય ભેદોમાંથી ગમે તે યોગને સંપ્રાપ્ત કરવાથી મુક્તપદ મેળવી શકાય છે અને તેથી અનન્ત જ્ઞાનાદિગુણ પ્રાપ્ત કરી શકાય છે.

જન્મ, જરા અને મરણનાં બંધનોનો વિચ્છેદ કરી શકાય છે, માટે જિજ્ઞાસુઓએ ગુરુગમપૂર્વક યોગના ભેદોનું જ્ઞાન પ્રાપ્ત કરીને કર્તવ્યપરાયણ થવું અને સર્વ યોગોમાં મુખ્ય એવા જ્ઞાન, દર્શન અને ચારિત્ર યોગની આરાધનામાં દત્તલક્ષ્યમના થવું.

અસંખ્ય યોગની શ્રદ્ધાકારક સમ્યક્ત્વ વિના તે તે યોગના માર્ગોમાં પ્રવૃત્તિ થતી નથી તેમજ તે સેવનમાં પ્રેમ થતો નથી, માટે સમ્યક્ત્વદર્શનની આવશ્યકતા છે. તેથી તેનું સ્વરૂપ નીચેના શ્લોકથી વર્ણન કરાય છે.

स्याद्वादमुद्रया सर्वे, पदार्थाः सन्ति वस्तुतः ।
श्रद्धा हि तादृशी सम्यक्, दर्शनं व्यवहारतः ॥६४॥

क्षयउपशमो मिश्रः, दर्शनमोहकर्मणः ।
चतुर्णां च कषायाणां, तथानन्तानुबन्धिनाम् ॥६५॥

ધંધો જોખમાય નહિ તેટલું જ ખર્ચ કરવું.

વસ્તુતઃ જોતાં સ્યાદ્વાદ મુદ્રા વડે સર્વ પદાર્થો મુદ્રિત છે, એવી શ્રદ્ધાને વ્યવહારથી સમ્યગ્દર્શન કહે છે.

નિશ્ચય સમ્યક્ત્વના ત્રણ ભેદ છે; ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક. આ ત્રણ ભેદ નિશ્ચય સમ્યક્ત્વના જાણવા.

અનન્તાનુબન્ધી ક્રોધ, માન, માયા અને લોભ તેમજ સમ્યક્ત્વ મોહનીય, મિશ્રમોહનીય અને મિથ્યાત્વ મોહનીય, એ સાત પ્રકૃતિના ઉપશમપણાથી ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે અને એ સાત પ્રકૃતિ-ઓના ક્ષયોપશમપણાથી ક્ષયોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે અને એ સાત પ્રકૃતિના સંપૂર્ણ ક્ષયથી ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે.

ભાવાર્થ :—વ્યવહાર સમ્યગ્દર્શનની વ્યાખ્યા જણાવે છે. નવતત્ત્વાદિ પદાર્થોને તે તે પદાર્થોના સત્યધર્મથી જાણી શકે.

જેવા રૂપે જે પદાર્થ હોય તેવા રૂપે તેને જાણે; અર્થાત્ જીવને જીવ તરીકે જાણે. અજીવને અજીવ તરીકે જાણે પુણ્યને પુણ્ય તરીકે જાણે. પાપને પાપ તરીકે જાણે. આશ્રવને આશ્રવ તરીકે જાણે. સંવરને સંવર તરીકે જાણે. નિર્જરાને નિર્જરા તરીકે જાણે. બંધને બંધ તરીકે જાણે અને મોક્ષને મોક્ષ તરીકે જાણે.

ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોને તે તે પદાર્થના લક્ષણથી યથાર્થ જાણે, દેવતત્ત્વને દેવતત્ત્વ તરીકે જાણે. ગુરુતત્ત્વને ગુરુતત્ત્વ તરીકે જાણે. ધર્મને ધર્મતત્વ તરીકે જાણે.

શ્રાવકના ધર્મને શ્રાવક ધર્મ તરીકે જાણે. સાધુધર્મને સાધુધર્મ તરીકે જાણે. એમ દરેક પદાર્થોને સત્ય લક્ષણથી જાણી તેની હૃદયમાં પરિપૂર્ણ શ્રદ્ધા કરવી, તે વ્યવહારનયથી સમ્યગ્દર્શન કહેવાય છે.

જીવાદિ નવ તત્ત્વોને જાણે છે અને તેની શ્રદ્ધા કરે છે, તે વ્યવ-હારથી સમ્યગ્દર્શન કહેવાય છે.

આજકાલ પંચમકાળમાં વ્યવહારથી સમ્યગ્દર્શન જાણી શકાય છે અને તે પ્રાપ્ત કરી શકાય છે.

આળસ એ મહાન રાક્ષસ છે—મોટો શત્રુ છે.

નિશ્ચયથી સમ્યગ્દર્શન કોને છે, તે જાણી શકાતું નથી, તથા તેનો કોઇ મનુષ્ય પોતાની અંદર તે છે, એમ નિર્ધાર કરી શકતો નથી,

કારણ કે નિશ્ચય દર્શન અરૂપી છે અને તે મોહનીય કર્મની પ્રકૃતિના ઉપશમ આદિપણાથી પ્રાપ્ત થાય છે; તેથી તેની પ્રાપ્તિ કોને છે, એમ હાલ તેવા પ્રકારના જ્ઞાનના અભાવે જાણી શકાતું નથી; માટે વ્યવહાર સમ્યગ્દર્શનની આરાધના મુખ્યતઃ કરવી અને તેની પ્રાપ્તિ માટે અહર્નિશ પ્રયત્ન કરવો.

નિશ્ચયથી કહેલું એવું ઉપશમ સમ્યકત્વ સંપૂર્ણ ભવચક્રમાં પાંચવાર પ્રાપ્ત થાય છે ક્ષયોપશમ સમ્યકત્વ સંપૂર્ણ ભવમાં અસંખ્યાત વાર પ્રાપ્ત થાય છે અને ક્ષાયિક સમ્યકત્વ તો પ્રાપ્ત થયું કદાપિકાળે જતું નથી.

કોઇના મત પ્રમાણે જીવને પ્રથમ ઉપશમ સમકિત પ્રાપ્ત થાય છે અને કોઇના એટલે સિદ્ધાંતવાદીના મત પ્રમાણે પ્રથમ ક્ષયોપશમ સમકિત પ્રાપ્ત થાય છે.

સમ્યકત્વ વિના ચારિત્ર ક્રિયાની યથાર્થ પરિપૂર્ણ સફળતા થતી નથી, માટે અવશ્ય સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો જોઈએ.

સદ્ગુરુ પાસે સિદ્ધાંતોનું શ્રવણ કરી વ્યવહારથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરવી.

ઉપશમાદિ નિશ્ચય દર્શનની વ્યાખ્યા સમજાવ્યા બાદ હવે જ્ઞાન અને ચારિત્રનું સ્વરૂપ સમજાવવામાં આવે છે.

निश्चयं दर्शनं तत्तु, ज्ञानं सम्यक् प्रभासकम् ।
द्रव्यतो भावतो विद्धि, चारित्रं जैनदर्शने ॥६६॥

देशतः सर्वतो विरतिश्चारित्रं तत्तु द्रव्यतः ।
स्थैर्यं शुद्धात्मरुपेयश्चरित्रं तच्च भावतः ॥६७॥

પગ પગ થઈ વર્ષ થાય છે; ટીપે ટીપે સરોવર ભરાય છે.

પૂર્વોકત ઉપશમાદિ સમ્યકત્વને નિશ્ચય દર્શન કહે છે.

સમ્યક્પ્રકારે વસ્તુસ્વરૂપ જણાવનારને જ્ઞાન કહે છે.

ચારિત્ર મોહનીયના ઉપશમાદિ ધર્મને ચારિત્ર કહે છે; કારણ કાર્યની અપેક્ષાએ ચારિત્રના દ્રવ્ય અને ભાવ, એ બે ભેદ જૈનદર્શનમાં કહ્યા છે.

દેશ અને સર્વવિરતિ એમ બે ભેદે દ્રવ્ય ચારિત્ર છે. આત્માના સ્વરૂપમાં સ્થિરતા તે ભાવથી ચારિત્ર છે.

ભાવાર્થ:—ઉપશમાદિ નિશ્ચય દર્શન ગુણને પ્રગટાવનાર વ્યવહાર દર્શન (દ્રવ્યદર્શન) છે. નિશ્ચય દર્શનનો કોઇ ભેદ કોઈ પામ્યો હોય છે, તોપણ તે પોતાની મેળે નિશ્ચય કરી શકતો નથી.

નિશ્ચય દર્શનની પ્રગટતાને માટે જે જે અનુમાનો કરવામાં આવે, તે સ્વમતાનુસાર હોવાથી ભૂલવાળાં પણ હોઈ શકે; માત્ર ધર્મની ક્રિયા આદિથી નિશ્ચય સમ્યકત્વનો નિર્ણય થતો નથી;

અભવ્ય જીવો માખીની પાંખ દુઃખવતા નથી, એવું ચારિત્ર પાળે છે, તેમાં નિશ્ચય સમ્યકત્વ દર્શનનું લક્ષણ આવતું નથી; માટે પૂર્ણ શ્રદ્ધાપૂર્વક જૈનધર્મનું આરાધન કરવું, એજ શ્રેષ્ઠ માર્ગ છે.

અધ્યાત્મજ્ઞાન અને દ્રવ્યાનુયોગના જ્ઞાનપૂર્વક જૈનધર્મની આરાધના કરવાથી નિશ્ચય દર્શન પણ આત્મામાં પ્રગટ થાય છે.

પોતાની શ્રદ્ધા જો પૂર્ણ છે. તો બસ ! તેનાથી સકલ ગુણો પ્રગટ થઇ શકશે, માટે જેનો કોઈ દિવ્યજ્ઞાની વિના નિર્ણય ન થાય, તેવા નિશ્ચય દર્શનની પ્રગટતામાં માથું મારી નકામો કાળક્ષેપ કરવો યોગ્ય નથી.

તત્ત્વોની શ્રદ્ધામાં તલ્લીન બની અધિકારી પરત્વે જે જે કરવાનું હોય તે કર્યા કરવું, પોતાના અધિકાર પ્રમાણે જે જે કરવાનું હોય,

મિનિટો સોનામહોર કરતાં પણ વધારે કિંમતી છે.

તે તે પૂર્ણ શ્રદ્ધાથી કર્યા કરવું, ગુરુનો ઉપદેશ સાંભળવો અને પોતાના અધિકારનો નિશ્ચય કરવો.

પોતાનું જ્ઞાન અને આચરણ શક્તિ વગેરેની બહાર જે સમ્યગ્ હોય તેના માટે માથું મારવું, તે બરોબર પોતાના અધિકારને ભ્રષ્ટ કરવા બરોબર છે.

સમ્યગ્દર્શન પામવાની ઇચ્છાવાળાઓએ નીચે કહ્યા પ્રમાણે વર્તવું.

(૧) શુભાચિંતન

પ્રત્યેક આત્માઓને પોતાના આત્માની બરોબર ગણી તેના ભલા માટે મનમાં શુભ ચિંતવવું.

સર્વ જીવો સુખી થાઓ. સર્વ જીવોના દોષ ટળો. સર્વને સત્યનો પ્રકાશ થાઓ, ઇત્યાદિ

(૨ શાસ્ત્ર વચન શ્રવણ

જીવોને સત્ય સમજાવવા અને તેટલો પ્રયત્ય કરવો. ઉચ્ચ પાયરીએ ચઢવાના ઉપાયો બતાવવા.

આત્માના ગુણોનો પ્રકાશ કરવાને જે જે શાસ્ત્રવાચન અને ઉપદેશશ્રવણ વગેરે ઉપાયો હોય તે બતાવવા.

(૩) નિંદાત્યાગ.

કોઈપણ મનુષ્યની નિન્દા કરવી નહીં. મનુષ્યોમાં પ્રગટેલા સદ્-ગુણોની પ્રશંસા કરવી. દુર્ગુણોને ઢાંકવા. પોતાની કોઈ નિન્દા કરે છે, તો જેમ પોતાનો આત્મા દુઃખાય છે, તેમ અન્યની નિન્દા કરતાં અન્યના આત્માને પીડા થવાથી તેની ભાવ હિંસા કરી કહેવાય છે.

કસાઈઓ જેમ દ્રવ્યપ્રાણનો નાશ કરે છે, તેમ નિન્દકો પણ ભાવપ્રાણની હિંસા કરનાર હોવાથી ભાવકસાઇ છે.

ગઈ જુવાની કે ગયો સમય ફરી પાછો મળતો નથી.

નિન્દક જનથી અન્યોના સદ્‌ગુણો તરફ જોઇ શકાતું નથી, માટે કોઇની નિન્દા કરવી નહીં.

(૪) દયા

કોઇના પણ આત્માને દ્રવ્યથી અથવા ભાવથી દુઃખ દેવું નહિ, તેને દયા કહે છે. એવી ઉત્તમ દયાને હૃદયમાં અહર્નિશ ખીલવવા પ્રયત્ન કરવો. જીવોની દયા કરનાર ખરેખર સમ્યક્‌ત્વનો અધિકારી થઈ શકે છે.

(૫)

સર્વ મનુષ્યોમાં જે જે અંશે ગુણો પ્રગટ્યા હોય, તે તે ગુણોની પ્રશંસા કરવી જોઈએ.

ધારો કે એક મનુષ્યમાં જેવું દોષ છતા છે અને એક વિનય ગુણ ખીલ્યો છે, તો તે જેવું દોષ સામું ન જોતાં તેના વિનયગુણની પ્રશંસા કરવી જોઇએ.

જેવું દોષને જાણવામાં આવે તો પણ તેનો કોઇની આગળ પ્રકાશ કરવો નહીં, એવા પ્રકારની પ્રમોદભાવના ધારણ કરવી જોઇએ.

(૬) ગુરુમુખે શાસ્ત્ર શ્રવણ

અધિકાર પ્રમાણે શાસ્ત્રોનું ગુરુમુખથી શ્રવણ તથા વાચન કરવું જોઇએ.

પક્ષપાત બુદ્ધિનો ત્યાગ કરી અનેકાન્ત દૃષ્ટિથી શાસ્ત્રોનું શ્રવણ તથા વાચન કરતાં સમ્યક્‌ શ્રદ્ધાની ઉત્પત્તિ થાય છે.

સંપ્રતિ સમયમાં ગીતાર્થ ગુરુમુખથી જેઓ શાસ્ત્રોનું શ્રવણ કરતા નથી અને પોતાની ઇચ્છા પ્રમાણે–

પોતાનો અધિકાર કેટલો છે તેનો નિશ્ચય કર્યા વિના—

ગમે તે પુસ્તકો વાંચે છે, તેનો આત્મા અવળે માર્ગે દોરાય છે

'હમણાં કરૂં છું' એમ કહેનાર વખતસર કામ કરી શકતો નથી.

અને તેથી તેઓને શાસ્ત્રો કોઈ વખત શસ્ત્રપણે પરિણમે છે; માટે પોતાનો અધિકાર કેટલો છે, તેનો અવશ્ય નિર્ણય કરવો જોઈએ.

અધિકારિવશાત્ શાસ્ત્રમ્ એ સૂત્ર ભૂલવું જોઈતું નથી. પોતાના અધિકાર પ્રમાણે શાસ્ત્રનું શ્રવણ તથા વાંચનથી પોતાને લાભ થઈ શકે છે.

જે જે શાસ્ત્રો વાંચવામાં આવે, તે તે શાસ્ત્રો રચવાનો શો ઉદ્દેશ હતો ? અને તે કયા દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવથી છે ? તે મને ઉપયોગી છે કે કેમ ? વગેરેનો પ્રથમથી જ નિર્ણય કરી પશ્ચાત્ તેમાં પ્રવૃત્તિ કરવાથી ઉત્તમ લાભ પ્રાપ્ત કરી શકાય છે.

એ પ્રમાણે પ્રવર્તકના વિચારો ખીલે છે અને તે આગળ ચઢતો રહે છે.

તેને શાસ્ત્ર સાંભળવામાં તથા વાચનમાં પૂર્ણપ્રેમ ઉત્પન્ન થાય છે અને તેથી તે તત્ત્વોની પૂર્ણ શ્રદ્ધાને પ્રાપ્ત કરી શકે છે, માટે જિજ્ઞાસુઓએ શાસ્ત્રશ્રવણ તથા વાચનમાં અહર્નિશ ઉદ્યમ કરવો.

(૭) માધ્યસ્થ્ય દૃષ્ટિ

મનુષ્યોએ તત્ત્વબુદ્ધિનો વિકાસ કરવા માટે માધ્યસ્થ્ય દૃષ્ટિને ધારણ કરવી. માધ્યસ્થ્ય દૃષ્ટિથી સત્યની પરીક્ષા થાય છે. હૃદયની આગળ સત્ય ઊભું રહે છે અને અસત્યનો તુરત નાશ થાય છે–એમ અનુભવ કરતાં તુરત જણાઈ આવશે.

માધ્યસ્થ્ય દૃષ્ટિવાળો પક્ષપાતના પ્રપંચોમાં ફસતો નથી અને તે સત્યને બુદ્ધિગમ્ય કરવા મથે છે.

હઠકદાગ્રહરૂપ મિથ્યાત્વ અંધકારનો તે માધ્યસ્થ્ય દૃષ્ટિરૂપ સૂર્યનાં કિરણોથી નાશ કરે છે. માધ્યસ્થ્ય દૃષ્ટિના પ્રતાપે તે પોતાના અશુદ્ધ વિચારોને ઉત્તમ સત્ય વિચારો મળતાં ફેરવી નાખે છે, અને આચારોમાં પણ સત્ય સમજાતાં તુરત ફેરફાર કરે છે.

સદાચાર અને શાંતિર્થા આયુષ્ય વધે છે.

સાચું તો મારું–એવો તેનો નિશ્ચય રહે છે, પણ **મારું તે સાચું**, આવી સંકુચિત મમતાબુદ્ધિ રહેતી નથી.

તત્ત્વોનું શ્રવણ તથા વાંચન કરતાં કોઇ વખત કોઈ બાબત ન સમજાતાં તે જૂઠના નિશ્ચય ઉપર આવી જતો નથી.

ન સમજાયેલી બાબત પર કલાકો પર્યંત વિચારો કર્યા કરે છે તેમજ દેશ, કાળ, ગુરુ અને પોતાની બુદ્ધિનો અધિકાર વગેરેની પ્રતીક્ષા કરે છે, તેથી તેનું વર્તન સર્વત્ર અનુકરણીય થઈ પડે છે; તેવો મનુષ્ય સમ્યગ્‌દર્શનને ગમે ત્યારે પ્રાપ્ત કરે છે.

૮ सत्यजिज्ञासा

સત્ય તત્ત્વની જિજ્ઞાસાથી અન્તે સત્ય તત્ત્વનું જ્ઞાન થાય છે. સત્યનાં દ્વારે ઉઘડે છે.

સત્ય અને અસત્યનો ભેદ પડે છે. પોતાનામાં સદ્‌ગુણો કેટલા છે, તે પોતાની આંખો આગળ તરી આવે છે.

પોતાની યોગ્યતા તથા અયોગ્યતાનો તેને નિશ્ચય થાય છે અને તે સત્યને સત્ય તરીકે સ્વીકારે છે અને કહે છે. અપેક્ષાએ સત્ય અને અસત્યનો નિર્ણય કરી શકે છે.

૯ કૃતજ્ઞ

પોતાના ઉપર ઉપકાર કરનારને જે જાણે છે, તે અન્યોનો ઉપકાર કરી શકે છે. જ્ઞાનોપદેશ આદિથી અન્યોનો ઉપકાર કરતાં સમ્યગ્‌-દર્શનના સન્મુખ આત્મા આવતો જાય છે.

અમુકનો ઉપકાર કરીશ તો તેનાથી અમુક જાતનો ફાયદો થશે, એવી બુદ્ધિ રાખીને જે ઉપકાર કરે છે, તે ઉપકાર નથી પણ એક જાતનો લેવડદેવડનો વ્યાપાર છે.

ઉપકાર કરતાં તેનું પ્રતિફળ ઇચ્છવું ન જોઈએ. દરેકનાં દુઃખોમાં

ફળફૂલથી શોભતા–લચી પડતા વૃક્ષ પર અનેક જીવો પોષાય છે.

ભાગ લેવો અને દરેકના આત્માને શાન્તિ આપવી, તે જ મારું મુખ્ય પરોપકાર કર્તવ્ય કાર્ય છે.

મને જે મળ્યું છે, તે સર્વના માટે છે. મને જો સર્વની સહાય ન થઈ હોત તો શરીર, વાણી અને પ્રાણને પણ ધારણ કરવા સમર્થ થઈ શકત નહીં.

મારા જીવનની ઉચ્ચતામાં જડવસ્તુઓ તથા ચેતનોની જરૂર પડી છે. તે પ્રમાણે મારે પણ જેવું લીધું તેવું મળ્યાથી શક્તિ પ્રમાણે પાછું આપવું જોઈએ એ ન્યાય છે.

માટે પ્રત્યેક જીવોના ભલા માટે અધિકાર પ્રમાણે પરોપકાર કરવો જોઈએ. જગતજીવો પ્રતિ સેવા બજાવવી જોઈએ. પરોપકારની સેવા બજાવવાનો સર્વ મનુષ્યોને હક્ક છે.

પરોપકારની સેવા બજાવવા માટે તીર્થંકરોએ સુવર્ણ કોટી દાન તથા દેશના વગેરેથી પોતાને મળેલો અધિકાર સફળ કર્યો, ત્યારે મારે પણ મને મળેલા અધિકાર પ્રમાણે પરોપકાર કરવો જોઈએ.

પોતાની ફરજ અધિકાર પ્રમાણે ઇન્દ્રો પણ બજાવે છે, તેને જીતકલ્પ પણ કહેવામાં આવે છે.

જગતમાં દરેક પદાર્થો પોતપોતાની એક ઘડીભર ફરજ ન બજાવે તો કોઈ મનુષ્યોથી શ્વાસ પણ લઈ શકાય નહીં. પોતાની ફરજ બજાવનાર ઋણમુક્ત થાય છે. શ્રી મહાવીર પ્રભુએ અન્તિમ દેશના સોળ પ્રહર ભવ્ય જીવોને દેશના દઈ પોતાની પરોપકારરૂપ ફરજ બજાવી હતી, તેથી તેમનું આપણે ઘડીએ ઘડીએ ધ્યાન ધરીએ છીએ.

અત્યંત પરોપકારની લાગણી **શ્રી વીરપ્રભુએ** મૌન રહેવાની પ્રતિજ્ઞા કર્યા છતાં પણ ચંડકોશિયા સર્પને બોધ આપી તેનું ભલું કર્યું હતું.

ધનેશ્વરી અને જ્ઞાની પુરૂષોએ અનેક મનુષ્યને પોષવા જોઈએ.

પૂર્વભવોમાં મનુષ્યનો આ વખતનો અવતાર પામવા અન્યોને પરોપકારથી સહાય કરેલી એમ નિશ્ચય છે.

આ ભવમાં સર્વજનોએ મોટા થતાં અવસરે ઉપકારરૂપ પોતાની ફરજ બજાવી છે, તે પ્રમાણે આપણે પણ અધિકાર પ્રમાણે મળેલી શક્તિઓ વડે અન્ય જીવોને પોતાના બંધુ સમાન ગણી ઉપકાર કરવો જોઈએ.

ઉપકારી મનુષ્ય ઉચ્ચ થવાના સર્વ ઉપાયોને પોતાની સન્મુખ આકર્ષે છે અને તે ભવિષ્યમાં પોતાનું જીવન ઉચ્ચ કરે છે.

અન્યો પણ તેને તેની એવી દશા જોઈ તેને (ઉચ્ચ) ઉત્તમ કરવા જીગરથી સહાય આપે છે અને તેથી તેને સમ્યગ્દર્શનરૂપ આંખ પ્રગટે છે.

૧૦ શુદ્ધપ્રેમ

ધર્મતત્ત્વ જિજ્ઞાસુઓએ વિષયોની ઇચ્છાનો ત્યાગ કરી સર્વ જીવો પર શુદ્ધ પ્રેમ કરવો જોઈએ.

શુદ્ધ પ્રેમથી સર્વ જીવો પોતાના પ્રતિ આકર્ષાય છે અને તેઓ વૈરની લાગણીઓ ત્યજી દે છે. સત્ય તત્ત્વની દૃષ્ટિ પણ દર્શનમોહનો નાશ કરીને સ્વયમેવ પ્રગટે છે.

શુદ્ધ પ્રેમથી સદ્‌ગુરુનું અવલંબન થઈ શકે છે અને કોઈની નિન્દા થતી નથી. સત્યતત્ત્વ ગ્રહણ કરવાનું મન થાય છે.

ગુરુઓ પણ શુદ્ધ પ્રેમથી સત્યતત્ત્વને અલ્પકાળમાં સમજાવે છે અને તે હૃદયમાં સહેલાઈથી ઉતરે છે, તેથી તે સમ્યક્ત્વરત્નને પ્રાપ્ત કરી શકે છે.

શુભ વિચારોનો અભ્યાસ

સમ્યક્ત્વની ઇચ્છાવાળાઓએ શુભ વિચારોનો પ્રવાહ મનમાં સતત વહેવરાવવો જોઈએ.

ચક્ષુ નાનાં છે પણ તેના વિના હાથી જેવડું મોટું પ્રાણી નિરાધાર બને છે.

શુભ વિચારો કરવાથી ઘર, કુટુંબ, નાત, ગામ, જિલ્લો અને આખા દેશના ઉપર સારી અસર થાય છે.

સારા વિચારોની અસર શરીર પર પણ સારી થાય છે અને તેથી પોતાની સંતિત ઉપર પણ સારી અસર થાય છે.

જેમ ક્રોધી માતા પુત્રને ધવરાવે છે, તો ક્રોધથી દૂધમાં ખરાબ અસર થાય છે અને બાળક માંદું પડે છે.

તેમ સારા વિચારોની પણ મનોવર્ગણા પર અસર થાય છે અને તેની અસર શરીરમાં રહેલ રક્ત (લોહી) તથા વીર્ય ઉપર થાય છે.

તેથી રક્ત અને વીર્યના આહારથી શરીર ગ્રહણ કરનાર પુત્ર અને પુત્રીઓ ઉપર પણ સારી અસર થાય છે; માટે ધર્મના શુભ વિચારો કરવાનો સતત અભ્યાસ કરવો.

ઝનૂની વિચારવાળાનાં છોકરાં પ્રાયઃ ઝનૂની થાય છે. તે તે પ્રમાણે શુભ વિચાર કરનારની સંતતિ પણ પ્રાયઃ શુભ વિચાર કરનારી થાય છે અને તે પ્રમાણે દેખવામાં પણ આવે છે.

સારા વિચારોની અસર વીજળીની પેઠે સર્વત્ર થાય છે, માટે સારા વિચારો અહર્નિશ કર્યા કરવા.

શુભ વિચારો કરતાં સમ્યકત્વના વિચારોને પ્રાપ્ત કરી શકાય છે અને તેથી મુક્તિની પીઠિકા રચાય છે.

અનેક પ્રકારની ક્રિયાઓ કરતાં ખરાબ વિચારોને હઠાવનાર એવા શુભ વિચારો પૂર્ણ પ્રેમથી કરવા. એમ અગીઆર ગુણો માટે અભ્યાસ કરવાથી નિશ્ચય સમ્યગ્રત્નની પ્રાપ્તિ થયા વિના રહેતી નથી.

ચારિત્ર

ચારિત્ર મોહનીય કર્મના ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક

ચક્ષુ વડે દૂર દૂરની ચીજો જોઈ શકાય છે.

ભાવથી ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક ભાવનું ચારિત્ર પ્રગટે છે. આ ત્રણ પ્રકારના ચારિત્રને નિશ્ચય ચારિત્ર ભાવ ચારિત્ર કહેવામાં આવે છે.

એ ત્રણ પ્રકારનાં ચારિત્ર પ્રાપ્ત કરવાના હેતુઓને દ્રવ્ય ચારિત્ર અથવા વ્યવહાર ચારિત્ર કહેવામાં આવે છે.

મુક્ત દશા કરવા માટે ચારિત્રની આવશ્યકતા છે.

પુરુષો અને સ્ત્રીઓ ચારિત્ર માર્ગને અંગિકાર કરી શકે છે.

વ્યવહાર ચારિત્રના દેશ અને સર્વથી એમ બે ભેદ પડે છે. દેશચારિત્ર બાર વ્રતરૂપ હોવાથી તે ચારિત્રના આરાધક ગૃહસ્થ શ્રાવકો છે અને સર્વ ચારિત્ર પંચ મહાવ્રતરૂપ હોવાથી તેના આરાધકો મુનિવરો છે.

ચારિત્રની આવશ્યકતા

સદ્‌ગુણો તે ચારિત્રરૂપ છે અને દુર્ગુણો છે, તે ચારિત્રના વિઘાતકો છે. સદ્‌ગુણો એ આત્માનો ધર્મ છે.

જેમ જેમ સદ્‌ગુણોનો પ્રકાશ થતો જાય છે, તેમ તેમ દુર્ગુણો ટળતા જાય છે.

મન, વાણી, કાયા અને આત્મા, એ ચારની શુભ ઉચ્ચ દશા કરવી, તે જ ચારિત્ર કહેવાય છે. ગુણો વિના કોઈની મુક્તિ થઈ નથી અને થવાની નથી.

આવરણોનો નાશ થયા વિના ગુણો પ્રગટતા નથી. મનની નિર્મલતા થયા વિના સ્થિરતા થતી નથી; માટે મનની સ્થિરતા કરવા વ્યવહાર ચારિત્રની ખાસ આવશ્યકતા છે.

મન, વચન અને કાયાના અશુભ વ્યાપારોનો ત્યાગ કરી, એ ત્રણ યોગનો શુભ વ્યાપાર કરવો.

જ્ઞાન ચક્ષુ વધારે જોઈ શકે છે; અને જીવનનો ઉદ્ધાર કરે છે.

એ ત્રણનો શુભ વ્યાપાર પણ ઉપાધિત્યાગ વિના થઈ શકતો નથી, માટે ચારિત્રની ખાસ જરૂર છે. તેથી મનની ચંચળતા ટળે છે. મનની ચિંતા ટળવાથી સદ્‌બુદ્ધિનો પ્રકાશ થાય છે.

શ્રી તીર્થંકર ભગવંતોએ ભાવ ચારિત્રની પ્રાપ્તિ માટે સર્વ બાહ્ય સંગના ત્યાગરૂપ દ્રવ્ય ચારિત્ર અંગીકાર કર્યું, તેમ અન્યોએ પણ કરવું જોઈએ.

સર્વવિરતિ ચારિત્ર અંગીકાર ન કરી શકાય તો દેશવિરતિ ચારિત્રને અંગીકાર કરવું.

સમ્યક્‌ત્વ શ્રદ્ધાપૂર્વક ચારિત્રની સફલતા થાય છે, પણ કહેવાનું કે સમ્યગ્‌જ્ઞાન અને સમ્યગ્‌દર્શન વડે સાધ્ય ચારિત્ર છે, માટે તે બેથી પણ સમ્યગ્‌ચારિત્રની ઉત્તમતા સિદ્ધ થાય છે.

સમ્યગ્‌જ્ઞાન અને સમ્યગ્‌દર્શન વિના શુદ્ધ ચારિત્રની પ્રાપ્તિ થઈ શકતી નથી.

વેષ, ક્રિયા અને આત્માના સદ્‌ગુણો તેમજ તેવો ઉપદેશ એવા ચારિત્ર વિના ચારિત્રધારકની શોભા થઈ શકતી નથી.

દયા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને પરિગ્રહ મમત્વત્યાગ એ પાંચને મહાવ્રત કહે છે.

વ્યવહારથી એ પાંચ મહાવ્રતને દ્રવ્ય ચારિત્ર કહે છે.

આત્મામાં જે જે અંશે સ્થિરતા થાય તે તે અંશે ભાવ ચારિત્ર કહેવાય છે. ક્ષાયિકભાવે સંપૂર્ણ સ્થિરતા થતાં પરિપૂર્ણ નિશ્ચય ચારિત્ર પ્રગટે છે.

ભાવ ચારિત્ર

મનમાં ઉત્પન્ન થતા રાગ દ્વેષનો ક્ષય કરવો, તથા ઈર્ષ્યા, કલેશ, શોક, મમત્વ અને અનેક પ્રકારની બાહ્ય પદાર્થો ઇચ્છાઓ વગેરેની

કાર્યક્રમ નક્કી કરી કામનો આરંભ કરવાથી કામ જલદી પતે છે.

મનમાં અનેક વાસનાઓ તથા તેના સંસ્કારો હોય છે, એ સર્વનો નાશ કરવો જોઈએ.

આત્માના શુદ્ધ વર્તનનું સ્મરણ કરવું જોઈએ. દરેક ક્રિયાઓ કરતા મનને તાબામાં રાખવું જોઈએ.

સર્વ જડ પદાર્થોમાં રમણીયપણું અથવા અરમણીયપણું નથી, તેમ છતાં મનુષ્યો તેમાં સ્વબુદ્ધિતઃ ઇષ્ટત્વ અને અનિષ્ટત્વ કલ્પે છે; પણ તેમાંથી ઇષ્ટ અને અનિષ્ટપણાની કલ્પના ઉઠી જવી જોઇએ.

ઇષ્ટત્વ અને અનિષ્ટત્વની કલ્પના જેમ જેમ ઉઠવા (અલ્પ થવા) માંડે છે, તેમ તેમ બાહ્યનિમિત્તો દ્વારા મનમાં થતા હર્ષ અને શોકનો નાશ થાય છે. કોઈ પદાર્થ ઉપર રાગ અથવા કોઈ પદાર્થ ઉપર દ્વેષ પ્રગટ થતો નથી. આત્માના ગુણોની પ્રવૃતિ થાય છે.

બાહ્ય પદાર્થો તટસ્થ સાક્ષીભૂત દૃષ્ટિથી દેખાય છે અને તેમાં પ્રવૃત્તિ પણ અલિપ્તપણે પ્રારબ્ધતઃ કરાય છે.

આમ ભાવ ચારિત્રનું વર્તન અહર્નિશ વૃદ્ધિ પામે છે અને તેથી ધર્મધ્યાન અને શુકલધ્યાનનો પરિણામ વિશેષતઃ જાગ્રત રહે છે.

આવી ભાવચારિત્ર દશામાં અનંત કર્મોનો નાશ થાય છે અને આત્મા કેવલજ્ઞાન અને કેવલદર્શન પ્રાપ્ત કરી પરમાત્મસ્વરૂપમય થાય છે. માટે વ્યવહારચારિત્રપૂર્વક ભાવચારિત્ર ગુણવૃદ્ધિ માટે સ્વશક્તિ અનુસારતઃ પ્રવૃત્તિ કરવી.

દ્રવ્યચારિત્ર અને ભાવચારિત્રમાં કારણ કાર્ય ભાવનો સંબંધ છે, તે જણાવે છે,

भावचारित्रकार्ये हि, द्रव्यचारित्रकारणम् ।
कार्यकारणभावस्य, व्यवस्था सम्प्रवर्तते ॥ ६८ ॥

હરેક મનુષ્ય કે હરેક વસ્તુની ઉજળી વાતો જોવી.

ભાવચારિત્ર રૂપ કાર્યમાં દ્રવ્યચારિત્ર કારણ છે; જગતના દરેક પદાર્થોમાં કાર્યકારણ ભાવની વ્યવસ્થા સારી રીતે વર્તે છે.

ભાવાર્થ :—મન, વચન અને કાયાના યોગનો શુભ વ્યાપાર કરવો, એ દ્રવ્ય ચારિત્ર છે.

ભાવ ચારિત્રરૂપ આત્માની શુદ્ધ પરિણતિની આવિર્ભાવતા માટે ત્રણ યોગની ક્રિયાઓ તથા અન્ય ચારિત્રનાં ઉપકરણો વગેરે સર્વની આવશ્યકતા છે.

દ્રવ્યચારિત્રનો ગમે તે પ્રકાર પામ્યા વિના ભાવચારિત્રની આવિર્ભાવતા થતી નથી.

ઘટરૂપ કાર્યના માટે જેમ નિમિત્ત કારણોની જરૂર રહે છે તેમજ પુત્રોત્પત્તિ માટે જેમ કાલ, જનક અને જનનીની નિમિત્ત કારણતાની અપેક્ષા રહે છે, તેમ ભાવચારિત્રમાં દ્રવ્યચારિત્રની આવશ્યકતા ઉપયોગિતા રહે છે.

પાંચ કારણ વિના કાર્યની ઉત્પત્તિ થતી નથી. પાંચ કારણમાં કેટલાંક નિમિત્ત કારણ અને કેટલાંક ઉપાદાન કારણ છે.

કષાયોની મંદતા જે જે ઉપાયોથી થાય એવાં કારણો અનેક છે અને તે વ્યવહાર (દ્રવ્ય) ચારિત્રરૂપ કહેવાય છે.

દ્રવ્ય ચારિત્ર વડે આત્મામાં ઉજ્જવલ પરિણામભાવની વૃદ્ધિ થાય છે. સાધ્યમાં દત્તલક્ષ્યવૃત્તિવાળાને દ્રવ્યચારિત્ર ઉપયોગી થઈ પડે છે.

આત્મા મન, વચન અને કાયાના યોગનું અવલંબન કરે છે. પાંચ સમિતિરૂપ ચારિત્ર પણ તેના વડે પાળે છે અને તેથી તે પોતાના શુદ્ધધર્મની વૃદ્ધિ કરે છે.

ક્ષણે ક્ષણે ઉજ્જવલ પરિણામમાં વૃદ્ધિ કરતો રહે છે, નીચેનું ગુણસ્થાનક ત્યાગ કરીને ઉપરનું ગુણસ્થાનક અવલંબે છે.

મોટાઓ અને સુજ્ઞોની શીખામણ ઉપર ધ્યાન આપો.

જેમ જેમ તે આત્મામાં ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકાગ્રતાથી સ્થિર થતો જાય છે, તેમ તેમ તે સહજ સુખામૃત રસનું પાન કરે છે.

ઉત્તમ ચારિત્ર શ્રીસદ્‌ગુરુ વિના પ્રાપ્ત થતું નથી. શ્રીસદ્‌ગુરુ નયોપૂર્વક ચારિત્ર જણાવે છે; માટે સદ્‌ગુરુની પાસે ચારિત્ર અવબોધી ગુરુની પાસે ચારિત્ર અંગીકાર કરવું, એમ હવે જણાવે છે.

आत्मसद्धर्म्मलाभार्थं, सेव्य : सद्‌गुरूयोगिराट् ।
सप्तनयैर्विजानी हि, चारित्रं क्रमशुद्धिमत् ॥ ६९ ॥

હે ભવ્યાત્મન્ ! ! ! આત્માના સદ્‌ધર્મની પ્રાપ્તિ માટે સદ્‌ગુરુ યોગિરાજ સેવવા યોગ્ય છે. માટે શ્રી સદ્‌ગુરુ દ્વારા સાત નયોથી જ ક્રમવડે શુદ્ધ એવું ચારિત્ર સ્વરૂપ જાણ.

ભાવાર્થ :—આત્માના સદ્‌ધર્મની પ્રાપ્તિ માટે સદ્‌ગુરુની સેવા કરવી જોઈએ. ગુરુસેવા વિના અનુભવમેવા મળતા નથી.

જગતમાં અનેક કળાઓ માટે અનેક કળાચાર્યોની ઉપાસના કરવી પડે છે. "**ગુરુ દીવો ગુરુ દેવતા ગુરુ વિણ ઘોર અન્ધકાર**" ઇત્યાદિ વાકયોથી સદ્‌ગુરુનો અત્યંત મહિમા પ્રગટ થાય છે.

શાસ્ત્રો દ્વારા ગમે તેટલું જાણવામાં આવે છે, તો પણ શ્રીસદ્‌-ગુરુના અનુભવ જ્ઞાનની આવશ્યકતા તો બાકી રહે છે.

શ્રીસદ્‌ગુરુગમપૂર્વક ભણેલું સર્વ આશીર્વાદરૂપ થઈ પડે છે અને તેનું ફળ બેસે છે.

આજકાલ ગુરુ વિના કેટલાક સ્વબુદ્ધિથી શાસ્ત્રોમાં ઉદ્યમ કરે છે. પણ તેઓના હૃદયમાં તે તે જ્ઞેય પદાર્થનો અનુભવ આવતો નથી.

પોતાની જાતને ઓળખતાં હતાં.

ચારિત્રનું સ્વરૂપ સમજવામાં પણ ચારિત્ર અંગિકાર કરીને પાળનાર એવા સદ્‌ગુરુની ખાસ આવશ્યકતા સિદ્ધ ઠરે છે.

શાસ્ત્રોમાં પ્રતિપાદન કરેલું એવું ચારિત્રનું રહસ્ય જેટલું ચારિત્રધારક મુનિ ગુરુઓ જાણે છે, તેટલું અન્ય કે જે ચારિત્રરહિત એવા પંડિતો જાણી શકતા નથી.

ચારિત્રધારક મુનિઓ જ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી ચારિત્રનું સ્વરૂપ સમજી શકે છે.

જે બાબતમાં જેનો અધિકાર છે, તે જ તે બાબતનો અનુભવ યથાર્થ જાણી શકે છે. ચારિત્રના રહસ્યનો અનુભવ એકલા શાસ્ત્રોના તત્ત્વથી થઈ શકતો નથી, પણ ચારિત્રધારક ગુરુઓની ઉપાસના કરવાથી યથાર્થ અનુભવ થઈ શકે છે.

ચારિત્ર સ્વરૂપના જ્ઞાનાર્થે તેમજ તેની પ્રાપ્તિ માટે ચારિત્રધારક સદ્‌ગુરુ સેવવાની આવશ્યકતા છે, એમ અનુભવ કરતાં જણાશે.

ચારિત્રધારક સદ્‌ગુરુ વિના અધિકાર પ્રમાણે ચારિત્ર રહસ્ય કોઈ સમજાવી શકતું નથી અને તેથી સ્વબુદ્ધયા ચારિત્ર સંબંધી વાંચેલાં પુસ્તકોમાં અનેક પ્રકારની શંકાઓ પડે છે અને તેથી ઉલટી નાસ્તિક બુદ્ધિની વૃદ્ધિ થાય છે.

જ્યારે વસ્તુસ્થિતિ આમ છે, ત્યારે અવશ્ય સદ્‌ગુરુ સેવાની જરૂર પડે છે. તે માટે કોઈ ચારિત્રધારક સદ્‌ગુરુ કરવા જોઈએ.

વ્યવહારચારિત્રમાં ઘણા ઉત્સર્ગ માર્ગો અને અપવાદ માર્ગો છે. જેટલા ઉત્સર્ગ માર્ગો છે; તેટલા જ અપવાદ માર્ગો છે. જે વસ્તુનો ત્યાગ બતાવ્યો છે, તે જ વસ્તુઓ કોઈ વખતે અમુક દશાવાળાને આદેય બતાવી છે.

વ્રતો પાળતાં તેમાં દોષો લાગે છે અને તે દોષોનું પ્રાયશ્ચિત્ત પણ ગુરુ પાસે લેવાનું દેખાડયું છે.

સ્વદોષોને જુઓ અને દોષોને દુર કરો.

વ્યવહારસૂત્ર વૃત્તિ તેમજ **બૃહત્કલ્પવૃત્તિ** વગેરેમાં ઘણા અપવાદ માર્ગો દર્શાવ્યા છે અને લાગેલા દોષોનાં પ્રાયશ્ચિત્ત પણ બતાવ્યાં છે. પાંચ વ્રતભંગનાં પ્રાયશ્ચિત્ત ત્યાં જણાવ્યા છે.

કોઈ સાધુએ અમુક પાપ સેવ્યું હોય તો તેનું પણ પ્રાયશ્ચિત્ત દર્શાવ્યું છે. ગુરુની પાસે પ્રાયશ્ચિત્ત લેવાથી તે આત્માના દોષની શુદ્ધિ થાય છે, એમ સારી રીતે પ્રતિપાદન કર્યું છે.

સાધુઓને પ્રાયશ્ચિત્ત આપવા સંબંધી કેટલાંક પુસ્તકો ગુપ્ત રાખવાં પડે છે, માટે તે સંબંધી ગુરુગમથી વિશેષ જ્ઞાન સમજી લેવું.

ચારિત્રધારકને ચારિત્ર સંબંધી અનેક અનુભવો મળે છે. ચારિત્ર પાળવાથી તે સંબંધી શુદ્ધિનો અનુભવ ખીલે છે, માટે ચારિત્રસ્વરૂપ તો ગુરુ પાસે જ સમજવું જોઈએ. તેમાં ગૃહસ્થ વર્ગનો અધિકાર જણાતો નથી.

શ્રી સદ્ગુરુ મહારાજ નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત, એ સાત નયોથી ચારિત્રનું સ્વરૂપ સમજાવે છે.

સાત નયોથી ચારિત્રનું સ્વરૂપ સમજ્યા વિના ચારિત્રનું રહસ્ય હાથમાં આવતું નથી. ક્રમવડે વિશુદ્ધ એવું ચારિત્ર ઉત્તરોત્તર નય જણાવે છે.

તે પ્રમાણે ચારિત્રનો બોધ થયાથી ઉત્તરોત્તર શુદ્ધ ચારિત્ર પ્રાપ્ત કરવા ધ્યાન ખેંચાય છે અને અમુક નયના આગ્રહમાં જ ચારિત્રની માન્યતાનો હઠવાદ થએલો હોય છે, તે ટળી જાય છે.

સાત નયોથી પ્રતિપાદિત ચારિત્રનું સ્વરૂપ જાણવામાં આવે તો પણ કયા નયના ચારિત્રનો મને અધિકાર છે, તેનો અનુભવ મેળવવો જોઈએ.

સાત નયોથી ચારિત્રનું સ્વરૂપ જાણતાં તે સર્વ નયકથિત ચારિત્ર કંઈ પોતાના આત્મામાં ઉત્પન્ન થઈ શકતું નથી, અર્થાત્ ચારિત્રનું સ્વરૂપ જાણ્યું એટલે તે આવી ગયું એમ માની શકાય નહીં.

વિજય સાહસિક અને બહાદુરોને સાંપડે છે.

નયોના અધિકાર પ્રમાણે ક્રમવિશુદ્ધ ચારિત્ર પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઈએ.

સમજો કે, ઋજુસૂત્ર અને વ્યવહારનય ચારિત્રનું તો આત્મામાં ઠેકાણું ન હોય અને એવંભૂત નયકથિત ચારિત્ર પ્રાપ્તિ માટે પ્રથમના નયકથિત ચારિત્ર માર્ગોને ત્યજી દઈએ તો અતો ભ્રષ્ટસ્ततोभ्रष्टः થવાનો વખત આવે છે.

માટે અધિકાર વિના એક નયકથિત ચારિત્રનું આરાધન કરી અન્ય નયકથિત ચારિત્રનો અપલાપ કરવામાં આવે તો તે પણ ઠીક નથી. અધિકાર પ્રમાણે ચારિત્રની યોગ્યતા છે.

નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર નિક્ષેપાથી ચારિત્રના પણ ચાર ભેદ પડે છે. નામચારિત્ર, સ્થાપનાચારિત્ર, દ્રવ્યચારિત્ર અને ભાવચારિત્ર આનું સ્વરૂપ સુગમ છે.

નય નિક્ષેપપૂર્વક દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી ચારિત્રમાર્ગનું સંપૂર્ણ જ્ઞાન કરવું અને અધિકાર પ્રમાણે સદ્‌ગુરુ પાસે ચારિત્રને અંગિકાર કરવું જોઈએ.

ચારિત્રધારક સદ્‌ગુરુથી જ ચારિત્ર પ્રાપ્તિ થઈ શકે છે, માટે શાસ્ત્રોમાં સાધુ ગુરુની પાસે ચારિત્ર અંગિકાર કરવું એમ આજ્ઞા કરી છે.

ચારિત્ર લેનારનો ગુરુ, ચારિત્રધારક જ હોવો જોઇએ. જેનામાં ચારિત્ર નથી, તે અન્યોનો ચારિત્રગુરુ બની શકવાનો નથી. ચારિત્રધારક સાધુઓનો ગૃહસ્થ ગુરુ હોઇ શકતો નથી, એમ જિનાગમમાં જ્યાં ત્યાં વિધિપ્રતિપાદક પાઠોથી જણાવ્યું છે.

સર્વવિરતિ ગુણસ્થાનકમાં રહેલા ચારિત્રધારક સાધુઓને સંજ્વલન ક્રોધ, માન, માયા અને લોભનો ઉદય હોય છે; તેથી તે તે કષાય અપેક્ષાએ તેઓ રાગી અને દ્વેષી હોય છે; તેથી તેઓને અતિચાર લાગે છે, પણ ચારિત્રનો નાશ થતો નથી.

ખરા ખોટા કામની અસર બધે પડે જ છે.

સામ્પ્રત સમયમાં રાગ દ્વેષનો સંપૂર્ણ ક્ષય થતો નથી; તેથી સંજ્વલનના રાગ અને દ્વેષને ધારણ કરનાર સાધુઓ પર અશ્રદ્ધા કરવી નહીં.

ચારિત્રધારક ગુરુઓમાં પણ ચારિત્રની તરતમતા છે, એમ અનુભવથી શાસ્ત્રાધારે સમજી લેવું.

વ્યવહાર માર્ગથી સાધુની જે જે ક્રિયાઓ સ્થૂલ બતાવી છે, તેનું અધિકારપરત્વે આરાધન કરવું. વિશેષતઃ સમજી લેવું કે, જેમ જેમ આત્માની શુદ્ધિ થાય અને જગતના જીવોની દયા થાય, તેઓનું ભલું કરાય અને રાગદ્વેષની મન્દતા થાય, તેજ ચારિત્રનો માર્ગ છે.

ચારિત્રની ક્રિયાઓના ઘણા ભેદ છે, શરીર તથા માનસિક ચારિત્રના ભેદે તેની ક્રિયાઓ પણ સ્થુલ અને સૂક્ષ્મ એ બે ભેદમાં વહેંચાઈ જાય છે તે પ્રસંગતઃ જણાવે છે.

સ્થૂલસૂક્ષ્મવિભેદેન, ક્રિયા ચારિત્રિણો દ્વિધા ।
શરીરાદિકૃતા સ્થૂલા, સૂક્ષ્મા ત્વધ્યવસાયતઃ ॥ ૭૦ ॥

ચારિત્રોની સ્થૂલ અને સૂક્ષ્મ એ ભેદે ધર્મની ક્રિયા છે. શરીર અથવા શરીરના પ્રયોગથી અન્ય વસ્તુઓ દ્વારા જે ક્રિયાઓ ધર્મની કરાય છે, તે સ્થૂલ છે અને મનના અધ્યવસાયથી ધર્મધ્યાનાદિ ક્રિયાઓ જે કરાય છે, તે સૂક્ષ્મ છે.

ભાવાર્થ :—ચારિત્રોની પ્રતિક્રમણ, પ્રતિલેખના વગેરે ક્રિયાઓ જે શરીર દ્વારા થાય છે, તે સ્થૂલ ક્રિયાઓ જાણવી અને મનમાં થતા અધ્યવસાય અથવા અધ્યવસાયથી જે જે ધ્યાનાદિ ક્રિયાઓ થાય છે, કે જેને અન્યો પોતાની દ્રષ્ટિ દ્વારા દેખી શકતા નથી, તે સૂક્ષ્મ ક્રિયાઓ જાણવી.

કોઈનો તિરસ્કાર ન કરવો.

ધર્મધ્યાન અને શુક્લધ્યાન પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ, રૂપાતીત ચાર ભાવના અને બાર ભાવના વિષે ધર્મની સૂક્ષ્મ ક્રિયાઓ જાણવી.

સ્થૂલ ક્રિયાઓ કે જે આત્માથી ભિન્ન છે, તે નિમિત્ત ક્રિયાઓ જાણવી અને આત્માના અધ્યવસાયરૂપ સૂક્ષ્મ ક્રિયાઓ તે ઉપાદાન ક્રિયાઓ જાણવી.

સ્થૂલ ક્રિયા કરતાં આત્માની સૂક્ષ્મ ક્રિયામાં કર્મ હણવાની અનંતગણી શક્તિ છે. સ્થૂલ ક્રિયાઓ કરતાં કરતાં પણ અન્તે સૂક્ષ્મ ક્રિયાઓને અવલંબવી પડે છે.

સ્થૂલ ક્રિયાઓ તો મૂર્ખ અને જ્ઞાનીની બાહિરની સ્થૂલ દૃષ્ટિથી દેખતાં એક સરખી દેખાય છે અને તેથી બાળજીવો મૂર્ખ અને જ્ઞાનીનો ભેદ સમજી શકતા નથી.

ધ્યાનાદિ આન્તર સૂક્ષ્મ ક્રિયાઓને જ્ઞાની કરી શકે છે, અજ્ઞાનીનો ત્યાં અધિકાર નથી અને અજ્ઞાની તે સૂક્ષ્મ ક્રિયાઓની પરીક્ષા કરવાનો અધિકાર બની પણ શકતો નથી.

જ્ઞાનીની અધ્યવસાયરૂપ સૂક્ષ્મ ક્રિયાઓને આદરવાને અજ્ઞાની અધિકારી થઈ શકતો નથી. જે જ્ઞાનીઓનો સૂક્ષ્મ ક્રિયાઓમાં અધિકાર થયો છે, તેઓ સ્થૂલ ક્રિયાઓને આવશ્યક તરીકે અન્યના ભલા માટે કરે છે.

તેઓ ધર્મની દૃષ્ટિને સારી રીતે જાણતા હોય છે, તેથી સ્વપરના ભલા માટે ક્રિયાયોગી બને છે. પણ તેઓનું ચિત્ત તો સૂક્ષ્મ ક્રિયાઓમાં હોય છે.

જ્ઞાનીઓ દેખે છે, ચાલે છે, સર્વ કરે છે, પણ અન્તરથકી ન્યારા હોવાથી સંસારમાં બંધાતા નથી, મુક્ત જેવા બની રહે છે.

ધર્મધ્યાનાદિ વડે અનુભવજ્ઞાન મેળવે છે, માટે તેવા જ્ઞાનીઓને ધન્યવાદ ઘટે છે; તેવા જ્ઞાનીઓ દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવને સમજે છે,

---

લક્ષ્મીનો સદુપયોગ પોતાનામાં તથા પોતાના બંધુઓમાં જ્ઞાન વધે તે રીતે કરવો.

અને સ્થૂલ બુદ્ધિવાળાઓને સ્થૂલ ક્રિયાઓમાં જોડી જૈનધર્મની વૃદ્ધિ કરે છે.

સ્થૂલ ક્રિયાના અધિકારીને સ્થૂલ ક્રિયાનો ઉપદેશ આપે છે અને પોતાને યોગ્ય એવી અધિકાર પ્રમાણે પોતે ક્રિયા કરે છે.

ધર્મની સ્થૂલ ક્રિયાઓના પણ ઘણા ભેદ છે. અધિકાર અને રુચિ પ્રમાણે સર્વ જીવો યથાયોગ્ય ક્રિયાઓને આદરે છે.

"પરિણામે બંધ" એ વાકય અનુસારે જોતાં ધર્મના શુભ અને શુદ્ધ વિચારોની સૂક્ષ્મ ક્રિયાઓ કરીને બાહ્યથી આવશ્યક કાર્યો પણ સર્વે કરવાં જોઈએ.

અધ્યવસાયની શુદ્ધિ તેજ ખરેખર ચારિત્રશુદ્ધિ જાણવી. જો અધ્યવસાયની મલિનતા હોય છે, તો બાહ્ય ધર્મની સ્થૂલ ક્રિયાઓથી કર્મનો નાશ થતો નથી. માટે બાહ્ય અને આન્તરિક ક્રિયાઓને આદરવી જોઈએ.

આજકાલ કેટલાક અજ્ઞજીવો સ્થૂલ ક્રિયાઓને જ ધર્મની ક્રિયાઓ માત્ર માની ધ્યાનાદિ સૂક્ષ્મ ક્રિયાઓનો અપલાપ કરે છે, તે ખરેખર આત્મધર્મરૂપ લક્ષ્મીથી દૂર રહે છે એમ જાણવું; માટે અધિકાર પ્રમાણે ધર્મની સ્થૂલ અને સૂક્ષ્મ ક્રિયાઓનું વખતસર આરાધન કરવું.

હવે આત્માના અધ્યવસાયરૂપ સૂક્ષ્મ ધર્મક્રિયાનું ફળ જણાવે છે.

धर्मसूक्ष्मक्रियायोगात्, प्रसन्नचन्द्रवन्मुनिः ।
दृढप्रहारिवच्छीघ्रं, कर्माष्टकं विनाशयेत् ॥७१॥

सूक्ष्मकर्म विनाशाय, सूक्ष्मधर्मक्रियावरा ।
वृषभमातृवज्ज्ञेया, कपिलर्षेरिव प्रभोः ॥७२॥

બળવાન મનુષ્યે બીજાને બળવાન બનાવવા જોઈએ.

નિર્મલ અધ્યવસાયરૂપ ધર્મની સૂક્ષ્મ ક્રિયાના યોગથી **પ્રસન્નચંદ્રરાજર્ષિ** અથવા **દૃઢપ્રહારિની** પેઠે મુનિરાજ અલ્પકાલમાં આઠ કર્મનો નાશ કરે છે.

આઠ પ્રકારનાં કર્મ સૂક્ષ્મ છે. આત્માના અસંખ્યાત પ્રદેશોની સાથે લાગ્યાં છે. તે સૂક્ષ્મ કર્મોનો નાશ કરવા માટે સૂક્ષ્મ એવી આત્માના નિર્મલ પરિણામરૂપ ધર્મની શ્રેષ્ઠતા લક્ષ્યમાં રાખવી જોઈએ.

મરુદેવા માતા અને **કપિલમુનિની** પેઠે સૂક્ષ્મ અધ્યવસાય ભાવના રૂપ ધર્મની ક્રિયાઓ સફળ કર્મનાશાર્થે સમર્થ થાય છે.

ભાવાર્થ :—ધર્મની સૂક્ષ્મક્રિયાઓનું અપૂર્વ માહાત્મ્ય છે. સ્થૂલ ક્રિયાઓ પણ અધ્યવસાયરૂપ સૂક્ષ્મ ક્રિયાની નિર્મલતા વિના સફળ થઈ શકતી નથી.

પ્રસન્નચંદ્રરાજર્ષિ રાજગૃહી નગરની પાસે વૈભારગિરિ પર્વત પાસે કાયોત્સર્ગધ્યાનમાં હતા. દૂતના મુખથી અશુભ શબ્દો સાંભળતાં તેમના હૃદયમાં અશુભ અધ્યવસાય (પરિણામ)ની ધારા વહેવા લાગી. એટલા સુધી દુર્ધ્યાનરૂપ સૂક્ષ્મ ક્રિયાઓમાં તેઓ ચડ્યા કે સાતમી નરક યોગ્ય કર્મદલિકને ગ્રહણ કર્યાં, પશ્ચાત્ મસ્તકે હાથ ફેરવતાં ઉપયોગ આવ્યો કે,

અરે ! હું તો સાધુ છું અને મેં મનમાં લડાઈ કરીને મહા અશુભ કર્મ કર્યું. **અહો ! હું ભૂલ્યો.** એમ ભાવના ભાવતાં નિર્મલ અધ્યવસાય (પરિણામ) ઉત્પન્ન થયા અને આત્માની ઉજ્જવલ સૂક્ષ્મ ધ્યાનરૂપ ક્રિયાનું ધ્યાન કરતાં કેવલજ્ઞાન પામ્યા.

અહો ! આત્મધ્યાનરૂપ સૂક્ષ્મ ક્રિયાનું કેટલું બધું સામર્થ્ય !!! શ્રી મહાવીરસ્વામીની પાસે પ્રસન્નચંદ્રના મરણ અને અન્ય ગતિમાં

કાઠને નીચા પાડવાથી પોતે ઊંચે ચડી શકતો નથી.

અવતાર સંબંધમાં શ્રેણિક રાજા પ્રશ્ન પૂછે છે, એટલી વારમાં તો પ્રસન્નચંદ્ર કેવલજ્ઞાની બની ગયા.

અહો ! આવી શ્રેષ્ઠ ભાવના ધ્યાનરૂપ સૂક્ષ્મ ક્રિયામાં કોને પ્રેમ ન થાય વારૂ ? અલબત તેવી ક્રિયામાં સર્વને પ્રેમ ઉત્પન્ન થઈ શકે છે.

દૃઢપ્રહારીનું દૃષ્ટાંત. દૃઢપ્રહારી ચાર જણનો ઘાત કર્યા પછી જ્ઞાન થવાથી કાયોત્સર્ગમાં રહ્યા. નગરના લોકોએ હેલના કરી, તે સર્વ સહન કરી. અન્તરથી આત્મધ્યાનરૂપ સૂક્ષ્મ ક્રિયામાં રહી કર્મનો ક્ષય કરી સ્વસ્વરૂપમય બન્યા. દૃઢપ્રહારીનું જીવનચરિત્ર અન્ય ગ્રંથોથકી જોઈ લેવું.

દૃઢપ્રહારીએ બાહ્ય શરીરાદિની ક્રિયા કંઈ વિશેષતઃ કરી જણાતી નથી, પણ તે આત્માભાવના રૂપ સૂક્ષ્મ ક્રિયામાં લીન થયો તેથી, મુક્ત થયો, એમ વસ્તુતઃ જોતાં જણાય છે.

મન વડે આત્મા બંધાય છે અને મન વડે આત્મા છૂટે છે. મનમાંથી અહં અને મમત્વ ગયું, તો મુક્તપણું સમજવું.

મનની સૂક્ષ્મ અશુભ વિચારરૂપ ક્રિયાથી બંધ થાય છે અને શુદ્ધ વિચારરૂપ સૂક્ષ્મક્રિયાથી મુક્ત થવાય છે. આત્માનું ઉચ્ચપણું અથવા નીચપણું તે ખરેખર શુભ અને અશુભ પરિણામ ઉપર આધાર રાખે છે.

દૃઢપ્રહારી ગમે તેવો પાપી હતો, તો પણ શુદ્ધ વિચારોથી અલ્પકાલમાં મુક્ત થયો.

જ્યાંથી મુક્ત થવાનું છે, ત્યાં આવ્યા વિના કદાપિ મુક્ત થઈ શકાશે નહીં. રાગદ્વેષ આદિની સૂક્ષ્મ ક્રિયાઓના નાશાર્થે સક્ષમ ધ્યાનક્રિયાની આવશ્યકતા સિદ્ધ ઠરે છે.

સૂક્ષ્મ વસ્તુઓને છેદવા માટે સૂક્ષ્મ વસ્તુઓ સમર્થ થઈ શકે છે.

સ્વાર્થ વિનાની સેવા તેજ ખરી–સાચી–સેવા છે.

નાનું એવું વજ્ર પર્વતને છેદી નાખે છે, તે પ્રમાણે ધર્મધ્યાનાદિ સૂક્ષ્મ ક્રિયાઓથી ગમે તેવાં નિવિડઘન કર્મનો પણ નાશ થાય છે.

સુવિચાર અને શુદ્ધ વિચારોમાં અનન્તગણું બળ છે. આપણું ભવિષ્ય વર્તમાનકાળમાં કરાતા વિચારો ઉપરથી રચી શકાય છે.

સૂક્ષ્મ વિચારોની ક્રિયામાં જેવું શુભાશુભપણું હોય છે, તેવું સ્થૂલમાં શુભાશુભપણું આવે છે. વિચાર સંકલ્પબળ વડે જગતમાં અનેક મહાન કાર્ય થઈ શકે છે.

શરીરોની રચનાનો આધાર પણ વિચારબળની ક્રિયા ઉપર આધાર રાખે છે. માનસિક વર્ગણાની રચનાનો આધાર પણ વિચારબળ પર છે.

પુનઃ મનુષ્યભવ પ્રાપ્ત કરવાનો આધાર પણ વિચારબળ પર છે. દુષ્ટ વિચારબળ ક્રિયાના બળથી દુષ્ટ થવાય છે. સુવિચારબળ ક્રિયાના બળથી શુભાન્વિત થવાય છે.

શુભ વિચાર ક્રિયાબળથી પુણ્યની વર્ગણાઓ ખેંચી આત્માની સાથે પરિણમાવી શકાય છે તેમજ અશુભવિચાર ક્રિયાબળથી પાપની વર્ગણાઓને ખેંચી આત્માની સાથે પરિણમાવી શકાય છે.

સુવિચારોના બળથી **તીર્થંકર** નામગોત્ર બંધાય છે. સુવિચારોના બળથી ઉત્તમમાં ઉત્તમ અવતારો ધારણ કરી શકાય છે અને યાવત્ પરમાત્મદશાની પણ પ્રાપ્તિ કરી શકાય છે.

સુવિચારો એ એક પ્રકારની સૂક્ષ્મ ધ્યાનક્રિયા છે. સુવિચારની ક્રિયાના બળ વડે મનમાં રહેલા રાગદ્વેષના સંસ્કારોને જીતી શકાય છે અને **મરૂદેવા** માતાની પેઠે અલ્પકાળમાં મુક્ત થઇ શકાય છે.

મરૂદેવામાતા સમવસરણમાં જતાં હાથીના સ્કંધ પર બેઠાં હતાં, આહ્યની સ્થૂલ ધર્મની ક્રિયાઓ કંઈ કરી નહોતી. પણ તે વખતે એકત્વ,

ભણીગણીને માત્ર ધન મેળવવામાં જ ગુંચવાઈ પડવું નહિ.

અન્યત્વભાવનારૂપ સૂક્ષ્મ ક્રિયામાં તલ્લીન થયાં હતાં અને તેથી હાથીના સ્કંધ પર બેઠાં કેવલજ્ઞાની બન્યાં.

આ દૃષ્ટાંત પરથી આપણે સાર લેવાનો એ છે કે, અન્તે તો ભાવના ધ્યાન આદિની સૂક્ષ્મ ધ્યાનક્રિયાઓ કર્યા વિના છૂટકો નથી.

સ્થૂલક્રિયાના જ એકાન્તે જે રાગી છે, તે સૂક્ષ્મભાવના ક્રિયાના અધિકારી બની શકતા નથી અને તેથી તેઓ મનની મલિનતાનો નાશ કરવાનો સમર્થ થઈ શકતા નથી, એમ ખાસ અનુભવ કરવાથી જણાશે.

સ્થૂલ ક્રિયાઓ કે જે આત્માના ઉપયોગ વિનાની થાય છે, તેને દ્રવ્યક્રિયાઓ કહેવામાં આવે છે.

સૂક્ષ્મ ધર્મની ક્રિયાઓનું મૂલ્ય જ્યારે કરોડ રૂપિયાનું કલ્પીએ તો સ્થૂલ ક્રિયાઓનું મૂલ્ય ઘણું અલ્પ હોઈ શકે, તો પણ એટલું તો લક્ષ્યમાં રાખવું જોઈએ કે, સ્થૂલ ક્રિયાના અધિકારીઓએ પોતાની ક્રિયામાં તત્પર રહેવું અને સૂક્ષ્મના અધિકારીઓએ પોતાની ક્રિયામાં તત્પર રહેવું.

સૂક્ષ્મ ધ્યાનાદિ ક્રિયાના અધિકારીઓ અપ્રમત્ત દશામાં આવે છે અને સમાધિ સુખને પ્રાપ્ત કરે છે.

તેમજ સ્થૂલ ધર્મની ક્રિયાઓ કે જે અવસરે જે જે જૈનધર્મના ઉદ્ધાર તથા પ્રચાર માટે કરવાની છે, તે કરે છે, તેથી જૈનશાસનની શોભા વધે છે.

સર્વ ક્રિયાઓ પોતપોતાના સ્થાને મોટી છે, એ કદી ભૂલવું જોઇતું નથી.

ધર્મની સૂક્ષ્મ ક્રિયાઓ **રાજા** સમાન છે અને ધર્મની સ્થૂલ-ક્રિયાઓ **પ્રજાના** સમાન છે. પ્રજા વિના રાજા નથી તેમજ રાજા વિના પ્રજા પણ શોભતી નથી.

શક્તિનો ઉપયોગ બીજાને પોતાના જેવા કરવામાં કરવો.

અભવ્યજીવો પણ ચારિત્ર અંગીકાર કરીને બાહ્યની સ્થૂલ ધર્મક્રિયાઓ કરે છે, પણ સમ્યક્ત્વ શ્રદ્ધાની તથા ધ્યાનની સૂક્ષ્મક્રિયાઓ વિના તેઓ મુક્ત થઈ શકતા નથી; માટે ધર્મની સૂક્ષ્મધ્યાનાદિ ક્રિયાઓની અત્યંત ઉપયોગિતા સિદ્ધ ઠરે છે.

સૂક્ષ્મક્રિયાનો પ્રભાવ

ઇલાચી પુત્રે વાંસના ઉપર નાચતાં સુવિચાર ભાવનાના બળે કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું; **ભરત** મહારાજાએ આદર્શ ભુવનમાં ભાવનારૂપ સૂક્ષ્મ ક્રિયાના બળે તુરતવારમાં કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. આવા અનેક દાખલાઓ છે કે, જેમાં ધ્યાનાદિ સૂક્ષ્મક્રિયાઓ વિના કેવલજ્ઞાન અને કેવલદર્શન થયું જ નથી.

આ ઉપરથી ભવ્ય જીવો સમજી લેશે કે ભાવના ધ્યાન આદિ કર્મની સૂક્ષ્મ ક્રિયાઓથી આત્મા ખરેખર પરમાત્મપદ પામવાનો અધિકારી બને છે.

જ્ઞાનની પ્રાપ્તિ વિના તથા મનની સ્થિરતા વિના સૂક્ષ્મ ક્રિયા બની શકતી નથી, માટે અહિં પ્રસંગતઃ જ્ઞાન આદિની ઉપયોગિતા જણાવે છે.

सापि ज्ञानं विना नास्ति, मनः स्थैर्यं विना तथा ।
अतो ध्यानं क्रियारुपं, सूक्ष्मं ध्येयं विचक्षणैः ॥७३॥

તે સૂક્ષ્મક્રિયા ખરેખર જ્ઞાન તથા મનની સ્થિરતા વિના પ્રાપ્ત થઇ શકતી નથી, માટે વિચક્ષણોએ ધ્યાનરૂપ સૂક્ષ્મક્રિયા ધ્યાવવા યોગ્ય છે.

ભાવાર્થ :—આત્મજ્ઞાન તથા મનની સ્થિરતા વિના ધ્યાનાદિ ક્રિયાઓ બની શકતી નથી. માટે વિચક્ષણ પુરુષોએ ધ્યાનરૂપ ક્રિયાઓ માટે વિચાર કરવો જોઈએ.

ધ્યાનરૂપ ક્રિયાની યોગ્યતા પ્રગટાવવા માટે યોગ્ય ઉપાયો આદરવા

જોઈએ. ધ્યાનથી જે જે તત્ત્વો શોધી કઢાય છે, તે તેના અનુભવીઓ સારી રીતે જાણી શકે છે.

ફોનોગ્રાફ વગેરે યંત્રોના શોધનારાઓએ તે તે વસ્તુઓની રચના માટે કલાકોના કલાકો પર્યંત ધ્યાન ધર્યું હતું.

એક વસ્તુ સંબંધી કલાકોના કલાકો પર્યંત સૂક્ષ્મ વિચારો કરવામાં આવે છે, ત્યારે જ તે વસ્તુ સંબંધી અભિનવ જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે. ગાડરીયા પ્રવાહની પેઠે વિચાર કર્યા વિના સ્થૂલ ક્રિયાઓ કરવાથી અભિનવ અનુભવજ્ઞાન ખીલતું નથી અને તેથી જડ યંત્રની પેઠે શરીરની ક્રિયાઓ ધર્મના માટે કરાય છે, પણ તેથી આગળ ચઢી શકાતું નથી.

જે જનસમાજ ફોનોગ્રાફની પેઠે સમજ્યા વિના શબ્દોના સમૂહનો ઉચ્ચાર કરે છે અને પૂતળીની પેઠે ક્રિયાઓ કરે છે અને જે જે કરાય છે, તે સંબંધી અંશમાત્ર પણ વિચાર કરી શકતો નથી, તે જનસમાજ દુનિયામાં પોતાની વ્યાવહારિક તથા ધાર્મિક ઉન્નતિ કરી શકતો નથી, માટે દરેક વસ્તુઓ સંબંધી સૂક્ષ્મ વિચારો કરવા જોઈએ અને તેમાંથી સત્યને પ્રગટ કરવું જોઈએ.

આત્માના તેમજ ધર્મના પ્રકાશ માટે ધ્યાન અવબોધવું જોઈએ. ધ્યાનાદિ સૂક્ષ્મક્રિયાઓ અમૂલ્ય છે, એમ અન્યના કહેવા પ્રમાણે હાજી હા કરી ગયા એટલે કંઈ વળતું નથી. પણ તત્ત્વજ્ઞાનથી સૂક્ષ્મક્રિયાઓનું પરિપૂર્ણ રહસ્ય સમજવું જોઈએ, કે ધ્યાન શી વસ્તુ છે અને તેનું શું સામર્થ્ય છે. તે સંબંધી કલાકોના કલાકો પર્યંત વિચારની શ્રેણિઓના પ્રવાહ હૃદયમાં ગંગાનદીના પ્રવાહની પેઠે વહેવરાવવામાં આવે છે, ત્યારે તેમાંથી કંઈ નવું રહસ્ય અવબોધાય છે.

કલાકોના કલાકો પર્યંત વિચારો કરી જે ધ્યાનક્રિયાનો અનુભવ મેળવાય છે, તે કદી ટાળ્યો ટળતો નથી અને તે સંબંધી નિશ્ચયની

સત્ય અને ધર્મવાળી જોઇએ.

થએલી શ્રદ્ધા અવિચળ રહે છે, માટે જ્ઞાન વડે ધ્યાનની સૂક્ષ્મક્રિયા સમજવાની અત્યંત આવશ્યકતા છે.

મનની સ્થિરતા વિના ધ્યાનની સૂક્ષ્મક્રિયા થઈ શકતી નથી.

જ્યાં સુધી મનની ચંચળતા હોય છે, ત્યાં સુધી આત્મસંબંધી ધ્યાન થઈ શકતું નથી. ધ્યાનની સૂક્ષ્મક્રિયામાં મનની સ્થિરતાની આવશ્યકતા છે, માટે જ્ઞાન વડે મનની સ્થિરતાના ઉપાયો શોધાવા જોઈએ.

પોતાના અધિકાર પ્રમાણે કયા કયા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી મનની સ્થિરતા રહેશે, તેનો પોતે અનુભવ કરવો જોઈએ.

પોતે અનુભવ કરીને જે ઉપાયો આદરે છે, તે જ પોતાના માટે યોગ્ય ઉપાયો છે, એમ વિચક્ષણોએ સમજવું જોઈએ.

હવે પ્રસંગોપાત્ ધ્યાનને પુષ્ટિકારક એવા તત્ત્વ વગેરેના ભેદોનું સામાન્યતઃ પ્રતિપાદન કરે છે.

सर्वतत्त्वानि बोध्यानि, निक्षेपैर्नयकैस्तथा ।
ग्राह्याग्राह्यविवेकेन, धर्म्मशास्त्रविशारदैः ॥ ७४ ॥

નિક્ષેપ અને નયો વડે સર્વ તત્ત્વોનું સ્વરૂપ બોધ્ય છે. ધર્મશાસ્ત્રજ્ઞ પંડિતોએ અમુક તત્ત્વ ગ્રાહ્ય છે અને અમુક અગ્રાહ્ય છે, એમ વિવેકપૂર્વક સર્વ તત્ત્વોને જાણવાં જોઈએ.

ભાવાર્થ :—ધર્મશાસ્ત્રના જ્ઞાતાઓએ જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ, એ નવ તત્ત્વોનું ચાર નિક્ષેપા અને સાત નયોથી સ્વરૂપ જાણવું જોઈએ.

નિક્ષેપ અને નયપૂર્વક તત્ત્વોનું સ્વરૂપ જાણતાં પશ્ચાત્ સત્ય વિવેક ઉત્પન્ન થાય છે. વિવેકથી અમુક તત્ત્વ ગ્રાહ્ય છે અને અમુક તત્ત્વ અગ્રાહ્ય છે, એમ ખાસ જણાઈ આવે છે.

મનુષ્ય સંપૂર્ણ નથી માટે જ્ઞાનીપણાનું અભિમાન રાખવું નહિ.

સંવર, નિર્જરા, મોક્ષ એ તત્ત્વ વિશેષતઃ ગ્રાહ્ય છે. વ્યવહારનયથી પુણ્યતત્ત્વ આદેય છે. સર્વ તત્ત્વોમાં પણ આ પ્રમાણે હેય, જ્ઞેય અને ઉપાદેયનો વિવેક કરવો.

ધર્માસ્તિકાયાદિ ષડ્દ્રવ્યમાં નવ તત્ત્વનો સમાવેશ થાય છે. ચાર નિક્ષેપા અને સાત નયથી ષડ્દ્રવ્યોનું સ્વરૂપ સમજવું જોઈએ.

ષડ્દ્રવ્યોનું વિશેષ સ્વરૂપ જોવું હોય તો **અસ્મદીય ષડ્દ્રવ્યવિચાર** અને **આત્મપ્રકાશ** ગ્રંથ જોઈ લેવો. તત્ત્વાર્થસૂત્ર વગેરેથી નવ તત્ત્વોનું વિશેષતઃ સ્વરૂપ અવબોધવું.

સર્વ તત્ત્વોમાં આત્મતત્ત્વની ઉપાદેયતા મુખ્યતઃ છે. આત્માનું પૂર્ણ સ્વરૂપ સમજ્યાથી આત્મતત્ત્વની શ્રદ્ધા થાય છે.

આત્માનું વિશેષતઃ સ્વરૂપ સમજવાને માટે અધ્યાત્મતત્ત્વજ્ઞાનના અનેક ગ્રન્થો વાંચીને તેનું મનન કરવું જોઈએ.

અધ્યાત્મશાસ્ત્રોનું વાંચન કરીને પણ મનન કરવાની ખાસ આવશ્યકતા છે. તત્ત્વોનું જ્ઞાન કરીને જે શ્રદ્ધા ધારણ કરે છે, તે ખરેખર ધર્મશાસ્ત્રમાં વિશારદ થાય છે અને એવા શાસ્ત્રવિશારદો આત્મતત્ત્વના ગુણોનો પ્રકાશ કરવા સમર્થ થાય છે.

આત્મા પોતે સર્વ તત્ત્વનો જ્ઞાતા થાય છે, અનંત જ્ઞેય પદાર્થો જ્ઞાનમાં પ્રતિભાસે છે.

આત્માની અનન્ત શક્તિઓ પણ આત્મામાં રહી છે અને અનન્ત શક્તિઓનો પ્રકાશ પોતાના સામર્થ્યથી આત્મા કરે છે.

આત્મા તત્ત્વજ્ઞાન પામે તો હેય, જ્ઞેય અને ઉપાદેયને સમજી પોતાનું સ્વરૂપ પોતાની મેળે શોધી લે છે, એમ દરેક મનુષ્યોને અનુભવથી જણાઈ આવશે. સર્વકથનનો સારાંશ એ નીકળે છે કે, સર્વ તત્ત્વોનું સારી રીતે જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ.

જ્ઞાન વધતાં નમ્રતા વધે, તેજ જ્ઞાન આદરને પાત્ર છે.

સર્વ તત્ત્વોનું જ્ઞાન થતાં અરૂં સુખ શોધવાનો નિશ્ચય થાય છે અને તે આત્મામાં જ છે, એમ અનુભવ થાય છે. તેથી આત્મા પોતાને જ ઉપદેશ આપી સત્ય વિવેક પ્રગટાવે છે, તે પ્રસંગોપાત્ જણાવે છે.

सुखमात्मनि विज्ञेयं, जडेषु नास्ति किञ्चन ।
मृगतृष्णेव बाह्येषु, कुतो मिथ्या प्रधावसि ॥ ७५ ॥

સુખ આત્મામાં જ જાણવું યોગ્ય છે. જડ પદાર્થોમાં જરા માત્ર પણ સુખ નથી, માટે હે **ચેતન** ! ફોગટ કેમ બાહ્યપદાર્થોમાં દોડે છે ?

ભાવાર્થ :—સર્વજ્ઞોએ સર્વ પદાર્થોને જાણી આત્મામાં જ સુખનો નિશ્ચય કર્યો છે. આત્મા પણ તેઓના પ્રમાણે નવતત્ત્વો વગેરે સર્વ જ્ઞેય પદાર્થોનું જ્ઞાન કરી છેવટ આત્મામાં જ સત્યસુખનો નિશ્ચય કરે છે.

જડ શરીરની સાથે બાહ્ય ચંદનાદિ પદાર્થોનો સંબંધ કર્યો હોય તો પણ સુખનું જ્ઞાન થતું નથી. જડ પદાર્થોના ઝીણા સૂક્ષ્મ કકડા કરી કરીને તપાસ કરવામાં આવે તો પણ તેમાં સુખનો નિશ્ચય થતો નથી.

જ્યારે બાહ્યપદાર્થોમાં સુખ નથી, એમ નિર્ણય થાય છે, ત્યારે સુખ ક્યાં રહે છે ? એવો પ્રશ્ન થાય છે.

ઉત્તરમાં એમ જણાય છે यत्र आत्मा तत्र सुखम्—જ્યાં આત્મા છે, ત્યાં જ સુખ છે. જ્યાં આત્મા નથી, ત્યાં સુખ નથી.

બાહ્ય ઇન્દ્રિયોમાં પણ સુખ નથી. કારણ કે જ્યારે મનમાં ક્રોધ શોક વગેરેનો ઉદય થાય છે, ત્યારે ત્વચા અને ચક્ષુ વગેરે ઇન્દ્રિયો સુખ આપવા સમર્થ થતી નથી.

જ્ઞાન અને શ્રદ્ધા વડે પુરૂષાર્થ કરાય તો જ ચારિત્ર ગુણ ખીલે છે.

શરીરમાં પણ સુખ રહેતું નથી, કારણ કે જ્યારે શરીરમાં તાવ આવે છે, ત્યારે શરીરમાં સુખ જણાતું નથી. જો શરીરનો ધર્મ જ સુખ હોત તો તે શરીરને છોડી ક્ષણમાત્ર પણ દૂર રહેત જ નહીં; પણ એમ દેખવામાં તથા અનુભવમાં આવતું નથી માટે શરીરનો ધર્મ સુખ નથી-એમ નિશ્ચય થાય છે.

મનનો ધર્મ પણ સુખ છે, એમ અનુભવ કરતાં જણાતું નથી. મનમાં કલેશ, ક્રોધ, ભય વગેરે ઉત્પન્ન થતાં સુખનું ભાન પણ રહેતું નથી; માટે મનનું સુખ ધર્મ કહી શકાય નહીં.

આત્મજ્ઞાનથી ધ્યાન કરતાં માલૂમ પડે છે કે, આત્માનો સુખ ગુણ છે.

સદાકાળ તે આત્મામાં જ રહે છે. કર્માવરણથી સુખ ગુણ ઢંકાયેા રહે છે. જેમ જેમ મોહ વગેરે કર્માવરણો ટળે છે, તેમ તેમ આત્મામાં સુખ ગુણ ખીલવા માંડે છે અને ત્યારે આત્મા પોતે વાણી દ્વારા કહે છે કે,

અહેા ! કોઈ પણ બાહ્યપદાર્થના ઉપભોગ વિના હું સુખમાં રહું છું. વનમાં પડી રહેલા નિરુપાધિ દશાવાળા જ્ઞાનયેાગીને આત્માનું જે સુખ હોય છે, તેનું સ્વરૂપ તેજ જાણવા માટે સમર્થ થાય છે.

જ્યાં સુધી પોતાના આત્મામાં તેવું સુખ પ્રગટયું નથી, ત્યાં સુધી સહજસુખનો નિશ્ચય સ્વયમેવ કરી શકાતો નથી.

આત્માના સુખગુણનો નિશ્ચય કરાવનાર જ્ઞાન છે. જ્ઞાનમાં સુખ-ગુણનો ભાસ થાય છે. તેમજ જ્ઞાની પુરુષ સહજસુખનો અધિકારી બની શકે છે.

જ્ઞાનદશા થતાં બાહ્યપદાર્થોમાં જરા માત્ર સુખ ભાસતું નથી અને તેજ વખતે આત્મા પોતે જ પોતાને કહે છે કે—

બાહ્ય સુખના સાધનો વડે દુઃખ જ વધ્યાં છે અને નિર્બળતા વધી છે.

અરે ચેતન ! તું બાહ્યપદાર્થોમાં કેમ દોડે છે ? ઝાંઝવાના જલની પેઠે બાહ્યપદાર્થોથી કદી સુખની આશા રાખી શકાય તેમ નથી. માટે પોતાના સ્વરૂપમાં જ સુખ રહ્યું છે, એમ જાણી હવે તું શાંત થા.

બાહ્યજડપદાર્થોમાં ગમે તેટલી સુખબુદ્ધિ રાખવામાં આવે પણ અન્તે ઇન્દ્રજાળની પેઠે કંઈ પણ સુખ હાથમાં આવનાર નથી.

આત્માનું સુખ ખરેખર આત્મામાં જ છે. મહાયોગિઓ અને તીર્થંકરોએ આત્મામાં જ સુખનો નિશ્ચય કરી આત્મધ્યાન ધર્યું હતું અને તેથી પરિપૂર્ણ સહજસુખને પામ્યા હતા. આપણે પણ તે પ્રમાણે આત્મામાં જ સત્ય સુખનો નિશ્ચય કરવો જોઇએ અને સત્ય સુખની પ્રાપ્તિ માટે આત્મામાંજ લક્ષ્ય રાખવું જોઇએ.

આત્મસુખની પ્રાપ્તિ માટે આદરવા યોગ્ય ઉપાયો

बाह्यवृत्तिं परित्यज्य, आत्मा ध्येयो विवेकतः
नाभिहृद्भालरन्ध्रेषु, स्थानेषु ध्येयधारणा ॥७६॥
षट्चक्रं द्रव्यभावाभ्यां, साध्यं चित्तसमाधये ।
ब्रह्मरन्ध्रे स्थितिं कृत्वा, आत्मा ध्येयःसनातनः ॥७७॥

બાહ્યવૃત્તિનો ત્યાગ કરીને વિવેકથી આત્મા જ ધ્યેય તરીકે ધારવો. નાભિ, હૃદય, ભાલ અને બ્રહ્મરન્ધ્રમાં આત્મારૂપ ધ્યેયની ધારણા ધરવી.

દ્રવ્યથી અને ભાવથી ચિત્તની સમાધિ માટે ષટ્ચક્ર સાધવા યોગ્ય છે. છેવટે બ્રહ્મરન્ધ્રમાં ચિત્તવડે સ્થિરતા કરી સનાતન આત્માને જ ધ્યેયરૂપે ધારવો.

ભાવાર્થ :—બાહ્યવૃત્તિમાં રમણુતા છે, ત્યાં સુધી આત્માને ધ્યેયરૂપે ધારી શકાતો નથી. બાહ્યવૃત્તિના ઉછાળાથી કદી ખરી શાંતિ મળતી નથી.

સમવડતા વધી અને દુઃખ વધ્યાં.

બાહ્યવૃત્તિયોથી કોઇને ત્રણ કાલમાં સુખ મળ્યું નથી અને કોઈને ત્રણ કાલમાં સુખ મળનાર નથી.

બાહ્યવૃત્તિઓથી આત્મિક સુખનું આચ્છાદન થાય છે. જેમ જેમ બાહ્યવૃત્તિઓનું જોર કમી થતું જાય છે, તેમ તેમ સહજસુખનું ભાન થતું જાય છે. બાહ્યનું પોતાનું નામ પાડેલું તે તથા શરીરાદિકમાં અહંત્વની સ્ફુરણા તેમજ બાહ્ય પદાર્થોને પોતાના કલ્પેલા ઇત્યાદિમાંથી ઇષ્ટાનિષ્ટપણાની બુદ્ધિ ટળી જાય છે, તો પશ્ચાત્ બાહ્યવૃત્તિનો ઉદ્ભવ થતો નથી.

બાહ્યના પદાર્થો સંબંધી અનેક વિકલ્પસંકલ્પો પ્રગટે છે, તેનું કારણ એ છે કે, તે પદાર્થો દ્વારા ઇષ્ટપણું અથવા અનિષ્ટપણું માની લીધેલું હોય છે.

આત્મજ્ઞાનનો પ્રાદુર્ભાવ થતાં બાહ્યમાં જરા માત્ર પણ રાગદ્વેષની સ્ફુરણા થતી નથી અને અખંડ આનંદના ઘેનમાં ઘેરાયલો આત્મા રહે છે માટે તાત્પર્યાર્થ કે બાહ્યવૃત્તિનો ત્યાગ કરીને આત્મા જ ધ્યેયરૂપે ધારવો.

વિવેક દૃષ્ટિથી આત્મા જ ધ્યેય રૂપે ભાસે છે. જગતમાં ખરેખર આત્મા સમાન કોઇ અન્ય જડ વસ્તુઓ નથી. અન્ય વસ્તુઓને ઉચ્ચ કલ્પવામાં આવે તો પણ તેનાથી પોતાને સુખ મળતું નથી. પોતાનો આશ્રય લીધા વિના ગમે તેટલા પરાશ્રયી બનો તો પણ કદી પરતન્ત્ર દશામાં સુખ મળનાર નથી.

પોતાનામાં જ પોતાનું સુખ છે અને તે સ્વાશ્રયી બનીને ભોગવવાનું છે.

સ્વાશ્રયથી જે સુખ થશે, તે સદાકાળ રહેવાનું છે. તેમાંથી કિંચિત્ર માત્ર પણ કોઈ સુખ ટાળી શકવા સમર્થ નથી.

પર વસ્તુનું ગમે તેટલું આલંબન લ્યો, તે વસ્તુઓની પ્રાપ્તિ

પૂર્વજોની સાદાઈ–તંદુરસ્તી અને સંતોષ આપણામાં હોવાં ઇષ્ટ છે.

માટે પ્રાણનો પણ નાશ કરો તો પણ કદાપિ કાળે સુખની આશા રાખવી વ્યર્થ છે.

પોતાના આત્માના અસંખ્યાત પ્રદેશમાં ઉતરીને ત્યાં સ્થિર થવાથી પોતાના સુખનો પોતે જ અનુભવ લઈ શકશો. બાહ્યમાં ચિત્ત-વૃત્તિને દોડાવ્યા કરો અને ખરા સુખની આશા રાખો, તે શું મૂર્ખતા નથી ? અલબત મૂર્ખતા છે.

જે માર્ગે આત્મસુખ મળવાનું છે. તે માર્ગે ગમન કરવું શ્રેષ્ઠ છે. આત્માના પ્રદેશોમાં ઉતર્યા વિના કદી આત્મસુખ મળનાર નથી.

નાભિમાં આત્મા ધ્યેયરૂપ ધારવો જોઈએ. ત્રણ કલાક પર્યંત નાભિસ્થાનમાં આત્મા જ ધ્યેયરૂપે ધારવામાં આવે તો આત્મસુખનો કંઈક નવીન અનુભવ પ્રાપ્ત થાય છે.

હૃદયમાં પણ આત્માની ધારણા કરી આત્માના પ્રદેશોમાં સ્થિર થઈ જવું. કપાલમાં પણ આત્મા જ ધ્યેયરૂપે ધારી તેની ધારણા કરવી.

અન્ય પદાર્થોનું ચિન્તવન છોડીને ફક્ત એક આત્મા જ ધ્યેય રૂપે ધારવો. આ ત્રણ સ્થાનમાં ત્રણ ત્રણ કલાકની આત્મારૂપ ધ્યેયની ધારણા સિદ્ધ થતાં બ્રહ્મરન્ધ્રમાં સહેજે પ્રવેશ થાય છે.

બ્રહ્મરન્ધ્રમાં ત્રણ કલાક પર્યંત આત્મારૂપ ધ્યેયની ધારણા કરવી; બ્રહ્મરન્ધ્રમાં ત્રણ કલાક પર્યંત ધારણા ધરતાં ધ્યાનની સિદ્ધિ થાય છે.

સૂક્ષ્મમાં સૂક્ષ્મ, પરથી પણ પર, નિરાકારમાં ધારણાની સિદ્ધિ થતાં ધ્યેયની ત્વરિત સિદ્ધિ થાય છે અને તેથી ત્યાં ધ્યાતા ધ્યેય અને ધ્યાનની એકાગ્રતા થાય છે.

ષડ્ચક્રોને પણ દ્રવ્ય અને ભાવથી સાધવાથી બ્રહ્મરન્ધ્રમાં આત્મા-ધ્યેયની સ્થિરતા થાય છે અને બ્રહ્મરન્ધ્રમાં જેમ જેમ સ્થિરતાની વૃદ્ધિ થાય છે, તેમ તેમ ત્યાં ચિત્તની સમાધિ વિશેષતઃ રહે છે અને આત્મસુખનો ભાસ સારી રીતે થાય છે.

સદ્જ્ઞાન–આત્મજ્ઞાનના ગ્રન્થો જ કર્મ ક્ષય માટે ઉપયોગી છે.

જેને બ્રહ્મરન્ધ્રમાં આત્મધ્યેય સ્થિરતા થાય છે, તે સમાધિભાવને પામે છે, તે જણાવે છે.

व्यवहारनयेनोक्त, समाधिस्ते जायते ।
शुद्धं परात्मनो ज्योति, र्भासते नाऽत्र संशयः ॥७८॥
अनेकभवसंस्कारात्, समाधिर्व्यवहारतः ।
निश्चयात् किञ्चिद्दशेन, साध्यते ज्ञानयोगिभिः ॥७९॥

બ્રહ્મરન્ધ્રમાં આત્મધ્યેયની સ્થિરતા થવાથી વ્યવહારનયકથિત ચિત્તની સમાધિ થાય છે, તે વખતે **આત્મા તેજ પરમાત્માની** શુદ્ધ જ્યોતિનો પ્રકાશ થાય છે.

આ બાબતમાં જરા માત્ર પણ શંકા નથી.

આવી વ્યવહારસમાધિને કંઈ સર્વ જીવો એકદમ પ્રાપ્ત કરી શકતા નથી. અનેક ભવના સમાધિ અભ્યાસજનિત સંસ્કારથી આવી સમાધિ પ્રાપ્ત કરી શકાય છે.

નિશ્ચયનયથી તો કેટલાક અંશે જ્ઞાનયોગિઓ વડે નિશ્ચયસમાધિ પ્રાપ્ત કરી શકાય છે.

ભાવાર્થ :—બ્રહ્મરન્ધ્રમાં આત્માધ્યેયની સ્થિરતારૂપ વ્યવહાર-સમાધિને યોગિઓ પ્રાપ્ત કરી શકે છે લેખકને પણ તે બાબતનો અનુભવ છે.

ત્યાં આત્મરૂપ પરમાત્માની શુદ્ધ જ્યોતિ ભાસે છે, તેનું વર્ણન વૈખરી વાણીથી કરી શકાય તેમ નથી. જે તેનો અનુભવ કરે છે, તે જ તેની શ્રદ્ધા ધારણ કરી શકે છે. અનુભવી ગુરુ વિના કોઈનાથી આવી સમાધિમાં પ્રવેશ થઈ શકતો નથી.

બ્રહ્મરન્ધ્રમાં સમાધિ થવાથી અનેક ચમત્કારોની ઉત્પત્તિ થાય છે. ગુપ્તજ્ઞાનના પડદા ખૂલે છે અને જે પૂર્વે જોવામાં ન આવ્યું હોય

તેમજ અનુભવમાં પણ ન આવ્યું હોય, તેનો સાક્ષાત્કાર થાય છે.

ગુપ્ત તત્ત્વોનાં રહસ્યો તેની આગળ ખડાં થાય છે, તો પણ તેને કંઈ આશ્ચર્ય ભાસતું નથી.

એવા વખતમાં યોગીને સાવધાન થવાની ઘણી જરૂર છે. લોકોનું તેના પ્રતિ ઘણું આકર્ષણ થાય છે તથા દેવતાઓ દર્શન આપે છે.

જે જે તત્ત્વો સંબંધી શંકા ઉત્પન્ન થાય છે, તેનો સમાધિમાં અમુક દેવતા મારફત નિર્ણય થઈ જાય છે. પ્રાયઃ તેવા વખતે યોગીએ ભવિષ્ય કથનમાં પેસવું નહીં.

દુનિયાના લોકો સ્વાર્થથી પ્રશ્ન કરે અથવા સેવા કરે તો પણ તેણે તેઓ તરફ લક્ષ્ય દેવું નહીં. અજાણ્યા અને ગાંડાની માફક વર્તન ચલાવી પોતાનો આગળ અભ્યાસ વધાર્યા કરવો.

પોતાના કૃત્યને લોકો પાખંડ કહે, ઢોંગ કહે તો પણ દુનિયાને ચમત્કાર અથવા પોતાની પરીક્ષા જણાવવાની બાબતમાં પડવું નહીં.

પ્રસંગે મનુષ્યોને ધર્મોપદેશ આપવો હોય તો તેઓના અધિકાર પ્રમાણે આપવો. યોગ્ય અધિકારીને કંઈ જણાવવું હોય તો જણાવવું.

નાસ્તિક લોકો સમાધિની વાતને ગપ માને તો કંઈ બોલવું નહીં. પોતાના અધુરા અભ્યાસમાં કોઈ પણ વિઘ્નકારક બાબતમાં પડવું નહીં ગમે તેવી ઉપાધિઓ આવી પડે તો તેને સહ કરવી.

પોતાના શિષ્યોને પણ પોતાને જે જે અનુભવો થાય તે કહેવા નહીં. સદાકાળ વ્યવહારસમાધિમાં રહેવા પ્રયત્ન કરવો.

જો કે વ્યવહારસમાધિ એક સરખી રહેતી નથી. અમુક વખત સુધી રહે, પશ્ચાત્ સંસારી બાબતોમાં લક્ષ્ય લગાડવામાં આવે છે, તો તે વખતે વ્યવહાર દશામાં વર્તાય છે; પણ પુનઃ કેવલ કુંભક વગેરે પ્રાણાયામ કરી વ્યવહારસમાધિ પ્રાપ્ત કરી શકાય છે.

સદ્‌ગુણો પ્રગટાવવા ભારત સહકાર શિક્ષણ અને સાબારમતી ગુણ શિક્ષણ ગ્રન્થ જરૂર વાંચો.

શુકલધ્યાનપ્રાપ્ય નિશ્ચયસમાધિના કેટલાક અંશને વર્તમાનકાળમાં અપ્રમત્ત દશાથી જ્ઞાનયોગિઓ પ્રાપ્ત કરી શકે છે.

બ્રહ્મરન્ધ્રમાં ચિત્તની સ્થિરતા થવાથી ત્યાં નિશ્ચયસમાધિનો અનુભવ આવે છે. સૂર્ય ઊગતાં જેમ અરુણોદય થાય છે, તેમ અહિં પણ અરુણોદયસમાન નિશ્ચયસમાધિનો ભાસ થાય છે. હાલમાં પણ જ્ઞાનયોગિઓને નિશ્ચયસમાધિના કેટલાક અંશોનો લાભ મળે છે.

સહજ જ્ઞાનયોગસમાધિમાં પ્રવેશ કરવા માટે સદ્‌ગુરુ ઉપાસનાની અત્યંત આવશ્યકતા છે. સદ્‌ગુરુ વિના કંઇ પણ મળી શકે તેમ નથી.

કેટલાક પૂર્વભવના એવા પ્રકારના સંસ્કારવિહીન પુરુષોને તો સમાધિ નામ ઉપર જ દ્વેષ આવે છે, તેનું કારણ એ છે કે હજી તે જીવોને ભવપરિણતિનો પરિપાક થયો નથી.

આત્માના શુદ્ધ ધર્મની પ્રાપ્તિ થવી મહામુશ્કેલ છે. ગમે તેટલાં પુસ્તકો વાંચો તો પણ સદ્‌ગુરુની સેવાપૂર્વક ગુરુગમ લીધા વિના સમાધિમાં પ્રવેશ થઇ શકતો નથી.

ગુરુગમપૂર્વક બનેલા જ્ઞાનયોગિઓ વડે નિશ્ચયસમાધિને કેટલાક અંશે સાધી શકાય છે.

હઠયોગ અને રાજયોગનું પૂર્વે સ્વરૂપ દર્શાવ્યું. તેમાં કોની વિશેષ ઉત્તમતા છે, તે દર્શાવે છે.

उत्तमो राजयोगश्च, हठः प्रोक्तः कनिष्ठकः ।
साध्यसाधनयोगने, अपेक्षातो हठः स्मृतः ॥ ८० ॥

રાજયોગ ઉત્તમ છે અને હઠયોગ કનિષ્ઠ છે. હઠયોગ સાધન અને રાજયોગ સાધ્ય છે, એમ અપેક્ષાએ સમજી લેવું.

ભાવાર્થ :—સર્વ દર્શનોમાં વિદ્વાનોએ રાજયોગની વિશેષતઃ ઉત્તમતા બતાવી છે.

આ ગ્રન્થો વ્યાવહારિક સદ્‌ગુણો અને આત્મક ગુણો પ્રકટ કરનાર છે.

મનની પ્રવૃત્તિ બંધ પડે અને આત્મા પોતાના સ્વભાવે રમણતા કરે, એ જ રાજયોગનું લક્ષણ છે.

યમ, નિયમ, આસન અને પ્રાણાયામ, એ ચારનો બાહુલ્યથી હઠયોગમાં સમાવેશ થાય છે.

જૈનદર્શનમાં પ્રતિક્રમણ વખતે કાયોત્સગાદિનાં જે જે આસનો કરવામાં આવે છે, તેનો હઠયોગમાં સમાવેશ થાય છે.

વ્રત, પચ્ચખાણ, તપ, યોગવહન, ઉપધાન, વિહાર, તીર્થયાત્રા, કેશલોચ, ખમાસમણાં દેવાં, સૂત્રો બોલતી વખતે મુદ્રાઓને ધારવી.

પ્રતિષ્ઠા વખતે અનેક મુદ્રાઓ ધારવી, બે વખતનું પ્રતિક્રમણ કરતાં બેસવું અને ઉઠવું, પ્રભુની દ્રવ્યપૂજા તથા ભાવપૂજા કરતી વખતે શરીરની થતી ક્રિયાઓ.

દેવતાનું આવાહન અને પ્રદક્ષિણા દેવી વગેરેનો હઠયોગમાં સમાવેશ થાય છે.

અન્યદર્શનમાં બસ્તી નૌલીકર્મ વગેરેનો હઠયોગમાંસમાવેશ થાય છે. હઠયોગ વિના રાજયોગની પ્રાપ્તિ થતી નથી, એમ જોવામાં આવે છે.

જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ, દર્શનાવરણીય કર્મનો ક્ષયોપશમ, મોહનીય કર્મનો ઉપશમ અને ક્ષયોપશમ આદિનો રાજયોગમાં સમાવેશ થાય છે.

શબ્દનય આદિ નયવડે મનાતા ધર્મનો રાજયોગમાં સમાવેશ થાય છે. સમકિતદર્શનનો રાજયોગમાં સમાવેશ થાય છે. કષાયોનો ઉપશમ આદિનો રાજયોગમાં સમાવેશ થાય છે.

શરીર અને વાણી દ્વારા થતી ક્રિયાઓનો હઠયોગમાં સમાવેશ થાય છે. સાધુ અને શ્રાવકની બાહ્યધર્મની ક્રિયાઓનો હઠયોગમાં સમાવેશ થાય છે.

'નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરીજી–જે પાળે વ્યવહાર' એ વચન પ્રમાણે શ્રીમદે સર્વ ગ્રન્થો લખ્યા છે.

હઠયોગ સાધનરૂપ છે અને રાજયોગ સાધ્યરૂપ છે. પરંતુ સૂચના કે સાધ્યના ઉપયોગે સાધનની સફલતા થાય છે.

આત્મોપયોગશૂન્યતાએ બાહ્યધર્મની ક્રિયાઓ કે, જે સાધુ અને શ્રાવકો કરે છે, તેની તદ્ધેતુ અને અમૃતના ભાવ વિના સફલતા થતી નથી.

આત્મધર્મનું પરિપૂર્ણ જ્ઞાન કરતાં રાજયોગની દૃષ્ટિ ખૂલે છે અને તેથી હઠયોગની પ્રવૃત્તિ પણ સફલ થાય છે.

હઠયોગની ક્રિયાઓ જે પાપથી રહિત હોય, તેને સાધવી જોઇએ. ઇત્યાદિ પ્રસંગતઃ દર્શાવે છે.

पापमुक्तक्रियायुक्तो, हठः साध्यो विचक्षणैः ।
अगीतार्था विमुह्यन्ति, एकान्तपक्षधारकाः ॥ ८१ ॥

પંડિતોએ પાપથી મુક્ત એવી ક્રિયાયુક્ત હઠયોગ સાધવા યોગ્ય છે. એકાન્ત પક્ષધારક અગીતાર્થ પુરુષો હઠયોગ અને રાજયોગના સ્વરૂપમાં મુંઝાય છે.

ભાવાર્થ :—આ શ્લોકનો અર્થ સાધુઓને આશ્રયી છે. પાપથી રહિત હઠયોગની ક્રિયાઓ સાધવા યોગ્ય છે.

સર્વ પ્રકારના પાપથી રહિત કોઈ પણ ધર્મની બાહ્ય ક્રિયાઓ જણાતી નથી.

ઉઠવામાં વાયુકાયના જીવની હિંસા થાય છે, તેથી પાપ લાગે છે. બેસવામાં તેવી જ રીતે પાપ લાગે છે.

ખમાસમણું દેવામાં પણ પાપ લાગે છે, કારણ કે તે વખતે પણ કાયયોગવડે વાયુકાયની હિંસા થાય છે.

વિહારમાં વાયુકાય અને ત્રસ કાયની હિંસા પ્રાયઃ થાય છે.

આંબો–સહકાર-વનસ્પતિ હોય છે, સાબરમતી-નદી-અપૂ હોય છે; છતાં પરમાર્થના પંથે જ તેનું જીવન વહે છે.

આ પ્રમાણે સ્થંડિલ (ઝાડે) જતાં પણ હિંસા થાય છે. પેશાબ કરતાં પણ હિંસા, ખાતાં પણ હિંસા, હાથ પગ હલાવતાં પણ હિંસા.

ધર્મની બાહ્ય ક્રિયાઓ ગમે તેવી હોય તોપણ સાધુ અથવા શ્રાવકને ઘણી નિર્જરા થાય છે, તો પણ કોઈ જીવની હિંસાનું પાપ લાગે છે પણ ઘણો લાભ અને અલ્પ હાનિ જેમાં હોય તે ક્રિયા કરવા યોગ્ય છે. એમ **શ્રી હરિભદ્રસૂરિએ** પૂજા ષોડશકગ્રન્થમાં કૂપના દૃષ્ટાંતથી દર્શાવ્યું છે.

બાહ્યધર્મક્રિયાઓમાં હિંસા કરતાં ધર્મનો લાભ વિશેષ છે. જ્યારે આમ છે, ત્યારે આવી બાહ્ય ધાર્મિક ક્રિયારૂપ હઠયોગ કરવો કે નહીં કરવો ? એ પ્રશ્ન ઉત્પન્ન થાય છે.

આના ઉત્તરમાં પાપમુક્ત ક્રિયાઓ હઠયોગની કરવી, એમ જો કહેવામાં આવે તો સામું જણાવવાનું કે ધર્મની બાહ્ય ક્રિયાઓ કોઈ પણ એવી નથી કે જેનાથી વાયુકાય વગેરેની હિંસાનું પાપ લાગ્યા વિના રહે, ત્યારે શું કરવું ? ઉત્તરમાં કહેવાશે કે, રાજયોગનું સાધ્ય લક્ષ્યમાં રાખીને હઠયોગની ક્રિયાઓ કરવી.

આના ઉત્તરમાં પણ એમ તો રહેવાનું કે પાપમુક્ત ક્રિયા કરવાની મૂળ શ્લોકમાં ભલામણ છે અને તમો તો ધર્મની બાહ્ય ક્રિયાઓ કે જે પાપયુક્ત છે તેને બતાવો છે, તેથી તમારો ઉત્તર મૂળ શ્લોકથી વિરુદ્ધ જાય છે તેનું કેમ ?

આમ શંકાકારની શંકાના સમાધાનમાં કહેવાનું કે,

શાસ્ત્રોની આજ્ઞા પ્રમાણે જેમાં લાભ મહાન છે અને હિંસા અલ્પ છે, એવી ધર્મની બાહ્ય ક્રિયાઓને વ્યવહારથી પાપમુક્ત ક્રિયાઓ કહેવામાં આવે છે.

આંબા તણો જે ગોટલો આંબો સમાઈ ત્યાં રહ્યો;
અવ્યક્તમાં જેમ વ્યક્ત છે બ્રહ્માંડ દૃષ્ટાંતે લહ્યો.

અને જે ક્રિયાઓમાં મોટા ત્રસ જીવોની હિંસા ઘણી થાય છે અને રાજયોગરૂપ આત્મિક ધર્મનો લાભ અલ્પ પણ થતો નથી, તેવી હઠયોગની ક્રિયાઓને પાપયુક્ત કહી છે.

આ પ્રમાણે જોતાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ ધર્મના માટે ચાલવું બેસવું ઉઠવું, વિહાર કરવો, ખાવું, પીવું, ઝાડે જવું, પેશાબ કરવો, યાત્રા કરવી, પ્રતિક્રમણ કરવું, આસનો સાધવાં ઉપદેશ દેવો, જ્ઞાન માટે ક્રિયાઓ કરવી, દર્શન માટે જે જે ઉદ્યમો કરવા, આત્મિક ચારિત્ર માટે જે જે ઉદ્યમો કરવા, વૈયાવચ્ચ કરવી, ગુરુને પગે લાગવું અને આહાર વગેરેનું વહોરવું, ઇત્યાદિ હઠયોગની ક્રિયાઓને પાપમુક્ત ક્રિયાઓ અપેક્ષાએ કહેવામાં આવે તો તેમાં કોઈ જાતનો વિરોધ આવતો નથી.

ગમે તેવો સાધુ હોય તો પણ બેઠાં બેઠાં પણ કાયયોગવડે શરીરથી તેને વાયુકાયની હિંસા લાગે છે, પરંતુ તે સર્વ સહજ ધર્મરૂપ સાધ્ય માટે હોવાથી કોઇ જાતનો વિરોધ આવતો નથી.

આ સંબંધીમાં ઘણું કહેવાનું છે અને આની ચર્ચામાં જ એક ગ્રન્થ બની જાય તેમ છે, પરંતુ પંડિત પુરુષો માટે આ લેખ હોવાથી તેઓ અલ્પ લેખથી ઘણું સમજશે એવું જાણી વિસ્તારથી લખ્યું નથી.

અગીતાર્થ અર્થાત્ મૂર્ખપુરુષો કે જેઓએ યોગીગુરુકુળવાસ સેવ્યો નથી, એવા અર્ધદગ્ધ મનુષ્યો આવી બાબતમાં મુંઝાય છે.

જેઓ એકાન્ત અમુક આમ જ છે અને આમ નથી, એવો એકાન્તવાદ ધારણ કરે છે, તેઓના હાથમાં કંઈપણ આવતું નથી અને તેઓની સંગતિ કરનાર પણ ભ્રષ્ટ થાય છે.

કેટલાક એકાન્ત હઠયોગને માને છે, કેટલાક એકાન્ત રાજયોગને માને છે, પરંતુ સમજવાનું કે તેવા પુરુષો રાજયોગ અને હઠયોગના

કાલાદિ સંયોગો લહી અવ્યક્ત વ્યક્ત જ થાય છે;
તેમ ગોટલો થાણા વિષે અંકુરથી પ્રગટાય છે.

સ્વરૂપને પરિપૂર્ણ સમજ્યા નથી.

સૂક્ષ્મ બુદ્ધિથી જેનું સ્વરૂપ સમજે છે તેને ધન્ય છે.

કેટલાક મનુષ્યો તો હઠયોગની કેટલીક ક્રિયાઓને રાજયોગ સહજયોગ તરીકે ફુટી મારે છે અને સમાધિ વગેરેને હઠયોગ તરીકે ફુટી મારીને ભોળા લોકોને આડે રસ્તે દોરવે છે. તેઓ ખરેખર પોતે આડે રસ્તે જાય છે અને અન્યોને આડે રસ્તે દોરે છે.

જૈનાગમની પરિપાટી વિના સમ્યગ્જ્ઞાન થતું નથી. માટે એકાન્તવાદનો નાશ કરવા માટે ગુરુગમ પરંપરાએ જૈનાગમનું જ્ઞાન કરવું જોઈએ ઇત્યાદિ દર્શાવે છે.

जैनागमपरिपाठात्, सम्यक्श्रद्धा प्रजायते ।
सापेक्षवादबोधाच्च, मिथ्याबुद्धिर्विनश्यति ॥ ८२ ॥

જૈન આગમોની પરિપાટીથી તેમજ સાપેક્ષવાદના બોધથી સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન થાય છે અને મિથ્યાજ્ઞાનનો નાશ થાય છે.

ભાવાર્થ :—જૈનાગમોના પરિપાઠ વિના સાપેક્ષવાદ સમજાતો નથી અને સાપેક્ષવાદના જ્ઞાન વિના મિથ્યાત્વબુદ્ધિનો નાશ થતો નથી. માટે જૈન કહેવાતા દરેક જૈનોએ જૈનાગમોનું શ્રવણ મનન કરવું જોઈએ. જૈનાગમોના જ્ઞાન વિનાના જૈનો તે ખરેખર જૈન તરીકે નથી.

હાલમાં જૈનસિદ્ધાન્તોનું શ્રવણ મનન અલ્પ પ્રમાણમાં થાય છે, તેથી જૈનો પોતાના સ્યાદ્વાદધર્મને પૂર્ણપણે અવલોકી શકતા નથી.

દરેક વસ્તુનું સ્યાદ્વાદપણે જ્ઞાન થાય તો હઠયોગ અને રાજયોગમાં કારણ કાર્યભાવ સારી રીતે સમજી શકાય.

સંયોગ મન માન્યા મળે તો કાર્ય સિદ્ધિ ઝટ થતી;
સંયોગ જે મેળવે તેની જ જગ ઉંચી ગતિ.

દરેક વસ્તુના ધર્મો કયા કયા છે અને તે કયા કયા નયની અપેક્ષાએ છે, તે સમજાવનાર સ્યાદ્વાદનય છે. આત્મપદાર્થનું સંપૂર્ણ સ્વરૂપ જૈનાગમોથી સમજાય છે.

સત્યજ્ઞાનના ભંડારરૂપ જૈનાગમો છે. સત્યજ્ઞાનની કુંચીઓરૂપ જૈનાગમો છે. સાયન્સ વિદ્યાને પદાર્થ વિજ્ઞાનના ભંડારરૂપ જૈનાગમો છે.

મેરુપર્વતની પેઠે ધર્મની આસ્તિકતાની સ્થિરતા ઉપજાવનાર જૈનાગમો છે. મોક્ષમાર્ગની કુંચીઓ બતાવનાર જૈનાગમો છે.

સત્ય સુખના સિદ્ધાન્તને પૂર્ણ જુસ્સાથી સમજાવનાર જૈનાગમો છે. નિવૃત્તિ માર્ગનું પૂર્ણસ્વરૂપ બતાવનાર જૈનાગમો છે.

સર્વધર્મમાં જે જે અંશે સત્યતા રહી છે, તે તે અંશોને સ્પષ્ટપણે સમજાવનાર જૈનાગમો છે, કેવલજ્ઞાનની પૂર્ણશોધનો છેલ્લો ચુકાદો. જૈનાગમો છે.

જૈનાગમોમાં પ્રતિપાદ્ય પદાર્થોનું પૂર્ણસ્વરૂપ ન સમજાય તેમાં જૈનાગમોનો દોષ નથી પરંતુ પોતાની સામાન્ય બુદ્ધિ અધિકાર અનુભવની ખામી વગેરેનો દોષ સમજવો.

જૈનાગમોનો અહર્નિશ પરિપાઠ, એજ જૈનોન્નતિનું પ્રથમ પગથિયું છે.

જૈનાગમોના જ્ઞાન વિના કોઈ સાપેક્ષવાદ સમજવા સમર્થ થયો નથી.

કેટલાક બાળજીવો કે જે પોતાને અહંવૃત્તિથી કુતર્કના યોગે પંડિત કલ્પીને બે ત્રણ બાબતોને ગમે તે રીતે જાણી લઈ જૈનાગમોનું ખંડન કરવા પોપટની પેઠે વાચાળ બની જાય છે, પરંતુ તે ખરેખર પોતાની હાંસી કરાવે છે.

ચેતન અને જડ તત્ત્વના સંયોગથી જગ છે છતું;
સંયોગ પહેલાં મેળવે ઉત્પત્તિના એવું મતું.

જૈનાગમોનું સમ્યગ્રહસ્ય સમજાયાથી સાપેક્ષવાદ સારી રીતે અવબોધી શકાય છે. સાપેક્ષવાદને સમ્યગ્રીત્યા અવબોધતાં એકાન્ત હઠવાદનો આગ્રહ છૂટી જાય છે.

વિસ્તારબુદ્ધિ વિના સાપેક્ષવાદ સમજી શકાતો નથી. અલ્પબુદ્ધિથી સાપેક્ષવાદ અલ્પપણે સમજાય છે અને વિશેષબુદ્ધિથી સાપેક્ષવાદ વિશેષપણે અવબોધાય છે.

જેમ જેમ શ્રુતજ્ઞાન વૃદ્ધિ પામે છે, તેમ તેમ સાપેક્ષવાદનો અનુભવ વૃદ્ધિ પામે છે અને જેમ જેમ સાપેક્ષવાદ અવબોધાતો જાય છે, તેમ તેમ મિથ્યાત્વબુદ્ધિ નષ્ટ થતી જાય છે અને તેમ તેમ સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ વધતો જાય છે.

જેમ જેમ સાપેક્ષજ્ઞાનનો પ્રકાશ વધતો જાય છે, તેમ તેમ દુરાગ્રહનું તામસ વિલય પામતું જાય છે અને સત્યજ્ઞાનનો પ્રકાશ વધતો જાય છે, તેથી સર્વવસ્તુઓ અપેક્ષાએ તે તે ધર્મવિશિષ્ટ જણાય છે અને પોતે કોણ છે, તે પણ બરાબર સમજાય છે.

સાપેક્ષવાદથી સમ્યગ્જ્ઞાન થતાં આત્માના પણ જે જે ભેદો હોય છે, તે સાપેક્ષવાદી જાણી શકે છે. તેથી તે પરાત્મપદ માટે યત્ન કરે છે. માટે સાપેક્ષવાદનું વર્ણન કર્યું પછી હવે આત્માના ભેદો દર્શાવે છે.

त्रिधात्मानं विजानाति, बहिरात्मादिभेदतः ।
परात्मसाध्यसिद्ध्यर्थं, सम्यग्दृष्टिः प्रवर्तते ॥ ८३ ॥

આત્માના બહિર્ અન્તર્ અને પરમ એ ત્રણ ભેદોને અનેકાન્ત વાદી જાણે છે અને પરમાત્મપદ શુદ્ધપદ સાધ્યની સિદ્ધિ અર્થે સમ્યગ્દૃષ્ટિ પ્રવર્તે છે.

કાર્યો તણી ઉત્પત્તિનાં સંયોગ સારા મેળવો;
અનુભવ કરીને યુક્તિથી સંયોગ કાળે કેળવો.

ભાવાર્થ—બહિર્ આત્મભાવ, તે બહિરાત્મા.

કાયાદિથી ભિન્ન વસ્તુરૂપે આત્માનું જ્ઞાન જેને થાય છે, એવો સમ્યગ્દૃષ્ટિ અન્તરાત્મા કહેવાય છે અને કેવલજ્ઞાનાદિ જેનામાં ઉત્પન્ન થયાં છે, તે પરમાત્મા કહેવાય છે.

પરિપૂર્ણ શુદ્ધ પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિ એજ સાધ્ય વસ્તુ છે.

પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિ વિના જન્મ, જરા અને મરણનાં દુઃખો વારંવાર ભવોભવમાં ભોગવવાં પડે છે; કદી તેનો અન્ત આવતો નથી. માટે સમ્યગ્દૃષ્ટિ જીવ પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરે છે.

ગમે તે રીતે પણ સંસારહેતુઓનો નાશ કરી સહજ સ્વરૂપની પ્રાપ્તિ કરવી, એ જ તેના હૃદયમાં સ્ફુરે છે અને તેથી યથાશક્તિ પરમાત્મપદ પ્રાપ્તિ માટે સમ્યગ્દૃષ્ટિ પ્રવૃત્તિ કરે છે.

ભૂખ્યાને ભોજનની જેવી ઇચ્છા હોય છે, તૃષાતુરને જલની જેવી ઇચ્છા હોય છે, તેવી જ રીતે સમ્યગ્દૃષ્ટિને પરમાત્મપદ પ્રાપ્ત કરવાની ઇચ્છા રહે છે.

સમ્યગ્દૃષ્ટિના મનમાં પરમાત્મપદની ઇચ્છા અતિ પ્રબળતાથી જાગ્રત થતાં, તે શું કરે છે, તે જણાવે છે.

संयतश्राद्धधर्मं च, यथाशक्ति प्रवर्तते ।
ज्ञानादीनां समाचारान्, गृह्णाति विधितः स्वयम् ॥८४॥

अनन्तदुःखदावाग्नौ, संसारे हि सुखं कृतः ?
कुटुम्बादिममत्वं च, केवलं दुःखकारणम् ॥८५॥

સમ્યગ્દૃષ્ટિ ભવ્ય જીવ પોતાની શક્તિ પ્રમાણે શ્રાવક અથવા સાધુના ધર્મમાં પ્રવૃત્તિ કરે છે અને જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપઆચાર અને વીર્યના આચારોને પોતે વિધિથી ગ્રહણ કરે છે.

નિયમ પ્રમાણે પાણીને પાયા થકી આંખો વધે;
નિયમ પ્રમાણે પાણીને પીવા થકી જીવન વધે.

તે મનમાં એમ જાણે છે કે, અનન્તદુઃખથી બળતા અગ્નિસમાન એવા આ સંસારમાં કયાંથી સુખ હોય ? અલબત્ત હોય નહીં, તેમજ કુટુંબ વગેરેનું મમત્વ કેવલ દુઃખનું કારણ છે એમ જાણે છે.

ભાવાર્થ :—સમ્યગ્દૃષ્ટિ ભવ્ય જીવ પોતાની જાગ્રત થએલી શક્તિનું ઉલ્લંઘન કરતો નથી, કારણ કે તેને સંસાર બંધનમાંથી છૂટવાનું જ લક્ષ્ય હોય છે.

સમ્યગ્દૃષ્ટિ પોતાની શક્તિ પ્રમાણે સાધુનો અથવા શ્રાવકનો ધર્મ અંગીકાર કરે છે.

પાંજરામાં પૂરેલો સિંહ બહાર નીકળવા જેવો પ્રયત્ન કરે, તેના કરતાં અધિક પ્રયત્નો સમ્યગ્દૃષ્ટિ જીવ કરે છે.

જેટલી પોતાની શક્તિ પ્રકટી હોય તે પ્રમાણે આગળ ને આગળ ચઢવાને ઉત્સાહથી પ્રયત્ન કરે છે.

પોતાનાથી બનતાં એવાં જૈનધર્મની ઉન્નતિનાં કાર્યોને સદાકાળ કરે છે. ધાર્મિક જીવન ગાળે છે અને જગતના ભલા માટે યથાશક્તિ પ્રયત્ન કરે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય શક્તિને ખીલવવાના આચારોને સદાકાળ અત્યંત પ્રેમથી આચરે છે.

અનન્ત દુઃખથી બળતા અગ્નિસમાન એવા સંસારમાં તેને કોઈ પણ ઠેકાણે સુખ ભાસતું નથી. સંસારની દશાને સંસારપણે દેખે છે, અર્થાત્ સ્ત્રી, પુત્ર, ભાઈ, માતા, પિતા આદિથી ગ્રાહ્ય એવા ધન વૈભવ આદિમાં મમત્વ કરવું, તેજ દુઃખનું કારણ છે એમ તેને ભાસે છે.

જો કે જ્યાં સુધી ગૃહાવાસમાં રહે છે, ત્યાં સુધી કુટુંબાદિનું પોષણ કરે છે, ધનાદિક માટે અનેક પ્રકારના વ્યાપાર વગેરે કરે છે. સંસારવ્યવહાર પ્રમાણે પોતાનો અધિકાર સચવાય તેમ વર્તે છે પણ કુટુંબાદિમાં અંહ અને મમત્વથી બંધાતો નથી.

જ્યાં નિયમ ના સચવાય ત્યાં પાણી ન બળ આપે કદા;
કુદરત તણા એ નિયમને ભૂલો ન ભવ્યો સર્વદા.

સંસારમાં તેનું જીવન ખરેખર આદર્શ પુરુષની પેઠે સર્વ લોકોને અનુકરણીય થઈ પડે છે. સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય અહં અને મમત્વભાવ વિના જગતનાં કાર્યો ગૃહસ્થના અધિકાર પ્રમાણે કરે છે અને લોક વિરુદ્ધનો ત્યાગ કરે છે.

ગૃહસ્થાવાસમાં રહેલ સમ્યગ્દૃષ્ટિ મનુષ્યનાં લક્ષણો

૧ જેમ ધાવમાતા બાળકને રમાડે છે પણ તેમાં લેપાતી નથી, તેમ ગૃહસ્થવર્ગ સંસારનાં વ્યાવહારિક કૃત્યો કરે છે, તોપણ તેમાં અહંમમત્વથી લેપાતો નથી.

૨ ગૃહસ્થના અધિકાર પ્રમાણે જે જે કૃત્ય કરવાનાં હોય છે, તે કરે છે અને ગૃહસ્થપણાના દરજ્જાને શોભાવે છે.

૩ ગ્રહણ કરેલ વ્રતોનું યથાશક્તિ આરાધન કરે છે.

૪ દેવ, ગુરુ અને ધર્મતત્ત્વોનું સારી રીતે જ્ઞાન સંપાદન કરે છે.

૫ જૈનધર્મનાં તત્ત્વોનો જગતમાં ફેલાવો કરે છે. સર્વ મનુષ્યોને પોતાના બંધુસમાન ગણીને તેઓના આત્માનો ઉદ્ધાર કરવા પ્રયત્ન કરે છે.

૬ સાધુવર્ગની યથાશક્તિ ભક્તિ કરે છે. ધર્મ માટે પ્રાણની પણ દરકાર કરતો નથી.

૭ કોઈની પ્રાણાંતે પણ નિન્દા કરતો નથી. પ્રાણાંતે પણ ગંભીર ગુણનો ત્યાગ કરતો નથી.

૮ ધર્મનો ફેલાવો કરવા માટે તન, મન, પ્રાણ અને ધનની આહુતિ આપે છે.

૯ અહર્નિશ સાધુના ગુણોને પ્રાપ્ત કરવા ભાવના ભાવ્યા કરે છે અને અવસર આવે સાધુ પણ બને છે.

નિજ આત્મ ઘટમાં પાણીને ભરીને જ પાઓ સર્વને,
તેમાં જ શિક્ષા ધારજો વહેશો નહીં ઘટ ગર્વને,

૧૦ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર વર્ગનું પરસ્પર એકબીજા વર્ગને બાધ ન આવે તેવી રીતે આરાધન કરે છે.

૧૧ પોતાનો અધિકાર તપાસી પ્રવૃત્તિ કરે છે અને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને સારી રીતે જાણી શકે છે અને ધર્મીપુરુષોને ધર્મનું પૂર્ણ રહસ્ય આપે છે; આ પ્રમાણે લક્ષણોને ધારણ કરે છે.

૧૨ જલમાં કમલ રહે છે, પણ જેમ નિર્લેપ રહે છે, તેમ સર્વ કાર્યો કરતાં નિર્લેપ રહે છે. તે સુખ મળતાં હર્ષને કરતો નથી અને દુઃખની વેળામાં શોક કરતો નથી. પોતાનું કર્તવ્યકાર્ય સદાકાળ કરતો જ રહે છે.

૧૩ સાંસારિક પદાર્થોમાં હું અને મારૂં કલ્પતો નથી, છતાં ગૃહસ્થ-ધર્મને યોગ્ય એવા પદાર્થોની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરે છે.

૧૪ સદાકાળ સત્યનો પક્ષ કરે છે અને અસત્યને અસત્ય તરીકે માને છે.

૧૫ સદાકાળ ગૃહસ્થ શ્રાવક ગુણાનુરાગ દૃષ્ટિને ધારણ કરે છે.

૧૬ ધર્મની ઉન્નતિ માટે અનેક પ્રકારનાં દુઃખો વેઠીને પણ જિંદગીનો ભોગ આપે છે.

૧૭ અનેક પ્રકારનાં અપમાન, અપયશ વગેરે સંકટો પણ સહન કરી પોતાનું કાર્ય કરતો રહે છે; કદાપિ બીકણની પેઠે પાછો પગ ભરતો નથી.

૧૮ સંસારમાં અહંમમત્વથી બંધન છે; તે વિના અન્તરંગ કોઈ બંધન નથી એમ જાણે છે.

સમ્યગ્દૃષ્ટિ આત્માની દશા

रागद्वेषादिसंयुक्तं, मनः संसार उच्यते ।
रागद्वेषवियुक्तत्वात्, मनो मोक्षस्य कारणम् ॥८६॥

અનુભવ તણા કુવા ઘણા પાણી ભર્યા જગ જાણવા;
તેમાં થકી ઘટમાં ભરો નિજ શક્તિ પાણી આણવા;

यावन्तो मोहसम्बन्धा-स्तावन्तो दुःखहेतवः ।
स्वप्नेऽपि दुःखदावाग्नि-रहो मोहस्य चेष्टितम् ॥८७॥
क्षणिकेषु पदार्थेषु, औदासीन्यं प्रवर्तते ।
रागादि हेतवो ये ये, ते ते वैराग्यहेतवः ॥८८॥
सर्वे बन्धुसमा जीवा, न मे वैरी न मे प्रियः ।
शुद्धानन्दस्वरूपोऽहं, निराकारस्वरुपवान् ॥८९॥

રાગદ્વેષ સંયુક્ત મન જ સંસાર છે. રાગદ્વેષના વિયોગથી મન જ મોક્ષનું કારણ છે. જેટલા મોહના સંબંધો છે, તેટલા દુઃખના હેતુઓ છે.

અહો ! મોહનું કેવું ચેષ્ટિત છે, કે જેથી સ્વપ્નમાં પણ દુઃખ-દાવાગ્નિ ભાસે છે.

જ્ઞાનવંત આત્માર્થીને ક્ષણિક પદાર્થોમાં ઔદાસીન્ય ભાવ રહે છે. અને જે જે રાગાદિ હેતુઓ છે, તે તે જ્ઞાનીને વૈરાગ્યના હેતુઓપણે પરિણમે છે.

જ્ઞાનીને સર્વ જીવો પોતાના બન્ધુ સમાન ભાસે છે. તેના મનમાં એમ આવે છે કે મારો કોઇ વૈરી નથી અને મારો કોઈ પ્રિય નથી.

હું શુદ્ધાનન્દસ્વરૂપમય છું તેમજ નિરાકાર સ્વરૂપવંત છું, એમ આત્મજ્ઞાની વિવેકથી વિચારે છે.

ભાવાર્થ :—સમ્યગ્દૃષ્ટિ જીવ વિચારે છે કે, મનમાં રાગદ્વેષ જ્યાં સુધી ઉત્પન્ન છે, ત્યાં સુધી જ સંસાર છે. જ્યારે મનમાંથી રાગ અને દ્વેષનો ક્ષય થાય છે, ત્યારે તે મન જ મોક્ષના હેતુભૂત થાય છે.

આંખ સમો આત્મા કહ્યા પાણી વડે પોષો ખરે;
પાણી વિના ભારત બની નિજીવ જગને કરગરે.

રાગદ્વેષ રહિત મન વડે આત્મા તથા પરમાત્માનું ધ્યાન થાય છે. નિર્વિષ થએલો સર્પ જેમ કોઇને કરડે છે તો ઝેર ચડતું નથી, તેમ રાગદ્વેષરહિત મન ગમે તે કાર્ય કરે છે, તો પણ તેથી સંસારમાં બંધાવાનું થતું નથી.

મનમાં ઉત્પન્ન થએલી અહંમમત્વની બુદ્ધિ તે જ સંસારમાં બંધનનું કારણ છે.

જગતમાં અહંમમત્વના સંબંધોની કલ્પના મનમાંથી ઉઠે છે અને મન જ શુભ અને અશુભની કલ્પના કરીને હર્ષ શોક ધારણ કરે છે.

જો પ્રતિષ્ઠામાં મન બંધાયું તો પ્રતિષ્ઠાનો નાશ થતાં મનમાં શોક ઉત્પન્ન થાય છે અને તેની અસર આત્મા પર થાય છે.

જો મનમાં કીર્તિ અને અપકીર્તિની સંજ્ઞા ઉત્પન્ન થઇ તો કીર્તિનો લોભ અને અપકીર્તિનો સદાકાળ ભય રહે છે અને તેથી સંસારમાં બંધન થાય છે.

જો મનમાં રાગની કલ્પના ઉત્પન્ન થઈ તો રાગના લીધે અનેક શોક વગેરેની સ્ફુરણા થાય છે અને સંસારમાં બંધન થાય છે.

જો મનમાં જગતના પદાર્થો પર ઇષ્ટપણાની કલ્પના ઉત્પન્ન થઈ તો અન્ય પદાર્થો પર અનિષ્ટપણાની કલ્પના થતાં તરત દ્વેષની ઉત્પત્તિ થાય છે; અર્થાત્ રાગ અને દ્વેષ સંયુક્તે પોતે જ જગતમાં બંધાય છે.

જે જાણવાથી, જે ભણવાથી અને જેનું સ્મરણ કરવાથી રાગ, દ્વેષ, ઇર્ષ્યા, નિન્દા અને ઇષ્ટાનિષ્ટપણું વગેરેની મનમાં વિશેષતઃ કલ્પના ઉઠે, તેજ અવિદ્યા, તેજ મિથ્યા જ્ઞાન છે.

મનની કલ્પનાથી ભય ઉત્પન્ન કરનાર પોતે જ છે. તેમજ મનની કલ્પનાથી સંસારને સાર રૂપ કલ્પનાર પણ પોતે જ છે.

પાણી તણા સિંચન થકી આંબો વધી કલકલ કરે;
ભાનુતણા કિરણો વડે વૃદ્ધિ મઝાની છે ખરે.

અમુક મારા મિત્રો છે, એ પણ મનની કલ્પના છે. આત્મા તો સર્વને પોતાના સમાન ગણે છે.

અમુક મારા દુશ્મન છે, એ પણ મનની કલ્પના છે, કારણ કે જેના ઉપર દુશ્મનની કલ્પના કરીએ તે દુશ્મનરૂપે લાગે છે અને તેજ પુનઃ મિત્રની કલ્પના કરતાં મિત્રરૂપે લાગે છે.

પોતાનામાં સ્ત્રીની કલ્પના કરતાં સ્ત્રીના જેવા હાવભાવો પ્રગટી નીકળે છે તેમજ પુરુષની કલ્પના કરતાં પુરુષના હાવભાવો પ્રગટી નીકળે છે; વસ્તુતઃ જોતાં એ સર્વ મનનો પ્રપંચ લાગે છે.

મનના પ્રપંચને આત્માનો કલ્પી આપણે સર્વ ઉપાધિઓનો બોજો ખરેખર આત્મા ઉપર નાખીએ છીએ; પણ અન્તર દૃષ્ટિથી વિચારીએ છીએ તો અહંતા અને મમતાનાં વાદળોની ઘટા વિખરાઇ જાય છે.

આત્મા પોતાના જ સ્વરૂપે ભાસે છે.

સર્વ વસ્તુ જાણનાર જ્ઞાન છે, પણ જાણતાં જે રાગદ્વેષ ઉઠે છે, તે મોહનો ધર્મ છે.

સર્વ વસ્તુઓને દેખવી, એ દર્શનનો ધર્મ છે પણ સર્વને દેખતાં જે રાગદ્વેષ થાય છે, તે મનમાં ઉઠેલી મોહની કલ્પના છે.

અનેક પ્રકારની પદવીઓની કલ્પના પણ મનમાંથી ઉઠે છે અને તે પદવીઓનો નાશ થતાં મનમાં જ પુનઃ શોકની કલ્પના ઉઠે છે.

તવંગરની કલ્પના પણ મનમાંથી ઉઠે છે અને ગરીબની કલ્પના પણ મનમાંથી ઉઠે છે.

માનની કલ્પના પણ મનમાંથી ઉઠે છે અને અપમાનની કલ્પના પણ મનમાંથી ઉઠે છે.

મળતા પ્રકાશો નવનવા ત્યાં આત્મવૃદ્ધિ થાય છે,
અનુભવ ગ્રહીને યોગીઓ પ્રગતિને પંથે થાય છે.

આત્માને તો માન કે અપમાન કાંઇ પણ નથી.

જાતિની કલ્પના પણ મનમાંથી ઉઠે છે અને ભ્રષ્ટતાની કલ્પના પણ મનમાંથી ઉઠે છે.

જગતમાં સારા અને ખોટા સર્વ વ્યવહારોને મન કલ્પે છે અને પોતે જ તેમાં બંધ પામે છે.

કુટુંબ, ઘર અને ધનને પણ પોતાનું કલ્પનાર મન છે અને તેથી જેટલું જેટલું મનમાં પોતાનું કલ્પ્યું હોય છે, તેનો તેનો નાશ થતાં મન જ દુઃખના સાગરમાં ગરકાવ થઇ જાય છે.

અહો ! મનનો જ આ સર્વ પ્રપંચ લાગે છે.

મનના તાબામાં જ્યાં સુધી આત્મા છે, ત્યાં સુધી મનની અસર આત્માને થાય છે. પરંતુ મનની આવી કલ્પનાથી જ્યારે આત્મા દૂર રહે છે, ત્યારે આત્મા ખરેખર મનની કલ્પનાનો નાશ કરે છે અને પોતે સ્વતંત્ર બને છે.

અર્થાત્ મનની જે જે કલ્પનાઓ પ્રથમ જગતમાં ઉઠેલી હતી, તેને આત્મા પોતાની માનતો નથી અને દુનિયા મનના ધર્મને લઈ જે જે કહે, તે આત્મા પોતાને કહે છે, એમ માનતો નથી.

કોઇ મનુષ્ય કહે કે તારી આબરૂ ગઇ, ત્યારે મનની કલ્પનાને જીતનાર આત્મા વિચારે કે આબરૂ એ હું શુદ્ધ આત્મા નથી.

કોઈ કહે કે, તારૂં ઘર બળી ગયું, ત્યારે શુદ્ધ આત્મા વિચારે કે, મારૂં કાંઇ બળે નહીં, હું શસ્ત્રથી છેદાઉં નહીં, જલથી ભિંજાઉં નહીં, અગ્નિથી બળું નહીં.

મને દુનિયાની પણ અસર થઈ શકે નહિ. મને કીર્તિની કલ્પના અથવા અપકીર્તિની કલ્પના કંઇ પણ અસર કરવા સમર્થ થતી નથી.

ભાનુ પ્રકાશે આત્રવૃદ્ધિ થાય છે સાચું કવું.
જ્ઞાન પ્રકાશે વિશ્વ જીવોની જ વૃદ્ધિ છે સ્તવું.

અનેક પ્રકારના દોષોના આરોપની જો દુનિયા મારા પર કલ્પના કરે તો તે કલ્પનાઓનો કલ્પનાર હું નથી અને તે મારો શુદ્ધ ધર્મ નથી; તો મારે શા માટે પૂર્વોક્ત કલ્પાનાને મારામાં માનવી જોઈએ ? અલબત્ત ન માનવી જોઇએ.

મને જે ઇષ્ટપણાની અથવા અનિષ્ટપણાની કલ્પના કરી છે, તે હું આત્મા નથી અને તેમાં મારૂં કંઈ પણ નથી.

આ પ્રમાણે આત્મા શુદ્ધ જ્ઞાનથી વિચારે છે, ત્યારે મનમાં ઉઠેલી સર્વ રાગદ્વેષની કલ્પનાનો ક્ષય થઈ જાય છે અને આત્માની શક્તિના પ્રતાપે મન પણ આત્માના તાબામાં રહે છે અને તે આત્માના સન્મુખ રહીને આત્માના ગુણોનું સ્મરણ કરે છે, તેથી મન મોક્ષનું કારણ બને છે.

જ્યાં સુધી પ્રારબ્ધ કર્મની પ્રબલતા છે, ત્યાં સુધી આવશ્યક કાર્યોને કરવાં પડે છે, પણ મન તેમાં બંધાતું નથી, કારણ કે આત્માની શક્તિના પ્રતાપે મન રાગદ્વેષની કલ્પના કરવાને સમર્થ થતું નથી.

મનમાં જ્યાં સુધી મોહના હેતુઓથી મોહનો ઉદય થાય છે, ત્યાં સુધી જાણવું કે, આત્માની શક્તિની અસર મન પર થઈ નથી.

જેટલા મોહના સંબંધો છે, તેટલા દુઃખના હેતુઓ છે. સ્વપ્નમાં પણ મોહના સંબંધ વડે મનમાં દુઃખરૂપ બળતો અગ્નિ ભાસે છે, એવો મોહનો સંબંધ કોણ મનુષ્ય ઇષ્ટ ગણી શકે ? અલબત્ત કોઇ પણ ઇષ્ટ ગણી શકે નહીં.

જ્યારે આત્મા પોતે પોતાને ઓળખે છે અને મનમાં ઉઠેલા મોહના સંબંધોને દુઃખરૂપે જાણે છે, ત્યારે તે તે મોહના સંબંધોમાં આવતાં છતાં પણ મોહના એટલે રાગદ્વેષના હેતુઓને વૈરાગ્યરૂપે પોતે પરિણમાવી શકે છે.

અવકાશ છે જ્યાં જ્ઞાનનાં, કિરણો પડે જીવો વિષે;
ત્યાં સર્વ જાતિ ઉન્નતિ, થાતી અહો નજરે દિસે.

જ્ઞાનીને આશ્રવના હેતુઓ ખરેખર સંવરના હેતુઓપણે પરિણમે છે અને અજ્ઞાનીને સંવરના હેતુઓ પણ આશ્રવરૂપે પરિણમે છે, એમ સિદ્ધાન્તોમાં કહ્યું છે.

આત્મા મનના ઉપર કબજો મેળવે છે, ત્યારે તે જ્ઞાનના પ્રતાપે રાગ અને દ્વેષના હેતુઓને પણ વૈરાગ્યરૂપે પરિણમાવે છે. જ્ઞાનીને દુઃખ પડતાં વૈરાગ્ય વધે છે.

જ્ઞાની સંસારનાં કાર્યો કરતાં છતાં પણ જલકમલની પેઠે નિર્લેપ રહે છે; કારણ કે જ્ઞાનીનો આત્મા રાગદ્વેષની ભ્રાન્તિમાં ફસાતો નથી અને પોતાના અધિકાર પ્રમાણે સર્વ વ્યાવહારિક કાર્યો સર્વ મનુષ્યોની પેઠે કરે છે, પરંતુ તે તેમાં લેપાતો નથી અને પોતાના આનન્દને ભોગવતો જાય છે. સંસારની મોહજાળ તેને અસર કરી શકતી નથી.

જ્યારે જ્ઞાનીનો આત્મા, મનની રાગદ્વેષની કલ્પનાને પોતાની ગણતો નથી, ત્યારે તે પોતાના આત્માના સ્વભાવ ધર્મને પોતાનો ગણે છે, તે વખતે તેની કેવી દશા થાય છે તે બતાવે છે.

જ્ઞાનીની દશા

" आत्मवत् सर्वजीवेषु, यः पश्यति स पश्यति. "

પોતાના આત્માની પેઠે જે સર્વ જીવોમાં જુવે છે. તે સર્વ ધર્મને દેખે છે, તેથી સર્વ આત્માઓ પોતાના સરખા અર્થાત્ પોતાના બન્ધુસમાન તેને લાગે છે. તેને કોઈ શત્રુ પણ લાગતો નથી અને કોઈ તેને પ્રિય પણ લાગતો નથી.

સર્વ જીવો પોતપોતાની દશા પ્રમાણે છે, તેમાં દ્વેષ અથવા રાગની કલ્પનાની જરૂર તેને દેખાતી નથી. તે જેવી વસ્તુ હોય તેવી દેખે છે અને આદર્શની પેઠે તટસ્થ સાક્ષીપણે સર્વનો જ્ઞાતા અને દ્રષ્ટા બને છે અને નિર્લેપ રહે છે.

મૂળો વિષે જે પાણી તે હા ! પહોંચતું સહુ અંગને;
મૂળો વિષે પાણી ધરો રાખો સદા નિજ રંગને.

વ્યાવહારિક તથા પારમાર્થિક જીવનને ગાળે છે, છતાં બાહ્ય વસ્તુઓમાં લેપાતો નથી. બાહ્ય વસ્તુઓનાં કાર્યોને પોતાના માથે આવી પડેલી ફરજ તરીકે ગણી કરે છે, પરંતુ તેમાં હું તું'ની કલ્પના કરતો નથી. તેવો જ્ઞાની નિર્લેપ રહીને વિશેષતઃ સર્વનું ભલું કરવા સમર્થ થાય છે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ પ્રમાણે ઉચ્ચ જીવન પ્રાપ્ત કરવા માટે ઉચ્ચ પ્રકારના વિવેકને ગ્રહણ કરે છે.

સર્વ પ્રકારનાં કાર્યોમાં લાભ અને અલાભની તરતમતા જાણી શકે છે. પારમાર્થિક જીવન ગાળવા માટે બને તેટલો નિષ્કામપણે આત્મભોગ આપે છે.

જ્ઞાન, દર્શન અને ચારિત્રની ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરવા સદાકાલ આત્મોપયોગમાં રમે છે.

ગૃહસ્થ ધર્મમાં રહ્યો હોય તો ગૃહસ્થના અધિકાર પ્રમાણે સર્વ બાબતોમાં વર્તે છે અને સાધુધર્મ અંગીકાર કરે છે તો સાધુના અધિકાર પ્રમાણે વર્તે છે.

સદ્‌ગુણો તરફ દૃષ્ટિ રાખે છે અને દુર્ગુણોને ટાળવા માટે પ્રયત્ન કરે છે. ગુણાનુરાગ દૃષ્ટિથી સર્વત્ર–સર્વથા–સર્વ મનુષ્યોના ગુણોને ગ્રહણ કરે છે.

જગતના આક્ષેપો સહન કરવા શૂરવીર બને છે અને મનમાં અત્યંત ધૈર્ય ધારણ કરે છે.

હું શુદ્ધાનન્દ સ્વરૂપમય પોતે છું એમ નિશ્ચય કરે છે, જેથી દુઃખ થાય અથવા સુખ તે હું નથી. દુઃખ એ આત્માનો શુદ્ધ ધર્મ નથી, માટે દુઃખની કલ્પના કરવાનું જ્ઞાનીને કંઇ પણ પ્રયોજન જણાતું નથી.

જ્યાં મૂળમાં નિર્જળપણું, ત્યાં રાચમાં નિર્જળપણું;
એ વાકયને મનમાં ધારીને, ચિંતન કરો મનમાં ઘણું.

જે જે વખતે દુઃખ અથવા શોક થાય, તે તે વખતે જાણવું કે મનનું જોર વિશેષ છે અને આત્મા પોતે મનના તાબામાં વર્તે છે તેમજ જે જે વખતે આત્માનો સહજ આનન્દગુણ ખીલે અને બાહ્યમાં સમભાવે જોવાય ત્યારે સમજવું કે, આત્મા પોતે તે વખતે નિર્મલ છે અને મનને પોતે વશ કર્યું છે.

શુદ્ધાનન્દ સ્વરૂપના ઉપયોગમાં રહેતાં આત્મા પોતાને નિરાકાર સ્વરૂપપણે નિહાળે છે અને પોતાના સ્વરૂપનો પોતે નિશ્ચય કરે છે કે, જડ આકારોથી હું ભિન્ન છું, નિરાકાર છું, સર્વ પ્રકારના સાકાર પ્રપંચોથી ભિન્ન છું, ત્યારે સાકાર પદાર્થોનું મમત્વ તેમજ તેમાં અહંત્વ કેમ મારે કલ્પવું જોઈએ? અલબત ન કલ્પવું જોઈએ–ઇત્યાદિ સ્વરૂપનો જ્ઞાની આત્મા પોતાની મેળે નિશ્ચય કરે છે.

જ્ઞાની પોતાના સ્વરૂપનો તે વખતે તેવી જ્ઞાનદશામાં વર્તતો છતો જે નિશ્ચય કરે છે, તે બતાવે છે.

शुद्धात्मपदमिच्छामि, स्वाभाविकसुखप्रदम् ।
सर्वकर्मविनाशार्थं–मुत्सुकोऽहं प्रयत्नतः ॥९०॥
स्वाभाविकस्वरूपे मे, सुखानन्तमहोदधिः ।
ज्ञानादिसद्गुणाः सर्वे, वर्तन्ते स्वस्वरुपतः ॥९१॥

આત્મજ્ઞાની, સ્વાભાવિક સુખપ્રદ શુદ્ધાત્મપદને ઇચ્છું છું, તે વિના હું અન્ય કંઈ પણ ઇચ્છતો નથી–એમ નિશ્ચય કરે છે.

આત્મ પ્રયત્નથી સર્વ કર્મનો નાશ કરવા હું ઉત્સુક થયો છું, એમ નિશ્ચય કરે છે.

મારા સહજ સ્વરૂપમાં સુખાનન્દ મહોદધિ છે, એમ અનુભવ કરે છે અને જ્ઞાનાદિ સર્વ સદ્ગુણો પોતપોતાના સ્વરૂપે મારામાં વર્તે છે, એમ નિશ્ચય કરે છે.

જે કોમમાં કે રાજ્યમાં મજબૂત મૂળો ના થતાં;
તે કોમ કે તે રાજ્યની પડતી થતી જોતાં છતાં,

ભાવાર્થઃ—હું શુદ્ધ પદને ઇચ્છું છું અને એજ મારૂં શુદ્ધ કર્તવ્ય છે. જ્યારે ત્યારે પણ એજ અવશેષ કાર્ય કરવાનું છે. છેલ્લામાં છેલ્લી એજ મારી ઇચ્છા છે; પશ્ચાત્ કોઈ પણ ઇચ્છા નથી. હું મારા સ્વરૂપમાં રમણુતા કરૂં ઇત્યાદિ જ્ઞાની વર્તમાનકાલમાં નિશ્ચય કરે છે.

ભૂતકાળમાં જે થયું તે હાલ નથી. ભવિષ્યમાં જે થવાનું છે. તે હાલ નથી. વર્તમાનકાળ સુધર્યાથી ભવિષ્યકાળ સુધરે છે અને વર્તમાન બગડયાથી ભવિષ્યકાળ બગડે છે; માટે જ્ઞાની પોતાની ઇચ્છા વર્તમાનને અવલંબીને કરે છે, તે ખરેખર યોગ્ય જ છે.

સ્વાભાવિક સુખપ્રદપદની કોણ ઇચ્છા ન કરે? અલબત્ત સર્વ મનુષ્યો કરે છે.

કોઈને પૂછો કે, ભાઈ! તને મુક્તિ વ્હાલી લાગે છે? ત્યારે તે કહેશે કે, હા મને મુક્તિ વ્હાલી લાગે છે. મુક્તિના સમાન અન્ય કોઇ ઉત્કૃષ્ટ સ્થાન નથી. ખરેખર મુક્તિના સમાન કોઈ નથી.

શુદ્ધાત્મપદ પ્રાપ્ત કરવાની ઇચ્છા થવી મહાદુર્લભ છે. કોઇ યોગ્ય મુમુક્ષુને તેની ઇચ્છા થાય છે. સર્વ મનુષ્યો પોતાની બુદ્ધિ અનુસાર મુક્તિ ઇચ્છે છે, પણ તેમાં દૃષ્ટિના ભેદે ઘણા ભેદ પડે છે.

જ્ઞાની પુરુષ દૃઢ સંકલ્પ કરે છે કે, સર્વ કર્મનો નાશ કરવા માટે યથાશક્તિથી ઉદ્યમ કરવો, કારણ કે અનન્ત સુખનો દરિયો હું છું, માટે મારું સ્વાભાવિક સુખ મારે પ્રાપ્ત કરવું જોઈએ.

મારા જ્ઞાનાદિ ગુણો સર્વ પોતાના સ્વભાવે વર્તે છે, તેને તે તે કર્માવરણોને ટાળી પ્રગટ કરવા જોઈએ.

અસત્નો ઉત્પાદ થતો નથી અને **સત્**નો નાશ થતો નથી. મારા આત્માના સર્વે ગુણો સત્રૂપે છે; ગમે તેટલાં તેના ઉપર આવરણો આવે તો પણ તે પોતાનું રૂપ ત્યાગતો નથી.

નિજ ધર્મને ફેલાવવા કોટી ઉપાયો આદરી;
ઉડાં કરે નિજ મૂળને ઉત્સાહ સંપજ દિલ ધરી.

આત્મા જ્યારે ત્યારે પણ પોતાના ગુણોને પ્રકટ કરી મહાન બનવાનો છે–આત્માના અનન્તગુણોને આત્મા પોતાના સ્વભાવમાં રમણતા કરી પ્રકટ કરવાનો છે; માટે જ જ્ઞાની કહે છે કે, હું તે ગુણોને પ્રકટ કરવા ઉત્સુક બન્યો છું.

જ્ઞાની મહાત્મા પોતાના ગુણોની પ્રકટતા કરવા માટે કઈ દશાથી જગતમાં કાર્યો કરતાં છતાં વર્તે છે, તે જ્ઞાની પોતાના ઉદ્ગારોથી જણાવે છે.

साक्षीभूतो विपश्यामि, स्फुरन्त्यादर्शवन्मयि ।
निर्लेपः सन् पदार्थेषु, प्रवर्ते स्वाधिकारतः ॥ ९२ ॥

સર્વ પદાર્થોને હું સાક્ષીરૂપે દેખું છું અને મારામાં સર્વ પદાર્થો આદર્શની પેઠે ભાસે છે.

સર્વ પદાર્થોમાં નિર્લેપ થયો છતાં સ્વાધિકારવડે જગતમાં પ્રવર્તું છું અર્થાત્ આવશ્યક કાર્યસેવામાં રહું છું.

ભાવાર્થ :—સર્વ પદાર્થોને સાક્ષીરૂપવડે દેખવા એ મહાઆદર્શ પુરુષનું કાર્ય છે. સર્વ પદાર્થોને બોધવડે સાક્ષીપણે રહી જાણવા અને તેમાં લેપાવું નહિ, એ કંઈ સાધારણ કાર્ય નથી.

આવી જ્ઞાનની ઉત્કૃષ્ટ દશા પ્રાપ્ત કરતાં ઘણો સમય જોઈએ તેમજ ઘણો જ્ઞાનાભ્યાસ જોઈએ તેમજ જ્ઞાન થયા બાદ દરેક પ્રકારના પદાર્થોનો ઘણો અનુભવ જોઈએ.

સર્વ પ્રકારની મનઃશાળાનો અનુભવ લઈ આગળ વધવું જોઈએ. શબ્દશાસ્ત્ર અથવા ન્યાયશાસ્ત્રની કેટલીક યુક્તિયોથી કંઈ સંપૂર્ણ જ્ઞાન-દશા પ્રાપ્ત થતી નથી. જ્ઞાનની પ્રાપ્તિ માટે શુદ્ધ હૃદય કરવું જોઈએ. હૃદયની શુદ્ધતા વિના ઉત્તમ જ્ઞાન હૃદયમાં પ્રકાશતું નથી.

પરમાર્થ માટે પ્રાણ છે આત્રાદિપેઠે જેહના;
અવતાર તેનો સફલ છે જગ વંદ્ય છે પદ તેહના.

નવતત્ત્વ અને ષડ્દ્રવ્યનું ઉત્તમ પ્રકારે જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ. અધ્યાત્મજ્ઞાનમાં ઉંડા ઉતરવું જોઇએ. આવી રીતે જ્ઞાન સંપાદન કર્યું હોય છે, તો પણ તેને શ્રદ્ધા અને અનુભવમાં મૂકવું પડે છે; કારણ કે શ્રદ્ધાવિનાનું જ્ઞાન ઉત્તમ કાર્ય કરી શકતું નથી.

જ્ઞાન પ્રાપ્ત થયું તો પણ સંસારના સંબંધમાં જે જે કષ્ટો દુઃખો અને ઉપાધિયો આવી પડે છે, તેના સામું જે જ્ઞાન પોતાના બળથી ટકી રહે છે, તે જ્ઞાન ઉત્તમ અનુભવ પ્રાપ્ત કરવા માટે યોગ્ય થયું એમ કહેવાય છે.

સર્વ પ્રકારના પદાર્થો દેખતાં અને જાણતાં આત્મા તેમાં લેપાવો જોઇએ નહીં એવી જ્ઞાનની જે દશા તે ઉત્તમ દશા કહેવાય છે.

સ્ત્રી, ધન અને પુત્રાદિમાં રાગ થાય નહિ અને દુઃખકર વસ્તુઓ પ્રતિ દ્વેષ થાય નહીં, અર્થાત્ રાગ અને દ્વેષકારક સ્ત્રી શત્રુ વગેરેનો સંબંધ થવા છતાં પણ તેમાં જ્ઞાનબળ વડે રાગ પણ ન થાય અને દ્વેષ પણ ન થાય તથા પોતાના અધિકાર પ્રમાણે વર્તી શકાય, એવી જ્ઞાનની ઉત્તમ દશા તો કોઈ વિરલા પુરુષો પ્રાપ્ત કરી શકે છે.

જેમ આદર્શ (અરીસા)માં લાલ વસ્તુઓનાં તેમજ કાળી વસ્તુઓનાં પ્રતિબિંબ પડે છે, એટલે જેવી વસ્તુ સામે હોય તેવું પ્રતિબિંબ પડે છે, પણ તેથી અરીસાને તો માત્ર સાક્ષીપણું છે; અરીસો કંઈ લાલ વસ્તુ પર રાગ કરતો નથી તેમજ કાળી વસ્તુનું પ્રતિબિંબ પડયું, તેથી કાળી વસ્તુ પર દ્વેષ પણ કરતો નથી.

તેમ ઉત્તમ જ્ઞાનદશાધારક મહાત્મા સર્વ વસ્તુઓને સાક્ષી વડે દેખે છે અને આદર્શવત્ જાણે છે, તો પણ પોતાના અધિકાર પ્રમાણે સર્વ કાર્યોને કરે છે. તે દૃશ્ય જ્ઞેય કાર્યોમાં રાગદ્વેષ કરતો નથી.

શાખા પ્રશાખા નાશથી ઠુંઠા સમા શોભે જનો;
માટે જનો શાખા પ્રશાખા ધારીને સબળા બનો.

આવી જ્ઞાનની ઉત્તમ દશાવાળો પુરુષ કહે છે કે, હું સર્વ પદાર્થોને સાક્ષીરૂપે દેખું છું અને તે પદાર્થોનો અનુભવ કરું છું પણ તેથી રાગદ્વેષ કરતો નથી.

અર્થાત્ સર્વ વસ્તુઓને જાણું છું તો પણ તટસ્થ સાક્ષીરૂપે રહેવાથી રાગાદિથી મુંઝાતો નથી. સર્વ પદાર્થોમાં નિર્લેપ થયો છતાં તેમજ પોતાના અધિકાર પ્રમાણે સર્વ કાર્યોને કરતાં છતાં પણ પોતાના સ્વભાવે વર્તું છું અને ભવિષ્યમાં વર્તીશ.

આ પ્રમાણે આત્મજ્ઞાનીના ઉદ્‌ગારોથી આપણને તે પ્રમાણે વર્તવાને એક ઉત્તમ બોધ મળે છે.

જ્ઞાનીના આવા ઉત્તમ ઉદ્‌ગારો હૃદયમાં ઉતારીને જિજ્ઞાસુઓને ઊંડી અસર કરે છે અને તે પ્રમાણે ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત કરાવવા જિજ્ઞાસા કરાવે છે અને જ્ઞાન પ્રાપ્ત કરીને દેખવા તથા જાણવામાં તેમજ આવશ્યક કાર્ય કરવામાં નિર્લેપતા સૂચવે છે.

ઉત્તમ જ્ઞાન વિના નિર્લેપતા આવવી મહાદુર્લભ છે. **શ્રીતીર્થંકરોએ** ગૃહાવાસમાં આવી નિર્લેપતા રાખી હતી.

સર્વ દેખવાના પદાર્થોથી દૂર રહીને તો સર્વે રાગ અને દ્વેષથી દૂર રહે. સ્ત્રીને દેખ્યા વિના તો સર્વ રાગરહિત હોય, શત્રુને જાણ્યા તથા દેખ્યા વિના તો સર્વે દ્વેષ ન કરે પણ સ્ત્રી શત્રુ વગેરે પદાર્થો દેખવામાં તથા જાણવામાં આવે ત્યારે ઉત્તમ જ્ઞાન વિના રાગદ્વેષથી નિર્લેપ રહી શકાય નહીં, એમ અનુભવ કરતાં જણાઈ આવે છે.

રાગકારક અને દ્વેષકારક વસ્તુઓમાં રાગની અને દ્વેષની કલ્પનાનો ઉત્તમ આત્મજ્ઞાન વિના ક્ષય થતો નથી, એ ચોક્કસ વાત છે.

રાગ અને દ્વેષકારક વસ્તુઓ સામી દરરોજ દેખવામાં આવે તેમજ જાણવામાં આવે તેમજ તે વસ્તુઓ દરરોજ પાસે દેખાય,

---

શાખા વિનાનો ધર્મ કોઈજ વિશ્વમાં નહિ વ્યાપતો;
શાખા પ્રશાખા વણ અહો કોઇ ન કષ્ટો કાપતો

કદાપિ સ્ત્રી વગેરે લલચાવે તો પણ જે જ્ઞાનના પ્રતાપે મનમાં રાગ અને દ્વેષ ન થાય, તેજ ઉત્તમ જ્ઞાન જાણવું.

પાંચે ઇંદ્રિયો સુણવાનું, જોવાનું, સુંઘવાનું, ચાખવાનું, તથા સ્પર્શવાનું કાર્ય કરે તો પણ કોઈપણ વિષય પ્રતિ રાગ ન થાય તેમજ કોઈ પણ વિષય પ્રતિ દ્વેષ ન થાય; આ જ ઉત્તમ જ્ઞાનની દશા છે; એવી દશાવાળાનું ઉત્તમ ચારિત્ર છે.

રાગ અને દ્વેષકારક વસ્તુઓ દૂર હોય ત્યાં સુધી તો અનેક મનુષ્યો નિરાગી અને નિર્દ્વેષી માલૂમ પડે; પણ તે વસ્તુઓ પાસે આવતાં રાગ અને દ્વેષના સંસ્કાર જાગ્રત ન થાય, ત્યારે તે વખતે દેખ્યું અને જાણ્યું ઇત્યાદિ સહાયકારક થઇ પડે છે.

મોહકારક વસ્તુઓ દૂર છતાં વૈરાગી અને તે વસ્તુઓનો સંબંધ છતાં રાગી, આવી જ્ઞાનદશાવાળા જીવોનો દરજ્જો નીચો હોય છે.

તેઓ ઉત્તમ જ્ઞાનની પ્રાપ્તિ વિના રાગદ્વેષના સંસ્કારોનો ક્ષય કરી શકતા નથી; માટે તેવા પ્રકારના મનુષ્યોએ આદર્શવત્ દશાધારક જ્ઞાનીનું વર્તન ગ્રહવું જોઇએ અને તેવા વર્તન માટે ઉત્તમ જ્ઞાનની પ્રાપ્તિ કરવી જોઇએ.

જ્ઞાનીની એવી ઉત્તમ દશાને અન્ય અધિકારીઓ પારખી શકતા નથી અને તે બાબતની પરીક્ષામાં પડવાથી તેઓને કંઈ તત્ત્વ હાથમાં આવતું નથી.

કહ્યું છે કે અધૂરાને પરીક્ષા શી ? અધૂરાની પરીક્ષા શી ? અધૂરાને પરીક્ષા કરવાનો શો હક્ક છે ? તેમજ અધૂરાની પરીક્ષા શા માટે કરવી જોઇએ ?

મુમુક્ષુઓએ તો એવી ઉત્તમ જ્ઞાનદશા પ્રાપ્ત કરવા માટેઘટતા ઉપાયો આદરવા જોઇએ.

તીર્થંકરોએ ગણધરો સ્થાપી ઘણી શાખા કરી;
તેથી રહ્યો છે જીવતો શ્રી જૈન ધર્મજ જય કરી.

જ્યાં સુધી દેખતાં જાણતાં અને સર્વ કાર્ય કરતાં છતાં પણ નિર્લેપ ન રહેવાય, ત્યાં સુધી સમજવું કે, ઉપર્યુક્ત આત્મજ્ઞાનની ઉત્તમ દશા પ્રાપ્ત થઈ નથી અને જ્યારે લખ્યા પ્રમાણે અનુભવ આવે, ત્યારે સમજવું કે એવી મારી દશા થઈ છે.

અન્યોની એવી દશા છે કે નહીં તેની જો પંચાતમાં પડશો તો નિન્દા વગેરે દોષોવાળું હૃદય કરવું પડશે અને ઉપર ચડવાના બદલે નીચે ઉતરવું પડશે; માટે જિજ્ઞાસુઓને ભલામણ કરી છે તે ધ્યાનમાં રાખવી.

ઉત્તમ આત્મજ્ઞાનીની દશા પ્રમાણે પોતાના આત્માની દશા કરવા ઉદ્યમ કરવો, એમ પ્રસંગોપાત્ત અહિં જણાવ્યું છે. હવે મૂળ વિષય પર આવીએ.

આત્મજ્ઞાનીની આવી ઉત્તમ દશા થતાં તે બાહ્યદૃષ્ટિથી પરાઙ્મુખ થાય છે અને મનને વશમાં રાખી ધર્મમાં પ્રવર્તે છે.

આત્મજ્ઞાની આવી દશામાં ઉત્તમ સંકલ્પ કરે છે, તે જણાવે છે.

अन्तर्दृष्टिं समाधाय, वर्तिष्येऽहं प्रयत्नतः ।
धर्मकार्याणि कुर्वन् सन्, भोग्यकर्म्मप्रवेदकः ॥ ९३ ॥

ભોગ્યકર્મને જાણતાં છતાં તેમજ ધર્મકાર્યોને કરતાં છતાં હું અન્તરદૃષ્ટિ ધારણ કરીને વિશેષ પ્રયત્નથકી વર્તીશ, એમ ઉત્તમ જ્ઞાની સંકલ્પ કરે છે.

ભાવાર્થ :—ભોગ્યકર્મને વિવેકથી જાણતાં તેમાં બંધાવાનું થતું નથી. જ્ઞાની ભોગાવલીકર્મ ભોગવતો છતાં તેમાં વૈરાગ્યભાવ ધારણ કરે છે.

જે ધર્મમાં વા સંઘમાં વા રાજ્યમાં સ્તંભો સમા;
આદર્શ પુરુષો હોય છે ત્યાં અન્યની ના કંઈ તમા.

શ્રી તીર્થંકરોના ગૃહાવાસના ભોગકર્મનું દૃષ્ટાંત અહિં સમજવું.

પોતાની યથાશક્તિથી વ્યાવહારિક ધર્મકાર્યોને જૈનધર્મના ફેલાવા માટે તથા જૈનધર્મની પ્રભાવના માટે પ્રયત્ન કરે છે.

બાહ્યમાં રાગ દ્વેષનો પરિણામ ન થાય, તે માટે વિશેષ જ્ઞાનોપયોગ વૈરાગ્ય વગેરેનો પ્રયત્ન કરે છે અને તે વડે અન્તર્દૃષ્ટિ ધારણ કરીને સર્વત્ર વિવેકદૃષ્ટિથી દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ પ્રમાણે વર્તે છે.

જ્ઞાનીપુરુષ આવો જ સંકલ્પ કરી પોતાના જીવનને ઉચ્ચ ભૂમિકાવાળું બનાવે છે અને ઉચ્ચ દૃષ્ટિ સાથે ઉચ્ચ સૃષ્ટિમાં પ્રવેશ કરે છે.

નાટકીઓ લીધેલા વેષને ભજવે છે, પરંતુ તેથી પોતાને ભિન્ન માને છે, તેમ જ્ઞાની પણ કર્મયોગે કાર્યોને કરતાં છતાં પણ પોતાને તેથી ભિન્ન માને છે.

બહુરૂપી જેમ અનેક વેષ લે છે, પરંતુ પહેરેલા વેષો એ જ હું છું, એમ માનતો નથી; તેમ જ્ઞાની પણ જે જે બોલે છે, જે જે જુએ છે, જે જે સાંભળે છે, જે જે કરે છે, જે જે કરાવે છે, તે તે સર્વે હું છું અને તે મારૂં છે, એમ માનતો નથી; તેથી તે અજ્ઞાનિઓના કરતાં કરોડોગણા ઊંચા પગથીએ ઊભો રહેલો છે અને પોતાની કાર્યપ્રવૃત્તિ ચલાવે છે એમ અવબોધવું.

જ્ઞાનીનું દેખવું, ચાલવું અને બોલવું સર્વ આશ્ચર્યરૂપ છે. વ્યવહારે વ્યવહારનાં કાર્ય કરે છે અને નિશ્ચયથી પોતાના સ્વરૂપમાં સ્થિર રહે છે,

જ્ઞાની અધિકાર પ્રમાણે વ્યવહારનાં સર્વ કાર્યો કરે છે; ધર્મસૂત્રની આજ્ઞાનો તે લોપ કરતો નથી.

બાળજીવોની દૃષ્ટિ પ્રમાણે બાળજીવોને તેના અધિકાર પ્રમાણે બતાવે છે અને પોતાના અધિકાર પ્રમાણે પોતે કરે છે.

સ્તંભો વિના પ્રાસાદ નહીં ને ઘર નહીં અનુભવ કરો;
સ્તંભો રહે કાયમ સદા એવા ઉપાયો અનુસરો.

જ્ઞાનીપુરુષ પોતાની સાધ્યદશાને કદાપિ ભૂલતો નથી. તે પોતાના આત્મોપયોગમાં રમણુતા કરે છે અને પરમસુખ માટે ધર્મની આરાધના કરે છે.

આત્મજ્ઞાનીની દશા બતાવ્યા બાદ હવે ભવ્ય જીવોને આત્મપ્રતીતિ કરાવવા માટે દૃષ્ટાંત દ્વારા આત્મસ્વરૂપ જણાવે છે.

काष्ठे वन्हिस्तिले तैलं, घृतं दुग्धे च तिष्ठति ।
तद्वत् कर्म्मप्रयोगेण, आत्मा देहे प्रतिष्ठते ॥९४॥

લાકડામાં અગ્નિ, તલમાં તૈલ, દૂધમાં ઘી જેમ રહે છે, તેની પેઠે કર્મના પ્રયોગ વડે દેહમાં આત્મા રહે છે.

ભાવાર્થ :—દેહમાં આત્મા રહે છે પણ દેહથી ભિન્ન છે.

દેહ પાંચ પ્રકારના છે. ઔદારિકશરીર, વૈક્રિયશરીર, આહારકશરીર, તૈજસશરીર અને કાર્મણશરીર—આ પાંચ પ્રકારના શરીર છે.

જ્યાં સુધી આત્મા સંસારમાં છે, ત્યાં સુધી તેની સાથે દરેક ગતિમાં તૈજસ અને કાર્મણશરીર સાથે રહે છે. કર્મના યોગે અનાદિકાળથી આત્મા દરેક ગતિ યોગ્ય શરીરને ધારણ કરી, તેમાં આયુષ્યની મર્યાદા પર્યંત રહે છે.

આત્મા શરીરમાં રહે છે પણ તે શરીરથી ભિન્ન છે. કેટલાક પંચભૂતને આત્મા માને છે પણ પંચભૂત તે આત્મા નથી.

આત્મા પંચભૂતથી ન્યારો છે. આત્મારૂપ શરીર છે, એમ કહેનાર શરીરથી ભિન્ન ઠરે છે.

હું ગૌર છું, હું સ્થૂલ છું, આવી બુદ્ધિ તો ભ્રાંતિથી ઉત્પન્ન થાય છે. હું ગૌર શરીરધારક છું, હું સ્થૂલશરીરધારક છું, એમ અર્થ અવબોધીને આત્મતત્ત્વની પ્રતીતિ કરવી.

આચાર્ય આદિ ધર્મના, સ્તંભો સદા જગ જાગતા;
પોષણ કરો તેનું સદા, તે પર ધરી બહુ રાગતા.

આત્મતત્ત્વની પ્રતીતિ થવી મહાદુર્લભ છે. અનુભવજ્ઞાનથી આત્માની પ્રતીતિ થાય છે. કોઈ અધ્યાત્મતત્ત્વવેત્તાઓને અનુભવજ્ઞાન થઈ શકે છે.

શ્રીસદ્ગુરુની ઉપાસના કર્યા વિના આત્મતત્ત્વની પ્રતીતિ થતી નથી. આત્માની અસ્તિતા માટે આત્માસ્વરૂપનામના અસ્મત્કૃત ગ્રન્થમાં ઘણું કહેવામાં આવ્યું છે; માટે અહિં વિશેષ વિસ્તારથી લખવામાં આવતું નથી.

આત્માની અસ્તિતા વિના આત્મા નથી, એવું વાક્ય બોલી શકાય જ નહીં.

આત્મા નથી એ વાકય કહેનાર આત્માનું જ્ઞાન કરીને આત્મા નથી એમ બોલે છે, કે આત્માનું જ્ઞાન કર્યા વિના આત્મા નથી એમ બોલે છે ?

પ્રથમ પક્ષ અંગીકાર કરીને કહેશો કે "આત્માનું જ્ઞાન કરીને આત્મા નથી એમ બોલે છે" આમ પણ કહેવું આત્માની અસ્તિતા જ સિદ્ધ કરે છે; કારણ કે પ્રથમ આત્મા નામનો પદાર્થ છે, એમ જાણ્યું પશ્ચાત નથી એમ કહેવું તે સત્યનો અપલાપ માત્ર છે.

આત્માનું જ્ઞાન થયું, તે આત્મા વિના થાય નહીં અને આત્મા છે, તો આત્મા નથી એમ કહેવાય જ નહીં.

દ્વિતીય પક્ષ અંગીકાર કરીને કહેશો કે, આત્માનું જ્ઞાન કર્યા વિના આત્મા નથી, એમ કહીએ છીએ, ત્યારે તો સિદ્ધ થયું કે આત્માનું જ્ઞાન કર્યા વિના આત્માનો નિષેધ કરશો તો જે જે પદાર્થો નહીં જાણી શકો તે સર્વનો નિષેધ કરવો પડશે; પણ તેથી તે પદાર્થ જ નથી એમ માની શકાશે નહીં;–કારણ કે તે બાબતનું જ્ઞાન નહીં હોવાને લીધે આમ વિચારતાં, આત્માની અસ્તિતા સિદ્ધ ઠરે છે.

તાપ સહે ૮ ઢ જ સહે સહતો શસ્ત્રો ઘાવ,
તો પણ બહુ ગંભીર થઈ, ધરતો રૂડા ભાવ.

ત્યારે પ્રશ્ન થશે કે કોઈને તેનું પૂર્ણ જ્ઞાન હોવું જોઈએ ? ઉત્તરમાં કહેવું પડશે કે આત્માનું પૂર્ણ જ્ઞાન કરનાર તથા આત્માને સાક્ષાત્ દેખનાર **શ્રીમહાવીર** પ્રભુ છે; માટે આત્મા છે, એમ મુક્તકંઠે માન્યા વિના છૂટકો નથી.

યુરોપખંડમાં પ્રથમ જડવાદ અત્યંત પ્રસર્યો હતો, ત્યાં પણ હાલ ચૈતન્યવાદ પ્રસરવા લાગ્યો છે.

આર્યાવર્તમાં તો ઘણા કાળથી ચૈતન્યવાદનો સિદ્ધાંત પ્રસરી રહ્યો છે. સર્વ દેશોને આત્મવિદ્યાની પ્રાપ્તિ માટે હિંદુસ્થાન ગુરુરૂપ થયું છે અને થશે.

નિવૃત્તિમાર્ગમાં આર્યાવર્તની સદાકાળ ઉત્તમતા રહેશે. આર્યાવર્તમાં મહાન આત્મતત્ત્વવેત્તા મુનિવરો ઉત્પન્ન થાય છે અને તે ચૈતન્યવાદને જ્યાં ત્યાં આર્યાવર્તમાં પ્રસરાવે છે.

આત્માની અસ્તિતા ત્રણ કાળમાં એક સરખી હોવાથી આત્મા નિત્ય ઠરે છે. આત્મા અનાદિકાળથી કર્મના યોગે શરીર ધારણ કરે છે; આત્માના ગુણો કર્માવરણોથી ઢંકાયા છે. જે જે અંશે કર્માવરણો ખરે છે, તે તે અંશે આત્માના જ્ઞાનાદિ ગુણો ખીલે છે. સંપૂર્ણપણે કર્માવરણો ખરતાં સંપૂર્ણપણે આત્માના ગુણો ખીલે છે.

આત્માની જ્ઞાનશક્તિ પોતાના પ્રકાશને પ્રતિદિન કર્માવરણોને હઠાવીને વધારતી જાય છે, માટે આત્માના જ્ઞાનાદિક ગુણો પ્રાપ્ત કરવા સદાકાળ ઉદ્યમ કરવો.

દૂધમાં ઘી જેમ વ્યાપી રહ્યું છે, તેમ અસંખ્ય પ્રદેશી આત્મા સંપૂર્ણ શરીરમાં વ્યાપી રહ્યો છે, તેનું સ્મરણ કરવું જોઈએ.

જડ વસ્તુને જડ તરીકે જાણવી જોઈએ અને આત્માને આત્મા તરીકે જાણી તેની શ્રદ્ધા કરવી જોઈએ.

જીવન રસ વહે ત્યાં લગી, લીલાઈ ધરનાર;
આમ્રવૃક્ષ જગમાં જયો, સહુ મંગળ કરનાર.

આનન્દરૂપ આત્મા પોતે જ છે, છતાં અજ્ઞાની જીવો દેખી શકતા નથી, તે જણાવે છે.

उत्कृष्टानन्दसम्पन्नं, ज्ञानरुपं सनातनम् ।
ध्यानहीना न पश्यन्ति, ह्यज्ञानावृतचेतसः ॥ ९५ ॥

ઉત્કૃષ્ટાનન્દસંપન્ન જ્ઞાનરૂપ સનાતન એવા આત્માને અજ્ઞાનથી આવૃત્ત ચિત્તવાળા ધ્યાનહીન મનુષ્યો દેખી શકતા જ નથી.

ભાવાર્થ :—અજ્ઞાનથી આચ્છાદિત ચિત્તવાળા ધ્યાનહીનો આત્માને દેખી શકતા નથી. જ્ઞાનાવરણીય કર્મનો પડદો જેમ જેમ ટળે છે અને જેમ જેમ આત્મતત્ત્વનું ચિંતવન કરવામાં આવે છે, તેમ તેમ આત્મ-તત્ત્વનો ભાસ થતો જાય છે. આત્મતત્ત્વ સંબંધી પૂર્ણ લક્ષ્ય રાખ્યા વિના તેનો અનુભવ પ્રાપ્ત થતો નથી.

ભલે હજારો વસ્તુઓનું વિજ્ઞાન સંપાદન કરી સાયન્સ વિદ્યાના પ્રોફેસરો ગણાય, પણ પોતાના આત્માને અવબોધ્યા વિના સહજાનન્દની પ્રાપ્તિ થતી નથી.

આત્માને નહીં જાણનારા પોતે પોતાના શત્રુઓ બને છે અને આત્માને જાણનાર પોતે પોતાના મિત્રો બને છે.

આત્માને નહિ દેખનાર મનુષ્ય હજારો વસ્તુઓને દેખે છે, તો પણ તે સહજ આનંદ મેળવી શકતો નથી અને આત્માને દેખનાર હજારો વસ્તુઓને નહિ દેખતાં પણ સહજ આનન્દ ભોગવે છે.

જે જે વસ્તુઓ દેખાય છે, તેમજ જે જે વસ્તુઓ જાણી શકાય છે, તે સર્વ આત્મતત્ત્વનો જ મહિમા છે. દેખવા અને જાણવામાં આત્માનો જ મહિમા છે. આત્મા વિના કોઈ દ્રવ્ય અન્ય પદાર્થોને દેખી અથવા જાણી શકતું નથી દેખવું અને જાણવું એજ આત્માનું લક્ષણ છે. જે જે દેખે છે, જે જે જાણે છે, તે સર્વે આત્મા છે.

કર્યું ન લીલું જગમાં કોનું, ફોગટ તેના છે અવતાર;
બાવળીયાથી પણ તે ભુંડા, ધિક્ ધિક્ તે નર ને નાર.

જેટલા ચમત્કારો ભૂતકાળમાં થયા અને જેટલા ચમત્કારો ભવિષ્યકાળમાં થશે, તે સર્વમાં આત્માનો જ મહિમા જાણવો.

આત્માઓ જ પરમાત્માઓ થાય છે. આત્માઓ જ પરમાત્માઓનું ધ્યાન તથા ભક્તિ કરે છે.

આત્માઓ જ પૂજક છે અને આત્માઓ જ પૂજ્ય બને છે. આ આત્માઓ જ સાધુઓ અને સાધ્વીઓ તરીકે બની પોતે જ જંગમ તીર્થનાં દર્શન કરાવે છે. આત્માઓજ શ્રાવકો અને શ્રાવિકાઓ તરીકે બને છે.

જ્યાં ત્યાં આત્માઓ જ બોલી રહ્યા છે. જ્યાં ત્યાં આત્માઓ જ અનેક જાતની પ્રવૃત્તિ કરી રહ્યા છે, જ્યાં ત્યાં આત્માઓજ અનેક પ્રકારનાં નામોને તથા દેહોને ધારણ કરી રહ્યા છે, જ્યાં ત્યાં આત્માઓ જ ન્યારા લાગે છે, પણ ધ્યાનહીન પુરુષો આત્માને દેખી શકતા નથી.

જ્યારે જ્ઞાન અને ધ્યાનની પ્રાપ્તિ થાય છે, ત્યારે જ આત્માને દેખી શકાય છે.

અજ્ઞાનિઓ આત્માને દેખી શકતા નથી, તેમજ તેઓ આત્મતત્ત્વની જિજ્ઞાસા પણ મોહના જોરે કરતા નથી.

ઉત્તમ પુરુષો આત્માનું ચિંતવન કરે છે, ઇત્યાદિ ભેદોને પ્રસંગતઃ શ્લોકકાર જણાવે છે.

ज्ञानिनामात्मचिन्तास्या-दज्ञानिनां कुतो भवेत् ।
मध्यमानां वपुश्चिन्ता, भोगचिन्ता तु मोहिनाम् ॥ ९६ ॥

જ્ઞાનિઓને જ આત્મતત્ત્વ સંબંધી વિચાર થાય છે. અજ્ઞાનિઓને કયાંથી હોઈ શકે ? અર્થાત્ ન હોઈ શકે.

મધ્યમ પુરુષોને શરીરઆદિની ચિન્તા રહે છે તેમજ મૂઢોને ભોગની ચિન્તા રહે છે.

આંબાનું સહુ ખપમાં આવે, માંગલિક દર્શન કહેવાય;
જેનું કાંઈ ન ખપમાં આવે, તે કયાં તેની તુલના થાય.

ભાવાર્થ :—જ્ઞાનિઓને મુખ્ય ભાગે આત્મતત્ત્વથી ચિન્તા રહે એ સ્વાભાવિક છે. આત્માની જ્ઞાનાદિ શક્તિઓને ખીલવવા માટે જ્ઞાની પુરુષો અનેક પ્રકારે શુદ્ધ વિચારો કરે છે.

જગતના આત્માઓનું શુભ ચિંતવે છે. આત્માઓના ઉદ્ધાર કરવા અનેક પ્રકારના શુભ વિચારો કરે છે.

જ્ઞાનિઓ જ્ઞાનના ગ્રન્થો રચીને જગતની ઉચ્ચ સ્થિતિ કરે છે. તેઓ દુનિયાને સત્ય તરફ આકર્ષવા સદાકાળ પ્રયત્ન કરે છે.

પોતાના આત્માને ક્ષણે ક્ષણે ઉચ્ચ સ્થિતિ પર ચઢાવવા માટે અનેક પ્રયત્નો કરે છે.

જ્ઞાનિઓ આત્માના સ્વાભાવિક ગુણોનું ધ્યાન ધરે છે અને સમાધિનાં સુખ પ્રાપ્ત કરે છે.

અજ્ઞાનિઓ તેથી ઊલટા વર્તે છે. તેઓ પોતાના આત્માનો ઉદ્ધાર કરી શકતા નથી. બાહ્ય દૃષ્ટિ વડે જ્યાં ત્યાં ફર્યા કરે છે. ઉત્તમ સુખ પ્રતિ લક્ષ્ય રાખતા નથી.

અનન્ત દુઃખથી મુક્ત થવાનો વિચાર કરી શકતા નથી. આત્મ-જ્ઞાન સંબંધી પુસ્તકોનું વાંચન મનન કરતા નથી.

મધ્યમ પુરુષોને શરીરની ચિન્તા રહે છે, તેથી શરીરસુખ માટે સર્વ પ્રકારના પ્રયત્નો કરે છે. શરીર સંપત્તિમાં જ સર્વસ્વ માની લે છે.

પાંચ ઇન્દ્રિયો સંબંધી સુખો પ્રાપ્ત કરવા માટે મન, વચન અને કાયાનો ઉપયોગ કરે છે પણ કંઈક આત્મતત્ત્વ સંબંધી રુચિ-વાળા હોય છે, તેથી તેઓ તપ, જપ, દયા અને દાન વગેરેનું સેવન કરે છે.

લેવાનું શીખ્યા ને લોકો, દાનતણા નહીં શીખ્યા પાઠ;
લીલા નામે તો પણ સૂકાં, જુઠા તેના સઘળા ઠાઠ.

મોહથી મૂઢ બનેલા અધમ પુરુષોને તો સદાકાળ ભોગની ચિન્તા રહે છે. ભોગરૂપ કાદવમાં ભૂંડની પેઠે રાચીમાચી રહે છે.

આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનમાં લયલીન રહી અનેક પ્રકારની બાહ્ય પ્રવૃત્તિથી હિંસા વગેરે આરંભોનું સેવન કરે છે, અનેક પ્રકારની યુદ્ધની પ્રવૃત્તિઓ કરે છે.

હિંસા, જૂઠ, ચોરી, વ્યભિચાર અને પરિગ્રહ વગેરેમાં મસ્ત રહે છે. મિથ્યાત્વ દશામાં લિપ્ત રહે છે.

જગતમાં એમ ઉત્તમ, મધ્યમ અને અધમ પુરુષોનાં લક્ષણો જાણવાં.

આત્મદૃષ્ટિ કર્યા વિના
કદાપિ કાળે આત્મસુખ પ્રાપ્ત થતું નથી.

માટે ઉત્તમ પુરુષ થવું હોય તો
આત્મદૃષ્ટિ ધારણ કરવી જોઈએ,

તેમ ન બનશે તો કોઈ ઠેકાણે સુખ મળશે નહિ, તે જણાવે છે.

ऊर्ध्वं गच्छेदधोगच्छे–च्छुद्धदृष्टिपराङ्मुखः ।
तथापि शर्मनाप्नोति, स्वप्नमिष्टान्नभुक्तिवत् ॥९७॥

શુદ્ધ દૃષ્ટિથી પરાઙ્મુખ મનુષ્ય ઊંચે જાય અથવા નીચે જાય તો પણ સ્વપ્નમાં જોવાતા મિષ્ટાન્ન ભોજનની પેઠે સુખ પામતો નથી.

ભાવાર્થ :—આત્માના ગુણોમાં રમણતા કરવી અને આત્માને આત્મસ્વભાવે જ દેખવો, તેને શુદ્ધદૃષ્ટિ કહે છે.

શુદ્ધ દૃષ્ટિથી રહિત જીવ ભલે ઊંચે જાય અથવા નીચે જાય તોપણ તે ખરા સુખનો અધિકારી બનતો નથી.

ધન્ય ધન્ય આંબા નવ જાતિ, પરને માટે ધરતો ગર્વ,
આપીને કંઈ કહે ન કોને, મૌન ધરે નહિ ધરતો ગર્વ.

સુખ લેવા માટે દુનિયામાં મથે છે, પણ અન્તે જ્યારે ખરૂં સુખ મળતું નથી ત્યારે હાથ ખંખેરે છે.

રાજા, મહારાજા, બાદશાહ અને ચક્રવર્તીને પણ બાહ્ય પદાર્થોથી ખરૂં સુખ મળતું નથી.

બાહ્ય પદાર્થો વડે કોઈ ધનપતિ સુખ લેવા પર્વતોના શિખરો પર હવા ખાવા જાય તોપણ ત્યાં ખરૂં સુખ મળતું નથી અને ક્ષણિક સુખ સદાકાળ રહેતું નથી.

શારીરિક રોગોથી બાદશાહો શહેનશાહો પણ દુઃખી થાય છે.

બાહ્ય હવા ખાવાના પર્વતો પર ચઢેલા બાદશાહો પણ માનસિક ચિન્તાથી જરા માત્ર સુખ પામી શકતા નથી.

ગાડીઓમાં બેસી ફરનારા પરિવારવાળા અને કરોડાધિપતિ શેઠો પણ મનમાં ઉત્પન્ન થએલ ચિન્તારૂપ મહાસાગરમાં ડૂબે છે. ઉપરથી હસે છે, પરંતુ અન્તરમાં મહાદુઃખ પામે છે.

કોઈ ધનની ચિન્તાથી દુઃખ પામે છે, કોઈ આજીવિકાથી દુઃખ પામે છે, કોઈ પદવીઓમાં લોભની ચિન્તાથી દુઃખ પામે છે, કોઈ પુત્રપ્રાપ્તિની ચિન્તાથી દુઃખ પામે છે.

કોઈ વિદ્યા ભણવાની ચિન્તાથી દુઃખ પામે છે, કોઈ વૈભવ થતાં માનની લાગણીથી દુઃખ પામે છે, કોઈ આબરૂદાર છતાં અપકીર્તિના ભયથી દુઃખી થાય છે.

કોઇ બ્રહ્મચારી છતાં વ્યભિચારના ચઢેલા આરોપથી દુઃખી થાય છે, કોઈ પારકાની અદેખાઇથી દુઃખી થાય છે, કોઈ અનેક પ્રકારના રોગોથી દુઃખી થાય છે.

લીલી તારી કાયા સહેજે, આકર્ષે છે નરને નાર;
ત્હારા સમજે થાય ન લીલા, ધિક્ક ધિક્ક તેના અવતાર.

કોઈ અનિષ્ટ વસ્તુઓના સંયોગથી દુઃખી થાય છે, કોઈ અનેક આળ ચઢવાથી દુઃખી થાય છે, કોઈ પોતાની ઇચ્છાઓ પૂર્ણ ન થતાં દુઃખી થાય છે.

કોઈ વિદ્વાન છતાં ખંડનમંડનમાં હારે તો દુઃખ પામે છે, કોઇ અનેક પદવીઓને ધારણ કરે છે, છતાં અનેક તૃષ્ણાઓથી દુઃખી થાય છે કોઇ ઘણા પરિવારવાળો છતાં પણ અન્ય પદાર્થોથી દુઃખી થાય છે.

કોઇ મનુષ્ય અનેક પ્રકારનાં સુખમાં લયલીન રહે છે, પણ એક જાતના દુઃખથી તે સડે છે. સુખના માટે મનુષ્યો ગમે ત્યાં જાય છે, પણ તેથી તેઓ શાંતિ પામતા નથી અને ઊલટા અશાન્ત પ્રવાહમાં ઘસડાય છે.

કોઇ મનુષ્ય હવા ખાવાને માટે અને તેથી સુખ લેવાને માટે હવાનાં સ્થળો શોધે છે અને ત્યાં ઘણા વખત સુધી રહે છે, તો ત્યાં પણ સુખ ભાસતું નથી.

તેથી કહેવું પડે છે કે, ક્ષણિક પૌદ્ગલિક સુખ માટે દેવલોકમાં જવાની ઇચ્છા કરો અથવા ભુવનપતિ દેવ થવાની ઇચ્છા કરો, પણ ક્ષણિક સુખો અન્તે નષ્ટ થતાં પાછી સુખની ઇચ્છા કરવી પડે છે અને તે માટે અનેક બાહ્ય હેતુઓને સેવવા પડે છે; તો પણ સદાકાળનું નિત્યસુખ તો મળતું નથી.

કારણ કે બાહ્ય દૃષ્ટિથી બાહ્ય પદાર્થોમાં સુખની બુદ્ધિ થાય છે અને બાહ્યપદાર્થોની ક્ષણિકતાથી બાહ્ય સુખ ટળે છે.

શુદ્ધદૃષ્ટિથી પરાઙ્મુખ જીવ ખરૂં સુખ જોઈ શકતો નથી, તેમ તેનો અનુભવ કરી શકતો નથી.

અન્તર્દૃષ્ટિથી નિત્યસુખનો નિશ્ચય

આત્મામાં જોવાની દૃષ્ટિને અન્તરદૃષ્ટિ કહેવામાં આવે છે. અન્તર-

તાપ પડે પણ અકળાતો નહિ, લીલાઈ ભમણી ધરનાર;
મોટા મનના માણસ મોટા, વિપત્તિમાં તજે ન ધાર.

દૃષ્ટિથી આત્માને પોતાના સુખનો નિરધાર થાય છે અને સુખનો અનુભવ આવે છે.

આત્મા પોતાની આત્મદૃષ્ટિથી જુવે છે, તો તેને એમ લાગે છે કે, પોતાનામાં સુખ છે. યોગિઓ ગુફાઓમાં અન્તરદૃષ્ટિના પ્રતાપે સુખનો આસ્વાદ કરતા પડી રહે છે; માટે આત્મજ્ઞાન દ્વારા અન્તરદૃષ્ટિ કરવાની અત્યંત આવશ્યકતા છે.

અન્તરદૃષ્ટિથી પરાઙ્મુખ થએલો સ્વપ્નમિષ્ટાન્ન જમણની જેમ બાહ્ય પદાર્થોથી કદી સુખ પામીને ઠરતો નથી, એમ સર્વત્ર અનુભવથી પણ જણાય છે.

જડપદાર્થોમાં સુખધર્મ નથી, તેથી જડ પદાર્થોથી કદી ખરું સુખ પ્રાપ્ત થતું નથી. મૂઢ મનુષ્યોને જ જડમાં સુખની બુદ્ધિ રહે છે, એમ પ્રસંગતઃ જણાવે છે.

शर्मधर्म्मो न यस्याऽस्ति, नैवास्ति शर्मवेत्तृता ।
कुतस्तादृग्जडे शर्म, मूढस्तत्र प्रधावति ॥९८॥

જે જડનો સુખ એ ધર્મ નથી અને જે જડમાં સુખને જાણવાની શક્તિ નથી, એવા પ્રકારના જડ પદાર્થમાં ક્યાંથી સુખ હોય ? અલબત ન હોય.

મૂઢ મનુષ્ય તેવા જડ પદાર્થમાં સુખની બુદ્ધિ ધારણ કરીને તેની પાછળ દોડે છે, અર્થાત્ જડ પદાર્થોને સુખની બુદ્ધિથી ભેગા કરે છે.

ભાવાર્થ :—જ્ઞાન, દર્શન, આનન્દ એ આત્માના ધર્મ છે. જડમાં જ્ઞાનાદિ ગુણો કદાપિ કાળે રહેતો નથી. જડમાં જડપણું છે. પૌદ્ગલિક જડ પદાર્થોમાં સુખ નથી અને તે સુખધર્મને જાણી પણ શકતા નથી.

ઉંચ ગુણોથી ઉંચે થાતો, કાયાથી આંબો નિર્ધાર,
તત્ત્વ ટોચો આકાશે પહોંચી, ધની ઉંચો જય જયકાર.

આજ દિન સુધી કોઇ મનુષ્ય પૌદ્ગલિક જડ પદાર્થોથી ખરું સુખ પામ્યો નથી અને કોઇ પામનાર નથી.

કરોડાધિપતિઓ, રાજાઓ, બાદશાહો, શહેનશાહો જડ પદાર્થથી આજ સુધી કોઇ સુખી થયા નથી. કરોડાધિપતિઓના મનમાં અનેક પ્રકારનાં દુઃખો ઉત્પન્ન થાય છે. તે જ્યાં ત્યાં સુખને માટે દોડંદોડા કરે છે, પણ તેઓને ચિન્તા, શોક, તૃષ્ણા, રોગ, વૈર અને લોભ વગેરે દોષો દુઃખના સાગરમાં પટકે છે.

બહારથી તેઓ અજ્ઞાની નિર્ધનોની દૃષ્ટિમાં સુખી ભાસે છે, પરંતુ જ્ઞાનીઓ તો તેઓનું હૃદય જોઈ શકે છે અને તેથી તેઓને દુઃખાધિપતિ વગેરે ઉપનામોથી ઓળખે છે.

રાજાઓની અને શહેનશાહોની પણ જ્ઞાનિઓ દુઃખી દશા જોઈ શકે છે અને તેથી જ્ઞાની પુરુષોને તેવાઓની જિંદગીનું કંઈ મહત્ત્વ જણાતું નથી; તેથી તેવાઓની તેઓ પરવા પણ રાખતા નથી.

જડ પદાર્થોની તૃષ્ણા તેઓ રાખતા નથી, કારણ કે જડ પદાર્થો પૌદ્ગલિક સુખ દેવા સમર્થ છે, પણ આત્મિક નિત્ય સુખ દેવા સમર્થ નથી.

જે મૂઢ મનુષ્ય છે, તે ભ્રમિતવત્ બાહ્યલક્ષ્મી તરીકે કહેવાતા પદાર્થોની પ્રાપ્તિ માટે દોડંદોડા કરી મૂકે છે.

બાહ્ય પદાર્થોની પ્રાપ્તિ માટે અમુક મનુષ્યોનો ઘાત કરે છે, સંતાપે છે, પીડે છે, અનેક પ્રપંચો કરે છે અને કોઈનું સુંદર શરીર દેખી મુંઝાય છે.

લલનાઓના શરીર ઉપર રાગ કરે છે પણ અન્તે ઝાંઝવાના જલની પેઠે હાય! કંઈ સુખ મળ્યું નહીં, અન્તે કંઈ રહ્યું નહીં, એવા નિરાશાના ઉદ્ગાર કાઢે છે.

આંબાના ઉંચાઇ સોહે, સોહે ઉંચુ જરા ન તાડ.
નીચ જનો ઉંચા થાવે પણ, તાડ પરે શોભે નહીં સાર.

છેવટે તેને સમજાય છે કે, અરે! મેં જે પદાર્થો માટે મહેનત કરી અને તે પદાર્થોને ભેગા કર્યા પણ તે ખરું સુખ આપવા સમર્થ નથી.

જે જડ પદાર્થમાં સુખની બુદ્ધિથી અત્યંત મમત્વ ધારણ કરે છે, તે ગમે તેવો વિદ્વાન પ્રોફેસર હોય, ગમે તેવો રાજા હોય તો પણ તે મોહબુદ્ધિયોગે મૂઢ ગણાય છે.

આત્મામાં જેણે સુખનો નિશ્ચય કર્યો હોય છે, તેવા પુરુષો અધિકાર અને શક્તિ પ્રમાણે ગૃહસ્થધર્મને અથવા સાધુધર્મને અંગીકાર કરે છે. જડ વસ્તુઓના સંબંધમાં આવે છે, પરંતુ તેઓ તેમાં સત્ય સુખની બુદ્ધિ માની લેતા નથી.

જ્ઞાની અને અજ્ઞાનીની દૃષ્ટિનું આ પ્રમાણે તારતમ્ય જણાવીને હવે સ્વધર્મ અને પરધર્મયોગ શ્રેષ્ઠત્વ જણાવે છે.

જ્ઞાનદૃષ્ટિ જણાવી પણ જ્ઞાન પામતાં છતાં પણ કંઈ સર્વના એકસરખા અધિકાર રહેતા નથી.

કોઈ શ્રાવકનો ધર્મ અંગીકાર કરે છે; માટે અવસ્થા-ભેદે અધિકારભેદ હોય છે; તેથી શ્રાવક અથવા સાધુની ભિન્ન અધિકારદશાના ત્યાગભેદે શ્રેષ્ઠત્વ, અશ્રેષ્ઠત્વ બને એ સ્વાભાવિક છે, તેથી હવે તેને પ્રસંગાનુસારે જણાવે છે.

શ્રેષ્ઠાઃ સર્વે સ્વધર્મેણ, પરધર્મે ન તાદૃશાઃ ।
અધિકારિવશાદ્બોધો, હ્યધિકારિવશાત્ક્રિયાઃ ॥ ૯૯ ॥

સર્વે સ્વધર્મમાં શ્રેષ્ઠ છે, પરધર્મમાં તેવા નથી. અધિકારીવશથી બોધ અને અધિકારીવશથી જ ક્રિયા કહેવાય છે.

ભાવાર્થ :—શ્રાવક અવસ્થામાં રહેલો શ્રાવક પોતાનાં વ્રત આદિ સ્વધર્મ ન પાળે અને તે મિથ્યાત્વદશારૂપ પરધર્મ પાળે તો શ્રેષ્ઠ નથી.

પુણ્યે આભાની ઉંચાઈ, દૃષ્ટાંતે સમજો નર નાર;
પુણ્યાદિકથી ઉંચા થાઓ, સ્વર્ગાદિક પ્રાપ્તિ સુખકાર.

તેમજ તે શ્રાવકપણામાં સાધુનો વેષ પહેર્યા વિના સાધુપણાની ક્રિયાઓ કરે અને પોતાનો શ્રાવકનો આચાર ન પાળે તો તે ગૃહસ્થ દશાના કાલમાં શ્રેષ્ઠ ગણાતો નથી.

કારણ કે શ્રાવકે શ્રાવકાવસ્થામાં શ્રાવકના જે જે ધર્મો કહ્યા છે, તે પાળવા જોઈએ.

ગૃહસ્થ શ્રાવક વેષે સવા વસાની દયા પાળી શકાય છે. તેના ઠેકાણે ગૃહસ્થ શ્રાવકાવસ્થામાં શ્રાવકનું કર્તવ્ય છોડીને સાધુનો વેષ પહેર્યા વિના સાધુની પેઠે ગોચરી વિહાર વગેરે આચરણોને કરે તો તે શ્રાવકપણામાં પણ ગણાતો નથી અને સાધુના વેષ વિના સાધુપણામાં પણ ગણાતો નથી.

શ્રાવકે જો સાધુની પેઠે વર્તવું હોય તો તેણે ગૃહસ્થનો વેષ ત્યજીને સાધુનો વેષ પહેરવો જોઈએ.

શ્રાવકો ગૃહસ્થાવાસમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે વર્ગનું આરાધન કરે છે.

ગૃહસ્થવેષમાં પ્રભુપૂજા, સાધુદાન, આવશ્યક, કપાલે તિલક ધારણ કરવું વગેરે આચારો શોભી શકે છે તેમજ સાધુના સંપૂર્ણ આચારો ગૃહસ્થવેષમાં શોભી શકતા નથી.

માટે ગૃહસ્થવેષના કાલની અપેક્ષાએ શ્રાવકો પોતાના સૂત્રકથિત ધર્માદિ આચારો વડે જેવા શ્રેષ્ઠ છે, તેવા સાધુરૂપ પરધર્મના આચારો વડે ગૃહસ્થપણામાં શ્રેષ્ઠ નથી.

તેમજ સાધુનો વેષ ધારણ કરનાર સાધુઓનો સાધુધર્મ એ સ્વધર્મ કહેવાય છે અને સાધુવ્રતરૂપ સ્વધર્મની અપેક્ષાએ શ્રાવકધર્મ, એ પરધર્મ કહેવાય છે.

ઊંચા થઈને બનો ન નીચા, માનવભવ પામીને લોક;
દશ દૃષ્ટાંતે દુર્લભ નરભવ, પામી કયાં હારો છો ફોક.

સાધુઓ પોતાના સાધુવ્રતરૂપ ધર્મમાં ઉત્તમ છે; તેવા સાધુના વેષે પર એવો શ્રાવકનો આચારરૂપ ધર્મ પાળવામાં ઉત્તમ નથી.

જૈનધર્મ એ સાધુ અને શ્રાવકનો સ્વધર્મ કહેવાય છે. જે જે કાલમાં યોગ્યતાએ જે જે ધર્મ આદર્યો હોય, તે તે તે કાલમાં સ્વધર્મ કહેવાય છે, તેની અપેક્ષાએ આ વ્યાખ્યા સમજવી.

વ્યવહાર અને ગુણઠાણાની અપેક્ષાએ તો શ્રાવકના સ્વધર્મ કરતાં સાધુનો સ્વધર્મ અનન્તગુણ ઉત્તમ છે.

અધિકારીથી ભ્રષ્ટ એવો સાધુ તે સાધુના ધર્મમાં શ્રેષ્ઠ નથી અને વ્રતાદિ અધિકારથી ભ્રષ્ટ એવો શ્રાવક, તે શ્રાવકરૂપ સ્વધર્મમાં શ્રેષ્ઠ નથી એવો સારાંશ ગ્રહણ કરવો.

ગૃહસ્થ શ્રાવકના આચારો અને સાધુધર્મના આચારો વડે પરસ્પર ભિન્નપણું પડે છે.

ગુણસ્થાનકની અપેક્ષાએ પણ ભિન્નપણું ઠરે છે; માટે અધિકારીની અપેક્ષાએ બોધ દેવો જોઇએ.

જે જીવ જેવો અધિકારી હોય, તેને તેવા પ્રકારનો ઉપદેશ દેવો જોઈ એ. યોગ્યતા જોઈ ઉપદેશ કરવો જોઇએ. યોગ્યતા તપાસ્યા વિના બોધ દેવાથી વક્તાને અને શ્રોતાને ઊલટો કલેશ થાય છે.

અમુક મનુષ્ય અમુકપર્યંત સમજી શકે છે; તો તેને હવે અમુક તત્ત્વ સમજાવવું જોઈ એ.

જેમકે પહેલી ચોપડીનો જે અધિકારી હોય, તેને સાતમી ચોપડીનો બોધ દેવામાં આવે તો તેમાં કહેનાર અને સાંભળનારને ફાયદો થઈ શકતો નથી.

તેમજ જે સાતમી ચોપડીનો અધિકાર હોય તેને પહેલી ચોપડીનો

એકેન્દ્રિ આંબો કહેવાતો, પંચેન્દ્રિ છો નર ને નાર;
આંબાથી અધિકા ગુણ જેના, સફલા તે જગતમાં નર નાર.

ઉપદેશ આપવામાં આવે તો તે પણ યોગ્ય નથી; માટે અધિકારી પ્રમાણે યોગ્યતા તપાસી બોધ દેવો જોઈએ.

અધિકારની પ્રાપ્તિ માટે જ સાધુઓને **યોગવહનની** ક્રિયાઓ શાસ્ત્રોમાં ફરમાવી છે.

જીવ વિચાર સમજવાની જેનામાં યોગ્યતા ન હોય તેની આગળ **ભગવતીસૂત્રના** ભાંગા ગણી બતાવવા તે યોગ્ય નથી; માટે અધિકારી-વશતઃ બોધ દેવાની શૈલી ધારવી જોઇએ. વસ્તુતઃ તેમાં જ ફળની આશા રખાય છે.

અધિકારી પ્રમાણે વસ્તુ બતાવવી જોઇએ, નહીં તો ઉલટો અનર્થ થાય છે તેમજ અધિકારીના વશથી ક્રિયાઓનો બોધ પણ દેવો જોઇએ અને ક્રિયાઓ પણ પોતાના અધિકાર પ્રમાણે કરવી જોઈએ.

સાધુની ક્રિયાનો અધિકારી સાધુ છે અને શ્રાવકની ક્રિયાનો અધિકારી શ્રાવક છે, અર્થાત્ શ્રાવક ધર્મની ક્રિયાનો અધિકાર પ્રાપ્ત થયો હોય તો ગૃહસ્થે શ્રાવકની ક્રિયાઓ કરવી જાઈએ અને સાધુધર્મની ક્રિયાની યોગ્યતા પ્રગટી હોય તો સાધુવેષ અંગીકાર કરી સાધુધર્મની ક્રિયાઓ કરવી જોઈએ.

પોતાને સાધુ અથવા શ્રાવક એ બે ધર્મમાંથી કયા ધર્મની યોગ્યતાનો અધિકાર પ્રગટ્યો છે, તેનો જિજ્ઞાસુએ સ્વયમેવ વિચાર કરી લેવો જોઇએ અને તે પ્રમાણે ગુરુ પાસે ક્રિયાનો આદર કરવો જોઈએ.

પોતાને ધર્મની કઈ ક્રિયા કરવાની યોગ્યતા છે, તેનો પ્રથમથી નિર્ણય કરી પશ્ચાત્ તે ક્રિયાઓને આદરવી જોઈએ.

આસક્તિવણ ગુણ કર્મથી, ઉંચા થતા યોગીજનો;
સાત્વિકજ્ઞાન પામી એ, સમજુ જનો ! સહેજે બનો.

આગળની ક્રિયાઓનો અધિકાર પ્રાપ્ત થતાં પાછળની ક્રિયાઓને મૂકી આગળની ક્રિયાઓને આદરવી જોઈએ;

આ શ્લોકનો અન્ય ભાવાર્થ નીચે મુજબ છે.

સર્વ પદાર્થો પોતપોતાના ધર્મ વડે શ્રેષ્ઠ છે અને સર્વે પદાર્થો અન્ય પદાર્થના ધર્મો વડે શ્રેષ્ઠ નથી.

સારાંશ કે, આત્મા પોતાના જ્ઞાનાદિ ધર્મ વડે શ્રેષ્ઠ છે અને તે પુદ્ગલ દ્રવ્યના ધર્મ વડે શ્રેષ્ઠ નથી.

આત્મા પોતાના ધર્મ વડે શ્રેષ્ઠ ગણાય છે. પણ તે કંઈ પુદ્ગલના ધર્મ વડે શ્રેષ્ઠ ગણાતો નથી માટે આત્માએ પોતાના ધર્મોનો પ્રકાશ કરવો જોઈએ.

આત્મા પોતાના ધર્મોને ખીલવીને પરમાત્મા થાય છે. આત્માએ આત્માના જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિ કરવી જોઈએ અને પુદ્ગલ દ્રવ્યના ધર્મમાં અહંતા મમતા ન કરવી જોઇએ.

જ્યાં સુધી શરીર છે, ત્યાં સુધી પુદ્ગલ દ્રવ્યના પર્યાયોને આહાર અને તૃષાના પરિહાર માટે ગ્રહણ કરવા પડે છે; પણ તેમાં સુખ આપવાની શક્તિ નથી અને તે પદાર્થો કંઈ આત્માના નથી, એમ સત્ય વિવેક ધારણ કરવો જોઈએ.

બાહ્ય પદાર્થોમાં સુખ નથી, તેમ છતાં અહો !
મૂઢ જીવો મોહના પ્રેર્યા તેમાં રંજિત
થાય છે, તે જણાવે છે.

मिथ्येन्द्रजालवच्छर्म, नास्ति बाह्येषु तर्ह्यपि ।
अहो मोहस्य माहात्म्याद्, भृशं रज्यन्ति मानवाः ॥ १००॥

ઇન્દ્રજાલની પેઠે ફોગટ બાહ્ય પદાર્થોમાં સુખ નથી, તો પણ અહો ! મોહના પ્રતાપથી મનુષ્યો તે બાહ્ય પદાર્થોમાં રાગ ધારણ કરે છે.

સાત્ત્વિક તરફ સહકારથી. પણ માનવો ઉંચો થશે,
સાત્વિકજ્ઞાની યોગીઓ, સ્વર્ગાદિ સ્થાનોમાં જશે.

ભાવાર્થ :—ઇન્દ્રજાળ વિદ્યાથી ઘડીમાં અનેક પ્રકારના પદાર્થો દેખવામાં આવે છે, પણ ઘડી પશ્ચાત્ તેમાંનું કશું હોતું નથી.

ઇન્દ્રજાળના રૂપિયા દુનિયાનો વ્યવહાર ચલાવવા કામ આવતા નથી; તેથી તે ફોગટ નામ માત્રથી રૂપિયા કહેવાય છે.

ઇન્દ્રજાળના પદાર્થોની પેઠે બાહ્ય લક્ષ્મી વગેરે જડ પદાર્થોમાં સુખ માનવું તે ફોગટ છે.

ઇન્દ્રજાળની પેઠે બાહ્ય પદાર્થોમાં સુખની બુદ્ધિ રાખવી તે ખરેખર ભ્રાન્તિ છે.

બાહ્ય પદાર્થો માટે આયુષ્ય વગેરેનો નાશ કરવો તે પણ મહા-મૂર્ખતા છે. જે વસ્તુઓથી મમતા, ચિન્તા, શોક અને ભય વગેરે દોષોની વૃદ્ધિ થાય છે, તેવી લક્ષ્મી, મહેલ વગેરે વસ્તુઓ માટે ઘાંચીના બળદની પેઠે રાત્રિદિવસ મચી રહેનાર ખરેખર અરીસાના સામું દેખી ભસનાર શ્વાનની તુલ્યતાને ધારણ કરે છે.

જે લક્ષ્મી વગેરે વસ્તુઓમાં સુખ રહ્યું નથી અને તે ઊલટું કલેશ, મારામારી, ઇર્ષ્યા અને તૃષ્ણા વગેરેને વધારનાર છે, તેને માટે કયો જ્ઞાની મનુષ્ય, અન્તરથી રાગી થઈને પ્રયત્ન કરે ? અર્થાત્ કોઈ જ્ઞાની અન્તરથી રાચીમાચીને બાહ્ય વસ્તુઓ માટે મહેનત કરે નહીં.

મોહનું અજબ ગજબનું માહાત્મ્ય

અહો ! મોહનું માહાત્મ્ય કેવું છે તે તો જુઓ ! મનુષ્યો મોહના વશે જડ પદાર્થોમાં સુખની બુદ્ધિથી રાગ ધારણ કરે છે અને બાહ્યપદાર્થો માટે અમૂલ્ય એવા મનુષ્ય જીવનને હારે છે.

જડ એવી લક્ષ્મીના પૂજારી બનીને મનુષ્યો પોતે પણ જડ જેવા બની જાય છે.

જે આત્મશક્તિ ખીલવે તે સંકટો સામે લડે;
આખો શિખવતો લોકને ચારિત્રના સદ્‌ગુણ વડે.

જડ લક્ષ્મીને માટે અનેક પ્રકારનાં યુદ્ધો કરે છે.

જડ લક્ષ્મીની પ્રાપ્તિ માટે કુટુંબની સાથે કલેશ કરે છે. રાત્રિ-દિવસ હાય ધન ! હાય ધન ! કર્યા કરે છે.

સુખે કરી સુતા નથી. સુખે કરી બેસતા નથી. સુખે કરી ખાતા નથી અને લક્ષ્મી જ સુખરૂપ છે, એમ માનીને હૃદયમાં તેનો જાપ જપ્યા કરે છે.

લક્ષ્મીના મદમાં છકી જઈ દારૂડીઆના કરતાં અત્યંત હલકા શબ્દોને ઉચ્ચારે છે અને દારૂડીઆની પેઠે નીચ માર્ગમાં ગમન કરે છે.

ગાંડા (બેભાન) મનુષ્યની પેઠે મોહના તાનમાં પોતાને સુખી માની લે છે અને સાધુ સન્તોને ધિક્કારે છે.

જડ એવી લક્ષ્મીના સંગથી મૂઢ મનુષ્યો દેવ, ગુરુ અને ધર્મને વિસારી દે છે અને ગુરુની સંગતિ કરવામાં પણ મૂઢતા સમજે છે.

લક્ષ્મીના મદથી છકી ગયેલા મૂઢજનોના હૃદયમાં રજો અને તમોગુણની વૃદ્ધિ થાય છે અને હૃદયમાં રહેલો સત્ત્વગુણ વિલય પામે છે.

જડ પદાર્થમાં સુખના ઉપાસકો રત્નસમાન ધર્મને મૂકી વિષયરૂપ કાચના ટુકડાનું ગ્રહણ કરે છે.

જડમાં સુખની બુદ્ધિથી ભ્રાન્ત થએલાઓ અત્યંત નીચતા ધારણ કરે છે અને મનુષ્ય જીવનનું ખરૂં કર્તવ્ય ભૂલી જાય છે; તેથી તે ઘણા કાળ પર્યંત સંસારમાં પરિભ્રમણ કરે છે.

જડ પદાર્થમાં સુખની બુદ્ધિને ધારણકરનાર ભ્રાન્ત મનુષ્યો, સત્ય વિવેકદૃષ્ટિશૂન્ય હોવાથી અન્ધ પશુતુલ્ય જીવન ગુજારે છે. તેવી અન્ધ-દશામાં સત્ય તત્ત્વને ન દેખી શકે, તેમાં તેમનો પોતાનો જ વાંક છે.

નિજ આત્મરક્ષણ શક્તિથી સહકાર તું ઉભો રહે;
તુજ ક્ષત્રિયવટને ધન્ય છે, એવું જ તું જગને કહે.

જડનાં ઉપાસકો અન્યોને એટલે (જડ લક્ષ્મીથી હીન પુરુષોને) ગરીબ ગણે છે. આ તેમની ભ્રાન્ત દૃષ્ટિનું પરિણામ છે.

તેમજ તેવા મૂઢ પુરુષો પોતે જ અક્કલના ખાં બની જાય છે અને તેના સેવકો પણ તેવા જડ લક્ષ્મી ઉપાસકોની હાજીહા કરવા મંડી જાય છે.

અહો ! તેવા મૂઢ પુરુષો ધર્મની પ્રાપ્તિ માટે પ્રયત્ન ન કરે તેમાં આશ્ચર્ય શું છે ? અલબત કંઈ પણ આશ્ચર્ય નથી.

પૂર્વોક્ત મૂઢ પુરુષો વિષયભોગમાં સુખ માનીને હાડકાં ચૂસનાર શ્વાનની પેઠે સ્ખલાયમાન થાય છે અને પાપકર્મમાં પ્રવૃત્ત થાય, તે જણાવે છે.

कामदृष्टियुता मूढाः, प्रस्खलन्ति पदे पदे ।
रोगाचिन्तादिसम्पन्ना, भ्रमन्ति श्वानवत् सदा ॥ १०१ ॥
अहंममत्वसम्पन्ना, जीवा दुःखालयाः सदा ।
स्वार्थदोषविमूढाश्च, घ्नन्ति जीवान् पदे पदे ॥ १०२ ॥
स्तेयकर्म्म प्रकुर्वन्ति, मिथ्या जल्पन्ति वाचया ।
द्वेषबुद्धिं प्रकुर्वन्ति, वञ्चयन्ति हि सज्जनान् ॥ १०३ ॥
सर्वदोषालयं लोभं, भजन्ति मूढदेहिनः ।
आत्मदृष्टिपरावृत्ता, जीवाः सर्वत्र दुःखिनः ॥ १०४ ॥

કામદૃષ્ટિવાળા મૂઢ મનુષ્યો જ્યાં જાય ત્યાં સ્ખલના પામે છે અને તે મૂઢો અનેક પ્રકારના રોગો અને અનેક પ્રકારની ચિન્તાઓ વડે શ્વાનની પેઠે સુખની આશાએ જ્યાં ત્યાં ફોગટ ભમે છે.

અહં અને મમત્વવાળા મૂઢ જીવો દુઃખના સ્થાનભૂત સદાકાળ બને છે. સ્વાર્થદોષથી વિશેષ પ્રકારે મૂઢ થયેલાઓ પગલે પગલે જીવોને હણે છે.

અધ્યાત્મશક્તિ યોગવડે, ઉપસર્ગ વૃન્દ સહાય છે.
ઉત્સર્ગ વૃન્દ સહ્ય થકી, ચારિત્ર નિર્મળ થાય છે.

તેવા મૂઢ પુરુષો ચોરીનું કર્મ કરે છે. તેમજ વાણી વડે હડ-હડતું જુઠું બોલે છે અને દ્વેષબુદ્ધિને ધારણ કરે છે.

તેવા મૂઢ પુરુષો સજ્જન સન્તપુરુષોને પણ છેતરે છે. તેવા પ્રકારના મૂઢ પુરુષો સર્વ દોષનું સ્થાનભૂત એવા લોભ દુર્ગુણને પણ સેવે છે.

એમ આત્મદૃષ્ટિથી પરાઙ્મુખ મૂઢ જીવો સર્વ ઠેકાણે દુઃખી હોય છે.

ભાવાર્થ :—મૂઢ પુરુષો વિષયો ભોગવવાની દૃષ્ટિવાળા હોય છે.

વિષયોમાં ખરેખર સુખ નથી તેમજ વિષયોમાં સુખને જાણવાની શક્તિ નથી, છતાં તેવા મૂઢ મનુષ્યો વિષયોમાં લપટાય છે તથા વિષયના ભોગ માટે દાસ બને છે. અનેક પ્રકારના પ્રપંચો કરે છે.

સુખની અભિલાષાથી કામની તૃષ્ણા અનેક મનુષ્યો કરે છે અને વિષયસુખને ભોગવે છે, તો પણ તેથી તેઓ ખરી શાંતિ પામતા નથી અને છેવટે કહે છે કે,

અરે ! કામની વાસનાથી ખરું સુખ મળ્યું નહીં.

અહો ! જેમાં સુખ નથી, ત્યાં સુખ લેવાને માટે મનુષ્યો ફોગટ પ્રયત્ન કરે છે.

ખરું સુખ પ્રાપ્ત થયા બાદ કદાપિકાળે પાછું ટળી જતું નથી. ઈન્દ્રિયોની સહાયતા વિના સત્યસુખ ભોગવી શકાય છે. આત્મિક સુખ પોતાના સ્વભાવમાં રહેવાથી પ્રાપ્ત થાય છે.

આત્મિક સુખનો અનુભવ જ્યાં સુધી મનુષ્યોને આવ્યો નથી, ત્યાં સુધી તે પૌદ્ગલિક વિષયોથી સુખ લેવા પ્રયત્ન કરે છે. પણ તે ખરેખર ભ્રમદૃષ્ટિથી ભૂલે છે અને તેથી જ નાનાં બાળકોની બાળક્રિયાની પેઠે આચરણ કરે છે.

દુઃખો સહી આગળ ચઢ્યા વનરાજ આદિ ભુપતિ,
દુઃખો સહી જગમાં અમર બની છે અહો સીતા સતી.

કામની વાસનાથી મનુષ્યો કદાપિ ખરૂં સુખ મેળવવા ભાગ્ય-શાળી બનતા નથી.

કોઈ અત્યંત વૃદ્ધ પુરુષને પૂછો, કે ભાઈ તેં કામની વાસનાથી અનેક પદાર્થો ભોગવ્યા પણ તેને ખરું સુખ સમજાયું છે?

આના ઉત્તરમાં તે વૃદ્ધ પુરુષ કહેશે કે,

હે બન્ધો! મને કંઈ પણ વિષયોપભોગથી સુખ જણાતું નથી; કારણ કે અત્યારે વૃદ્ધાવસ્થામાં તે સુખથી વિમુખ થયો છું.

આમ સર્વત્ર તપાસ કરશો તો માલૂમ પડશે કે, શરીર આદિ જડ પદાર્થોની મારફતે કદી ખરું સુખ મળનાર નથી.

અજ્ઞાની પુરુષો કામના સંબંધથી અનેક પ્રકારના રોગના ઘરભૂત બને છે. અનેક વિષયોની પ્રાપ્તિ માટે ચિન્તા કરવી પડે છે, તે તે વિષયોપભોગ પદાર્થો માટે અન્યોની ગુલામગીરી કરવી પડે છે.

લજ્જાનો ત્યાગ કરવો પડે છે. અનેક પ્રકારની વિપત્તિયો ભોગવવી પડે છે. ન્યાયને દેશવટો આપવો પડે છે. અનેક મનુષ્યોનો સંબંધ કરવો પડે છે અને કપટનાં આચરણ કરવાં પડે છે.

વિષયથી સુખ મળતું નથી અને ઊલટી તૃષ્ણા તો વૃદ્ધિ પામ્યા કરે છે. મનમાં કામને જ પ્રભુ માનનાર કામી પુરુષ વિવેકદૃષ્ટિથી શૂન્ય બની જાય છે અને પશુતુલ્ય વૃત્તિ ધારણ કરે છે, તો પણ અન્તે તેને શાન્તિ મળતી નથી.

કુતરાની પેઠે તે ગમે ત્યાં પરિભ્રમણ કરે છે, પણ ખરૂં સુખ પ્રાપ્ત કરી શકતો નથી. કામથી ઘેરાયેલા મનુષ્યો જગતમાં સર્વ પ્રકારનાં પાપ આચરે છે. જે જડ વસ્તુઓમાં સુખ નથી, તેમાં સુખની ભ્રાંતિથી મૂઢ પુરુષો કદી સુખ પામવા સમર્થ થતા નથી.

આસક્તિવણ સર્વાંગના રમણ ભણી બળ કેળવો;
શુભ રાષ્ટ્ર ધર્મ સમાજની પ્રગતી ભણી બળ મેળવો.

અહું અને મમત્વથી સંસારમાં તન્મય બની ગએલા મૂઢ પુરુષો દુઃખના સ્થાનભૂત થાય છે. મમત્વભાવથી જીવો જે દુઃખ પામે છે તેનું વર્ણન કરી શકાય તેમ નથી.

જો જડ પદાર્થોમાંથી હું અને મારાપણાની ભ્રાંતિ નીકળી જાય છે, તો સર્વ દુઃખોનો અન્ત આવે છે.

અહું મમત્વથી મૂઢ પુરુષો સદાકાલ સ્વાર્થબુદ્ધિને ધારણ કરે છે અને સ્વાર્થબુદ્ધિથી અનેક જીવોને હણે છે.

સ્વાર્થબુદ્ધિથી પ્રથમ તો પોતાના આત્માને છેતરવામાં આવે છે. અન્યના પ્રાણને હણતાં પહેલાં સ્વાર્થબુદ્ધિથી પોતાના ગુણોનો નાશ થાય છે.

સ્વાર્થબુદ્ધિમાં તન્મય બની ગએલા મનુષ્યો પરમાર્થ તત્ત્વનો વિચાર કરી શકતા નથી. ગમે તે પ્રાણીનો નાશ થાઓ પણ પોતાનું પેટ ભરાઓ, એમ સ્વાર્થીઓના હૃદયનું સાધ્યબિન્દુ વર્તે છે.

અજ્ઞાની જીવોની સ્વાર્થબુદ્ધિ હલકામાં હલકી હોય છે. તેઓ પોતાના સ્વાર્થની આગળ કશું જોતા નથી.

તેઓ સ્વાર્થબુદ્ધિથી ગમે તેવું અકૃત્ય કરે છે પણ સુખનું બિન્દુ માત્ર પણ પ્રાપ્ત કરી શકતા નથી અને ઊલટા અનેક પ્રકારનાં સંકટોમાં ફસાય છે, પ્રાણનો નાશ કરે છે અને પશુ કરતાં પણ અધમ જીવન પૂર્ણ કરે છે.

એવા અધમ મૂઢ પુરુષો ચોરીનું કર્મ કરે છે અને પોતાની જિંદગી ચિન્તા, ભય અને હિંસા વગેરેમાં પૂર્ણ કરી પરભવમાં પણ દુર્ગતિના ભોક્તા બને છે.

તેવા મૂઢ પુરુષો આ ભવમાં પણ સુખી થતા નથી. તેવાઓ પરભવમાં પણ મહાદુઃખ પામે, તેમાં કંઈ આશ્ચર્ય નથી.

વીર્ય બિન્દુ જસ પડે ન હેઠ, સર્વ યોગીમાં તે છે શ્રેષ્ઠ;
સર્વાંગોનું પોષક એહ ધરો અંતથી વીર્ય હંમેશ.

મૂઢ પુરુષો જડતાના યોગે બાહ્યદૃષ્ટિના યોગે અન્ય મનુષ્યો પર દ્વેષબુદ્ધિ ધારણ કરે છે. પોતાના સુખને માટે સજ્જન પુરુષોને પણ છેતરે છે. પણ તેથી પોતાને ખરૂં આત્મિક સુખ મળતું નથી અને ઉલટા અન્યોને છેતરવાથી હૃદયની મલિનતામાં વધારો કરે છે અને સ્વપ્નમાં પણ સુખ પામી શકતા નથી.

મૂઢ પુરુષો જડ વસ્તુઓમાં સુખત્વ કલ્પીને સર્વ દોષનું સ્થાન એવા લોભને કરે છે. લોભથી મનુષ્યો ઘોર પાપકર્મ કરતાં પણ અચકાતા નથી.

હાય ! મારું ધન ! ઇત્યાદિ હૃદયઉદ્‌ગારોને પ્રસંગે કાઢયા કરે છે.

લોભી મનુષ્યો ગમે તેટલું પ્રાપ્ત કરે તો પણ તે શાંતિ પામતા નથી. સ્વયંભૂરમણ સમુદ્રનો કોઈ પાર પામી શકે પણ લોભ સાગરનો કોઈ પામી શકતો નથી.

જેમ જેમ લોભ કરવામાં આવે છે, તેમ તેમ તે વૃદ્ધિ પામ્યા કરે છે પણ ઘટતો નથી.

લોભી મનુષ્ય સર્વ પ્રકારનાં પાપ આચરતાં ડરતો નથી. લોભી જે જે વસ્તુઓ મળે છે, તેને સંતોષથી ભોગવી શકતો નથી.

અનેક પદાર્થો સંબંધી લોભ ઉત્પન્ન થાય છે. કોઈને કોઈ જાતનો લોભ હોય છે અને કોઇને કોઈ જાતનો લોભ હોય છે.

અનેક ભવથી લોભની વાસના વૃદ્ધિ પામે છે. લોભથી સુખ થતું નથી પણ ઉલટું દુઃખ ઉત્પન્ન થાય છે.

મૂઢ મનુષ્યો લોભના ઉદયે અંધ થઇ ગમે ત્યાં ભટકયા કરે છે.

મૂઢ મનુષ્યો મનુષ્યભવ પામવાનું પ્રયોજન પણ સમજી શકતા નથી.

જે જે રક્ષક ધર્મ ગણાય, વીર્ય સુરક્ષા માંહી સમાય;
જેણે વીર્ય સુરક્ષા કરી પામે સિદ્ધિયો ગુણ ભરી.

મૂઢ મનુષ્યો પ્રવૃત્તિમાર્ગના પ્રોફેસરો બને છે અને આખી દુનિયાની બાહ્યલક્ષ્મી પોતાને ત્યાં ભેગી કરે તો પણ રાત્રિદિવસ ભય, શોક, ચિન્તા, રોગ, કલેશ, ઇર્ષ્યા અને કુસંપ વગેરે દોષોથી મહા-દુઃખી થાય છે.

પ્રતિષ્ઠા, કીર્તિ, શાંતિ, સ્થિરતા વગેરેને મૂઢ મનુષ્યો હિસાબમાં ગણતા નથી. રાત્રિદિવસ લોભના ઉદયથી અનેક પ્રકારની ઉપાધિમાં ઘેરાયેલા માલૂમ પડે છે

મૂઢ મનુષ્યો પોતાના અમૂલ્ય જીવનને કાચના કકડાની પેઠે હારી જાય છે.

લોભથી ગમે તે દેશનો રાજા ખરી શાંતિ લેવા ભાગ્યશાળી બન્યો નથી અને ભવિષ્યમાં કોઈ બનવાનું નથી.

મૂઢ મનુષ્યો લોભના ઉદયથી અનીતિના વ્યાપારો કરે છે. હિંસા જૂઠ, સ્તેયકર્મ વગેરે અનેક પ્રકારનાં પાપોને મૂઢ પુરુષો આચરે છે.

આ જગતમાં કઈ જડ વસ્તુઓ પોતાની માલિકીની છે ? અલબત્ત એક ધૂળનો રજકણ પણ પોતાની સત્તાનો નથી. તેમ છતાં જડ વસ્તુઓને મનની કલ્પનાથી પોતાની સત્તામાં માની લઇ મૂઢ પુરુષો ખરા અર્થમાં સત્ય વસ્તુને દેખી શકતા નથી.

વિશેષ શું કહેવું ? મૂઢ મનુષ્યો સમાન કોઈ જગતમાં દુઃખી નથી. મૂઢ દશાનો ત્યાગ કર્યા વિના કદી આત્મિક સુખ પ્રાપ્ત થવાનું નથી.

આત્મજ્ઞાનની પ્રાપ્તિથી મૂઢ દશા ટળે છે અને સર્વ દોષોનો નાશ થાય છે.

आत्मज्ञानेन दोषाणां, नाशः शीघ्रं प्रजायते ।
अतः कर्मविनाशाय, ह्यात्मज्ञानस्य हेतुता ॥ १०५ ॥

બ્રહ્મચર્યના આશ્રમો થાપો નર ને નાર;
ધર્મ સંઘ પ્રગતિ ભણી ખરચો વિત્ત અપાર.

આત્મજ્ઞાનવડે દોષોનો શીઘ્ર નાશ થાય છે, તેથી કર્મનો નાશ કરવા માટે આત્મજ્ઞાનની હેતુતા છે.

ભાવાર્થ :—આત્માનું સ્વરૂપ જે જ્ઞાન જણાવે છે, તેને આત્મજ્ઞાન કહે છે. આત્મજ્ઞાન વડે સર્વ દોષોનો શીઘ્ર નાશ કરી શકાય છે.

"જ્ઞાની શ્વાસોચ્છ્વાસમેં કરે કર્મનો ખેહ; પૂર્વકોડ વરસો લાગે, અજ્ઞાની કરે તેહ" ॥૧૫॥

આત્મતત્ત્વવેત્તા પુરુષ એક શ્વાસોચ્છ્વાસમાં જેટલા કર્મનો ક્ષય કરે છે, તેટલા પૂર્વ કોડ વર્ષ પર્યંત પણ અજ્ઞાનથી તપશ્ચર્યા આદિ કરતાં કર્મનો ક્ષય થતો નથી.

ભગવદ્ગીતા કે જે અન્ય દર્શનનો ગ્રન્થ છે, તેમાં પણ કહ્યું છે કે

ज्ञानाग्निः सर्व्वकर्म्माणि भस्मात् कुरुतेऽर्जुन !

જ્ઞાનરૂપ અગ્નિ સર્વ કર્મને બાળી ભસ્મ કરે છે.

આત્મજ્ઞાન થવાથી મૂઢ દશાનો નાશ થાય છે. જ્ઞાની પુરુષ ભોગાવલી કર્મ(વિષય પ્રારબ્ધ)ના ઉદયથી ગૃહસ્થાવાસમાં દેશધર્મ સ્વીકારીને રહે છે; પણ તે વ્યવહારનાં સર્વ કાર્યોને કરતાં છતાં, તેમાં અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની રાગ અને દ્વેષથી પ્રાયઃ લેપાતો નથી.

સંસારમાં જડ પદાર્થોના સંબંધમાં આવે છે પણ અન્તરમાં તે જડ પદાર્થોમાં અહં અને મમત્વભાવથી બંધાતો નથી.

પુરુષ સ્ત્રીના સંબંધમાં આવે છે, તેમ સ્ત્રી પુરુષના સંબંધમાં આવે છે પણ અન્તરથી મોહદશામાં પરસ્પર મુંઝાવાનું થતું નથી.

સંસાર વ્યવહાર ઉચિત ક્રિયાઓને તટસ્થદૃષ્ટિથી નિર્લેપ ભાવે કરવામાં આવે છે.

ઉત્સર્ગ અને અપવાદ માર્ગપૂર્વક વ્રતોને આદરવામાં આવે છે.

આંબો ખાય ન કેરીઓ, પાકે પરને હેત;
નદી સ્વયં ના જલ પિયે, ૫૨ ૫૨ તન સંકેત.

દેવ ગુરુ અને ધર્મની સેવાભક્તિ કરી શકાય છે.

આત્મજ્ઞાન પામીને કોઈ સાધુ થાય છે, તો તે સારી રીતે વિરતિધર્મનું આરાધન કરે છે.

એ પ્રકારના કોઈ ધર્મમાં રહેલો મનુષ્ય કર્મનો નાશ કરવા સમર્થ થાય છે.

આત્મજ્ઞાનના પ્રકાશથી રાગદ્વેષ, અજ્ઞાન, અહં, મમત્વ વગેરે સર્વ દોષોનો નાશ થાય છે અને આત્મા પોતાના સ્વાભાવિક સુખનો સ્વાદ લેવા અધિકારી બને છે.

કર્મનો નાશ કરવા માટે આત્મજ્ઞાન હેતુતા છે.

આત્મજ્ઞાની આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરે છે. અનંત જીવો આત્મજ્ઞાન પામીને મુક્તિ ગયા જાય છે અને જશે.

જ્યારે ત્યારે પણ આત્મજ્ઞાન પામ્યા વિના પરભાવ છૂટવાનો નથી. મનમાં આત્માથી ભિન્ન એવી જડ વસ્તુઓનું અહંમમત્વ ટળવું, તેજ પરભાવ ટળવાનું મુખ્ય લક્ષણ છે.

આત્મજ્ઞાનથી મનમાં મનાયલો પરભાવ છૂટી જાય છે, માટે કર્મના નાશ માટે આત્મજ્ઞાનની શ્રેષ્ઠતા છે.

ચાર ખંડની પ્રજાઓ જે આત્મજ્ઞાન પ્રાપ્ત કરે તો એકબીજાના દેશોને કબજે કરવા તેમજ લોભથી અન્ય પ્રજાને દબાવી દેવા માટે જે પ્રપંચો થાય છે, તે કદાપિકાળે થાય નહિ.

આત્મજ્ઞાન વિના લોભથી એકબીજાની પ્રજા પરસ્પરને વશ કરવા જીવહિંસા જૂઠ અને ચોરી વગેરે અનેક પાપો કરે છે.

ચારે ખંડની અંદર સંપ, પ્રેમભાવ, ભ્રાતૃભાવ અને ઐક્ય વધારનાર અરેખર આત્મજ્ઞાન છે. પરસ્પરના આત્માનું ઐક્ય કરનાર આત્મજ્ઞાન છે. માટે આત્મજ્ઞાન માટે સર્વ દેશના મનુષ્યોએ ઉદ્યમ કરવો.

ફળો જ્યારે ઘણાં આવે, નમે નીચે તદા ભાવે,
રહે અક્કડ અહંકારી, જુઓ દૃષ્ટાંત નર નારી.

આત્મજ્ઞાનથી આત્મોન્નતિ થાય છે

उन्नतिर्द्रव्यभावाभ्यां, कर्तव्या तत्त्वकाङ्क्षिभिः ।
उद्यमेन सदा साध्या, शुद्धानन्दपदप्रदा ॥ १०६ ॥

તત્ત્વના આકાંક્ષીઓએ દ્રવ્ય અને ભાવથી ઉન્નતિ કરવી. શુદ્ધ આનન્દ દેનારી એવી આત્મોન્નતિ ઉદ્યમ વડે સાધવા યોગ્ય છે.

ભાવાર્થ :—આત્માના ગુણોનો પ્રકાશ વધાર્યા કરવો, તેજ આત્મોન્નતિ કહેવાય છે.

આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્ર અને સુખ આદિ ગુણો વડે આત્માની ઉન્નતિ થાય છે.

જ્ઞાનાદિના હેતુઓને પ્રાપ્ત કરવા તે દ્રવ્યથી ઉન્નતિ જાણવી અને જ્ઞાનાદિ ગુણોને ક્ષયોપશમાદિ ભાવે પ્રાપ્ત કરવા, તે ભાવથી ઉન્નતિ ગણાય છે.

આત્મજ્ઞાનથી અજ્ઞાન, રાગ દ્વેષ વગેરે દોષોને ઉદ્યમ વડે હણીને આત્મોન્નતિ કરવી જોઈએ.

ભણવું, ગણવું સત્સંગતિ, વ્રત અને તપ વગેરે સર્વે આત્માની ઉન્નતિ માટે છે. અનન્ત કેવલજ્ઞાન પ્રાપ્ત થતાં સંપૂર્ણ આત્મોન્નતિ પ્રાપ્ત થઈ એમ ગણાય છે.

મનુષ્યો આત્મજ્ઞાનથી ક્ષણે ક્ષણે આત્મોન્નતિ કરતા રહે છે અને પ્રભુપૂજા, ભક્તિ, વૈયાવચ્ચ, વિનય, તીર્થયાત્રા અને જ્ઞાનાભ્યાસ વગેરેથી આત્માની ઉન્નતિ અધિકાર પ્રમાણે કરે છે.

મનુષ્યો આત્મજ્ઞાનથી પોતાનો અધિકાર તપાસી ધર્મક્રિયાઓની સેવના કરે છે. પોતાના આત્મા સમાન અન્યોના આત્માઓને ગણે છે. જ્ઞાન, ધ્યાન, સમાધિમાં જીવન ગાળીને આત્માની ઉન્નતિ કરે છે અને આત્માના સુખને ભોગવે છે.

ડાળાં અને સહુ ડાળીયો પર્ણો હલાવી જણાવતો,
આવો જન મુજ પાસમાં લેશો જ ફળ રસ લ્હાવતો.

બાહ્યશરીર ભોગ્ય વસ્તુઓના અભાવે પણ આત્મસુખની ખુમારીના ઘેનમાં જીવન વ્યતીત કરે છે અને ક્ષણે ક્ષણે આત્માની ઉચ્ચતા કરે છે.

તત્ત્વના અર્થીઓએ ક્ષણે ક્ષણે આત્માની ઉન્નતિ સાધવી જોઈએ.

આત્મજ્ઞાન પામ્યાથી આર્યપણું ગમે તે દેશના મનુષ્યોને પ્રગટે છે.

સર્વથા સર્વ પ્રકારના જિજ્ઞાસુ મનુષ્યોને આત્મોન્નતિ કરવાનો અધિકાર છે.

આત્મોન્નતિ માટે આત્મતત્ત્વમાં રમણુતા કરવી જોઈએ. આત્મોન્નતિને જ સાધ્યબિંદુ તરીકે નિશ્ચયતઃ માનવી જોઈએ.

પોતાના આત્માના ઉદ્ધાર માટે જ્ઞાન, દર્શન અને ચારિત્રનું જ્ઞાન મેળવવું જોઈએ.

શ્રીસદ્‌ગુરુની આજ્ઞા પ્રમાણે તત્ત્વજિજ્ઞાસુઓએ પૂર્ણ શ્રદ્ધાથી વર્તવું જોઈએ. પોતાના આત્માના ગુણો સંબંધી કલાકોના કલાકો પર્યંત ધ્યાન ધરવું જોઈએ.

દરરોજ દોષોને હઠાવવા ખરા જીગરથી ચારિત્રરૂપ પ્રયત્ન કરવો જોઈએ. આમ પ્રવૃત્તિ કરવાથી નક્કી આત્મોન્નતિ થાય છે.

जनाः सर्वे सुखं यान्तु, जैनधर्मः प्रवर्द्धताम् ।
दोषाणां सर्वथा नाशो, मङ्गलानि पदे पदे ॥ १०७ ॥
सद्‌गुरोः सङ्गतिं, भव्यां, सम्यक्त्वं निश्चलं शुभम् ।
शांतिं तुष्टिं पुष्टिं च, प्राप्नुवन्तु जनाः सदा ॥ १०८ ॥
षड्लेश्यानिधिचन्द्राब्दे, चैत्रमासे सुखप्रदे ।
एकादश्यां सिते पक्षे, जनानां शान्तिकारकः ॥ १०९ ॥
श्रीयुते डुम्मसग्रामे, बुद्धयब्धिसाधुना शुभः ॥
अष्टोत्तरशतश्लोकैः, कृतो योगप्रदीपकः ॥ ११० ॥ युग्मम्

આવો પશુઓ પંખીઓ ઇચ્છા પ્રમાણે લ્યો તમે,
પરમાર્થ માટે જીવન છે ફલ પાંદડાં લ્યો જે ગમે.

સર્વ મનુષ્યો સુખને પામો.

ઉત્તમ જૈનધર્મની વૃદ્ધિ થાઓ.

દોષો સર્વ પ્રકારે નાશ થાઓ અને પદે પદે મંગલની પ્રાપ્તિ થાઓ.

શ્રી સદ્‌ગુરુની સંગતિનો લાભ થાઓ અને મનુષ્યો શુભ નિશ્ચય સમ્યક્‌ત્વ તથા શાંતિ તુષ્ટિ અને પુષ્ટિને સદા પામો.

સં. ૧૯૬૬ ના ચૈત્ર શુદ્ધી એકાદશીદિને સુરત પાસે ડુમ્મસ ગામમાં જનોને શાંતિકારક એવો એકસો ને આઠ શ્લોકોવડે **બુદ્ધિસાગર સાધુએ યોગપ્રદીપ ગ્રંથ** રચ્યો.

સંવત્ ૧૯૬૬ ના મહા વદી ૧૩ તેરસે સુરતમાં આવાગમન થયું. ત્યાંથી શેઠ લલ્લુભાઈ કર્મચંદ, શેઠ જીવણચંદ ધર્મચંદ, શેઠ ફકીરચંદ નગીનદાસ તથા હીરાચંદ વગેરે સુરતના ઝવેરી જૈનોની વિનંતીથી ડુમ્મસ ગામમાં આંબીલતપની ઓળી કરાવવા આગમન થયું અને ત્યાં આ મૂળ ગ્રંથ કર્યો.

अन्त्य समाप्ति-मंगल

द्वीपरसाङ्कधरणी-प्रमिते वत्सरे शुभे ।
चैत्रमासे सिते पक्षे, चैकादश्यां दिने रवौ ॥ १ ॥
मोहमय्यां स्थितिं कृत्वा, बुद्धिसागरसाधुना ।
योगप्रदीपशास्त्रस्य, भाषायां विवृतिः कृता ॥ २ ॥
एतद्योगप्रदीपस्य, श्रोतृवाचकवर्गयोः ।
जायतां ज्ञानसम्पत्तिः, पूर्णा विजयसम्पदः ॥ ३ ॥

ॐ शान्ति : शान्तिः शान्तिः.

આયુષ્ય પામ્યું વહી જશે ઉપકાર સાથે આવતો;
પરમાર્થ માટે જીંદગી પરમાર્થી ચિત્ત ભાવતો.

કલ્યાણકારી આત્મ ભાવના.....

शिवमस्तु सर्व जगतः
परहितनिरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं,
सर्वत्र सुखी भवतु लोकः ॥

જગતના સર્વ જીવોનું કલ્યાણ થાઓ.
સર્વ જીવો પરહિતમાં હંમેશા તત્પર બનો.
સર્વ જીવોના સર્વ પ્રકારના દોષો નાશ પામો.
સર્વ લોકો સર્વત્ર સુખી થાઓ, સુખી થાઓ, સુખી થાઓ.
સર્વથા સહુ સુખી થાઓ,
પાપ ના કોઈ આચરો,
રાગ દ્વેષથી મુક્ત થઇને,
શિવ સુખ સહુ જગ વરો.

સર્વ ધર્મશાસ્ત્રોનો સાર.

दुःखं पापात् सुखं धर्मात्,
सर्वं शास्त्रेषु संस्थितिः ।
न कर्तव्यमतः पापं,
कर्तव्यो धर्म संग्रहः ॥

સર્વ શિષ્ટપુરૂષો કહે છે કે,
દુઃખ એ પાપાચરણનું ફળ છે, અને
સુખ એ ધર્મકાર્યનું ફળ છે. માટે
સુખ અને દુઃખના કારણોને સમજી લઈને
માનવોએ પાપાચરણને ત્યજી દેવું જોઈએ અને ધર્માચરણરૂપ
સત્કર્તવ્યમાં હંમેશા તત્પર રહેવું જોઈએ.
આત્માનો શત્રુ કોણ ? ક્રોધ
આત્માનો મિત્ર કોણ ? ક્ષમા

□

યોગનિષ્ઠ આચાર્ય
શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ.સા.
વિરચિત અમુલ્ય પુસ્તકો

(૧) કર્મયોગ ભા. ૧–૨–૩ કિંમત દરેકના રૂા. ૨૦–૦૦

(૨) આનંદઘનપદ ભાવાર્થ દરેકના રૂા. ૨૫–૦૦
ભા. ૧–૨–૩

(૩) પરમાત્મ જયોતિ રૂા. ૧૩–૦૦

(૪) પરમાત્મ દર્શન રૂા. ૨૫–૦૦

(૫) જૈનધર્મ ખ્રિસ્તિ ધર્મનો રૂા. ૧૫–૦૦
મુકાબલો જૈન ખ્રીસ્તી સંવાદ

(૬) સમાધિ શતક ન ધર્મનો (પ્રેસમાં)

(૭) અનુભવ પચ્ચી ખ્રીસ્તી સંવાદ (પ્રેસમાં)

ન ધર્મનો

પ્રાપ્તિસ્થાન :

*** અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ ***

શ્રી મહુડી (મધુપુરી) જૈન સંઘ પેઢી

મુ. મહુડી * તા. વિજાપુર * જિ. મહેસાણા